અય "રઝા" હર કામકા એક વક્ત હૈ
દિલ કો ભી આરામ હો હી જાએગા

# તોહફાએ નજાત [ભાગ–૧૨]

# મુકાશફતુલ ગુયૂબ વ હકીકતુસ્ સુજૂદનું ઓપરેશન

લેખક : ફખ્રે ગુજરાત હઝરત અલ્લામહ્
મૌલાના યૂનુસ મિસ્બાહી

પ્રકાશક

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

GRWB/059/Bharuch/02 C/o. ફયઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦
ફોન : ૦૨૬૪૨–૨૮૨૭૯૨ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
Email ID : anjuman2006@hotmail.com

કિંમત રૂા. ૫૦/–

પ્રકાશન નં. : ૧૩૯ આવૃત્તિ–૨ પ્રત : ૧૧૦૦
૧૫–જમાદીઉલ અવ્વલ હિ.સ. ૧૪૨૭ જુલાઈ–૨૦૦૬

નૂરાની આર્ટ-દયાદરા
ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧



## અનુક્રમણિકા

| વિષય | પેજ નં. |
|---|---|
| પ્રકાશકના બે બોલ.. *(પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી)* | 018 |
| (પ્રકરણ : ૧) | |
| **સંપૂર્ણ કિતાબ એક નજરમાં** | 021 |
| સાચો માર્ગદર્શક કોણ ?! | 021 |
| મારો માર્ગદર્શક | 022 |
| ઓપરેશનનો ફાયદો | 023 |
| વધારે તકલીફ કોને ?! | 023 |
| દસમા ભાગની વિશેષતા | 025 |
| સિજદાએ તા'ઝીમીના હરામ હોવા પર એકમતી | 025 |
| જવાબનો મતલબ શું હોય ? | 026 |
| મારો મકસદ શું હતો ?! | 026 |
| મકાશિફતુલ ગુયૂબ વ હકીકતુસ્ સુજૂદ | 027 |
| ઉપરોક્ત કિતાબનો જવાબ કુર્આનથી | 028 |
| નબીએ કહ્યું પછી બીજાને કેમ પૂછે છે ? | 030 |
| અમે નબીને છોડીશું નહીં ! | 031 |
| શાને નુઝૂલ | 032 |
| ગુમરાહી સ્વીકારો ! | 032 |
| અલ્લાહવાળાઓનો સાથ કોને મળે છે ?! | 033 |
| એક શંકા અને એનો જવાબ | 033 |
| ઈમાનને સશક્ત બનાવવાનો જવાબ | 034 |
| હદીષની સનદોથી પુરાવો | 035 |
| નબીની હદીષોનો ઈન્કાર | 035 |
| અમારું ન માનો તો.... | 036 |
| અમે તમને જવાબદારી આપીએ છીએ | 036 |

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| અમુક લોકોની ગેરસમજ ! | 037 |
| અમારી વાત પર આશંકા નથી | 037 |
| અમે બાઅદબ તમે બેઅદબ ! શાથી | 037 |
| એક મિત્રની શંકા | 038 |
| લોટરીનો એક દાખલો | 039 |
| કબૂલી લેવામાં શું જાય છે ? | 039 |
| એક સામાન્ય માણસ પર આક્ષેપ કરવો કેવો ? | 040 |
| કોણ જાણે કે આમ થયું છે ? | 041 |
| હદીષ જેટલું યકીન આપો માની લઈએ ! | 041 |
| સદરુશ્શરીઆ અને બુઝુર્ગોની કિતાબોનો જવાબ | 042 |
| મારી ભલામણ | 042 |
| ફતાવા અમજદિયાનો જવાબ | 043 |
| ચાર શબ્દોમાં જવાબ | 043 |
| ઈમામ ગિઝાલીનો જવાબ | 044 |
| આ'લા હઝરતનો જવાબ | 045 |
| આ'લા હઝરતનો બીજો જવાબ | 046 |
| આ'લા હઝરતનો ત્રીજો જવાબ | 048 |
| આ'લા હઝરતનો ચોથો જવાબ | 048 |
| આ'લા હઝરતનું ફર્માન | 049 |
| આ'લા હઝરતનું બીજુ ફર્માન | 050 |
| આ'લા હઝરતનું ત્રીજુ ફર્માન | 052 |
| આ'લા હઝરતનું ચોથુ ફર્માન | 052 |
| હઝરત અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી | 055 |
| જાહિલને ફત્વો ન પૂછો ! | 055 |






## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| ઈલ્મ વિના લખવાનો શોખ ન રાખો ! | 056 |
| તહકીકી વગરની વાત જૂઠ છે ! | 057 |
| ફર્માને રસૂલને કેમ ભૂલો છો ?! | 057 |
| મુહદ્દિષ સાહબની વાત ગળે ઉતરશે જ ! | 059 |
| ઉમ્મતના ઈજમાઅ વિશે મુહદ્દિષનું કલામ | 060 |
| જે તરફ વધુ આલિમ હોય તે વાતો માનો ! | 061 |
| મોલ્વીઓથી દુશ્મની કેમ ? | 063 |
| મારો અજમેરનો સફર | 063 |
| અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી મોલ્વીને વખાણે | 064 |
| જાહિલ પીરોની બુરાઈથી ફરક પડતો નથી | 065 |
| આલિમ ઉત્તમ આબિદથી | 066 |
| આલિમ નબીનો વારસદાર | 066 |
| આબિદ પર નબી જેવી ફઝીલત આલિમની | 067 |
| આલિમનો મુકામ તથા મર્તબો | 068 |
| આલિમના તબ્લીગે ઈલ્મની બરકત | 068 |
| દીનની સમજ રાખનાર અતિ ઉત્તમ | 069 |
| આલિમ ગમે તેવો જાહિલથી ઉત્તમ | 069 |
| (પ્રકરણ : ૨) | |
| **સિજદાએ તા'ઝીમીની આયતો તફસીરના પ્રકાશમાં** | 071 |
| તફસીરે ઈબ્ને કષીર | 072 |
| આપણી શરીઅત પર અમલ કરો | 072 |
| તફસીરનો ખુલાસો | 073 |
| સિજદો અલ્લાહ માટે ખાસ | 073 |

અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| 🕮 તફસીરે ઈબ્ને કષીરની વિશેષતા | 074 |
| 🕮 હુરમત (હરામ હોવા)ની દલીલ હદીષે પાકથી | 074 |
| 🕮 નબી કિતાબના શિખવાડનાર છે | 075 |
| 🕮 હદીષની વિશેષતા ફર્માને ખુદા અને રસૂલથી | 076 |
| 🕮 મારા સવાલો | 078 |
| 🕮 સિજદાએ તા'ઝીમીની આયતોના બે પ્રકાર | 079 |
| 🕮 શબ્દનો મતલબ કતઈ નથી | 080 |
| 🕮 એક ઉપસ્થિત થતી શંકાનું નિવારણ | 081 |
| 🕮 શંકાનો જવાબ | 081 |
| 🕮 અમુક લોકોની વાત | 081 |
| 🕮 લામનો જવાબ | 082 |
| 🕮 શું જાણવા મળ્યું ?! | 083 |
| 🕮 હઝરત કતાદાનું મંતવ્ય | 084 |
| 🕮 હઝરત ઈબ્ને અબ્બાસનું મંતવ્ય | 084 |
| 🕮 લામનો બીજો અર્થ | 085 |
| 🕮 કાયદાના આધારે ચર્ચા | 086 |
| 🕮 તફસીરે બયદ઼ાવી | 087 |
| 🕮 લામનો મતલબ | 088 |
| 🕮 તફસીરે ખાઝિન | 090 |
| 🕮 બીજુ મંતવ્ય | 091 |
| 🕮 તફસીરે બગવી | 092 |
| 🕮 તફસીરે જલાલૈન | 093 |
| 🕮 તફસીરે સાવી અલ્ જલાલૈન | 094 |
| 🕮 જલાલુદ્દીન સાહબનું સિજદાને નમન કહેવું | 095 |






અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| 🕮 તફસીરે સવાતિઉલ ઈલ્હામ | 096 |
| 🕮 તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન | 098 |
| 🕮 તફસીરે ઉષ્માની | 100 |
| 🕮 તફસીરે હક્કાની | 102 |
| 🕮 તસીરે હુસૈની | 104 |
| 🕮 તફસીરે કબીર | 105 |
| 🕮 ઉપરોક્ત શંકાઓનો જવાબ | 108 |
| 🕮 તફસીરનો ખુલાસો | 111 |
| 🕮 તફસીરે રૂહુલ બયાન | 112 |
| 🕮 આપણી શરીઅતમાં એનો હુકમ | 113 |
| 🕮 આપણને સિજદાની મનાઈ કેમ ? | 113 |
| 🕮 કુર્આનથી તા'ઝીમી સિજદો હરામ | 114 |
| 🕮 કુર્આનની આયતથી હરામ હોવું | 115 |
| 🕮 આ'લા હઝરતનું ફર્માન | 119 |
| 🕮 "વલ્લાહુલ હાદી" ફર્માનનો ભાવાર્થ | 120 |
| 🕮 આયતનો સંપૂર્ણ ખુલાસો | 121 |
| 🕮 તફસીરે મઝહરી | 122 |
| 🕮 તફસીરે અલ બહરુલમદીદ | 126 |
| (પ્રકરણ : ૩) | |
| 🕮 **સિજદાએ તા'ઝીમીનું હરામ હોવું હદીષે પાકના પ્રકાશમાં** | 133 |
| 🕮 સિજદાએ તા'ઝીમીના હરામ હોવા પર હદીષો | 140 |
| 🕮 ધ્યાન આપવા લાયક વાત | 146 |

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| પબ્લિકને મારી વિનંતિ | 146 |
| શું તમે જાનવર છો ? | 147 |
| હરામ છે તો કર્યું કેમ ?! | 160 |
| હયાત અને વફાત | 163 |
| યહૂદી ઈસાઈના સિજદાનો મતલબ | 174 |
| મુહદ્દિષ દહેલ્વીનો ફૈસલો | 175 |
| આ'લા હઝરતનો ઉલ્લેખ | 175 |
| ઈસાઈ વધારે ખરાબ છે | 176 |
| યહૂદી ઈસાઈ વિવાદ | 176 |
| મસ્લકે હનફીની પુકાર | 176 |
| ચાલીસ હદીષોની પુકાર | 177 |
| વાસ્તવિક સિજદો આગલી શરીઅતમાં શંકાસ્પદ | 177 |
| અલ્લાહના હબીબને પણ સિજદો કરવો હરામ | 177 |
| વારંવાર કહેવાનો મકસદ | 178 |
| નબીની કબરના સિજદાથી રક્ષણની દુઆ | 178 |
| નબીના ફર્માનની ઉત્તમતા દલીલમાં | 179 |
| નબીને છોડી શક્તા નથી ! | 179 |
| સાચા છો તો હદીષ લાવો ! | 179 |
| તમે નહીં કરી શકો ! | 180 |
| તૌબા કરો ! નહીં તો ગુમરાહ ! | 180 |
| આ ઉમ્મતમાં સિજદો અલ્લાહ માટે ખાસ | 182 |
| પીરના કાયદા બતાવીશું | 182 |
| આ પ્રકરણનો નિચોડ | 183 |




મુકાશફતુલ ગુયૂબ વ હકીકતુસ્ સુજૂદનું ઓપરેશન

અનુક્રમણિકા

(પ્રકરણ : ૪)


| વિષય | પેજ નં. |
|---|---|
| **મહાન આલિમોનાં મંતવ્યો** | 184 |
| આજની ચર્ચા | 184 |
| નબીને સિજદો હરામ | 185 |
| મારો શોખ | 185 |
| સારા અને ખરાબની ઓળખ | 187 |
| તૌબા કરો, નહીં તો અલગ રહો ! | 187 |
| તા'ઝીમી સિજદો કબીરા ગુનોહ | 189 |
| આ નજીકના આલિમોનો ફૈસલો | 194 |
| કુર્આનનું એલાન | 195 |
| સાંભળી લો ! કુર્આન કહે છે ! | 195 |
| અલ્લામા શામી | 196 |
| આગલી ઉમ્મત માટે હતો, ભૂલો નહીં ! | 197 |
| અકીદાના મહાન ઈમામ | 198 |
| નસ્ખમાં કલામ કરનાર જવાબ આપે ?! | 198 |
| દુર્રે મુખ્તારમાં જમીન ચૂમવી હરામ ! | 199 |
| સિજદો નહીં ચૂમન પણ હરામ ! | 199 |
| આ કામ કરનારનો હુકમ શું છે ? | 199 |
| નિય્યતના આધારે હુકમ | 200 |
| રદ્દુલ મુહતારની શરહ | 200 |
| અંતિમ શબ્દોનો ખુલાસો | 201 |
| જાહિલ જુલ્મીઓનું કામ | 207 |
| સૂફીયાના જહાલત | 207 |
| ખરાબ બિદઅત કઈ ? | 208 |

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| બદમાશ પીરો ! | 208 |
| ફિકહી હુકમનો નિચોડ | 208 |
| આ'લા હઝરતનું મંતવ્ય | 209 |
| બુઝુર્ગોને બદનામ કરવાની ચાલ ! | 210 |
| નાખલફો (કપૂતો)એ શું કર્યું ? | 211 |
| મુસલમાન તો માર્ગદર્શક છે | 212 |
| દીન અલ્લાહ અને રસૂલનો છે ! | 212 |
| વિલાયતને ખતરામાં નાખનાર કોણ ?! | 213 |
| સામાન્ય ન સમજો ! | 213 |
| અવામે મુસ્લિમ (પબ્લિક) શું કહે છે ?! | 214 |
| ફતાવા અમજદિયા | 214 |
| તફસીરે અઝીઝી | 215 |
| હિંદુસ્તાનના મહાન મુહદ્દિષનો ફૈસલો | 216 |
| એક ફત્વો અને એનો જવાબ આ'લા હઝરતથી | 217 |
| ગયરે ખુદાને સિજદો શાથી કુફ્ર ? | 218 |
| જમીન પર કપાળ રાખવું અલ્લાહ માટે ખાસ ! | 219 |
| તા'ઝીમી સિજદો ગયરને કરનાર કાફિર | 219 |
| ગૈરે ખુદાને સિજદો અત્યંત ખરાબ | 219 |
| કોઈ તાવીલ માન્ય નથી ! | 220 |
| મજબૂરી વિના કુફ્ર છે | 220 |
| ફતાવા અઝીઝિયા | 221 |
| મૂળ જવાબ સમજો પછી બોલો ! | 223 |
| લખાણનો મકસદ સમજો | 223 |
| ફત્વો પોતાની માન્યતા દર્શાવે | 224 |






## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| હઝરત મખ્દૂમે સિમ્નાની | 224 |
| ઈજમાઅ અને નસ્ખનો ફૈસલો | 225 |
| તમારા ઈન્સાફને સવાલ | 226 |
| આ બુઝુર્ગોની એકમતી હતી | 226 |
| પીરપરસ્તોની અંધશ્રદ્ધા ! | 226 |
| મુજદ્દિદ અલ્ફષાની رحمۃ اللہ علیہ | 227 |
| હઝરત મુજદ્દિદ رحمۃ اللہ علیہ અને અકબરનો દરબાર | 228 |
| દીને ઈલાહીની ઝલક | 229 |
| (પ્રકરણ : ૫) | |
| **મકાશિફતુલ ગુયૂબ વ હકીકતુસ્ સુજૂદનું ઓપરેશન** | 231 |
| શૈતાનથી અધિક નીડર | 232 |
| નકામા લોકો આગેવાન ! | 232 |
| ફાસિકની લીડરશીપ | 233 |
| જૂઠો લોકપ્રિય બનશે ! | 233 |
| મુનાફિકની સત્તા | 234 |
| નામનો સૂફી રહી જશો ! | 234 |
| નકામો કામનો કહેવાશે | 234 |
| શરીઅતને છોડવામાં આવશે | 235 |
| સુન્નિયતનું રક્ષણ કેવી રીતે કરશો ?! | 235 |
| ઓપરેશનનો આરંભ | 235 |
| એક ભૂલ જે દરેક જ પેજ પર છે | 235 |
| નંબર વગરનું પેજ ! | 236 |
| ઓપરેશન | 237 |

અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| સત્ય ઓળખવાનો માર્ગ મુહદ્દિષ દહેલ્વી | 238 |
| ઈસ્લામથી બહાર થવાની કોશિશ કોની ? | 238 |
| સંમતિ તોડનાર જહન્નમના માર્ગે | 240 |
| શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વીનું મંતવ્ય | 241 |
| આ'લા હઝરતનું મંતવ્ય | 241 |
| મશરબ એક તો નામ ચારનાં કેમ ?! | 242 |
| હનફી છો કે કેમ ?! | 242 |
| ઈનામની હકીકત | 242 |
| શું શરીઅત તરીકત વિરોધાર્થી ! | 243 |
| દરેકનું મૂળ શરીઅત | 243 |
| તા'ઝીમી સિજદો ગયરે ખુદાને અત્યંત બુરો છે | 245 |
| આ ગયા સૈયાદ ખૂદ અપને જાલમેં ! | 245 |
| શરીઅત અને તસવ્વુફનું સંગમ | 246 |
| તરીકત, હકીકત બધું જ છે શરીઅત ! | 246 |
| શરીઅત શિખ્યા વિના ચારો જ નથી ! | 247 |
| ભૂલ નહીં ધોકાનું કાવત્રુ ! | 248 |
| પુરાવો સત્ય નથી વાત સત્ય કેમ ?! | 248 |
| દલીલ વિનાનો દાવો માન્ય નથી | 249 |
| જૂઠની પકડ મખ્દૂમે સિમ્નાના બયાનથી | 250 |
| લતાઈફે અશ્રફી | 250 |
| શું તમે નબીના ફર્માનને મહત્વ નથી આપતા ?! | 251 |
| અમે તો મોઢુ બતાવવાને લાયક જ છીએ ! | 251 |
| તુમ જાહિલ હો ! ફતવા ક્યૂં દિયા ?! | 252 |
| નબીની ભૂલ બતાવવાનો શોખ | 252 |




મુકાશફતુલ ગુયૂબ વ હકીકતુસ્ સુજૂદનું ઓપરેશન

અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| બહુમતી ભૂલથી પાક | 253 |
| કુતુબે મદાર શાફઈ હતા | 254 |
| નબીથી તો આગળ નથી | 254 |
| સૂફીકા મઝહબ | 254 |
| નબીથી ખસીને તો નહીં હોય ?! | 255 |
| ગૈર મુકલ્લિદ તો નથી ?! | 255 |
| મસ્લક નિયુક્ત ન રહ્યા | 255 |
| અહલે સુન્નતને તોડનાર કોણ ?! | 256 |
| કુર્આનનું અપમાન ! | 256 |
| વાજિબ થઈ ત્યાર પછી વાત કરો | 256 |
| દીનની બુન્યાદ કોણ ? | 256 |
| ઈમામે આ'ઝમની બેઈજ્જતી | 257 |
| શરીઅત વિરોધી કોઈ નહીં | 257 |
| ઈમામ અહમદની બેઈજ્જતી | 257 |
| નબીની શરીઅત પર ચાલો | 258 |
| સૂરતની શાને નુઝૂલ | 258 |
| ખિઝર ગયબમાં કેમ ? | 259 |
| શરીઅતથી ખસનાર પબ્લિકમાં ન રહે | 260 |
| ત્રીજા પ્રકરણનો અંતિમ જવાબ | 260 |
| તૌબા કોણ કરે ? | 260 |
| કુર્આન હદીષ ખુશ્ક નથી ! | 261 |
| માર્ગદર્શક શું કરે ? | 261 |
| ઝઘડો કરનાર કોણ ?! | 262 |
| વિલાયતનો ઈન્કાર કોણ કરે ? | 262 |

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| કયા આલિમની બુરાઈ | 262 |
| શરીઅત વિરૂદ્ધ વર્તનારની પકડ જરૂરી | 262 |
| મુજદ્દિદ અલ્ફેષાનીની મુરાદ | 263 |
| ઈલ્મના તફાવતનો મતલબ | 263 |
| પીરના અનુસરણનો મતલબ | 263 |
| પૂરા બાબ (પ્રકરણ)નો જવાબ | 263 |
| નિચોડ આવ્યો ક્યાંથી ?! | 264 |
| આગલા પ્રકરણો જુઓ | 264 |
| કુર્આનમાં નથી તો શું ? | 264 |
| પોતાની જ ખિલાફ દલીલ ! | 264 |
| રદુલ મુહતારે મન્સૂખ સાબિત કર્યું | 265 |
| નકલ માટે અક્કલ જોઈએ ! | 266 |
| તફસીરે ખાઝિન | 266 |
| ઈમામે ખાઝિનનું મંતવ્ય | 267 |
| સમજો પછી લખો ! | 268 |
| મુહદ્દિષ દહેલ્વી પર આક્ષેપ | 268 |
| મૂળ કિતાબ લમ્આત ફારસી | 269 |
| મુસલમાનો ! પકડ કરો ! | 269 |
| પાછલુ પ્રકરણ જુઓ | 270 |
| મદારિજુન્નબુવ્વતનો પુરાવો અને ખોટી દલીલ | 270 |
| મસ્નવી અને ખોટી દલીલ | 271 |
| સહાબા પર તોહમત | 271 |
| પ્રાણી શરીઅતથી મુક્ત | 272 |




મુકાશફતુલ ગુયૂબ વ હકીકતુસ્ સુજૂદનું ઓપરેશન

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| સમજમાં સહાબીથી તમે આગળ છો ?! | 272 |
| તા'ઝીમી સિજદો કુર્આનથી હરામ ! | 272 |
| શું તમે શૈતાન છો ? | 272 |
| ફતાવા અઝીઝી | 273 |
| મારો વાયદો પૂરો થયો | 274 |
| ઈનામ જોઈએ છે ? | 275 |
| તફસીરે અઝીઝી પણ જોઈ લો ! | 275 |
| તફસીરે અઝીઝીથી તા'ઝીમી સિજદો હરામ | 276 |
| વહાબીનું બહાનું બેકાર ! | 277 |
| મુજદ્દિદ ગુમરાહી નષ્ટ કરનાર હોય છે ! | 279 |
| વિચાર અને અમલ અલગ છે | 279 |
| સનદે મુત્તસિલ નથી | 280 |
| બુઝુર્ગોનું લખાણ શંકાસ્પદ કેમ બન્યું ? | 281 |
| ફારસીમાં બિદઅતનો સમાવેશ કેમ ? | 281 |
| જેનું રક્ષણ થયું એ જ આધાર | 281 |
| સ્વપ્ન સાકાર થતું જો ! | 282 |
| જાહિલ સૂફીઓ અને બદ્‌માશ મોલ્વીઓ ! | 283 |
| દીન અલ્લાહ અને રસૂલનો | 283 |
| દરેક નેકની સંગત અલ્લાહ અને રસૂલની પેરવીમાં છે | 283 |
| મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ બિદઅતના સુધારામાં | 284 |
| જાહિલ સૂફીની માન્યતા | 284 |
| શરીઅત છૂટી શક્તી જ નથી ! | 285 |
| જાહિર નથી તો બાતિન બેકાર | 286 |
| તકલીદમાં વલી ગયર વલી એક | 286 |

અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| ઈલ્મેલદુન્નીની ઓળખ | 287 |
| સુન્નતથી ખસવું ગુમરાહી છે | 288 |
| સુન્નતથી ખસીને કમાલ ઢીલ છે | 289 |
| સુન્નતનો ફાયદો | 290 |
| કાલે શું કામ લાગશે ? | 290 |
| નબીથી વધીને કોઈ નથી | 291 |
| સિમાઅ અને નાચગાનો | 292 |
| દુનિયાને દીનનું નામ કોણે આપ્યું ? | 293 |
| ઉલમાએ હક્કનું અનુસરણ જરૂરી છે | 294 |
| કશ્ફો કરામત નહીં, ઉલમાએ હક્કને માનો | 295 |
| હાલાત પર ફેંસલો | 297 |
| શરીઅત તસવ્વુફથી ઉત્તમ છે | 297 |
| શરીઅતનો હુકમ નફ્લ ઈબાદતોથી ઘણો જ આગળ છે | 298 |
| અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી અને તા'ઝીમી સિજદો હરામ | 300 |
| કબર તરફ પણ સિજદો હરામ | 302 |
| શરહનો ભાવાર્થ | 303 |
| ગુમરાહોથી દૂર રહો | 304 |
| મહાન બુઝુર્ગોનાં મંતવ્યો અને તસવ્વુફ | 304 |
| ઈમામ શઅરાની અને તસવ્વુફ | 305 |
| અબૂ અબ્દુલ્લાહ ઝબ્બી અને તસવ્વુફ | 306 |
| હુઝૂર ગૌષ પાક અને તસવ્વુફ | 306 |
| મૂળ કરામત | 307 |
| ઈબ્ને અરબનું મંતવ્ય | 307 |




મુકાશફતુલ ગુયૂબ વ હકીકતુસ્ સુજૂદનું ઓપરેશન

અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| સૈયદી અબુલ અબ્બાસનું મંતવ્ય | 308 |
| બાયઝીદ બુસ્તામીનું મંતવ્ય | 308 |
| હઝરત સિર્રી સક્તી | 309 |
| હઝરત ઈમામ ગિઝાલી | 309 |
| હઝરત જુનૈદનો જવાબ | 309 |
| અબુલ હસન અહમદ નૂરી | 310 |
| અબુલ કાસિમ કુશૈરી | 311 |
| નબીના અનુકરણમાં જ સફળતા | 311 |
| કિબ્લા તરફ થૂંકે એ અમીન નથી ! | 311 |
| માત્ર નક્કાલી જૂઠ છે | 312 |
| શરીઅત ગવાહી આપે એ સાચુ | 313 |
| તસવ્વુફનું માપ શરીઅત | 313 |
| દિખાવો છે એને ઓળખો | 314 |
| કબૂલ થવાની દલીલ સુન્નતનું અનુસરણ છે | 314 |
| હઝરત અલી ખવ્વાસ | 314 |
| વલી શરીઅતથી ન ખસે | 315 |
| વલી માસૂમ નથી | 315 |
| કશ્ફમાં શૈતાનનો વસવસો પણ હોય છે | 316 |
| હઝરત અફઝલુદ્દીનનું મંતવ્ય | 317 |
| અબ્દુલ્લાહ હરવી ચિશ્તી | 318 |
| હઝરત મખ્દૂમે પાક | 318 |
| અબુલ મકારિમ રુકનુદ્દીન | 319 |
| જાહિલ સૂફી શૈતાનનું રમકડું ! | 319 |
| હઝરત નૂરુદ્દીન જામી | 320 |

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| 📖 અબ્દુલગની નાબેલ્સી | 321 |
| 📖 કાફિર થવાના બીજા પ્રકાર | 322 |
| 📖 શાહ અબુલ હુસૈન અહમદ નૂરી | 323 |
| 📖 ગુમરાહીની વાતો | 323 |
| 📖 બુઝુર્ગોથી ઈબાદત લો, આદત નહીં | 324 |
| 📖 ઈન્સાનોમાં નબીઓ જ માસૂમ | 326 |
| 📖 તા'ઝીમી સિજદો હરામ ! | 326 |
| 📖 હરામને હલાલ સમજવું કુફ્ર છે | 327 |
| 📖 સૂફીને ફકીહની જરૂરત | 327 |
| 📖 તમે શું કરશો ? | 329 |
| 📖 તમે કેવી રીતે મદદ કરશો ? | 330 |
| (પ્રકરણ : ૬) | |
| 📖 **યકીન લાવો શંકાને નષ્ટ કરો** | 331 |
| 📖 પીરનું વલી હોવું જરૂરી નથી (સવાલ–૫) | 337 |
| 📖 પીરની મજલિસમાં વાજિંત્રો સાથે કવ્વાલી થાય અને એને જાઈઝ સમજતો હોય તો ? (સવાલ–૭) | 338 |
| 📖 દાઢી મૂંડો કે મુટ્ઠીથી દાઢી કતરાવનાર પીર નથી (સવાલ–૯) | 339 |
| 📖 આ'લા હઝરતે સલામ પણ ન કરી | 354 |
| (પ્રકરણ : ૭) | |
| 📖 **તા'ઝીમી સિજદો હરામ હોવા વિશે વિવિધ દારુલ ઈફતાના ફત્વાઓ** | 385 |
| 📖 કાફિરને મુરીદ તથા ખલીફા બનાવવું કેવું ? | 403 |






# પ્રકાશકના બે બોલ...

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

કામ વો લે લીજીયે તુમ કો જો રાઝી કરે
ઠીક હો નામે **"રઝા"** તુમ પે કરોળોં દુરૂદ

**પ્રિય વાંચકો !** હું તમને સૌને **તદ્દન નિખાલસપણે, ખૂબ જ આજીજીપૂર્વક** અને **નમ્રતા સાથે વિનંતિ કરું છું** કે જો તમે મુસલમાન છો તો તમારા પર અનિવાર્ય ફરજ બને છે કે તમે અલ્લાહ ﷻ ના હુકમો, તેના પ્યારા મહબૂબ ﷺ ના તથા તેના હેઠળ બહાર પડેલા ઉલમાએ એહલે સુન્નતના હુકમોને માન આપો. એમના હુકમોથી વધીને કોની વાતને તમે મહત્વ આપશો ?! ઈન્સાફથી વિચારો ! જે ચીજ અલ્લાહે હરામ ઠરાવી, તેના રસૂલે હરામ ઠરાવી, ૧૪૦૦ વરસથી આવતા સમગ્ર ઉલમાનો તેના પર **ઈજમાઅ** કે તે **હરામ** છે, એટલે કે **ગૈરે ખુદાને તા'ઝીમી સિજદો.** અને સૌ સામાન્ય મુસ્લિમો પણ તેને હરામ સમજતા જાણતા આવ્યા.

હવે આજે ઉઠીને કોઈ ગમે તે વ્યક્તિ હોય તે એને જાઈઝ ઠરાવવા ફાંફાં મારે તો તમે કોનું માનશો ? શું કુર્આન, હદીષ પર તમારું ઈમાન નથી ?! બુઝુર્ગોની તફસીરો પર તમારું ઈમાન નથી ? **આગલી શરીઅતમાં તા'ઝીમી સિજદો ભલે જાઈઝ હતો પણ જ્યારે અલ્લાહના મોકલેલા આખરી નબી ﷺ કિયામત સુધીના લોકો માટે આખરી કાનૂન દર્શાવવા આવ્યા અને તેમણે જ સ્પષ્ટપણે તા'ઝીમી સિજદો આપણી શરીઅતમાં હરામ દર્શાવ્યો.** તમે તેમની વાત સામે કોઈ અન્યની મારી મચડીને તમને એવું ઠસાવવાની કોશિશ પર વિચારણા પણ શા માટે કરો કે તા'ઝીમી

સિજદો જાઈઝ છે !! જ્યારે શરીઅતે મુહમ્મદી સ્પષ્ટપણે તેને હરામ ઠરાવે છે.

દોસ્તો ! આજે પણ **વિ□ભરમાં કોઈ એક દારુલ ઈફતા નથી જે એવો ફત્વો આપે કે ગૈરખુદા માટે તા'ઝીમી સિજદો જાઈઝ છે. એક પણ નહીં !** જ્યારે હુઝૂર ﷺ થી આજ સુધી જેમના થકી દીને ઈસ્લામ આપણા સુધી પહોંચતો રહ્યો તે વર્ગ જ આપણને ગૈરખુદા માટે તા'ઝીમી સિજદો હરામ હોવાનું કહે છે તો પછી ઈન્સાફથી વિચારો કે જ્યાંથી દીન આવે છે તેની વાતો છોડીને તમે કોઈ ગૈરની તરફ શ્રદ્ધા કે અંધ શ્રદ્ધામાં દીનથી મોઢુ ફેરવો તો એ ગુમરાહી સિવાય બીજો કયો માર્ગ હશે ?! યકીનન ! એ ગુમરાહી જ છે.

હકીકત તો એ છે કે આવી કિતાબો જે આટલા મશહૂર સર્વ માન્ય અકીદા કે **ગૈરે ખુદા માટે સિજદો જાઈઝ નથી** તેની વિરૂદ્ધ વાત કરે, તેનો તો જવાબ પણ ન આપવો જોઈએ, કેમ કે **મુસલમાન અને ગૈરખુદાને સિજદો !** એ શક્ય જ નથી. પણ અફસોસ ! કે લોકો દીનના ઈલ્મથી એટલા કોરા થતા જઈ રહ્યા છે કે અંધ શ્રદ્ધામાં કે બેપરવાઈમાં પણ એવા લોકોની માયાજાળમાં ફસાઈને હક્ક તથા નાહક્ક પરખ્યા વિના ઝુકવા માંડે છે.

વળી **અફસોસ ! છે તે દુનિયાપરસ્ત મોલ્વીઓ પર કે જેઓ અન્ય મામૂલી વાત પર બૂમરાણ મચાવી દે છે પણ અકીદાની આટલી ગંભીર બાબતે જાણવા છતાં આંખ આડા કાન કરીને ચૂપકીદી સાધીને બેઠા છે !**

વાહ રે સન્નાટા ! આવાઝ નહીં આતી !

ખૈર, આ કિતાબ **"મકાશિફતુલ ગુયૂબ વ હકીકતુસ્ સુજૂદ" સંપાદક :** મુકર્રિર સજ્જાદા મેહબૂબઅલી ચિશ્તી (અટોદરાવાલા)ની રદમાં પ્રસિદ્ધ કરવામાં આવી છે જેમણે તા'ઝીમી સિજદો જાઈઝ





હોવાનું સાબિત કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો છે. **એમનાથી અમને કોઈ અંગત અદાવત નથી પણ એમના થકી એક ઈજમાઈ મસ્અલાની વિરૂદ્ધ ચળવળ ઉઠતાં અનાયાસે અમારે આ કિતાબ પ્રસિદ્ધ કરવી પડી છે.** રબ્બે કરીમ આપણને સૌને મઝહબે હક્ક પર કાયમ રાખે. (આમીન)

આ કિતાબની પ્રસિદ્ધિમાં જેણે જે રીતે પણ સાથ આપ્યો મૌલા કરીમ તેની શાને આલી પ્રમાણે તેઓને બંને જહાનમાં શ્રેષ્ઠ બદલો આપે. (આમીન)

અંતમાં, હું તમામ સુન્ની દારુલ ઉલૂમો (ગુજરાત તથા ગુજરાત બહાર)ના માનનીય મુફતીઓ તથા આલિમોનો તેમજ **હઝરત મૌલાના સૈયદ બડા સાહબ ચિશ્તી સાબરી દયાદરાવાળાનો બેહદ આભારી છું** કે સર્વેએ એક ઝબાને દરેક ઠેકાણેથી કલમની ઝબાન વડે પોકાર કરી દીધો કે, **"તા'ઝીમી સિજદો હરામ છે ! હરામ છે ! હરામ છે !"**

લો ! **ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી** વાગરાવાળાએ આ કિતાબ **મુકાશફતુલ ગુયૂબ વ હકીકતુસ્ સુજૂદનું ઓપરેશન (તોહફાએ નજાત, ભાગ-૧૨)**માં કુર્આન, હદીષ, ઉલમાના અકવાલ...વગેરેથી એક ખુશ્બુદાર ઈમાન અફરોઝ વિવિધ રંગી સુગંધી ઈમાનની તાજગીમાં તેજી લાવતાં ઈલ્મી ફૂલોનો ગુલશન આપને સુપ્રત કરી આપ્યો છે ! તેની સૈર કરો ! અને તમારા ઈમાનમાં તાજગી તથા નૂરાનિયત ભરતા ચાલો !

ખાકપાએ ગુલામાને ઉલમા વ ઔલિયા

**-પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા વતી)*

તા. ૧૭-૯-૨૦૦૫ ૧૩ શાબાન ૧૪૨૬ હિ.

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

(પ્રકરણ : ૧)

# સંપૂર્ણ કિતાબ એક નજરમાં

نحمده ونصلی علیٰ رسوله سید المرسلین وعلیٰ آله و صحبه اجمعین اما بعد فاعوذ بالله من الشیطان الرجیم بسم الله الرحمٰن الرحیم یاایها الذین اٰمنو اطیعوا الله و اطیعوا الرسول و اولی الامر منکم فان تنازعتم فی شیئ فردوا الی الله والرسول ان کنتم تؤمنون بالله والیوم الاٰخر ذٰلك خیر و احسن تاویلا،صدق الله العظیم وصدق رسوله النبی الامین الکریم ونحن علیٰ ذٰلك لمن الشاهدین والشاکرین والحمد لله رب العالمین

الصلوٰة والسلام علیك یارسول الله

الصلوٰة والسلام علیك یا حبیب الله

الصلوٰة و السلام علیك یا نبی الله

الصلوٰة و السلام علیك یا نور الله

صلی الله تعالیٰ علیك وسلم

## ★ સાચો માર્ગદર્શક કોણ ?! ★

મારા પ્યારા આકા ﷺ ના પ્યારા દીવાનાઓ અને દીવાનીઓ ! દુનિયામાં સર્વ મુસલમાન તરીકે ઓળખાતા લોકોમાં આપણે અહલે સુન્નત વલ જમાઅત છીએ, અલ્હમ્દુલિલ્લાહ ! આપણે હક્ક છીએ અને આપણને આપણી સચ્ચાઈ પર ૧૪મી સદીના મહાન મુજદ્દિદ, આશિકે રસૂલ ઈમામે અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ ના લખાણનો સહારો પ્રાપ્ત છે. વર્તમાનકાળમાં આ'લા હઝરતનો મસ્લક





જ સત્ય અહલે સુન્નત વલ જમાઅતનું ઓળખપત્ર છે. જગતભરના સુન્ની આલિમો આ વાત પર સંમત છે. અને એક જબાનથી મસ્લકે આ'લા હઝરત ઝિંદાબાદના ગગનચુંબી નારાઓ લગાડવામાં આવે છે. આ'લા હઝરતના નામથી એનું જ મોઢું કાળુ થશે જેનાં દિલમાં અકીદો અને માન્યતાની ખરાબી હશે, એટલે આપણે સર્વએ જાહિલો અને નામના સુન્નીઓથી અલગ રહી આ'લા હઝરતના લખાણોને આપણો માર્ગદર્શક બનાવવાં જોઈએ.

## ★ મારો માર્ગદર્શક ★

આ નાચીઝે રબ્બે કરીમના ફઝલો કરમથી આપણા ગુજરાતી સુન્ની મુસલમાનો માટે ગુજરાતી ભાષામાં અત્યાર સુધીમાં ચાર હજાર પેજથી અધિકનું લખાણ કર્યું અને **તોહફાએ નજાત** નામથી અગ્યાર ભાગોમાં વિશાળ ઈલ્મી ખજાનો અવામે અહલે સુન્નતના નામે કરી આપ્યો. હું મારા લખાણમાં આ'લા હઝરતના લખાણોને લગામનો દરજો આપું છું અને જે મુજદ્દિદના મુજદ્દિદ હોવા પર એ સમયના અરબના આલિમોએ પણ સંમતિ કરી અને પાક તથા હિંદની સઘળી સુન્ની દર્સગાહોમાં આ'લા હઝરતને જ માર્ગદર્શક સમજવામાં આવ્યા. હું પણ એમને જ માર્ગદર્શક સમજું છું. લખાણોનું સેટીંગ તો મારી પોતાની હોય છે પણ એનું મૂળ આ'લા હઝરતના લખાણથી હોય છે. હું મારા લખાણમાં એ વાતનો ખાસ ખયાલ રાખું છું કે આપણી અવામને અહલે સુન્નતના સત્ય અકીદાઓથી વાકેફ કરું, અને બાતિલ ફિર્કાના લોકો તરફથી અહલે સુન્નતની સત્ય માન્યતા પર જે પ્રહારો કરવામાં આવ્યા તેને રદિયો આપીને ઈમાનને સશક્ત બનાવી આપે એવા પુરાવાઓ આપું. અને સાથે એ પણ જરૂરી જાણ્યું કે જે વાતો સર્વ અહલે સુન્નતના આજ સુધીના આલિમોની સંમતિના આધારે બિદઅતે સૈયેઅહ્ છે એવા અમલોથી વાકિફ કરી અહલે સુન્નતની અવામને ખરાબીઓથી અલગ કરું. અને અલ્હમ્દુલિલ્લાહ ! એ કામમાં અમને અમારી ઈચ્છાથી અધિક કામયાબી અને સફળતા પ્રાપ્ત થઈ રહી છે, અને હવે થોડો જ સમય બાકી છે કે અમારી સુન્ની અવામ બિદઅતોથી

અલગ થઈ બિદઅતી લોકોને સબક પણ શિખવાડી આપશે. ઈન્શાઅલ્લાહુ તઆલા !

## ★ ઓપરેશનનો ફાયદો ★

શરીરમાં કોઈ એવી ખરાબી હોય જેનું ઓપ્રેશન કર્યા વગર રિઝલ્ટ ન આવી શક્તું હોય તો એનું ઓપરેશન કરવું જ પડે છે, ઓપ્રેશનમાં કાપકુપ કરવામાં જે તકલીફોનો સામનો હોય છે એને દર્દી સારી રીતે સમજી શકે છે, અને એ બૂમ બરાડા પણ કરતો હોય છે પણ એ થોડી વાર માટે, જ્યારે એ પોતાની એ ખરાબીથી સાજો થઈ જાય છે ત્યારે એ ડોકટરનો શુક્રગુજાર બને છે. હું પણ અમારી અવામની ખરાબીઓનું ઓપરેશન કરી રહ્યો છું થોડીવાર માટે બૂમ બરાડા થશે પણ ઈન્શાઅલ્લાહ ! નિકટમાં જ એનું ઘણુ સુંદર પરિણામ સામે આવવાનું છે અને અમારા સત્ય અહલે સુન્નતમાં બુરી બિદઅતનો એક અંશ પણ જોવા નહીં મળે ઈન્શાઅલ્લાહુ તઆલા !

## ★ વધારે તકલીફ કોને ?! ★

જે લોકો સુન્ની અવામને ખોટી રીતે ઉપયોગમાં લાવી પોતાનો જ ઉલ્લુ સીધો કરવાનું વિચારીને ચાલતા હોય છે એમને ધર્મની સત્ય વાતોથી કોઈ મતલબ હોતો નથી, તેઓ પોતાની મરજીનું કરીને અવામને મૂર્ખ બનાવતા હોય છે, જ્યારે કોઈ નિખાલસ વ્યક્તિ દીન અને ધર્મનું દર્દ લઈને અલ્લાહના નામથી મેદાનમાં આવે છે તો એનું નામ સાંભળતાંની સાથે વાસનાના ભુખ્યાઓમાં હલચલ મચી જાય છે, અને ડૂબતા વ્યક્તિની માફક ગમે ત્યાં હાથ મારવાનું શરૂ કરી આપે છે. ખાનકાહોના શ્રેષ્ઠ અને સુંદર નામોથી બિદઅતોને ઉત્તેજન આપનારાઓએ જ્યારે જોયું કે સુન્ની આલિમોની એકમતીના પુરાવાઓના શણગાર સાથે **તોહફાએ નજાત**નો **દસમો ભાગ** આવ્યો તો એ અતાઈ લખાણ જરૂરથી સુન્ની મુસલમાનોના સીનામાં ઉતરી જશે અને મૂર્ખ બનાવનારાઓના પોકેટમારીના સઘળા દરવાજાઓ જોત જોતામાં બંધ થઈ જશે તો એમના પેટમાં દર્દ વધી ગયું અને તેઓ પોતાનો ચલાવેલા લૂટનો ધંધો બચાવી





રાખવા એ કિતાબના જૂઠા જવાબના નામથી કિતાબ લઈને મેદાનમાં આવ્યા ! પણ હું એમને કહી આપું છું કે તમે લોકો અવામે મુસ્લિમને જાહિલ અને આંખ વિનાની સમજીને અત્યાર સુધી ચાલતા હતા એ અલગ વાત હતી અને આજે જ્યારે એમની પાસે જ્ઞાન આવી ગયું અને તેઓ ઈલ્મના ચશ્માથી વાસ્તવિક્તાને જોવા લાગ્યા જેથી હવે રાતને દિવસ અને દિવસને રાત કહેવાની વાતને કોઈ પણ મુસલમાન માન્ય રાખશે નહીં !

ઈબ્તેદાએ ઈશ્ક હય રોતા હય ક્યા ?!
આગે આગે દેખ હોતા હય ક્યા ?!

આ તો હજી અમારા કામનો આરંભ છે અને તમારી તકલીફનો આ આલમ છે ! આગળ આગળ જુઓ શું થાય છે ?!

**યાદ રાખો** : **الحق يعلو ولا يعلى عليه**''હક્ક ઉચ્ચ છે એનાથી ઉચ્ચ થઈ શકાતું નથી.'' અમે અવામમાં લૂટ ચલાવવા માટે આ મેદાનમાં નથી આવ્યા પણ અમે અમારું સઘળુ લૂટાવીને અમારી અવામને બચાવવા આ મેદાનમાં આવ્યા છીએ.

આંખવાલા તેરી જોબનકા તમાશા દેખે !
દીદએ કોરકો ક્યા આયે નજર ક્યા દેખે ?!

જેઓ જહાલતથી તૌબા કરી ઈલ્મ અને જ્ઞાનનો ચશ્મો ચઢાવીને ચાલે છે એમને સારી રીતે ખબર છે કે અવામની ભલાઈનાં કામો કોણ કરી રહ્યું છે ?! અને દીનની સત્યતાનો માર્ગ કોની પાસે છે ?! પછી અમારે ડરવાની કોઈ જરૂરત જ નથી, અમે લેવાવાળા નથી અમે અમારી અવામને આપવાવાળા છીએ. લેવાવાળો ડરે કે દરવાજો બંધ ન થઈ જાય, આપનારને કોનો ડર ?! એ તો પોતાની ઈચ્છાએ ઈલ્મ અને જ્ઞાનના દરવાજાઓ ખોલીને ઊભો થઈ ગયો છે ! જેની મરજીમાં આવે એટલું એ ખજાનામાંથી ઉઠાવી જાય.

સખાવત સીખી હય હમને નબીસે
ઉન્કી વિરાસતકા હિસ્સા ખાસ નહીં હય
મેરે ખજાનેકા મુંહ બંધ નહીં હય

## ★ દસમા ભાગની વિશેષતા ★

અલ્લાહના ફઝલો કરમથી **તોહફાએ નજાત**ના **દસમા ભાગ**ની વિશેષતા એ છે કે એના જેટલી પુરાવાઓના શણગારવાળી અહલે સુન્નતના લખાણની **કોઈ કિતાબ ગુજરાતી તો નથી પણ ઉર્દૂની વિશાળ દુનિયા પણ એનાથી ખાલી છે.** એ કિતાબમાં **મ્યુઝિક સાથેના સમાઅના હરામ હોવા પર** અસંખ્ય પુરાવા છે **પણ એ લખાણનું મૂળ આ'લા હઝરતના ફત્વાઓ** છે જે આપે એ કામના હરામ હોવા પર આપ્યા અને **સિજદએ તા'ઝીમીના હરામ હોવા પર** આ'લા હઝરતની એક સંપૂર્ણ કિતાબ છે **"અઝઝુબ્દતુઝ્ઝકિય્યા"** અમે અમારી કિતાબમાં સઘળી વાતો દલીલો અને પુરાવા એ કિતાબથી જ આપ્યા છે, એટલે અમારા એ **તોહફાએ નજાત, દસમા ભાગ**ના વિરોધમાં ગમે તેનું લખાણ હશે અને આવશે એ અમારી વિરોધમાં નહીં આ'લા હઝરતના લખાણના વિરોધમાં જ હશે, અને આ'લા હઝરત સર્વ અહલે સુન્નતની માન્ય શખ્સિયત છે એટલે એ લખાણ સર્વ અહલે સુન્નતની વિરોધનું લખાણ છે એટલે સર્વની જવાબદારી છે કે અહલે સુન્નતનો વિરોધ કરનારનો સાથ ન આપે.

## ★ સિજદએ તા'ઝીમીના હરામ હોવા પર એકમતી ★

સિજદએ તા'ઝીમીની આગલી ઉમ્મતોમાં જાઈઝ હતો અને એના કેટલા પ્રકાર છે એનો સંપૂર્ણ ખુલાસો દરેક પ્રકારની શંકાઓના જવાબ સાથે આ'લા હઝરતે પોતાની કિતાબમાં કર્યો અને એ દલીલોનું લખાણ અમે અમારી કિતાબમાં રજૂ કર્યું, આ'લા હઝરતના લખાણમાં કોઈ એવી કમી જ નથી કે એના પર કોઈને આંગળી રાખવાનો મોકો મળે, આ'લા હઝરતની સિજદએ તા'ઝીમીના હરામ હોવાવાળી કિતાબ પહેલાંની શંકાઓનો પણ જવાબ છે અને ભવિષ્યમાં જે શંકાઓ ઉપસ્થિત કરવામાં આવશે એનો પણ જવાબ છે. કોઈ ખોટા લખાણથી તમારા દિમાગમાં કોઈ પ્રકારની થોડી પણ શંકા આવી હોય તો **તોહફાએ નજાત, દસમા**





**ભાગ**નું ફરીથી વાંચન કરો અને જેની પાસે એ ભાગ ન હોય એ જલ્દીથી **દયાદરા**ના **અંજુમને રઝાએ મુસ્તફા**ના એડ્રેસથી મંગાવે.

## ★ જવાબનો મતલબ શું હોય ?! ★

જવાબના નામથી કોઈ કિતાબ લખીને પબ્લિકમાં ફરતી કરી દેવાથી વાસ્તવમાં એ જવાબ ન બને, **જવાબનો મતલબ એ હોય છે કે જે આયતો, હદીષો અને મુજતહિદ ઈમામોનાં મંતવ્યો સામે રાખીને લખાણ થયું એનો જવાબ બનાવવામાં આવે, પણ એ પુરાવાનો એક પણ જવાબ ન આપવામાં આવે તો એ પ્રમાણેનું લખાણ જવાબ બની શક્તું નથી, એને તો આમ કશી શકાય છે કે, જવાબ આપવાનું નામ છે અને ઉલ્લુ બનાવવાનું કામ છે !**

## ★ મારો મકસદ શું હતો ?! ★

તોહફાએ નજાત, દસમા ભાગથી મારો મકસદ એ જ હતો કે **હું અમારી અહલે સુન્નતની અવામને બતાવું કે અમુક કામો જે સુન્નિયતના નામથી આપણા સમાજમાં થઈ રહ્યાં છે એ વાસ્તવમાં અહલે સુન્નતનાં કામો અને રિવાજો નથી બલ્કે એ કામો અહલે સુન્નતની સત્યતાના કપાળ પર કાળુ ટીલુ છે અને એનાથી આપણી સુન્નિયત બદનામ છે.** અને અમુક લોકો પબ્લિકને પોતાની સાથે રાખવા એ પ્રમાણેની ખોટી વાતોને ઉત્તેજન આપતા હોય છે તો એ લખાણ મેં વાસના ભુખ્યા લોકોના લૂટના ધંધાને તોડવા અને સુન્ની અવામને સત્ય માર્ગ બતાવવા જ કર્યું અને એમાં જગા જગાએ તમને એ શબ્દો જોવા મળશે કે **સત્ય અપનાવી લો નહીં તો અમારાથી અલગ થઈ જાવ !** જેથી અમારી સચ્ચાઈમાં તમારી જેવા ગુમરાહોના સાથે હોવાથી ફરક ન આવે, અને દુનિયાને જાણ થઈ જાય કે સત્ય અહલે સુન્નત વાસ્તવમાં નબીની સુન્નતોની જ તા'લીમ પર છે અને એમનામાં કોઈ બિદઅત નામની પણ નથી, હવે જ્યારે કે અમારા અહલે સુન્નતના નામથી અમારામાં રહીને ચરી ખાતા હતા એ

લોકોએ અમારા એ સત્યતાના લખાણો પર વિરોધ ઉઠાવીને પોતાની ગુમરાહીનું એલાન કરી આપ્યું છે, અને પોતાના લખાણથી એ એહલે સુન્નત નથી **અહલે બિદઅત** છે એ વાતનો ઈકરાર કરી લીધો છે.

## ★ મકાશિફતુલ ગુયૂબ વ હકીકતુસ્ સુજૂદ ★

"મકાશિફતુલ ગુયૂબ વ હકીકતુસ્ સુજૂદ" નામની જે પુસ્તિકા સિજદએ તા'ઝીમીના જાઈઝ હોવાના જૂઠા પુરાવાઓની સાથે પ્રકાશિત કરવામાં આવી એની કમી એ છે કે એ કિતાબ પર **કોઈ પણ આલિમની સહી કે સમર્થન નથી** પણ અમુક ખાનકાહી લોકોની મનેચ્છાનું વર્ણન છે, **જે લોકો આલિમોને પોતાના અમલમાં સહારો ન સમજે એમના ગુમરાહ હોવા માટે એટલું જ પૂરતુ છે કે આલિમોનો સાથ નથી અને તેઓ આલિમોની સાથે નથી.** હું ગમે તે આલિમની વાત નથી કરતો હું તો આ'લા હઝરત ઈમામે અહમદ રઝા મુજદ્દિદે દીનો મિલ્લતની વાત કરું છું કે એમના એક લખાણનો પણ એમને સહારો પ્રાપ્ત નથી. અને એવા જાહિલો પોતાની મનેચ્છાના લખાણો લઈને મેદાનમાં આવે તો એમની ગુમરાહીનો પુરાવો એમનું પોતાનું જ લખાણ છે કે તેઓ અહલે સુન્નતની એકમતિએ સર્વમાન્ય શખ્સિયત આ'લા હઝરતનો વિરોધ લઈને લોકોમાં આવ્યા છે, **જો તમને તમારા દાવામાં સત્યતાનું યકીન હોય તો સુન્ની ઈદારાઓ અસંખ્ય છે ત્યાંથી પોતાના આ લખાણ પર સમર્થન લઈને આવો !** તમારા આ લખાણ પર ઈદારાઓના ફત્વા લઈને આવો, હું કહી શકું છું કે કોઈ પણ આલિમ ફત્વાના નામથી લખાણ કરીને તમને સહકાર આપશે નહીં, **ગુમરાહી માટે એટલું જ પૂરતુ છે કે, આલિમોનો અને દારુલ ઈફતાનો સહારો નથી.**

**નોંધ** : અમે તમને સુન્ની ઈદારાઓના ફત્વાઓ પણ મંગાવીને આપીશું અને એ સાબિત કરીશું કે **આજે પણ અહલે સુન્નતની એકમતી સિજદએ તા'ઝીમીના ગયરે ખુદા માટે હરામ હોવા પર છે. અને જે એના જવાઝનો દાવો કરે સર્વ આલિમોના ફત્વાના**





**આધારે નિઃશંક ! ગુમરાહ છે.**

## ★ ઉપરોક્ત કિતાબનો જવાબ કુર્આનથી ★

**સિજદએ તા'ઝીમીના હરામ હોવા** પર કુર્આની દલીલો તમારી સેવામાં રજૂ કરી દેવામાં આવી એટલે કે એ દલીલોને ફરીથી વર્ણન કરવાની જરૂરત નથી અને તોહફાએ નજાત, ભાગ-૧૦માંથી હાંસલ કરી આયતો રજૂ કરીએ છીએ, એનાથી ઉપરોક્ત કિતાબનો જવાબ પણ તમને મળી આવશે કે અમે કહીએ છીએ કે અલ્લાહના નબી ﷺ એ એ કામથી મનાઈ કરી અને વિરોધીઓ કહે છે કે ફલાણાએ આમ કર્યું, કાયદો છે કે નબીના ફર્માનના વિરોધમાં સહાબીનું મંતવ્ય હોય તો એ પણ માન્ય રાખવામાં ન આવે, તો પછી નબીના ફર્માનના વિરોધમાં બીજા કોઈની વાત હોય તો કેમ કરી માન્ય રાખવામાં આવે ?!

**(૧)** અલ્લાહ તઆલા ફર્માવે છે :–

**وَمَا اَرْسَلْنَا مِنْ رَّسُوْلٍ اِلَّا لِيُطَاعَ بِاِذْنِ اللّٰهِ** "અમે રસૂલને એટલે જ મોકલ્યા કે અલ્લાહના હુકમથી એની વાત પર ચાલવામાં આવે."

જ્યારે નબીની વાત પર ચાલવું નબીના દુનિયામાં આવવાનો મકસદ છે તો પછી સ્પષ્ટ શબ્દોમાં નબીએ પાક ﷺ તરફથી દરેક પ્રકારનો સિજદો અલ્લાહ તઆલા માટે ખાસ કરી દેવામાં આવ્યો તો હવે ગયરે ખુદા માટે તા'ઝીમી સિજદાની પણ ગુંજાઈશ ક્યાં રહી ?! (હદીષો તોહફાએ નજાત, ભાગ–૧૦માં જુઓ)

**(૨)** અલ્લાહ તઆલા ફર્માવે છે :–

**مَنْ يُطِعِ الرَّسُوْلَ فَقَدْ اَطَاعَ اللّٰهَ** "જે અલ્લાહના રસૂલના હુકમનું પાલન કરશે એ અલ્લાહના હુકમનું પાલન કરી ચૂક્યો."

જ્યારે આપણા નબીએ પોતાના માટે તા'ઝીમી સિજદાની મનાઈ કરી અને સહાબા એનો મતલબ સમજી ગયા કે અલ્લાહ તઆલા સિવાય કોઈને તા'ઝીમી સિજદો થઈ શક્તો જ નથી એટલે એમણે નબીને સિજદો ન કર્યો, અને એક સહાબીએ બીજા કોઈને પણ સિજદો ન કર્યો, અને

ગયરે ખુદા માટે તા'ઝીમી સિજદો કરવાના હરામ હોવા પર એમનામાં કોઈનો વિવાદ પણ ન થયો, એ એ વાતની દલીલ છે કે તા'ઝીમી સિજદો ફર્માને નબીથી પણ હરામ છે અને સહાબાની એકમતીથી પણ હરામ છે. એક સહાબીએ બીજા કોઈ સહાબીને સિજદો કર્યો છે એ વાત સત્ય પુરાવાની સાથે કોઈ લઈ આવે તો એની વાત માન્ય રાખી લેવામાં આવશે. પણ નબીની મનાઈ પછી એ કામની ઈચ્છા પ્રગટ કરવાના પણ પુરાવા નથી મળી શક્તા.

(૩)અલ્લાહ તઆલા ફર્માવે છે :–

مَا يَنْطِقُ عَنِ الْهَوٰى اِنْ هُوَ اِلَّا وَحْيٌ يُّوْحٰى ''આપ ઈચ્છાથી નથી બોલતા પણ એ વહી છે જે આપને કરવામાં આવે છે.''

જ્યારે ફર્માને નબી ﷺ ફર્માને ખુદા છે તો આપણા નબી ﷺ એ મખ્લૂક માટે અને આમ મખ્લૂકમાં સર્વ શ્રેષ્ઠ છે છતાં પોતાના માટે પણ તા'ઝીમી સિજદો હરામ ફર્માવ્યો તો આપનું હરામ કહેવું ખુદા તઆલાનું હરામ કહેવું છે. કારણ કે આપનું ફર્માન કુર્આનથી ખુદાનું ફર્માન છે. જ્યારે ખુદાના ફર્માનથી હરામ થયું તો હવે કોઈને એના વિરોધની રજા મળી શક્તી નથી. અને અલ્લાહના હરામ કરેલા અમલને કોઈ ગમે તેમ કરી જાઈઝના દરજામાં લાવે તો એની વાત માન્ય રહેશે નહીં. એટલે ઉપરોક્ત કિતાબની વાતો કુર્આનના આ ફર્માનથી રદ થઈ ગઈ એનો અલગથી જવાબ આપવાની કોઈ જરૂરત નથી.

(૪) અલ્લાહ તઆલા ફર્માવે છે :–

يٰاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا اَطِيْعُوا اللّٰهَ وَ اَطِيْعُوا الرَّسُوْلَ وَ اُولِى الْاَمْرِ مِنْكُمْ فَاِنْ تَنَازَعْتُمْ فِيْ شَيْءٍ فَرُدُّوْهُ اِلَى اللّٰهِ وَالرَّسُوْلِ اِنْ كُنْتُمْ تُؤْمِنُوْنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ ذٰلِكَ خَيْرٌ وَّ اَحْسَنُ تَاْوِيْلًا

''અય ઈમાનવાળાઓ ! ઈતાઅત કરો અલ્લાહની અને ઈતાઅત કરો રસૂલની અને તમારામાં હુકમવાળાઓની, જો કોઈ વસ્તુમાં તમારો ઝઘડો થાય તો એને અલ્લાહ અને રસૂલની બારગાહમાં લઈ જાઓ, જો તમે અલ્લાહ અને આખેરતના દિવસ પર ઈમાન રાખો, આ ઉત્તમ છે અને એનું પરિણામ સારું છે.''





આ આયતમાં વિવાદવાળી વાતમાં અલ્લાહ અને રસૂલ તરફ જવાની તા'લીમ આપવામાં આવી, જો કોઈ એ કહેતો હોય કે સિજદએ તા'ઝીમના જવાઝમાં વિવાદ છે, ભલે અમે એ વાતમાં વિવાદને માન્ય રાખતા નથી પણ જેઓ આને વિવાદાસ્પદ મસ્અલો સમજે છે એમને કુર્આને જવાબ આપ્યો કે વિવાદને ખત્મ કરવા અલ્લાહ અને રસૂલ તરફ પરત આવો જ્યારે આપણા નબીએ એને હરામ ફર્માવ્યું અને સહાબાએ એને હરામ સમજ્યું તો પછી રસૂલે પાક ﷺ ની વાત પર એકતા કરી એના હરામ હોવાની માન્યતા પર આવી જવું જોઈએ.

(૫) અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

فَلَا وَرَبِّكَ لَا يُؤْمِنُوْنَ حَتّٰى يُحَكِّمُوْكَ فِيْمَا شَجَرَ بَيْنَهُمْ ثُمَّ لَا يَجِدُوْا فِيْ اَنْفُسِهِمْ حَرَجًا مِّمَّا قَضَيْتَ وَ يُسَلِّمُوْا تَسْلِيْمًا

''તો અય મહબૂબ ! તમારા રબની કસમ ! તેઓ મુસલમાન નહીં થાય જ્યાં સુધી પોતાના પરસ્પરના ઝઘડાઓમાં તમને હાકિમ ન બનાવે, પછી તમે જે હુકમ ફર્માવી આપો પોતાના દિલોમાં એનાથી રૂકાવટ ન પામે અને દિલથી માની લે.''

આ આયત એલાન કરી રહી છે કે પરસ્પર વિવાદ ઊભો થાય તો એનો નિકાલ નબી ﷺ ના ફર્માનથી કરવામાં આવશે, અને નબી ﷺ ના ફર્માનને દિલથી માની લેવામાં આવશે એ જ આપણા સત્ય ઈમાનનો પુરાવો છે. નબીના ફર્માન સામે બીજા કોઈની વાતને ઉત્તમતા આપવામાં નહીં આવે. જ્યારે અલ્લાહના રસૂલ علیہ السلام એ સિજદએ તા'ઝીમીથી મનાઈ કરી આપી પછી બીજા કોઈની વાતને માન્ય રાખવાનો સવાલ જ ક્યાં ઉપસ્થિત થાય છે ?!

## ★નબીએ કહ્યું પછી બીજાને કેમ પૂછે છે ?!★

બિશ્ર મુનાફિક અને યહૂદીના ઝઘડામાં નબીએ પાક ﷺ ને હકમ બનાવવામાં આવ્યા, આપે ન્યાયનો ચુકાદો યહૂદીના હક્કમાં આપ્યો, મુનાફિકને આ નિર્ણય પસંદ ન આવ્યો અને એ યહૂદીને હઝરતે ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ પાસે લઈ આવ્યો. યહૂદીએ કહ્યું, નબીએ પાક

ﷺ આ ઝઘડામાં મારા હક્કમાં ફૈંસલો ફર્માવી ગયા છે. હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ ફર્માવ્યું, ઊભા રહો ! હું ફૈંસલો કરી આપું છું, ઘરમાંથી તલ્વાર લાવ્યા અને મુનાફિકને કતલ કરી નાખ્યો અને ફર્માવ્યું, જેને નબીનો ફૈંસલો પસંદ ન હોય એના માટે ઉમરનો આ જ ફૈંસલો છે. (દરેક જ તફસીરમાં)

## ★ અમે નબીને છોડીશું નહીં ! ★

હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ આપણને સબક આપ્યો કે મખ્લૂકના ફૈંસલાથી નબીનો ફૈંસલો ઉત્તમ છે અને એને જ કબૂલ કરવામાં આવશે. નબી ﷺ એ જ્યારે ફર્માવી આપ્યું કે અલ્લાહ તઆલા સિવાય કોઈ પ્રકારનો સિજદો મખ્લૂકને કરવામાં નહીં આવે તો પછી બીજા કોઈના ફૈંસલાની જરૂરત જ ક્યાં રહી કે એને નબીના ફર્માનના વિરુધ્ધમાં દલીલ બનાવવામાં આવે ! અમે કહીએ છીએ કે નબી ﷺ એ હરામ કર્યું અને ખાનકાહી જાહિલો કહે છે કે પીરોએ જાઈઝ કર્યું !

**(૬)** અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَمَا كَانَ لِمُؤْمِنٍ وَّلَا مُؤْمِنَةٍ اِذَا قَضَى اللّٰهُ وَرَسُوْلُهٗ اَمْرًا اَنْ يَّكُوْنَ لَهُمُ الْخِيَرَةُ مِنْ اَمْرِهِمْ وَمَنْ يَّعْصِ اللّٰهَ وَرَسُوْلَهٗ فَقَدْ ضَلَّ ضَلٰلًا مُّبِيْنًا

''ઈમાનવાળા સ્ત્રી પુરૂષને એ હક્ક નથી પહોંચતો કે જ્યારે અલ્લાહ અને રસૂલ કંઈ હુકમ કરે તો એમને પોતાના મામલાનો કોઈ અધિકાર નથી અને જે અલ્લાહ અને એના રસૂલનો હુકમ ન માને એ ખુલ્લી ગુમરાહીમાં ભટકેલો છે.''

## ★ શાને નોઝૂલ ★

આ આયત ઝેનબ બિન્તે જહશ અસદિયા એમના ભાઈ અબ્દુલ્લાહ બિન જહશ અને એમની માતા ઉમૈમા બિન્તે અબ્દુલ મુત્તલિબના હક્કમાં ઉતરી. ઉમૈમા હુઝૂર ﷺ નાં ફોઈ હતાં. કિસ્સો એ છે કે ઝેદ બિન હારિષા જેમને રસૂલે કરીમ ﷺ એ મુક્ત કર્યા હતા અને તેઓ હુઝૂરની જ સેવામાં રહેતા હતા, હુઝૂરે ઝેનબ માટે એમનો રિશ્તો આપ્યો, એને





ઝેનબ અને એમના ભાઈએ અસ્વીકાર કર્યો, એના પર આયત ઉતરી, હઝરતે ઝેનબ અને આપના ભાઈ આ હુકમ સાંભળીને ખુશ થઈ ગયા અને હુઝૂર સૈયદે આલમ ﷺ એ હઝરતે ઝેદનો નિકાહ એમની સાથે કરી આપ્યો. મસ્અલો આનાથી જાણવા મળ્યું કે રસૂલે કરીમ ﷺ ના હુકમનું પાલન દરેક વાતમાં વાજિબ છે, અને નબી علیہ السلام ના વિરોધમાં કોઈને પોતાની જાતનો પણ પોતે અધિકાર નથી રાખતો. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

આ વાક્યાથી જાણવા મળ્યું કે નબીએ કરીમ રઉફો રહીમ ﷺ હઝરત ઝેનબને હઝરત ઝેદ સાથે નિકાહનો હુકમ આપ્યો હતો એમાં હઝરત ઝેનબને પોતાના જાતના અધિકાર પેટે મનાઈની રજા હતી, પરંતુ અલ્લાહ તઆલાએ એનાથી પણ નાખૂશી પ્રગટ કરી અને ફર્માવ્યું નબીનું ફર્માન માનવું જ પડશે, અને જે નબીના ફર્માનને ન માને તો એ ખુલ્લી ગુમરાહીમાં છે. આ તો મસ્અલો જાતી અધિકારનો હતો જ્યારે કે સિજદએ તા'ઝીમીની તો નબીએ પાક ﷺ એ એક હદીષમાં નહીં કંઈ હદીષોમાં મનાઈ ફર્માવી. જ્યારે એક ફર્માનનો આ આલમ છે તો જેની મનાઈમાં વારંવાર ફર્માવ્યું એની નાફર્માની કેટલી મહાન ગુમરાહી ઠરી શકે છે ?!

## ★ ગુમરાહી સ્વીકારો ! ★

ફર્માને નબી ﷺ ને ન માનવા પર ગુમરાહીનું એલાન અમારું નથી અલ્લાહ તઆલાનું છે, શું પછી કોઈ ખાનકાહી જાહિલને દલીલ આપવામાં શરમ આવશે ખરી ! ખૈર તમારે તમારી ખોટી હઠ પર જ રહેવું હોય તો કુર્આનની આ આયત પ્રમાણે પોતાની ગુમરાહીને પણ સ્વીકારી લો, અને અસ્વીકાર કરવાથી કોઈ ફરક પડતો નથી, એલાન રબનું છે તો એ થઈને જ રહેવાનું છે. સ્પષ્ટ થયું સિજદએ તા'ઝીમીના જવાઝનો દાવો કરનાર અલ્લાહના રસૂલના ફર્માનને છોડીને બીજાની વાતને ઉત્તમતા આપવાની કોશિશ કરી રહ્યો છે. જ્યારે કે અલ્લાહના રસૂલના ફર્માનથી મખ્લૂકમાંથી કોઈનું ફર્માન ઉત્તમ નથી.

## ★ અલ્લાહવાળાઓનો સાથ કોને મળે છે ?! ★

ખાનકાહી જાહિલો પબ્લિકને આમ કહીને વધુ ગુમરાહ બનાવવાની કોશિશ કરે છે કે આપણે અલ્લાહના વલીઓની સંગતમાં રહેવું જોઈએ, અને વલીઓની સંગતમાં રહેવાનો અલ્લાહ તઆલા તરફથી આપણને આદેશ આપવામાં આવ્યો છે, તો એ ફર્માને ઈલાહી એની જગાએ યકીનન અલ્લાહનું જ ફર્માન છે અને આપણે સર્વ અહલે સુન્નત એની ઉપર અમલ કરીએ છીએ, પણ સંગતનો મતલબ શું છે ? એને જાણવાની કોશિશ કરવામાં આવતી નથી ! કુર્આનમાં એનો તરીકો આપણને બતાવવામાં આવ્યો છે.

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

مَنْ يُطِعِ اللّٰهَ وَ الرَّسُوْلَ فَاُوْلٰٓئِكَ مَعَ الَّذِيْنَ اَنْعَمَ اللّٰهُ عَلَيْهِمْ مِنَ النَّبِيّٖنَ
وَ الصِّدِّيْقِيْنَ وَ الشُّهَدَآءِ وَ الصّٰلِحِيْنَ وَ حَسُنَ اُولٰٓئِكَ رَفِيْقًا

''જે અલ્લાહ અને રસૂલના ફર્માનનું પાલન કરે છે તો તેઓ જ એમની સાથે છે જેમના પર અલ્લાહે ઈનામ ફર્માવ્યું એટલે કે નબીઓ, સિદ્દીકો, શહીદો અને વલીઓ સાથે, મિત્રતામાં તેઓ જ ઉત્તમ છે.''

આ આયતથી જાણવા મળ્યું કે અલ્લાહવાળાઓનો સાથ અલ્લાહ અને એના રસૂલના ફર્માન પર અમલ કરવાથી મળે છે, અને અહીં ખાનકાહી જાહિલો અલ્લાહ અને રસૂલના ફર્માનથી હટાવી અલ્લાહવાળાઓની સંગતની ગુમરાહીથી ભરેલી વાતો કરે છે.

## ★ એક શંકા અને એનો જવાબ ★

શંકા એ ઉપસ્થિત થાય છે કે મુકાશફતુલ ગુયૂબમાં સિજદએ તા'ઝીમીના જવાઝ પર બુઝુર્ગોના જે કિસ્સાઓ અને બનાવો રજૂ કરવામાં આવ્યા એમાંના વધુ પડતાં એવા મહાન વલીઓ છે કે એમની વિલાયત પર મુસલમાનોની એકમતી ચાલી આવી છે અને સુન્ની તો સુન્ની બદ્અકીદાના લોકો પણ એમની વિલાયતોને માન્ય રાખે છે, પછી એમની વાતોને રદ કેવી કરી શકાય ?! જો એ વાતને રદ કરવામાં આવે તો એમનું ગુમરાહ હોવું પુરવાર થાય છે, અને ગુમરાહ વલી નથી થઈ





શક્તો, એટલે એનાથી એમની વિલાયતનો પણ અસ્વીકાર જાણવા મળે છે, એવી ગંભીર સ્થિતિમાં અવામે અહલે સુન્નતે શું કરવું ?!

## ★ ઈમાનને સશક્ત બનાવવાનો જવાબ ★

એક દલીલ બીજી દલીલની વિરુધ્ધ જાય તો કઈ દલીલને ઉત્તમતા આપવામાં આવશે એને અમે ઈસ્લામના ફિકહી કાયદાની કિતાબોથી પુરાવો આપીને સમજાવીશું પણ અહીં અમારો જવાબ એ છે કે જેમની વિલાયત પર લોકોની એકમતી જોવા મળે છે તેઓ અમારી માન્યતામાં પણ નિઃશંક ! અલ્લાહના વલી છે, વિલાયત પર નેક મુસલમાનોની શહાદત પૂરતી છે. અલ્લાહના સઘળા વલીઓ આપણા માર્ગદર્શક છે પણ જેઓ એમના નામને લઈને નબીની સુન્નત અને આપના ફર્માનનો વિરોધ લઈને ચાલી રહ્યા છે એમને હું કહીશ કે તમે લોકો આ પ્રમાણેની ખોટી વાતોનો સંબંધ મહાન વલીઓ તરફ કરીને એમની વિલાયતનો ઈન્કાર કરો છો, અમે એમને વલી માનીએ છીએ એટલે નબીની સુન્નત અને ખુદાના ઈર્શાદ વિરોધની વાતોને એમની તરફ સંબંધિત થવા દઈશું નહીં, આ પ્રમાણે જે પુરાવા આપવામાં આવે છે વાસ્તવમાં એ કિતાબો પોતાની મૂળ સ્થિતિમાં છે કે પછી એમાં ફેરફાર થયો છે એ વાત સંપૂર્ણ શંકામાં છે, ફારસીમાં હોય કે પછી બીજી કોઈ ભાષામાં એનું ભાષાંતર કરવામાં આવ્યું હોય, જો આમ ન હોય તો યકીન આપવાની એવી દલીલ લઈ આવો કે આ જ પ્રમાણે થયું હતું અને એ કિતાબો જે તમે પુરાવામાં વર્ણન કરી એની મૂળ સ્થિતિમાં છે. અને હું દાવા સાથે કહીશ કે તમારી પાસે નહીં, કોઈની પાસે જ એ કિતાબોના મૂળ સ્થિતિમાં હોવાની યકીની દલીલ નથી. **هاتوابوها نكم ان كنتم صادقين** તમારી સશક્ત દલીલ લાવો જો તમે સાચા છો.

મેં **તોહફાએ નજાત**, ભાગ-૧૦માં એ વાતનું લખાણ પુરાવા સાથે કરી આપ્યું છે કે એક મુસલમાન તરફ શંકાની સ્થિતિમાં નાના ગુનાહનો સંબંધ નથી થઈ શક્તો તો પછી શંકાસ્પદ કિતાબોના પુરાવાથી ગુનાહે કબીરા અને એ પણ ગુમરાહ કરનાર ગુનાહનો સંબંધ કેમ કરી

થઈ શકે છે ?! અમે કહીએ છીએ કે બુઝુર્ગો સાચા છે પણ એમની તરફ આ પ્રમાણેની વાતોનો સંબંધ ખોટો છે, વાસનાના ભૂખ્યાઓએ પોતાના મનની ચલાવવા મહાન વલીઓના નામને ઉપયોગ કરેલું છે એનાથી અધિક એમની બનાવેલી વાતોનો કોઈ વજૂદ નથી.

## ★ હદીષની સનદોથી પુરાવો ★

નબીએ પાક ﷺ ના ફર્માન જે સહાબા, તાબેઈન, તબએ તાબેઈન અને ઈમામે હદીષના પુરાવાઓથી આપણા સુધી પહોંચ્યાં, તો પણ દરેક હદીષને મુતવાતિરનો દરજો આપવામાં નથી આવતો, હદીષોના સનદોના આધારે ઘણા પ્રકાર બનાવવામાં આવ્યા છે, સનદ વિનાની કોઈ હદીષ માન્ય રાખવામાં નથી આવતી, જ્યારે ફર્માને રસૂલ બુઝુર્ગ લોકોની સનદો અને રિવાયતોથી પહોંચ્યાં તો પણ સર્વ હદીષોને યકીની દલીલ તરીકે સ્વીકારવામાં નથી આવતી તો પછી એ કિતાબો જે બુઝુર્ગો તરફ સંબંધિત કરવામાં આવે છે એના યકીનના અને નિઃશંક ! એમની જ હોવામાં કઈ સનદ અને કયો પુરાવો છે ?! શું કોઈ વ્યક્તિ એ જવાબ આપી શકે છે ખરો કે એ કિતાબો ફલાણી ફલાણી સનદથી પૂરા રક્ષણ સાથે આપણા સુધી પહોંચાડવામાં આવી છે અને એમાં ફેરફાર થયો જ નથી ! હું કહી આપું છું કે આ દલીલમાં ખાનકાહી જાહિલો જ નહીં બીજા મહાન આલિમોને પણ મદદરૂપ બનાવવામાં આવે તો તેઓ સર્વ મળીને આ કામ કરી શકશે નહીં. وَادْعُوْا شُهَدَآءَكُمْ અને તમે તમારા મદદગારોને બોલાવી લો.

## ★ નબીની હદીષોનો ઈન્કાર ★

વલીઓને બદનામ કરનારી કિતાબો વિના સનદની છે અને અમને કોઈ અમારા દાવામાં જૂઠો સમજતો હોય તો એ જે વલીનું નામ લઈ રહ્યો છે અને ઈલ્મવાળાઓની એની વિલાયત પર સંમતિ છે તો એમના સુધીની મળેલી સનદ સાથેનો પુરાવો લઈ આવે, અમે માની લઈશું. પણ શું કોઈ આમ કરી શકશે ખરો ?! અમે નબીની હદીષોથી તા'ઝીમી સિજદાનું હરામ હોવું સાબિત કરી બતાવ્યું જ્યારે એ હદીષો સિહાહે





સિત્તાની છે જેનો અસ્વીકાર ગેરમુકલ્લિદ પણ કરી શક્તો નથી, તો તમે કહો છો એ હદીષોથી હરામ હોવાનું યકીન તમને નથી આવતું, અમે અલ્લાહની એના હરામ હોવા પર એકમતિ બતાવી તો તમને યકીન નથી આવતું, તો સનદવાળી હદીષો તમને હરામ હોવાનું યકીન નથી અપાવતી તો જે કિતાબો તમે હરામના હલાલ હોવાના પુરાવામાં રજૂ કરી એ તદ્દન સનદ વિનાની છે, એનાથી અમને એના જાઈઝ હોવાનું યકીન કેમ કરી આવી જાય ! તમને સનદોના શણગારવાળી હદીષો માન્ય નથી તો અમને મોં માથા વગરનું લખાણ કેમ કરી માન્ય હોય ?!

## ★ અમારું ન માનો તો... ★

તમે પુરાવામાં જે કિતાબો લખી તે કિતાબો જ છે નબીનું ફર્માન નથી, એનો અસ્વીકાર કરી આપવામાં આવે તો શું કોઈ દારુલ ઈફતા છે જે અમને ગુમરાહીનો ફત્વો આપે ? પણ હું કહું છું કે અમે જે વર્ણન કર્યું એ નબીની સહીહ સનદોની સહીહ હદીષો છે અને એને સિહાહની કિતાબોમાં લખવામાં આવી છે, પૂછવું હોય તો દારુલ ઈફતામાં પૂછી લેશો, એનો ઈન્કાર કરવાથી તમે જરૂરથી ગુમરાહ છો, તમારી વાતોના ઈન્કારથી અમે ફત્વામાં ગુમરાહ નથી થઈ શક્તા પણ અમારી હદીષોના ઈન્કારથી તમે ગુમરાહ છો.

## ★ અમે તમને જવાબદારી આપીએ છીએ ★

અમે અમારા તરફથી ખાનકાહી જાહિલોને જવાબદારી આપીએ છીએ, અને જ્યારે તેઓ હરામને જાઈઝ કરવા પાછળ પડેલા છે તો લાચાર થઈને એમણે જવાબદારી સ્વીકારવી જ પડશે, એ જવાબદારી એ છે કે તમે બુઝુર્ગો સંબંધિત જે કિતાબો બતાવી એ મલ્ફૂઝ ન હોય એમનું લખાણ હોય, બીજું એ કે મલ્ફૂઝ હોય તો બુઝુર્ગ જે બોલ્યા હોય એ જ શબ્દોમાં એણે લખાણ કર્યું હોય એમાં થોડો પણ તફાવત ન કર્યો હોય. એ સમયમાં છાપવાના પ્રેસો ન હતા એટલે એ લખાણો બીજા સુધી પહોંચાડવામાં એની એક નહીં અનેક કોપીઓ કરવામાં આવતી હતી. શું કોઈ એ પુરાવો આપી શકે છે કે પ્રથમ લખાણથી જે બીજી

કોપીઓ કરવામાં આવી એમાં કોઈ ફેરફાર નથી થયો ?! આજે પ્રગતિના જમાનામાં કંપોઝીંગ કરવાવાળા લખાણમાં એક નહીં હજારો ભૂલો કરે છે, જો એનું પ્રુફ રીડીંગ કરવામાં ન આવે તો કિતાબ બનેલી વાતો બગાડનારી બની જાય, તો પછી કોઈ એ વાતનું પ્રુફ આપી શકે છે કે બુઝુર્ગો તરફ સંબંધિત કિતાબોની જે કોપીઓ કરવામાં આવી હતી એ શંકા વિના એમની જ છે, આમાંથી કોઈ એક વાતનો જવાબ પણ કોઈ આપી શક્તું નથી.

## ★ અમુક લોકોની ગેરસમજ ! ★

અમુક લોકોની ગેરસમજ એ છે કે પહેલાંના જમાનામાં ફારસી ભાષા લોકોમાં ચાલતી હતી, એટલે કોઈ ફારસીમાં લખાણ મળી આવે તો એવું સમજે છે કે આ મૂળ કિતાબનું લખાણ છે, પણ ફારસીના લખાણથી મૂળ કિતાબ હોવું પણ યકીની નથી, જેમ બીજી ભાષાઓમાં ફેરફાર થાય છે શું ફારસીમાં નથી થઈ શક્તો ?! તો પછી ફારસીને મૂળ લખાણ છે એ યકીન કેમ કરી અપાવવામાં આવે છે ?

## ★ અમારી વાત પર આશંકા નથી ★

તમે લોકો તો પહેલાંના જમાનાની કિતાબોનો હદીષોની વિરોધમાં પુરાવો આપો છો એટલે આશંકાઓ ઉપસ્થિત થાય છે, અમારા દાવા પર એ શંકા કોઈ ઉપસ્થિત કરી શક્તો નથી, કારણ કે એ હદીષો છે અને એના પર હદીષોની કિતાબોના લખાણથી લઈને આજ સુધી સંમતિ ચાલી આવી છે, અને સુન્નીઓ શું ગેર મુકલ્લિદ પણ સિહાહની કિતાબોને માન્ય રાખે છે. હદીષે પાકે રસૂલ અમારો પુરાવો હોવાથી એ શંકા આવી શક્તી નથી જે અમે તમારી વિરોધમાં વર્ણન કરી. જો હિંમત હોય તો જે હદીષો સિજદએ તા'ઝીમીના હરામ હોવા પર વર્ણન કરી, કહી આપો કે અમે એને નથી માનતા ! પછી જુઓ પરિણામ શું આવે છે !

## ★ અમે બાઅદબ તમે બેઅદબ ! શાથી ?! ★

અમે બુઝુર્ગોના બેઅદબ નથી બાઅદબ છીએ એટલે એમની જાતને





કોઈ પણ શંકાથી બચાવવા એમની તરફ હરામ તો હરામ કોઈ ખિલાફે સુન્નત વાતનો પણ સંબંધ નહીં થવા દઈએ, એટલા માટે કે આપણે એ માનીએ છીએ કે આપણે ફર્ઝ અને વાજિબના જેટલા પાબંદ નથી એનાથી અધિક તેઓ નબીની સુન્નતની પાબંદી કરતા હોય છે, જેઓ ખોટી, બિદઅતે સૈય્યેઆ અને હરામના સંબંધ જોયા ભાળ્યા વગર બુઝુર્ગો તરફ કરી આપે છે તેઓ બુઝુર્ગોના બેઅદબ અને ગુસ્તાખ છે, જો એમને બુઝુર્ગો સાથે અકીદત અને મહબ્બત છે તો ખોટી વાતને એમની તરફ સંબંધિત કેમ કરે છે ?!

## ★ એક મિત્રની શંકા ★

મેં મારા એક મિત્રને આ કિતાબ બતાવી જે સિજદએ તા'ઝીમીના જાઈઝ હોવા વિશે બુઝુર્ગોની વાતોથી લખવામાં આવી તો એણે અમુક બુઝુર્ગોની સભાની વાતોનું વાંચન કર્યું અને પછી કહ્યું કે આ કિતાબમાં જે મહાન બુઝુર્ગો તરફ સિજદએ તા'ઝીમીનો સંબંધ કરવામાં આવ્યો એનાથી મને હવે એ બુઝુર્ગોની બુઝુર્ગીમાં પણ શંકા થવા લાગી. હું એવું સમજતો હતો કે વર્તમાનકાળમાં જે ખાનકાહોની હાલત છે એ પ્રમાણેની હાલતો પહેલાં પણ રહેલી લાગે છે, આપણાથી તેઓ દૂર છે અને આપણે એમને જોયા નથી એટલે આપણી એમનાથી અકીદત છે, પણ કિતાબોના લખાણોથી સમજમાં આવ્યું કે તેઓ પણ આ પ્રમાણે જ રહ્યા હશે ! મેં એની વાત સાંભળીને વિચાર્યું કે આને વ્યવસ્થિત જવાબ નહીં આપું તો આ મહાન બુઝુર્ગોનો ગુસ્તાખ બની જશે. જેથી મેં એ જવાબો આપ્યા જે મેં વિરોધીઓના લખાણ પર આપ્યા તો એને શાંતિ થઈ, અને આ પ્રમાણે ન જાણે કેટલા લોકોને પૂર્વજ મહાન બુઝુર્ગો પર શંકા થવા લાગી હોય, પણ મારો જવાબ એમની સમક્ષ આવવાથી એ શંકાનો ઈલાજ થઈ જશે. પૂર્વજ બુઝુર્ગો સાચા દીનદાર પરહેઝગાર અને નબીની સુન્નતોના સંપૂર્ણ આમિલ હતા પણ એમની જગાઓ લેનાર દુનિયાદાર છે, અને બિદઅતી નીકળ્યા જેમણે પોતાની ખાનકાહો ચમકાવવા પૂર્વજોના નામોનો સહારો લીધો, અને પોતાની બુરાઈઓ એમની તરફ સંબંધિત કરી કે જેથી એ પૂર્વજનું નામ સાંભળીને લોકોની બોલતી બંધ થઈ જાય.

## ★ લોટરીનો એક દાખલો ★

અમારા યુ.કે.માં લોટરી નવી નવી ચાલી અને પ્રથમ લોટરી જ એક એશિયનની લાગી તો એશિયનોની લોટરીની ટિકીટ કપાવવા લાઈનો લાગવા માંડી, મૌલ્વીઓએ મસ્જિદોમાં બયાન આપ્યું કે લોટરી જૂગાર છે, અને આપણા ઈસ્લામમાં એ હરામ છે, મુસલમાનોએ એનાથી બચવું જરૂરી છે, જે પૈસા જાય છે એ પણ હરામમાં અને ટિકીટ લાગી ગઈ અને કંઈ મળ્યું તો એ પણ હરામનું, હલાલ ક્યાંય પણ ન આવ્યું અને ગુનોહ વધારાનો.

પબ્લિકે જોયું દરેક મસ્જિદના મૌલ્વીઓ પબ્લિક પાછળ પડયા છે તો મૌલ્વીઓને ચુપ કરવા જોઈએ, તો કોઈએ વાત ઉડાવી કે લંડનમાં એક મૌલ્વીને ટિકીટ લાગી ગઈ અને એણે ઈમામત છોડી આપી અને નવી ગાડી લઈને ફરતા થઈ ગયા ! આમ મૌલ્વીઓ પણ એ વાત સાંભળીને શરમાવા લાગ્યા કે, મૌલ્વી જ રમતા થઈ ગયા તો પબ્લિકને કેમ કરીને રોકીશું ?! થોડા દિવસ પછી ખબર પડી કે આ તો મૌલ્વીઓને ચૂપ કરવા હવા ચલાવવામાં આવી હતી ! તો આ દાખલા પ્રમાણે પોતાની ખરાબીઓને ચાલુ રાખવા અને એનાથી તૌબા ન કરવા પૂર્વજ બુઝુર્ગોનો સહારો લેવામાં આવ્યો અને એ પ્રમાણેની વાતો ઉપજાવી દેવામાં આવી. એટલે એ પ્રમાણેની વાતો પર ધ્યાન આપવામાં ન આવે, મહાન પૂર્વજ બુઝુર્ગો અને વલીઓ સુન્નતોના સશક્ત આમિલ હતા માટે એની શાનથી દૂર છે કે તેઓ લોકોને પોતાની આગળ સિજદો કરવાની રજા આપે. અલ્લાહની પનાહ ! એમની શાન અને માન મર્તબો જોતાં આપણા દિલમાં એ પ્રમાણેની શંકા પણ ન આવવી જોઈએ.

## ★ કબૂલી લેવામાં શું જાય છે ?! ★

એક ભાઈએ મને કહ્યું કે એ બુઝુર્ગોએ આમ કર્યું હોય તો એને માની લેવામાં શું જાય છે ?! તો મેં એને કહ્યું, એ વાત માની લેવામાં એમની બુઝુર્ગી ખતરામાં ચાલી જાય છે, કારણ કે જ્યારે સિજદએ તા'ઝીમી નબી ﷺ ના ફર્માનથી અને સહાબાએ કિરામની એકમતિથી





હરામ છે તો એ બુઝુર્ગોએ હરામ કામ કર્યું અથવા પછી એમના તરફથી એની રજા મળી, એ સખત ગુનાહનું કામ છે અને જે લોકો હરામ કામ કરે અને કરાવે, તો એવો વ્યક્તિ ઉલમાએ અહલે સુન્નતની પરિભાષામાં વલી હોય શક્તો નથી, એટલે અમે એ માન્ય નથી રાખતા કે મહાન બુઝુર્ગોએ આમ કર્યું હોય કે પછી કોઈની પાસે આમ કરાવ્યું હોય, અને કોઈ સામાન્ય મુસલમાને પણ એ વાત માન્ય ન રાખવી જોઈએ, એ પ્રમાણેની વાતો માનવી મહાન બુઝુર્ગોનું અપમાન કરવું છે.

## ★ એક સામાન્ય માણસ પર આક્ષેપ કરવો કેવો ? ★

ઈસ્લામમાં એક સામાન્ય માણસ પર આક્ષેપ રાખવો અને એને બદનામ કરવો મહાન ગુનાહનું કામ છે, અને એટલા માટે ઈસ્લામમાં અમુક ગુનાહના સંબંધો પર ગવાહની શર્તો લગાડવામાં આવી છે, એ સિવાય એની વાત માન્ય રાખવામાં ન આવે, જેમ કે ઝિનાનું આક્ષેપ, ચાર ગવાહ ગવાહીના લાયક અને તેઓ તે ઐન સ્થિતિ પર હાજર રહી જોવાની ગવાહી આપે તો વાત માન્ય થાય, નહીં તો એમના પર કઝફની હદ લગાડવામાં આવે એટલે કે એમણે એક મુસલમાનના અપમાનની નાપાક કોશિશ કરી છે, અને કુર્આનમાં એ વિશે અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

وَالَّذِيْنَ يُؤْذُوْنَ الْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنَاتِ بِغَيْرِ مَا اكْتَسَبُوْا فَقَدِ احْتَمَلُوْا بُهْتَانًا وَّ اِثْمًا مُّبِيْنًا

જ્યારે એક સામાન્ય મુસલમાન પર આક્ષેપ લગાડવો મહાન ગુનોહ છે તો પછી એક અલ્લાહના વલી તરફ હરામનો સંબંધ અને એ પણ હરામના હલાલ કરવાનો સંબંધ કેટલો મોટો ગુનોહ છે કે બીજા શબ્દોમાં આ એમની વિલાયતના ઈન્કાર બરાબર છે, તો એમાં ઉત્તમ માર્ગ એ જ છે કે એ પ્રમાણેના લખાણોને ખોટાં કહી પૂર્વજ બુઝુર્ગોને બચાવી લેવામાં આવે, લખાણને ખોટું કહી આપવું જ્યારે એ શરીઅત વિરૂધ્ધનું હોય સરળ પણ છે અને એ ઈસ્લામની તા'લીમાતના આધારે ખોટું કહેવાના લાયક પણ છે પણ એક સર્વ માન્ય બુઝુર્ગ તરફ એવી વાતનો સંબંધ જોડવામાં ન આવે.

## ★ કોણ જાણે કે આમ થયું છે ?! ★

સદીઓ પહેલાંની વાતો અને કિતાબો ગમે તે લેખક તરફ સંબંધિત કરીને લખવામાં આવી હોય પણ નથી લેખક આપણી પાસે કે આપણે એમને પૂછી લઈએ, નથી એ લખાણનો ભરોસો કે વાસ્તવમાં એમનું જ હશે, પછી શંકાસ્પદ વાતોથી સર્વમાન્ય બુઝુર્ગોની જાતને બદનામ કરવામાં કેમ આવે ? શકની વાતોને પોતાના અમલ માટે અને બુઝુર્ગ હસ્તીઓને બદનામ કરવા માટે દલીલ બનાવવી એથી ઉત્તમ તો એ જ છે કે એ સંબંધોને ખોટા સાબિત કરી એમને પણ બચાવી લેવામાં આવે અને પોતે પણ બચી જવામાં આવે. પણ વાસનાના ભૂખ્યાઓ એવું ક્યાં કરવાના છે ! કોણ બદનામ થાય છે અને કોની વિલાયતમાં ફરક આવે એનાથી એમને શું મતલબ ?! પોતાની ખાનકાહ ચમકવી જોઈએ, અને પોતાનાં પોકેટ ખાલી ન રહેવાં જોઈએ, એટલે જ તમે જોતા હશે કે પહેલાંની ખાનકાહોથી લોકોને દુનિયામાંથી કાઢી દીનદાર બનાવવામાં આવતા અને આજે દીનદાર પહોંચી જાય તો પીર સાહેબની પોકેટમારીની આંધળી કમાણી જોઈને પોતે પણ દુનિયાદાર બની જાય.

## ★ હદીષ જેટલું યકીન આપો માની લઈએ !★

અંતમાં હું કહીશ કે નબીએ પાકની હદીષો જે પ્રમાણેના પુરાવા સાથે આપણા સુધી પહોંચી અને મુસલમાનોએ એને નબીના નામથી કબૂલ કરી, તમે જે કિતાબો સિજદએ તા'ઝીમીના ગયરે ખુદા માટે જાઈઝ હોવાના પુરાવામાં રજૂ કરો છે એ પ્રમાણેના યકીનમાં લઈ આવો તો તમારી વાતો માની લેવામાં આવશે, પરંતુ હું માત્ર ખાનકાહી જાહિલો જ નહીં કોઈ પણ તેમનો મદદગાર બનીને મેદાનમાં આવે તે પણ એક સામાન્ય રિવાયતની ઝઈફ હદીષના દરજામાં પણ એ કિતાબને નથી પહોંચાડી શક્તા, પછી સશક્ત રિવાયતોની સહીહ હદીષો બરાબર યકીનના દરજામાં તો ક્યાં લાવી શકાય છે ?! તો તમારાથી આ કામ થઈ શકે તો મેદાનમાં આવશો.





# સદરૂદ્દશ્શરીઆ અને બુઝુર્ગોની કિતાબોનો જવાબ

બહારે શરીઅતના મુસન્નિફ ફકીહે આ'ઝમ હુઝૂર સદરૂદ્દશ્શરીઆ મુહમ્મદ અમજદ અલી قدس سرہ એ પોતાના ફતાવામાં બુઝુર્ગોની કિતાબોથી જે ફિકહી શંકાઓ ઉપસ્થિત થાય છે એનો જવાબ આપ્યો છે, તો આપણે આ'લા હઝરતના ખલીફાના એ ફત્વાનું પણ વાંચન કરી લઈએ, અને આપણું ઈમાન તાજુ કરી લઈએ.

## ★ મારી ભલામણ ★

હું તમને ભલામણમાં એ બતાવી આપું કે કોઈ પણ વ્યક્તિ હોય એનું ફર્માન કે એનો અમલ શરીઅત વિરુધ્ધનો હોય તો એને ખોટું કહેવામાં વિચારવાની કોઈ જરૂરત હોતી નથી, કારણ કે સર્વને શરીઅતના પાબંદ બનાવામાં આવ્યા છે, શરીઅતની પાબંદી સર્વેને જરૂરી છે, શરીઅત કોઈના તાબા હેઠળ નથી, સર્વને શરીઅતના તાબા હેઠળ કરવામાં આવ્યા છે, પણ ઉલમાએ કિરામ, બુઝુર્ગો તરફ કોઈ વસ્તુ સંબંધિત થતી હોય અને એ શરીઅતના કાયદામાં હરામ અને નાજાઈઝ હોય તો એ બુઝુર્ગો આપણા જમાનામાં નથી, આપણે એમને જોયા નથી. એમની બુઝુર્ગી ત્યારથી લઈને આજ સુધી સર્વ માન્ય છે તો પછી જે વસ્તુનો સંબંધ એમની તરફ કરવામાં આવ્યો એ શંકાસ્પદ બની ગયો, બુઝુર્ગી સર્વ માન્ય, અને હરામ વાતનો સંબંધ શંકાસ્પદ છે જેથી સર્વમાન્ય બુઝુર્ગી પર હરામની તોહમત શંકાથી ન આપી શકાય, એટલે બુઝુર્ગોને એ આક્ષેપથી બચાવવા જવાબ આપવાની કોશિશ કરવામાં આવે છે, જો કોઈ આપણા જમાનામાં હોય, અને આપણે આપણી આંખોએ જોઈએ તો હરામનો ફત્વો આપવામાં આપણે વિચારવાની કોઈ જરૂરત રહેતી નથી, પણ જેઓ આપણા જમાનામાં નથી એટલે આપણે એ બુઝુર્ગો પર સારા અનુમાનને લઈને જવાબ આપીએ છીએ. કોઈ બુઝુર્ગના શરીઅતની એકમતીથી હરામ હોય તેવાં કામ કરવાથી

અથવા કરાવવાથી શરીઅતનો કાયદો બદલાતો નથી, અને એ હરામ હલાલમાં આવી શક્તું નથી પણ જ્યાં સુધી બચાવી શકાય અમે બચાવવાની કોશિશ કરીશું અને લોકોને ખરાબ અનુમાનથી બચાવીશું. એટલે આ વિશે ભૂલ કરવામાં ન આવે.

## ★ ફતાવા અમજદિયાનો જવાબ ★

ઔર સુફયાએ કિરામ قُدِّسَتْ اَسْرَارَهُمْ કો યહ કહના કે કદામતસે ઉનમેં રાઈજ ચલા આ રહા હય, યહ બુઝુર્ગાને દીન પર બુહતાન (આક્ષેપ) હય, **ન ઉન્હોંને ખૂદ કિસીકો સિજદા કિયા, ઔર ન કિસીસે સિજદા કરાયા,** સુફયાએ કિરામ હરગિઝ શરીઅતે મુતહ્હરા કે ખિલાફ અફઆલ નહીં કરતે થે, **જબ નબી صلى الله عليه وسلم ને સહાબા કો સિજદાસે મના કર દિયા તો હુઝૂરસે બઢકર કોન હય જિસકો સિજદા કિયા જાએગા ?** અગર કિસી બુઝુર્ગકી તરફ કિસીને ઈસ કિસ્મકી નિસ્બત કર દી હો તો યહ કાબિલે એ'તેબાર નહીં. *(ફતાવા અમજદિયા, ભાગ–૪, પેજ–૧૨૯)*

**અર્થ : સૂફી સંતોને આમ કહેવું કે જૂના જમાનાથી એમનામાં ચાલ્યું આવ્યું છે, આ બુઝુર્ગાને દીન પર આક્ષેપ છે, ન એમણે પોતે કોઈને સિજદો કર્યો અને ન કોઈને સિજદો કરાવ્યો. સૂફયાએ કિરામ ક્યારે પણ શરીઅતે પાકની વિરુધ્ધમાં કામો ન કરતા હતા, જ્યારે નબી صلى الله عليه وسلم સહાબાને સિજદાથી મનાઈ કરી આપી તો હુઝૂરથી વધીને કોણ છે જેને સિજદો કરવામાં આવશે ! જો કોઈ બુઝુર્ગ તરફ કોઈએ આ પ્રમાણેનો સંબંધ જોડયો હોય તો એના પર એ'તેબાર કરવામાં નહીં આવે.**

## ★ ચાર શબ્દોમાં જવાબ ★

ફતાવા અમજદિયામાં ચાર શબ્દોમાં બુઝુર્ગો પર રાખવામાં આવેલા આક્ષેપનો જવાબ આપવામાં આવ્યો, અને જેટલી ખોટી વાતોનો સંબંધ





જોડવામાં આવ્યો એ સર્વ વાતોને ખોટી સાબિત કરીને બુઝુર્ગોની જાતને બચાવી લેવામાં આવી, અને એટલો સુંદર જવાબ આપવામાં આવ્યો કે જે કામ નબી صلى الله عليه وسلم એ પોતાના માટે પસંદ ન કર્યું અને મના ફર્માવ્યું એ કામ પોતાની ઉમ્મતમાંથી બીજુ કઈ રીતે કરી શકે ?! અને એ પણ અલ્લાહનો વલી જે એક અદબની વાત છોડવાને પણ પસંદ ન કરે તે નબીનું હરામ ફર્માવેલું કામ કેમ કરીને કરી શકે ?! હઝરત ગરીબ નવાઝ સંજરી رحمة الله عليه જેમનો વૂઝુમાં ખિલાલ છૂટી ગયો તો આપ એ અદબના છૂટવાને લઈને જીવનપર્યંત રડતા રહ્યા અને પછી ક્યારે પણ હસ્યા નહીં ! હઝરત ઈમામે આ'ઝમ رضى الله عنه એ એક અદબ પર અમલ ન કર્યો અજાણતામાં, તો જાણ થયા પછી આપે ૪૦ વર્ષોની નમાઝ દોહરાવી ! ભલા જે લોકો નબીના અદબ અને સુન્નતની વાતને આટલું મહત્વ આપે, તેઓ હરામ કામો કરી શકે છે ?! અથવા હરામ કામો કરાવી શકે છે ?! અથવા એમની સામે કોઈ હરામ કામ થતું હોય તો તેઓ ચૂપ રહી શકે છે ?! આ વાત આલિમોની સમજમાં નથી આવતી, એટલે તેઓ એ પ્રમાણેની વાતોને ખોટી સાબિત કરે છે, કે **લૂટારા બાપુઓ અને ઢોંગી પીરો પબ્લિકને અંધારામાં રાખવા એ પ્રમાણેની વાતો જાતે જ બનાવી ગયા અને બુઝુર્ગોના નામોને પોતાની વાત બનાવી રાખવા ઉપયોગ કરી ગયા.** (અલ્લાહની પનાહ !)

## ★ ઈમામ ગિઝાલી رحمة الله عليه નો જવાબ ★

હઝરત હુજ્જતુલ ઈસ્લામ ઈમામ ગિઝાલી رحمة الله عليه ઈહયાઉલ ઉલૂમમાં આ પ્રમાણેની ખોટી વાતોનો જવાબ આપતાં ફર્માવે છે :–

**اَ تَجُوْزُ نِسْبَةُ مُسْلِمٍ اِلٰى كَبِيْرَةٍ مِّنْ غَيْرِ تَحْقِيْقٍ، نَعَمْ يَجُوْزُ اَنْ يُّقَالَ قَتَلَ ابْنُ مُلْجِمٍ عَلِيًّا فَاِنَّ ذٰلِكَ مُتَوَاتِرًا فَلَا يَجُوْزُ اَنْ يُّرْمٰى مُسْلِمٌ بِفِسْقٍ وَّ كُفْرٍ مِّنْ غَيْرِ تَحْقِيْقٍ**

**અર્થાત :** "તહકીક વગર મુસ્લિમ તરફ કબીરા ગુનાહનો સંબંધ જોડવો જાઈઝ નથી, હા ! જાઈઝ છે કે કહેવામાં આવે કે ઈબ્ને મુલ્જીમએ જનાબ અલી كرم الله تعالى وجهه الكريم ને શહીદ કર્યા એટલા માટે કે કોઈ મુસલમાનને

ફિસ્ક અને કુફ્રની તહકીક વગર આક્ષેપ લગાડવો જાઈઝ નથી.''
*(ઈહયાઉલ ઉલૂમ, કિતાબે આફાતુલ્લિયત)*

ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ એ સાબિત ફર્માવી રહ્યા છે કે યકીન સાથે કોઈ ગુનોહ પુરવાર ન થાય તો એક સામાન્ય મુસલમાન માણસ તરફ એનો સંબંધ કરવો જાઈઝ નથી, જ્યારે એક સામાન્ય મુસલમાન તરફ યકીન વગર ગુનાહનો સંબંધ ન કરી શકાય તો એક અલ્લાહનો વલી જેની વિલાયત પર અત્યાર સુધીના લોકોની એકમતિ હોય એમની તરફ કબીરા ગુનાહનો સંબંધ તહકીક વગર કેમ કરી જોડી શકાય ?! બુઝુર્ગો તરફ હરામનો સંબંધ યકીની પુરાવા સાથે હોય તો એ હરામ અને કબીરો ગુનોહ જાઈઝ નથી થઈ શક્તો, અલ્લાહ અને રસૂલનું હરામ કરેલું હરામ જ છે એને હલાલમાં ફેરવવું કોઈની શક્તિમાં નથી, પણ જે ગુનોહ બુઝુર્ગો તરફ સંબંધિત થઈ રહ્યો છે એનું યકીની હોવું અમારી સમક્ષ પુરવાર થતું નથી એટલે અમે કહીશું નહીં કે આ પ્રમાણેનું કામ એમણે કર્યું હશે ?!

## ★ આ'લા હઝરતનો જવાબ ★

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ બુઝુર્ગોને આક્ષેપથી બચાવવા જવાબ અતા ફર્માવે છે :–

એ તવાતૂર નથી કે કોઈ નુસ્ખો કોઈની તરફ સંબંધિત કોઈ કબાટમાં મળ્યો, છાપવાવાળાએ એને છાપીને પ્રસિદ્ધ કર્યો તો એનો દાખલો એવો છે કે કોઈ અજાણ, જેની ઓળખ ન હોય બજારમાં કોઈ વાત મોઢાથી બોલે અને એને હજાર માણસો સાંભળે અને નકલ કરે, નકલ કરનાર હજાર નહીં લાખ હોય. સનદોનો અંત તો **એક અજાણ વ્યક્તિ છે, તો તવાતૂર તો બાજુમાં રહ્યું, એ સત્ય જ નથી ! આજકાલ ઔલિયાએ કિરામ હઝરાતના નામથી ઘણી કિતાબો ગદ્ય પદ્યમાં આ પ્રકારની પ્રકાશિત થઈ રહી છે.**

"પસ બ હર દસ્તે ન બાયદ દાદ દસ્ત"

**એટલે દરેક હાથમાં હાથ ન રાખવો જોઈએ.**





આગળ ફર્માવે છે :–

યહ ચાલ બઅઝ ઉલમા કે સાથ ભી ચલી ગઈ હય, એક કિતાબ અકાઈદે ઈમામે અહમદ رضی اللہ عنہ કે નામસે છપી, જિસસે વોહ ઐસી હી બુરી હંય જૈસા ઉસકા મુફતરી હયા વ દિયાનતસે, શાહ વલીયુલ્લાહ સાહબકી મશ્હૂર કિતાબોમેં વહાબીકશ દફતર દેખકર કિસી વહાબીને ઉનકે નામસે એક કિતાબ ઘડી ઔર છાપી ગઈ હય. *(ફતાવા રઝવિય્યા, ભા. ૨૨, પેજ–૫૧૬)*

આ'લા હઝરતના ફર્માનનો ભાવાર્થ એ છે કે બુઝુર્ગો તરફ જે પ્રમાણેના ગુનાહોનો એમના નામની કિતાબોથી સંબંધ જોડવામાં આવે છે એ કિતાબો પ્રખ્યાત નથી, ક્યાંથી આવી, અને કોણે સંભાળી એની કંઈ જ ખબર નથી, અને બુઝુર્ગોની કિતાબો તો ઠીક પણ નજીકના આલિમોની કિતાબોમાં પણ ફેરફાર કરવામાં આવ્યો, મોટા ઈમામોના નામથી અકીદાની કિતાબો લખીને પણ એમાં પોતાની મનમાની કરી લેવામાં આવી, જ્યારે એ કિતાબોનું નિઃશંક ! એ બુઝુર્ગોની કિતાબો હોવું પુરવાર નથી અને કોઈ એવું નથી જે અમને એ યકીન અપાવી શકે અને સનદે મુત્તસીલની સાથે એ સાબિત કરી શકે, તો પછી અમે એવી શંકાસ્પદ કિતાબોના આધારે કેમ કરી કહી આપીએ કે બુઝુર્ગોએ એ પ્રમાણેનાં હરામ કામો કરેલાં છે અથવા કરાવ્યાં છે, અમને ઉમ્મીદ છે, બલ્કે એમની હસ્તીઓ તરફ ધ્યાન કેન્દ્રિત કરતાં રૂહાની યકીન છે કે એમણે એ કામ કર્યું નથી. હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ એ જે ભલામણ કરી એના પર અમારો અમલ છે કે યકીનથી પુરવાર ન થાય ત્યાં સુધી કબીરા ગુનાહને સામાન્ય મુસલમાન તરફ સંબંધિત નથી કરી શક્તા તો પછી અમે બુઝુર્ગો માટે એવું ખરાબ અનુમાન રાખીશું નહીં, જેઓ એ પ્રમાણેની વાતોનો સંબંધ એવા બુઝુર્ગો તરફ કરે છે વાસ્તવમાં તેઓ આપને માનનાર નથી, માનનાર તો અમે છીએ કે એમને હરામના આક્ષેપથી બચાવવાની કોશિશમાં છીએ.

## ★ આ'લા હઝરતનો બીજો જવાબ ★

આ'લા હઝરત ફર્માવે છે કે જો કોઈ ગુનાહનો સંબંધ બુઝુર્ગો તરફ

કરવામાં આવે, અને એ યકીન સાથે પુરવાર થઈ જાય કે હા, એમણે આમ કર્યું છે તો પછી શું કરવું ? એનો ઈલાજ આ'લા હઝરત આપણને બતાવે છે :–

અગર બસુબૂતે મુઅતમદ સાબિત હુવા ઔર ગુંજાઈશે તાવીલ રખતા હય તો તાવીલ વાજિબ, ઔર મુખાલફત મુનદફા, ઔલિયાકી શાન તો અરફા, હર મુસલમાન સુન્ની કે કલામમેં તા હદ્દે ઈમ્કાન તાવીલ લાઝીમ.

જો સશક્ત પુરાવાથી પુરવાર થાય અને તાવીલ (અર્થઘટન) કરી શકાતી હોય તો તાવીલ વાજિબ છે અને વિરોધ ખત્મ કરવો, ઔલિયાની શાન તો ઉચ્ચતમ છે પણ દરેક સુન્ની મુસલમાનના કલામમાં બની શકે એટલી તાવીલ જરૂરી છે. કહેવાનો મતલબ એ છે કે જવાબ બનાવી શકાતો હોય તો જવાબ બનાવવામાં આવશે, અને એમની જાતને ગુનાહના આક્ષેપથી બચાવવામાં આવશે, જ્યારે આ વાત મુસલમાન માટે જરૂરી છે તો પછી વલીઓ માટે જરૂરી કેમ ન ઠરે ?!

આગળ અલ્લામા આરિફ બિલ્લાહ અબ્દુલગની નાબેલ્સીની કિતાબ હદીકએ નદીય્યાનો પુરાવો આપતાં ફર્માવે છે, ઈમામે નવોવી رضی اللہ عنہ શરહે મુહઝ્ઝબના મુકદ્દમામાં ઈલ્મ અને મુતઅલ્લિમના અદબમાં ફર્માવે છે :–

يَجِبُ عَلَى الطَّالِبِ اَنْ يَحْمَلَ اِخْوَانَهٗ عَلَى الْمَحَامِلِ الْحَسَنَةِ فِى كَلَامِ يُّفْهَمُ مِّنْهُ نَقْصِ اِلٰى سَبْعِيْنَ مَحْمَلَا ثُمَّ قَالَ وَلَا يَعْجِزُ عَنْ ذٰلِكَ اِلَّا كُلَّ قَلِيْلِ التَّوْفِيْقِ

**અર્થાત** : ''વિદ્યાર્થી પર વાજિબ છે કે પોતાના ભાઈઓના કલામને સારા અર્થ પર રાખે, કોઈ એવી વાતમાં જેમાં અયબ જાણવા માટે સિત્તેર માર્ગ શોધવામાં આવે, એનાથી લાચાર નથી થતો પરંતુ દરેક એવો વ્યક્તિ જેને ઓછી તૌફીક આપવામાં આવી છે.'' *(ફતાવા રઝવિય્યા, ભા. ૨૨, પેજ–૫૧૭, હદીકએ નદીય્યા, ભાગ–૧, પેજ–૩૭૯)*

એટલે કે અમે પ્રથમ તો એ હરામ વાતોનો સંબંધ બુઝુર્ગો માટે માન્ય રાખતા નથી કારણ કે એનો યકીની પુરાવો નથી. અને જો કોઈ





યકીનથી સાબિત કરી આપે તો એ વાતને અમે સિત્તેર માર્ગો વાત બનાવવાના કાઢીશું અને એ પ્રમાણે એમની વાતને બનાવીશું. (પણ આ બીજા જવાબ સુધી જવાની અમને આ મસ્અલામાં જરૂરત પડશે નહીં.)

## ★ આ'લા હઝરતનો ત્રીજો જવાબ ★

જો વાતમાં ફેરફાર કરીને બચાવી શકાય એમ ન હોય તો પછી શું જવાબ આપવામાં આવે તો એનો ઈલાજ આપણને બતાવતાં ફર્માવે છે :–

અગર તાવીલ નામુમ્કિન મગર મુહતમલ હો કે વોહ કલામ ઉનકે મનાસિબે રફીઆ વિલાયતો ઈમામત તરફ પહોંચનેસે પહેલેકા હય તો ઉસી પર હમલ કરેંગે, ઔર ન ઉસસે ઈસ્તિનાદ જાઈઝ, ન ઉન પર એ'તરાઝ.

જો વાત બનાવી લેવી શક્ય ન હોય પણ એ માર્ગ લઈ શકાય કે એ કલામ એમના વિલાયત અને ઈમામતના ઉચ્ચતમ પદો સુધી પહોંચાતા પહેલાંનો છે તો એ મતલબ લેવામાં આવશે. અને જો આમ ન હોય તો એનાથી પુરાવો લેવો જાઈઝ નથી અને એના પર ચર્ચા કરવામાં નહીં આવે.

કહેવાનો ભાવાર્થ એ છે કે જો કોઈ હરામ કામ બુઝુર્ગોની નિસ્બતથી જાણવા મળે અને એનો મતલબ બનાવી શકાય એમ ન હોય તો એ માર્ગ લઈ શકાતો હોય તો લઈ લેવામાં આવશે કે એમના એ કામો ઉચ્ચપદ પર પહોંચતાં પહેલાંના હશે, અને આમ પણ ન થઈ શકે તો પછી એ વાતને છોડી દેવામાં આવશે, ન પુરાવામાં લાવવામાં આવે ન એને એમના માટે ચર્ચાનો વિષય બનાવવામાં આવે. (પણ એ નિઃશંક ! યાદ રાખવું કે અલ્લાહ અને રસૂલનું કરેલું હરામ કોઈ હલાલ કરી શક્તું નથી.)

## ★ આ'લા હઝરતનો ચોથો જવાબ ★

જો વિલાયત સાબિત થઈ ગયા પછીની હરામ વાત હોય અને એનો જવાબ ઉપરોક્ત ત્રણ તરીકાથી ન બની શક્તો હોય તો શું કરવું ? એનો ઈલાજ બતાવે છે :–

યહ ભી ન મુમકિન હો તો જિનકી વિલાયતો ઈમામત સાબિતો મુતહક્કક હય ઉનકે ઐસે ફેઅલકો અફઆલે ખિઝર عليه الصلوٰة والسلام કે કબીલસે ઠેહરાએંગે, ઔર ઐસે કલામકો મુતશાબેહાતસે કે ન ઉન પર તઅન કરેં ન ઉસસે બહસ, ઔર ગુમરાહ હય કે વોહ મુતશાબેહાત કા ઈત્તેબા કરે.

**હવાલો** : ફતાવા રઝવિય્યા, ભાગ–૨૨, પેજ–૫૧૮

એ પણ શક્ય ન હોય તો જેમની વિલાયત અને ઈમામત સાબિત થઈ ગઈ હોય, (સર્વમાન્ય છે) એમના એવા કામને હઝરત ખિઝર عليه الصلوٰة والسلام ના કામોથી સંબંધિત કરીશું, અને એવી વાતોને મુતશાબેહાતમાંથી જાણીશું કે (જેનો અર્થ જાણી ન શકાતો હોય) ન એની બુરાઈ કરીશું, અને ન એનાથી ચર્ચા કરીશું, અને ગુમરાહ છે જે એ મુતશાબેહાતનું અનુસરણ કરે. બુઝુર્ગોને હરામ કામના સંબંધથી બચાવવા આ અંતિમ માર્ગ છે કે એ હરામને કોઈના કરવાથી હલાલમાં ફેરવી તો નથી શકતા, પણ એટલું કે આપણે એમાં ચૂપ રહીશું, પણ એમની વાતને પુરાવો બનાવીને પોતે કરવાનો સહારો બનાવવાને છોડીશું નહીં, એ કામ પર જે શરઈ હુકમ છે એ એમની સિવાય બીજા કરનાર પર આવીને રહેશે, એને માફ કરવામાં નહીં આવે. આ મહાન વલીઓ જેમની વિલાયત પર ઈલ્મવાળા લોકોની સંમતિ હોય એવા બુઝુર્ગો માટે આ પ્રમાણેના જવાબો બનાવવામાં આવશે, ગમે તેની માટે નહીં. એટલે આ વાત ભૂલવામાં ન આવે.

**નોંધ** : આ તો આ'લા હઝરત તરફથી બુઝુર્ગોનો ગુનાહોના સંબંધથી બચાવવાનો અને સ્વચ્છ રાખવાનો તરીકો છે, પણ જે મસ્અલાને આપણે ચર્ચાનો વિષય બનાવ્યો છે એ મસ્અલામાં જે કિતાબો બતાવવામાં આવે છે એ કિતાબોનું રક્ષણ થયું નથી, અને એ શંકાસ્પદ કિતાબો છે.

## ★ આ'લા હઝરતનું ફર્માન ★

દલીલુલ આરેફીન, ફવાઈદુસ્સાલેકીન, તહફતુલ આશેકીન વગેરે કિતાબોનું નામ લઈને આ'લા હઝરત ફર્માવે છે :–





અવ્વલન ઉસીકા સોબૂત દરકાર કે યહ કિતાબેં હઝરાત મન્સૂબ અલયહિમ, રદી અલ્લાહુ તઆલા અન્હુમ કી હંય, બહોત કિતાબેં મહઝ જૂઠ નિસ્બત કરકે છાપ દી હંય.

**હવાલો** : ફતાવા રઝવિય્યા, ભા–૨૨, પેજ–૪૯૧

પ્રથમ એનો જ પુરાવો જરૂરી છે કે આ કિતાબો જે બુઝુર્ગો (رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ) તરફ સંબંધિત થઈ છે, ઘણી કિતાબો તદન જૂઠી છે. સંબંધિત કરીને છાપી આપી છે. (મતલબ એ કે આ કિતાબો છાપવામાં તો આવી છે પણ એ સાચી છે અને જે બુઝુર્ગોના નામો છે એમની જ છે એનો કોઈ સશક્ત પુરાવો નથી.)

## ★ આ'લા હઝરતનું બીજું ફર્માન ★

આ પ્રમાણેની કિતાબો પર આ'લા હઝરત એક બીજો જવાબ આપે છે કે જો એ કિતાબો સશક્ત પુરાવા સાથે મહાન વલીઓથી સંબંધિત થાય, ફર્માવે છે :–

અગર બયાને સિફાતસે સાબિત ભી હો કે ઉન હઝરાતકી કોઈ કિતાબ ઈસ નામસે થી તો બિલા શુબ્હા યહ મશ્હૂર, મુતદાવિલ નહીં, બલ્કે કોતૂબે ગરીબા હંય, ઔર ગરીબા પર એતેમાદ જાઈઝ નહીં.

જો નેક લોકોના પુરાવાથી સાબિત હોય કે એ હઝરાતની કોઈ કિતાબ એ નામથી હતી તો નિઃશંક ! આ પ્રખ્યાત ચાલી આવેલ નથી, બલ્કે અજાણ કિતાબો છે, અને અજાણ પર ભરોસો જાઈઝ નથી.

પુરાવો આપીને ફર્માવે છે :–

"અલ્લામા સૈયદ અહમદ હમ્વી ગમઝુલ ઓયૂને વલ બસાઈર શરહો અલ અશબાહ વન્નઝાઈરમાં મુહક્કિક બહર સાહેબ બહરુર્રાઈકથી નકલ કરે છે :–

لَايَجُوْزُ النَّقْلُ مِنَ الْكُتُبِ الْغَرِيْبَةِ الَّتِىْ لَمْ تَشْهَرْ જે પ્રખ્યાત ન હોય એવી કિતાબોથી નકલ કરવું જાઈઝ નથી." *(ગમઝો ઓયૂનિલ બસાઈર, ભા. ૧, પેજ–૧૬)*

ફત્હુલ કદીર, બહરુર્રાઈક, નહરૂલ ફાઈક અને મન્હુલ ગફ્ફાર વગેરેમાં છે :–

**لَوُ وُجِدَ بَعُضُ نُسَخِ النَّوَادِرِ فِی زَمَانِنَا لَایَحِلُّ مَا فِیُهَا اِلٰی مُحَمَّدٍ وَّلَا اِلٰی اَبِیُ یُوُسُفَ لِاَنَّهَا لَمُ تَشُتَهِرُفِیُ عَصُرِنَا فِیُ دِیَارِنَا وَلَمُ تَتَدَاوَلُ، نَعَمُ اِذَا وُجِدَ النَّقُلُ عَنِ النَّوَادِرِ مَثَلَا فِیُ کِتَابِ مَشُهُوُرِ مَعُرُوُفِ کَالُهِدَایَةِ وَالُمَبُسُوُطِ کَانَ ذٰلِكَ تَعُوِیُلَا عَلیٰ ذٰلِكَ الُکِتَابِ**

**અર્થાત** : ''જો અમારા જમાનામાં નવાદિરનો કોઈ નુસ્ખો (નમૂનો) મળી આવે તો એમાં જે કંઈ છે એને અબૂ યૂસુફ, અથવા મુહમ્મદ તરફ સંબંધ કરવો હરામ છે, એટલા માટે કે એ કિતાબ અમારા જમાનામાં અહીંયા મશ્હૂર અને ચાલતી નથી, હાં ! નવાદિરથી જો દાખલા તરીકે હિદાયા અથવા મબસૂત જેવી કોઈ પ્રખ્યાત કિતાબમાં નકલ હોય તો એ નકલનું માનવું એ મશ્હૂર કિતાબના ભરોસા પર છે.'' *(ફત્હુલ કદીર, કિતાબ અદબુલ કાઝી, ભા. ૬, પેજ–૩૬૦)*

કહેવાનો ભાવાર્થ એ છે કે મસ્લક અને મઝહબની વાતોમાં દરેકની વાત માની લેવામાં નહીં આવે અને દરેક તે કિતાબને પુરાવા તરીકે કબૂલી લેવામાં નહીં આવે જે કિતાબો સશક્ત પુરાવા સાથે પહોંચી ન હોય, અને જેને આધારભૂત આલિમોએ સ્વીકારી ન હોય, તો એવી કિતાબોને ભરોસાપાત્ર સમજવામાં નહીં આવે, એમાંની કોઈ વાત કોઈ મહાન આલિમે જેને ઈલ્મવાળો તબકો આધાર તરીકે માને છે એના નકલ કરવાથી એ નકલ કરેલી વાતને માન્ય રાખવામાં આવશે, એની દરેક વાત કોઈ એક નકલથી માન્ય નથી.

આ'લા હઝરત ઉપરોક્ત પુરાવા પર ખુલાસો આપતાં ઈર્શાદ ફર્માવે છે :–

> અપને ઝમાનેમેં ગયર મશ્હૂર કી કેદસે ઈફાદા ફર્માયા કે પહેલે અગર મશ્હૂર ભી થી તો અલ મુઅતબર નહીં, ન કે વોહ રિસાલે કે કભી મશ્હૂર ન થે, ન હૈં, કિસી અલમારીસે કોઈ નુસ્ખા નકલ હોકર છપ જાના ઉસે કિતાબ મશ્હૂર ન કર દેગા.
>
> **હવાલો** : ફતાવા રઝવિય્યા, ભાગ–૨૨, પેજ–૪૯૨





પોતાના જમાનામાં પ્રખ્યાત ન હોય એ શર્તના વધારાથી એ ફાયદો પહોંચાડયો કે પહેલાં પ્રખ્યાત રહી હોય તો (અને હવે નથી) તો એના પર ભરોસો કરવામાં આવશે નહીં, એ રિસાલા નહીં જે ક્યારે પણ મશ્હૂર રહ્યા નથી, અને (આજે) પણ નથી, કોઈ કબાટમાંથી કોઈ નુસ્ખો નકલ કરીને છપાય જવો એને કિતાબ (તરીકે) ખ્યાતિ આપશે નહીં.''

કહેવાનો ભાવાર્થ એ છે કે કોઈ કિતાબ પહેલાં ઉલમામાં પ્રખ્યાત હોય અને પછી એની ખ્યાતિ જતી રહી તો જે જમાનામાં એની ખ્યાતિ જતી રહી એ સમયના આધારભૂત મહાન આલિમો એને પુરાવામાં કબૂલશે નહીં, તો પછી જે રિસાલા બુઝુર્ગોના નામથી સંબંધિત કરી આ જમાનામાં છાપવામાં આવે છે, એને ઉલમામાં કોઈ જમાનામાં ખ્યાતિ મળી નથી, છાપી દેવું અને પહોંચાડી આપવું ખ્યાતિ માટે પૂરતું નથી, એટલે લોકો જે રિસાલાના નામો આપીને ચાલી રહ્યા છે એ આ કાયદાના આધારે ભરોસા લાયક નથી અને એને પુરાવા તરીકે માન્ય રાખવામાં નહીં આવે.

## ★ આ'લા હઝરતનું ત્રીજું ફર્માન ★

અંતિમ જવાબ આપતાં આ'લા હઝરત ફર્માવે છે જે ખાસ ધ્યાન આપવા લાયક છે :–

> તમામ મદારિજ તય હોને કે બાદ યહી જવાબ કાફી વ વાફી કે જમ્હૂર ઔલિયા વ જમીઅ અઈમ્મા મના પર હંય તો ઈજમાઅ હુવા ઔર ઈજમાઅ કે ખિલાફ અકવાલેશાં મુસતનદ નહીં હો સકતે.

દરેક દરજાથી પસાર થયા પછી આ જ જવાબ પૂરતો છે કે સઘળા વલીઓ અને સર્વ ઈમામો મનાઈના હુકમ પર છે, તો આ ઈજમાઅ થયો અને ઈજમાઅના વિરોધમાં એમની વાતો ભરોસાપાત્ર નથી થઈ શકતી. *(ફતાવા રઝવિય્યા, ભા. ૨૨, પેજ–૪૯૨)*

## ★ આ'લા હઝરતનું ચોથું ફર્માન ★

કોઈ વલી તરફ કોઈ વાતનો સંબંધ થવાથી ઉપરોક્ત જવાબો પ્રમાણે

અમે એમને બચાવવાની કોશિશ કરીશું, અને કોઈ માર્ગ ન નીકળે તો એનો મતલબ એ નથી કે ગુનાહને બીજા લોકોના માટે જાઈઝ સમજી લેવામાં આવે ! નબીના ફર્માનથી ખસીને કોણ છે જે પોતાની વાતને શરીઅત બનાવી શકે ?! તો આ'લા હઝરત ફર્માવે છે :–

હર આકિલ મુસલમાન જાનતા હય કે નૌએ બશરમેં ઈસ્મત ખાસ્સએ અંબિયા હય, નબી કે સિવા કોઈ કૈસે હી આલી મર્તબેવાલા ઐસા નહીં, જિસસે કોઈ ન કોઈ કૌલે ઝઈફ ખિલાફે દલીલ યા ખિલાફે જમ્હૂર સાદિર હુવા હો.

كل ماخوذ من قوله ومردود عليه الاصاحب هذا القبر ﷺ

દરેક માણસની એના કહેવા પર પકડ થશે, અને એના પર એ વાત પલ્ટાવી દેવામાં આવશે, આ કબરવાળાને છોડીને (એટલે કે હુઝૂર ﷺ).

**હવાલો** : અલયવાકિત વલ જવાહિર, ભા. ૨, પેજ–૪૭૮

ઈત્તેબા જમ્હૂરકા હોગા (عليكم بالسوادالاعظم લોકો બડી જમાઅત ઈખ્તિયાર કરો) ઔર કોલે શાઝ માનનેવાલે પર શરઈ ઈલ્ઝામે શદીદ આઈદ હોગા ન કે મઆઝલ્લાહ ! સાહેબે કોલ પર, તસહીહે કુદુરી, વ દુર્રે મુખ્તાર અને કિતાબે રદુલ મુહતારમેં હય :

الحكم والفتيا بالقول المرجوح جهل وحدق للاجماع

''કોલે મરજૂહ પર હુકમ ઔર ફત્વા જહલ હય ઔર ઈજમાઅકા તોડ઼ના.''

**હવાલો** : ફતાવા રઝવિય્યા, ભા. ૨૨, પેજ–૫૧૫

દરેક અક્કલવાળો મુસલમાન જાણે છે કે ઈન્સાનમાં માસૂમ હોવું નબીઓ માટે ખાસ છે, નબીને છોડીને કોઈ ગમે તેવો ઊંચા મર્તબાનો એવો નથી જેનાથી કોઈ ન કોઈ અશક્ત વાત દલીલ વિરોધની અથવા બહુમતી ખિલાફ વજૂદમાં ન આવી હોય (પછી યવાકીતનો પુરાવો છે) અનુસરણ બહુમતીનું કરવામાં આવશે (નબીનું ફર્માન છે) તમારા પર મોટી જમાઅતનું અનુસરણ જરૂરી છે, અમુકની વાત માનવાવાળા પર





શરીઅતની સશક્ત પકડ આવીને રહેશે મુઆઝલ્લાહ ! જેની વાત છે એના પર નહીં, ઉપરોક્ત કિતાબોમાં છે : જે વાતને ઉત્તમતા ન આપવામાં આવી હોય એના પર ફત્વો જહાલત છે, અને ઈજમાઅને તોડવું છે.

ઔર કતઅન માલૂમ કે ઈજમાએ ઉમ્મતકા તોડનેવાલા કમ અઝ કમ ફાસિક, અઈમ્મામેં કોન ઐસા હય, હત્તા કે સહાબા, જિસ્કા કોઈ ન કોઈ કોલ મરજુહ નહીં, વોહ મઆઝલ્લાહ, મઆઝલ્લાહ ન જાહિલ ફાસિક લેકીન જો કોલે જમ્હૂર કે ખિલાફ ઉનમેં કિસીકે કૌલે મરજુહ પર હુકમ યા ફત્વા દે, વોહ ઝરૂર જાહિલ ઔર ફાસિક હય, તો હઝરત સૈયેદેના મહબૂબે ઈલાહી ઔર ઉનકે પીરાને ઈઝામ મહબૂબાને ખુદા હંય, ઔર જવાઝે સિજદએ તહિય્યત કે જમ્હૂર ઔલિયા વ ઈજમાઅ ઉલમાએ ફિકહો હદીષો કુર્આન કે ખિલાફ હંય, મરજુહ વ મહજુર ઔર ઐસે કોલ કી સનદ યહ જો ઈસ પર ફતવા દે રહા હય જાહિલો ફાસિક ઝરૂર.

**હવાલો** : ફતાવા રઝવિય્યા, ભા. ૨૨, પેજ–૫૧૫

અને નિઃશંક ! માલૂમ છે ઉમ્મતના ઈજમાઅને તોડનાર ઓછામાં ઓછા ફાસિક, ઈમામોમાં કોણ એવા છે, અને સહાબામાં પણ, જેની કોઈ ન કોઈ વાત ઉત્તમતાથી નીચે ન હોય, અને એનાથી મઆઝલ્લાહ ! એ ફાસિક અને જાહિલ નથી (કારણ કે એ મુજાહિદ છે અને મુજતહિદથી ભૂલ થાય તો પણ એના માટે ગુનોહ નથી.) પરંતુ જે બહુમતીની વાતની વિરોધમાં એમાંથી કોઈની ગયર ઉત્તમ વાત પર હુકમ આપે કે ફત્વો આપે, એ જરૂર જાહિલ અને ફાસિક છે, તો હઝરત સૈયદેના મહબૂબે ઈલાહી અને એમના મહાન પીરો رضوان الله تعالى عليهم اجمعين ખુદાના મહબૂબ છે, અને સિજદએ તહિય્યતનું જાઈઝ હોવું ઔલિયાની બહુમતી અને ફિકહો, હદીષ અને કુર્આનના આલિમોની ખિલાફ છે, ગયર ઉત્તમ, અને છોડી દેવા લાયક વાતની સનદથી આ જે એના પર ફત્વો આપી રહ્યો છે જાહિલ અને ફાસિક જરૂર છે.

આનાથી જાણવા મળ્યું કે બુઝુર્ગો અને મશાઈખોના કલામમાં એવી

વાતનો દખલ જ નથી જે ઈસ્લામની બહુમતીથી હરામ હોય અને એમણે એને ચાલવા દીધું હોય પરંતુ જો થોડી વાર માટે માની લેવામાં આવે કે એવો બનાવ બન્યો હશે તો તેઓ મુજતહિદ હતા, અને મુજતહિદની ભૂલ શરીઅતમાં પકડની નથી પણ બીજા માટે પુરાવાની પણ નથી.

## ★ હઝરત અબ્દુલ હક્ક મુહદ્દિષે દહેલ્વી ★

હઝરત મુહદ્દિષ સાહબની વાતો પર વર્તમાનકાળમાં થતા દરેક ગુમરાહને આ'લા હઝરતના લખાણથી વધારે ભરોસો હોય છે એટલે તેઓ મુહદ્દિષ સાહબની કિતાબોથી આગળ પાછળનું લખાણ હટાવી પોતાની મતનું લઈ લોકોને પોતાની વાત તરફ લાવવાની કોશિશમાં હોય છે તો હું તમને મુહદ્દિષ સાહબની કિતાબ અશિઅ્અતુલ લમ્આતના અમુક પુરાવા તમારી સેવામાં રજૂ કરું છું, જેનાથી તમારું સત્ય પર યકીન પાકુ થઈ જાય, અને ગુમરાહ લોકોની ગુમરાહી ખુલ્લી થઈને સામે આવી જાય, તા'ઝીમી સિજદાવાળી કિતાબમાં મુહદ્દિષ સાહબના ઘણા વખાણ કરવામાં આવ્યા છે, અને મુહદ્દિષ સાહબને હિંદો પાકના ઈમામ બનાવવામાં આવ્યા છે એટલે કાયદા કાનૂનની વાતમાં પણ એમની વાત એ ગુમરાહોને જરૂરથી માન્ય હશે, અને હોય કે ન હોય જ્યારે વખાણ કરી જ ગયા છે એટલે મજબૂર થઈને પણ માન્ય રાખવું પડશે, ગુમરાહ લોકો જેવા જૂઠા પુરાવા અમે નહીં આપીએ, અમારું જે લખાણ હશે એના પુરાવા પર અમે મુસલમાનોને સંપૂર્ણ ભરોસો આપીશું, અમારું કામ તમને ગુમરાહ કરવું નથી, બલ્કે ગુમરાહોની ગુમરાહીથી નબીની ઉમ્મતને બચાવવું છે જે અલ્લાહ તઆલા તરફથી આપવામાં આવેલી અમારી જવાબદારી છે અને એની જ મદદથી અમે તમને હક્ક તરફ લઈ જઈ રહ્યા છીએ, કોઈને શંકા લાગે તો મૂળ કિતાબ જોઈ લે ! અમે ફારસી કિતાબથી તમને પુરાવો આપીએ છીએ :–

## ★ જાહિલને ફત્વો ન પૂછો ! ★

عن ابی هريرة قال قَالَ رَسُوْلُ اللّٰهِ صلی اللہ علیہ وسلم مَنْ اَفْتیٰ بِغَيْرِ عِلْمٍ[ کسے دہد بے علم]كَانَ اِثْمُهٗ عَلٰى مَنْ اَفْتٰی[باشد گناه او بر گردن کسے کہ استفتا نمود و پرسید ازوے





હઝરત અબૂ હુરૈરહ્‌થી રિવાયત છે : કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જેણે ઈલ્મ વગર ફત્વો આપ્યો એનો ગુનોહ ફત્વો આપનારને છે. જે ઈલ્મ વગર ફત્વો આપે એનો ગુનોહ એ વ્યક્તિના ગળા પર છે જે ફત્વો પૂછે અને સવાલ કરે એનાથી, કારણ કે આ બે ઈલ્મ ફત્વાનું કારણ જે ગુનાહનો ઝરીયો છે એ જ છે. જો જાણી જોઈને બીજા વ્યક્તિના એનાથી અધિક ઈલ્મવાળો હોવા છતાં એને પૂછવામાં આવ્યો. *(લમઆત, ભાગ–૧, પેજ–૧૬૭, કિતાબુલ ઈલ્મ, કુતુબખાના મજીદિયા)*

તો આ પ્રમાણે ફતાનો અર્થ ઈસ્તિફતા થશે અને એનો ઉલ્લેખ આ પ્રમાણે થશે "અફતા" પહેલું મારૂફ છે અને એને મજહૂલ પણ પઢવામાં આવ્યું છે, અર્થ એ છે કે જેને ફત્વો પૂછવામાં આવ્યા ઈલ્મ ન હોવા છતાં, તો એનો ગુનોહ ફત્વો આપનાર પર છે એને, અને આ જાહેર છે.

تقدیرے سست کہ افتی اول بر لفظ معلوم باشد وادرا بر لفظ مجہول نیز خوانده اند ومعنی
ایں شود کہ ہر کہ فتوی داده شد بے علم باشد گناه او بر کسیکہ فتوی داده است اورا وایں

## ★ ઈલ્મ વિના લખવાનો શોખ ન રાખો ! ★

મુહદ્દિષ સાહબના ફર્માનથી જે હદીષના આધારે છે જાણવા મળ્યું કે જાહિલને ફત્વો પૂછવો પણ ન જોઈએ અને જાહિલે ફત્વો આપવો પણ ન જોઈએ, ગયરે ખુદાને સિજદો હલાલ છે કે પછી હરામ, એ ફત્વો છે. એના જવાબનો હક્ક ઈલ્મવાળાઓને છે, અને અમે સાબિત કરી બતાવ્યું કે સહાબાથી લઈને આજ સુધીના ઈલ્મવાળાઓ એના હરામ હોવા પર સંમત છે, જાહિલે જવાબ આપ્યો, અને એ જવાબમાં કિતાબ લખી કે જાઈઝ છે, પોતે ગુનાહનું કામ કર્યું, તો પૂછનાર પણ ગુનેહગાર અને જવાબ આપનાર પણ ગુનેહગાર, પ્રથમ તો પોતાના આ કામથી જ તૌબા કરવી જોઈએ, ફત્વાના નામથી આ કિતાબ લખવાના લાયક નથી, હિંદો પાકના મુહદ્દિષનું ફર્માન છે, નબીની હદીષોથી તો એમની

સમજમાં નથી આવતું, પણ મુહદ્દિષ સાહબના ફર્માનથી તો જરૂર સમજમાં આવશે.

## ★ તહકીક વગરની વાત જૂઠ છે ! ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે, કહ્યું કે અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلم ફર્માવ્યું :–

کَفٰی بِالْمَرْءِ کِذْبًا بس ست مردرا ازروئے دروغ گفتن اَنْ یُّحَدِّثَ بِکُلِّ مَاسَمِعَ اینکه حدیث مند وبگوید هر چیزے راکه شنیده است اگر کسے هیچ دروغ نه گوید ولیکن هرچه بشنود بے تحقیق و تفتیش روایت کند همیں قدر بس است در دروغ گفتن زیرا که هرکه را حال ایں بود البته در دروغ افتد چه غالب آنست که همه انچه شنیده است راست نخواهد بود مقصود زجر ومنع از تحدیث بچیزے که معلوم نیست صدق آں

માણસના જૂઠ માટે એટલું પૂરતું છે : મરદને જૂઠુ બોલવામાં એટલું પૂરતું છે જે કંઈ સાંભળે એ બોલ અને કહે જે કંઈ સાંભળ્યું છે, એટલે કે જો કોઈ જૂઠુ કશું જ ન બોલે પરંતુ જે કંઈ સાંભળે તહકીક અને સંશોધન વગર રિવાયત કરે, એટલું પૂરતું છે જૂઠુ બોલવામાં, જેની પણ આવી હાલત હોય એ જૂઠમાં પડશે. કારણ કે શક્યતા એ જ છે કે જે કંઈ સાંભળ્યું સાચુ નથી થઈ શક્તું, મકસદ (આ હદીષનો) જે વસ્તુના સત્ય હોવાની ખબર નથી એને બોલવાથી મનાઈ કરવામાં આવી. *(લમ્આત, ભાગ–૧, પેજ–૧૩૪, કિતાબુલ ઈઅતિસામ)*

મુહદ્દિષ સાહબ તરફથી આ બીજી ઝાપટ છે કે જે રિવાયતોનું સત્ય હોવું ખબર ન હોય એને બયાન કરવામાં ન આવે. જ્યારે કે સિજદાના જવાઝવાળી કિતાબમાં જે કિતાબોના પુરાવાથી જવાઝ તરફ ઈશારો કરવામાં આવ્યો એનું એ બુઝુર્ગો તરફ સંબંધિત હોવું વાસ્તવમાં નથી જેનો ઉલ્લેખ થયો, તો મુહદ્દિષ સાહબે સ્પષ્ટ કરી બતાવ્યું કે એ કિતાબ જૂઠના નામ પર લખવામાં આવી છે.

## ★ ફર્માને રસૂલને કેમ ભૂલો છો ?! ★

મિકદામ બિન મઅદી કરબથી રિવાયત છે, કહ્યું કે રસૂલુલ્લાહ





صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું :–

اَلَا اِنِّی اُوْتِیْتُ الْقُرْاٰنَ وَ مِثْلَهٗ مَعَهٗ دانا وآگاه باشید بدرستیکه من داده شده است مرا قرآن وداده شده است مرا مانند قرآن که احادیث باشد ومماثلت در بودن اوست از وحی چنانکه قرآن است منزل از جناب قدس الٰهی همچنیں احادیث نیز وحی ست وارد از جانب حق غایت آنکه وحی جلی ست وخفی، متلو و غیر متلو آنکه به الفاظ وعبارات وے نیز احکام متعلق باشد چنانکه صحت نماز و حرمت مس محدث وجنب واعجاز نظم وآں قرآن ست وغیر متلو آنکه نه ایں چنیں باشد وآں احادیث ست وتواند که مراد مماثلت در عدد ومقدار باشد چنانکه از حدیث آئینده معلوم شود

જાણો અને સાવધાન રહો ! સચ્ચાઈની સાથે કે મને કુર્આન આપવામાં આવ્યું અને કુર્આન જેવું આપવામાં આવ્યું કુર્આન સાથે જે હદીષો છે વહીથી એની સરખામણી છે, તો કુર્આન વહી છે અલ્લાહ તબારક વ તઆલા તરફથી ઉતરેલી, આમ જ હદીષો પણ વહી છે હક્ક તઆલા તરફથી આવેલી, અંત એ કે જાહેર વહી છે અને ગુપ્ત, પઢવામાં આવેલી અને ન પઢવામાં આવેલી, પઢવામાં આવેલી એ કે શબ્દોથી અને એનાથી નમાઝના હુકમો પણ સંબંધિત છે, જેમ કે નમાઝનું સહીહ હોવું, બેવૂઝુ અને બેગુસલનું કુર્આન પકડવું, કુર્આનના સેટીંગનું લાચાર કરનાર હોવું, અને એ કુર્આન છે અને પઢવામાં ન આવતી જે આવી ન હોય અને એ હદીષો છે, સરખામણીનો મતલબ સંખ્યા અને માપમાં હોય, જેમ કે આપની વાતથી જાણવા મળશે.

لَا یُوْشِكُ رَجُلٌ شَبْعَانُ عَلٰی اَرِیْکَتِهٖ یَقُوْلُ آگاه باشید که نزدیک ست که مردے سیر ومستغنی بر تخت خود بفراغت افتاده میگوید عَلَیْکُمْ بِهٰذَا الْقُرْآنِ لازم گیرد بر خود ایں قرآن را فَمَا وَجَدْتُّمْ فِیْهِ مِنْ حَلَالٍ فَاَحِلُّوْهُ پس چیزے که بیابید در قرآن از حلال پس حلال گردانید آنرا وبکنید وَمَا وَجَدْتُّمْ فِیْهِ مِنْ حَرَامٍ فَحَرِّمُوْهُ وچیزے که بیابید دروے از حرام پس حرام گردانید آں را ونکنید وصف شبعان کنایت از بلادت وسوء فهم ست

સાવધાન રહો કે નજીક છે કે એક મર્દ તખત પર સુખી અને માલદાર હશે કહેશે જરૂરથી પકડી લો પોતે આ કુર્આનને, જે વસ્તુ કુર્આનમાં મળે હલાલથી તો એને હલાલ સમજો અને વરતી લો, અને એમાં જે હરામ મળે એને હરામ સમજો અને ન કરો, પેટ ભરેલાની સિફત ઈશારો છે, ઢબ્બુ અને નાસમજ હોવાથી પેટ ભરીને ખાવાનું કારણ એ જ છે, અથવા અભિમાન અને મૂર્ખાઈ ઐશ, આરામ એનું કારણ છે.

**وَاِنَّ مَا حَرَّمَ رَسُوْلُ اللّٰهِ** ﷺ **كَمَا حَرَّمَ اللّٰهُ** وبدرستی چیزے کہ حرام گردانیدہ است پیغمبر خدا ﷺ مثل ثیزے است کہ حرام گردانیدہ ست۔ بعد ازاں مثال چند ذکر کرد دربیان آنچہ ثابت شدہ بہ سنت رسول اللہ ومذکور نیست درکتاب اللہ فرمود

અને જે વસ્તુને પૈગંબરે ખુદા ﷺ એ હરામ કર્યું તે એ વસ્તુ માફક છે કે જેને ખુદા તઆલાએ હરામ કર્યું, અને અમુક નુસ્ખામાં **ઈન્નમા** છે **મા** અને **ઈલ્લા**નો અર્થ છે એ પછી અમુક દાખલા વર્ણન કર્યા એમાં કે રસૂલુલ્લાહની સુન્નતથી સાબિત છે અને અલ્લાહની કિતાબમાં જેનું વર્ણન નથી ફર્માવ્યું.

**اَلَا لَايَحِلُّ لَكُمُ الْحِمَارُ الْاَهْلِيُّ**۔ آگاہ باشید حلال نیست مر شمارا گوشت کر اھلی کہ درخانہ می باشد احتراز کہ دراز خر وحشی کہ آنرا گورخر گویند کہ آں حلال ست **وَلَا كُلُّ ذِىْ نَابٍ مِّنَ السِّبَاعِ** وحلال نیست ہر خداوندیشک از درندہا مثل شیر و گرگ وسگ ومانند آں

સાવધાન રહો ! હલાલ નથી તમારા માટે અહલી ગધેડાનું ગોશ્ત જે ઘરમાં રહેતું હોય, જંગલી ગધેડા અલગ રાખવા કે એને ગોરખર કહેવામાં આવે છે હલાલ છે અને હલાલ નથી નખોડિયાવાળાં પ્રાણી દા.ત. સિંહ, વાઘ, કૂતરો અને એની જેવા પ્રાણીઓ. *(લમઆત, ભાગ–૧, પેજ–૧૩૭)*

## ★ મુહદ્દિષ સાહબની વાત ગળે ઉતરશે જ ! ★

મુહદ્દિષ સાહબના ખુલાસા છે ગુમરાહો માટે એ સ્પષ્ટ થયું કે





દરેક વાતનું હરામ હોવું ખુદાના કલામ કુર્આનથી સાબિત થવું જરૂરી નથી, બલ્કે નબીએ પાકનું ફર્માન જેને હદીષ કહેવામાં આવે છે એ પણ અલ્લાહનું જ ફર્માન છે અને એનાથી જે હરામ કહેવામાં આવ્યું એ પણ કુર્આનના કરેલા હરામ માફક હરામ છે. તા'ઝીમી સિજદાના હરામ હોવાનું વર્ણન જો થોડીવાર માટે માની લેવામાં આવે કે કુર્આનમાં નથી તો જ્યારે નબીએ પાકે અસંખ્ય હદીષોથી હરામ કર્યું તો એ પણ કુર્આન માફક હરામ થઈ ગયું, આ કોણ ખુલાસો કરે છે ?! હિંદો પાકનો મહાન મુહદ્દિષ જેમને સર્વ લોકો પોતાના બુઝુર્ગ અને મહાન આલિમ સમજે છે, મુહદ્દિષ સાહબના લખાણથી જાણવા મળ્યું કે તા'ઝીમી સિજદા બાબત જે લોકો વર્ણન કરે છે તેઓ ઉપરોક્ત હદીષ પર ધ્યાન આપે, એમના વિશે નબીએ પાકે શું ફર્માવ્યું.

## ★ ઉમ્મતના ઈજમાઅ વિશે મુહદ્દિષનું કલામ ★

અમે તમને અસંખ્ય દલીલોથી એ બતાવી ગયા કે તા'ઝીમી સિજદો ગયરે ખુદાને આપણી શરીઅતમાં હરામ કહેવામાં આવ્યો અને ઉમ્મતના આલિમોમાં કોઈએ એ વિશે વિવાદ કર્યો નથી બલ્કે સર્વએ એકમતીથી એના હરામ હોવાને કબૂલી લીધું છે, ઉમ્મતના ઈજમાનો દરજો શું છે એને હદીષથી અને એના પર કરેલા મુહદ્દિષ સાહબના ખુલાસાથી પ્રાપ્ત કરો અને પોતાના ઈમાનને મજબૂત કરી ગુમરાહોને સારી રીતે ઓળખી લો, હક્ક જાણશો તો જ ગુમરાહોને ઓળખી શકશો.

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું :–

નિઃશંક ! અલ્લાહ તઆલા નજીક લાવતો મારી ઉમ્મતને અથવા રાવીને શંકા છે ઉમ્મીની જગાએ ઉમ્મતે મુહમ્મદ ફર્માવ્યું, ગુમરાહી પર, અને આ વિશેષતા અને ઉત્તમતા છે કે પરવરદિગારે આ ઉમ્મતે મર્હૂમાને એની સાથે ખાસ કરી આપી, કે જેના પર તેઓ સંમત થાય હક્ક અને સત્ય જ હોય છે. અને અલ્લાહની કુદરત અને એહસાનનો હાથ જમાઅત પર છે, અને એ ઈશારો છે અલ્લાહના રક્ષણ અને એની

મદદથી અહલે હક્ક માટે, મખ્લૂકની તકલીફો અને દીનના દુશ્મનના ડરથી અને અલ્લાહની તૌફીક ખાસ કરીને એમના માટે અહેકામ કાઢવામાં, અને હક્ક માલૂમ કરી લેવામાં, અને જે એકલો પડી જાય જમાઅતથી, અને બહાર આવી જાય મોટી જમાઅતથી દોઝખની આગમાં ફેંકવામાં આવશે. *(લમઆત, ભાગ-૧, પેજ-૧૪૩)*

## ★ જે તરફ વધુ આલિમ હોય એ વાત માનો ! ★

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી બીજી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, અનુસરણ કરો મોટી જમાઅતનું સવાદનો મૂળ મતલબ સિપાહી છે અને અધિક અને વધારે માણસો માટે પણ આવે છે, તો સિપાહી લશ્કર કહેવામાં આવે છે જે વધારે અને અધિક હોય અને આનાથી એ વાતનો શોખ અપાવવામાં આવ્યો કે એ વાતનું અનુસરણ કરો જે તરફ વધારે આલિમો હોય કારણ કે જે એમનાથી અલગ થયો દોઝખમાં નાખવામાં આવશે. *(લમઆત, ભાગ-૧, પેજ-૧૪૩)*

હઝરત અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ બરકાતે નબી ફીલ હિંદના કરેલા હદીષોના ખુલાસાથી વર્તમાનકાળના ગુમરાહોને ઓળખવું સરળ થઈ ગયું જેઓ હદીષને કંઈ સમજતા નથી અને કુર્આનની તફસીરનું ઈલ્મ ન રાખવા છતાં કુર્આનથી લોકોને મસ્અલા સમજાવવાના ચક્કરમાં પડેલા છે ! અને ઉમ્મતની એકમતિના મસ્અલાને છોડીને મુહદ્દિષ સાહબના ફર્માન મુજબ પોતાને દોઝખી બનાવવાની કોશિશમાં લાગેલા છે. જો ગુમરાહ લોકોને થોડી પણ શરમ હોય તો એમને તૌબા કરી લેવા માટે મુહદ્દિષ સાહબનું લખાણ પૂરતું છે જે એમની કિતાબનો સંપૂર્ણ જવાબ છે, તેઓ કહે છે કે કુર્આનમાં હરામ કહેવામાં નથી આવ્યું, પણ મુહદ્દિષ સાહબે ફર્માવ્યું કે નબીનું હરામ કરવું કુર્આનનું જ હરામ કરવું છે. બીજાું એ કે એમણે લખ્યું અમુકનો વિવાદ છે અને અમે અમુકની માનીશું, તો મુહદ્દિષ સાહબે ફર્માવ્યું કે જે તરફ ઉમ્મતના વધુ આલિમો હોય એને જ માનવામાં આવશે, એને છોડવું પોતાને દોઝખ તરફ લઈ જવું છે, કારણ કે નબીએ ઉમ્મતની બહુમતીની તારીફ કરી અને એની





સાથે રહેવાનું કહ્યું. સિજદએ તા'ઝીમીવાળી કિતાબમાં જગા જગાએ ઉલમાની બુરાઈ કરવામાં આવી છે અને ઉલમાની સંગતમાં ન આવવાની તાકીદ કરવામાં આવી છે, તો એ વાતોનો સંપૂર્ણ જવાબ તો "મુકાશિફતુલ ગુયૂબનું ઓપરેશન" એ પ્રકરણમાં કરવામાં આવશે. હાલ એ કે તમે જગા જગાએ જોશો કે જે લોકો ખાનકાહોના માલિક બનીને બેઠા છે અને **પિદરમ સુલ્તાન બુદ**ના દાવાથી પોતાને માનવાનો શોખ આપી રહ્યા છે, લોકોને આકર્ષી રહ્યા છે, અને પોતે કશું જાણતા પણ નથી અને અમલ કરતા પણ નથી ! એવા લોકોને ખબર છે કે **દુનિયામાં એક ઈલ્મ અને જ્ઞાન જ એવું પ્રકાશમય છે જેમાં આવવાથી માણસની અંધશ્રદ્ધાના પર્દાઓ નષ્ટ થઈ જાય છે અને માણસ હક્ક જાણવા લાગે છે અને મક્કારોના મકરથી વાકેફ થઈ જાય છે, એટલે જાહિલ અને બેઅમલ પીરો ખાસ કરીને પોતાના મુરીદો અને ચાહકોને એ વાતની તા'લીમ આપતા હોય છે બલ્કે ધમકાવતા હોય છે કે ખબરદાર ! મૌલ્વી લોકોની સભામાં ન જશો ! એમની વાતો ન સાંભળો ! એમની સંગતમાં ન રહેશો ! મૌલ્વી આવા હોય છે ! મૌલ્વી તેવા હોય છે !** મૌલ્વી લોકો પાસે જનાર પીરોને માનતા નથી ! વગેર.... જેમ વાઘ આવ્યો ! નાસો રે ! નાસો ! કહેવામાં આવે છે એમ જ મૌલ્વીને જોતાંની સાથે એમની નાની મરવા લાગે છે ! તો એવા લોકોને હું હઝરત મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ની સેવામાં લઈ જવા માંગું છું કે એમણે મૌલ્વીઓ અને આલિમોનાં કેવાં વખાણ કર્યા અને આલિમોની સંગતમાં રહેવાની કેવી તાકીદ ફર્માવી. હું મુહદ્દિષ સાહબનું કરેલું વર્ણન એટલા માટે રજૂ કરવા માંગું છું કે ગુમરાહો જ્યારે આ'લા હઝરતના હવાલા અને પુરાવાથી નાસે છે તો મુહદ્દિષ સાહબની કિતાબોમાં જઈને પનાહ લેવા માંગે છે, પણ હું સ્પષ્ટ કરી આપું કે બિદઅતીઓ માટે મુહદ્દિષ સાહબના દામનમાં પણ પનાહ નથી ! અને એમને ત્યાંથી પણ ધૂતકારવામાં આવ્યા છે, અને કોઈ પણ હક્ક વ્યક્તિના દામનમાં એમના માટે જગા નથી. હવે એમને જગા જોઈતી હોય અને પનાહમાં રહેવું હોય તો એક શૈતાનની પનાહ છે એમાં રહે ! અથવા અહલે સુન્નતનું

નામ લઈને ઘણા લોકો ગુમરાહ બદ્દીન છે, બિદઅતી અને કુમાર્ગી છે અમને પોતાના શુભેચ્છક બનાવીને રહે, બિદઅતીઓ માટે હક્કનો દરવાજો બંધ હતો જ પણ હું મારી ખુદાની અતાની લખાઈ એ બંધ છે એ પણ સ્પષ્ટ કરી આપું.

## ★ મૌલ્વીઓથી દુશ્મની કેમ ? ★

મૌલ્વીઓ નબીએ પાક ﷺ ની શરીઅતનું ઈલ્મ પ્રાપ્ત કરીને નબીની તા'લીમના વારસદાર બનીને, નાઈબે રસૂલ હોવાનો તાજ પહેરીને, ખુદાના દીનના રક્ષક બનીને, કૌમે મુસ્લિમના આગેવાન બનીને, દીનના માર્ગદર્શક બનીને, દીનની તા'લીમના મુબલ્લિગ બનીને કૌમે મુસ્લિમમાં આવે છે, અને પબ્લિકને પોતાની તરફ નહીં પોતાના ઈલ્મ તરફ નહીં, પોતાના કમાલ તરફ નહીં, બલ્કે નબી ﷺ ની તા'લીમથી નબીના દીન તરફ બોલાવતા હોય છે, **જેમને લોકોને અંધારામાં રાખવા છે તેઓ પબ્લિકને પોતાના રાખવા ઈચ્છે છે અને એમનો હેતુ પબ્લિકને પોતાની રાખીને દુનિયા કમાવી હોય છે, આમ કહી લો તો પણ ચાલે કે એક ભીખારી રસ્તામાં બેઈજ્જતીના વસ્ત્રમાં ભીખ માંગતો હોય છે અને આ ઈજ્જતના કપડાં પહેરીને સોફા પર બેસીને ભીખ માંગતા હોય છે ! સ્થિતિનો તફાવત છે કામમાં કોઈ તફાવત નથી, એટલે એમને ડર લાગતો હોય છે કે પબ્લિક હાથમાંથી ચાલી જશે તો આપણી દુનિયામાં અંધારું થઈ જશે. દુનિયાની ચમક માટે પબ્લિકને અને એ પણ નબી ﷺ ના ઉમ્મતીઓને દીન વિશે અંધારામાં નાખતા હોય છે,** આ કારણ છે જેને લઈને એમને મૌલ્વીનો ડર લાગતો હોય છે, અને પબ્લિકને મૌલ્વીઓથી દૂર રાખતા હોય છે.

## ★ મારો અજમેરનો સફર ★

મને ગરીબ નવાઝના આસ્તાનાના દીદારથી તો આત્મશાંતિ મળી પણ ત્યાં આપના સંબંધનું નામ લઈને ઊભા રહેનાર ખાદિમોને જોઈને





અફસોસ થયો જેટલો અફસોસ મને ટોકીઝ પાસે ઊભા રહીને બ્લેકમાં ટિકીટ વેચનારાઓથી પણ ન થઈ શકે ! કે આ દુનિયાને દુનિયાના નામથી જ લઈ રહ્યો છે, અને જગા પણ એવી જ અપનાવી છે જેનાથી એનું દુનિયાદાર હોવું સ્પષ્ટ છે, પણ પેલો ગરીબ નવાઝનો સંબંધ લઈને ઊભો છે અને કામ લૂટવાનું કરી રહ્યો છે ! વલીના મઝારમાં ઊભો છે અને પબ્લિકને ખોટી ગાઈડ કરી રહ્યો છે ! વલીની બારગાહનો ખાદિમ કહીને ઊભો છે અને કામ શૈતાનનું કરી રહ્યો છે ! એટલે એ દુનિયાદારથી પણ બુરો છે, એમને પણ દરબારમાં જાહિલ અને અંધશ્રદ્ધાના લોકો આવે તો સારું લાગે, એમને નજીક બોલાવે, એમને શરીઅત વિરુધ્ધ નમાવે, એમની પાસેથી નઝરો નિયાઝની રકમો વસૂલ કરે, પણ મૌલ્વી એમની વાતમાં ન આવે અને કદાપિ ન આવે એટલે એમને આસ્તાનામાં જાહિલ પબ્લિક પસંદ આવે પણ આલિમો પસંદ ન આવે. હું એક વખત મઝારે પાકમાં હતો મને ગિલાફની અંદર નમવા બોલાવવામાં આવ્યો તો મેં મનાઈ કરી, તો બીજો કહેવા લાગ્યો, છોડો એને ! મુલ્લાની ઔલાદ હશે ! કહેવાનો મતલબ એ કે એમનો ઉલ્લુ સીધો નથી થતો એટલે એમને મૌલ્વીઓથી દુશ્મની છે, અને અમે નબી ﷺ ના દીનને તમારા સુધી પહોંચાડવા અને અલ્લાહના સત્ય દીનથી તમને શણગાર આપવા એવા લોકોની દુશ્મની સ્વીકારી લીધી છે, અમને મક્કારો, દુનિયાદારો, ધોકાબાઝો, લુચ્ચા લફંગાઓની જરૂરત નથી, અમને અલ્લાહ અને એના રસૂલ અને એમના માર્ગે સત્ય તરીકાથી ચાલવાવાળાઓની જરૂરત છે. અલ્લાહ તઆલાએ આપણને ઈનામવાળાઓના માર્ગે ચાલવાની તાકીદ કરી છે અને ઈનામવાળાઓની ઓળખ આપણને આપી કે જે લોકો અલ્લાહ અને રસૂલની વાતો પર ચાલે છે એટલે દુનિયાદારની નહીં દીનદારની જરૂરત છે.

## ★ અબ્દુલ હક્ક મુહદ્દિષે દહેલ્વી મૌલ્વીને વખાણે ★

اِنَّ الْعَالِمَ یَسْتَغْفِرُلَهٗ مَنْ فِی السَّمٰوَاتِ وَمَنْ فِی الْاَرْضِ وَالْحِیْتَانُ فِیْ جَوْفِ الْمَاءِ

હદીષના આ ટુકડાની શરહમાં મુહદ્દિષ ફર્માવે છે :–

જાણો કે આલિમ માટે નિઃશંક ! બખ્શિશ ચાહે છે અને દુઆ કરે છે જે કંઈ આકાશમાં અને જમીનમાં ફરિશ્તાઓ પણ, અને આલિમ માટે બખ્શિશ ચાહે છે માછલીઓ પાણીમાં પોતાની હાલત પ્રમાણે. કહેવામાં આવ્યું છે : મતલબ છે સઘળા જાનવરો પણ માછલીને નિયુક્ત કરવું એ ઈશારા માટે છે કે આકાશથી વર્ષા ઉલ્મા (આલિમો)ની બરકતથી આવે છે. માછલીઓની જિંદગી એનાથી જ છે. હદીષમાં આવ્યું છે : એમનાથી વરસાદ વરસાવવામાં આવે છે અને એમનાથી રોજી આપવામાં આવે છે. જગતવાળાઓનું આલિમ માટે દુઆ કરવું એટલા માટે છે કે આલમની ભલાઈ ઈલ્મથી છે, આલમની કોઈપણ પ્રકારની વસ્તુ હોય એની ભલાઈ, એનુ જીવન બધાનો મકસદ ઈલ્મથી સંબંધિત છે, તો અલ્લાહ તઆલાએ આલમની દરેક ચીજને કહ્યું કે આલિમ માટે ઈસ્તિગફાર કરે એના બદલામાં જે એમને આલિમો થકી મળે છે. આ હદીષથી જાણવા મળ્યું કે આલિમના ગુનાહ માફ છે જમીન અને આકાશવાળાઓની મગફેરતની દુઆથી, જો અલ્લાહ ઈચ્છશે. *(લમઆત, ભાગ. ૧, પેજ–૧૫૮, કુતુબખાના મજીદિયા)*

## ★ જાહિલ પીરોની બુરાઈથી ફરક પડતો નથી ★

મુહદ્દિષ સાહબના મસ્અલાથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે આલિમનું પૂરા જગત પર એહસાન હોય છે અને એના એહસાનને લઈને દરેક મખ્લૂક એના માટે મગફેરતની દુઆઓ કરે છે. અને અલ્લાહ તઆલા આલિમના ગુનાહ ચાહશે તો મખ્લૂકની એના માટે કરેલી મગફેરતના બદલામાં માફ ફર્માવી આપશે. આનાથી સમજી શકાય છે કે અલ્લાહની મખ્લૂકમાં આલિમનો દરજો કેટલો ઊંચો છે, ભલેને જાહિલ ખાનકાહી લોકો પોતાનો ઉલ્લુ સીધો કરવા આલિમોને બુરા સમજતા હોય. મુહદ્દિષ સાહબે એ પણ ફર્માવ્યું, દુનિયાનું અજવાળુ ઈલ્મથી છે અને એ પ્રકાશ આલિમો થકી મળતુ હોય છે, વરસાદ અને રિઝક પણ અલ્લાહ તઆલા એમની દુઆઓથી અને એમની ખિદમતોથી આપે છે.





## ★ આલિમ ઉત્તમ આબિદથી ★

وَاِنَّ فَضُلَ العَالِمِ عَلٰی الُعَابِدِ کَفَضُلِ الُقَمَرِلَیُلَةَ الُبَدُرِ عَلیٰ سَائِرِالُکَوَاکِبِ

જાણ કે આલિમની ફઝીલત આબિદ પર એવી જ છે જેમ ચૌદમીંના ચાંદની ચાંદની બીજા તારાઓ પર, આલિમનો દાખલો પૂનમના ચાંદથી આપ્યો જેનું પ્રકાશ જમીનને ઘેરામાં લેતુ હોય છે, જ્યારે ઈલ્મનો ફાયદો ફેલાય છે તો સમગ્ર જગતમાં પહોંચે છે, આ દાખલો યોગ્ય છે, એના મુકાબલામાં આબિદનો ફાયદો એની જાત સુધી હોય છે, બીજા સુધી નથી પહોંચતો, જેમ કે તારાઓનું પ્રકાશ, આલિમનો દાખલો પુનમના ચાંદથી એટલા માટે પણ છે કે એનું નૂર હુઝૂર ﷺ નું છે આપ દીન અને ધર્મના જગતના સૂર્ય છે, આ વધારે યોગ્ય છે.

સવાલ કરીને ફર્માવે છે : ઈબાદત વગર આલિમ આલિમ નથી થઈ શક્તો અને બેઅમલ આલિમની ફઝીલત નથી. આમ જ ઈબાદત ઈલ્મ વગર સહીહ નથી, તો પછી આલિમ અને આબિદમાં તફાવત કયો ?! એનો જવાબ એ છે કે આલિમનો મતલબ એ વ્યક્તિ છે કે ઈલ્મ પ્રાપ્ત કરી જરૂરત ઈબાદતમાં વ્યસ્ત રહે, જેમ કે ફર્ઝો અને સુન્નતે મુઅક્કિદા, સમય ખર્ચે ઈલ્મ અને તા'લીમ અને લખાણમાં, એની વગર ન રહે, એનું કામ ઈલ્મ ફેલાવવું અને દીન પ્રસિદ્ધ કરવો છે, આબિદનો મતલબ છે કે ઈલ્મ પ્રાપ્ત કર્યા પછી એનું કામ ઈબાદતમાં વ્યસ્ત રહેવું, અને સમય એમાં લગાડવો. જ્યારે ઈલ્મ ફેલાવવાનો અને એમાં વ્યસ્ત રહેવાનો ફાયદો વધારે અને અધિક છે ખાસ કરીને દરેક મખ્લૂકને તો નિઃશંક ! એની ફઝીલત ઈબાદતથી વધીને છે. જેમ કે બીજી હદીષોથી પુરવાર થાય છે. *(લમઆત, ભાગ–૧, પેજ–૧૫૯)*

## ★ આલિમ નબીનો વારસદાર ★

وَاِنَّ الُـعُـلَـمَـاءَ وَرَثَةُالُاَنُبِیَـاءِ وَاِنَّ الُاَنُبِیَـاءَ لَـمُ یُـوَرِّثُـوُا
دِیُنَارًاوَّلَادِرُهَمًاوَاِنَّمَاوَرَّثُواالُعِلُمَ فَمَنُ اَخَذَهٗ اَخَذَ بِحَظٍّ وَافِرٍ۔

જાણો કે આલિમ નબીઓના વારસદાર છે કે ઈલ્મેદીન એમના વારસાથી છે અને નબીઓ પાસે ઈલ્મ સિવાયનો વારસો નથી જેમ કે

ફર્માવ્યું, નબીઓએ કોઈને વારસદાર નથી બનાવ્યો. એટલે કે એમણે પોતાની પાછળ દિરહમ અને દીનારનો વારસો નથી રાખ્યો, અને ઈલ્મનો જ વારસો રાખ્યો છે, જેણે ઈલ્મ લીધું અને શિખવાડયું એણે પૂરો ભાગ લીધો દીન અને નસીબનો, અથવા મતલબ એ છે જેણે ઈલ્મ લેવું હોય એણે પૂરો ભાગ લેવો જોઈએ અને થોડા પર રાજી ન થઈ જવું જોઈએ. *(લમઆત, ભાગ-૧, પેજ-૧૫૯)*

## ★ આબિદ પર નબી જેવી ફઝીલત આલિમની ★

નબી ﷺ પાસે બે વ્યક્તિઓનો ઝિક્ર થયો તેઓ પૈકીનો એક આલિમ અને બીજો ઈબાદતગુજાર હતો. તો નબી ﷺ એ ફર્માવ્યું :-

**فَضْلُ الْعَالِمِ عَلیٰ الْعَابِدِ كَفَضْلِیْ عَلیٰ اَدْنَاكُمْ۔**

આલિમની ફઝીલત આબિદ પર મારી ફઝીલત માફક છે તમારામાંના સર્વથી નીચા માણસ પર. વિચારવું જોઈએ કે આ મુબાલગા (અતિશયોક્તિ)ના તરીકા પર કહેવામાં આવ્યું છે પ્રથમ અલ્લાહના રસૂલની ફઝીલત નબીઓ અને રસૂલો પર ખાસ કરીને સહાબા પર એનાથી વધીને તમારામાં સર્વથી નીચા વ્યક્તિ પર. પછી પૈગંબરે ખુદા ﷺ એ ફર્માવ્યું :-

**ثُمَّ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالیٰ عَلَيْهِ وَسَلَّمَ اِنَّ اللّٰهَ وَمَلَائِكَتَهٗ وَاَهْلَ السَّمٰوَاتِ وَالْاَرْضِ حَتَّى النَّمْلَةَ فِیْ حُجْرِهَا وَحَتَّى الْحُوْتَ لَيُصَلُّوْنَ عَلیٰ مُعَلِّمِ النَّاسِ الْخَيْرَ۔**

કે ખુદા, એના ફરિશ્તાઓ, જમીન અને આકાશવાળાઓ ત્યાં સુધી કે કીડી પોતાના દરમાં અને માછલી પાણીમાં નિઃશંક ! દુરૂદ મોકલે છે ભલાઈની તા'લીમ આપનાર મર્દ માટે ભલાઈની એટલે કે ઈલ્મ અને હિકમતની. અને આમાં ઈશારો છે આલિમની ફઝીલતના કારણ પર આબિદ પર અને ઈશારો છે એક આલમને ફઝલ આપનાર છે મતલબ કે તા'લીમ આપે છે જેથી એની નેઅમત આગળ વધે, અને અફઝલ છે એ ઈબાદતથી જે બીજા સુધી પહોંચાડનાર નથી. *(લમઆત, ભાગ-૧, પેજ-૧૫૯)*





આ હદીષથી મુહદ્દિષ સાહબે એ સાબિત કરી બતાવ્યું કે **આલિમ જરૂરતની ઈબાદત કરતો હોય અને દીનની તબ્લીગનું કામ કરતો હોય તો એ વધારે ઈબાદત અને બંદગી કરનારથી બેહતર છે, ઈબાદત કરનારનો ફાયદો માત્ર એની જાતથી સંબંધિત છે, જ્યારે આલિમ પોતાની સાથે બીજા લોકોને પણ ફાયદો પહોંચાડે છે.**

## ★ આલિમનો મુકામ તથા મર્તબો ★

રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જેને મૌત આવે અને એની હાલત એ છે કે એ ઈલ્મ પ્રાપ્ત કરે છે જેથી એ જીવંત કરે, સશક્ત અને તાજો કરે એ ઈલ્મે દીનથી મુસલમાનને એટલે નહીં કે માલ, મર્તબો, દુનિયા, લિજ્જતો અને નફ્સાની ખ્વાહિશો તો એના અને નબીઓની વચમાં એક દરજાનો તફાવત છે જન્નતમાં, અને આ મુબાલગો (અતિશયોક્તિ) છે આપની નિકટતાથી અંબિયા علیہم السلام ની એટલે તાકીદ કરી દરજાની એકથી. *(લમઆત, ભાગ-૧, પેજ-૧૭૦)*

## ★ આલિમના તબ્લીગે ઈલ્મની બરકત ★

રસૂલુલ્લાહ ﷺ ને પૂછવામાં આવ્યું બે વ્યક્તિઓ વિશે જેઓ બની ઈસરાઈલમાંથી હતા, એમાંનો એક આલિમ હતો, ફર્ઝ અદા કરતો પછી બેસતો અને લોકોને ઈલ્મ શિખવાડતો, અને બીજો દિવસમાં રોઝો રાખતો અને રાતમાં નફલ અદા કરતો, એ પણ આલિમ. પહેલાથી નીચો, અથવા બરાબર, અને વધીને પણ હોઈ શકે છે, પરંતુ સમય ઈબાદતમાં લગાડે છે ઈલ્મ અને તા'લીમને ફેલાવવામાં નહીં. આં હઝરત ﷺ ને પૂછવામાં આવ્યું કે બંનેમાંથી કોણ અફઝલ છે સવાબ અને બંદગીમાં ? રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, એ આલિમ વ્યક્તિનો વધારે સવાબ જેની સ્થિતિ એ કે ફર્ઝ પઢે છે પછી બેસે છે અને લોકોને તા'લીમ કરે છે એ આબિદ વ્યક્તિ પર જે દિવસમાં રોઝો રાખે છે અને રાતમાં નમાઝ પઢે છે મારી ફઝીલત માફક એ માણસ પર કે જે નીચી કક્ષાનો હોય તમારાથી. *(લમઆત, ભાગ-૧, પેજ-૧૭૦)*

## ★ દીનની સમજ રાખનાર અતિ ઉત્તમ ★

રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે દીનનો જે ફકીહ છે અને આલિમ છે એના હુકમોનું, હોશિયાર છે એમાં, જો હાજત અને જરૂરત એનાથી પેશ કરવામાં આવે તો લોકોને ફાયદો પહોંચાડે અને એનાથી બેરગબત થવામાં આવે તો એ પોતાને એમનાથી બેરગબત રાખે. ખુલાસો એ છે કે આલિમની હાલતને લગતી વાત છે કે પોતાને મખ્લૂકનો મોહતાજ ન બનાવે અને પબ્લિકની સંગતમાં રહેવાનો શોખ ન રાખે અને લાલચ ન કરે એમના ફાયદાઓની, અને એ પણ કે તદ્દન જુદો પણ ન થઈ જાય અને ઈલ્મનો ફાયદો પહોંચાડવાનું છોડી ન આપે, બલ્કે લોકોને એની હાજત અને જરૂરત હોય, કે ત્યાં બીજો આલિમ નથી કે ઈલ્મનો ફાયદો પહોંચાડે, આ જરૂરતથી લોકોમાં આવે અને ઈલ્મનો ફાયદો પહોંચાડે, નફો આપે, અને એમની જરૂરત ન હોય અને ફાયદો પ્રાપ્ત ન કરવો હોય તો બેરગબત રહે એમનાથી અને અલ્લાહની બંદગીમાં વ્યસ્ત રહે, ઈલ્મની સેવા, દીની કિતાબોનો અભ્યાસ કિતાબોનું લખાણ અને ઈલ્મ ફેલાવવું આ પ્રમાણે. *(લમઆત, ભાગ–૧, પેજ–૧૭૦)*

## ★ આલિમ ગમે તેવો જાહિલથી ઉત્તમ ★

દીનમાં એ'તબાર ઈલ્મ, મારેફત પ્રાપ્ત કરવાથી છે. જો નસબની શરાફત અને જાતની કરામત ભેગી હોય માન્ય છે. એના વગર માન્ય નથી, અને કહેવામાં આવ્યું છે કે ગમે તેવી નીચી કક્ષાનો આલિમ શરીફ જાહિલથી ઉત્તમ છે.

અય હાફિઝ ! ઈલ્મ અને અદબ લે કે અલ્લાહની બારગાહમાં જેની પાસે અદબ નથી બારગાહના લાયક નથી. *(લમઆત, ભાગ–૧, પેજ–૧૫૨)*

આ લખાણ લમઆતમાં અલ્લામા મુહદ્દિષ અબ્દુલ હક્ક رحمۃ اللہ علیہ નું છે જે આપે નબીએ પાક ﷺ ની હદીષોની શરહમાં કર્યું, અમે મુહદ્દિષ સાહબનું લખાણ તમારી સેવામાં આલિમોના વખાણમાં એટલા માટે વર્ણન કર્યું કે અમે જે લોકોની કિતાબના જવાબમાં આ કિતાબ લખી





તેઓ મુહદ્દિષ સાહબનું ખૂબ માને છે, જ્યારે તેઓ પોતાની કિતાબમાં જગા જગાએ આલિમોની બુરાઈ કરી ગયા તો હવે જોઈ લે કે મુહદ્દિષ દહેલ્વી જેમની વાતોને એમણે પોતાની કિતાબમાં ઘણા પ્યારથી લખી, એ જ મુહદ્દિષ સાહબ આલિમોના કેટલાં વખાણ કરી રહ્યા છે, અને આલિમને કેટલા શોખથી સમગ્ર જગતનું પ્રકાશ ફર્માવી રહ્યા છે, જો મુહદ્દિષ સાહબની અમુક વાતો એમના અનુમાનથી એમના મતની છે એટલે એમને સારી લાગે છે તો પછી આ પણ મુહદ્દિષ સાહબની જ વાતો છે, પણ તેમને સારી નહીં લાગી હોય એટલે ઉલમાના ઝિક્ર વખતે પોતે એને ભૂલી ગયા, જો વાસ્તવમાં જ તેઓ મુહદ્દિષ સાહબને માને છે તો એમણે ઉલમાના વિરોધમાં જે પ્રમાણેનું લખાણ કર્યું એનાથી સબક લઈ જલ્દીથી તૌબા કરવી જોઈએ, અને લખીને તૌબાનું એલાન પણ કરવું જોઈએ.

અને હું તમને કહી આપું છું કે મુહદ્દિષ સાહબથી તમારી અકીદત થોડીવાર માટે જ છે ! હમણાં અમે તમારી કિતાબનું ઓપરેશન કરીશું ત્યારે તમને મુહદ્દિષ સાહબની વાતો તમારા દાવાને તોડનાર બતાવીશું જેનાથી તમારી કોશિશ પર પાણી ફરી જવાનું છે, જો શરમ હશે અને સચ્ચાઈનો થોડો પણ ભાગ મળ્યો હશે તો પોતાની નમતી રાખી તૌબા કરશે, અને નહીં પણ કરે તો તેઓ જાણે, પણ અમારું કામ અલ્લાહના રસૂલની ઉમ્મતને સત્ય માર્ગ બતાવવાનું છે જો એમને અમારા લખાણથી સત્ય માર્ગ મળી જશે અને ઈન્શાઅલ્લાહ મળવાનો જ છે તો અમે અમારા કામમાં સફળ છીએ

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

(પ્રકરણ : ૨)

# સિજદએ તા'ઝીમીની આયતો તફસીરના પ્રકાશમાં

من الشيطان الرجيم بسم الله الرحمٰن الرحيم كما ارسلنا فيكم رسولا منكم يتلو عليكم اٰياتنا و يزكيكم ويعلمكم الكتاب و الحكمة ويعملكم مالم تكونوا تعلمون،صدق الله العظيم وصدق رسوله النبى الامين الكريم ونحن علىٰ ذٰلك لمن الشاهدين والشاكرين والحمد لله رب العالمين

الصلوٰة والسلام عليك يارسول الله

الصلوٰة والسلام عليك يا حبيب الله

الصلوٰة و السلام عليك يا نبى الله

الصلوٰة و السلام عليك يا نور الله

صلى الله تعالىٰ عليك وسلم

મારા પ્યારા આકા ﷺ ના પ્યારા પ્યારા દીવાનાઓ ! કુર્આને પાકની જે અમુક આયતોમાં ફરિશ્તાઓ થકી હઝરત આદમ علیہ السلام ને સિજદો કરવાની ખબર છે, અને હઝરત યૂસુફ علیہ السلام ના ભાઈઓનું હઝરત યૂસુફને સિજદો કરવાનું વર્ણન છે, એનાથી શું આપણને સિજદો કરવાનો અધિકાર મળી શકે છે ?! એના માટે આપણી ઈચ્છાનો ફેંસલો ખોટો છે, આપણે તફસીરની આધારભૂત કિતાબોનો સહારો લઈએ અને ગુમરાહ લોકોની ગુમરાહીને સારી રીતે સમજી લઈએ ! અલ્લાહ તઆલા મને હક્ક કહેવાની અને મુસલમાનોને હક્ક પર અમલ કરવાની તૌફીક અતા ફર્માવે. (આમીન)





## ★ તફસીરે ઈબ્ને કષીર ★

મુફસ્સિર : હઝરત હાફિઝ ઈમાદુદ્દીન અબીલ ફિદા ઈસ્માઈલ બિન કષીર અર કરશી, અદમિશ્કી, વફાત–હિજરી સન : ૭૭૪ :–

[وَرَفَعَ اَبَوَيۡهِ عَلَى الۡعَرۡشِ وَ خَرُّوۡا لَهٗ سُجَّدًا]اَیۡ سَجَدَ لَهٗ اَبَوَاهُ وَاِخۡوَتُهٗ الۡبَاقُوۡنَ وَكَانُوۡا اَحَدَ عَشَرَ رَجُلًا

"અને આપ (યૂસુફ) પોતાના માતા પિતા સામે તખત પર ઊભા થયા અને એમણે આપને સિજદો કર્યો, એટલે કે આપને આપના માતા પિતા અને બીજા ભાઈઓએ સિજદો કર્યો અને તેઓ અગ્યાર માણસો હતા."

કુર્આને પાકની આ આયતથી એ જાણવા મળ્યું કે આગલી શરીઅતમાં તા'ઝીમી સિજદાથી મનાઈ ન હતી તો તેઓ સલામ અને આદાબની જગાએ આ પ્રમાણે તા'ઝીમ કરી લેતા હતા, પણ આપણી શરીઅતમાં એનો હુકમ શું છે એ જાણવું જરૂરી છે, આગલી શરીઅતની વાત આપણા માટે જવાઝની દલીલ છે કે નથી એ આપણા નબી ﷺ ના ફર્માનથી જાણવા મળે છે, જો આપણા નબી ﷺ એ મનાઈ કરી હોય તો એનો મતલબ એ હોય છે કે આગલાઓને એની રજા હતી પણ આપણને એનાથી રોકી દેવામાં આવ્યા છે. આ વાતના ખુલાસા માટે હદીષોનો સહારો તોહફાએ નજાત, ભાગ-૧૦માંથી લો, તફસીરનો પુરાવો હું તમારી સેવામાં રાખું છું :–

## ★ આપણી શરીઅત પર અમલ કરો ★

وَقَدۡ كَانَ هٰذَا سَائِغًا فِیۡ شَرَائِعِهِمۡ اِذَا سَلَّمُوۡا عَلَى الۡكَبِيۡرِ يَسۡجُدُوۡنَ لَهٗ وَلَمۡ يَزَلۡ هٰذَا جَائِزٌ مِّنۡ لُدُنِ آدَمَ اِلٰى شَرِيۡعَةِ عِيۡسٰى عَلَيۡهِ السَّلَامُ فَحُرِّمَ هٰذَا فِیۡ هٰذِهِ الۡمِلَّةِ وَجُعِلَ السُّجُوۡدُ مُخۡتَصًّا بِجَنَابِ الرَّبِّ سُبۡحَانَهٗ وَتَعَالٰى هٰذَا مَضۡمُوۡنُ قَوۡلِ قَتَادَةَ وَ غَيۡرِهٖ

આ (રિવાજ) આગલી શરીઅતોમાં મોટા માણસને સલામ કરતાં તો એને સિજદો કરતા અને આ જવાઝ (જાઈઝ હોવું) હઝરત આદમથી હઝરત ઈસા عَلَيۡهِمَا الصَّلٰوةُ وَالسَّلَامُની શરીઅત સુધી સતત રહ્યો પછી

આ દીનમાં હરામ થઈ ગયો અને સિજદો રબ સુબ્હાનહૂ વ તઆલાની બારગાહ સાથે ખાસ કરી દેવામાં આવ્યો. આ હઝરત કતાદા વગેરેના ફર્માનથી છે. *(તફસીરે ઈબ્ને કષીર, ભાગ–૨, પેજ–૬૪૫)*

## ★ તફસીરનો ખુલાસો ★

જો સિજદો એટલે જમીન પર કપાળ (પેશાની) રાખવું જ લેવામાં આવે તો પણ વાંધો નથી એટલા માટે કે શરીઅત શરીઅતની વાત છે. એમને અલ્લાહ તઆલા તરફથી રજા આપવામાં આવી હતી એટલે તેઓ મોટા માણસને તા'ઝીમમાં સિજદો કરી લેતા હતા, જો આપણને રજા આપવામાં આવી હોત તો આપણે પણ કરતા, પરંતુ મુફસ્સિર સાહેબ ફર્માવે છે કે આપણી શરીઅતમાં ઈજ્જતના સિજદાને હરામ કરી દેવામાં આવ્યો છે. તેઓને જે રજા મળી તે પ્રમાણે કર્યું અને આપણને રોકી દેવામાં આવ્યા તો એનું હરામ હોવું આપણી શરીઅતનો કાયદો બની ગયો.

## ★ સિજદો અલ્લાહ માટે ખાસ ★

મુફસ્સિર સાહેબે જણાવ્યું કે આપણી શરીઅતમાં ''સુજૂદ'' સિજદાનું બહુ વચન છે એટલે કે દરેક પ્રકારનો સિજદો અલ્લાહ તઆલા માટે ખાસ કરી દેવામાં આવ્યો તો હવે આપણે સિજદો માત્ર અલ્લાહ તઆલાને જ કરીશું અને ખૂબીની વાત એ છે કે આપણા નબી ﷺએ અલ્લાહની મખ્લૂકમાં સર્વથી ઉત્તમ થઈને પોતાના માટે તા'ઝીમનો સિજદો હરામ ફર્માવ્યો તો પછી બીજા કોઈને પોતાના માટે એના જાઈઝ કહેવાનો સવાલ જ ક્યાં ઉપસ્થિતિ થાય છે ?!

હર સિજદા ખાસ હય ખુદાકો
અપની પેશાની કી કદ્ર કો તો જાનો
જો ઝુકે થે ઝુકે થે અગલોંમેં
ઉમ્મતે મુહમ્મદી કા મુકામ તો જાનો
પેશાની કો દે દિયા આ'લા વકાર
સુહબતે હબીબ કા ફય્ઝ તો જાનો





હયવાનને કર લિયા સિજદા હયવાન હય
ખૂદ કા અશરફે મખ્લૂક હોના તો જાનો

## ★ તફસીરે ઈબ્ને કષીરની વિશેષતા ★

તફષીરે ઈબ્ને કષીરની વિશેષતા એ છે કે એમાં દરેક તફસીરમાં અને દરેક પુરાવામાં સંપૂર્ણ રિવાયતોની સાથે હદીષો અને આષારે સહાબાનું વર્ણન કરવામાં આવ્યું છે. જે મુફસ્સિરનું ઈલ્મ હદીષો અને આષારે સહાબા પર આટલું વિશાળ હોય તેઓ દરેક પ્રકારનો સિજદો આ ઉમ્મત માટે ગેયરે ખુદાનો હરામ ફર્માવે છે તો એમણે હરામ હોવાના પુરાવાઓની ચકાસણી કરી છે, અને આપે હરામના નામથી જ આ ઉમ્મત માટે એનું લખાણ ફર્માવ્યું.

## ★ હુરમતની દલીલ હદીષે પાકથી ★

ઉપરોક્ત તફસીરમાં હદીષે પાકથી હરામ હોવાનો પુરાવો આ પ્રમાણે આપવામાં આવ્યો છે :–

وَفِی الْحَدِیْثِ اَنَّ مُعَاذاً قَدِمَ الشَّام فَوَجَدَهُمْ یَسْجُدُوْنَ لِاَسَاقِفَتِهِمْ فَلَمَّا رَجَعَ سَجَدَ لِرَسُوْلِ اللّٰهِ ﷺ فَقَالَ مَاهٰذَا یَا مُعَاذُ ! فَقَالَ اِنِّیْ رَاَیْتُهُمْ یَسْجُدُوْنَ لِاَسَاقِفَتِهِمْ وَاَنْتَ اَحَقُّ اَنْ یَسْجُدَ لَکَ یَارَسُوْلَ اللّٰهِ ! فَقَالَ لَوْکُنْتُ آمُرُ اَحَدًا اَنْ یَّسْجُدَ لِاَحَدٍ لَاَمَرْتُ الْمَرْاَۃَ اَنْ تَسْجُدَ لِزَوْجِهَا لِعَظْمِ حَقِّ عَلَیْهَا۔ وَفِیْ حَدِیْثٍ آخَرَ اَنَّ سَلْمَانَ لَقِیَ النَّبِیَّ ﷺ فِیْ بَعْضِ طُرُقِ الْمَدِیْنَةِ وَکَانَ سَلْمَانُ حَدِیْثَ عَهْدٍ بِالْاِسْلَامِ فَسَجَدَ لِلنَّبِیِّ ﷺ فَقَالَ لَاتَسْجُدْ لِیْ یَا سَلْمَانُ وَاسْجُدْ لِلْحَیِّ الَّذِیْ لَا یَمُوْتُ!

''અને હદીષમાં છે કે મુઆઝ શામી ગયા (એમણે સિરીયાવાળાઓને) જોયા કે તેઓ પોતાના પાદરીઓને સિજદો કરે છે, જ્યારે આપ સિરીયાથી પરત આવ્યા તો અલ્લાહના રસૂલ ﷺ ને સિજદો કર્યો, ફર્માવ્યું, અય મુઆઝ ! આ શું ?! વિનંતિ કરી, મેં સિરીયાવાળાઓને જોયા કે તેઓ પોતાના પાદરીઓને સિજદો કરે છે અને આપ વધારે હક્ક ધરાવો છો કે આપને સિજદો કરવામાં આવે, અય અલ્લાહના

રસૂલ ! ફર્માવ્યું, જો હું કોઈને હુકમ આપતો કે એ કોઈ બીજી (વ્યક્તિ)ને સિજદો કરે તો હું સ્ત્રીને કહેતો કે પોતાના પતિને સિજદો કરે એનો હક્ક સ્ત્રી પર મોટો હોવાને લઈને." *(તફસીરે ઈબ્ને કષીર, ભાગ–૨, પેજ–૪૬૫)*

અને બીજી હદીષમાં છે કે હઝરત સલમાન ફારસી رضی اللہ عنہ એ નબી صلی اللہ علیہ وسلم સાથે મદીનાના કોઈ માર્ગમાં મુલાકાત કરી અને (એ સમયે) હઝરત સલમાન નવા નવા મુસલમાન બન્યા હતા. એમણે નબી صلی اللہ علیہ وسلم ને સિજદો કર્યો, આપે ફર્માવ્યું, અય સલમાન ! મને સિજદો ન કરો ! એ હય્યને (રબને) સિજદો કરો જે ક્યારે પણ મરશે નહીં !

હઝરત ઈમામ ઈબ્ને કષીરે સિજદએ તા'ઝીમીના હરામ હોવા પર બે હદીષો વર્ણન કરી અને સાબિત કરી બતાવ્યું કે આપણા નબીએ સિજદએ તા'ઝીમીથી મનાઈ કરી અને એ મનાઈ હરામના દરજામાં છે. હદીષમાં **لا تسجب** ઓસૂલે ફિકહના આધારે **"નહી"** છે અને એનાથી હરામ હોવું સાબિત થયું છે.

## ★ નબી કિતાબના શિખવાડનાર છે ★

હું કહીશ કે જ્યારે અલ્લાહના નબીએ સિજદએ તા'ઝીમી પણ ગયરે ખુદા માટે હરામ કર્યો તો પછી નબીથી વધીને અલ્લાહના કલામનો જાણવાવાળો કોણ છે ?! જે નબીની સિફતમાં અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : **وَيُعَلِّمُهُمُ الْكِتَابَ - وَيُعَلِّمُكُمُ الْكِتَابَ** "અને આપ શીખવાડે છે લોકોને કુર્આન. તેમજ "અને આપ તમને શિખવાડે છે કુર્આન." નબીને જ્યારે કુર્આનની તા'ઝીમ માટે મોકલવામાં આવ્યા તો સર્વથી વધીને અલ્લાહની કિતાબના મોટા આલિમ બલ્કે અલ્લાહની મખ્લૂકમાં સર્વથી વધીને આલિમ જ આપ છે. આપે ફર્માવ્યું, હરામ, તો એનો મતલબ એ છે કે આ ઉમ્મત માટે અલ્લાહે સિજદએ તા'ઝીમીની પણ રજા બાકી રાખી નથી, અને એ હવે સદાના માટે હરામ કરી દેવામાં આવ્યો. આપણા નબી પછી કોઈ નવો નબી નવી શરીઅત સાથે આવવાનો નથી તો પછી આ શરીઅત આપણા સર્વ માટે અને કિયામત સુધી આવનાર લોકો





માટે છે અને સર્વને એના પર ચાલવું જરૂરી છે. જે લોકો કહે છે કે કુર્આનમાં તા'ઝીમી સિજદાની મનાઈ નથી કરવામાં આવી એટલે કે એ જાઈઝ છે, તો જે દલીલ તમને સમજમાં આવી એની નબીને ખબર ન હતી ?! આમ તો કહી શક્તા જ નથી કે નબીને ખબર નથી ! તો પછી નબીનું હરામ કહેવું એના હરામ હોવાની દલીલ છે. આપણે અહલે સુન્નત છીએ, નેચરી નહીં કે કુર્આનને માની હદીષોનો અસ્વીકાર કરી આપીએ ! તો પછી જ્યારે આપણા નબીએ હરામ ફર્માવ્યું તો એ પણ આપણા માટે હરામ જ છે.

## ★ હદીષની વિશેષતા ફર્માને ખુદા અને રસૂલથી ★

નબીના ફર્માનની વિશેષતાનો કોઈ ઈન્કાર કરી શક્તો નથી. આપ અલ્લાહના મહબૂબ નબી છે અને અલ્લાહ તઆલાએ આપને અમુક વાતોનો પોતાની બારગાહના મહબૂબ અને પ્રિય નબી હોવાને લઈને અધિકાર આપ્યો છે.

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

**مَا آتَاكُمُ الرَّسُوْلُ فَخُذُوْهُ وَمَا نَهَاكُمْ عَنْهُ فَانْتَهُوْا** "નબીએ જે તમને આપ્યું લઈ લો અને નબીએ જેનાથી મનાઈ ફર્માવી રોકાઈ જાવ !"

કુર્આનની આયત બતાવી રહી છે કે નબીને કેવો અધિકાર આપવામાં આવ્યો છે અને નબીના ફર્માનનો મર્તબો ખુદાની બારગાહમાં કેટલો ઉચ્ચતમ છે.

સૂરએ અઅ્રાફ, આ. ૭ માં છે :–

**يُحِلُّ لَهُمُ الطَّيِّبَاتُ وَ يُحَرِّمُ عَلَيْهِمُ الْخَبَائِثَ** "સ્વચ્છ વસ્તુઓ એમના માટે હલાલ કરે છે અને અસ્વચ્છ એમના માટે હરામ કરે છે."

નબીને શું અધિકાર આપવામાં આવ્યો છે એનું અહીંયા વર્ણન છે કે નબીને અલ્લાહ તઆલાએ એ પાવર આપ્યો છે કે આપ અમુક વસ્તુને હલાલ અને હરામ ફર્માવી આપે તો એ ખુદાની બારગાહમાં પણ એ પ્રમાણે બની જાય જે પ્રમાણે આપે ફર્માવ્યું.

નબીએ અકરમ નૂરે મુજસ્સમ ﷺ એ પોતે પોતાના ફર્માન અને અધિકારની વિશેષતામાં ફર્માવ્યું :–

**عَلَيْكُمْ بِهٰذَا الْقُرْاٰنِ فَمَا وَجَدْتُّمْ فِيْهِ مِنْ حَلَالٍ فَاَحِلُّوْهُ وَمَاوَجَدْتُّمْ فِيْهِ مِنْ حَرَامٍ فَحَرِّمُوْهُ وَاِنَّ مَاحَرَّمَ رَسُوْلُ اللّٰهِ كَمَا حَرَّمَ اللّٰهُ اَلَا لَا يَحِلُّ لَكُمُ الْحِمَارُ الْاَهْلِىُّ وَكُلُّ ذِىْ نَابٍ مِّنَ السِّبَاعِ**

''સાવધાન ! નિઃશંક ! મને કુર્આન અને એની સાથે એની જેવું આપવામાં આવ્યું, સાવધાન ! નજીકમાં એક પેટભરો પોતાના તખત પર બેસીને કહેશે, આ કુર્આનને લઈ રાખો એમાં જે હલાલ મળે એને હલાલ અને જે હરામ મળે એને હરામ સમજો. અને વાસ્તવિક્તા તો એ છે કે રસૂલુલ્લાહ ﷺ એ જે હરામ કર્યું એ એવું જ છે જે અલ્લાહે હરામ કર્યું. સાવધાન ! પાલતુ ગધેડું અને દરેક મોટા દાંતવાળુ ફાડી ખાનાર પ્રાણી.''

નબીએ પાક ﷺ એ પોતે ફર્માવ્યું કે મેં જે વસ્તુને હરામ કરી એનો દરજો એવો જ છે જે પ્રમાણે કુર્આનમાં અલ્લાહ તઆલાએ હરામ કર્યું, જો તમને કુર્આનમાં તા'ઝીમી સિજદાના હરામ હોવાનું વર્ણન નથી મળતું તો અલ્લાહના રસૂલે પોતાની હદીષથી એને હરામ ફર્માવ્યું, તો એ તમારી સમજમાં કેમ નથી આવતું ! જે પેટભરા વિશે નબીએ પાકે ખબર આપી એ પેટભરા લોકોમાં તમારે પોતાને સામેલ કરવા છે ? તમારા લખાણથી તો એવું જ લાગે છે કે એ પેટભરા લોકો તમે જ છો કે કહો છો, કુર્આનમાં હરામ નથી તો નબીના ફર્માનથી પણ હરામ માનવામાં ન આવે ! અને અમારું કહેવું છે કે ભલે કુર્આનથી એનું હરામ હોવું સાબિત ન થયું પણ નબી કુર્આનને આપણાથી અધિક સમજનાર છે જેથી આપે હરામ ફર્માવ્યું તો એ આપણા માટે હરામ થઈ ગયું. ગુમરાહી ફેલાવનારે માત્ર ખાનકાહ ચમકાવવામાં ન રહેવું જોઈએ અલ્લાહનો ડર પણ રાખવો જોઈએ, પોતાની આગળ લોકોને નમાવવાથી તમને કંઈ પ્રાપ્ત થવાનું નથી, જો તમારી પાસે દીનની વફાદારી છે તો લોકોને ખુદાની બારગાહમાં નમાવવાની દા'વત આપો.





## ★ મારા સવાલો ★

જે લોકોએ ખોટી દલીલો આપીને ઈસ્લામના એકમતિના મસ્અલા સિજદએ તા'ઝીમીના હરામ હોવાને હલાલ અને જાઈઝમાં ફેરવવાની નાપાક કોશિશ કરી એમને મારા આ જગાએ અમુક સવાલ છે એના એમણે અવશ્ય જવાબ આપવાના રહેશે :–

૧. તમે માત્ર કુર્આનને જ માનો છો કે એની સાથે હદીષોને પણ ?!

૨. તમને એ વાતનું ઈલ્મ છે કે આપણા નબીને કુર્આનનું ઈલ્મ આપવામાં આવ્યું છે ?!

૩. કુર્આનથી સિજદએ તા'ઝીમનું હલાલ હોવું પુરવાર થાય એને નબી હરામ કરી શકે છે કે નહીં ?!

૪. નબીને કોઈ અમલમાં હરામ અથવા હલાલ કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે કે નથી ?

૫. નબીના મનાઈ કર્યા પછી કોઈ સહાબીએ નબીને સિજદો કેમ ન કર્યો ?

૬. નબીના દુનિયાથી પરદો ફર્માવ્યા પછી કોઈએ કબરને પણ સિજદો નથી કર્યો કેમ ?!

૭. એક સહાબીએ બીજા કોઈ મોટા સહાબીને પણ સિજદો નથી કર્યો કેમ ?!

૮. ખુલફાએ રાશેદીન જેઓ ઉમ્મતમાં ઉત્તમ છે એમનામાંથી કોઈને પણ સિજદો કરવામાં નથી આવ્યો કેમ ?!

૯. નબીએ પાકે મનાઈ કરી, તમારા કહેવા મુજબ એ હરામ ન હતું તો સહાબાએ એના પર અમલ કેમ ન કર્યો ? જાઈઝ અમલની તો મનાઈ નથી હોતી ?

૧૦. તમારું કહેવું છે કે હદીષમાં **لاینبغی**નો શબ્દ છે એનાથી હરામ હોવું સાબિત નથી થતું તો એક હદીષ જ થોડો આધાર છે, હઝરત સલમાનવાળી હદીષમાં છે **لَا تَسْجُدْ لِیْ** એમાં **નહી** છે

એનાથી તો હરામ હોવું સ્પષ્ટ છે. પછી તમે એકને જ આધાર કેમ બનાવ્યો ?!

**૧૧. તોહફાએ નજાતનો દસમો ભાગ** પઢો જે મહાન ફકીહોનાં મંતવ્યો તા'ઝીમી સિજદાના હરામ હોવા પર વર્ણન થયાં એ ફકીહોને એ ઈલ્મ હતું કે નહીં કે કુર્આનમાં હરામ નથી તો અમે હરામ કેમ કહીએ ?

**૧૨.** આ'લા હઝરતે એના હરામ હોવાનો ફત્વો આપ્યો એ તમને માન્ય છે કે નથી ?

**૧૩.** આ'લા હઝરતે મ્યુઝિકવાળી સભા અને તા'ઝીમી સિજદો હરામ બતાવ્યો, પુરાવો તોહફાએ નજાત, ભાગ–૧૦માં છે. હવે તમે આ'લા હઝરતને માનશો ? હા ! તો કેમ ? ના ! તો કેમ ?!

## ★ સિજદાએ તા'ઝીમીની આયતોના બે પ્રકાર ★

તા'ઝીમી સિજદાના પુરાવા પર માત્ર બે પ્રકારની આયતો છે એક હઝરત યૂસુફ عليه السلام ના ભાઈઓનું આપને સિજદો કરવું. અને એક ફરિશ્તાઓનું હઝરત આદમ عليه السلام ને સિજદો કરવું. અને આને આ બંને આયતો નિઃશંક ! ઈબાદતનો સિજદો સાબિત નથી કરતી, કારણ કે કુર્આનમાં એનું બયાન છે, એક અલ્લાહનો આદેશ છે અને બીજામાં નબી સામે એ કામ કરવામાં આવ્યું. પણ જે લોકો આ આયતોથી પુરાવો લાવે છે એમનો પુરાવો રિયલ સિજદા માટે યકીની અને કતઈ નથી, કારણ કે કતઈ માટે એનું એક અર્થમાં સ્પષ્ટ ઉલ્લેખ સાથે હોવું જરૂરી છે, જ્યારે કે સિજદાના બે પ્રકારના અર્થ છે એક સિજદો શરઈ અર્થમાં અને એક સિજદો ડિક્ષનરીની ભાષામાં, શરીઅતની ભાષામાં **وَضعُ الْجَبهَةِ عَلٰى قَصْدِ الْعِبَادَة** પેશાની રાખવી બંદગીના ઈરાદાથી. *(રૂહુલ મઆની, પેજ–૨૨૮, ભા. ૧)*

અને મૂળ એનો અર્થ છે **تَذَلُّلٌ مَعَ اِنْخِفَاضٍ بِانْحِنَاءٍ** નમ્રતા પ્રગટ કરી નમન સાથે. *(પેજ–૨૨૮)*





## ★ શબ્દનો મતલબ કતઈ નથી ★

કુર્આનની સઘળી આયતો કતઈ છે અને નિઃશંક ! એનો શબ્દે શબ્દ અલ્લાહનું કલામ છે, પણ એનો મતલબ એ નથી કે દરેક આયતને એના શબ્દાર્થી અર્થમાં કતઈ માની લેવામાં આવે, કારણ કે શબ્દના અલગ અલગ અર્થ થતા હોય અને એક અર્થ નિયુક્ત ન થાય અથવા એને બીજામાં પણ ફેરવી શકાય તો એને એક અર્થમાં કતઈ અને યકીની નથી કહી શક્તા. કુર્આનમાં જે બે આયતો છે જેનાથી તા'ઝીમી સિજદો આગલી ઉમ્મતો માટે સાબિત થાય છે એ શબ્દના અલગ અલગ અર્થ હોવાને લઈને શરઈ અર્થમાં નિયુક્ત ન થયો કારણ કે અહીં ડિક્ષનરીનો અર્થ પણ લઈ શકાય છે, અને જ્યારે અર્થ અલગ અલગ લઈ શકવાને લઈને શરઈ સિજદો નિયુક્ત ન થયો અને ડિક્ષનરીના અર્થમાં માત્ર નમન કરવાની સંભાવના રહી, તો આ બીજો અર્થ લેવામાં આવે તો અમારો દાવો સાબિત કે સિજદો ખુદા સિવાય કોઈના માટે જાઈઝ નથી, અને શરઈ સિજદો માત્ર ઈબાદત માટે હોય છે જેમ કે અલ્લામા આલૂસીએ બયાન ફર્માવ્યું :–

**وَفِى الْمَامُوْرِ بِهٖ هُنَا خِلَافٌ فَقِيْلَ اَلْمَعْنَى الشَّرْعِىُّ وَالْمَسْجُوْدُ لَهٗ فِى الْحَقِيْقَةِ هُوَ اللّٰهُ تَعَالٰى وَ آدَمُ اِمَّا قِبْلَةٌ اَوْسَبَب**

"હુકમમાં અહીં વિવાદ છે તો કહેવામાં આવ્યું કે શરઈ અર્થમાં છે, અને જેને સિજદો કરવામાં આવ્યો એ અલ્લાહ તઆલા છે, અને આદમ કિબ્લા હતા કે પછી સિજદાનું કારણ."

અલ્લામા આલૂસીના લખાણથી એ જાણવા મળ્યું કે જો એનો ડિક્ષનરીવાળો અર્થ લેવામાં આવે તો સિજદાનો સવાલ ઊભો થતો નથી, એનો અર્થ માત્ર નમ્રતાથી નમન છે, અને શરઈ અર્થ લેવામાં આવે તો શરઈ અર્થમાં "ઈબાદતની નિય્યતથી કપાળ જમીન પર રાખવું" છે અને એમાં સિજદએ તા'ઝીમીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, સિજદો અલ્લાહનો હતો, અને હઝરત આદમ કિબ્લો બન્યા, અથવા ફરિશ્તાઓને સિજદાનું કારણ હઝરત આદમને બનાવવામાં આવ્યા.

## ★ એક ઉપસ્થિત થતી શંકાનું નિવારણ ★

અલ્લામા આલૂસી ફર્માવે છે કે :–

اُعْتُرِضَ بِاَنَّ لَوْ كَانَ كَذٰلِكَ مَاامْتَنَعَ اِبْلِيْسُ وَبِاَنَّهٗ لَايَدُلُّ عَلٰى تَفْضِيْلِهٖ عَلَيْهِمُ السَّلَامُ عَلَيْهِمْ وَقَوْلُهٗ تَعَالٰى

''જો એ સવાલ કરવામાં આવે કે સિજદો ખુદાનો હતો તો શૈતાને મનાઈ કેમ કરી ?! અને એ કે આનાથી નબી عليه الصلوٰة والتسليم ની એમના પર ફઝીલત પુરવાર નથી થતી અને અલ્લાહ તઆલાનું ફર્માન :–

[اَرَاَيْتُكَ هٰذَا الَّذِىْ كَرَّمْتَ عَلَىَّ]يَدُلُّ عَلَيْهِ ـ عَلٰى تَرىٰ اَنَّ الْكَعْبَةَ لَيْسَتْ بِاَكْرَمَ مِمَّنْ سَجَدَ اِلَيْهَا

તમારો શું ખયાલ છે કે કા'બા એની તરફ જે સિજદો કરે એનાથી અધિક ઈજ્જતવાળો નથી !''

## ★ શંકાનો જવાબ ★

وَاُجِيْبَ بِالْتِبَاسِ الْاَمْرِ عَلٰى اِبْلِيْسَ وَبِاَنَّ التَّكْرِيْمَ يَجْعَلُهٗ جِهَةَ لِهٰذِهِ الْعِبَادَةِ دُوْنَهُمْ وَلَايَخْفٰى مَا فِيْهِ مِنَ الدَّلَالَةِ عَلٰى عَظْمَةِ الشَّانِ كَمَا فِىْ جَعْلِ الْكَعْبَةِ قِبْلَةَ مِّنْ سَائِرِ الْاَمَاكِنِ

''અને જવાબ આપવામાં આવ્યો કે ઈબ્લીસ પર મામલો શંકાસ્પદ બની ગયો હતો અને એ કે બીજાને છોડીને એમને ઈબાદતનો કિબ્લો બનાવવામાં ઈજ્જત છે, અને શાનના બુલંદ હોવામાં કશું જ ગુપ્ત નથી, જેમ કે કા'બાને બીજી જગાઓ છોડીને કિબ્લો બનાવવામાં આવ્યો.''

## ★ અમુક લોકોની વાત ★

وَمِنَ النَّاسِ مَنْ جَوَّزَ كَوْنَ الْمَسْجُوْدِ لَهٗ آدَمَ عَلَيْهِ السَّلَامُ حَقِيْقَةَ مُدَّعِيًا اَنَّ السُّجُوْدَ لِلْمَخْلُوْقِ وَاِنَّمَا مُنِعَ فِىْ شَرْعِنَا

''અમુક લોકોએ એ માર્ગ કાઢેલો છે કે જેને સિજદો કરવામાં આવ્યો એ આદમ عليه الصلوٰة والسلام હતા વાસ્તવમાં એ દાવો કરીને કે સિજદો





મખ્લૂક માટે જાઈઝ હતો અને અમારી શરીઅતમાં મના કરી દેવામાં આવ્યો.''

અમુક લોકો કહીને મુફસ્સિર સાહેબે એ ઈશારો કર્યો કે આ વાત અયોગ્ય છે અને પછી આપ પોતે જ એના પર શંકા ઉપસ્થિત કરતાં વર્ણન ફર્માવે છે :–

وَفِيْهِ اَنَّ السُّجُوْدَ الشَّرْعِىَّ عِبَادَةٌ وَعِبَادَةُ غَيْرِهٖ سُبْحَانَهٗ شِرْكٌ مُحَرَّمٌ فِىْ جَمِيْعِ الْاَدْيَانِ وَالْاَزْمَانِ وَلَااَرَاهَا حَلَّتْ فِىْ عَصْرٍ مِّنَ الْاَعْصَارِ وَقِيْلَ اَلْمَعْنَى اللُّغْوِىُّ وَلَمْ يَكُنْ فِيْهِ وَضْعُ الْجِبَاهِ بَلْ كَانَ مُجَرَّدَ تَذَلُّلٍ وَّ اِنْقِيَادِ

''આમાં શંકા એ છે કે શરઈ સિજદો ઈબાદત છે અને ગયરની ઈબાદત શિર્ક છે દરેક દીનમાં અને દરેક જમાનામાં, અને હું નથી જાણતો કે કોઈ જમાનામાં હલાલ થયું હોય, અને કહેવામાં આવ્યું કે ડિક્ષનરીવાળો અર્થ છે એમાં કપાળ જમીનમાં રાખવામાં નથી આવતું, બલ્કે એનો અર્થ છે માત્ર નમ્રતા અને માન્ય રાખવું.''

## ★ લામનો જવાબ ★

لِاٰدَمَ માં લામ એના જાહેર અર્થમાં છે (જો ડિક્ષનરીવાળો અર્થ લેવામાં આવે, અથવા ''લામ'' ''ઈલા''ના અર્થમાં છે : لِآدَمَ એટલે اِلٰى آدم જેમ કે હઝરતે હસ્સાન નું ફર્માન :–

اَلَيْسَ اَوَّلَ مَنْ صَلّٰى لِقِبْلَتِكُمْ وَاَعْرَفَ النَّاسِ بِالْقُرْآنِ وَ السُّنَنِ

''શું એ પ્રથમ તમારા કિબ્લા તરફ નમાઝ પઢનાર નથી ?! અને લોકોમાં કુર્આન અને સુન્નતના વધારે જાણનાર !'' *(તફસીરે રૂહુલ મઆની, ભાગ–૧, પેજ–૨૨૮)*

આ શેઅરમાં ''લામ'' શબ્દનો અર્થ ''ઈલા'' છે તો આયતનો મતલબ થયો આદમ તરફ સિજદો કરો–કિબ્લો આદમ અને સિજદો ખુદાનો.

અલ્લામા આલૂસી દરેક પ્રકારથી આયત પર ચર્ચા કરીને સાબિત કરી ગયા કે શરઈ અર્થમાં લઈ શકતા નથી અને ડિક્ષનરીના અર્થમાં

સિજદો પુરવાર થતો નથી, અને સિજદો અલ્લાહનો હતો તો શૈતાને સિજદાથી મનાઈ કેમ કરી ? એનો પણ જવાબ આપ્યો. કિબ્લો બનાવવામાં ઈજ્જત જાહેર છે, અલ્લાહનો સિજદો આદમ તરફ કરવાનું પણ એને પસંદ ન આવ્યું એટલે એણે સિજદો ન કર્યો, જેઓ સિજદાની બુમો પાડે છે તેઓ અલ્લામા આલૂસીની તફસીરનો જવાબ આપે.

## ★ શું જાણવા મળ્યું ?! ★

અલ્લામા આલૂસીના ખુલાસાથી એ વાત સ્પષ્ટ થઈ કે આયત પોતાના શબ્દાર્થી અર્થમાં કતઈ ન રહી અને મસ્અલો ઈજતેહાદી બની ગયો. એટલે એના રદમાં હદીષે મુતવાતિરની જરૂરત રહેતી નથી, આયત કતઈ પણ દલાલત કતઈ નથી. *(મુફ્તીએ બગદાદ અલ્લામા અબુલ ફઝલ શિહાબુદ્દીન સૈયદ મહમૂદ આલૂસી વફાત : હિજરી સન ૧૨૭૦)*

وَرَفَعَ اَبَوَيْهِ]عِنْدَ نُزُوْلِهِمْ بِمِصْرَ]عَلَى الْعَرْشِ]عَلَى السَّرِيْرِ كَمَا قَالَ ابْنُ عَبَّاسٍ وَمُجَاهِدٌ وَغَيْرُهُمَا تَكْرُمَةً لَّهُمَا فَوْقَ مَافَعَلَهٗ بِالْاِخْوَةِ[وَخَرُّوْا لَهٗ]اَىْ اَبَوَاهُ وَاِخْوَتُهٗ[سُجَّدًا]عَلٰى اِنْحِنَاءٍ كَمَا هُوَ ظَاهِرٌ وَهُوَ كَمَا قَالَ اَبُو الْبَقَاءِ حَالٌ مُقَدَّرَةٌ لِاَنَّ السُّجُوْدَ يَكُوْنُ بَعْدَ الْخُرُوْرِ وَكَانَ ذٰلِكَ جَائِزًا عَنْهُمْ وَهُوَ جَارٍ مَجْرٰى التَّحِيَّةِ وَالتَّكْرُمَةِ كَالْقِيَامِ وَلَامُصَافَحَةٌ وَّ تَقْبِيْلُ الْيَدِ وَنَحْوُهَا مِنْ عِبَادَاتِ النَّاسِ الْفَاشِيَّةِ فِى التَّعْظِيْمِ وَ التَّوْقِيْرِ

"અને પોતાના માતા પિતાને તખત પર બેસાડયા એમના મિશ્ર આવ્યા એ સમયે જેમ કે ઈબ્ને અબ્બાસ, મુજાહિદ વગેરેએ ફર્માવ્યું, એમની ઈજ્જત માટે એમના ભાઈઓથી અધિક, અને તેઓ નમ્યા એટલે એમના માતા પિતા અને ભાઈઓ (સિજદામાં) પેશાની પર, જેમ કે જાહેર છે, અને આ જેમ કે અબુલ બકાએ ફર્માવ્યું હાલ છે (સ્થિતિ) એટલા માટે કે સિજદો નમ્યા પછી હોય છે અને એ એમના નજીક જાઈઝ હતું અને એ સ્વાગત અને અદબની જગાએ છે જેમ કે ઊભા થવું, મુસાફો કરવો, હાથ ચૂમવા વગેરે લોકોની આદત છે ઈજ્જત અને અદબમાં."





## ★ હઝરત કતાદાનું મંતવ્ય ★

كَانَ السُّجُوْدُ تَحِيَّةَ الْمُلُوْكِ عِنْدَهُمْ وَ اَعْطَى اللّٰهُ تَعَالٰى هٰذِهِ الْاُمَّةَ السَّلَامَ تَحِيَّةَ اَهْلِ الْجَنَّةِ كَرَامَةً مِّنْهُ تَعَالٰى

"એમના નજીક રાજાઓનું સ્વાગત સિજદો હતો અને અલ્લાહ તઆલાએ આ ઉમ્મતને સલામ આપી જન્નતીઓના સ્વાગત પ્રમાણે અલ્લાહ તઆલાની ઈજ્જતથી."

**બીજો મતલબ :-**

وَقِيْلَ مَا كَانَ ذٰلِكَ لِلْاِيْمَاءِ بِالرَّاسِ "એ તો માત્ર માથાના ઈશારાથી હતો." એટલે સિજદો શબ્દકોષના અર્થમાં છે કે એમણે સ્વાગતના સમયે માથાથી નમનનો ઈશારો કર્યો તો આના આધારે સિજદાનો અર્થ કપાળ રાખવું ન આવ્યો.

**ત્રીજો મતલબ :-**

وَقِيْلَ كَانَ كَالرُّكُوْعِ الْبَالِغِ دُوْنَ وَضْعِ الْجَبْهَةِعَلَى الْاَرْضِ "અને એ પણ કહેવામાં આવ્યું કે વધારે નમતો રુકૂઅ હતો જમીન પર કપાળ રાખવું નહીં."

**ચોથો મતલબ :-**

وَقِيْلَ اَلْمُرَادُ بِهِ التَّوَاضُعُ "અને કહેવામાં આવ્યું કે એનો મતલબ નમ્રતા છે."

## ★ હઝરત ઈબ્ને અબ્બાસનું મંતવ્ય ★

ونسب لابن عباس ان المعنىٰ خروا لاجل يوسف سجد الله شكرا علىٰ مااوزعهم من النعمة

"હઝરત ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰهُ عَنْهُمَا તરફ આ ફર્માનને સંબંધિત કરવામાં આવ્યું છે કે મતલબ એ છે કે તેઓ યૂસુફના કારણે અલ્લાહ માટે સિજદામાં ગયા એમને મળેલી નેઅમતના શુક્રિયામાં."

وَقَالَ يَااَبَتِ هٰذَا تَاوِيْلُ رُؤْيَاىَ]اِذْ فِيْهَا[رَاَيْتُهُمْ لِىْ سَاجِدِيْنَ

''અને ફર્માવ્યું અય મારા પિતા ! મારા સ્વપ્નની તાબીર છે તે એ હતું કે મેં તેઓને મારા માટે સિજદો કરતાં જોયા.''

અલ્લામા મહમૂદ આલૂસી ''લી'' શબ્દ જેનો અર્થ થાય છે મારા માટે તો એની છણાવટ કરતાં વર્ણન કરે છે :–

وَدُفِعَ بِاَنَّ الْقَائِلَ بِهٖ يَجْعَلُ اللَّامَ لِلتَّعْلِيْلِ فِيْهَا બંને જગાએ લામ (માટેના અર્થમાં નથી) કારણ બનાવવા માટે છે (એટલે કે મારી મુલાકાતના કારણે રબનો શુક્ર અદા કયો, અને શુક્રનો સિજદો કર્યો તો અહીં હઝરત યૂસુફને સિજદો કરવાનો પ્રશ્ન ઉપસ્થિત ન થયો.)

## ★ લામનો બીજો અર્થ ★

وَقِيْلَ اَللَّامُ فِيْهِمَا بِمَعْنىٰ اِلىٰ كَمَا فِى ،صَلّٰى لِلْكَعْبَةِ،قَالَ حَسَّانٌ

''અને કહેવામાં આવ્યું કે ''લામ'' બંને જગાએ ''ઈલા''ના અર્થમાં છે જેમ કે આ દાખલામાં છે : صَلّٰى لِلْكَعْبَةِ કા'બા ''માટે નહીં'' કા'બા તરફ નમાઝ પઢી અને એનો પુરાવો સહાબીએ રસૂલ હઝરત હસ્સાન رضی اللہ عنہ ફર્માવે છે :–

اَلَيْسَ اَوَّلَ مَنْ صَلّٰى لِقِبْلَتِكُمْ ـ وَاَعْرَفَ النَّاسِ بِالْقُرْآنِ وَ السُّنَنِ

''શું એ પહેલાં નથી તમારા કિબ્લા તરફ નમાઝ પઢવાવાળાઓમાં અને લોકોમાં વસ્તુઓની વધારે મારેફતવાળા અને સુન્નતોને વધારે જાણનાર.''

હઝરત હસ્સાનના આ શેઅરમાં કિબ્લા માટે નહીં પણ કિબ્લા તરફ નમાઝ પઢવી છે, તો એ જ પ્રમાણે અહીં પણ છે.

આ લખાણનો ખુલાસો પણ એ થયો કે સિજદએ તા'ઝીમી નિઃશંક ! સાબિત થતો નથી કારણ કે એમાં અલગ અલગ તફસીરો કરવામાં આવી છે, અને શબ્દમાં પણ સિજદા સિવાય બીજા અર્થની ગુંજાઈશ છે. જ્યારે આ પ્રમાણે ગુંજાઈશ નીકળી આવી તો પછી કહેવું કે કુર્આનથી તા'ઝીમી સિજદો ગેયર માટે જાઈઝ છે, એ મસ્અલો યકીની ન રહ્યો, શંકાસ્પદ બની ગયો જેથી જાઈઝની આશા લઈને ચાલનારે એ સિવાય હદીષથી પુરાવો આપવાનો રહેશે અને હદીષોનો જથ્થો એનું હરામ હોવું જ





સાબિત કરે છે એટલે જાઈઝના દાવેદાર માટે કુર્આન અને હદીષમાં કોઈ દલીલ રહી નહીં !

## ★ કાયદાના આધારે ચર્ચા ★

કાયદાના આધારે ચર્ચા કરવામાં આવે તો એ કહેવામાં આવશે કે તમારું કહેવું એવું છે કે કુર્આનથી સિજદએ તા'ઝીમીનું ગયરે ખુદા માટે જાઈઝ હોવું પુરવાર છે અને અમે તમને બતાવ્યું કે જે દલીલને જવાઝ (જાઈઝ હોવાનો)નો દાવેદાર પોતાની દલીલ બનાવે છે એનાથી નિઃશંક ! એનો દાવો સાબિત નથી, બીજા અર્થ પણ લેવામાં આવ્યા છે અને કાયદો છે :–

اِذَاجَاءَ الْاِحْتِمَالُ بَطَلَ الْاِسْتِدْلَالُ ''જ્યારે શંકા આવી જાય તો એને પુરાવા તરીકે ઉપયોગમાં લાવવું વ્યર્થ છે'' એટલે એમની આ દલીલો છોડીને બીજી દલીલોની જરૂરત છે.

હું તમને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ ની તફસીર પણ બતાવું છું જેમની બાબત રસૂલે પાક صلی اللہ علیہ وسلم એ દુઆ કરી હતી કે, અય અલ્લાહ ! એમને કિતાબનું ઈલ્મ અતા ફર્માવ અને સહાબામાં અને આલિમોમાં આપને રઈસુલ મુફસ્સિરીન માનવામાં આવે છે. સૂરએ યૂસુફવાળી ઉપરોક્ત આયતની તફસીરમાં આપનું મંતવ્ય આ પ્રમાણે છે :–

وَخَرُّوْا لَهٗ سُجَّدًا]خَضَعُوْا لَهٗ بِالسُّجُوْدِ اَبْوَاهُ وَ اِخْوَتُهٗ وَكَانَ سُجُوْدُهُمْ تَحِيَّتَهُمْ فِيْمَا بَيْنَهُمْ كَانَ يَسْجُدُ الْوَضِيْعُ لِلشَّرِيْفِ وَالشَّابُّ لِلشَّيْخِ وَالصَّغِيْرُ لِلْكَبِيْرِ كَهَيْئَةِ الرُّكُوْعِ نَحْوَ فِعْلِ الْاَعَاجِمِ

''અને એમના માટે સિજદામાં પડયા એટલે કે નમ્રતા પ્રગટ કરી, સિજદાથી એમના માતા પિતા અને ભાઈઓએ અને એમનો સિજદો એમનું સ્વાગત હતું એમના રિવાજ પ્રમાણે, નાનો આગેવાનને, જવાન વૃધ્ધને, નાનો મોટાને સિજદો કરે રુકૂઅની સ્થિતિ પ્રમાણે જેમ કે અરબ પ્રદેશ બહારના લોકોની પધ્ધતિ છે.'' *(તફસીરે ઈબ્ને અબ્બાસ, તન્વીરુલ મિકયાસ, પેજ–૨૦૩)*

હઝરતે ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની તફસીરનો ભાવાર્થ એ છે કે

હઝરત યૂસુફ عليه السلام ને જે સિજદો કરવામાં આવ્યો હતો એ સિજદો જમીન પર કપાળ રાખવાના અર્થમાં નથી, બલ્કે એનો મતલબ સ્વાગત સમયે રુકૂઅની હદે નમન કરવું છે, જેમ કે અરબ બહારના લોકો સ્વાગતમાં એ પ્રમાણે નમન કરે છે.

જ્યારે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما જેવા સહાબી જેમને રઈસુલ મુફસ્સિરીન કહેવામાં આવે છે અને માનવામાં આવે છે, તેમણે તફસીરમાં ફર્માવ્યું કે સિજદાનો અર્થ વાસ્તવમાં સિજદો નથી બલ્કે એનો મતલબ નમન કરવું છે, તો જ્યારે નમન જ સાબિત થયું તો પછી જેઓ કહે છે એનાથી રિયલ સિજદો જ પુરવાર થાય છે એ યકીની વાત ન રહી. અને જ્યારે તા'ઝીમી સિજદાવાળી વાત યકીની ન રહી તો પછી યકીની દલીલવાળી વાત વ્યર્થ અને અર્થહિન છે.

## ★ તફસીરે બયદ઼ાવી ★

અન્વારુત્તંઝીલ વ અસરારૂત્તાવીલ

**(મુફસ્સિર ઈમામુલ મુહક્કિકીન, કુદવતુલ મુહક્કિકીન કાઝી નાસિરુદ્દીન અબૂ સઈદ અબ્દુલ્લાહ બિન ઉમર બિન મુહમ્મદ શિરાઝી બયદાવી, વફાત : હિજરી સન ૭૯૧)**

اَلسُّجُوْدُ فِی الْاَصْلِ تَذَلُّلٌ مَعَ تَطَامُنٍ

"સિજદાનો મૂળ અર્થ નમ્રતાની સાથે નમન છે." *(તફસીરે બયદ઼ાવી, ભાગ–૧, પેજ–૫૨)*

ઈમામે બયદ઼ાવીના કહેવાનો મતલબ એ છે કે સિજદો એના મૂળ અર્થમાં જેનો સંબંધ અરબી ભાષા અને ડિક્ષનરી સાથે છે માત્ર નમ્રતા અને નીચા બતાવવાના અર્થમાં આવે છે, સિજદાનો જે અર્થ શરીઅતમાં લેવામાં આવે છે એ ડિક્ષનરીનો અર્થ નથી ઈસ્લામી શરીઅતની અલગ પરિભાષા છે તો એ પરિભાષાને બતાવતાં વર્ણન ફર્માવે છે :–

وَفِی الشَّرْعِ وَضْعُ الْجَبْهَةِ عَلٰی قَصْدِ الْعِبَادَةِ

"અને શરીઅતમાં ઈબાદતની નિય્યતથી કપાળ રાખવાને કહેવામાં





આવે છે." *(ભાગ–૧, પેજ–૫૨)*

બંને અર્થના આધારે તફસીર કરતાં બયાન ફર્માવે છે :–

**وَالْمَامُوْرُ بِهٖ اِمَّا الْمَعْنَی الشَّرْعِیُّ فَالْمَسْجُوْدُ لَهٗ بِالْحَقِيْقَةِ هُوَ اللّٰهُ تَعَالٰی**

**وَجَعَلَ آدَمَ قِبْلَةَ لِسُجُوْدِهِمْ تَفْخِيْمًا لِشَانِهٖ اَوْ سَبَبًا لِوُجُوْبِهٖ**

"હુકમ શરઈ અર્થમાં હોય તો જેને સિજદો કરવામાં આવ્યો એ અલ્લાહ તઆલા છે અને આદમ એમના સિજદા માટે કિબ્લા છે આપની શાનની ફઝીલત બતાવવા માટે અથવા આપ એ સિજદાના વાજિબ હોવાનું કારણ બન્યા."

અંતમાં એ કારણ પર ઉલ્લેખ કરતાં બયાન કરે છે :–

**وَشُكْرًا لِمَا اَنْعَمَ عَلَيْهِمْ بِوَاسِطَتِهٖ** "આદમના વાસ્તાથી જે ઈનામ ફરિશ્તાઓને મળ્યું એના શુક્રિયામાં (સિજદો કરવાનો હુકમ આપવામાં આવ્યો.)"

ખુલાસો એ થયો કે જમીન પર કપાળ રાખવું ઈબાદતની નિય્યતથી એ શરઈ અર્થ છે અને આ અર્થમાં ગયરે ખુદા માટે સિજદો થઈ શકતો નથી, તો સિજદો અલ્લાહનો હતો, અને એ શુક્રિયાનો હતો, અને એ સિજદો વાજિબ થવાનું કારણ અને એનો કિબ્લો હઝરત આદમ હતા, તો કુર્આનની આયતથી ગયરે ખુદાને તા'ઝીમની નિય્યતે સિજદો કરવું પુરવાર ન થયું.

## ★ લામનો મતલબ ★

**લામ**નો મતલબ "માટે" થાય છે તો આયતમાં ફર્માવવામાં આવ્યું, અમે ફરિશ્તાઓને કહ્યું કે આદમ માટે સિજદો કરો. તો "માટે"ના શબ્દથી પુરવાર થાય છે કે સિજદો આદમને જ કરવામાં આવ્યો છે, તો મુફસ્સિર સાહેબ ફર્માવે છે (અરબી વિશાળ ભાષા છે એક શબ્દના કેટલા અર્થ આવતા હોય છે) **فَاللَّامُ فِيْهِ كَلَامٌ فِیْ قَوْلِ حَسَّانٍ رَضِیَ اللّٰهُ عَنْهُ** તો અહીં **લામ**નો શબ્દ આયતમાં હઝરત હસ્સાન رضی اللہ عنہ ના ફર્માનના "લામ" માફક છે (એટલે "ઈલા"ના અર્થમાં, આદમ તરફ સિજદો કરો) (જે શેઅર આગલી તફસીરમાં છે એ જ અહીં છે.) અથવા અલ્લાહના આ

ફર્માન છે :–

اَقِمِ الصَّلٰوۃَ لِدُلُوْكِ الشَّمْسِ "આ આયતમાં "લામ" **માટે** ના અર્થમાં નથી **કારણ**ના અર્થમાં છે કે સૂરજનું નમવું નમાઝ પઢવાનું કારણ છે."

"લામ"ના શબ્દથી જે સવાલ ઉપસ્થિત થઈ શક્તો હતો એનો જવાબ અમે નહીં મુફસ્સિર સાહેબે પોતે બનાવી એ પછીના જમાનામાં કોઈ ગુમરાહીની શંકાનો જવાબ આપી દીધો."

اَمَّا الْمَعْنَی اللُّغْوِیُّ وَھُوَ التَّوَاضُعُ لآدَمَ تَحِیَّۃً وَ تَعْظِیْمًا لَہٗ کَسُجُوْدِ اِخْوَۃِ یُوْسُفَ لَہٗ

શરઈ અર્થનો ખુલાસો કર્યા પછી ડિક્ષનરીવાળા અર્થ પર ચર્ચા કરે છે, ડિક્ષનરીવાળો અર્થ હોય તો મતલબ છે : આદમ માટે નમ્રતા સ્વાગતના તરીકા પર અને એમની ઈજ્જત માટે જેમ કે યૂસફ علیہ الصلوٰۃ والسلام ના ભાઈઓનો સિજદો યૂસફ માટે. (એટલે એ સિજદો શરઈ સિજદો ન હતો નમ્રતા અને સ્વાગત કરવું હતું.)

આપે એક આયતમાં બંને આયતનો જવાબ બતાવી આપ્યો. મુફસ્સિર સાહેબના ફર્માનનો મતલબ છે જે સિજદો શરઈ અર્થમાં છે કે કપાળ રાખવું તો એ અર્થમાં મખ્લૂકનો સિજદો મખ્લૂક માટે થયો નથી, અને ડિક્ષનરીનો અર્થ કપાળ રાખવું સાબિત જ નથી. ખોટી તાવીલો કરનાર આ તફસીરનો જવાબ આપે !

وَرَفَعَ اَبَوَیْہِ عَلَی الْعَرْشِ وَخَرُّوْا لَہٗ سُجَّدًا تَحِیَّۃً وَ تَکْرُمَۃً لَہٗ فَاِنَّ السُّجُوْدَ کَانَ عِنْدَھُمْ یَجْرِیْ مَجْرَاھَا۔ وَقِیْلَ اَلضَّمِیْرُ لِلّٰہِ تَعَالٰی

યૂસુફે પોતાના માતા પિતાને તખ્ત પર બેસાડયા અને એમણે સર્વએ એને સિજદો કર્યો, સ્વાગત અને ઈજ્જત માટે કારણ કે સિજદો એમના ત્યાં સ્વાગતની જગાએ હતો. અને કહેવામાં આવ્યું કે એનો મતલબ છે : આપને લઈ અલ્લાહને શુક્રનો સિજદો કર્યો અને કહેવામાં આવ્યું કે ઝમીર (لَہٗ) અલ્લાહ તઆલા માટે છે.





અલગ અલગ મતલબ બતાવવાનો હેતુ એ છે કે આયત પોતાની અર્થવાળા માર્ગદર્શનમાં કતઈ અને યકીની નથી, એનાથી મૂળ સિજદો નિઃશંક ! પુરવાર નથી થતો, અને થાય તો એ અલ્લાહના શુક્રનો સિજદો છે જે વર્ષો પછીની હઝરત યૂસુફની મુલાકાત પર કરવામાં આવ્યો હતો.

સિજદએ તા'ઝીમના ગયરે ખુદા માટે હોવામાં આ બે પ્રકારની આયતો છે અને એ બંનેથી મૂળ સિજદો એટલે જમીન પર કપાળ રાખવું પુરવાર થતું નથી, તો જે લોકો કુર્આનની આયતને એના માટે દલીલ બનાવે છે એમની એ દલીલ તફસીરોના આધારે માન્ય નથી.

## ★ તફસીરે ખાઝિન ★

### લુબાબુત્તવીલ ફી મઆનીત્તંઝીલ

**(મુફસ્સિરે આ'ઝમ અલ્લામા અલાઉદ્દીન અલી બિન મુહમ્મદ બિન ઈબ્રાહીમ બગદાદી ખાઝિનથી મશ્હૂર છે, વફાત : હિ.સ. ૭૨૫)**

[فَسَجَدُوْا] یَعْنِی الْمَلَائِکَۃُ وَفِی السُّجُوْدِ قَوْلَانِ اَصَحُّھُمَا اَنَّہٗ کَانَ لِآدَمَ عَلَی الْحَقِیْقَۃِ وَلَمْ یَکُنْ فِیْہِ وَضْعُ الْجَبْھَۃِ عَلَی الْاَرْضِ وَاِنَّمَا ھُوَ الْاِنْحِنَاءُ وَکَانَ سُجُوْدَ تَحِیَّۃٍ وَّ تَعْظِیْمٍ لَاسُجُوْدَ عِبَادَۃٍ کَسُجُوْدِ اِخْوَۃِ یُوْسُفَ لَہٗ فِیْ قَوْلِہٖ [وَخَرُّوْا لَہٗ سُجَّدًا] فَلَمَّا جَآءَ الْاِسْلَامُ اَبْطَلَ ذٰلِكَ بِالسَّلَامِ

"એમણે સિજદો કર્યો એટલે ફરિશ્તાઓએ, અને સિજદામાં બેમંતવ્યો છે. બેમાં વધારે યોગ્ય એ છે કે વાસ્તવમાં હઝરત આદમ માટે હતો અને એમાં કપાળ જમીન પર રાખવામાં નથી આવ્યું બલ્કે માત્ર નમન હતું, અને એ સ્વાગતનો સિજદો અને ઈજ્જતનો સિજદો હતો, ઈબાદતનો નહીં. જેમ કે હઝરત યૂસુફના ભાઈઓએ એમને કર્યો હતો. અલ્લાહના આ ફર્માનમાં કે એમણે એને સિજદો કર્યો પછી જ્યારે ઈસ્લામ આવ્યો તો સલામથી એને ખત્મ કરી નાખ્યો." *(તફસીરે ખાઝિન, પેજ–૪૮, ભાગ–૧)*

## ★ બીજું મંતવ્ય ★

સિજદાનો એક અર્થ તો આપે બતાવ્યો કે એમાં કપાળ જમીન પર રાખવામાં નથી આવ્યું બલ્કે માત્ર નમન કરવામાં આવ્યું હતું અને મુલાકાત સમયે નાનો મોટા માટે આમ કરતો હતો, પણ ઈસ્લામે એનાથી પણ મનાઈ કરી આપી, સિજદો તો કોઈ પણ નિય્યતે ગયરે ખુદાને થઈ શક્તો જ નથી, પણ એ સમયમાં મુલાકાતમાં જે નમન કરવામાં આવતું હતું એ પણ મનાઈના હુકમમાં આવી ગયું અને એની પણ રજા બાકી રહી નહીં, જેનો ખુલાસો પુરાવાની સાથે **તોહફાએ નજાત, ભાગ-૧૦**માં જોવામાં આવે.

મુફસ્સિર સાહેબ સિજદાનો બીજો મતલબ આ પ્રમાણે બયાન ફર્માવે છે :–

اَلْقَوْلُ الثَّانِی اَنَّ آدَمَ کَانَ کَالْقِبْلَةِ وَکَانَ السُّجُوْدُ لِلّٰہِ تَعَالٰی کَمَا جُعِلَتِ الْکَعْبَةُ قِبْلَةَ لِلصَّلوٰةِ وَ الصَّلوٰةُ لِلّٰہِ تَعَالی

"બીજું મંતવ્ય એ છે કે આદમ કિબ્લા સમાન હતા અને સિજદો અલ્લાહ તઆલા માટે હતો જેમ કે કા'બાને નમાઝનો કિબ્લો બનાવવામાં આવ્યો અને નમાઝ અલ્લાહ તઆલા માટે જ છે." *(પેજ-૪૮)*

મુફસ્સિર સાહેબના ફર્માનનો ભાવાર્થ એ છે કે સિજદો હઝરત આદમને માનવામાં આવે તો એની સ્થિતિ માત્ર નમન કરવું છે, અને એનો મતલબ જમીન પર કપાળ રાખવું લેવામાં આવે તો સિજદો હઝરત આદમને ન હતો સિજદો અલ્લાહને હતો, અને હઝરત આદમ એ સમયે ફરિશ્તાઓ માટે કિબ્લા સમાન હતા. તો પહેલા મંતવ્ય પ્રમાણે એ રિયલ સિજદો જ ન હતો અને બીજા મંતવ્ય પ્રમાણે એ ઈબાદતનો સિજદો હતો, જે કોઈની જ મુરાદ નથી.

જે લોકો તા'ઝીમી સિજદો જાઈઝ કરવાની પછવાડે પડેલા છે તેઓ જવાબ આપે કે મુફસ્સિર હઝરત ઈમામ ખાઝિન સિજદાનો મતલબ શું બતાવે છે ?





## ★ તફસીરે બગવી ★

### મઆલિમુત્તંઝીલ

**(હઝરત અલ્લામા અબૂ મુહમ્મદ હુસૈન બિન મસઊદ ફર્રા બગવી, વફાત : હિજરી સન : ૫૧૬)**

اُسْجُدُوْا]فِیْہِ قَوْلَانِ اَلْاَصَحُّ اَنَّ السُّجُوْدَ کَانَ لِاٰدَمَ عَلٰی الْحَقِیْقَةِ وَ تَضَمَّنَ مَعْنَی الطَّاعَةِ لِلّٰہِ عَزَّ وَ جَلَّ اِمْتِثَالَ اَمْرِہٖ وَکَانَ ذٰلِكَ سُجُوْدَ تَعْظِیْمٍ وَّ تَحِیَّةِ لَاسُجُوْدَ عِبَادَةِ کَسُجُوْدِ اِخْوَةِ یُوْسُفَ لَہٗ فِیْ قَوْلِہٖ عَزَّ وَ جَلَّ[وَخَرُّوْا لَہٗ سُجَّدًا]وَلَمْ یَکُنْ فِیْہِ وَضْعُ الْوَجْہِ عَلَی الْاَرْضِ اِنَّمَا کَانَ اِنْحِنَاءَ فَلَمَّا جَاءَ الْاِسْلَامُ اَبْطَلَ ذٰلِكَ بِالسَّلَامِ

"સિજદો કરો એમાં બે મંતવ્યો છે વધારે સત્ય એ કે સિજદો વાસ્તવમાં આદમને હતો અને એ અલ્લાહના હુકમ પર અમલ કરવા માટે હતો. અને એ સ્વાગત અને ઈજ્જતનો સિજદો હતો, ઈબાદતનો સિજદો નહીં, જેમ કે હઝરત યૂસુફના ભાઈઓનો એમને સિજદો અલ્લાહ તઆલાના ફર્માનમાં છે એમણે એના માટે સિજદો કર્યો, અને એમાં જમીન પર કપાળ નથી હોતું, એમાં માત્ર નમન હોય છે, પછી જ્યારે ઈસ્લામ આવ્યો સલામથી અને ખત્મ કર્યું." (એટલે કે નમનને પણ છોડી દેવામાં આવ્યું.) *(તફસીરે મઆલિમુત્તંઝીલ, ભાગ-૧, પેજ-૪૮)*

જે વાત ખાઝિનથી જાણવા મળી અને આ તફસીરથી પણ જાણવા મળી કે હઝરત આદમ માટે સિજદો વાસ્તવિક અર્થમાં ન હતો નમનના અર્થમાં છે. જ્યારે આગલી શરીઅતના આધારે નમનના અર્થમાં છે અને એ પણ મનાઈના હુકમમાં આવી ગયું તો પછી ખાનકાહી જાહિલ પોતે પૂર્વજ બુઝુર્ગોને પોતાની બદમાશી માટે બદનામ કરવા કેમ માંગે છે ?!

وَقِیْلَ مَعْنٰی قَوْلِہٖ اُسْجُدُوْا لِاٰدَمَ اَیْ اِلٰی آدَمَ فَکَانَ آدَمُ قِبْلَةَ وَّ السُّجُوْدُ لِلّٰہِ تَعَالٰی کَمَا جُعِلَتِ الْکَعْبَةُ قِبْلَةَ لِلصَّلوٰةِ وَ الصَّلوٰةُ لِلّٰہِ عَزَّ وَ جَلَّ

"અને બીજું મંતવ્ય એ છે કે આદમને સિજદો કરો એટલે કે આદમ તરફ સિજદો કરો, તો આદમ કિબ્લો હતા અને સિજદો અલ્લાહ તઆલા

માટે છે જેમ કે કા'બાને નમાઝ કિબ્લો બનાવવામાં આવ્યો અને નમાઝ અલ્લાહ માટે જ છે.'' *(તફસીરે મઆલિમુત્તંઝીલ, ભાગ–૧, પેજ–૪૮)*

મતલબ એ છે કે સિજદો હઝરત આદમને કરવામાં ન આવ્યો હતો અલ્લાહને જ કરવામાં આવ્યો હતો હઝરત આદમ તો એ સિજદામાં માત્ર કિબ્લા હતા. ખુલાસો એ કે સિજદએ તા'ઝીમીનો જે અર્થ લેવામાં આવે છે એ કુર્આનથી સાબિત નથી, સિજદો તો શું નમનની પણ મનાઈ કરવામાં આવી.

## ★ તફસીરે જલાલૈન ★

### મુફસ્સિર અલ્લામા જલાલુદ્દીન સિયૂતી અને જલાલુદ્દીન મહલ્લી

[وَ] اُذْكُرُ[اِذْ قُلْنَا لِلْمَلٰئِكَةِ اسْجُدُوْا لِاٰدَمَ]سُجُوْدَ تَحِيَّةٍ بِالْاِنْحِنَاءِ

''અને યાદ કરો જ્યારે અમે કહ્યું ફરિશ્તાઓને કે સિજદો કરો આદમને સ્વાગતનો સિજદો નમન સાથે.'' *(તફસીરે જલાલૈન, ભાગ–૧, પેજ–૨૦)*

કહેવાનો મતલબ એ છે કે હઝરત આદમ માટે ફરિશ્તાઓને જે સિજદાનો હુકમ આવ્યો હતો એ વાસ્તવિક સિજદો ન હતો બલ્કે એનો મતલબ હઝરત આદમ عليه السلام માટે નમન કરવું હતું જેમ કે સ્વાગતના સમયે કરવામાં આવે છે. સિજદાનો જે અર્થ જવાઝ (જાઈઝ હોવાના)ના દાવેદારો લે છે એ નથી.

[وَرَفَعَ اَبَوَيْهِ]اَجْلَسَهُمَا مَعَهٗ[عَلَى الْعَرْشِ]اَلسَّرِيْرِ[وَخَرُّوْا]اَىْ اَبَوَاهُ وَ اِخْوَتُهٗ[لَهٗ سُجَّدًا]سُجُوْدَ اِنْحِنَاءٍ لَا وَضْعُ جَبْهَةٍ وَكَانَ تَحِيَّتُهُمْ فِىْ ذٰلِكَ الزَّمَانِ

''પોતાના માતા પિતાને ઉઠાવ્યા એટલે કે પોતાની સાથે બેસાડયા તખ્ત પર અને પડયા એટલે એમના માતા પિતા અને એમના ભાઈઓ (એમને સિજદામાં), સિજદો નમન છે, કપાળ રાખવું નહીં અને એ નમન એમની એ સમયમાં સ્વાગતની વસ્તુ હતી.'' *(તફસીરે જલાલૈન, ભાગ–૨, પેજ–૨૪૨)*





આ બીજી આયતનો મતલબ પણ એ જ બતાવવામાં આવ્યો કે જો હઝરત યૂસફ માટે સિજદો કર્યો એ મતલબ લેવામાં આવે તો એનો મતલબ જમીન પર કપાળ રાખવું નથી માત્ર નમન કરવું છે, તો જેઓ જમીન પર કપાળ રાખવું મુરાદ લે છે તેઓ ગલતી પર છે. બંદાને સિજદો ખુદાના સિજદા માફક કરવામાં નથી આવતો, અને કરવામાં પણ નથી આવ્યો કારણ કે એને શરઈ સિજદો કહેવામાં આવે છે જેમાં કપાળ જમીન પર રાખવામાં આવે અને એ ઈબાદતની નિય્યતે જ માન્ય રાખવામાં આવ્યો છે. ખુલાસો એ કે કપાળ રાખીને સિજદો મખ્લૂક માટે સાબિત નથી.

## ★ તફસીરે સાવી અલ્ જલાલૈન ★

### (અલ્લામા અહમદ બિન મુહમ્મદ સાવી માલેકી ખલ્વતી, વફાત : હિ.સ. ૧૨૪૧)

જલાલૈનમાં તફસીર પેટે જે લખાણ કરવામાં આવ્યું છે એમાં જે વાત સમજમાં ન આવી શકે એવી વાતોનો ખુલાસો, અને કોઈ તફસીરમાં મુફસ્સિરે જે શબ્દો વર્ણન કર્યા એનું કારણ બતાવવા જેવું હોય તો બતાવું, એ કામ સાવીમાં કરવામાં આવ્યું છે ઉપરોક્ત જે તફસીર થઈ જેમાં સિજદાનો મતલબ ''ઈન્હેના'' કરવામાં આવ્યો તો એનું કારણે બતાવતાં વર્ણન કરે છે.

قَوْلُهٗ بِالْاِنْحِنَاءِ]اَشَارَ بِذٰلِكَ اِلٰى اَنَّ الْمُرَادَ السُّجُوْدُ اللُّغَوِىُّ وَهُوَ الْاِنْحِنَاءُ كَسُجُوْدِ اِخْوَةِ يُوْسُفَ وَ اَبَوَيْهِ لَهٗ وَهُوَ تَحِيَّةُ الْاُمَمِ الْمَاضِيَّةِ وَاَمَّا تَحِيَّتُنَا فَهِىَ السَّلَامُ وَعَلَيْهِ فَلَا اِشْكَالَ

''મુફસ્સિરનું કહેવું નમન'' એનાથી ઈશારો છે એ વાતનો કે સિજદાથી ડિક્ષનરીવાળો સિજદો મુરાદ છે અને એ નમન છે જેમ કે હઝરત યૂસુફના ભાઈઓ અને માતા પિતાનું એમને સિજદો કરવો અને એ આગલી ઉમ્મતોમાં સ્વાગતનો રિવાજ હતો અને અમારું સ્વાગત તો એ સલામ છે, અને આનાથી હવે કોઈ શંકા રહેતી નથી.'' *(સાવી, ભા. ૧, પેજ. ૨૦/૨૧)*

નમન કરવું પણ આપણી શરીઅતમાં નથી કારણ કે આપણને મુલાકાત સમયની સુન્નત સલામ આપવામાં આવી છે, આગલી ઉમ્મતોમાં એ કામ નમન કરીને કરવામાં આવતું હતું, એટલે અલ્લામા સાવીએ જલાલૈનમાં શબ્દનું કારણ બતાવ્યું કે સિજદો જમીન પર કપાળ રાખવાના અર્થમાં નથી એટલે સિજદાથી સિજદો મુરાદ લેવામાં ન આવે માત્ર નમન મુરાદ લેવામાં આવે.

**બીજો અર્થ :-**

સાવીમાં બીજો અર્થ આ પ્રમાણે બતાવવામાં આવ્યો :-

**قَالَ بَعْضُ الْمُفَسِّرُوْنَ اِنَّ السُّجُوْدَ الشَّرْعِیَّ وَضْعُ الْجَبْهَةِ عَلَی الْاَرْضِ وَ آدَمُ قِبْلَةَ کَالْکَعْبَةِ فَالسُّجُوْدُ لِلّٰهِ وَاِنَّمَا آدَمُ قِبْلَةَ**

''અમુક મુફસ્સિરોએ કહ્યું કે શરઈ સિજદો હતો જમીન પર કપાળ રાખ્યું હતું અને આદમ કિબ્લો હતા કા'બા માફક તો સિજદો અલ્લાહ માટે હતો અને આદમ કિબ્લો હતા.'' *(સાવી, ભાગ-૧, પેજ-૨૧)*

હઝરત શૈખ અહમદ બિન મુહમ્મદ ફર્માવે છે કે જો સિજદાથી જમીન પર કપાળ રાખવું મુરાદ લેવામાં આવે તો એ સિજદો માત્ર અલ્લાહનો છે ગયરે ખુદાને કરવામાં નથી આવ્યો, તો એવી સ્થિતિમાં હઝરત આદમને કિબ્લો સમજવામાં આવશે. સિજદો કિબ્લાને હોતો જ નથી. ખુલાસો એ કે ગયરે ખુદા માટે જમીન પર પેશાની અને કપાળ રાખવું આગલી શરીઅતમાં પણ સાબિત ન થયું.

## ★ જલાલુદ્દીન સાહેબનું સિજદાને નમન કહેવું ★

**قَوْلُهٗ سُجُوْدٌ [اِنْحِنَاءً]اَیْ عَلٰی عَادَةِ تَحِیَّةِ الْمُلُوْكِ وَ هٰذَا اَحَدُ الْقَوْلَیْنِ وَقِیْلَ اَلْمُرَادُ بِالسُّجُوْدِ حَقِیْقَتُهٗ وَهُوَ وَضْعُ الْجَبْهَةِ عَلَی الْاَرْضِ وَلَایُشْکَلُ عَلٰی هٰذَا اَنَّ حَقِیْقَةَ السُّجُوْدِ لَاتَکُوْنُ اِلَّا لِلّٰهِ لِاَنَّهٗ یُقَالُ اِنَّ یُوْسُفَ جُعِلَ کَالْقِبْلَةِ لِذٰلِكَ السُّجُوْدِ وَمَاقِیْلَ فِیْ سُجُوْدِ الْمَلٰئِکَةِ لِاٰدَمَ یُقَالُ هُنَا**

''એટલે કે રાજાઓના સ્વાગતનો તરીકો છે. અને આ બે મંતવ્યો પૈકીનું એક છે. અને કહેવામાં આવ્યું સિજદાથી મુરાદ વાસ્તવમાં જમીન



મુકાશફતુલ ગુયૂબ વ હકીકતુસ્ સુજૂદનું ઓપરેશન

પર કપાળ રાખવું છે અને આના પર કોઈ શંકા નથી એટલા માટે કે વાસ્તવિક સિજદો અલ્લાહ માટે જ હોય છે એટલા માટે કે કહેવામાં આવે છે કે યૂસુફ એ સિજદા માટે કિબ્લા માફક બનાવવામાં આવ્યા હતા અને જે હઝરત આદમના સિજદામાં કહેવામાં આવ્યું અહીં પણ છે.'' *(સાવી, ભાગ-૨, પેજ-૨૪૨)*

**ત્રીજો અર્થ :-**

**وَعَلَی الثَّانِیْ فَاللَّامُ بِمَعْنٰی اِلٰی اَیْ اُسْجُدُوْا جِهَةَ آدَمَ فَاجْعَلُوْهُ قِبْلَتِکُمْ**

''અને બીજું એ કે ''લામ'' ''ઈલા''ના અર્થમાં છે તો મતલબ થયો આદમ તરફ સિજદો કરો અને આદમને તમારો કિબ્લો બનાવો.'' આ અર્થમાં પણ હઝરત આદમને સિજદો સાબિત ન થયો, એમનું કિબ્લો હોવું પુરવાર થયું.

જ્યારે આયત એક અર્થ માટે નિયુક્ત ન થઈ તો એ પોતાના અર્થમાં યકીની ન રહી અને સિજદાના દાવેદાર માટે પુરાવા પાત્ર ન રહી, કારણ કે રિયલ અને વાસ્તવિક સિજદો કોઈ પણ ગયરે ખુદા માટે સાબિત જ ન થયો તો એનો ઉલ્લેખ કરતાં અલ્લામા સાવી વર્ણન કરે છે :-

**وَالْآیَةُ مُحْتَمِلَةٌ لِلْمَعْنَیَیْنِ وَلَانَصَّ یُعَیِّنُ اَحَدَهُمَا**

''આયત બંને અર્થમાં શંકાસ્પદ બની ગઈ અને આયતનું ફર્માન બેમાંની એકને નિયુક્ત નથી કરતું.'' *(સાવી, ભાગ-૧, પેજ-૨૧)*

આ પુરાવો અમે એટલા માટે વર્ણન કર્યો કે જેઓ કહે છે કે કુર્આનની ખબરવાળી આયતમાં નસ્ખ નથી, તો આ આયત હવે પોતાના એક અર્થમાં નિયુક્ત ન રહી, એટલે એનાથી સહીહ હદીષોનો જેના પર સઘળા સહાબા અને ઉલમાની સંમતિ છે એ પુરાવો હરામ હોવા પર સશક્ત બની ગયો.

## ★ તફસીરે સવાતિઉલ ઈલ્હામ ★

અલ્લામા અબૂલ ફય્ઝ ફય્ઝી

**[وَ]اذْکُرُ مُحَمَّدُ [اِذْ] عَهْدَا [قُلْنَا] آمِرًا [لِلْمَلٰئِکَةِ]لَمَّا عَلَّمَهُمْ آدَمُ الْاَسْمَاءَ کَلَّهَا اِکْرَامًا لِآدَمَ [اُسْجُدُوْا]مَسُّوْا رُؤْسَکُمْ سَطْحَ الْعَرَاءِ وَهُوَ الْاَصْلُ اَوِ**

الْمُرَادُ اِرْكَعُوْا هكُوعًا[لِآدَمَ]وَهُوَ اِمَامٌ لَّكُمْ وَمَالِكٌ لِمَالِكِ الْعَالَمِ وَ حَاكِمٌ لِحَاكِمِ الْكُلِّ عِلْمًا وَ كَمَالًا [فَسَجَدُوْا]طَاطَأُوْا كُلُّهُمْ لَهٗ رُؤُسَهُمْ

''અને યાદ કરે મુહમ્મદ ! એ સમય કે અને કહ્યું (હુકમ આપતાં) ફરિશ્તાઓને કે આદમને જે તમને સઘળાં નામો બતાવ્યાં એના કારણે આદમની ઈજ્જત માટે સિજદો કરો, એમનું માથુ ચૂમો, ખુલ્લા ભાગની ઉપરનું, અને એ જ મૂળ છે, અથવા મતલબ છે રુકૂઅ કરો ઝુકીને આદમને અને એ તમારા ઈમામ અને એ માલિકે આલમની તરફ માલિક અને હાકિમ છે ઈલ્મ અને કમાલમાં.'' *(સવાતિઉલ ઈલ્હામ, પેજ–૩૦)*

આ તફસીરમાં પણ મુફસ્સિર સાહેબે કહ્યું કે સિજદો અહીં વાસ્તવિક અર્થમાં નથી બલ્કે એનો મતલબ છે હઝરત આદમના માથાનું ચુમન કરો ! અને એમની આગળ નમન કરો, એથી વિશેષ કંઈ પુરવાર ન થયું, ખુલાસો એ કે સિજદો સિજદાના અર્થમાં છે જ નથી જે હઝરત આદમ માટે માનવામાં આવે.

ورفع ابویه]واکرم والده مع عرسه و احلهما [علی العرش]صدده[وخروا]هار الوالد مع الاهل و الاولاد[له] للملك[سجدا]رکعا او المراد مدلوله المعلوم لحله حینئذ ولاح ماول ماراه اولا وروا الهاء لله و الواو للوالد و اهله و اولاده

''અને બેસાડયાં પોતાનાં માતા પિતાને અને ઈજ્જત કરી વાલિદની એમની પત્ની સાથે અને રાખ્યાં બંનેને તખ્ત પર નિય્યતથી અને (પડયા) પિતાએ પોતાની પત્ની અને ઔલાદ સાથે ઈરાદો કર્યો (એમના માટે) રાજા માટે સિજદાનો, રુકૂઅનો અથવા મતલબ જે જાણીતો છે એ (સિજદો) એ સમયે એના હલાલ હોવાથી, ના આ સમયે પ્રથમથી મુઅવ્વલ છે, અને લોકોની રાય એ છે કે ''હા'' અલ્લાહ માટે છે અને ''વાવ'' પિતા પત્ની અને ઔલાદ છે.'' *(હવાલો ઉપર મુજબ)*

આ આયતની તફસીરમાં પણ એ જ ફર્માવ્યું કે સિજદો જમીન પર કપાળ રાખવાના અર્થમાં નથી માત્ર નમન અને રુકૂઅ જેટલી હદે નમવામાં છે, એનાથી અધિકમાં નહીં. એટલે સિજદએ તા'ઝીમી અને





તહિય્યતનો મતલબ માત્ર નમન જ થાય છે.

## ★ તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન ★

હઝરત નઈમુદ્દીન મુરાદાબાદી

*(ખલીફએ આ'લા હઝરત)*

સિજદા દો તરહ કા હોતા હય, એક સિજદએ ઈબાદત જો બકસ્દે પરસ્તિશ કિયા જાતા હય, દુસરા સિજદએ તહિય્યત જિસસે મસ્જૂદકી તા'ઝીમ મંઝૂર હોતી હય ન કે ઈબાદત.

**મસ્અલા** : સિજદએ ઈબાદત અલ્લાહ તઆલા કે લિએ ખાસ હય, કિસી ઔર કે લિએ નહીં હો સકતા ન કિસી શરીઅતમેં કભી જાઈઝ હુવા, યહાં જો મુફસ્સિરીન સિજદએ ઈબાદત મુરાદ લેતે હંય વોહ ફર્માતે હંય કે સિજદા ખાસ અલ્લાહ તઆલા કે લિએ થા ઔર હઝરત આદમ عليه السلام કિબ્લા બનાયે ગએ થે તો વોહ મસ્જૂદ ઈલયહ થે ન કે મસ્જૂદ લહુ, મગર યહ કોલ ઝઈફ હય ક્યોં કે ઉસ સિજદાસે હઝરતે આદમ અલા નબીય્યના વ અલૈહિસ્સલાતુ વસ્સલા કા ફઝલો શર્ફ ઝાહિર ફર્માના મકસૂદ થા ઔર મસ્જૂદ ઈલયકા સાજિદસે અફઝલ હોના કુછ્છા જરૂરી નહીં જૈસા કે કા'બા મુઅઝ્ઝમા હુઝૂર સૈયદિ અંબિયા صلى الله عليه وسلم કા કિબ્લા વ મસ્જૂદ ઈલયહ હય બાવજૂદ કે હુઝૂર ઉસસે અફઝલ હંય. દુસરા કોલ યહ હય કે યહાં સિજદએ ઈબાદત ન થા સિજદએ તહિય્યત થા ઔર ખાસ હઝરત આદમ عليه السلام કે લિએ થા, ઝમીન પર પેશાની રખ કર થા ન કે સિર્ફ ઝુકના, યહી કોલ સહીહ હય ઔર ઉસી પર જમહૂર હંય. *(મહારિક)*

**મસ્અલા** : સિજદએ તહિય્યત પહેલી શરીઅતોમેં જાઈઝ થા હમારી શરીઅતમેં મન્સૂખ કિયા ગયા, અબ કિસી કે લિએ જાઈઝ નહીં હય, ક્યોં કે જબ હઝરતે સલમાન رضى الله عنه ને હુઝૂરે અકદસ صلى الله عليه وسلم કો સિજદા કરનેકા ઈરાદા કિયા તો હુઝૂરને ફર્માયા કે મખ્લૂકકો ન ચાહીએ કે અલ્લાહ તઆલા કે સિવા કિસી કો સિજદા કરે. (મહારિક) *(ખઝાઈનુલ ઈર્ફાન, રુકૂઅ ચાર)*

હઝરત નઈમુદ્દીન સાહેબની ઉપરોક્ત તફસીરમાં હઝરત આદમ માટે પેશાની જમીન પર રાખીને સિજદો કરવામાં આવ્યો હતો એ સાબિત કરવામાં આવ્યું પણ આપે એનો જવાબ પણ આપ્યો કે એ આગલી શરીઅતની વાત હતી, આપણી શરીઅતમાં એ હુકમ મન્સૂખ કરી દેવામાં આવ્યો છે એટલે એ ઉલમા અને સહાબાની સંમતિથી હરામ થઈ ગયો જેને માનવું જરૂરી અને ઈમાનનો એક ભાગ થઈ ગયો. એટલે ખઝાઈનુલ ઈર્ફાનની આ વાત પણ ભૂલવામાં ન આવે કે તાઝીમી સિજદો આપણી શરીઅતમાં હરામ છે અને એનો હુકમ ઉઠાવી લેવામાં આવ્યો છે.

ورفع ابويه على العرش و خروا له سجدا "ઔર અપને માં બાપ કો તખત પર બિઠાયા ઔર સબ ઉસકે લિએ સિજદેમેં ગીરે."

યહ સિજદા તહિય્યતો તવાઝુઅકા થા જો ઉન્કી શરીઅતમેં જાઈઝ થા જૈસે કે હમારી શરીઅતમેં કિસી મુઅઝ્ઝમ કી તા'ઝીમ કે લિએ કિયામ, મુસાફહા ઔર દસ્તબોસી જાઈઝ હય, સિજદએ ઈબાદત અલ્લાહ તઆલા કે સિવા ઔર કિસી કે લિએ કભી જાઈઝ નહીં હુવા ન હો સક્તા હય, ક્યોં કે યહ શિર્ક હય, ઔર સિજદએ તહિય્યતો તા'ઝીમ ભી હમારી શરીઅતમેં જાઈઝ નહીં. *(ખઝાઈનુલ ઈર્ફાન, સૂરએ યૂસુફ, આ. ૧૦૦)*

આનાથી પણ એ જાણવા મળ્યું કે તા'ઝીમી સિજદો આપણી શરીઅતમાં જાઈઝ નથી, હરામ કરી દેવામાં આવ્યો છે. ઉમ્મતે મુસ્લેમાની એકમતિ આ વાત પર છે, એટલે એમાં જાઈઝ હોવાનો સવાલ ઉપસ્થિત થતો જ નથી. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા બરેલ્વી رضی اللہ عنہ ના માનવાવાળાઓ માટે આથી વિશેષ કોઈ પુરાવો નથી કે ખઝાઈનુલ ઈર્ફાનમાં એના હરામ હોવાનું અને મન્સૂખ હોવાનું એલાન કરી દેવામાં આવ્યું અને મસ્લકે હક્કનો એના પર સિક્કો લગાડી દેવામાં આવ્યો. વર્તમાનકાળમાં સર્વ સુન્નીઓ પોતાને આ'લા હઝરત ઈમામ અહમદ રઝા અને એમના મસ્લકના મહાન આલિમો તરફ સંબંધિત કરે છે એટલે સર્વનું એક જબાને કહેવું એ જ હશે કે અમારી શરીઅતમાં ગયરે ખુદાને કોઈ પ્રકારનો સિજદો જાઈઝ નથી, નથી અમે કર્યો, અને





ન કોઈને કરવા દઈશું, અને જે કોઈ આમ કરતો હશે કે કરાવતો હશે કે પછી એમાં જવાઝનો માર્ગ કાઢવાની કોશિશ કરતો હશે એને સત્ય અહલે સુન્નત કોને કહેવાય એનો સબક શિખવીને રહીશું, નથી અમે બાતિલ, અને નથી અમે કોઈ બાતિલને સાથ આપનાર, અમે હક્ક છીએ અને હક્કની સાથે રહીશું, બાતિલ નથી અને બાતિલને અલગ કરીને રહીશું. અમારો ગગન ચુંબી નારો છે :–

મસ્લકે આ'લા હઝરત ઝિન્દાબાદ !
મસ્લકે અહલે સુન્નત પાઈન્દાબાદ !

## ★ તફસીરે ઉષ્માની ★

### મૌલ્વી શબ્બીર અહમદ ઉષ્માની દેવબંદી

واذ قلنا للملئكة اسجدوا لآدم فسجدوا الا ابليس

જબ હઝરતે આદમ કા ખલીફા હોના મુસલ્લમ હો ચૂકા તો ફરિશ્તોં કો ઔર ઉન્કે સાથ જિન્નાતોં કો હુકમ હુવા કે હઝરતે આદમ કો સિજદા કરે ઔર ઉનકો કિબ્લએ સોજૂદ બનાએં, જૈસા કે સલાતીન અપના વલીએ અહદ મુકર્રર કરતે હંય, ફિર અરકાને દૌલત કો નઝર પેશ કરને કા અહદ કરતે હંય તાકે કિસીકો સરતાબીકી ગુંજાઈશ ન રહે. ચુંનાચે સબને સિજદએ મઝકૂર અદા કિયા સિવાય ઈબ્લીસ કે અસલસે જિન્નાતમેં સે થા ઔર મલાઈકા કે સાથ કમાલે ઈખ્તિલાત રખતા થા ઔર સબબ ઉસ સરકશીકા યહ હુવા કે જિન્નાત ચંદ સાલ સે ઝમીનમેં મુતસર્રિફ થે, ઔર આસ્માન પર ભી જાતે થે, જબ ઉનકા ફસાદ ઔર ખુંરેઝી બઢી તો મલાઈકાને બહુકમે ઈલાહી બા'ઝકો કત્લ કિયા ઔર બા'ઝ કો જંગલ, પહાડ ઔર જઝાઈરમેં મુન્તશિર કર દિયા, ઈબ્લીસ ઉનમેં બડ઼ા આલિમો આબિદ થા, ઉસને જિન્નાત કે ફસાદસે અપની બેલૌષી ઝાહિર કી, ફરિશ્તોં કી સિફારિશસે યહ બચ ગયા ઔર ઉનહીંમેં રહને લગા ઔર ઈસ તમઅમેં કે તમામ જિન્નાત કી જગા અબ સિર્ફ મૈં ઝમીનમેં મુતસર્રિફ બનાયા જાવું, ઈબાદતમેં બહુત કોશિશ કરતા રહા, ઔર ખિલાફતે અર્ઝ કા ખિયાલ પકાતા રહા. જબ હુકમે ઈલાહી હઝરતે આદમ કી નિસ્બત ખિલાફત કા ઝાહિર હુવા તો ઈબ્લીસ માયૂસ હુવા

ઔર ઈબાદતે રિયાઈ કે રાઈગા જાને પર જોશે હસદમેં સબ કુચ્છ કિયા ઔર મલઊન હુવા. *(તફસીરે ઉષ્માની, પેજ–૮)*

**ખુલાસો** : દેવબંદી મૌલ્વીએ તફસીર કરી કે જ્યારે ફરિશ્તાઓને સિજદો કરવાનો હુકમ થયો તો ફરિશ્તાઓએ સિજદો કર્યો, અને એ સિજદો અલ્લાહનો હતો પણ એમાં હઝરત આદમને કિબ્લો બનાવ્યા તાકે એમની ઈજ્જત જાહેર થાય, તો અહીં સિજદો અલ્લાહનો હતો, જેમ કે અરબી તફસીરોથી એનો ખુલાસો કરી દેવામાં આવ્યો.

ورفع ابويه على العرش و خروا له سجدا યૂસુફને અપની તરફસે વાલેદૈન કી તા'ઝીમ કી, તખ્ત પર બિઠાયા લેકિન ! ખુદા કો યૂસુફ કી જો તા'ઝીમ કરાની થી ઉસે યૂસુફ કબ રોક સક્તે થ. ઉસ વક્ત કે દસ્તૂર કે મુવાફિક માં બાપ ઔર યહ સબ ભાઈ યૂસુફ عليه السلام કે આગે સિજદામેં ગિર પડે, યહ સિજદા તા'ઝીમી થા, જો બકોલ હાફિઝ ઈમાદુદ્દીન ઈબ્ને કષીર આદમ કે ઝમાનાસે મસીહ عليه السلام કે અહદ તક જાઈઝ રહા, અલબત્તા શરીઅતે મુહમ્મદીયાને મમનૂઅ વ હરામ કરાર દિયા, જૈસા કે અહાદીષે કષીરા ઈસ પર શાહિદ હંય, બા'ઝ મુફસ્સિરીનને ઈસ જગા સિજદા કે મઅનએ મુતબાદિર મુરાદ નહીં લિએ, મહઝ ઝુક જાને કે મઅના મુરાદ લિએ હંય, બા'ઝ કહતે હંય કે યહ સિજદા યૂસુફ કો ન થા બલ્કે યૂસુફ કી ઈઝ્ઝતો અઝમત દેખ કર સબને ખુદા કે સામને સિજદએ શુક્ર અદા કિયા, ઈસ તકરીર પર **"વ ખરરૂલહુ"**મેં **લામ** સબબિયા હોગા, યઅની યૂસુફ કે ઉરૂજો ઈકતેદાર કે સબબસે ખુદા કે આગે સિજદામેં ગિર પડે.

**તંબીહ** : તા'ઝીમ ઔર ઈબાદત દો અલગ અલગ ચીઝેં હંય, ગયરૂલ્લાહકી તા'ઝીમ કુલ્લિયત મમનૂઅ નહીં, અલબત્તા ગયરૂલ્લાહ કી ઈબાદત શિર્કેજલી હય, જિસકી ઈજાઝત એક લમ્હા કે લિએ કભી નહીં હુઈ, ન હો સકતી હય, "સુજૂદે ઈબાદત" યઅની ગયરૂલ્લાહ કો કિસી દરજામેં નફઉ ઝર્રકા મુસ્તકિલ માલિક સમઝ કર સિજદા કરના શિર્કે જલી હય જિસકી ઈજાઝત કભી કિસી મિલ્લતે સમાવીમેં નહીં હૂઈ, હાં ! "સુજૂદે તા'ઝીમ" યઅની અકીદએ મઝકૂરા બાલા સે ખાલી હોકર





મહઝ તા'ઝીમો તકરીમ કે તોર પર સર બ સુજૂદ હોના શરાઈએ સાબિકામેં જાઈઝ થા, શરીઅતે મુહમ્મદીયા અલા સાહિબિહસ્સલાતુ વત્તસ્લમીનને ઉસકી ભી જળ કાટ દી. *(તફસીરે ઉષ્માની, પેજ–૩૨૭)*

કહેવાનો ભાવાર્થ એ છે કે જો સિજદએ તા'ઝીમી લેવામાં આવે તો પણ એ આગલી શરીઅતોમાં એની રજા હતી પણ આપણી શરીઅતમાં એ જાઈઝ ન રહ્યો, એને હરામ કરી દેવામાં આવ્યો, એટલે આપણી શરીઅતમાં એની રજા ન રહી પછી એના જાઈઝ હોવાની પાછળ પડવું વાસના સિવાય બીજું કંઈ કહી શકાતું નથી.

આ તફસીર દેવબંદીઓની છે પણ અમે એટલા માટે એનું લખાણ કર્યું કે એ જાણવા મળે કે આ વાતમાં નજીક નજીક સર્વ એક સમાન છે, કોઈનો કાંઈ વિવાદ નથી, સર્વ જ એને આપણી શરીઅતના આધારે હરામ સમજે છે, માત્ર આપણા સુન્નીઓમાં અમુક ગુમરાહ, બદ્દીન, જાહિલ લોકો છે જેમણે ઈલ્મનું નામ પણ સાંભળ્યું નથી અને ખાનકાહો ખોલીને લોકોને ઉલ્લુ બનાવવા ચાલ્યા છે ! તેઓ એના જાઈઝ હોવાની બૂમો પાડે છે. સુન્ની મુસલમાનોએ એવા લોકોને પારખી અલગ કરવા જોઈએ. એવા લોકો વાસ્તવમાં દીન તોડનાર છે.

## ★ તફસીરે હક્કાની ★

અલ્લામા અબૂ મુહમ્મદ અબ્દુલ હક્ક હક્કાની દહેલ્વી

واذ قلنا للملئكة اسجدوا لآدم فسجدوا الا ابليس સિજદા લુગત (ડિક્ષનરી)મેં સર ઝુકા કર આજેઝી ઔર ફર્માંબરદારી ઝાહેર કરતા હય કોઈ શાઈરે અરબ કહેતા હય :–

بجمع تضل البلق فی حجراته ۔ تری الاکم فیه سجدا للحوافر

"અબૂ મુનાફિક શાઈર બની આમિરમેં સે કહતા હય કે મુઝકો જબ તુમ જાનોગે કે મેં લશ્કરે અઝીમ (મોટું) લેકર તુમ પર હમ્લા આવર હોઉંગા કે જિસકે અતરાફમેં અબલક ઘોડોંકા પતા ન લગે ઔર જિસકે ઘોડોંકી ટાપોં કે આગે ટીલે સિજદા કરેંગે (એટલે નમશે) યઅની ઝુકેંગે."

અને કહ્યું :–

فَقَدْنَ لَهَا وَهُمَا اَبِيَا خِطَامَهٗ ۔ وَقُلْنَ لَهٗ اُسْجُدْ لِلَيْلٰى فَاسْجُدَا

ઔરતેં એક સખ્ત મુંહઝોર ઊંટકો લૈલાકે પાસ ખીંચ કર લાઈ ઔર કહા કે લૈલાકો સિજદા કર, યઅની ઉસકે આગે ઝુક જા ! તો ઉસને ગર્દન ઝુકા દી, અલ ગર્ઝ સિજદા કે મઅના લુગત (ડિક્ષનરી) મેં ઝુકની હય, ઔર શરઅને ઉસકો ખાસ કર લિયા હય ઔર ઉસકે મઅના ઝમીન પર પેશાની રખના કરાર દિયા, ઈસમેં નિહાયત દરજાકી તા'ઝીમ હય, ઈસ લિએ શરીઅતને ઉસકો ગયરૂલ્લાહ કે લિએ હરામ કર દિયા. અહાદીષે સહીહા ઉસમેં બકષરત હંય. વકાલા તઆલા لَا تَسْجُدُوْا لِلشَّمْسِ وَلَا لِلْقَمَرِ وَاسْجُدُوْا لِلّٰهِ الَّذِىْ خَلَقَهُنَّ કે ન આફતાબ કો ન માહતાબ કો સિજદા કરો, જિસને ઉનકો પેદા કિયા ઉસકો સિજદા કરો. ઔર ઈન્જિલે મત્તા કે ચોથે બાબમેં યહ યહ કે શૈતાનને મસીહસે કહા કે તૂ મુઝે સિજદા કરે તો તુઝે સબ કુચ્છ દૂં, તબ મસીહને ઉસે કહા કે અય શૈતાન ! દૂર હો ! ક્યોં કે લિખ્ખા હય કે તૂ ખુદાવંદ અપને ખુદા કો સિજદા કર ઔર ઉસ અકેલે કે લિએ બંદગી કર.

ઈસ તકદીર પર ખુદાને ફરિશ્તોંકો ઐસા હુકમ કે જો ઉસકી ઝાતે મુકદસાકે લિએ મખસૂસ હય દુસરે કે લિએ ક્યોં દિયા ?! જવાબ યહ યહ કે સિજદા સે મુરાદ લુગવી મઅના હય, યઅની ઝુકના ઔર તા'ઝીમ કરના, સો યહ હુકમ મુખતસ બઉબુદિય્યત નહીં, બલ્કે છોટા બડે કે આગે ઔર શાગિર્દ ઉસ્તાદ કે આગે તાઝીમો તકરીમસે પેશ આતા હય, હઝરત યૂસુફ عليه السلام કે ભાઈ ઔર બાપ ભી ઈસી તરહ ઉનસે પેશ આયે થે.

(وَخَرُّوْا لَهٗ سُجَّدًا) ઔર જો સિજદે કે શરઈ મઅના મુરાદ રખ્ખે જાવેં તો આદમ મસ્જૂદે હકીકી ન થે, બલ્કે આદમ ઈસ જિહતસે (કે તમામ ખુદાઈકા મજમૂઆ ઔર અસરારે ખુદાઈકા નમૂના ઔર ઉસકે જમાલે બાકમાલકા આઈના થે) કુબ્લએ સુજૂદ થે, યઅની હઝરતે આદમ عليه السلام કી તરફ મુંહ કર કે ખુદા કો સિજદા કરો اُسْجُدُوْا لِاٰدَمَ મેં "લામ" બિમઅના "ઈલા" હય યઅની **લામ** કે મઅના વાસ્તે કે નહીં





બલ્કે તરફ કે હંય, જૈસા કે ઈસ શેઅરમેં હય :–

اَلَيْسَ اَوَّلَ مَنْ صَلّٰى لِقِبْلَتِكُمْ – وَاَعْرَفَ النَّاسِ بِالْقُرْاٰنِ وَ السُّنَنِ

(આ શેઅરમાં લિકબ્લતિકુમમાં "લામ" "ઈલા"ના અર્થમાં છે કે નમાઝ કિબ્લાની પઢવામાં નથી આવતી બલ્કે કિબ્લા તરફ પઢવામાં આવે છે.) *(તફસીરે હક્કાની, ભાગ–૧, પેજ–૧૫૯)*

આ તફસીરમાં પણ સિજદાના અલગ અલગ અર્થ બતાવવામાં આવ્યા એટલે એ એક અર્થમાં નિયુક્ત ન રહ્યો, અને સિજદાના અર્થમાં હોય તો પણ શું ?! જ્યારે આપણા નબીએ આપણને એનાથી મનાઈ કરી તો એ આપણા માટે જવાઝ (જાઈઝ હોવાના)ના દરજામાં ન રહ્યો.

## ★ તફસીરે હુસૈની ★

**હઝરત મૌલાના અલ્લામા હુસૈન વાઈઝ કાશેફી**

وَاِذْ قُلْنَا ઔર અય રસૂલ યાદ કરો ! ઉસકો ભી જો હક્કને કહા لِلْمَلٰٓئِكَةِ સબ ફરિશ્તોંસે કે યકસાથ اسْجُدُوْا સિજદા કરો لِاٰدَمَ આદમ કો સિજદએ તહિય્યતો તા'ઝીમ فَسَجَدُوْٓا પસ સબ ફરિશ્તોંને સિજદા કિયા. *(તફસીરે હુસૈની, પેજ–૯)*

وَرَفَعَ اَبَوَيْهِ ઔર બાપ ઔર ખાલાકો બિઠાયા عَلَى الْعَرْشِ તખ્ત પર وَخَرُّوْا ઔર મુંહ કે બલ ગિરે બાપ ઔર ખાલા ઔર સબ ભાઈ, لَهٗ યૂસુફ કે આગે سُجَّدًا સિજદા કરતે હુએ. ઉસ જમાનેમેં ઈન્સાનકી તા'ઝીમો તવકીર સિજદે કે ઝરીયાસે હોતી થી, યૂસુફને જબ ઈસ હાલકો દેખા તો ખુશી ઔર ખુશનુદીકા ઈઝહાર કિયા. *(તફસીરે હુસૈની, પેજ–૩૭૭)*

ઉસ ઝમાનેમેં ઈન્સાન કી તા'ઝીમો તૌકીર સિજદે કે ઝરીયાસે હોતી થી, આ વધારો કરીને એ વાત તરફ ઈશારો છે કે આપણી શરીઅતમાં કપાળ માત્ર અલ્લાહ માટે ખાસ રાખવામાં આવ્યું છે. અલ્લાહ સિવાય કોઈના માટે તા'ઝીમ અને ઈજ્જત સિજદાથી તો શું રુકૂઅની હદથી પણ જાઈઝ નથી.

## ★ તફસીરે કબીર ★

### મફાતીહુલ ગયબ

અલ્લામા મુહમ્મદ બિન ઉમર બિન હુસૈન બિન હુસૈન બિન અલી બિકરી તિબ્રિસ્તાની રાઝી ઉપનામ ફખ્રુદીન (વિલાદત–જન્મ : ૫૪૪, વફાત : ૬૦૬)

**પહેલો મતલબ :–**

إِنَّ ذٰلِكَ السُّجُوْدَ كَانَ لِلّٰهِ تَعَالٰى وَآدَمُ عَلَيْهِ السَّلَامُ كَانَ قِبْلَةً ''બેશક ! એ સિજદો અલ્લાહ માટે હતો અને આદમ عليه الصلوٰة والتسليم કિબ્લા માફક હતા.''

આ લખાણ પર જે શંકા ઉપસ્થિત થાય છે એનું વર્ણન કરીને આપે જવાબ આપ્યા :–

પહેલી શંકા એ કે હઝરત આદમ કિબ્લા સમાન હતા તો આયતમાં ''ઈલા આદમ'' હોવું જોઈતું હતું, પણ ''લિ આદમ'' આવ્યું એનો મતલબ એ થયો કે આપ કિબ્લો ન હતા આપને સિજદો કરવામાં આવ્યો હતો.

બીજું એ કે ઈબ્લીસે કહ્યું أَرَأَيْتَكَ هٰذَا الَّذِىْ كَرَّمْتَ عَلَىَّ કે આપનું મસ્જૂદ હોવું એ બતાવે છે કે આપ સિજદો કરવાવાળાથી ઉત્તમ છે જો કિબ્લો હોતા તો આ દરજો પ્રાપ્ત ન થતો, એટલા માટે કે મુહમ્મદ صلى الله عليه وسلم કા'બા તરફ નમાઝ પઢતા હતા અને આપ કા'બાથી અફઝલ છે.

**જવાબ ૧ :** صَلَّيْتُ لِلْقِبْلَةِ અને صَلَّيْتُ عَلَى الْقِبْلَةِ બંને કહેવું જાઈઝ છે અને બંનેનો મતલબ એક છે, નમાઝ કિબ્લા માટે નહીં કિબ્લા તરફ પઢવામાં આવે છે. એના પર કુર્આન અને શેઅર બે દલીલો છે.

કુર્આનમાં છે :– اقم الصلوٰة لدلوك الشمس

નમાઝ અલ્લાહ માટે છે દુલુકે શમ્સ માટે નહીં. જ્યારે આ કહેવું જાઈઝ છે તો પછી صَلَّيْتُ لِلْقِبْلَةِ કહેવું જાઈઝ કેમ ન હોય ? જ્યારે કે નમાઝ કિબ્લા માટે નહીં અલ્લાહ માટે હોય છે, અને શેઅર હઝરત હસ્સાન رضي الله عنه નો છે (જેનો ઉલ્લેખ કરી દેવામાં આવ્યો છે) તો એમનું ફર્માન صَلَّى لِقِبْلَتِكُمْ આ મતલબનો પુરાવો છે.

**જવાબ ૨ :** ઈબ્લીસે એમની ઈજ્જતમાં શંકા કરી, અને એ





ઉત્તમતા અમે માન્ય નથી રાખતા કે માત્ર મસ્જૂદ બનાવવાથી પ્રાપ્ત થઈ જાય બલ્કે એ પ્રાપ્ત છે બીજી વાતોને લઈને.

**બીજો મતલબ :** સિજદો આદમ عليه الصلوٰة والتسليم માટે હતો તા'ઝીમ અને સ્વાગત માટે, એમની તરફથી સલામ માફક. હઝરત કતાદાએ ફર્માવ્યું ! (وَخَرُّوْا لَهٗ سُجَّدًا) એ સમયે સ્વાગતમાં લોકો એક બીજાને સિજદો કરતા હતા, હઝરત સુહૈબથી રિવાયત છે કે હઝરત મુઆઝ જ્યારે યમનથી આવ્યા તો નબીએ પાકને સિજદો કર્યો, આપે ફર્માવ્યું, અય મુઆઝ ! આ શું ?! વિનંતિ કરી ! બેશક ! યહૂદીઓ પોતાના બુઝુર્ગો અને આલિમોને સિજદો કરતા, અને મેં જોયું કે ઈસાઈઓ પોતાના પાદરીઓને સિજદો કરે છે, મેં પૂછયું, આ શું છે ?! કહ્યું, નબીઓનું સ્વાગત ! તો નબી عليه الصلوٰة والتسليم એ ફર્માવ્યું, એમણે નબીઓ પર જૂઠનો આક્ષેપ રાખ્યો.

હઝરત થૌરીથી રિવાયત છે અને સમ્માક બિન હાનીથી રિવાયત છે. આપે કહ્યું, જાષલીક અલી બિન અબી તાલિબ પાસે આવ્યા અને આપને સિજદો કરવાનો ઈરાદો કર્યો તો હઝરતે અલીએ ફર્માવ્યું : اسجد لله ولا تسجدلى ''સિજદો કરો અલ્લાહને, મને સિજદો ન કરો.''

અને નબી صلى الله عليه وسلم એ ફર્માવ્યું :–

لَوْ اَمَرْتُ اَحَدًا اَنْ يَّسْجُدَ لِغَيْرِ اللّٰهِ لَاَمَرْتُ الْمَرْاَةَ اَنْ تَسْجُدَ لِزَوْجِهَا لِعَظْمِ حَقِّهٖ عَلَيْهَا

''જો હું કોઈને હુકમ આપતો કે અલ્લાહ સિવાય બીજા કોઈને સિજદો કરે તો હું ઔરતને હુકમ આપતો કે પોતાના પતિને સિજદો કરે એનો હક્ક પત્ની માટે મહાન હોવાથી.''

**ત્રીજો મતલબ :** સિજદો ડિક્ષનરીમાં નમ્રતા અને માનવાના મતલબમાં છે. શાઈરે કહ્યું : تَرَى الْاَكَمَ فِيْهَا سُجَّدًا لِلْحَوَافِرِ ''તું જોશે કે ઘાટીઓ એમાં ઘોડાના પગોમાં સિજદામાં છે.'' એટલે કે એ નાની નાની પહાડીઓ ઘોડાઓના પગોમાં કચડાય રહી છે. અને એમાંથી અલ્લાહ તઆલાનું ફર્માન ફર્માન છે :– وَالنَّجْمُ وَالشَّجَرُ يَسْجُدَانِ *(તફસીરે કબીર, ભાગ–૧, પેજ–૪૨૮)*

આપની તફસીરથી એ જાણવા મળ્યું કે સિજદાનો એક અર્થ નથી

બીજા ઘણા મતલબો પણ થઈ શકે છે. અને એ માત્ર શંકા નથી બલ્કે મુફસ્સિરોએ અને અન્ય સહાબા જેમ કે હઝરત ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ عَنْھُمَا એ પણ લીધો, એટલે એને શંકા કહીને માર્ગમાંથી હટાવી નથી શક્તા. જ્યારે સિજદાનો અલગ અલગ અર્થ લેવામાં આવ્યો તો કુર્આનમાં જે સિજદો છે એનો અર્થ સિજદો જ લેવો નિ:શંક ! ન રહ્યો. એટલે એટલું કહી શકાય છે કે આગલી શરીઅતમાં એની રજા રહી હશે પણ આપણા માટે આપણા નબીની હદીષો અને મુજતહિદ ઈમામોના ઈજતેહાદી લખાણો મૌજૂદ છે તો પછી એમાં શંકાને સ્થાન ન રહ્યું કે આપણી શરીઅતમાં એ નિ:શંક ! હરામ છે. ورفع ابويه على العرش وخروا له سجدا

શબ્દકોષવાળાઓનું કહેવું છે :–

قال اهل اللغة العرش السرير الرفيع قال تعالىٰ[ولها عرش عظيم]والمراد بالعرش ههنا السرير الذى كان يجلس عليه يوسف واما قوله[وخروا له سجدا]ففيه اشكال و ذٰلك لان يعقوب عليه السلام كان ابا يوسف و حق الابوة عظيم قال تعالىٰ وقضىٰ ربك الا تعبدوا الا اياه و بالوالدين احسانا]فقرن حق الوالدين بحق نفسه۔ وايضا انه كان شيخا والشاب يجب عليه تعظيم الشيخ

"અર્શ તખ્ત છે અલ્લાહ તઆલાનું ફર્માન છે (એનું મોટુ તખ્ત છે) મુરાદ અર્શથી અહીં તખ્ત છે જેના પર યૂસુફ علیہ الصلوٰۃ والتسلیم બેસતા હતા, અને અલ્લાહનું ફર્માન (એમણે એને સજદો કર્યો) તો એમાં ઘણી શંકાઓ છે એટલે કે યાકૂબ علیہ الصلوٰۃ والتسلیم હઝરત યૂસુફ علیہ الصلوٰۃ والتسلیم ના પિતા છે અને બાપનો હક્ક વધારે છે. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું (અને તમારા રબે ફેંસલો કર્યો કે એના સિવાય કોઈની બંદગી ન કરો અને માં બાપની સાથે ભલાઈ કરો) તો અલ્લાહે માતા પિતાનો હક્ક પોતાના હક્ક સાથે મેળવ્યો, અને એ પણ કે આપ વૃદ્ધ હતા અને યુવાન પર જરૂરી છે કે વૃદ્ધની તા'ઝીમ કરે." *(ભાગ–૬, પેજ–૫૧૦, તફસીરે કબીર)*

انه كان من اكابر الانبياء و يوسف وان كان نبيا الا ان يعقوب كان اعلىٰ حالا منه





ત્રીજું એ કે યાકૂબ علیہ الصلوٰۃ والتسلیم બુઝુર્ગ નબીઓમાંથી છે અને યૂસુફ નબી છે પરંતુ યાકૂબ علیہ الصلوٰۃ والتسلیم એમનાથી ઉચ્ચતમ છે.

ان جد يعقوب و اجتهاده فى تكثير الطاعات اكثر من جد يوسف ولما اجتمعت هذه الجهات الكثيرة فهٰذا يوجب ان يبالغ يوسف فى خدمة يعقوب فكيف استجاز يوسف ان يسجد له يعقوب هذا تقدير السؤال

ચોથું એ કે હઝરત યાકૂબની કોશિશ અને શ્રમ વધારે ઈબાદતોમાં અધિક હતો હઝરત યૂસફના શ્રમથી, અને જ્યારે આ પ્રમાણેની ઘણી શંકાઓ ભેગી થઈ ગઈ તો આનાથી જરૂરી થઈ ગયું કે હઝરત યૂસુફ હઝરત યાકૂબની સેવામાં આગળ વધે, પછી હઝરત યૂસફ માટે એ માર્ગ કેમ નીકળે કે હઝરત યાકૂબ એમને સિજદો કરે ?! આ ચર્ચા હતી સવાલોની. (عَلَيْهِمَا الصَّلٰوةُ وَالسَّلَامُ)

## ★ ઉપરોક્ત શંકાઓના જવાબો ★

قول ابن عباس فى رواية عطاء ان المراد بهٰذه الاٰية انهم خروا له۔ اى لاجل وجدانه سُجَّدًا لله تعالىٰ

હઝરત ઈબ્ને અબ્બાસનું ફર્માન છે, હઝરતે અતાની રિવાયત એ છે કે આ આયતની મુરાદ હઝરતે યૂસુફના મળી જવાથી અલ્લાહ માટે સિજદામાં પડવું હતું.

وحاصل الكلام ان ذٰلك السجود كان سجودا للشكر فالمسجود له هو الله الا ان ذٰلك السجود انما كان لاجله

ખુલાસો એ છે કે એ સિજદો શુક્રનો સિજદો હતો અને જેના માટે સિજદો કરવામાં આવ્યો અલ્લાહ છે પણ એ સિજદો હઝરતે યૂસફના મળવાના કારણે હતો.

والدليل علىٰ صحة هذا التاويل انه قوله[ورفع ابويه على العرش و خروا له سجدا]مشعر بانهم صعدوا ذٰلك السرير ثم سجدوا له ولو انهم سجدوا ليوسف لسجدوا له قبل الصعود على السرير لان ذٰلك ادخل فى التوضع

અને આ ચર્ચાના સત્ય હોવાની દલીલ એ છે કે અલ્લાહ તઆલાનું

ફર્માન પોતાના માતા પિતાને તખ્ત પર ચઢાવ્યાં અને એમણે આપને (સિજદો કર્યો). આનાથી એ જાણવા મળે છે કે તેઓ તખ્ત પર ચઢયા પછી એમણે સિજદો કર્યો. જો એમણે યૂસફને સિજદો કરવો હતો તો તખ્ત પર ચઢતાં પહેલાં કરી લેતા, એટલા માટે કે નમ્રતામાં આનો જ દખલ વધારે છે.

فان قالوا ! فهٰذا التاويل لايطابق قوله[يا ابت هٰذا تاويل رؤياى من قبل]والمراد منه قوله[انى رايت احد عشر كوكبا و الشمس والقمر رايتهم لى ساجدين]

જો લોકો કહે કે આ ચર્ચા એમની આ વાત પ્રમાણે નથી, અય પિતા ! આ આથી પહેલાંના મારા સ્વપ્નની તાબીર છે, અને એ સ્વપ્નનો મતલબ એમનું આ ફર્માન છે મેં અગ્યાર તારાઓ અને સૂર્ય, ચાંદ જોયા કે તેઓ મને સિજદો કરે છે ! (એટલે કે સ્વપ્નમાં જયારે સિજદો કરવાનું બતાવવામાં આવ્યું તો વાસ્તવમાં જે કર્યું એને સિજદો કહેવામાં કેમ ન આવે ?!)

**જવાબ :-**

هٰذا مطابق ويكون المراد من قوله [والشمس والقمر رايتهم لى ساجدين]لاجل انها سجدت لله لطلب مصلحتى و للسعى فى اعلاء منصبى واذا كان هٰذا محتملا سقط السوال و عندى ان هٰذا التاويل متعين لانه لايستدلمن عقل يوسف و دينه ان يرضىٰ بان يسجد له ابوه مع سابقته فى حقوق الولادة و الشيخوخة والعلم والدين وكمال النبوة

આ એની પ્રમાણે જ છે અને એમના આ ફર્માનનો મતલબ કે (મેં સૂર્ય, ચાંદ જોયા કે મને સિજદો કરે છે.) મારા કારણથી કે એમણે સિજદો અલ્લાહને કર્યો મારા સારા હોવાની માંગમાં અને મારા પદની બુલંદીની કોશિશ.માં અને જયારે આ મતલબ લઈ શકાય છે તો સવાલ ઉઠી ગયો. અને ઈમામ રાઝી પોતે ફર્માવે છે, મને તો આ જ ચર્ચા (યોગ્ય) નિયુક્ત લાગી કે હઝરત યૂસફની અક્કલ અને એમના દીનથી એ દૂર છે કે આપ પોતાના પિતાના સિજદાથી ખુશ થાય, આગળ જન્મના અને વૃદ્ધ હોવાના




હક્કોને લઈને અને ઈલ્મ, દીન અને નબુવ્વતના કમાલથી. *(તફસીરે કબીર, ભાગ-૬, પેજ-૫૧૧)*

**બીજો જવાબ :-**

ان يقال انهم جعلوا يوسف كالقبلة وسجدوا لله شكرا لنعمة وجدانه وهٰذا التاويل حسن فانه يقال صليت للكعبة كما يقال صليت الى الكعبة

એ પણ કહી શકાય છે કે એમણે યૂસફને કિબ્લા માફક બનાવ્યા અને અલ્લાહ માટે સિજદો કર્યો યૂસફના મળવાની નેઅમતના શુક્રિયામાં, અને આ ચર્ચા ઉત્તમ છે કેમ કે કહેવામાં આવે છે, મેં કા'બા તરફ નમાઝ પઢી "લામ" સાથે જેમ કહેવામાં આવે છે મેં કા'બા તરફ નમાઝ પઢી "ઈલા" સાથે. (પછી હઝરત હસ્સાન رضی اللہ عنہ નો શેઅર વર્ણન થયો જેનો ઘણી વખત ઉલ્લેખ થઈ ગયો છે.)

وهٰذا يدل علىٰ انه يجوز ان يقال فلان صلى للقبلة وكذٰلك يجوز ان يقال سجد للقبلة [وخروا له سجدا]اى جعلوه كالقبلة ثم سجدوا لله شكرا لنعمة وجدانه

અને આ એ બતાવે છે જેમ ફલાણાએ કિબ્લા તરફ નમાઝ પઢી "લામ" સાથે આમ જ એ કહેવું પણ જાઈઝ છે એણે કિબ્લા તરફ સિજદો કર્યો "લામ" સાથે (અને એમણે યૂસફને સિજદો કર્યો) એટલે કે એમને કિબ્લો બનાવ્યો પછી અલ્લાહને શુક્રનો સિજદો કર્યો અને મળી આવવાથી.

**ત્રીજો જવાબ :-**

قد يسمى التواضع سجودا كقوله ترى الاكم فيها سجدا للحوافر

ક્યારેક નમ્રતાને પણ સિજદાનું નામ આપવામાં આવે છે જેમ કે શાઈરનું ફર્માન : તું જોશે એમાં પહાડીઓને કે ઘોડાના પગોના નીચે છે.

**એક શંકા** : ફર્માવે છે કે અહીં કેમ શંકા ઉપસ્થિત થાય છે તે એ કે :

لانه تعالىٰ قال[وخروا له سجدا]والخرور الى السجدة مشعر بالاتيان بالسجدة علىٰ اكمل الوجوه

અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે તેઓ એમના માટે પડયા સિજદામાં, પડવું સિજદામાં એ વાત બતાવે છે કે સિજદો સંપૂર્ણ પ્રકારથી કરવામાં આવ્યો હતો.

**એનો જવાબ** : ખોરૂરના શબ્દનો અર્થ قد يعنى به المرور فقط એ છે કે એનાથી પસાર થવાનો મતલબ પણ લેવામાં આવે છે :–

قال تعالیٰ لم يخروا عليها صما و عميانا يعنى لم يمروا

એની પાસેથી ગુંગા અને આંધળા પસાર થઈ ગયા એટલે કે પસાર થયા. (ખોરૂન પસારના અર્થમાં છે).

**ચોથો જવાબ :-**

لعل الفعل الدال على التحية والاكرام فى ذٰلك الوقت هو السجود وكان مقصودهم من السجود تعظيمه وهٰذا فى غاية البعد لان المبالغة فى التعظيم كانت اليق بيوسف منها بيعقوب فلوكان الامر كما قلتم لكان الواجب ان يسجد يوسف ليعقوب عليه السلام

જે કામ એ સમયે સ્વાગત અને તા'ઝીમ બતાવે છે એ સિજદો છે અને એમનો મકસદ સિજદાથી એમની ઈજ્જત છે અને આ ઘણા જ દૂરની વાત છે એટલા માટે કે ઈજ્જતમાં આગળ વધવું હઝરત યાકૂબથી હઝરત યૂસફ માટે વધારે ઉત્તમ હતું. જો વળી એ જ હોય જે વાત તમે કહી તો જરૂરી હતું કે હઝરત યૂસફ હઝરત યાકૂબ عليه الصلوٰة والسلام ને સિજદો કરે. *(તફસીરે કબીર, ભાગ–૬, પેજ–૫૧૧)*

## ★ તફસીરનો ખુલાસો ★

તફસીરનો ખુલાસો એ છે કે ગયરે ખુદાને સિજદો કરવો ભલે પછી ઈજ્જત અને સ્વાગતનો હોય એટલું જ સરળ હોય જેટલું કે વર્તમાનકાળના અમુક ગુમરાહ લોકો સમજે છે તો પછી મહાન આલિમોને આટલા અલગ અલગ પ્રકારથી એ સિજદા પર ચર્ચા કરવાની જરૂરત ન હતી ! પણ ચર્ચા એ બતાવી રહી છે કે કપાળ જમીન પર રાખીને કોઈ વ્યક્તિને સિજદો કરવો પુરવાર નથી, અને જાહેરી શબ્દોથી એવું અનુમાન થાય તો એ માત્ર શંકાસ્પદ વાત છે એનાથી સિજદાનું યકીન કાયમ કરી શકાતું નથી.





આનાથી એ પણ જાણવા મળ્યું કે આગલી શરીઅતોમાં ગયરે ખુદા માટે કપાળ જમીન પર રાખીને સિજદો કરવો શંકાસ્પદ છે અને એના માટે આલિમોને વિવિધ પ્રકારની ચર્ચા કરવી પડે છે તો પછી આપણી શરીઅત માટે જવાઝ (જાઈઝ હોવા)ની વાત જ ક્યાં રહી ! એટલા માટે કે આપણા માટે ગયરે ખુદાને સિજદો કરવાનો કુર્આનમાં કોઈ જગાએ હુકમ નથી અને રહી ગયો હુકમમાં બીજો દરજો આપણા નબીની હદીષનો, તો આપણા નબીએ આપણને એનાથી તાકીદી મનાઈ કરી આપી એટલે હવે તો એ શંકા પણ આપણા માટે બાકી રહી નહીં. સિજદો તા'ઝીમનો પણ આપણી શરીઅતમાં સખત હરામ છે, એના જાઈઝ હોવાનો કોઈ એક પણ માર્ગ આપણી શરીઅતમાં નીકળી શક્તો નથી, મનમાની વાતોથી હોય તો એ શરીઅત નથી મનેચ્છા છે.

## ★ તફસીરે રૂહુલ બયાન ★

**(અલ ઈમામ અશ્શૈખ હઝરત ઈસ્માઈલ હક્કી, વફાત : હિ.સ. ૧૧૩૭)**

واذ قلنا۔ اى اذكر يا محمد وقت قولنا [للملئٰكة]اى لجميعهم لقوله تعالیٰ[فسجد الملئٰكة كلهم اجمعون][اسجدوا لآدم]خروا له والسجود فى الاصل تذلل مع تطامن

અને અય મુહમ્મદ ! અમારા ફર્માનનો સમય યાદ કરો, જયારે અમે ફરિશ્તાઓને કહ્યું (એટલે કે સઘળા ફરિશ્તાઓને અલ્લાહ તઆલાના આ ફર્માનને લઈને કે સઘળા ફરિશ્તાઓએ એક સાથે સિજદો કર્યો) આદમને સિજદો કરો એટલે એમના માટે નમો, અને સિજદો પોતાની મૂળ સ્થિતિમાં છે, અને શરીઅતમાં ઈબાદતની નિય્યતે કપાળ રાખવું છે. હુકમનો સંબંધ શરઈ અર્થ સાથે હોય તો જેને સિજદો કરવામાં આવ્યો એ વાસ્તવમાં અલ્લાહ તઆલા છે અને આદમ એમના સિજદાનો કિબ્લો બનાવવામાં આવ્યા એમની શાનની ઉત્તમતા માટે, અને શબ્દકોશનો અર્થ હોય તો એ આદમ માટે નમ્રતા અને ઈજ્જત છે, જેમ કે હઝરત યૂસુફ عليه الصلوٰة والسلام ના ભાઈઓનો એમના માટે સિજદો.

## ★ આપણી શરીઅતમાં એનો હુકમ ★

આપણી શરીઅતમાં તા'ઝીમી સિજદાનો હુકમ શું છે ? એના વિશે ચર્ચા કરતાં હઝરત અલ્લામા ઈસ્માઈલ હક્કી વર્ણન ફર્માવે છે, જેથી કોઈ વ્યક્તિ પોતાની જહાલત અને અજ્ઞાનતાને લઈને આ આયતના જાહેરી શબ્દોને પુરાવો બનાવીને ઉમ્મતે મુહમ્મદીમાં એના જવાઝ (જાઈઝ હોવા)ની ચર્ચા કરવા લાગે, ગુમરાહીનો દરવાજો ખુલી ન શકે એનો આપે પોતે જ ઈલાજ કરી આપ્યો.

ફર્માવે છે :–

**وكان سجود التحية جائز فيما مضىٰ ثم نسخ بقوله عليه السلام لسلمان حين اراد ان يسجد**

તહિય્યતનો સિજદો આગલી ઉમ્મતોમાં જાઈઝ હતો, પછી એ મન્સૂખ થઈ ગયો (હુકમ ઉઠાવી લેવામાં આવ્યો). *(ભાગ–૧, પેજ–૧૦૩)*

નબી ﷺ ના હઝરત સલમાનને ફર્માવવાથી જ્યારે એમણે હુઝૂરને સિજદાનો ઈરાદો કર્યો, કોઈ પણ મખ્લૂક માટે એ જાઈઝ નથી કે એ અલ્લાહને છોડીને બીજા કોઈને સિજદો કરે. જો હું કોઈને બીજા માટે સિજદાનો હુકમ આપતો તો સ્ત્રીને હુકમ આપતો કે એ પોતાના પતિને સિજદો કરે. તો પછી આ ઉમ્મતમાં મુલાકાતના સમયનું કામ સલામ છે, પણ એમાં નમવું મકરૂહ છે યહૂદીઓના કામ જેવું હોવાને લઈને, જેમ કે દુરરમાં છે.

## ★ આપણને સિજદાની મનાઈ કેમ ?! ★

ગયરે ખુદાને કોઈ પ્રકારનો સિજદો કરવો આપણી શરીઅતમાં જાઈઝ ન રહ્યો બલ્કે એને હરામ કરી દેવામાં આવ્યો તો શા માટે ?! એનું કારણ મુફસ્સિરે આ'ઝમ હઝરત ઈસ્માઈલ હક્કી બયાન ફર્માવે છે :–

**ومن لطف الله تعالىٰ بنا ان امر الملٰئكة بالسجود لابينا ونهانا عن السجود لغيره فقال**

અલ્લાહ તઆલાની આપણા પર એ કૃપા છે કે એણે ફરિશ્તાઓને





આપણા પિતા હઝરત આદમ عليه السلام ને સિજદાનો હુકમ આપ્યો અને આપણને પોતાની સિવાય બીજાના સિજદાથી પોતાના આ ફર્માનથી મનાઈ કરી : સૂર્ય અને ચાંદને સિજદો ન કરો અલ્લાહને જ સિજદો કરો જેણે એમને પેદા કર્યા. નિકટતા પ્રાપ્ત કરેલ ફરિશ્તાઓને આદમ તરફ કેન્દ્રિત કર્યા અને એમને સિજદો કરાવ્યો, અને આપણને પોતાના સિજદા અને બંદગી તરફ કેન્દ્રિત કર્યા. *(ભાગ–૧, પેજ–૧૦૩)*

આપના કહેવાનો ભાવાર્થ એ કે મનુષ્ય અલ્લાહની બારગાહમાં ઘણો જ ઈજ્જતવાળો છે અને ખાસ કરીને અંતિમ નબીની ઉમ્મત એટલે ઈન્સાનની ફઝીલતને જાહેર કરવા અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓને હઝરત આદમના સિજદાનો હુકમ આપ્યો અને આપણે અલ્લાહની મખ્લૂકમાં અશરફ હોવાને લઈને સર્વ મખ્લૂકથી અધિક ફઝીલત ધરાવીએ છીએ તો આપણને માત્ર એની જ બંદગી અને એને જ સિજદો કરવાનો હુકમ આપ્યો.

હઝરત ઈસ્માઈલ હક્કી رحمۃ اللہ علیہ ના ફર્માનથી એ જાણવા મળ્યું કે હઝરત આદમ માટે તા'ઝીમી સિજદો ફરિશ્તાઓનો માની પણ લેવામાં આવે તો એનાથી આપણી શરીઅતમાં ફરક પડતો નથી, કારણ કે એ હુકમ આગલી શરીઅતનો હતો, આપણી શરીઅતમાં જ્યારે આપણા નબીએ પોતાના માટે તા'ઝીમી સિજદાની પોતાના સહાબાને મનાઈ કરી આપી તો આગલી શરીઅતવાળો હુકમ ઉઠી ગયો અને આપણા માટે એ હરામ થઈ ગયો. નબી માટે (સિજદો) હરામ તો બીજાના માટે જાઈઝ કેમ કરી કરી શકે ?!

## ★ કુર્આનથી તા'ઝીમી સિજદો હરામ ★

કુર્આનની જે આયતોથી આગલી ઉમ્મતો માટે તા'ઝીમી સિજદાનો જવાઝ (જાઈઝ હોવું) શંકારહિત મસ્અલો નથી, સિજદાના અલગ અલગ અર્થ બતાવવામાં આવ્યા છે એની તફસીરોના પ્રકાશમાં ચર્ચા કરવામાં આવી, એટલે એ આયતોને જમીન પર કપાળ રાખીને તા'ઝીમનો સિજદો કરવામાં યકીની પુરાવા તરીકે કાઈદાના આધારે રજૂ નથી કરી શકતા.

આગલી શરીઅતોમાં એનો વાસ્તવિક અર્થ શંકાસ્પદ બની ગયો તો આપણી શરીઅતમાં એના જવાઝનો કોઈ માર્ગ રહ્યો જ નથી કારણ કે આપણા નબી عليه الصلوٰة والتسليم એ પોતાની હદીષોથી મનાઈ ફર્માવી, અને ચિંતન મનન કરવાથી અને તફસીરોના પુરાવાઓમાં જવાથી એ પણ સ્પષ્ટ થઈ જાય છે કે કુર્આનથી પણ તા'ઝીમી સિજદો ગયરે ખુદા માટે હરામ છે. તો હવે અમે તમને કુર્આનની આયત અને એના પર તફસીરોના પુરાવાઓથી એ બતાવીશું કે તા'ઝીમી સિજદો કુર્આનથી પણ હરામ છે.

જ્યારે આગલી ઉમ્મતો માટે એ સિજદો વાસ્તવિક અર્થમાં શંકાસ્પદ રહ્યો તો એ જવાઝ (જાઈઝ હોવા)ના પુરાવા માટે અપૂરતો રહ્યો અને જ્યારે આપણી શરીઅતમાં આપણા માટે હરામ કરી દેવામાં આવ્યો અને કુર્આનની આયતમાં પણ આપણા માટે એના હરામ હોવાનું એલાન કરી દેવામાં આવ્યું તો આપણા માટે એના હરામ હોવામાં કોઈ શંકા ન રહી.

## ★ કુર્આનની આયતથી હરામ હોવું ★

પ્રથમ કુર્આનની આયત અને એનો તર્જુમો રજૂ કરીએ છીએ પછી ન્યાય અને ઈન્સાફની અપેક્ષા સાથે તફસીરોથી એનો મતલબ બતાવીશું.

**ولایامرکم ان تتخذوا الملٰئکة والنبیین اربابا،ایامرکم بالکفر بعد اذ انتم مسلمون**

"નબીને એ નથી પહોંચતું કે તમને હુકમ ફર્માવે કે ફરિશ્તાઓ અને નબીઓને રબ બનાવી લો. શું નબી તમને કુફ્રનો હુકમ આપે એના પછી કે તમે મુસલમાન છો." *(કુર્આન, પા. ૩, આ. ૮૦)*

### (૧) દુર્રે મન્ષૂર, ભાગ–૨, પેજ–૪૭ :–

અબ્દ બિન હુમૈદ પોતાની મુસ્નદમાં સૈયેદોના ઈમામ હસન બસરી رضی اللہ عنہ થી રિવાયત કરે છે : મને હદીષ પહોંચી કે એક સહાબીએ વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! અમે હુઝૂરને પણ એવી જ સલામ કરીએ છીએ જેમ એક બીજાને કરીએ છીએ, શું અમે હુઝૂરને સિજદો ન કરીએ ?! ફર્માવ્યું ના ! બલ્કે પોતાના નબીની ઈજ્જત કરો, અને સિજદો ખાસ અલ્લાહ માટે છે એને એના માટે જ રાખો એટલા માટે કે





સિજદો અલ્લાહને છોડીને કોઈને લાયક નથી એના પર અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી :–

**بلغنی ان رجلا قال یارسول الله تسلم علیك کما یسلم بعضنا علی بعض افلا نسجد لك قال لا ولٰکن اکرموا نبیکم و اعرفوا الحق لاهله فانه لا ینبغی ان یسجد لاحد من دون تعالیٰ فانزل الله تعالیٰ ماکان لبشر الیٰ قوله بعد اذ انتم مسلمون**

*(દુર્રે મન્ષુર, ભાગ–૨, પેજ–૪૭) (તફસીરે રૂહુલ મઆની, ભા. ૨, પેજ–૨૦૭)*

### (૨) અલ ઈકલીલ ફી ઈસ્તિંબાતિત્તંઝીલ :–

આ તફસીરમાં ઉપરોક્ત આયતની તફસીરમાં આ જ હદીષ ટૂંકમાં વર્ણન કરવામાં આવી. આમાં ગયરે ખુદા માટે સિજદાનું હરામ હોવું પુરવાર થયું.

### (૩) તફસીરે જલાલૈન :–

તફસીરે જલાલૈનમાં બે પ્રકારની શાને નોઝૂલ વર્ણન કરવામાં આવી જેમાંથી એકનો સંબંધ ઈસાઈઓ સાથે અને બીજાનો સંબંધ સહાબા સાથે છે. ઉપરોક્ત આયત એ સમયે ઉતરી :–

**نزل لما قال نصاریٰ نجران ان عیسیٰ امرهم ان یتخذوا ربا اولما طلب بعض المسلمین السجود له ﷺ**

જ્યારે નજરાનના ઈસાઈઓએ કહ્યું કે હઝરત ઈસા عليه الصلوٰة والتسليم એ એમને હુકમ આપ્યો કે તેઓ હઝરત ઈસાને રબ બનાવી લે, અથવા એની શાને નુઝૂલ એ છે કે અમુક મુસલમાનોએ નબી ﷺ થી એમના માટે સિજદાની માંગ કરી. *(તફસીરે જલાલૈન, ભાગ–૧, પેજ–૨૪૦)*

તફસીરે જલાલૈનમાં એ વાયદો કરવામાં આવ્યો છે કે જે મંતવ્ય અમે વર્ણન કરીશું એ સશક્ત હશે, તો એ વાયદાના આધારે આ બીજું મંતવ્ય પણ એમના નજીક સશક્ત છે એને ઝઈફ અને અશક્ત કહીને છોડી નથી શકતા. *(સાવી અલ્જજલાલૈન, ભાગ–૧, પેજ–૧૫૪)*

### (૪) તફસીરે મદારિક

આયતના શબ્દો :–

**بعد اذ انتم مسلمون]یدل علیٰ ان المخاطبین کانوا مسلمین وهم الذین استاذنوه ان یسجدوا له**

એ વાત પુરવાર કરે છે કે આયતે કરીમાના સંબોધિત મુસલમાનો હતા, અને આ એ જ લોકો છે જેમણે હુઝૂર علیه الصلوٰة والتسلیم થી આપને જ સિજદો કરવાની રજા માંગી. *(મદારિક, ભાગ–૧, પેજ–૧૬૬)*

**(૫) તફસીરે કશ્શાફ**માં પણ આ પ્રમાણે છે. *(કશ્શાફ, ભાગ–૧, પેજ–૪૪૦)*

**(૬) અન્વારુત્તંઝીલ (યઅની બયદ઼ાવી) :-**

**دلیل ان الخطاب للمسلمین وهم المستاذنون لان یسجدوا له**

આ આયત એ પુરવાર કરે છે કે સંબોધન મુસલમાનોને છે, જેમણે નબીને સિજદો કરવાની રજા માંગી હતી. *(બયદાવી, ભાગ–૧, પેજ–૬૬)*

**(૭) ઈર્શાદુલ અકલિસ્સલીમ**, ભાગ–૨, પેજ–૫૩માં આ પ્રમાણે જ છે.

**(૮) ઈનાયતુલ કાઝી :-**

**هذه الفاصلة ترجیح القول بانها نزلت فی المسلمین القائلین افلا نسجد لك**

આ એ વાતની ઉત્તમતા દર્શાવે છે કે આયત એ મુસલમાનોના હક્કમાં ઉતરી જેઓ હુઝૂરે પાક صلی الله علیه وسلم થી વિનંતિ કરી રહ્યા હતા કે આપને સિજદો કરે. *(ઈનાયતુલ કાઝી અલા અન્વારિત્તંઝીલ, ભાગ–૩, પેજ–૩)*

**(૯) તફસીરે કબીર મફાતીહુલ ગયબ :-**

**قال صاحب الکشاف قوله بعد اذ انتم مسلمون] دلیل علیٰ ان المخاطبین کانوا مسلمین وهم الذین استاذنوا لرسول فی ان یسجدوا له**

સાહેબે કશ્શાફે કહ્યું કે, અલ્લાહનું ફર્માન (એના પછી કે તમે મુસલમાન છો) દલીલ છે એ વાતની કે સંબોધિત મુસલમાન છે અને તેઓ એ કે જેમણે અલ્લાહના રસૂલ صلی الله علیه وسلم થી એમને સિજદો કરવાની



મુકાશફતુલ ગુયૂબ વ હકીકતુસ્ સુજૂદનું ઓપરેશન

રજા માંગી. *(ભાગ–૩, પેજ–૨૭૩)*

**(૧૦) તફસીરે સવાતિઉલ ઈલ્હામ :-**

**ایامرکم اللـه و رسولـه وهو لرد ما وهم اهل الاسلام مما رومهم امر الرسول لهم الرکوع له بالکفر الصدود و العدول بعد اذ انتم مسلمون اهل اسلام و صلاح و سداد وما هو صلاح حالکم**

''શું અલ્લાહ અને એના રસૂલ તમને હુકમ આપે ?'' એ મુસલમાનોને જે અનુમાન હતું એના રદીયા માટે છે જે એમણે નબીથી સિજદાની માંગ કરી હતી, (કુફ્રનો) ઈન્કાર અને મોઢું ફેરવવાનો એ પછી કે તમે મુસલમાનો છો, જ્યારે કે તમે સીધા, સાચા અને સત્ય છો અને તમારી હાલત વ્યવસ્થિત છે. *(ભાગ–૧, પેજ–૯૩)*

**(૧૧) અલ ફોતૂહાતિલ ઈલાહિય્યા :-**

**یقرب هذا الاحتمال قوله فی آخر الأیة بعد اذ انتم مسلمون**

અલ્લાહના ફર્માનમાં આયતના અંતમાં ''બઅ્દા ઈઝ અન્તુમ મુસ્લિમૂન''થી આ મંતવ્ય વધારે નજીક લાગે છે. (એટે કે સિજદાની માંગવાળુ.) *(ભાગ–૧, પેજ–૨૯૧)*

**(૧૨) વજીઝમાં છે :-**

**قوله تعالیٰ مخاطبا للصحابة رضی الله تعالیٰ عنهم ایامرکم بالکفر بعد اذ انتم مسلمون] نزلت حین استاذنوا فی السجود له صلی الله علیه وسلم ولا یخفیٰ ان الاستئذان لسجود التحیة بدلالة بعد اذ انتم مسلمون]ومع اعتقاد جواز سجدة العبادة لایکون مسلما فکیف یطلق علیهم بعد اذ انتم مسلمون**

અલ્લાહ તઆલાએ સહાબા رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَ ને ફર્માવ્યું, " શું નબી તમને કુફ્રનો હુકમ આપે એ પછી કે તમે મુસલમાન છો !" આ આયત એ સમયે ઉતરી જ્યારે સહાબાએ રસૂલુલ્લાહ صلی الله علیه وسلم ને સિજદો કરવાની રજા માંગી, અને સ્પષ્ટ છે કે એમણે તહિય્યતના સિજદાની માંગ કરી હતી, એ દલીલથી કે ફર્માવે છે એના પછી કે તમે મુસલમાન છો, અને સિજદએ ઈબાદત જાઈઝ માનીને મુસલમાન નથી

રહેતો તો આમ કેમ કરી ફર્માવવામાં આવતું કે એ પછી કે તમે મુસલમાન છો. *(ફતાવા બઝાઝિયા, અલ હામિશે ફતાવા હિંદિયા, ભાગ–૬, પેજ–૩૪૩)*

આ તફસીરોથી એ પ્રમાણે ખુલાસો થયો કે આયતની અલગ અલગ શાને નુઝૂલ છે અને દરેકને મુરાદ લઈ શકાય છે. અને સિજદએ તહિય્યતની માંગ પર આ આયતને ઉતરવું માનવું બીજી શાને નુઝૂલથી વધારે ઉત્તમ છે, એટલા માટે કે આયતના અંતમાં ''મુસલમાન છો'' એ ફર્માવવામાં આવ્યું છે, એટલે એ સ્પષ્ટ છે કે સંબોધન મુસલમાનોને છે. અને એ વાતને કુફ્રની વાત કહેવામાં આવી, કુફ્રથી સ્વરૂપમાં નજીક હોવાને લઈને કે ગયરે ખુદાને સિજદો કાફિરો કરે છે અને મુસલમાનો એ નિય્યતે નહીં તા'ઝીમની નિય્યતે કરે તો કુફ્ર તો નથી નિય્યતનો તફાવત હોવાને લઈને પણ નિય્યત દિલની વસ્તુ છે જાહેરી સ્વરૂપ બંને સિજદાનું એક જેવું છે, એટલે એના કુફ્રથી નજીક હોવાને લઈને કુફ્રથી તાબીર કરવામાં આવ્યું.

## ★ આ'લા હઝરતનું ફર્માન ★

ખિતાબિ નસારા પર ''અન્તુમ મુસ્લિમૂન''મેં મજાઝકી જરૂરત હય કે નસારએ નજરાન મુસલમાન કબ થે :

یامر آبائکم الاولین بالکفر بعد ان کانوا مسلمین તો મઅના યહ લેને હોંગે ક્યા ઈસા તુમ્હારે અગલે બાપ દાદાઓંકો જો ઉનકે જમાનેમેં દીને હક્ક પર થે કુફ્ર કા હુકમ કરને બાદ ઉસકે કે વોહ ઈમાન લા ચુકે થે ઔર ખિતાબિ મુસ્લિમીન પર કુફ્રમેં તાવીલ કી હાજત હય કે મુસલમાનોંને હરગિઝ સિજદએ ઈબાદત ન ચાહા.

**ભાષાંતર** : ઈસાઈઓના સંબોધનમાં ''તમે મુસલમાન છો'' એમાં અવાસ્તવિક અર્થની જરૂર છે એટલા માટે કે નજરાનના ઈસાઈઓ મુસલમાન ક્યારે હતા ? તો અર્થ એ લેવો પડશે કે શું ઈસા તમારા આગલા બાપ દાદાઓને જે એમના જમાનામાં સત્ય દીન પર હતા કુફ્રનો હુકમ કરતા ! જ્યારે કે તેઓ ઈમાન લઈ આવ્યા હતા, અને મુસલમાનોના સંબોધનમાં કુફ્રમાં ફેરફાર કરવાની જરૂરત છે એટલા



મુકાશફતુલ ગુયૂબ વ હકીકતુસ્ સુજૂદનું ઓપરેશન

માટે કે મુસલમાનોએ ઈબાદતના સિજદાની ઈચ્છા ન કરી હતી. *(ભાગ–૨૨, પેજ–૪૩૫)*

**કહેવાનો ભાવાર્થ** : આ'લા હઝરતના ફર્માનનો મતલબ એ છે કે આ આયતની શાને નોઝૂલ બે પ્રકારની બયાન કરવામાં આવી છે : **એક** નજરાનના ઈસાઈઓ માટે જ્યારે કે એનો મતલબ એમને છોડીને એમના આગલા બાપદાદાઓ લેવામાં આવશે અને મુસલમાનો મુરાદ લેવામાં આવે જેમણે આપણા નબીથી સિજદાની માંગ કરી હતી અને નબીએ પાક ﷺ એ મનાઈ કરી હતી, તો એ અર્થ વધારે યોગ્ય છે કે એમાં માત્ર એટલું કહેવું પડશે કે સહાબાની માંગ ઈબાદતના સિજદાની ન હતી જે કુફ્ર છે, તહિય્યતના સિજદાની હતી જે મનાઈથી હરામ થઈ ગયો. તો એટલું કહેવું પડશે કે કુફ્રનો શબ્દ જાહેરી સૂરતે કુફ્ર તરફ નિર્દેશ કરવા માટે છે.

આગળ ફર્માવે છે :–

આયતે કરીમામાં એક તરફ અવાસ્તવિક અર્થ છે, એટલે ઈમામ ખાતમુલ હુફ્ફાઝે બંને શાને નોઝૂલ એક સરખી રાખી, અને શક નથી કે એક એક આયત માટે ઘણી ઘણી શાને નોઝૂલ આવે છે અને કુર્આને કરીમ પોતાના દરેક પ્રકાર પર પુરાવો છે, જેમ કે તફસીરે કબીર અને શરહે મવાકિફ લેઝરકાની વગેરેમાં છે, તો કુર્આને અઝીમે સાબિત કરી આપ્યું કે સિજદએ તહિય્યત એટલો સખત હરામ છે કે કુફ્ર જેવું છે, અલ્લાહ તઆલાની પનાહ ! સહાબાએ કિરામે હુઝૂર પાસે સિજદએ તહિય્યતની રજા માંગી, એના પર ઈર્શાદ થયો કે તમને કુફ્રનો હુકમ આપે ! જાણવા મળ્યું કે સિજદએ તહિય્યત એટલી ખરાબ વસ્તુ અને એટલું સખત હરામ છે જેને કુફ્રથી વર્ણન કરવામાં આવ્યું, જ્યારે હુઝૂરે અકદસ ﷺ માટે તહિય્યતના સિજદાનો આ હુકમ છે તો પછી બીજાનો શું ઉલ્લેખ ? *(ફતાવા રઝવિય્યા, ભાગ–૨૨, પેજ–૪૩૯)*

## ★ "વલ્લાહુલ હાદી" ફર્માનનો ભાવાર્થ ★

આ'લા હઝરત ફર્માવે છે કે તફસીરના આલિમોનું કહેવું છે કે એકથી અધિક શાને નોઝૂલ હોય તો એકબીજાની વિરોધાર્થી ન હોય તો દરેકને

મુરાદ લઈ શકાય છે અને અહીં બે શાને નોઝૂલ બયાન થઈ તો બંનેને મુરાદ લઈ શકીએ છીએ અને જ્યારે બંને મુરાદ લઈ શકીએ છીએ તો આ બીજી શાને નોઝૂલ પ્રમાણે આ આયત સિજદએ તહિય્યતના હરામ હોવાનું બતાવવામાં માટે ઉતરી, અને એ ગુનાહને કુફ્રથી નજીકનો ગુનોહ બતાવવામાં આવ્યો. આ'લા હઝરત ફર્માવે છે, જ્યારે નબી ﷺ નો દરજો અલ્લાહની મખ્લૂકમાં સર્વથી ઊંચો અને આપ અલ્લાહના મહબૂબ છે જ્યારે અલ્લાહના મહબૂબ નબીને સિજદો કરવો હરામ તથા કુફ્રથી નજીક, અને એ સિજદો પણ ઈબાદતનો નહીં કારણ કે સહાબા નબીની સંગતમાં રહીને ગયરે ખુદાની ઈબાદતની કલ્પના સુધ્ધાં પણ નથી કરી શક્તા, તો માંગ ઈજ્જત અને સ્વાગતના સિજદાની હતી. જ્યારે અલ્લાહના નબી માટે સિજદએ તહિય્યતને કુર્આને આટલો સખત હરામ કહ્યો તો પછી બીજા કોઈ વ્યક્તિ માટે ભલે એ ગમે તેટલો મોટો અને મહાન હોય સિજદો કેમ કરી થઈ શકે છે ?!

## ★ આયતનો સંપૂર્ણ ખુલાસો ★

ઉપરોક્ત આયતનો સંપૂર્ણ ખુલાસો એ છે કે જેમ આગલી ઉમ્મત માટે તા'ઝીમી સિજદો ગયરે ખુદાને કરવાના અમુક વાક્યાનો ઉલ્લેખ થયો, તો પ્રથમ એ કે અલગ અલગ અર્થ લેવાના આધારે પુરાવા શંકાસ્પદ છે, અને થોડી વાર માટે એને સ્વીકારી લેવામાં આવ્યો તો એ આગલી શરીઅતની વાતો હતી, પણ જ્યાં સુધી આપણી શરીઅતનો સવાલ છે તો અલ્લાહ તઆલાએ કુર્આનની આયતથી આપણને એનાથી મનાઈ ફર્માવી અને એ કામને સખત ગુનાહનું કામ ફર્માવ્યું. જ્યારે કુર્આનથી આગલી ઉમ્મત માટે જો જવાઝ (જાઈઝ હોવા)ની વાત જાણવા મળી તો કુર્આનથી આપણી શરીઅતમાં એને હરામ કરી દેવામાં આવ્યું, જ્યારે કુર્આન જ એને હરામ કરી રહ્યું છે તો પછી આપણી શરીઅતમાં એના જવાઝ (જાઈઝ હોવા)નો માર્ગ જ ક્યાં રહ્યો ? બીજું એ કે કુર્આનની આ આયત સિજદએ તા'ઝીમીના હરામ હોવા પર એની જગાએ છે, પણ એના હરામ હોવા પર આપણા નબીની અસંખ્ય હદીષો પણ છે. જ્યારે કુર્આન પણ કહે છે અને નબી પણ ફર્માવે છે તો હવે કુર્આનની





તફસીર હદીષથી પણ થઈ ગઈ, એટલે એનું હરામ હોવું આપણી શરીઅતમાં વધારે સશક્ત બની ગયું.

## ★ તફસીરે મઝહરી ★

**(હઝરત અલ્લામા કાઝી ષનાઉલ્લાહ મુજદ્દિદી પાનીપતી, વફાત : ૧૨૨૫)**

وَاِذْ قُلْنَا لِلْمَلٰٓئِكَةِ اسْجُدُوْا لِاٰدَمَ "ઔર જબ હમને ફરિશ્તોંસે કહા કે આદમ કો સિજદા કરો."

સુજૂદ કે મઅના લુગત (શબ્દકોશ)મેં તઝલ્લુલ યઅની ફિરોતની (નમ્રતા) કે હંય, ઔર ઈસ્તિલાહે (પરિભાષા) શરઅમેં સુજૂદ કે મઅના ઈબાદત કે કસ્દ (નિય્યત)સે ઝમીન પર પેશાની રખને કે હંય. ફરિશ્તોં કો જિસ સિજદેકા હુકમ હુવા થા. યા તો ઉસસે મુરાદ સિજદએ શરઈય્યા હય તો ઉસ વક્ત હકીકતમેં ખુદાએ તઆલા મસ્જૂદ હોગા, ઔર હઝરત આદમ કો મહઝ ઈઝ્ઝત બઢાને ઔર ઉનકી અફઝલિયત કા ઈકરાર કરાને કે લિએ કિબ્લા બના દિયા ગયા થા. ઈમામ અહમદ ઔર મુસ્લિમ કી એક હદીષ જો અબૂ હુરૈરા رضی اللہ عنہ સે મરવી હય, શરઈ મઅના મુરાદ હોને પર દલાલત કરતી હય, ઔર વોહ યહ કે નબી ﷺ ને ફર્માયા, જબ ઈબ્ને આદમ સિજદાકી આયત પઢતા હય ઔર સિજદા કરતા હય, તો શૈતાન એક ગોશામેં અલગ જાકર રોતા ઔર કહતા હય કે અફસોસ ! ઈબ્ને આદમ કો સિજદે કા હુકમ કિયા ગયા તો ઉસને સિજદા કર કે જન્નત લે લી, ઔર મુઝે સિજદે કા હુકમ કિયા ગયા તો મૈંને નાફર્માની કી ઔર હુકમ ન માના, મૈં જહન્નમમેં જાવુંગા. ઈસ તકદીર પર (લિ આદમમેં) લામ "ઈલા" કે મઅનેમેં હોગા (એટલે કે **માટે** નહીં એમની **તરફ**) ઔર યહ મઅના હોંગે કે આદમ કી તરફ મુતવજ્જેહ હોકર હમેં સિજદા કરો, જૈસા કે હઝરત હસ્સાન رضی اللہ عنہ કે શેઅરમેં જો જનાબ સિદ્દીકે અકબર رضی اللہ عنہ કી મદહમેં હય, લામ ઈલા કે મઅનામેં હય, શેઅર યહ હય :–

اَلَيْسَ اَوَّلَ مَنْ صَلّٰى لِقِبْلَتِكُمْ - وَاَعْرَفَ النَّاسِ بِالْقُرْاٰنِ وَ السُّنَنِ

ક્યા સિદ્દીકે અકબર رضی اللہ عنہ ઉન લોગોંમેં જો કિબ્લા રૂખ હોકર નમાઝ પઢતે હંય, સબસે અવ્વલ નહીં ?! ઔર ક્યા વોહ સબસે ઝિયાદા કુર્આન ઔર હદીષસે વાકિફ નહીં ?! (યઅની ઝરૂર હંય) ઈસ શેઅરમેં "લિકબ્લતિકુમ"મેં લામ કતઅન બમઅના ઈલા હય, ઔર યા યહ કહા જાએ કે ફરિશ્તોંસે યું કે બઝાહિર આદમ કે પેદા કરને પર એક એઅતરાઝ સાદિર હુવા થા ઈસ લિએ બતોર તૌબા કે એક સિજદા ઉનકે ઝિમ્મા વાજિબ હુવા તો ઉસ સિજદે કા સબબે બઈદ હઝરત આદમ હુએ. ઈસ લિએ "લિ આદમ" ફર્માયા, તો અબ આયત કે યહ મઅના હોંગે કે હઝરત આદમ કી વજહસે હમેં સિજદા કરો, ઈસ તકદીર પર "લામ" લિ આદમમેં સબબિયત (કારણ) કા હોગા, જૈસા કે **صل لدلوك الشمس** નમાઝ પઢ સૂરજ ઢલને કે સબબ મેં, લામ સબબિયત કા હય, યા સિજદએ લોગવિયા મુરાદ હય, યઅની હઝરત આદમ કે સામને તહિય્યત ઔર તા'ઝીમ કે તૌર પર તઝલ્લુલ ઔર તવાઝુઅ કરના મુરાદ લિયા જાએ, જૈસા કે યૂસુફ કે ભાઈઓંને ઉન્હેં સિજદએ તહિય્યત કિયા થા. અલ્લામા બગવી رحمۃ اللہ علیہ ને ફર્માયા હય કે યહ કોલ સહીહતર હય, ઔર યહ ભી ફર્માયા હય કે ઈસ સિજદામેં ફરિશ્તોંને ઝમીન પર પેશાની નહીં રખી, બલ્કે આદમ علیہ السلام કે સામને તા'ઝીમ કે લિએ ઝુક ગએ થે, ઔર જબ કે અલ્લાહ તઆલાને ઈસ્લામ ભેજા તો ઉસે ભી બાતિલો મન્સૂખ કર કે બજાએ ઈસકે સલામ મુકર્રર ફર્માયા.

મૈં કહેતા હૂં કે હઝરત આદમકી તા'ઝીમ કા જો હુકમ દિયા ગયા થા તો ઉસકી વજહ યહ હો સકતી હય કે આદમને જો ઉન્હેં અસ્માએ ઈલાહિય્યા તા'લીમ ફર્માએ તો બતોરે શુક્ર ઔર બદાએ હક્ક ઉન્હેં આદમ કી તાઝીમ કા હુકમ હુવા. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને ફર્માયા હય કે જિસને આદમ કી શુક્રગઝારી નહીં કી ઉસને અલ્લાહકા ભી શુક્ર નહીં કિયા. ઈસ હદીષકો ઈમામ અહમદ ઔર તિર્મિઝીને અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ સે રિવાયત કિયા હય ઔર તિર્મિઝીને ઉસકી તસ્હીહ કી હય. *(તફસીરે મઝહરી, ઉર્દૂ, ભાગ-૧, પેજ-૮૪)*





હઝરત મુફસ્સિર કાઝી ષનાઉલ્લાહ સાહેબ હઝરત મિર્ઝા મઝહર જાનેજાનાં શહીદ (૧૧૯૫)ના મુરીદ છે અને એમના મશ્હૂર (પ્રખ્યાત) ખલીફા છે, હઝરત મિર્ઝા મઝહર જાનેજાનાં ફર્માયા કરતા હંય કે અલ્લાહ તઆલા મારાથી કોઈ તોહફાની માંગણી કરે તો હું ષનાઉલ્લાહને પેશ કરીશ. એ પણ ફર્માવતા હતા કે ષનાઉલ્લાહની દીનદારી અને પરહેઝગારી અને એમની નેકીને લઈને મારા દિલ પર હયબત (રૂબાબ) રહે છે. આ પેશનગોઈ પણ કરી કે અલ્લાહ તઆલા એમનાથી શરીઅતને ફેલાવવાનું અને તરીકતને જાહેર કરવાનું કામ લેશે. એ જ કારણો હતાં જેને લઈને હઝરત મિર્ઝા જાનેજાનાં કુદ્દેસસિર્રહૂએ પોતાના આ પ્રિય ખલીફાનું ઉપનામ ઈલ્મુલ હુદા રાખ્યું હતું. *(તફસીરે મઝહરી, ભાગ-૧, પેજ-૬)*

તફસીરે મઝહરીથી એ જાણવા મળ્યું કે "કુર્આનમાં ફરિશ્તાઓનું હઝરત આદમ علیہ السلام ને અલ્લાહના હુકમથી સિજદો કરવો" એનો અર્થ શું છે ? તો મુફસ્સિર સાહેબે ફર્માવ્યું, સિજદાનો અર્થ જમીન પર કપાળ રાખવું મુરાદ લેવામાં આવે તો એ સિજદો હઝરત આદમ علیہ السلام ને નહીં અલ્લાહને હતો, અને હઝરત આદમ علیہ السلام એ સિજદામાં કિબ્લો હતા, અને કોઈને સિજદાનો કિબ્લો બનાવવામાં આવે એનાથી એની ફઝીલત અને ઉત્તમતા સ્પષ્ટ છે કે બીજાને છોડીને એમને એ કામ માટે નિયુક્ત કરવામાં આવ્યા, અને સિજદાનો મતલબ હઝરત આદમને જ સિજદો કરવો મુરાદ લેવામાં આવે તો પછી એ સિજદો શરઈ પરિભાષાના આધારે નથી બલ્કે શબ્દકોશના આધારે છે જેનો મતલબ માત્ર નમ્રતા અને નમન હોય છે. અને અંતમાં આપે એ ફેંસલો ફર્માવ્યો કે એ નમન પણ આપણી શરીઅતમાં મન્સૂખ કરી દેવામાં આવ્યું અને એનો હુકમ નબીએ પાકની સહીહ હદીષો થકી ઉઠાવી લેવામાં આવ્યો.

ખુલાસો એ કે જો સિજદો માની પણ લેવામાં આવે તો આપણી શરીઅતમાં એનાથી કોઈ ફરક આવતો નથી, કારણ કે એ હુકમ આપણી શરીઅતમાં ઉઠાવી લેવામાં આવ્યો છે. જ્યારે હુકમ જ ઉઠી ગયો તો આપણી શરીઅતમાં એ વાતને ચર્ચાનો વિષય બનાવવાથી કોઈ ફાયદો નથી, બલ્કે આગલી શરીઅતની વાત હુકમમાં ઉઠી ગયા પછી એનો

પુરાવો અમલ માટે બનાવવો સશક્ત ગુમરાહી અને બેદીની છે.

બીજાું એ કે સિજદાના અલગ અલગ અર્થ કાઝી સાહેબે એટલા માટે જ વર્ણન કર્યા કે સિજદાથી જમીન પર કપાળ રાખવું ગયરે ખુદા માટે મુરાદ લેવું શંકાસ્પદ છે, અને જ્યારે એ નિયુક્ત સિજદાના અર્થમાં ન થયું તો પછી એનાથી ગયરે ખુદા માટે કોઈ પણ નિય્યતે સિજદો કરવો નિયુક્ત ન થયો પછી એને દલીલ તરીકે વર્ણન કરવું જહાલત અને અજ્ઞાનતા પણ છે, ગુમરાહીના ઈન્કારનો તો સવાલ જ નથી.

"ઔર યૂસુફને અપને માં બાપ કો ઉઠા કર તખ્ત પર બિઠા લિયા." "રફઆ" કે મઅના નીચેસે ઉપરકો ઉઠા લેના (હય) અને સબ (માં બાપ ઔર ભાઈ) યૂસુફ કે સામને સિજદા કરતે હુએ ગિર પડે, સિજદાસે મુરાદ ઝમીન પર પેશાની રખના નહીં, બલ્કે તવાઝુઅ (નમ્રતા) સે ઝુક જાના મુરાદ હય, (લેકિન **ખરરૂ**કા લફઝ (શબ્દ) ઝમીન પર ગિર પડને કા મફહુમ ઝાહિર કર રહા હય **ખરરૂ**કા મઅના તો ઝુકના નહીં હય.)

બઅઝને (અમુકે) કહા ઝમીન પર પેશાની રખના હી મુરાદ હય, મગર યહ સિજદએ ઈબાદત ન થા, સિજદએ એહતેરામો તા'ઝીમ થા, ઔર ઉસ ઝમાનેમેં અહતેરામો તા'ઝીમ કા યહી તરીકા રાઈજ થા ઔર ગુઝશ્તા ઉમ્મતોં કે લિએ ભી ગયરૂલ્લાહ કો સિજદએ તા'ઝીમી કરના જાઈઝ થા, હમારી શરીઅતને મન્સૂખ કર દિયા (અબ કિસી કિસ્મ કા સિજદા અલ્લાહ કે સિવા કિસીકો નહીં કિયા જા સકતા). હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما કા કોલ ઈસ આયત કી તફસીરમેં ઈસ તરહ આયા હય :–

વોહ અલ્લાહ કે લિએ સિજદામેં ગિર પડે યૂસફ કે સામને અદાએ શુક્ર કે તોર પર. લહુકી ઝમીર અલ્લાહ કી તરફ રાજેઅ હય (હુંથી મુરાદ અલ્લાહ છે યૂસુફ નહીં) મૈં કહેતા હૂં ગોયા હઝરતે ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما કી તફસીર પર યૂસુફ મસ્જૂદા લહુ ન થે કિબ્લએ સુજૂદ અને જિહતે સિજદા થે, ઔર યૂસુફકા કિબ્લએ સુજૂદ હોના અલ્લાહ કે હુકમસે થા, જૈસે હમારે લિએ કા'બા કો બહુકમે ઈલાહી કિબ્લએ સુજૂદ બના





દિયા ગયા હય, ઔર જૈસે આદમ કો ફરિશ્તોં કે લિએ કિબ્લએ સોજૂદ બના દિયા ગયા થા.

બઅઝને કહા "લહુ"મેં લામ અજલિય્યા હય ઔર ઝમીર યૂસુફ કી તરફ રાજેઅ હય. યઅની યૂસુફ કે મિલ જાને કી વજહસે બતોરે શુક્રિયા વોહ અલ્લાહ કે સામને સિજદામેં ગિર પડે ઔર યહી ઝિયાદા સહીહ હય. *(તફસીરે મઝહરી, ભાગ–૬, પેજ–૧૩૯)*

## ★ તફસીરે અલ્ બહરુલ મદીદ ★

**واذقلنا للملٰئكة اسجدوا لاٰدم]لما تبينت فضيلة اٰدم امرهم بالسجود فقال لهم[اسجدوا لاٰدم]سجود انحناء[فسجدوا]كلهم لانهم شهدوا الجمع لم يشهدوا الفرق فروا اٰدم قبلة او نورا من انوار عظمته**

જ્યારે અમે કહ્યું ફરિશ્તાઓને કે આદમને (સિજદો કરો) જ્યારે આદમની ફઝીલત પ્રકાશિત થઈ. એમને સિજદાનો હુકમ આપ્યો તો એમને ફર્માવ્યું, સિજદો કરો આદમને ! સિજદો એટલે નમન, સર્વએ સિજદો કર્યો કારણ કે સર્વ એક સાથે હાજર થયા અને હાજર થવામાં અલગ ન થયા ! તો આદમને કિબ્લો સમજ્યા અથવા એની અઝમતના નૂરમાંનુ નૂર. *(અલ બહુરલ મદીદ, ભાગ–૧, પેજ–૭૪)*

સુજૂદે ઈનહેનાનો મતલબ છે કે માત્ર નમન કરવામાં આવ્યું હતું, શબ્દકોશમાં એ અર્થમાં જ ઉપયોગ થાય છે, અને શરઈ સિજદો હોય તો હઝરત આદમ علیہ السلام ને કિબ્લો જાણવવામાં આવ્યા અથવા નૂર જે એમનામાં હતું એને સિજદો કરવામાં આવ્યો.

આ તફસીરથી પણ હઝરત આદમને જ સિજદો કરવું એમની તા'ઝીમ માટે એ સાબિત ન થયું, તા'ઝીમ માટે આપને કિબ્લો બનાવવામાં આવ્યા હતા, સિજદો આયતમાં એના કોઈ એક નિયુક્ત અર્થમાં નથી, એટલે એ આગલી ઉમ્મત માટે જાઈઝ હતો એ પણ શંકાસ્પદ રહે છે, પછી એનાથી આ ઉમ્મતમાં હુકમને લાવવો શક્ય જ નથી.

**ايامركم بالكفر بعد اذ انتم مسلمون]قيل سبب نزول الاٰية:ان نصارىٰ نجران قالوا:يامحمد !تريد ان نعبدك و نتخذك ربا ؟فقال النبى صلى الله عليه وسلم**

[معاذ الله ان نعبدك غير الله او نامر بعبادة غيره]قيل ان رجلا قال يا رسول الله !انا نسلم عليك كما يسلم بعضنا علىٰ بعض افلا نسجد لك؟فقال لاينبغى ان يسجد احد لاحد من دون الله ولكن اكرموا نبيكم واعرفوا الحق لاهله

"શું તમને કુફ્રનો હુકમ આપશે એ પછી કે તમે મુસલમાન છો ! એક મંતવ્ય આ છે : આયતના ઉતરવાનું કારણ છે કે નજરાનના ઈસાઈઓએ કહ્યું, અય મુહમ્મદ ! ﷺ તમે ઈચ્છો છો કે અમે તમારી બંદગી કરીએ અને તમને રબ બનાવી લઈએ ?! તો નબી ﷺ ફર્માવ્યું, અલ્લાહની પનાહ ! અમે ગયરે ખુદાની બંદગી કરીએ, અથવા ગયરે ખુદાની બંદગીનો હુકમ આપીએ ! અને બીજા મંતવ્યું એ છે કે એક માણસે કહ્યું, અય અલ્લાહના રસૂલ ! જેમ અમે એક બીજાને સલામ કરીએ છીએ આપને પણ સલામ કરીએ છીએ શું અમે આપને સિજદો ન કરીએ ? આપે ફર્માવ્યું, અલ્લાહને છોડીને કોઈ બીજાને સિજદો નથી કરી શકતો પણ તમે તમારા નબીની ઈજ્જત કરો અને હક્કવાળાના હક્કને ઓળખો, એટલે સિજદો અલ્લાહ માટે ખાસ રાખો." *(અલબહરુલ મદીદ, ભાગ–૧, પેજ–૩૩૮)*

આ શાને નોઝૂલથી એ સ્પષ્ટ થયું કે આ આયત અમુક સહાબાના સિજદાની માંગ કરવાથી છે, અને સહાબાની માંગ ઈબાદતના સિજદાની તો થઈ શક્તી જ નથી, તા'ઝીમ અને ઈજ્જતના સિજદાની માંગ હતી પણ આપણા નબીએ એનાથી મનાઈ કરી અને એ સિજદાને પણ ખુદા માટે ખાસ રાખવાનું બતાવ્યું. તો સ્પષ્ટ થયું દરેક સિજદો ખુદા તઆલા માટે ખાસ છે અને આપણી શરીઅતમાં દરેક પ્રકારનો સિજદો ખુદા માટે ખાસ થઈ ગયો, અને તા'ઝીમી સિજદાનું હરામ હોવું કુર્આનથી સાબિત થઈ ગયું.

ورفع ابويه على العرش]اى حين دخلوا قصر مملكته[وخروا له سجدا]تحية تكرمة،فان السجود كان عندهم يجرى مجرى التحية،وقيل معناه خروا لاجله سجدا لله شكرا





અને પોતાના માતા પિતાને તખત પર (બેસાડયાં) જ્યારે તેઓ એમની સત્તાના મહેલમાં પ્રવેશ્યાં (અને તેઓ સિજદામાં પડયાં) સ્વાગત અને ઈજ્જત માટે, કારણ કે સિજદો એમના રિવાજના સ્વાગતની જગાએ હતો. અને એક મંતવ્ય છે એનો અર્થ છે, એમના (મળી આવવાના) કારણે અલ્લાહને શુક્રનો સિજદો કર્યો. *(બહરુલ મદીદ, ભા. ૩, પેજ–૩૦૭)*

قال ابن عطية:واختلف فى هذا السجود فقيل كان المعهود عندنا من وضع الوجه بالارض،وقيل بل دون ذٰلك كالركوع البالغ و نحوه مماكان سيرة تحيتهم للملوك فى ذٰلك الزمان واجمع المسلمون ان ذٰلك السجود كيفما كانانما كان تحية لا عبادة،قال قتادة هٰذه كانت تحية الملوك عندهم و اعطى الله هذه الملة السلام تحية اهل الجنة

ઈબ્ને અતિય્યાએ કહ્યું, આ સિજદામાં વિવાદ છે, અમારા ત્યાં એ જમીન પર ચહેરો રાખવો છે, બીજાું મંતવ્ય છે : એનાથી ઓછું જેમ કે મોટો રુકૂઅ અને એના જેવું, એ સમયમાં રાજાઓના સ્વાગતના રિવાજમાંથી હતું, વધુ પડતા મુફિસ્સરોનું મંતવ્ય છે કે એ સિજદો ગમે તેવો હોય એ સ્વાગતનો હતો ઈબાદતનો નહીં. હઝરત કતાદાએ કહ્યું કે આ એમના ત્યાં રાજાઓનું સ્વાગત હતું, અને અલ્લાહે આ ઉમ્મતને જન્નતવાળાઓનું સ્વાગત સલામ આપી. *(બહરુલ મદીદ, ભા. ૩, પેજ–૩૦૭)*

*(**હવાલો** : તફસીરે બહરુલ મદીદ, મુફસ્સિર ઈમામ અલ્લામા અબુલ અબ્બાસ અહમદ બિન મુહમ્મદ મહદી, વફાત : હિ.સ. ૧૨૨૪)*

આ તફસીરથી પણ એ સ્પષ્ટ થયું કે તા'ઝીમી સિજદો આગલી શરીઅતમાં જાઈઝ હતો એ મસ્અલો શંકાસ્પદ છે, એનાથી સિજદાનો નિશ્ચિત અર્થ લઈ શકાતો નથી, અને સિજદો લેવામાં આવે તો કિબ્લો માનીને હોય કે પછી અલ્લાહના શુક્ર માટે હોય, અને જો એ વ્યક્તિ માટે જ હોય અને એને થોડા સમય માટે માની લેવામાં આવે તો ખુલાસો થયો કે એ આગલી શરીઅતના લોકો માટે હશે આપણા માટે આ બધું સલામ આપીને હટાવી લેવામાં આવ્યું.

**તફસીર અલ્ બહરુલ મુહીત**, મુફસ્સિર ઈમામ મુહમ્મદ

બિન યૂસુફ અબૂ હય્યાન અન્દલૈસી, વફાત : હિ.સ. ૭૪૫

واذ قلنا للملٰئكة اسجدوا لأدم فسجدوا]السجود التذلل و الخضوع،وقال ابن السكيت هو الميل،وقال بعضهم سجد وضع جبهته بالارض واسجد ميل راسه و انحىٰ،وقال الشاعر۔ ترى الاكم فيها سجدا للحوافر۔ يريد ان الحوافر تطأ الاكم فجعل تأثر الاكم للحوافر سجودا مجازا

સુજૂદ નમ્રતા અને માની લેવું છે. ઈબ્ને સકીને કહ્યું, એનો મતલબ નમવું છે. અમુકે કહ્યું, સિજદો કર્યો એટલે પોતાનું કપાળ જમીન પર રાખ્યું, સિજદો કર એટલે માથુ નમાવવું, અને ઝુકાવવું.

શાઈરે કહ્યું, તું જોશે એમાં પહાડીઓ પગોની નીચે છે મુરાદ છે પગો પહાડીઓને રગડે છે, પહાડીઓનો અસર પગોને થવો મજાઝી (અવાસ્તવિક) સિજદો છે. *(તફસીરે બહરુલ મુહીત, ભા. ૧, પેજ–૩૦૦)*

فسجدوا]تقديره[انقادوا و اطاعوا]السجود كان ناشئا عن الانقياد للامر

એમણે સિજદો કર્યો મતલબ છે અનુસરણ કરો અને પેરવી કરો, એટલા માટે કે સિજદો હુકમ માનવા પર બોલવામાં આવે છે. *(અલ્ બહરુલ મુહીત, ભા. ૧, પેજ–૩૦૧)*

ومع الجبهة على الارض مع التذلل او اقرارهم لهم بالفضل

કપાળ જમીન પર રાખવું નમ્રતાથી, અથવા એમનું ફઝીલતને સ્વીકારી લેવું અને આગળ હોવાને કબૂલી લેવું, અને આ શબ્દકોશના અર્થ તરફ થાય છે.

من قال بالسجود الشرعى قال كان تكرمة و تحية له وهو قول الجمهور علیّ و ابن مسعود و ابن عباس كسجود ابوى يوسف لاسجود عبادة

અને જેણે શરઈ સિજદાનું કહ્યું તો કહ્યું એ ઈજ્જત અને સ્વાગતનો હતો. જમહૂરની વાત એ છે જેમ અલી, ઈબ્ને મસઊદ અને ઈબ્ને અબ્બાસ رِضْوَانُ اللهِ تَعَالىٰ عَلَيْهِمْ اَجْمَعِيْنَ. જેમ કે હઝરત યૂસુફના માતા પિતાનો એમને સિજદો એ ઈબાદતનો સિજદો નથી. *(અલ્ બહરુલ મુહીત, ભા. ૧, પેજ–૩૦૨)*





اَوْ لِلّٰهِ تَعَالیٰ وَنَصَبَهُ اللّٰهُ قِبْلَةً لِسُجُوْدِهِمْ كَالْكَعْبَةِ فَيَكُوْنُ الْمَعْنىٰ اِلىٰ اٰدَمَ قَالَهُ الشَّعْبِى

અથવા સિજદો અલ્લાહ માટે હતો અને અલ્લાહે હઝરત આદમ عليه السلام ને એમના સિજદાનો કિબ્લો કા'બાની જેમ. તો મતલબ થશે આદમ તરફ સિજદો કર્યો. આ ઈમામ શઅબીએ કહ્યું. *(તફસીરે બહરુલ મુહીત, ભા. ૧, પેજ–૩૦૨, તફસીરે કર્તબી, ભા. ૧, પેજ–૨૦૧)*

اَوْ لِلّٰهِ تَعَالىٰ فَسَجَدَ وَ سَجَدُوْا مُؤْتَمِيْنَ بِهٖ وَالْمَعْنىٰ فِى لِاٰدَمَ اَىْ مَعَ اٰدَمَ

અથવા અલ્લાહને સિજદો કર્યો તો આદમે અને ફરિશ્તાઓએ સિજદો કર્યો જમાત કરીને, એ પ્રમાણેને આદમને ઈમામ બનાવ્યા અને ફરિશ્તાઓને મુકતદી, અને "લિઆદમ"નો મતલબ છે આદમ સાથે (આદમ માટે નહીં). *(તફસીરે બહરુલ મુહીત, ભા. ૧, પેજ–૩૦૨)*

وَقَالَ بَعْضُهُمْ اَلسُّجُوْدُ لِلّٰهِ بِوَضْعِ الْجَبْهَةِ وَلِلْبَشَرِ بِالْاِنْحِنَاءِ

અમુકનું મંતવ્ય છે : સિજદો કપાળ રાખીને અલ્લાહ માટે હતો અને બશર માટે નમન છે. *(બહરુલ મુહીત, ભા. ૧, પેજ–૩૦૩)*

وَيَجُوْزُ اَنْ يَكُوْنَ السُّجُوْدُ فِىْ ذٰلِكَ الْوَقْتِ لِلْبَشَرِ غَيْرَ مُحَرَّمٍ وَقَدْ نُقِلَ اَنَّ السُّجُوْدَ كَانَ فِى شَرِيْعَةِ مَنْ قَبْلَنَا هُوَ التَّحِيَّةُ وَ نُسِخَ ذٰلِكَ فِى الْاِسْلَامِ

અને જાઈઝ છે કે સિજદો એ સમયમાં બશર માટે હરામ ન હતો, અને એ નકલ કરવામાં આવ્યું છે કે સિજદો આગલી શરીઅતમાં હતો એ સ્વાગતનો હતો અને એ ઈસ્લામમાં મન્સૂખ થઈ ગયો. *(બહરુલ મુહીત, ભા. ૧, પેજ–૩૦૩)*

وَرَفَعَ اَبَوَيْهِ عَلَى الْعَرْشِ وَخَرُّوْا لَهٗ سُجَّدًا]وَكَانَ السُّجُوْدُ اِذْ ذَاكَ جَائِزٌ مِّنْ بَابِ التَّكْرِيْمِ بِالْمُصَافَحَةِ وَ تَقْبِيْلِ الْيَدِ وَالْقِيَامِ مَا شَهَرَ بَيْنَ النَّاسِ فِى بَابِ التَّعْظِيْمِ وَ التَّوْقِيْرِ

અને એ સમયે સિજદો ઈજ્જત માટે જાઈઝ હતો જેમ કે મુસાફા, હાથ ચૂમવા, ઊભા થવું જે ઈજ્જત અને તા'ઝીમમાં લોકોમાં મશહૂર છે એ તરીકા પર.

وَقَالَ قَتَادَةُ كَانَتْ تَحِيَّةُ الْمُلُوْكِ عِنْدَهُمْ وَاَعْطَى اللّٰهُ هٰذِهِ الْاُمَّةَ السَّلَامَ تَحِيَّةَ اَهْلِ الْجَنَّةِ

હઝરત કતાદાએ ફર્માવ્યું : એમના ત્યાં રાજાઓનું સ્વાગત સિજદાથી હતું. અને અલ્લાહ તઆલાએ આ ઉમ્મતને જન્નતવાળાઓનું

સ્વાગત સલામ અતા ફર્માવી.

وَقِيلَ هٰذَا السُّجُوْدُ كَانَ اِيْمَاءً بِالرَّاسِ فَقَطْ

અને એક મંતવ્ય એ પણ છે કે સિજદો એટલે માત્ર માથાથી નમન હતું.

وَقِيلَ كَانَ كَالرُّكُوعِ الْبَالِغِ دُوْنَ وَضْعِ الْجُبْهَةِ عَلَى الْاَرْضِ

અને એક મંતવ્ય એ છે કે સિજદાનો મતલબ લાંબો રુકૂઅ છે જેમાં કપાળ જમીન પર રાખવામાં ન આવે.

**قال الحسن الضمير فى [له]عائد على الله اى خروا لله سجدا شكرا علىٰ ما اوزعهم من هذه النعمة،وقد تأول قوله[رايتهم لى ساجدين]عليى ان معناه[رايتهم لاجلى ساجدين]واذا كان الضمير ليوسف فقال المفسرون كان السجود تحية لاعبادة**

હઝરત હસન બસરી رضی اللہ عنہ એ ફર્માવ્યું :–

(લહુ)માં ઝમીર અલ્લાહ તરફ જાય છે એટલે કે અલ્લાહ માટે શુક્રના સિજદામાં ગયા તેઓ જેમને આ નેઅમત આપી એના અને હઝરત યૂસફના ફર્માનનો જવાબ આપવામાં આવ્યો કે મેં એમને મારા માટે સિજદો કરતાં જોયા, અર્થ છે મારા કારણે સિજદો કરતાં જોયા, અને ઝમીર યૂસુફ માટે હોય તો મુફસ્સિરોએ કહ્યું કે સિજદો સ્વાગતનો હતો ઈબાદતનો નહીં.

وَقَالَ اَبُوْعَبْدِ اللّٰهِ الدَّارَانِى لَا يَكُوْنُ السُّجُوْدِ اِلَّا لِلّٰهِ لَا لِيُوْسُفَ وَيَبْعُدُ مِنْ عَقْلِهِ وَ دِيْنِهِ اَنْ يَرْضىٰ بِاَنْ يَسْجُدَ لَهُ اَبُوْهُ

અબૂ અબ્દુલ્લાહ દારાનીએ કહ્યું કે સિજદો અલ્લાહ માટે જ હતો યૂસુફ માટે નહીં. અક્કલ અને દીનથી એ વાત દૂર છે કે આપ પોતાના પિતાના સિજદાથી ખુશ થાય.

قِيلَ الضَّمِيْرُ وَاِنْ عَادَ عَلىٰ يُوْسُفَ فَالسُّجُوْدُ كَانَ لِلّٰهِ تَعَالىٰ وَجَعَلُوْا يُوْسُفَ قِبْلَةً كَمَا تَقُوْلُ صَلَّيْتُ لِلْكَعْبَةِ وَ صَلَّيْتُ اِلَى الْكَعْبَةِ

એક મંતવ્ય છે : ઝમીર ભલે હઝરત યૂસુફ તરફ જાય છે પણ સિજદો અલ્લાહ તઆલા માટે હતો અને યૂસુફને કિબ્લો બનાવ્યો જેમ કે તમે કહો મેં કા'બા તરફ નમાઝ પઢી. *(બહરુલ મુહીત, ભા. ૧, પેજ–૩૪૨)*





وَقِيلَ اَلسُّجُوْدُ هُنَا اَلتَّوَاضُعُ وَالْخُرُوْرُ بِمَعْنَى الْمُرُوْرِ لَا السُّقُوْطِ عَلَى الْاَرْضِ

અને એક મંતવ્ય છે સિજદો અહીં નમ્રતાના અર્થમાં છે અને ખોરૂરનો મતલબ પસાર થવું છે, જમીન પર પડવાના અર્થમાં નહીં *(પેજ–૩૪૨)*

તફસીરના આ અલગ અલગ મંતવ્યોથી એ સ્પષ્ટ થયું કે કુર્આનમાં જે બનાવો મખ્લૂકને સિજદો કરવાના છે એનો મતલબ જમીન પર કપાળ રાખીને સિજદો કરવા બાબતે નિશ્ચિત નથી, એના ઘણા અર્થ લેવામાં આવ્યા છે. જો ગયરે ખુદા માટે તા'ઝીમી સિજદો મુરાદ લેવો એટલું જ સહેલું હતું તો મહાન આલિમોએ અર્થ બનાવવામાં આટલી કોશિશો કરવાની જરૂરત ન હતી. અને પરિણામ એ આપ્યું કે સિજદો વાસ્તવિક અર્થમાં માની લેવામાં આવે એનાથી આપણને કોઈ ફરક પડતો નથી કારણ કે સર્વ તફસીરકારોએ એ જ ફેંસલો કર્યો કે આપણી શરીઅતમાં એનો હુકમ ઉઠાવી લેવામાં આવ્યો અને એ મન્સૂખ થઈ ગયો.

وَقَدْ نُقِلَ اِنَّ السُّجُوْدَ كَانَ فِىْ شَرِيْعَةٍ مِّنْ قَبْلِنَا هُوَ التَّحِيَّةُ وَنُسِخَ ذٰلِكَ فِى الْاِسْلَامِ

''સિજદો આગળની શરીઅતમાં હતો અને ઈસ્લામમાં **મન્સૂખ** થઈ ગયો.'' *(બહરુલ મુહીત, ભા. ૧, પેજ–૩૦૩)*

પંદરથી અધિક તફસીરોની કિતાબોથી અમે તમને એ સાબિત કરી બતાવ્યું કે જો માની લેવામાં આવે કે આગલી શરીઅતમાં તા'ઝીમી સિજદાનો જવાઝ (જાઈઝ હોવું) હતો તો એ હશે પણ એ અર્થમાં નિશ્ચિત નથી, અને **દરેક જ તફસીરમાં એ બતાવવામાં આવ્યું કે એ આપણી શરીઅતમાં મન્સૂખ થઈ ગયું** અને દરેક પ્રકારનો સિજદો અલ્લાહ માટે ખાસ કરી લેવામાં આવ્યો, જે લોકો ખોટી રીતે જાઈઝ કરવાની ગુમરાહીમાં પડેલા છે તેઓ સાબિત કરે કે કોઈ આધારભૂત તફસીર એ સાબિત કરતી હોય કે એ હુકમ મન્સૂખ નથી અને આપણી શરીઅતમાં જાઈઝ છે ? પણ તેઓ સાબિત કરી શકશે નહીં ! એટલે તફસીરોના પ્રકાશમાં એવા લોકોની ગુમરાહી સ્પષ્ટ થઈ ગઈ જેઓ જાઈઝ માને છે.

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

(પ્રકરણ : ૩)

# સિજદએ તા'ઝીમીનું હરામ હોવું હદીષે પાકના પ્રકાશમાં

نحمده ونصلی علیٰ رسوله سید المرسلین وعلیٰ آله و صحبه اجمعین اما بعد فاعوذ بالله من الشیطان الرجیم بسم الله الرحمٰن الرحیم یحل لهم الطیبات ویحرم علیهم الخبائث،صدق الله العظیم وصدق رسوله النبی الامین الکریم ونحن علیٰ ذٰلك لمن الشاهدین والشاکرین والحمد لله رب العالمین

الصلوٰة والسلام علیك یارسول الله

الصلوٰة والسلام علیك یا حبیب الله

الصلوٰة و السلام علیك یا نبی الله

الصلوٰة و السلام علیك یا نور الله

صلی الله تعالیٰ علیك وسلم

મારા પ્યારા આકા ﷺ ના પ્યારા દીવાનાઓ અને દીવાનીઓ ! અલ્લાહ તઆલાએ પોતાની બારગાહના પ્રિય નબી પોતાના હબીબ કાઈનાતે અરદ્દી વ સમાવતીના સરદાર, અમારા અને તમારા પ્યારા પ્યારા આકા અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺ ને આપણા માર્ગદર્શક બનાવીને મોકલ્યા. જેમ આપણે અલ્લાહના એક હોવા પર ઈમાન રાખવું અનિવાર્ય છે એમ જ આપણા પ્યારા નબી ﷺ ની નબુવ્વત પર ઈમાન રાખવું જરૂરી છે, અને જે કંઈ આપ અલ્લાહ





તઆલા તરફથી લઈને આપણી પાસે આવ્યા એની ઉપર પણ ઈમાન રાખવું જરૂરી છે.

અલ્લાહ તઆલાએ પોતાના પ્રિય હબીબ ﷺ ને ઘણા ઈખ્તિયારો અને અધિકારો અતા ફર્માવ્યા, અને આપને મોટામાં મોટો મો'જિઝો કુર્આને પાકનો અતા ફર્માવ્યો, અને અલ્લાહ તઆલાએ આપને કુર્આનના આલિમ અને મુઅલ્લિમ બનાવીને આપણને સત્ય માર્ગ બતાવવા માટે મોકલ્યા. એટલે એ વાત સર્વ મુસલમાને માન્ય રાખવી જરૂરી છે કે અલ્લાહની મખ્લૂકમાં અલ્લાહની કિતાબ સર્વથી અધિક સમજનાર આપણા નબી છે, એટલે કુર્આનની કોઈ વાત સમજમાં ન આવે તો એમાં આપણા પ્યારા પ્યારા આકા ﷺ ના ફર્માન અને આપની હદીષોનો સહારો લેવામાં આવશે. અને આપની જે હદીષો રિવાયતના આધારે તવાતુરના પદે પહોંચી હોય એનાથી કુર્આનની આયતને મન્સૂખ માની લેવામાં આવશે. અને આમ જ જયારે આપે ફર્માવ્યું કે لا تجمع امتی علی الضلالة મારી ઉમ્મત ગુમરાહી અને કુમાર્ગી પર એકત્ર નહીં થાય. તો આપની ઉમ્મતના પૂર્વજ આલિમોનું સંગઠન કોઈ મસ્અલામાં હોય તો એને યકીનના દરજામાં લાવવામાં આવશે, અને એ સંગઠનમાં અધિક સશક્ત સંગઠન આપણા નબી ﷺ ના સહાબા رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَ નું કોઈ મસ્અલાના હુકમમાં એક સમાન હોવું છે.

આપણા નબી ﷺ ના ફર્માનની વિશેષતા શું છે એના પર કુર્આનની આયતથી ચર્ચા કરી દેવામાં આવી, એટલે કોઈ હુકમમાં આપણા નબીનું સ્પષ્ટ ફર્માન સહીહ રિવાયતવાળુ મળી આવે તો એને આલિમોના ઈજતેહાદ પર ઉત્તમતા આપવામાં આવશે, જેમ કે આપણા પ્રિય ઈમામ ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی الله عنه એ ફર્માવ્યું કે હદીષ રિવાયતના આધારે اِذَا صَحَّ الْحَدِیْثُ فَهُوَ مَسْلَکِی સહીહના પદે પહોંચી જાય તો એ મારો મસ્લક છે. મતલબ એ કે જો મારો ઈજતેહાદી મસ્અલો હોય અને એ થોડી વાર માટે માની લેવામાં આવે કે એ કોઈ સહીહ હદીષ વિરુધ્ધ છે, તો પછી મારો એ ઈજતેહાદ ભૂલાવી દેવામાં આવે અને પ્રિય નબી ﷺ ની હદીષને મારા ઈજતેહાદ પર ઉત્તમતા આપવામાં આવે. એટલા માટે કે અલ્લાહ તઆલાએ આપણા નબી

ﷺ ને દુનિયામાં પોતાનો દીન લઈને મોકલ્યા છે, અને આપને ઉમ્મતના મુઅલ્લિમ બનાવવામાં આવ્યા છે, અલ્લાહ તઆલા તરફથી આપ પર વહી આવે છે, અને ગુપ્ત ઈલ્મો ખુદાની અતાથી અર્પણ થતા રહે છે, આપણે સર્વ મુકતદી છીએ અને આપણા નબી ﷺ સર્વના મુકતદા. એટલે ઈજતેહાદ પર નબીની સહીહ હદીષોને ઉત્તમતા આપવામાં આવશે.

જ્યારે ઈમામ મુજતહિદ જેની તકલીદ લોકો પર વાજિબ કરવામાં આવી, અને ચાર મસ્લકથી હટીને બીજા કોઈ માર્ગે જવાની તાકીદી મનાઈ કરવામાં આવી અને તકલીદથી હટેલા એ માર્ગને ગુમરાહી કહેવામાં આવ્યું. અત્યાર સુધીના સઘળા મહાન આલિમો અને વલીઓ એમનામાંથી કોઈ એકની તકલીદ જરૂરથી કરતા ચાલ્યા આવ્યા. જ્યારે એ ઈમામે મુજતહિદ ફર્માવે કે મારો ઈજતેહાદ સહીહ હદીષ વિરુધ્ધ જાય તો એને છોડી દેવામાં આવે, અને હદીષને ઉત્તમતા આપી એના પર અમલ કરી લેવામાં આવે. બલ્કે એ સહીહ હદીષને જ મસ્લકે ઈમામ કહી દેવામાં આવે, તો પછી એ મહાન મુજતહિદ ઈમામોથી નીચો જેમનો દરજો છે, અને જે આલિમો અને બુઝુર્ગોને એ મુજતહિદ ઈમામોની તાબેદારી કરવું અને ચાર પૈકીના કોઈ એકથી પોતાને સંબંધિત કરવો જરૂરી છે તો પછી એવા મુકલ્લિદોની વાત કે પછી એમનો બતાવેલો કોઈ મસ્અલો સહીહ હદીષ વિરુધ્ધ જાય તો એને કેમ કરી માની લેવામાં આવે ? અમે એના અન્ય દાખલાઓ આપીને એની જગાએ સમજાવવાની કોશિશ કરીશું. અહીં અમે તમને એ બતાવવાની ટ્રાય કરીએ છીએ કે ગયરે ખુદા માટે તા'ઝીમી સિજદો કરવો આપણી શરીઅતમાં હરામ છે, અને એમાં કોઈ પણ ઈમામે મુજતહિદનો વિવાદ નથી, ઉલમા, ઈમામો અને ફકીહોની ત્યારથી લઈને આજ સુધી એકમતિ રહી છે કે એ હરામ છે, અને એના હરામ હોવા પર આપણા નબીની ઘણી હદીષો છે. હદીષોને કાયદાના આધારે માપવામાં આવે તો એ મુતવાતિર છે. એનાથી કુર્આનનો હુકમ મન્સૂખ થઈ શકે છે જો બંનેમાં વિરોધ હોય હુકમના આધારે, અને ઉમ્મતના આલિમોની ત્યારથી લઈને આજ સુધીની એ કામના હરામ હોવા પર એકમતિ જોવામાં આવે તો





પણ એ હદીષ કાયદાના આધારે મુતવાતિર ન હોય તો પણ ઉમ્મતના ઈજમાઅ અને એકમતિના આધારે મુતવાતિરના હુકમમાં આવી જશે અને એનાથી પણ કુર્આનની આયતથી સાબિત હુકમનું ઉઠાવવું જાઈઝ રહેશે.

અમે તમને એ બતાવ્યું કે જો કુર્આનની આયતથી આગામી ઉમ્મત માટે સિજદાના જાઈઝ હોવાનું પુરવાર થાય છે તો એમાં કોઈ વાંધો નથી કારણ કે કુર્આનની બીજી આયતથી આ ઉમ્મત માટે હરામ હોવું સાબિત થયું છે. તો એનો મતલબ એ થયો કે જો જાઈઝ છે તો એ આગલી ઉમ્મતો માટે હતું, અને આપણી શરીઅતમાં બીજી આયતના આધારે હરામ છે. અને ખુલાસો એ કે આપણા નબી સર્વ મખ્લૂક માટે નબી બનાવીને મોકલવામાં આવ્યા છે તો આપની શરીઅતને માનવું અને અમલમાં લાવવું સર્વ પર જરૂરી થઈ ગયું, એટલે એ હુકમ હવે બાકી રહ્યો નથી.

હદીષોથી અમે પુરાવો એટલા માટે આપીએ છીએ કે કુર્આનની આયતથી સિજદએ તા'ઝીમી હરામ હોવું શાને નોઝૂલને સામે રાખીને હતું એટલે એ વાતની સત્યતા નબીના અનેક ફર્માનોથી સ્પષ્ટ થઈ ગઈ, અને એ હરામ હોવું વધારે સશક્ત બની ગયું.

જે લોકો આગલી ઉમ્મત માટે સિજદએ તા'ઝીમીના અમુક બનાવોની આયતોથી આ ઉમ્મતમાં તા'ઝીમી સિજદાનું જાઈઝ કહે છે તેઓ એ આયતોથી ખોટી દલીલ કરે છે, જ્યારે એ આગલી ઉમ્મતોની વાત છે તો એનાથી આપણને શો મતલબ ? અને બીજું એ કે જ્યારે કુર્આનની બીજી આયત આપણા માટે એનું હરામ હોવું સાબિત કરી રહી છે તો પછી આગલા બનાવોને દલીલ બનાવવાનો કયો માર્ગ રહ્યો ?! ત્રીજું એ કે આગલી ઉમ્મત માટે તા'ઝીમી સિજદાની આયતો એક અર્થ સાથે નિશ્ચિત નથી તો સિજદાના અર્થમાં યકીની ન રહી, પછી ચર્ચાનો શો વિષય ?! ચોથું એ કે નબીની એક નહીં કેટલીયે હદીષો અલગ અલગ રિવાયતથી એનું હરામ હોવું સ્પષ્ટ કરી રહી છે તો પછી નબીના ફર્માનના વિરુધ્ધ પોતાના ઈજતેહાદનો કયો દરજો ?! પાંચમું એ કે જ્યારે મહાન આલિમો, ફકીહો અને મુજતહિદો એકમતિથી હરામ કહી રહ્યા છે તો ઉમ્મતની એકમતિની વિરુધ્ધમાં બીજા કોઈની પણ વાતનો શું વજૂદ ?

છઠ્ઠું એ કે જે બુઝુર્ગોના નામ જવાઝ (જાઈઝ હોવાના)ના બહાનામાં ઉપયોગમાં લેવામાં આવે છે. એમની તરફ સંબંધિત કરવામાં કોઈની પાસે કોઈ સનદ, અને એક હાથથી બીજામાં એ લખાણ સંપૂર્ણ રક્ષણ સાથે પહોચ્યું એનો કોઈ પુરાવો જ નથી તો પછી એને આધાર બનાવવો ક્યાંનો ન્યાય ?! સાતમું એ કે સહાબીનું ફર્માન નબીના ફર્માનથી વિરુધ્ધ હોય તો એને છોડી નબીની હદીષ પર અમલ જરૂરી છે, તો નબીની હદીષના વિરુધ્ધમાં સહાબીથી નીચેના પદે રહેનારની વાત કેમ કરી માની લેવામાં આવે ? આઠમું ઈમામે મુજતહિદ જેમની તકલીદ જરૂરી છે તેઓ કહે છે કે મારો નિર્ણય સહીહ હદીષ વિરુધ્ધ જાય તો એને છોડી દેવામાં આવે. તો પછી જે લોકો એ ઈમામોના શુભેચ્છકો છે એમનું મંતવ્ય સહીહ હદીષ વિરુધ્ધ જાય તો કેમ સ્વીકારવામાં આવે ? નવમું એ કે જેમના દાખલાઓ જવાઝ (જાઈઝ હોવા)માં બયાન કરવામાં આવે છે તેઓની મસાઈલે શરઈય્યા ફિકહિય્યામાં તકલીદ વાજિબ છે ? નથી અને નથી જ ! અને એના પર કોઈ હકારાત્મક જવાબ આપી શક્શે નહીં. તો પછી એમના ઈતજેહાદને મસાઈલે ફિકહિય્યામાં દખલ કેમ કરીને આપવામાં આવશે ? દસમું કોઈ એવો કાયદો છે કે ઉમ્મતના ઈજમાઅ અને એકમતિને છોડીને બીજા કોઈની વાત માન્ય રાખી લેવામાં આવે ? અગ્યારમું એ કે આપણી શરીઅતમાં હરામ હોવાનું સાબિત થાય તો આગલી ઉમ્મતની શરીઅતની વાત માન્ય રાખી લેવામાં આવશે ?

હદીષના પ્રકરણ પર આટલી ચર્ચા કર્યા પછી હવે અમે નબીએ પાકની હદીષો જેનો સંબંધ તા'ઝીમી સિજદાના હરામ હોવા સાથે છે એને રજૂ કરીએ છીએ. હદીષોને વાંચતા જાવ અને અહલે સુન્નતમાં રહી ગુમરાહીને ઉત્તમતા આપનારાઓને ઓળખતા જાવ ! નબીના ફર્માનો જાણી લીધા પછી મને યકીન છે કે મારાં પ્રિય મુસલમાન ભાઈઓ અને માં બહેનો ગુમરાહોની વાત માનશે નહીં અને એ ગુમરાહોને પોતાના સમાજથી અલગ કરી પોતે સત્ય અહલે સુન્નત છે એનો અમલી પુરાવો આપશે.

કુર્આન આપણને સારા લોકોની સંગતનો હુકમ આપે છે અને જે લોકો ખરાબ છે અને જેમની ખરાબી શરીઅતના પ્રકાશમાં સ્પષ્ટ થઈ





ગઈ છે એનાથી દૂર રહેવાનો સબક આપવામાં આવ્યો છે, તો કુર્આનના એ ફર્માનને પણ જાણી લઈએ જેથી ગુમરાહોને છોડી દેવામાં આપણને થોડી પણ તકલીફ ન થાય.

આપણે સાચા અહલે સુન્નત છીએ અને આપણા અકીદા, આપણી માન્યતા અને આપણા અમલો સંપૂર્ણ ઈસ્લામી તા'લીમાતના પ્રકાશમાં છે પણ અમુક વર્તમાનકાળના ખાનકાહી જાહિલો ધર્મની તા'લીમ અને જ્ઞાનથી કોરા રહીને અને હજારો બિદઅતોને પોતાની ખાનકાહોના રિવાજો બનાવીને અહલે સુન્નતને બદ્નામ કરી રહ્યા છે જેને આસ્તીનના સાપ કહેવામાં આવશે. પણ જ્યારે આપણને એમનું ગુમરાહ હોવું કુર્આન હદીષ અને ઉમ્મતની એકમતિની તા'લીમાતથી ખબર પડી ગયું તો હવે આપણે પોતાના સત્ય દીનને સત્ય બતાવવા અને પોતાના સત્ય અહલે સુન્નત હોવાના પુરાવામાં એવા ગુમરાહ લોકોને અલગ કરીને જ રહીશું. જ્યાં સુધી ગુમરાહોને સાચા અહલે સુન્નતના વર્તુળથી બહાર કરવામાં નહીં આવે ત્યાં સુધી સામાન્ય પબ્લિકને આપણે આપણી સત્યતા બતાવી શક્તા નથી.

અલ્લાહ તઆલા ફર્માવે છે :—

يَآاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَكُوْنُوْا مَعَ الصّٰدِقِيْنَ

"અય ઈમાનવાળાઓ ! સાચા લોકોની સાથે રહો !"

કુર્આનનું ફર્માન સાચા લોકો સાથે રહેવાનું છે, જૂઠા અને ખરાબ લોકો સાથે રહેવાનું નહીં, જ્યારે ઉમ્મતની એકમતિથી તા'ઝીમી સિજદાનું હરામ હોવું પુરવાર થઈ ગયું છે તો એનાથી વિવાદ કરનાર જૂઠો, ફરેબી, બદ્માશ અને ગુમરાહ છે. એવાની સંગતમાં રહેવું જાઈઝ નથી બલ્કે એવા ખાનકાહી ગુમરાહોથી અલગ થવું વાજિબ છે.

અલ્લાહ તઆલા ફર્માવે છે :—

لَاتَقْعُدْ بَعْدَ الذِّكْرٰى مَعَ الْقَوْمِ الظّٰلِمِيْنَ

"યાદ આવવા પર ન બેસ જુલ્મીઓ સાથે !"

જ્યારે તમને ખબર પડી ગઈ કે ઉમ્મતની એકમતિથી વિવાદ કરનાર ગુમરાહ, બદ્દીન છે તો આ ઈર્શાદે કુર્આનના આધારે એનાથી અલગ થઈ જવું જરૂરી છે.

મસ્નવી શરીફમાં હઝરત જલાલુદ્દીન રૂમી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

અય બસા ઈબ્લીસ આદમ રૂએ અસ્ત
પસ બેહર દસ્ત ન બાયદ દાદ દસ્ત

જાણી લો ઘણા ઈબ્લીસ પ્રકારના લોકો જોવામાં તો માણસ હોય છે (પરંતુ વાસ્તવમાં તેઓ શૈતાન જ હોય છે, તેઓ દીનથી દૂર કરવાનું અને ગુમરાહ, બદ્દીન બનાવવાનું કામ કરતા હોય છે એટલે) દરેક હાથમાં હાથ ન રાખી દેવો જોઈએ ! હાથ રાખવો અને મુરીદ બની પોતાની જાતનો સોદો કરવો ખરાબ લોકોના હાથે પોતાની આખેરત બરબાદ કરવી છે, એટલે ધૂતારાઓથી બચવા મૌલાના રૂમીએ આપણને નસીહત કરી કે આ કામ ઘણુ સારું પણ છે અને ઘણું ખતરનાક પણ છે. એટલે) દરેક હાથમાં હાથ ન આપી દેવો જોઈએ ખૂબ ચકાસણી કરી લેવી જોઈએ ! અને જો કોઈ ખોટો દોટે ચઢી જાય તો શું કરવું જોઈએ ?! એનો જવાબ અલ્લાહની કિતાબે આપણને એ આપ્યો કે ખબર પડી ગઈ કે આ લાયક નથી જુલ્મી છે, નકામો છે, ઈમાનને ખતરામાં લઈ જનાર છે તો એને છોડી દેવો જોઈએ. એને કુર્આન શરીફમાં બીજી જગાએ આ પ્રમાણે પણ ફર્માવવામાં આવ્યું :–

تَعَاوَنُوْا عَلَى الْبِرِّ وَ التَّقْوٰى وَلَا تَعَاوَنُوْا عَلَى الْاِثْمِ وَالْعُدْوَانِ

"નેકી અને પરહેઝગારી પર એક બીજાને સહાય આપો અને ગુનાહ અને દુશ્મની પર એક બીજાને સહકાર ન આપો."

કુર્આનની તા'લીમાતના પ્રકાશમાં મુસલમાનોની પરીક્ષા છે કે સાચાને સહકાર આપો. દીનની વફાદારીનું એલાન કોણ કરે છે અને જૂઠાને સહકાર આપી દીનના ગદ્દારોમાં પોતાનું નામ કોણ લખાવે છે શું તમને ખબર છે ?! વફાદારોની જમાઅત સફળ અને કામયાબ છે અને ગદ્દારોની જમાત બેઈજ્જત છે !





અલ્લાહ તઆલા ફર્માવે છે :– اَلَا اِنَّ حِزْبَ اللّٰهِ هُمُ الْغَالِبُوْنَ

"સાવધાન ! નિઃશંક ! અલ્લાહની જમાઅત જ આગળ પડતી છે."

ગદ્દારો માટે ફર્માને ઈલાહી છે :–

اِنَّ الَّذِيْنَ يُحَادُّوْنَ اللّٰهَ وَرَسُوْلَهٗ اُولٰٓئِكَ فِى الْاَذَلِّيْنَ

"બેશક ! જેઓ અલ્લાહ અને એના રસૂલથી વિરુઘ્ધ જાય છે તેઓ જ વધારે બેઈજ્જત છે."

(આ વિશે વધારે વિગત ઈન્શાઅલ્લાહ ! બીજા પ્રકરણમાં બયાન કરવામાં આવશે.) તો લ્યો તમારી સમક્ષ છે નબી ﷺ નું ફર્માન કે તા'ઝીમી સિજદો નબી માટે પણ હરામ છે તો નબી ﷺ થી નીચેના પદના કોઈ બુઝુર્ગ માટે કેમ કરી જાઈઝ ઠરી શકે છે ?!

وَمَنْ يُّطِعِ اللّٰهَ وَالرَّسُوْلَ فَقَدْ فَازَ فَوْزًا عَظِيْمًا "જે અલ્લાહ અને એના રસૂલના હુકમોનું પાલન કરે છે એમણે મહાન સફળતા પ્રાપ્ત કરી લીધી." તો પછી વિરુઘ્ધ કરીને કે વિરોધીઓને સહકાર આપીને મહાન બેઈજ્જતોમાં પોતાનું નામ ન લખાવો.

## સિજદએ તા'ઝીમીના હરામ હોવા પર હદીષો

### ★ હદીષ નં. : ૧ ★

عن ابى هريرة قَالَ جَائَتْ اِمْرَأَةٌ اِلىٰ رَسُوْلِ اللّٰهِ ﷺ فَقَالَتْ يَا رَسُوْلَ اللّٰهِ ! اَخْبِرْنِىْ مَا حَقُّ الزَّوْجِ عَلَى الزَّوْجَةِ قَالَ لَوْ كَانَ يَنْبَغِىْ لِبَشَرٍ اَنْ يَسْجُدَ لِبَشَرٍ لَاَمَرْتُ الْمَرْأَةَ اَنْ تَسْجُدَ لِزَوْجِهَا اِذَا دَخَلَ عَلَيْهَا لِمَا فَضَّلَهُ اللّٰهُ عَلَيْهَا،هٰذَا لَفْظُ الْبَزَّارِ وَ الْحَاكِمِ وَ الْبَيْهَقِى وَعِنْدَ التِّرْمِذِىْ اَلْمَرْفُوْعُ مِنْهُ بِلَفْظِ لَوْ كُنْتُ آمُرُ اَحَدًا اَنْ يَّسْجُدَ لِاَحَدٍ لَاَمَرْتُ الْمَرْأَةَ اَنْ تَسْجُدَ لِزَوْجِهَا

જામેએ તિર્મિઝી, સહીહ ઈબ્ને હબ્બાન, સહીહ મુસ્તદરક, મુસ્નદે બઝ્ઝાર અને સુનને બયહકીમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત

છે : આ રિવાયત જામેએ તિર્મિઝીમાં છે, અને દુર્રે મન્થૂરમાં આયત "અર્રરિજાલુ કવ્વામુન અલ્ન્નિસાઅ"ની તફસીરમાં બઝ્ઝાર, હાકિમ અને બયહકી તરફ સંબંધિત કરવામાં આવ્યું, તરગીબના બાબે નિકાહમાં અને જામેએ સગીરમાં એને ઈબ્ને હબ્બાન તરફ સંબંધિત કરવામાં આવ્યું, અને એના "મરફૂઅ" ભાગને જ વર્ણન કરવામાં આવ્યું પોતાની કિતાબના લેખ પ્રમાણે, અને કન્ઝુલ ઉમ્માલમાં નિશાની "નૂન" સાથે વર્ણન છે, તો એમાં "તા" તિર્મિઝીની જગાએ નસાઈનો નૂન આવી ગયો છે.

એક સ્ત્રીએ બારગાહે રિસાલત અલયહિ અફઝલુસ્સલાતુ વત્તસ્લીમમાં હાજર થઈને વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! મને બતાવો પતિનો પત્ની પર શો હક્ક છે ? ફર્માવ્યું, **જો કોઈ બશરને યોગ્ય હોતું કે બીજા બશરને સિજદો કરે તો હું ઔરતને ફર્માવતો કે જ્યારે પતિ ઘરમાં આવે એને સિજદો કરે,** એ ફઝીલતને લઈને જે અલ્લાહે એની એના પર રાખી. આ શબ્દો બઝ્ઝાર, હાકિમ અને બયહકીના છે. ઈમામ તિર્મિઝીને ત્યાં "મરફૂઅ" શબ્દો આ પ્રમાણે છે કે જો કોઈને કોઈના માટે સિજદાનો હુકમ આપતો તો ઔરતને હુકમ આપતો કે એ પોતાના પતિને સિજદો કરે. ઈમામ તિર્મિઝી ફર્માવે છે **આ હદીષ હસન સહીહ** છે. *(દુર્રે મુન્સુર, ભાગ–૨, પેજ–૧૫૨, તરગીબ વ તરહીમ, ભાગ–૩, પેજ–૫૪, કન્ઝુલ ઉમ્માલ, હદીષ ૪૪૭૯૪, ભાગ–૧૬, પેજ–૩૩૬, કશ્ફુલ અસ્તાર અને ઝવાઈદિલ બઝ્ઝાર, હદીષ–૧૪૬૬, બાબુ હક્કિ ઝ્ઝવજ, ભાગ–૨, પેજ–૧૭૮, અલ મુસ્તદરક લિલ હાકિમ કિતાબુન્નિકાહ, ભાગ–૨, પેજ–૧૮૯, તિર્મિઝી, અબવાબુર્રિઝાઅ, ભાગ–૧, પેજ–૧૩૮)*

**હદીષનો ભાવાર્થ** : નબીએ પાક ﷺ થી પતિના હક્કની માંગ થઈ રહી છે અને એના પર નબી ﷺ ફર્માવી રહ્યા છે કે માણસ માણસને સિજદો કરી શક્તો હોતે તો હું પત્નીને એના પતિને સિજદો કરવાનો હુકમ આપતો. નબી ﷺ નું ફર્માન એ બતાવી રહ્યું છે કે એનાથી મુરાદ તા'ઝીમનો જ સિજદો છે, કારણ કે ઈબાદતનો સિજદો ગયરે ખુદા માટે શિર્ક છે.





હદીષમાં છે : "ઈઝા દખલા અલયહા" પતિ એની પાસે આવે ત્યારે, એનાથી એ વાતનો ઈશારો છે કે સિજદો સ્વાગત અને તહિય્યતનો છે. અને એ પણ કોઈ વ્યક્તિના માટે જાઈઝ નથી. જાઈઝ હોત તો નબી એનો હુકમ પત્નીને આપતા.

એક જગાએ **બશર**નો શબ્દ છે અને બીજી જગાએ **અહદુન**નો શબ્દ છે, મતલબ એ કે માણસ માણસને સિજદો નથી કરી શક્તો, અને બીજાથી એ જાણવા મળ્યું કે કોઈ કોઈને પણ સિજદો ન કરે, બંનેમાં દરેક વ્યક્તિને નકારાત્મકમાં રાખવામાં આવેલ છે, એટલે સિજદો ઈજ્જતનો અને સ્વાગતનો પણ કોઈને થઈ શક્તો જ નથી.

શું અહીં કોઈ ઈબાદતના સિજદાની વાત કરી શકે છે ? કારણ કે પતિ માટે સિજદો કરવાની તમન્ના નબી ﷺ એ કરી અને પછી એ સ્વાગતનો સિજદો હરામ હોવાને લઈને આપે એને નકારાત્મક બતાવ્યું.

જ્યારે પતિનો દરજો પત્ની માટે એના પોતાના પિતાથી પણ વધીને છે તો પણ એ પતિને સિજદો ન થઈ શકે તો પછી પીરને સિજદો કરવાનો સવાલ જ ક્યાં ઉપસ્થિત થયો ! કે જેની સામે તો વિના પર્દે આવવાનો પણ હુકમ નથી ! સ્પષ્ટ થયું કે પતિનો દરજો ઈસ્લામી શરીઅતમાં પત્ની માટે એના પીરથી પણ વધીને છે. જ્યારે પીરથી અધિક ઉત્તમને સિજદો ન થઈ શકે તો પીરને કેમ કરી થઈ શકે ?!

એવું સમજવામાં ન આવે કે આ હદીષ માત્ર સ્ત્રીઓને મનાઈ કરવા માટે છે, બલ્કે હદીષના ભાષાંતરથી સમજી શકો છો કે કોઈ બીજાના માટે જાઈઝ હોત તો હું કહેતો, પણ બીજી વ્યક્તિ કરી જ નથી શક્તી એટલે પત્ની પતિને પણ નથી કરી શક્તી, કોઈને ન કરી શક્વું એ દલીલ છે પતિને ન કરવાની, ખુલાસો એ કે સામાન્ય નકારાત્મક બનાવીને એમાંથી એક ખાસનો હુકમ બયાન કરવામાં આવ્યો.

## ★ હદીષ નં. : ૨ ★

બઝ્ઝારે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી ફર્માવે છે કે :–

عن ابی هريرة قَالَ دَخَلَ النَّبِیُّ ﷺ حَائِطاً فَجَاءَ بَعِيرٌ فَسَجَدَ لَهٗ فَقَالُوا هٰذِهٖ بَهِيمَةٌ لَاتَعْقِلُ سَجَدَتْ لَكَ وَ نَحْنُ نَعْقِلُ فَنَحْنُ اَحَقُّ اَنْ نَسْجُدَ لَكَ فَقَالَ ﷺ لَا يَصْلِحُ لِبَشَرٍ اَنْ يَسْجُدَ لِبَشَرٍ لَوْ صَلَحَ لَاَمَرْتُ الْمَرْأَةَ اَنْ تَسْجُدَ لِزَوْجِهَا لِمَا لَهٗ مِنَ الْحَقِّ عَلَيْهَا

નબી ﷺ એક બાગમાં પધાર્યા એક ઊંટે હાજર થઈને હુઝૂરને સિજદો કર્યો. સહાબાએ વિનંતિ કરી, આ બેઅક્કલ પ્રાણી છે, એણે હુઝૂરને સિજદો કર્યો, અમે તો અક્કલવાળા છીએ અમને વધારે હક્ક પહોંચે છે કે હુઝૂરને સિજદો કરીએ : ફર્માવ્યું, અલ્લાહના રસૂલ ﷺ એ **આદમી માટે લાયક નથી કે આદમીને સિજદો કરે, જો એ ઉત્તમ હોતું તો હું પત્નીને ફર્માવતો કે પતિને સિજદો કરે એ હક્કને લઈને જે એનો એના પર છે.** ઈમામ જલાલુદીન સિયૂતીએ મનાહિલુસ્સિફામાં ફર્માવ્યું, આ હદીષની **સનદ હસન** છે.

*(મજમઉઝ્ઝવાઈદ અહમદ અને બઝ્ઝારના પુરાવાથી બાબુલ મુ'જેઝાતમાં, ભાગ–૯, પેજ–૧૭૪, નસીમુરિર્યાઝ, ભાગ–૩, પેજ–૮૦, ૮૧, શરહે શિફા મુલ્લા અલી કારી, નસીમુર્રિયાઝના હાશિયા પર, ભાગ–૩, પેજ–૮૦)*

પ્રથમ ખુલાસો એ કે પ્રાણીનો સિજદો વાસ્તવિક સિજદો નથી હોતો એનો દાઢીનો ભાગ જમીન સાથે લાગતો હોય છે. વાસ્તવિક શરઈ અર્થ કપાળ જમીન પર રાખવું હોય છે. અને પ્રાણીમાં એ અર્થ નથી લાવી શક્તા. બીજું એ કે પ્રાણી પ્રાણી છે એના માટે અલ્લાહ તઆલાએ શરીઅત ઉતારી નથી. ત્રીજું એ કે પ્રાણીને જોઈને સહાબાએ સિજદાની ઈચ્છા પ્રગટ કરી તો આપે મનાઈ કરી એટલા માટે કે માણસ માણસ છે એના માટે શરીઅત ઉતારવામાં આવી છે એટલે એને હુકમનું પાલન કરવાનું છે. ચોથું સહાબીએ જે અર્થ સમજ્યો એ સ્પષ્ટ છે કે સિજદો તા'ઝીમનો ગયરે ખુદાને જાઈઝ નથી એટલે મનાઈ પછી એમણે નબીને સિજદો ન કર્યો, એ એમના હરામ સમજવાની દલીલ છે. નબીએ પતિ માટે પત્નીના સિજદાનું નકારાત્મક ફર્માન આપીને કોઈ પણ ગયરે ખુદા માટે સંપૂર્ણ નકારાત્મક તરફ ઈશારો ફર્માવ્યો. છઠ્ઠું એ કે સહાબાએ





એને હરામ સમજ્યું એટલે ન નબી માટે એ કામ કર્યું અને ન એક બીજાના માટે એ કામ કર્યું, અને ન કોઈ પત્નીએ પોતાના પતિને સિજદો કર્યો, કોઈનું જ કોઈને સિજદો ન કરવું એ હરામ સમજવાની અને હરામ હોવાની એકમતિની દલીલ છે. સાતમું એ પછી તાબેઈન, તબએ તાબેઈન અને મુજતહિદ ઈમામોએ પણ એને હરામ સમજ્યું અને હરામ બતાવ્યું એટલે એમનામાંથી કોઈએ બીજાને સિજદો ન કર્યો, અને કોઈ પત્નીએ પતિને સિજદો ન કર્યો, તો પછી હવે બીજા કોઈના ઈજતેહાદનો સવાલ જ ક્યાં ઊભો રહ્યો. આઠમું એ કે કોઈએ لَا يَصْلُحُ અને لَا يَنْبَغِی થી એ દલીલ ન કરી કે માત્ર ઉત્તમ ન હોવાનો પુરાવો છે હરામ હોવાનો નહીં બલ્કે દરેકે જ એને હરામના અર્થમાં લીધો. નવમું સહાબાથી વધીને કોણ છે જેની વાતને એમના વિરુધ્ધમાં દલીલ બનાવવામાં આવે ? દસમું જે પ્રમાણેની ખોટી દલીલ કરીને લોકોએ પોતાના માટે તા'ઝીમી સિજદાના જવાઝનો માર્ગ કાઢયો એ સહાબાની સમજમાં કેમ ન આવ્યો ? એટલે જ કે સહાબા નફ્સપરસ્ત ન હતા, એમણે સત્ય સમજ લઈ એના પર અમલ કર્યો.

## ★ હદીષ નં. : 3 ★

عن انس قَالَ كَانَ اَهْلُ بَيْتٍ مِّنَ الْاَنْصَارِ لَهُمْ جَمَلٌ يَسْنُوْنَ عَلَيْهِ وَاِنَّهٗ اِسْتَصْعَبَ عَلَيْهِمْ [فَذَكَرَ الْقِصَّةَ اِلیٰ قَوْلِهٖ] فَلَمَّا نَظَرَ الْجَمَلُ اِلیٰ رَسُوْلِ اللّٰهِ ﷺ خَرَّ سَاجِدًا بَيْنَ يَدَيْهِ فَقَالَ لَهٗ اَصْحَابُهٗ يَا رَسُوْلَ اللّٰهِ هٰذِهٖ بَهِيمَةٌ لَاتَعْقِلُ تَسْجُدُ لَكَ وَنَحْنُ نَعْقِلُ فَنَحْنُ اَحَقُّ اَنْ نَسْجُدَ لَكَ قَالَ لَا يَصْلِحُ لِبَشَرٍ اَنْ يَسْجُدَ لِبَشَرٍ لَاَمَرْتُ الْمَرْأَةَ اَنْ تَسْجُدَ لِزَوْجِهَا مِنْ عَظْمِ حَقِّهٖ عَلَيْهَا، وَ عِنْدَ النَّسَائِی مُخْتَصَرٌ

અહમદ, નસાઈ, બઝ્ઝાર અને અબૂ નઈમે હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી ફર્માવ્યું, અન્સારના એક કુટુંબનું પખાલ ઊંટ એમના પર બગડી ગયું, કોઈને નજીક ન આવવા દેતું હતું. ખેતી અને ખજૂરીઓ તરસી થઈ, સરકારે અકદસમાં ફરિયાદ કરી. હુઝૂરે સહાબાને ફર્માવ્યું,

ચાલો બાગમાં પધરામણી કરો ! ઊંટ પેલા ખૂણે હતું, હુઝૂર ﷺ એની તરફ ચાલવા લાગ્યા તો અન્સારે વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! એ ગાંડા કૂતરા માફક થઈ ગયું છે, એવું ન બને કે હુમ્લો કરી બેસે. ફર્માવ્યું, મને એની ચિંતા નથી ! ઊંટ હુઝૂરને જોઈને ચાલ્યું અને નજીક આવીને હુઝૂરને સિજદામાં પડયું, હુઝૂરે એના માથાના વાળ પકડીને કામમાં આપી દીધું, એ બકરી જેવું થઈ ગયું. સહાબાએ વિનંતિ કરી કે અમે તો અક્કલવાળા છીએ અમારો હક્ક વધારે છે કે અમે હુઝૂરને સિજદો કરીએ. ફર્માવ્યું, **આદમીને લાયક નથી કે કોઈ બશરને સિજદો કરે, નહીં તો હું સ્ત્રીને એના પતિને સિજદો કરવાનો હુકમ આપતો એનો એના પર મોટો હક્ક હોવાને લઈને.** નસાઈમાં આ હદીષ ટૂંકમાં વર્ણન થઈ છે. ઈમામે મુઝિરીને કહ્યા કે **આ હદીષની સનદ જૈય્યદ** છે અને એની રિવાયત કરનારાઓ **મશ્હૂર** અને **સશક્ત** છે. *(દલાઈલુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૩૭, મુસનદે અહમદ બિન હંબલ હઝરત અનસની રિવાયતથી ભાગ–૩, પેજ–૧૫૮, દુર્રે મન્સૂર, ભાગ–૨, પેજ–૧૫૪, અલ્ મવાહિબુલ્લદુનિયા, ભાગ–૨, પેજ–૫૪૯, તરગીબ વ તરહીબ, ભાગ–૩, પેજ–૫૫, કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૧૬, પેજ–૩૩૩)*

આ હદીષનો ખુલાસો ઉપરોક્ત હદીષ માફક છે, માત્ર એ કે આમાં જે ઊંટના સિજદા કરવાનો ઉલ્લેખ છે એ ઊંટ ગાંડુ હતું અને એણે આપણા નબીને સિજદો કર્યો હતો, પણ હું તમને બતાવી ગયો કે પ્રાણીઓનો સિજદો વાસ્તવિક સિજદો નથી હોતો એમાં માત્ર મોઢું જમીન પર રાખવું હોય છે, ભલે એ એની હાલત અને સ્થિતિ પ્રમાણે હોય પણ જ્યારે આપણા નબીએ આપણને મનાઈ કરી આપી તો પ્રાણીઓના સિજદાથી આપણા માટે જવાઝ (જાઈઝ હોવા)નો માર્ગ બાકી રહી ગયો નહીં, બીજા શબ્દોમાં એ કે હદીષ પોતે જ એ સવાલનો જવાબ બતાવી રહી છે કે પ્રાણીનો હુકમ અલગ છે અને માણસનો હુકમ અલગ છે. વર્તમાનકાળમાં જે લોકો માણસ હોવા છતાં પોતાને પ્રાણી સમજે છે અને હદીષમાં મનાઈ હોવા છતાં જવાઝ (જાઈઝ હોવા)નો માર્ગ શોધે છે તેઓ પોતાની જહાલત, ગુમરાહી અને કુમાર્ગીને લઈને પ્રાણીથી પણ અધિક ખરાબ અને બદ્તર છે.





અલ્લાહ તઆલા ફર્માવે છે :–

**اولئك كلانعام بل هم اضلا اولئك هم الفا سقون**

"તેઓ પ્રાણીઓ જેવાં છે બલ્કે એનાથી અધિક કુમાર્ગી, તેઓ જ ફાસિક છે."

## ★ ધ્યાન આપવા લાયક વાત ★

નબીએ પાક ﷺ એ ફર્માવ્યું કે એક બશર બીજા બશરને સિજદો કરે એ લાયક નથી તો સહાબા નબીને સિજદો કરવાથી બચી ગયા અને પછી ક્યારે પણ ન કર્યો, અને તેઓ સમજી ગયા કે કોઈ બશરને સિજદો નથી કરી શક્તા તો પછી આપણા નબી પણ અફઝલે બશર છે અને આપણા નબીને બશર માનવું નબુવ્વતના આધારે દીનની જરૂરી વાતોમાંથી છે તો તેમણે નબીને સિજદો ન કર્યો અને આજના કુમાર્ગી અને ખાનકાહી ગુમરાહો પોતાને સિજદો કરાવે છે ! શું તેઓ પોતાને નબીથી ઉત્તમ સમજે છે ?! જો નથી અને ક્યારે થઈ પણ નથી શકવાના તો પછી પોતાને સિજદો કેમ કરાવે છે ?! નબી તો પોતાના જ ફર્માનથી પોતાને સિજદાના લાયક ન સમજે અને ખાનકાહી નાલાયક પોતાને એના લાયક સમજે !

## ★ પબ્લિકને મારી વિનંતિ ! ★

પબ્લિકને મારા તરફથી એ વિનંતિ કરવામાં આવે છે કે તેઓ અલ્લાહની બારગાહમાં પોતાનો માન મર્તબો સમજે અને પછી ઉત્તમ નિર્ણય લે. તે એ કે સિજદો કરાવનાર પીરો તમને માણસ સમજતા નથી, માણસ સમજતા હોતા તો તમને પોતાની સમક્ષ સિજદો ન કરાવતા, પણ તેઓ તમને જાનવર અને પ્રાણીઓ સમજે છે ! અને પ્રાણીઓવાળી આ હદીષોથી દલીલ લાવે છે કે જાનવરોએ નબીને સિજદો કર્યો હતો, અને જાનવરોને મનાઈ કરવામાં ન આવી હતી તો પછી આ આપણા મુરીદો પણ દીનથી જાહિલ અને નાસમજ હોવાને લઈને જાનવરો જ છે ! પછી એ અમને સિજદો કરે તો વાંધો શું છે ?! ખુલાસો એ કે અલ્લાહ તઆલાએ તમને ઈન્સાન બનાવ્યા, ઈમાનની દૌલત આપી, તમને

પોતાની બારગાહમાં ઈજ્જતવાળા બનાવ્યા તો જો તમે પોતાને ઈન્સાન અને મુસલમાન હોવાને લઈને ખુદાની બારગાહમાં પોતાને ઈજ્જતવાળા સમજો છો તો આવા દુર્માર્ગી પીરોથી પોતાને દૂર કરો અને કુર્આને પાકની તા'લીમ પ્રમાણે સાચા લોકોનો માર્ગ લો અને એમની સંગતને ઉત્તમતા આપો. જે તમને જાનવર અને પ્રાણી સમજે તેઓ પાસે જઈને પોતાનો દીન અને પોતાની ઈજ્જત કેમ બરબાદ કરો છો ?! મારા મુસલમાન ભાઈઓને મારી વાત સમજમાં આવી ગઈ હશે અને મારો સબક એમની ખિદમતમાં પહોંચતાની સાથે તેઓ અલ્લાહ અને રસૂલના માર્ગે આવી કુમાર્ગી પીરોને સત્યનો અસર બતાવી આપશે.

## ★ શું તમે જાનવર છો ?! ★

કોઈ માણસ પોતાને જાનવર અને પ્રાણી નથી સમજતો બલ્કે સર્વ પોતાને ઈન્સાન અને ઈજ્જતવાળો સમજે છે. તો પછી હું મારો સબક તમારી સેવામાં પહોંચાડીને વાટ જોઈશ કે ક્યારે તમે કુમાર્ગી લોકોથી અલગ થઈ પોતાના ઈન્સાન હોવાનો અને પોતાના ઈમાનવાળા હોવાનો પુરાવો આપશો. જો તમે વાસ્તવમાં ઈન્સાન છો અને તમારા ન સમજવાથી નીકળી તો નહીં જાવ પણ જાનવરોનાં કામો કરનાર માણસ જેવો લાગવા છતાં જાનવર જ સમજવામાં આવે છે, એટલે તો કોઈ વ્યક્તિ વારંવાર ભૂલ કરે છે તો એને બળદ નહીં તો ગધેડો કહેવામાં આવે છે ! એ ગધેડો અને બળદ નથી પણ કામ નાસમજીનાં કરીને એમની સિફત અપનાવી રહ્યો છે. તો મારા મુસલમાન ભાઈઓ અને બહેનો ! આવો ! અમારે ત્યાં તમે માણસ છો, તમે મુસલમાન છો, તમે ઈજ્જતવાળા છો, જ્યારે આપણા નબી ﷺ એ કોઈને પોતાની સમક્ષ ન નમાવ્યો તો અમે તમને પોતાની તરફ કુમાર્ગી પીરો માફક અમારી સમક્ષ નમાવવાના નથી, બલ્કે તમે મુસલમાન છો અને તમારી પેશાની અને કપાળને અલ્લાહ તઆલાએ પોતાની બારગાહ માટે ખાસ કરી લીધી છે તો અમે પણ તમને એ બારગાહમાં જ નમાવીશું. તો પ્રથમ અમારી શિખામણ સમજી પોતાને જાનવરોની લિસ્ટમાંથી બહાર કરો અને નબી જે શરીઅત લઈને આપણી પાસે આવ્યા છે એને અપનાવી





લો, તમને જાનવર સમજીને સિજદો કરાવનારાઓને બતાવી આપો કે અમે ઈન્સાન છીએ કે પછી પ્રાણી !

## ★ હદીષ નં. : ૪ ★

ઈમામ અહમદ, બઝ્ઝાર અને અબૂ નઈમ હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરે છે :–

**قَالَ دَخَلَ النَّبِیُّ صلی اللہ علیہ وسلم حَائِطًا لِّلْاَنْصَارِ وَمَعَهٗ اَبُوْبَكْرٍ وَ عُمَرُ فِیْ رِجَالٍ مِّنَ الْاَنْصَارِ وَفِی الْحَائِطِ غَنَمٌ فَسَجَدْنَ لَهٗ فَقَالَ اَبُوْبَكْرٍ يَا رَسُوْلَ اللّٰهِ كُنَّا نَحْنُ اَحَقَّ بِالسُّجُوْدِ لَكَ مِنْ هٰذِهِ الْغَنَمِ قَالَ اِنَّهٗ لَا يَنْبَغِیْ فِیْ اُمَّتِیْ اَنْ يَّسْجُدَ اَحَدٌ لِاَحَدٍ وَلَوْ كَانَ يَنْبَغِیْ اَنْ يَّسْجُدَ اَحَدٌ لِاَحَدٍ لَاَمَرْتُ الْمَرْاَةَ اَنْ تَسْجُدَ لِزَوْجِهَا**

હુઝૂર ﷺ અન્સારના એક બાગમાં પ્રવેશ્યા, સિદ્દીક, ફારૂક અને અમુક અન્સાર આપની સાથે હતા, બાગમાં બકરીઓ હતી એમણે હુઝૂરને સિજદો કર્યો, સિદ્દીકે અકબરે વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! ﷺ આ બકરીઓથી વધીને અમે હક્ક ધરાવીએ છીએ કે હુઝૂરને સિજદો કરીએ. ફર્માવ્યું, **મારી ઉમ્મતમાં કોઈને લાયક નથી કે કોઈ બીજાને સિજદો કરે, જો એ યોગ્ય હોતું કે કોઈ બીજા કોઈને સિજદો કરે તો સ્ત્રીને હુકમ આપતો કે પોતાના પતિને સિજદો કરે.**

મુલ્લા અલી કારીએ શરહે શિફા ઈમામ કાઝી ઈયાઝમાં ફર્માવ્યું કે આ હદીષની સનદ સહીહ છે. અલ્લામા ખફ્ફાજીએ કહ્યું નસીમુર્રિયાઝમાં કે **આ હદીષ સહીહ છે.**

*(નસીમુર્રિયાઝ, ભાગ–૩, પેજ–૮૦, દલાઈલુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૩૫, મુસ્નદે અહમદ, ભાગ–૩, પેજ–૧૫૮, મવાહિબુલ્લદુનિયા, ભાગ–૨, પેજ–૫૫૧, શરહે ઝર્કાની અલલ મવાહિબ, ભાગ–૫, પેજ–૧૪૩, ખસાઈસુલ કુબ્રા, ભાગ–૨, પેજ–૨૬૫)*

**ખુલાસો** : આ હદીષમાં બકરીઓના સિજદા કરવાનો ઉલ્લેખ છે, અને સહાબામાં ખાસ કરીને હઝરત અબૂબક્ર અને હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہما નો ઉલ્લેખ છે, બકરીઓનો સિજદો જોઈને હઝરત

અબૂબક્ર رضی اللہ عنہ એ નબીએ પાક ﷺ થી તા'ઝીમી સિજદાની રજા માંગી, રજા માંગવાનો મતલબ છે કે આપ હુઝૂર ﷺ થી હુકમની માંગ કરી રહ્યા છે કે અમે આપને સિજદો કરી શકીએ છીએ ? આપણા નબી ﷺ એ એનાથી આપની સઘળી ઉમ્મતને મનાઈ કરી, પોતાના માટે પણ અને બીજા કોઈ વ્યક્તિ માટે પણ.

જેમણે કહ્યું કે અહીં વાજિબનો ઈન્કાર છે કે મને સિજદો કરવો વાજિબ નથી, તો વાજિબના ઈન્કારથી તદ્દન ન કરવાનું નકારાત્મક જાણવા મળતું નથી, એટલે સુન્નત હોવું બાકી રહેશે ! તો એમને હું કહીશ કે તમારી સમજ હઝરત અબૂબક્ર અને હઝરત ઉમર ફારૂક (رضی اللہ عنہما)થી વધીને છે એવું લાગે છે ?! એમણે તો નબીએ પાક ﷺ ના મના કરવાના હરામ સમજીને ક્યારે પણ એ પછી નબીને સિજદો ન કર્યો, અને એ પછી કોઈએ એક બીજાને પણ સિજદો ન કર્યો ! તમારી સમજમાં જે આવ્યું એમની સમજમાં કેમ ન આવ્યું ?! ખુલાસો એ કે સહાબા એ શબ્દોને હરામના અર્થમાં જ માનતા હતા એટલે એનો વિરોધ એમનામાં જોવા ન મળ્યો, અને તમે ગુમરાહ છો કે સઘળા સહાબાને ભગા થઈને જે વાત સમજમાં ન આવી એ તમારી સમજમાં આવી ગઈ ! જે વાત મહાન ઈમામો અને મુજતહિદોની સમજમાં ન આવી એ તમારી સમજમાં આવી ગઈ ! ઉલમાએ કિરામની એકમતિની સમજમાં જે વાત ન આવી એ તમારી સમજમાં આવી ગઈ ! હું કહીશ ગુમરાહોનું કામ એવું જ હોય છે, જે સારા લોકોની સમજમાં આવ્યું એ જ એમની સમજમાં આવે તો પછી એમને ગુમરાહ ન કહેવાય ! ગુમરાહોને ગુમરાહી ફેલાવવા સાચા લોકોની સમજથી બહાર થવું જ પડે છે, સિજદએ તા'ઝીમીને એકમતિથી હરામ છે એમાં જાઈઝ હોવાની ચર્ચા ગુમરાહ સિવાય બીજાું કોઈ કરી શક્તું નથી. એટલે ગુમરાહોને ઓળખો અને પોતાનું દામન એમની સંગતથી પાક કરો ! અલ્લાહ તઆલાએ તમને સાચા લોકો સાથે રહેવાનું ફર્માવ્યું છે તો આ ઈસ્લામના ઉલમા, ઈમામો અને મુજતહિદોની એકમતિનો મસ્અલો છે કે તા'ઝીમી સિજદો આપણી શરીઅતમાં ગયરે ખુદા માટે હરામ છે તો એ સાચા લોકોના





સત્ય મંતવ્ય પર આવી, ગુમરાહોથી દૂરી અને ગુમરાહીથી તૌબા કરો !

## ★ હદીષ નં. : ૫ ★

بَیْنَمَا نَحْنُ قُعُوْدٌ مَعَ رَسُوْلِ اللّٰهِ ﷺ اِذْ اَتَاهُ آتٍ فَقَالَ یَارَسُوْلَ اللّٰهِ نَاضِحُ آلِ فُلَانٍ قَدْ اَبَقَ عَلَیْهِمْ فَنَهَضَ رَسُوْلُ اللّٰهِ ﷺ [فَذَکَرَ الْقِصَّةَ وَ فِیْهِ سُجُوْدُ الْبَعِیْرِ لَهٗ ﷺ] قَالَ فَقَالَ اَصْحَابُهٗ یَا رَسُوْلَ اللّٰهِ بَهِیْمَةٌ مِّنَ الْبَهَائِمِ تَسْجُدُ لَكَ لِتَعْظِیْمِ حَقِّكَ نَحْنُ اَحَقُّ اَنْ نَسْجُدَ لَكَ قَالَ لَوْ کُنْتُ آمُرُ اَحَدًا مِّنْ اُمَّتِیْ اَنْ یَّسْجُدَ بَعْضُهُمْ لِبَعْضٍ لَاَمَرْتُ النِّسَاءَ اَنْ یَسْجُدْنَ لِاَزْوَاجِهِنَّ

બયહકી, અબૂ નઈમ અને દલાઈલુન્નબુવ્વતમાં હઝરત અબ્દુલ્લાહ બિન ઔફા رضی اللہ عنہ થી રિવાયત છે : ફર્માવે છે કે અમે હુઝૂરે પાક ﷺ ની સેવામાં હાજર હતા, કોઈએ આવીને ખબર આપી કે ફલાણા ઘરનું પખાલ ઊંટ બેકાબૂ થઈ ગયું છે, હુઝૂર ઉઠયા અને અમે આપની સંગતમાં ઉઠયા, અમે વિનંતિ કરી, હુઝૂર એની પાસે ન જશો, હુઝૂર તશરીફ લઈ ગયા. (પછી એમાં ઊંટના હુઝૂરને સિજદો કરવાનો ઉલ્લેખ છે) રાવી કહે છે આપના સહાબાએ વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! ﷺ પ્રાણીઓ પૈકીનું એક પ્રાણી છે એ આપનો હક્ક જોઈને તા'ઝીમમાં સિજદો કરે છે તો અમને વધારે હક્ક પહોંચે છે કે અમે આપને સિજદો કરીએ ! આપે ફર્માવ્યું, **જો હું મારી ઉમ્મતમાંથી કોઈને બીજા કોઈના માટે સિજદો કરવાનો હુકમ આપતો તો ઔરતોને હુકમ આપતો કે પોતાના પતિઓને સિજદો કરે.** *(દલાઈલુન્નબુવ્વત, ભાગ-૨, પેજ-૧૩૭)*

## ★ હદીષ નં. : ૬ ★

عن یعلیٰ بن مرة ثقفی فَقَالَ خَرَجَ النَّبِیُّ ﷺ یَوْمًا فَجَاءَ بَعِیْرٌ یَرْغُوْ حَتّٰی سَجَدَ لَهٗ فَقَالَ الْمُسْلِمُوْنَ نَحْنُ اَحَقُّ اَنْ نَسْجُدَ لِلنَّبِیِّ ﷺ فَقَالَ لَوْ کُنْتُ آمُرُ اَحَدًا اَنْ یَّسْجُدَ لِغَیْرِ اللّٰهِ تَعَالٰی لَاَمَرْتُ الْمَرْأَةَ اَنْ تَسْجُدَ لِزَوْجِهَا

અહમદે મુસનદમાં, હાકિમે મુસ્તદરકમાં, તબ્રાનીએ મુઅજ્જમે

કબીરમાં અને બયહકીએ તથા અબૂ નઈમે દલાઈલુન્નબુવ્વતમાં અને બગવીએ શરહુસ્સુન્નહમાં યઅલા બિન મુર્રા ષકફી رضی اللہ عنہ થી રિવાયત છે : ફર્માવે છે કે એક દિવસ હુઝૂર અકદસ ﷺ બહાર તશરીફ લઈ ગયા, ઓચિંતા એક ઊંટ દોડતું આવ્યું અને આપને સિજદો કર્યો, મુસલમાનોએ કહ્યું કે અમને તો વધારે લાયક છે કે નબી ﷺ ને સિજદો કરીએ. હુઝૂર અકદસ ﷺ એ ફર્માવ્યું, **હું કોઈને ગયરે ખુદાને સિજદાનો હુકમ આપતો તો ઔરતોને કહેતો કે પતિને સિજદો કરે.** જાણો છો આ ઊંટ શું કહે છે, એ કહી રહ્યું છે કે એણે ચાલીસ વરસ પોતાના માલિકોની સેવા કરી, જ્યારે વૃદ્ધ થયું, એમણે એનો ઘાસચારો ઓછો અને કામ વધુ કરી આપ્યું છે. હવે જ્યારે એમના ત્યાં શાદી છે ! છરી લીધી કે હલાલ કરે. હુઝૂર અકદસ ﷺ એ એના માલિકોને કહેવાડયું કે ઊંટ આ પ્રમાણે ફરિયાદ કરે છે ! એમણે વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! ﷺ એ સાચું કહે છે. ફર્માવ્યું, હું તો ઈચ્છું છું કે તમે મારા લીધે એને છોડી આપો ! એમણે છોડી દીધું. મતાલિઉલ મસર્રાતમાં છે **આ હદીષની સનદ સહીહ** છે. *(મતાલિઉલ મસર્રાત શરહે દલાઈલુલ ખૈરાત, પેજ–૨૪૧, દલાઈલુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૩૬)*

## ★ હદીષ નં. : ૭ ★

**عن ام المؤمنين عائشة اَنَّ رَسُوْلَ اللّٰهِ ﷺ كَانَ فِیْ نفرٍمِّنَ الْمُهَاجِرِيْنَ وَ الْاَنْصَارِ فَجَاءَ بَعِيْرٌ فَسجَدَ لَهٗ فقَالَ اَصْحَابُهٗ يَا رَسُوْلَ اللّٰهِ تَسْجُدُ لَكَ الْبَهَائِمُ وَ الشَّجَرُ فَنَحْنُ اَحَقُّ اَنْ نَسْجُدَ لَكَ فَقَالَ اُعْبُدُوْا رَبَّكُمْ وَ اَكْرِمُوْا اَخَاكُمْ وَلَوْ كُنْتُ آمُرُ اَحَدًا اَنْ يَّسْجُدَ لِاَحدٍ لَاَمَرْتُ الْمَرْأَةَ اَنْ تَسْجُدَ لِزَوْجِهَا**

મુસ્નદે ઈમામ અહમદમાં ઉમ્મુલ મુ'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત છે : રસૂલુલ્લાહ ﷺ મુહાજેરીન અને અન્સારની એક જમાઅતમાં બિરાજમાન હતા, એટલામાં એક ઊંટે આવીને હુઝૂરને સિજદો કર્યો, સહાબાએ વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! ﷺ પ્રાણીઓ અને ઝાડો હુઝૂરને સિજદો કરે છે તો અમે તો વધારે હક્ક ધરાવીએ છીએ કે હુઝૂરને સિજદો કરીએ ! ફર્માવ્યું,





અલ્લાહની ઈબાદત કરો અને અમારી તા'ઝીમ, **જો હું કોઈને કોઈના સિજદાનો હુકમ આપતો તો ઔરતને હુકમ આપતો કે પોતાના પતિને સિજદો કરે.** *(મુસ્નદે ઈમામે અહમદ, ભાગ–૬, પેજ–૭૬)*

આ હદીષનો માત્ર અંતિમ ભાગ કે જો હું કોઈને કોઈના સિજદાનો હુકમ કરતો તો ઔરતને પતિના સિજદાનો. **સુનને ઈબ્ને માજા**માં પણ છે અને એટલું જ **તરગીબ**માં ઈબ્ને હબ્બાન અને **દુર્રે મન્ષૂર**માં અબૂબક્ર બિન અબૂ શયબા તરફ સંબંધ કર્યો છે. *(મુસ્નદે અહમદ બિન હંબલ, ભાગ–૬, પેજ–૭૬)*

**ખુલાસો** : હદીષે પાકનો મતલબ છે કે તમારા રબની બંદગી કરો સિજદાની માંગના જવાબ પર એટલે કે જેમ બંદગી અલ્લાહ તઆલા માટે ખાસ છે, એ જ પ્રમાણે સિજદાને અલ્લાહ માટે ખાસ રાખો, અને ફર્માવ્યું, "તમારા નબીની ઈજ્જત કરો !" એટલે કે સિજદાથી નહીં પણ બીજા તરીકાથી જે જાઈઝ છે ઈજ્જત કરો. સિજદો જ્યારે મનાઈ છે તો એ મને કરવાથી ઈજ્જત ન ગણાય, પછી સિજદએ તહિય્યતો, તા'ઝીમનો સવાલ જ ન રહ્યો, સિજદો તા'ઝીમ હોય તો તા'ઝીમ કહેવાય, હરામ હોય તો એનું તા'ઝીમ હોવું ક્યાં સાબિત રહ્યું ?!

## ★ હદીષ નં. : ૮ ★

**عن ثعلبة بن ابی مالك قَالَ اِشْتَرىٰ اِنْسَانٌ مِّنْ بَنِیْ سَلَمَةَ جَمَلًا يَنْضِحُ عَلَيْهِ فَاَدْخَلَهٗ فِیْ مَرْبَدٍ فَجَرَدَ فِيْمَا يَحْمِلُ فَلَمْ يَقْدِرْ اَحَدٌ اَنْ يَّدْخُلَ عَلَيْهِ اِلَّا تَخَبَّطَهٗ فَجَاءَ رَسُوْلَ اللّٰهِ ﷺ فَذَكَرَ لَهٗ ذٰلِكَ فَقَالَ اِفْتَحُوْا عَنْهُ فَقَالُوْا اِنَّا نَخْشٰى عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ فَقَالَ اِفْتَحُوْا عَنْهُ فَفَتَحُوْا فَلَمَّا رَاٰهُ الْجَمَلُ خَرَّ سَاجِدًا فَسَبَّحَ الْقَوْمُ وَقَالُوْا يَا رَسُوْلَ اللّٰهِ كُنَّا اَحَقُّ بِالسُّجُوْدِ مِنْ هٰذِهِ الْبَهِيْمَةِ قَالَ لَوْ يَنْبَغِیْ لِشَيْءٍ مِّنَ الْخَلْقِ اَنْ يَسْجُدَ لِشَيْءٍ دُوْنَ اللّٰهِ لَيَنْبَغِیْ لِلْمَرْأَةِ اَنْ تَسْجُدَ لِزَوْجِهَا**

અબૂ નઈમ દલાઈલમાં ષઅલબા બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે : બની સલ્મામાં કોઈએ એક ઊંટ પખાલને વેચાતું લઈને

પખાલ બનાવ્યું જ્યારે હુઝૂર ﷺ પધાર્યા, આપની સરકારમાં એ ફરિયાદ કરવામાં આવી, ફર્માવ્યું, દરવાજો ખોલો ! એમણે વિનંતિ કરી, હુઝૂર અમને ડર લાગે છે. ફર્માવ્યું, ખોલો ! ખોલી દેવામાં આવ્યો. જ્યારે ઊંટે આપને જોયા તો સિજદામાં ગયું, લોકો સુબ્હાનલ્લાહ ! પઢવા લાગ્યા. પછી વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! અમે તો આ પ્રાણીથી વધીને સિજદાના વધારે લાયક છીએ. ફર્માવ્યું, **જો મખ્લૂકમાં કોઈને કોઈ બીજાને સિજદો ઉત્તમ હોતો તો ઔરત માટે ઉત્તમ હોતું કે એના પતિને સિજદો કરતી.** *(દલાઈલુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૩૬)*

## ★ હદીષ નં. : ૯ ★

غیلان بن سلمة ثقفی قَالَ خَرَجنَا مَعَ رَسُوْلِ اللّٰهِ ﷺ فِیْ بَعْضِ اِسْفَارِهٖ فَرَاَیۡنَا مِنۡهُ عَجَبًا مِنۡ ذٰلِكَ اِنَّا مَضَیۡنَا فَنَزَلۡنَا فَجَآءَ رَجُلٌ فَقَالَ یَا نَبِیَّ اللّٰهِ اِنَّهٗ كَانَ لِیۡ حَائِطٌ فِیۡهِ عَیۡشِیۡ وَ عَیۡشُ عِیَالِیۡ وَلِیۡ فِیۡهِ نَاضِحَانِ فَاغۡتَلَمَا عَلَیَّ فَمَنَعَانِیۡ اَنۡفُسُهُمَا وَ حَائِطِیۡ وَمَا فِیۡهِ وَلَا یَقۡدِرُ اَحَدٌ اَنۡ یَدۡنُوَ مِنۡهُمَا فَنَهَضَ نَبِیُّ اللّٰهِ ﷺ بِاَصۡحَابِهٖ حَتّٰی اَتَی الۡحَائِطَ فَقَالَ لِصَاحِبِهٖ اِفۡتَحۡ فَقَالَ یَا نَبِیَّ اللّٰهِ اَمۡرُهُمَا اَعۡظَمُ مِنۡ ذٰلِكَ قَالَ اِفۡتَحۡ فَلَمَّا حَرَّكَ الۡبَابَ قَبِلَا لَهُمَا جَلَبَةَ كَحَفِیۡفِ الرِّیۡحِ فَلَمَّا انۡفَرَجَ الۡبَابُ وَ نَظَرَا اِلٰی نَبِیِّ اللّٰهِ ﷺ بَرِكَا ثُمَّ سَجَدَا فَاَخَذَ نَبِیُّ اللّٰهِ بِرُءُوۡسِهِمَا فَدَفَعَهُمَا اِلٰی صَاحِبِهِمَا فَقَالَ اِسۡتَعۡمِلۡهُمَا وَ اَحۡسِنۡ عَلۡفَهُمَا فَقَالَ الۡقَوۡمُ یَا نَبِیَّ اللّٰهِ تَسۡجُدُ لَكَ الۡبَهَائِمُ فَبَلَاءُ اللّٰهِ عِنۡدَنَا بِكَ اَحۡسَنُ حِیۡنَ هَدَانَا اللّٰهُ مِنَ الضَّلَالَةِ وَ اسۡتَنۡقَذَنَا بِكَ مِنَ الۡمَهَالِكِ اَفَلَا تَأۡذَنُ لَنَا فِی السُّجُوۡدِ لَكَ فَقَالَ النَّبِیُّ ﷺ اِنَّ السُّجُوۡدَ لَیۡسَ لِیۡ اِلَّا الۡحَیَّ الَّذِیۡ لَا یَمُوۡتُ وَلَوۡ اَنِّیۡ اٰمُرُ اَحَدًا مِنۡ هٰذِهِ الۡاُمَّةِ بِالسُّجُوۡدِ لَاَمَرۡتُ الۡمَرۡأَةَ اَنۡ تَسۡجُدَ لِزَوۡجِهَا

અબૂ નઈમ ગીલાન બિન સલ્મા ષકફી رضی اللہ عنہ થી રિવાયત છે : અમે એક સફરમાં હુઝૂર ﷺ સાથે નીકળ્યા. અમે એક અચરજમાં પડી જવાય એવી વાત જોઈ, અમે એક જગાએ રોકાયા, તો એક વ્યક્તિએ





હાજર થઈને વિનંતિ કરી, અય અલ્લાહના નબી ! મારો એક બાગ છે કે મારી અને મારા ઘરવાળાઓની રોજીનો ઝરીયો છે, એમાં મારા બે ઊંટ પખાલ હતાં, બંને બગડી ગયાં છે, ન પોતાની પાસે આવવા દે, ન બાગમાં પ્રવેશવા દે, કોઈની તાકાત નથી કે નજીક જાય, હુઝૂર અન્વર ﷺ સહાબાએ કિરામ સાથે ઉઠીને એના બાગે ગયા, ફર્માવ્યું, ખોલ ! વિનંતિ કરી, અય અલ્લાહના નબી ! ﷺ એમનો મામલો આનાથી વધીને છે, ફર્માવ્યું, ખોલ ! જ્યારે દરવાજો ખખડયો, બુમો પાડતા આવ્યા, હવા માફક. અને એમણે નબી ﷺ ને જોયા તરત સિજદામાં પડી ગયાં, હુઝૂરે એમનાં માથાં પકડીને માલિકને આપ્યાં, અને ફર્માવ્યું, એમનાથી કામ લે અને ચારો સારો એવો આપ. હાજરજનોએ વિનંતિ કરી, અય અલ્લાહના નબી ! ﷺ પ્રાણીઓ તમને સિજદો કરે છે તો આપના સદકામાં અલ્લાહની નેઅમત અમારા પર સારી છે, અલ્લાહે ગુમરાહીથી અમને માર્ગ બતાવ્યો અને હુઝૂર ﷺ ના હાથો પર અમને દુનિયા તથા આખિરતની હલાકતોથી નજાત આપી. શું હુઝૂર અમને રજા નહીં આપે કે અમે હુઝૂરને સિજદો કરીએ ?! નબી ﷺ એ ફર્માવ્યું, **સિજદા મારા માટે નથી, એ તો એ જીવંત માટે છે જે ક્યારે પણ નહીં મરે, ઉમ્મતમાં કોઈને સિજદાનો હુકમ આપતો તો ઔરતને પતિના સિજદાનો હુકમ આપતો.** *(દલાઉલુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૩૬, ૧૩૭)*

**ખુલાસો** : આ હદીષમાં સહાબાએ નબી ﷺ પાસે સિજદએ તા'ઝીમની માંગ કરી, અને એ મારામાં એમણે નબી તરફથી મળેલ ફાયદાઓ અને આપના સદકામાં મળેલ નેઅમતોનો પણ ઉલ્લેખ કર્યો અને પછી વિનંતિ કરી કે અમને આપને સિજદો કરવાનો વધારે હક્ક પહોંચે છે કે અમે આ પ્રાણીઓથી અધિક ફાયદો લીધો તો અમારે એમનાથી અધિક આપની તા'ઝીમ અને ઈજ્જત કરવી જોઈએ, તો હુઝૂરે અકદસ ﷺ એ એમને તાકીદી જવાબ આપ્યો કે સિજદો માત્ર અલ્લાહ તઆલા માટે જ છે એની સિવાય કોઈના માટે નથી, એટલે કે આપણી શરીઅતમાં કોઈ ગેયરની ઈજ્જત માટે સિજદો નથી, એ અલ્લાહ તઆલા સાથે ખાસ છે, દરેક પ્રકારનો સિજદો એને જ કરવામાં આવશે,

જો ગેયરને સિજદો કરી શકાતો અને એના જાઈઝ હોવાનો કોઈ માર્ગ રહી ગયો હોતે તો હું સ્ત્રીને એના પતિનું પદ બતાવવા માટે સિજદો કરવાનું કહેતો, પણ કોઈ માર્ગ જવાઝ (જાઈઝ હોવાનો)નો છે જ નથી પછી એનાથી તા'ઝીમ ગયરે ખુદાની નથી થઈ શકતી.

## ★ હદીષ નં. : ૧૦ ★

**عن عبد الله بن عباس قَالَ اِنَّ رَجُلًا مِنَ الْاَنْصَارِ كَانَ لَهٗ فَحْلَانِ فَاغْتَلَمَا فَاَدْخَلَهُمَا حَائِطًا فَسَدَّ عَلَيْهِمَا الْبَابَ ثُمَّ جَاءَ اِلَى النَّبِيِّ ﷺ فَاَرَادَ اَنْ يَدْعُوْ لَهٗ وَالنَّبِيُّ ﷺ قَاعِدٌ وَمَعَهٗ نَفَرٌ مِنَ الْاَنْصَارِ [فَسَاقَ الْحَدِيْثَ وَفِيْهِ] فَقَالَ اِفْتَحْ فَفَتَحَ الْبَابَ فَاِذَا اَحَدُ الْفَحْلَيْنِ قَرِيْبٌ مِنَ الْبَابِ فَلَمَّا رَاٰى النَّبِيَّ ﷺ سَجَدَ لَهٗ فَشَدَّ رَاسَهٗ وَاَمْكَنَهٗ مِنْهُ ثُمَّ مَشٰى اِلٰى اَقْصَى الْحَائِطِ اِلَى الْفَحْلِ الْاٰخَرِ فَلَمَّا رَاٰهُ وَقَعَ لَهٗ سَاجِدًا فَشَدَّ رَأْسَهٗ وَاَمْكَنَهٗ مِنْهُ وَقَالَ اِذْهَبْ فَاِنَّهُمَا لَايَعْصِيَانِكَ وَفِيْهِ قَوْلُهٗ ﷺ لَا آمُرُ اَحَدًا اَنْ يَسْجُدَ لِاَحَدٍ لَاَمَرْتُ الْمَرْأَةَ اَنْ تَسْجُدَ لِزَوْجِهَا**

તબ્રાની કબીરમાં અબ્દુલ્લાહ બિન અબ્બાસ رَضِيَ اللهُ عَنْهُمَا થી રિવાયત છે : આમાં પણ આઠમી હદીષ માફક બે ઊંટોના ગાંડા થવાનો ઉલ્લેખ છે, એ સફરનો કિસ્સો હતો. આમાં એ છે કે એમના માલિક અન્સારી દુઆ કરાવવા આવ્યા કે અલ્લાહ તઆલા એ ઊંટોને એમના તાબા હેઠળ કરી આપે. હુઝૂર તશરીફ લઈ ગયા, દરવાજો ખોલાવ્યો, એક ઊંટ દરવાજા પાસે હતું, જોતાંની સાથે સિજદામાં પડી ગયું. હુઝૂર અકદસ ﷺ એ એને બાંધીને માલિકને આપ્યું, પછી બાગના કિનારે તશરીફ લઈ ગયા, બીજાું ઊંટ ત્યાં મળ્યું એણે પણ સિજદો કર્યો, એને પણ બાંધીને સોપ્યું. અને સહાબાની સિજદાની માંગ પર ઈર્શાદ ફર્માવ્યો, જાવ ! એ તમારી નાફર્માની નહીં કરે, અને એમાં અલ્લાહના રસૂલ ﷺ નું ફર્માન છે, **હું કોઈને નથી કહેતો કે કોઈને સિજદો કરે અને જો કોઈને કોઈના સિજદાનો હુકમ કરતો તો સ્ત્રીને હુકમ કરતો કે પોતાના પતિને સિજદો કરે.** *(અલ્ મુઅજ્જમુલ કબીર, ભાગ–૧૧, પેજ–૩૫૬)*





## ★ હદીષ નં. : ૧૧ ★

**عن جابر بن عبد الله و هذا لفظ الدارمى فى حديث طويل مشتمل علىٰ معجزات قَالَ خَرَجْتُ مَعَ النَّبِيِّ ﷺ فِيْ سَفَرٍ [فَذَكَرَ مُعْجِزَتَيْنِ اِلٰى اَنْ قَالَ] ثُمَّ سِرْنَا وَرَسُوْلُ اللّٰهِ ﷺ بَيْنَنَا كَاَنَّمَا عَلٰى رُؤُسِنَا الطَّيْرُ تَظَلَّلَنَا فَاِذَا جَمَلٌ نَادٰى حَتّٰى اِذَا كَانَ بَيْنَ سَمَاطَيْنِ خَرَّ سَاجِدًا [ثُمَّ سَاقَ الْحَدِيْثَ اِلٰى اَنْ قَالَ] قَالَ الْمُسْلِمُوْنَ عِنْدَ ذٰلِكَ يَا رَسُوْلَ اللّٰهِ نَحْنُ اَحَقُّ بِالسُّجُوْدِ لَكَ مِنَ الْبَهَائِمِ قَالَ لَايَنْبَغِيْ لِشَيْئٍ اَنْ يَسْجُدَ لِشَيْئٍ وَلَوْ كَانَ ذٰلِكَ كَانَ النِّسَآءُ لِاَزْوَاجِهِنَّ**

અબ્દ બિન હુમૈદ, અબૂબક્ર બિન અબી શયબા, દારેમી, અહમદ, બઝ્ઝાર અને બયહકીએ હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી રિવાયત કરી, અને આ શબ્દ દારેમીના છે લાંબી હદીષમાં જે મુ'જિઝાઓ સંબંધિત છે, ફર્માવે છે : હું એક સફરમાં નબીએ કરીમ ﷺ સાથે નીકળ્યો પછી એમણે બે મો'જિઝાનો ઉલ્લેખ કર્યો એટલે સુધી કે ફર્માવ્યું, પછી અમે ચાલ્યા અને રસૂલુલ્લાહ ﷺ અમારી વચમાં હતા, જાણે અમારા માથાઓ પર પક્ષીઓએ છાંયડો કરેલો છે. ઓચિંતું એક ઊંટ છૂટીને આવ્યું, જ્યારે બંને લાઈનની વચમાં આવ્યું તો સિજદો કર્યો. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, આનો માલિક હાજર થાય. અમુક અન્સારી યુવાન હાજર થયા કે અય અલ્લાહના રસૂલ ! આ અમારું છે. ફર્માવ્યું, એનો કિસ્સો શું છે ? વિનંતિ કરી, વીસ વરસથી અમે એના પર પાણી ન લાવ્યા, આ મોટું ચરબીથી ભરેલું છે, હવે ઈચ્છું કે હલાલ કરીને વહેંચી લઈએ, એ છૂટી આવ્યું. ફર્માવ્યું, આને મારા હાથે વેચી દો ! વિનંતિ કરી, બલ્કે એ હુઝૂરને ભેટ છે ! ફર્માવ્યું, જો મારું છે તો મરણ સુધી એની સારી સેવા ચાકરી કરો ! **આ જોઈને મુસલમાનોએ કહ્યું, અય અલ્લાહના રસૂલ ! ﷺ પ્રાણીઓથી વધારે અમને હક્ક છે કે અમે હુઝૂરને સિજદો કરીએ ! ફર્માવ્યું, કોઈને કોઈનો સિજદો લાયક નથી, જો આમ હોત તો ઔરતો પોતાના પતિઓને સિજદો કરતી.** *(સુનને દારેમી, પેજ–૧૮, ૧૯)*

ઈમામે જલીલ જલાલુદ્દીન સિયૂતીએ ફર્માવ્યું મનાહિલમાં કે **આ હદીષની સનદ સહીહ છે.** ઈમામ કસ્તલાનીએ મવાહિબમાં ફર્માવ્યું, સનદ જય્યિદ (ઉત્તમ) છે. ઝર્કાનીએ ફર્માવ્યું, **આના સઘળા રાવીઓ સશક્ત છે.**

## ★ હદીષ નં. : ૧૨ ★

**عن بريدة بن حصيب واللفظ لابی نعيم قَالَ جاءَ اَعْرَابِیٌّ اِلَی النَّبِیِّ ﷺ فَقَالَ يَا رَسُوْلَ اللّٰهِ قَدْ اَسْلَمْتُ فَاَرِنِیْ شَيْئًا اَزْدَدْ بِهٖ يَقِيْنًا فَقَالَ مَا الَّذِیْ تُرِيْدُ قَالَ اُدْعُ تِلْكَ الشَّجَرَةَ اَنْ تَأْتِيَكَ قَالَ اِذْهَبْ فَادْعُهَا فَاَتَاهَا الْاَعْرَابِیُّ فَقَالَ اَجِيْبِیْ رَسُوْلَ اللّٰهِ ﷺ فَمَالَتْ عَلٰی جَانِبٍ مِّنْ جَوَانِبِهَا فَقَطَعَتْ عُرُوْقُهَا حَتّٰی اَتَتِ النَّبِیَّ ﷺ فَقَالَتْ اَلسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ فَقَالَ الْاَعْرَابِیُّ حَسْبِیْ حَسْبِیْ فَقَالَ لَهَا النَّبِیُّ ﷺ اِرْجِعِیْ فَرَجَعَتْ فَجَلَسَتْ عَلٰی عُرُوْقِهَا وَ فُرُوْعِهَا فَقَالَ الْاَعْرَابِیُّ اِئْذَنْ لِیْ يَا رَسُوْلَ اللّٰهِ اَنْ اُقَبِّلَ رَاسَكَ وَ رِجْلَيْكَ فَفَعَلَ ثُمَّ قَالَ اِئْذَنْ لِیْ اَنْ اَسْجُدَ لَكَ قَالَ لَا يَسْجُدُ اَحَدٌ لِاَحَدٍ وَلَوْ اَمَرْتُ اَحَدًا اَنْ يَسْجُدَ لِاَحَدٍ لَاَمَرْتُ الْمَرْأَةَ اَنْ تَسْجُدَ لِزَوْجِهَا لِعَظْمِ حَقِّهٖ عَلَيْهَا،وَلَفْظُ الْفَقِيْهِ قَالَ اَتَاذِنُ لِیْ اَنْ اَسْجُدَ لَكَ قَالَ لَاتَسْجُدْ لِیْ وَلَا يَسْجُدُ اَحَدٌ لِاَحَدٍ مِنَ الْخَلْقِ وَلَوْ كُنْتُ آمُرُ اَحَدًا بِذٰلِكَ لَاَمَرْتُ الْمَرْأَةَ اَنْ تَسْجُدَ لِزَوْجِهَا تَعْظِيْمًا لِحَقِّهٖ**

બઝ્ઝારે મુસ્નદમાં, હાકિમે મુસ્તદરકમાં, અબૂ નઈમે દલાઈલમાં અને ઈમામ અબૂ લૈષે તંબીહુલ ગાફેલીનમાં બુરૈદા બિન હુસૈબ رضی اللہ عنہ થી રિવાયત કરી, શબ્દ અબૂ નઈમના છે. ફર્માવ્યું, એક ગામડિયો નબી ﷺ પાસે આવ્યો વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! ﷺ હું મુસલમાન બની ગયો મને એવી વસ્તુ બતાવો કે મારું યકીન વધી જાય. ફર્માવ્યું, શું ઈચ્છે છે ?! વિનંતિ કરી, હુઝૂર ! આ ઝાડને બોલાવો કે સેવામાં હાજર થાય. ફર્માવ્યું, જા બોલાવ ! એ ગામડિયો ઝાડ પાસે ગયો અને કહ્યું, તને અલ્લાહના રસૂલ ﷺ યાદ ફર્માવે છે ! તરત જ એ એક તરફ નમ્યું કે એ તરફનાં મૂળિયાં તૂટી ગયાં, પછી બીજી તરફ





એટલું નમ્યું કે એ તરફનાં મૂળિયાં તૂટી ગયાં, પછી ચાલ્યું અને હુઝૂરે પાક ﷺ ની સેવામાં આવી સ્પષ્ટ શબ્દોમાં બોલ્યું, સલામ હુઝૂર પર અય અલ્લાહના રસૂલ ! ﷺ ગામડિયાએ કહ્યું, મને પૂરતું છે ! મને પૂરતું છે ! રસૂલુલ્લાહ ﷺ એ ઝાડને કહ્યું, ચાલ્યું જા ! તરત જ પરત થયું અને એ જ મૂળિયાંઓ પર પોતાની ડાળખીઓ સાથે ચોંટી ગયું. ગામડિયાએ વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ મને રજા મળે કે તમારા માથા અને પગોને બોસો આપું. રજા આપી તો એમણે એવું કર્યું, પછી વિનંતિ કરી, મને તમને સિજદાની રજા આપો ! ફર્માવ્યું, કોઈ બીજાને સિજદો કરશે નહીં, જો હું કોઈને કહેતો કે બીજાને સિજદો કરે તો સ્ત્રીને કહેતો કે પોતાના પતિને સિજદો કરે, એના પર એનો હક્ક મહાન હોવાને લઈને. ફકીહ અબુલ લૈષના શબ્દો છે. વિનંતિ કરી, આપ મને તમને સિજદો કરવાની રજા આપો છો ! **ફર્માવ્યું, ન મને સિજદો કર, અને ન કોઈ મખ્લૂકમાંથી કોઈને સિજદો કરે, જો હું કોઈને સિજદાનો હુકમ આપતો તો સ્ત્રીને હુકમ આપતો કે પોતાના પતિને સિજદો કરે એનો હક્ક વધારે હોવાને લઈને.** *(દલાઈલુન્નબુવ્વત, ભાગ-૨, પેજ-૧૩૮, તંબીહુલ ગાફેલીન, પેજ-૪૦૬)*

**હદીષનો ખુલાસો** : આ હદીષમાં સહાબીએ માથું અને પગ ચુમવાની રજા માંગી તો હુઝૂરે એમને એની રજા આપી, એનાથી એ સ્પષ્ટ થયું કે માથુ, પગ, હાથ ચૂમી શકાય છે, અને એની રજા છે, પણ સિજદાની રજા માંગી તો ફર્માવ્યું, મને પણ સિજદો ન કર અને મખ્લૂકમાંથી કોઈને પણ સિજદો ન કર, અને કોઈ પણ મખ્લૂકમાંથી કોઈને સિજદો ન કરે.

આ હદીષમાં "નહી" છે જે અમ્રનું નકારાત્મક છે, અને એના શર્તથી મુક્ત હોવાને લઈને એ કામના ગયરે ખુદા માટે હરામ હોવું સ્પષ્ટ છે.

આપણા નબી ﷺ એ મખ્લૂકમાંથી દરેક માટે એની મનાઈ કરી તો હવે હું પીર પરસ્તોને પૂછું છું કે તેઓ પોતાના પીરોને મખ્લૂક સમજે છે કે નહીં ? મખ્લૂક હોવાથી ઈન્કાર તો કરી શક્તા જ નથી ! તો પછી નબી ﷺ એ સિજદો દરેક મખ્લૂક માટે હરામ કર્યો એમાં એમનો

સમાવેશ છે કે નથી ? સમાવેશ છે તો પછી એમને સિજદો કરવાની વાત કેમ કરે છો ?! અને સામેલ નથી તો સામેલ ન હોવાની દલીલ લાવો ? હું કહીશ કે હુઝૂરે ફર્માવ્યું, મને પણ સિજદો ન કરો ! જ્યારે હુઝૂરને સિજદો નથી થઈ શક્તો અને હુઝૂરને તા'ઝીમી સિજદો કરવો હરામ છે તો પછી છે મખ્લૂકમાંથી કોઈ આપણા નબી ﷺ થી વધીને ?! હોય તો બતાવો ?! નથી ! તો પછી એમનાથી આગળ વધવાની કોશિશ કેમ કરો છો ?! **વિચારવાની દા'વત છે કે નબી ﷺને તા'ઝીમનો સિજદો હરામ તો પછી કોઈ પીરને કેમ કરીને જાઈઝ થયો ?! મિયાં ! ગુમરાહીની કોઈ હદ હોય છે, આ તો હદ બહારની ગુમરાહીની વાત છે. શું હજી પણ તૌબાની તૌફીક નથી મળી ?!** તૌબાનો દરવાજો ખુલ્લો છે, તૌબા કરી લો ! નહીં તો અમારા ફિકહી કાયદામાં તમારા માટે ગુમરાહીનો દરવાજો ખુલી ગયો છે, તો પછી ફત્વો કબૂલ કરવા તૈયાર થઈ જાવ !

## ★ હદીષ નં. : ૧૩ ★

عن عبد الله بن ابى اوفىٰ واللفط لابن ماجة قَالَ لَمَّا قَدِمَ مُعَاذٌ مِنَ الشَّامِ سَجَدَ لِلنَّبِيِّ ﷺ قَالَ مَا هٰذَا يَا مُعَاذُ ! قَالَ اَتَيْتُ الشَّامَ فَوَافَقْتُهُمْ يَسْجُدُوْنَ لِاَسَاقِفَتِهِمْ وَ بَطَاقَتِهِمْ فَوَدَدْتُ فِيْ نَفْسِىْ اَنْ نَفْعَلَ ذٰلِكَ بِكَ فَقَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ فَلَاتَفْعَلُوْا فَاِنِّى لَوْ كُنْتُ اٰمُرُ اَحَدًا اَنْ يَسْجُدَ لِغَيْرِ اللّٰهِ تَعَالٰى لَاَمَرْتُ الْمَرْأَةَ اَنْ تَسْجُدَ لِزَوْجِهَا

ઈમામે અહમદ, ઈબ્ને માજા, ઈબ્ને હબ્બાન, અને બયહકીએ અબ્દુલ્લાહ બિન અબી ઔફા رضی اللہ عنہ થી રિવાયત કરી, શબ્દો ઈબ્ને માજાના છે : ફર્માવ્યું, જ્યારે હઝરત મુઆઝ رضی اللہ عنہ સિરિયા પ્રદેશથી આવ્યા તો નબી ﷺ ને સિજદો કર્યો, ફર્માવ્યું, આ શું અય મુઆઝ ! વિનંતિ કરી, હું સિરિયા ગયો તો ત્યાં ઈસાઈઓને જોયા કે પોતાના પાદરીઓ અને આગેવાનોને સિજદો કરે છે તો મારા દિલે ઈચ્છયું કે અમે હુઝૂરને સિજદો કરીએ ! **રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, આમ ન કરો ! જો હું કોઈને ગયરૂલ્લાહને સિજદો કરવાનો હુકમ**





**આપતો તો ઔરતને એના પતિને સિજદાનો હુકમ આપતો.** *(સુનને ઈબ્ને માજા, અબવાબુન્નિકાહ, પેજ-૧૩૪)*

ઈબ્ને હબ્બાને આને **સહીહ**માં રિવાયત કરી છે અને મુન્ઝીરીએ એના **ઉત્તમ** હોવા તરફ ઈશારો કર્યો છે.

**ખુલાસો** : આ હદીષમાં પણ છે કે હુઝૂર ﷺ એ "લા તફઅલુ" ફર્માવ્યું જેને અરબી કાયદાના આધારે "નહી" કહેવામાં આવે છે અને એ અમ્રનો નકારાત્મક છે, અમ્ર વાજિબ તરફ ઈશારો કરે છે તો "નહી" હરામ તરફ ઈશારો કરે છે. એટલે ઉલમા અને સહાબાની એકમતી તા'ઝીમી સિજદાના ગયરે ખુદા માટે હરામ હોવા પર છે.

## ★ હરામ છે તો કર્યું કેમ ?! ★

તા'ઝીમી સિજદો ગયરે ખુદા માટે હરામ છે તો પછી હઝરત મુઆઝ رضی اللہ عنہ એ નબીએ પાકને કેમ કર્યો ?! તો એનો જવાબ એ છે કે તેઓ સિરિયા પ્રદેશ જઈને આવ્યા હતા અને એમણે અહલે કિતાબ ઈસાઈઓને પોતાના પાદરીઓ અને આગેવાનો માટે આમ કરતાં જોયા તો અહલે કિતાબના અમલને લઈને આપે એ વિચારી લીધું કે નબીને કરી શકાય છે, અને એ પહેલાં ઈસ્લામની તા'લીમાતથી એ જાણ ન થઈ હતી કે એ હરામ છે. તો એમનું કામ હરામ હોવાના ઈલ્મ પહેલાનું છે, કે પછી એ હરામના હુકમ પહેલાંનું છે. જ્યારે એમણે કરી જ લીધો તો નબીએ એમને મનાઈ કરી આપી, તો હરામ હોવાનો હુકમ નબીના મનાઈ કર્યા પછી શરૂ થયો એટલે એમનું પહેલાનું કામ ગુનાહમાં ન ગયું. જેમ દારૂ હરામ ન થયો હતો ત્યારે મુસલમાનોમાં પીવાતો હતો, જ્યારે હરામ કરી દેવામાં આવ્યો તો સહાબાએ દારૂ જ નહીં દારૂ બનાવવાના વાસણો ફેંકી માર્યા, તો જ્યારે હરામનો હુકમ ન હતો પીનારા ગુનેહગાર ન હતા એમણે છૂટ પર અમલ કર્યો હતો, જ્યારે હરામ કરી દેવામાં આવ્યો તો પાબંદીનો જમાનો ત્યાંથી શરૂ થયો. આ દાખલા પ્રમાણે હઝરત મુઆઝનું કામ હતું, એટલે એમને પુરાવો નથી બનાવી શક્તા, અને એવું પણ નથી કહી શક્તા કે એમને તૌબા કરવાનો હુકમ આપવામાં કેમ ન આવ્યો ?!

## ★ હદીષ નં. : ૧૪ ★

હાકિમે સહીહ મુસ્તદરકમાં હઝરત મુઆઝ બિન જબલ رضی اللہ عنہ થી રિવાયત કરી કે આપ સિરિયા પ્રદેશ ગયા, જોયું ઈસાઈઓ પોતાના પાદરીઓ અને ફકીરોને સિજદો કરે છે, અને યહૂદીઓ પોતાના આલિમો અને પરહેઝગારોને, એમણે પૂછયું, આ શા માટે કરો છો ?! બોલ્યા, આ અંબિયાનું સ્વાગત છે. હઝરત મુઆઝ ફર્માવે છે, તો અમે અમારા નબી સાથે આમ કરવાનો વધારે હક્ક રાખીએ છીએ. તો નબી એ ફર્માવ્યું, એમણે પોતાના નબીઓ પર જૂઠનો આક્ષેપ રાખેલો છે, જેમ એમણે પોતાની કિતાબ બદલી નાખી, **જો હું કોઈને બીજા કોઈ માટે સિજદો કરવાનો હુકમ આપતો તો ઔરતને કહેતો કે પોતાના પતિને સિજદો કરે એનો હક્ક મોટો હોવાને લઈને.** *(દુર્રે મન્પૂર, ભાગ–૪, પેજ–૩૪, મજમઉ ઝૂઝવાઈદ, ભાગ–૪, પેજ–૩૯૦)* હાકિમે કહ્યું, **આ હદીષ સહીહ** છે.

**ખુલાસો** : આ હદીષથી એ જાણવા મળ્યું કે સ્વાગતનો સિજદો જે નબીઓ તરફ સંબંધિત કરવામાં આવ્યો એ ફર્માને નબીથી સત્ય વાત નથી બલ્કે નબીના ફર્માનના આધારે અહલે કિતાબનું નબીઓ પર લગાડેલું ઈલ્ઝામ અને આક્ષેપ છે. જ્યારે એમણે અલ્લાહની કિતાબને બદલવામાં અલ્લાહના ડરને જગા ન આપી, તો રસમોની વાતો બનાવવામાં તેઓ કેટલા બેખૌફ અને નીડર હશે !

આ હદીષથી એ જાણવા મળ્યું કે આગલી શરીઅતોમાં પણ રિયલ અને વાસ્તવિક સિજદો ગયરે ખુદાને કરવામાં ન આવતો હતો. આ હદીષને લઈને વધુ પડતા મહાન અને આધારભૂત મુફસ્સિરોએ આગલી





શરીઅતના આધારે જે આયતમાં સિજદાના શબ્દો ગયરે ખુદા માટે આવ્યા છે એના ઘણા અલગ અલગ અર્થ બતાવ્યા, અને એ સાબિત કર્યું કે આગલી શરીઅતમાં પણ વાસ્તવિક સિજદો ગયરે ખુદાને કરવામાં નથી આવ્યો. અને આ હદીષ પણ આપણને એ બતાવે છે કે વાસ્તવિક સિજદો ન હતો, એ અહલે કિતાબનો નબીઓ પર આક્ષેપ અને તોહમત છે.

## ★ હદીષ નં. : ૧૫ ★

ઈમામ અહમદ મુસ્નદમાં અને અબૂબક્ર બિન અબી શયબા મુસન્નફમાં અને તબ્રાની કબીરમાં, હઝરત મુઆઝ બિન જબલ رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે આપ જ્યારે યમનથી પરત આવ્યા ત્યારે વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! યમનમાં મેં લોકોને જોયા કે એક બીજા સિજદો કરે છે. શું અમે આપને સિજદો ન કરીએ ?! આપે ફર્માવ્યું, **જો હું કોઈ બશરને બીજા બશર માટે સિજદો કરવાનો હુકમ આપતો તો ઔરતને હુકમ આપતો કે પોતાના પતિને સિજદો કરે.** *(મુસ્નદે અહમદ બિન હંબલ, ભાગ–૫, પેજ–૨૨૭, દુર્રે મન્પૂર ઈબ્ને અબી શયબાના પુરાવાથી, ભાગ–૨, પેજ–૧૫૩, મુઅજ્જમે કબીર, પેજ–૧૭૫)*

આ હદીષના સઘળા રિવાયત કરનારાઓ બુખારી અને મુસ્લિમના માણસો છે. **આ બંને હદીષો સહીહ છે** અને નિઃશંક ! આ બે બનાવો છે, પ્રથમ વખત સિરિયા પ્રદેશમાં યહૂદીઓ અને ઈસાઈઓને જોઈને આવ્યા, હુઝૂરે પાકને સિજદો કર્યો અને આપે મનાઈ ફર્માવી, અને બીજી વખત યમનવાસીઓને જોઈને આવ્યા અને રજા માંગી અને ત્યારે પણ નબીએ મનાઈ કરી.

## ★ હદીષ નં. : ૧૬ ★

અબૂ દાવૂદ સુનનમાં, તબ્રાની કબીરમાં અને હાકિમ, બયહકીએ કેયસ બિન સઅદ رضی اللہ عنہ થી રિવાયત કરી, ફર્માવ્યું, હું હેયરા શહેરમાં (જે કૂફાથી નજીકમાં છે) ગયો, ત્યાંના લોકોને જોયા પોતાના શહેરવડાને સિજદો કરે છે. મેં કહ્યું, રસૂલુલ્લાહ વધારે લાયક છે કે એમને સિજદો કરવામાં આવે. ફર્માવ્યું, હું નબી ની સેવામાં આવ્યો અને વિનંતિ કરી, હું હયરા ગયો, તો મેં એમને જોયા કે તેઓ પોતાના શહેરવડાને સિજદો કરે છે, તો અય અલ્લાહના રસૂલ ! આપ વધારે હક્ક ધરાવો છો કે આપને સિજદો કરવામાં આવે. ફર્માવ્યું, શું તમારું અનુમાન એ છે કે તમે મારી કબર પાસેથી પસાર થાવ તો એને સિજદો કરો ! વિનંતિ કરી, નહીં ! (આકા ) ફર્માવ્યું, ન કરો ! **જો હું કોઈને બીજા કોઈ માટે સિજદો કરવાનો હુકમ આપતો તો ઔરતોને હુકમ આપતો કે પોતાના પતિઓને સિજદો કરે, એમનો હક્ક મહાન હોવાને લઈને.** *(સુનને અબૂ દાવૂદ, ભાગ-૧, પેજ-૨૯૧, મુસ્તદરક હાકિમની, ભાગ-૨, પેજ-૧૮૭, સુનને કુબરા, ભાગ-૭, પેજ-૨૯૧)*

અબૂ દાવૂદ ચૂપ રહીને આ હદીષને હસન (ઉત્તમ) બતાવી હાકિમે ખુલાસો કર્યો કે **આ હદીષ સહીહ છે.**

## ★ હયાત અને વફાત ★

આપણા અહલે સુન્નતની માન્યતા એ છે કે આપણા નબી કબ્ર શરીફમાં એ પ્રમાણે જ જીવંત છે જેવા કે દુનિયામાં હતા, આપના દુનિયા અને બરઝખની હયાતમાં કોઈ તફાવત નથી. આપણા નબીએ કબ્રનો ઉલ્લેખ એટલા માટે કર્યો કે આજે હું તમારી વચમાં છું અને તમે સિજદાની માંગ કરો છો તો હું તમને મના કરી આપું છું, પણ હું દુનિયાથી





ચાલ્યો જઈશ અને તમે મારી કબર પર આવી સિજદો કરશો તો એ સમયે તમને કોણ રોકશે ?! ભૂલ કરશો નહીં મારા જીવનમાં પણ સિજદો જાઈઝ નથી અને કબરમાં ગયા પછી પર સિજદો કબ્રને જાઈઝ નથી, એ સમયે તમારાથી ભૂલ ન થાય કે મેં તમને નમ્રતાને લઈને મનાઈ કરી છે એટલે હવે નબી કબરમાં ચાલ્યા ગયા એટલે સિજદો કરી લો ! તો તમારી સમજમાં એવો કોઈ ખોટો ખયાલ ન આવી શકે એટલે હું તમને અત્યારે જ કહી આપું છું કે મારું મના કરવું નમ્રતાને લઈને નથી, બલ્કે મને આપવામાં આવેલી શરીઅતમાં એ હરામ છે, એટલે ન મખ્લૂકને સિજદો કરો, ન એની કબરને સિજદો કરો, બંને જ તમારા માટે હરામ છે.

બીજું એ કે કબરને સિજદો કરવો પણ હરામ છે તો કબર કિયામત સુધી રહેશે, એનો મતલબ એ કે આ હુકમ બદલાશે નહીં, હરામ છે અને કિયામત સુધી હરામ રહેશે, કિયામત સુધીનું હરામ બતાવવા માટે આપણા નબીએ ફર્માવ્યું કે કબરને પણ સિજદો ન કરશો.

## ★ હદીષ નં. : ૧૭ ★

તબ્રાનીએ મુઅજ્જમે કબીરમાં અને ઝિયા સહીહ મુખ્તારમાં હઝરત ઝૈદ બિન અરકમ رضی اللہ عنہ થી મૌસૂલન રિવાયત છે.

## ★ હદીષ નં. : ૧૮ ★

ઈમામ તિર્મિઝી જામેઅમાં સુરાકા બિન માલિક બિન જઅશમથી રિવાયત કરી છે.

★ હદીષ નં. : ૧૯ ★

બીજી રિવાયત તલક બિન અલી رضی اللہ عنہ થી.

★ હદીષ નં. : ૨૦ ★

ત્રીજી રિવાયત ઉમ્મુલ મુ'મિનીન હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا, થી.

★ હદીષ નં. : ૨૧ ★

ચોથી રિવાયત હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما થી. તાલીકન રિવાયતો છે :–

રસૂલુલ્લાહ ફર્માવે છે : **જો હું કોઈને કોઈ બીજાના માટે સિજદાનો હુકમ આપતો તો સ્ત્રીને હુકમ આપતો કે પોતાના પતિને સિજદો કરે.** *(મુઅજ્જમે કબીર, ભાગ–૫, પેજ–૨૦૮, કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૧૬, પેજ–૩૩૭, તિર્મિઝી શરીફ, ભાગ–૧, પેજ–૧૩૮)*

★ હદીષ નં. : ૨૨ ★





અબ્દ બિન હુમૈદ હઝરત ઈમામ હસન બસરીથી રિવાયત કરે છે કે હુઝૂર અકદસ પાસે સિજદો કરવાની રજા માંગવા પર આ આયત ઉતરી : શું તમને કુફ્રનો હુકમ આપે ? (તફસીરના પ્રકરણમાં એનો ઉલ્લેખ થયો છે.)

મદારિક શરીફમાં સલમાને ફારસી رضی اللہ عنہ થી રિવાયત કરી એમણે નબીએ પાક પાસે સિજદો કરવાની રજા માંગી તો હુઝૂરે અકદસ એ ફર્માવ્યું :– لَا يَنْبَغِي لِمَخْلُوقٍ اَنْ يَسْجُدَ لِاَحَدٍ اِلَّا لِلّٰهِ

**"કોઈ મખ્લૂકને જાઈઝ નથી કે એ કોઈને સિજદો કરે અલ્લાહને છોડીને."** *(દુર્રે મન્સૂર, સિપારા–૩, આ. ૮૦, ભાગ–૨, પેજ–૪૭, મદારિક, ભાગ–૧, પેજ–૪૨)*

તફસીરે કબીરમાં ઈમામ સુફયાન ષૌરી સમ્માક બિન હાનીથી રિવાયત કરે છે :–

**અમીરુલ મુ'મિનીન મૌલા અલી** کرم اللہ تعالیٰ وجہہ الکریم **ની સેવામાં ઈસાઈઓની સત્તાનો એક એલચી આવ્યો હઝરતને સિજદો કરવાની ઈચ્છા પ્રગટ કરી તો ફર્માવ્યું, મને સિજદો ન કરો ! અલ્લાહને સિજદો કરો.** *(તફસીરે કબીર, ભાગ–૨, પેજ–૨૧૩)*

★ હદીષ નં. : ૨૩ ★

તિર્મિઝીમાં ઈમામ અબ્દુલ્લાહ બિન મુબારક હંઝલા બિન ઉબૈદુલ્લાહથી રિવયાત કરે છે, અને સુનને ઈબ્ને માજામાં જરીર બિન હાઝિમ હંઝલા બિન અબ્દુર્રહમાન દૌસીથી રિવાયત કરે છે અને શરહે મઆનીયુલ આષારમાં ઈમામ તહાવી હમ્માદ બિન સલ્મા, હમ્માદ બિન ઝૈદ યઝીદ બિન ઝરીઅ અને અબૂ હિલાલ સર્વ હંઝલા બિન

દૌસીથી રિવાયત કરે છે અને એ હઝરત અનસ رضی اللہ عنہ થી એક વ્યક્તિએ વિનંતિ કરી કે, યા રસૂલલ્લાહ ! અમારામાંથી કોઈ વ્યક્તિ પોતાના ભાઈને મળે અથવા દોસ્તથી મુલાકાત કરે તો એના માટે નમન કરે ?

ઈમામે તહાવીના શબ્દો આ છે :–

انهم قالوا يا رسول الله اينحني بعضنا لبعض اذا التقيا قال لا

સહાબાએ વિનંતિ કરી, **અય અલ્લાહના રસૂલ ! શું મુલાકાત સમયે અમે એક બીજાને નમન કરીએ ? ફર્માવ્યું, ના !** ઈમામ તિર્મિઝીએ ફર્માવ્યું, **આ હદીષ હસન** છે. *(જામેએ તિર્મિઝી, ભાગ–૨, પેજ–૯૭, ઈબ્ને માજા, પેજ–૨૭૧, શરહે મઆનીયુલ આષાર, ભાગ–૨, પેજ–૩૯૯)*

**★ હદીષ નં. : ૨૪ ★**

ઈમામ અહમદ, ઈમામ મુસ્લિમ, અબૂ દાવૂદ, તિર્મિઝી, નસાઈ અને ઈમામ તહાવી અબૂ મરષદ ગનવી رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે **અલ્લાહના રસૂલ એ ફર્માવ્યું, કબરો તરફ નમાઝ ન પઢો અને ન એના પર બેસો.** *(મુસ્લિમ કિતાબુલ જનાઈઝ, ભા. ૧, પેજ–૩૧૨, સુનને અબૂ દાવૂદ કિતાબુલ જનાઈઝ, ભા. ૨, પેજ–૧૦૪, તિર્મિઝી અબવાબુલ જનાઈઝ, ભા. ૧, પેજ–૧૨૫, શરહે મઆનીયુલ આષાર, ભા. ૧, પેજ–૩૪૬)*

**ખુલાસો** : કબરો તરફ નમાઝ પઢવાથી કોઈ મુસલમાનને શિર્કનો ફત્વો નથી આપી શક્તા, કારણ કે મુસલમાન અલ્લાહ સિવાય કોઈની બંદગી કરી નથી શક્તો, એટલે શિર્કનો સવાલ નથી પણ કબર સામે વચમાં કોઈ વસ્તુની આડ રાખવામાં ન આવી હોય તો મકરૂહે તહરીમી છે, એવી નમાઝ ફરીથી પઢવી અને દોહરાવી જરૂરી છે. એટલે જ કે કબર તરફ પઢવાથી એના તા'ઝીમી સિજદા તરફ ઈશારો થાય છે. ભલે નિય્યત નથી પણ આંખોથી જોવાવાળાને એવું અનુમાન થઈ શકે છે, એટલે કબર તરફ નમાઝની મનાઈ કરવામાં આવી. જ્યારે કબર તરફ કબરને સિજદાની નિય્યત ન કરવા છતાં નમાઝ જાઈઝ નથી તો પછી





કબરને સિજદાની નિય્યતે સિજદો કરવો અને કોઈ પણ વ્યક્તિને સિજદાની નિય્યતે સિજદો કરવો કેટલું સખત હરામ કામ છે ! એને અહીં ઈશારાથી સમજી શકાય છે.

**★ હદીષ નં. : ૨૫ ★**

તબ્રાની મુઅજજમે કબીરમાં અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે, રસૂલુલ્લાહ એ ફર્માવ્યું, **ન કબર તરફ નમાઝ પઢો ન કબર પર નમાઝ પઢો.** તફસીરમાં છે આની **સનદ સહીહ** છે. *(અલ્ મુઅજ્જમુલ કબીર, ભા. ૧૧, પેજ–૩૭૬)*

**★ હદીષ નં. : ૨૬ ★**

સહીહ ઈબ્ને હબ્બાનમાં હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે, **કબરો તરફ નમાઝ પઢવાથી રસૂલુલ્લાહ એ મનાઈ ફર્માવી.** *(કન્ઝુલ ઉમ્માલ, ભા. ૭, પેજ–૩૪૪)* અલ્લામા મુનાવીએ કહ્યું, **આ હદીષ સહીહ** છે.

**★ હદીષ નં. : ૨૭ ★**

અબુલ ફર્જ કિતાબુલ ઈલલમાં રૂશ્દ બિન કુરૈબથી તેઓ પોતાના પિતા ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, **ખબરદાર ! કદાપિ કોઈ બીજાની તરફ નમાઝ ન પઢે અને ન કોઈ કબર તરફ.** *(અલ્ ઈલલુલ મુતનાહિયા, ભા. ૧, પેજ–૪૩૪)*

**★ હદીષ નં. : ૨૮ ★**

ઈમામ બુખારી પોતાની તા'લીકમાં, ઈમામ અહમદ અબ્દુર્રઝ્ઝાક, અબૂબક્ર બિન અબી શયબા, વકીઅ બિન જર્રાહ, અબૂ નઈમ ઉસ્તાદે ઈમામ બુખારી અને ઈબ્ને મનીએ હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી. ફર્માવે છે કે મને અમીરુલ મુ'મિનીન ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ કબર તરફ નમાઝ પઢતો જોયો. ફર્માવ્યું, તમારી સામે કબર છે, કબરથી બચો ! કબરથી બચો ! એની તરફ નમાઝ ન પઢો. (અને ફઝલ બિન દકીનની રિવાયતમાં છે કે ઉમરે પુકાર્યું, કબર ! કબર ! આપ નમાઝમાં જ કદમ આગળ કરીને કબરની આગળ થઈ ગયા. *(કન્ઝુલ ઉમ્માલ, ભા. ૮, પેજ–૧૯૩)*

**★ હદીષ નં. : ૨૯ ★**

અહમદ, બુખારી, મુસ્લિમ, નસાઈ, ઉમ્મુલ મુ'મિનીન સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત કરે છે, રસૂલુલ્લાહ એ પોતાની વફાતની બીમારી સમયે ફર્માવ્યું : **યહૂદ અને ઈસાઈઓ પર અલ્લાહની લા'નત ! એમણે પોતાના નબીઓની કબરોને સિજદાની જગા બનાવી.** અને ફર્માવ્યું, **આવું કરનાર કિયામતના દિવસે અલ્લાહની બારગાહમાં બદ્તરીન મખ્લૂક છે.** ઉમ્મુલ મુ'મિનીને ફર્માવ્યું, આમ ન હોતું તો મઝારે અકદસ ખોલી નાખવામાં આવતું, પણ બીક લાગી કે સિજદો થવા લાગશે. અને એમનાથી એક રિવાયતમાં છે જે રસૂલે અકરમના ફર્માનથી છે કે **તેઓ સર્વથી વધીને ખરાબ મખ્લૂક છે અલ્લાહની બારગાહમાં કિયામતના દિવસે.** *(સહીહ બુખારી, કિતાબુસ્સલાત, ભા. ૧, પેજ–૬૧, સહીહ મુસ્લિમ, કિતાબુલ મસાજિદ, ભા. ૧, પેજ–૨૦૧)*





**★ હદીષ નં. : ૩૦ ★**

માલિક, મુહમ્મદ, બુખારી, મુસ્લિમ, અબૂ દાવૂદ અને નસાઈ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરે છે : અલ્લાહના રસૂલ

એ ફર્માવ્યું, **યહૂદ અને નસારાને અલ્લાહ મારે ! એમણે પોતાના નબીની કબરોને સિજદાની જગા બનાવી લીધી.** *(સહીહ મુસ્લિમ, કિતાબુસ્સલાત, ભા. ૧, પેજ–૬૨, સહીહ મુસ્લિમ, કિતાબુલ મસાજિદ, ભા. ૧, પેજ–૨૦૧, સુનને અબી દાવૂદ બાબુલ બિના અલ કબર, ભા. ૨, પેજ–૧૦૪)*

**★ હદીષ નં. : ૩૧ ★**

મુસ્લિમે પોતાની સહીહમાં, અબ્દુર્રઝ્ઝાકે મુસન્નફમાં, દારેમીએ સુનનમાં, ઉમ્મુલ મુ'મિનીન અને અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہم થી રિવાયત કરી. બંનેએ ફર્માવ્યું કે હુઝૂર અકદસ ચાદર ચહેરા મુબારક પર નાખતા અને ગભરામણ થતી તો ખોલી નાખતાં, એ જ સ્થિતિમાં ફર્માવ્યું, યહૂદ અને નસારા પર અલ્લાહની લા'નત ! એમણે પોતાના નબીઓની કબરો મસ્જિદ બનાવી નાખી, બીવડાવતા હતા કે મારી કબર સાથે આમ ન કરો ! *(બુખારી કિતાબુસ્સલાત, ભા. ૧, પેજ–૬૨, સહીહ મુસ્લિમ, કિતાબુલ મસાજિદ, ભા. ૧, પેજ–૨૦૧, મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક, ભા. ૧, પેજ–૪૦૬, કન્ઝુલ ઉમ્માલ, ભા. ૨, પેજ–૧૯૪, દારેમી, ભા. ૧, પેજ–૪૬૭)*

**★ હદીષ નં. : ૩૨ ★**

બઝ્ઝાર મુસ્નદમાં અમીરુલ મુ'મિનીન અલી رضی الله عنه થી રિવાયત કરે છે. રસૂલુલ્લાહ એ વફાતની બીમારી સમયે ફર્માવ્યું, લોકોને અમારી પાસે આવવા દો, જ્યારે લોકો આવ્યા તો હુઝૂરે ફર્માવ્યું, **અલ્લાહની લા'નત ! દરેક એ કૌમ પર જેમણે પોતાના નબીઓની કબરોને સિજદાની જગા બનાવી લીધી,** પછી હુઝૂર હોશમાંથી ગયા, જ્યારે શાંતિ થઈ ફર્માવ્યું, અય અલી ! લોકોને રજા આપો, મેં રજા આપી તો ફર્માવ્યું, **અલ્લાહની લા'નત છે એ કૌમ પર જેમણે પોતાના નબીઓની કબરો સિજદાની જગા બનાવી લીધી, ત્રણ વખત આમ જ ફર્માવ્યું.** *(કશ્ફુલ અસ્તાર, ભા. ૧, પેજ–૨૨૦)*

## ★ હદીષ નં. : ૩૩ ★

અબૂ દાવૂદ તિયાલીસી, અને ઈમામે અહમદ મુસ્નદમાં અને તબ્રાની કબીરમાં જય્યિદ સનદ સાથે અને અબૂ નઈમ મારેફતુસ્સહાબામાં અને ઝિયા સહીહ મુખ્તારમાં ઉસામા બિન ઝેદ رضی الله عنه થી રિવાયત કરે છે, રસૂલુલ્લાહ એ વફાતની બીમારી સમયે ફર્માવ્યું, મારા સહાબાને મારી સમક્ષ લાવો ! હાજર થયા, હુઝૂરે ચહેરા પરથી કપડું હટાવ્યું અને ફર્માવ્યું :–

**યહૂદ અને નસારા પર અલ્લાહની લા'નત ! એમણે પોતાના નબીઓની કબરોને સિજદાની જગા બનાવી.** *(કન્ઝુલ ઉમ્માલ, ભા. ૮, પેજ–૧૯૫)*





## ★ હદીષ નં. : ૩૪ ★

ઈમામ અહમદ, તબ્રાની જય્યિદ સનદની સાથે અબ્દુલ્લાહ બિન મસ્ઊદથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ એ ફર્માવ્યું, **બેશક ! સર્વથી વધીને ખરાબ એ છે કે જેમના જીવંતમાં જ કિયામત આવી ગઈ. અને તે એ કે કબરોને સિજદાની જગા બનાવે છે.** *(મુસ્નદે અહમદ, ભા. ૧, પેજ–૪૦૫)*

## ★ હદીષ નં. : ૩૫ ★

અબ્દુર્રઝ્ઝાક મુસન્નફમાં મૌલા અલી رضی الله عنه થી રિવાયત કરે છે કે અલ્લાહના રસૂલ એ ફર્માવ્યું, **ખરાબ લોકોમાંથી છે એ જે કબરોની સિજદાની જગા બનાવે.** *(મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક, ભા. ૧, પેજ–૪૦૫)*

## ★ હદીષ નં. : ૩૬ અને ૩૭ ★

સહીહ મુસ્લિમમાં જુન્દુબથી રિવાયત અને મુઅજ્જમે તબ્રાનીમાં કઅબ બિન માલિકથી રિવાયત છે :–

ફર્માવ્યું, મેં હુઝૂર ની વફાતના પાંચ દિવસ પહેલાં હુઝૂરને ફર્માવતાં સાંભળ્યા, સાવધાન ! તમારાથી આગળના પોતાના નબીઓ, વલીઓની કબરોને સિજદાની જગા બનાવતા, સાવધાન ! **કબરોને સિજદાની જગા ન બનાવશો ! હું તમને એનાથી રોકું છું.** *(સહીહ મુસ્લિમ, ભા. ૨, પેજ–૨૦૧, અલ મુઅજ્જમુલ કબીર, ભા. ૧૯, પેજ–૪૧)*

તંબીહ શરહે મુનતકામાં હદીષે જુન્દુલ પર કહ્યું, આને મળતું બયાન

તબ્રાનીએ જૈય્યિદ સનદ સાથે ઝેદ બિન સાબિત બઝ્ઝારે મુસ્નદમાં અબૂ ઉબૈદ બિન જર્રાહથી. ઈબ્ને અદીએ કામિલ જાબિર બિન અબ્દુલ્લાહ رضي الله عنه થી રિવાયત છે, આ પુરાવાના આધારે આ ત્રણ હદીષો અલગથી થશે.

**★ હદીષ નં. : ૩૮ ★**

અકીલીએ સહલ બિન અબૂ સાલિહથી અને તેઓ પોતાના પિતાથી અબૂ હુરૈરહ્ رضي الله عنه થી રિવાયત છે : રસૂલુલ્લાહ એ દુઆ કરી, **ઈલાહી ! મારા મઝારે કરીમને બુત (મૂર્તિ) ન બનાવવા દેતો, અલ્લાહની લા'નત ! એમના પર જેમણે પોતાના નબીઓની કબરોને મસ્જિદ (સિજદાની જગા) બનાવી.** *(શિફા ફી હુકમે ઝિયારતિ કબ્રેહી, ભા. ર, પેજ–૭૫)*

**★ હદીષ નં. : ૩૯ ★**

ઈમામ માલિક મુઅત્તામાં અતા બિન યસારથી મુરસલન અને બઝ્ઝાર મુસ્નદમાં અતા બિન યસારના તરીકાથી અબૂ સઈદ ખુદરી رضي الله عنه થી મવસૂલન રિવાયત છે : રસૂલુલ્લાહ એ ફર્માવ્યું, **અલ્લાહનો ગઝબ એ કૌમ પર થયો જેણે પોતાના નબીઓની કબરોને સિજદાની જગા બનાવી.** *(મુઅત્તા ઈમામ માલિક બાબે જામિઉસ્સલાત, પેજ–૧૫૯, કશ્ફુલ અસ્તાર, ભા. ૧, પેજ–૨૨૦)*

**★ હદીષ નં. : ૪૦ ★**

અબ્દુર્રઝ્ઝાકે મુસન્નફમાં અમ્ર બિન દીનારથી મુરસલન રિવાયત કરી : રસૂલુલ્લાહ એ ફર્માવ્યું, **બની ઈસરાઈલે પોતાના**





**નબીઓની કબરોને સિજદાની જગા બનાવી તો અલ્લાહ એ એમના પર લા'નત કરી.** *(મુસન્નફ અબ્દુર્રઝ્ઝાક, ભા. ૧, પેજ–૪૦૬)*

**ખુલાસો** : હદીષ નં. **૨૪**થી અહીંયા સુધીની હદીષો કબર તરફ સિજદો કરવાની મનાઈમાં આવી છે અને યહૂદીઓ અને ઈસાઈઓના એ ખરાબ અમલને બતાવી આપણને ન કરવાની તાકીદ કરવામાં આવી, તેઓ કબરને સિજદો કરતા હતા, તો નિઃશંક ! એ તા'ઝીમી સિજદો છે જે કબરની ઈજ્જત માટે કરવામાં આવતો હતો, તો એને પણ લા'નતનું કારણ કહેવામાં આવ્યું, અને એ તરફ મોઢું કરી એ કબરોને કિબ્લા સમાન સમજવામાં આવતું હોય તો એને પણ લા'નતનું કામ કહેવામાં આવ્યું, આને આપણે આધારભૂત કિતાબોના પુરાવાથી સમજવાની કોશિશ કરીએ.

## ★ યહૂદી, ઈસાઈના સિજદાનો મતલબ ★

અલ્લામા કાઝી બયદાવી, પછી અલ્લામા તીબી શર્હે મિશ્કાત પછી મુલ્લા અલી કારી મિર્કાતમાં લખે છે :–

"યહૂદી અને ઈસાઈ નબીઓની કબરોને સિજદો કરતા હતા, અને એનો કિબ્લો બનાવીને નમાઝમાં એની તરફ મોઢું કરતા હતા, તો એમણે એને મૂર્તિ બનાવી દીધી, એટલે નબી એ એમના પર લા'નત કરી અને મુસલમાનોને એનાથી મનાઈ કરી." *(મિર્કાત ભા. ૨, પેજ–૪૧૬)*

**૧. મજમએ બિહારીલ અન્વારમાં છે :–**

"મઝારાતે અંબિયાને કિબ્લો બનાવી નમાઝમાં એની તરફ સિજદો કરતા જેમ મૂર્તિને." *(મજમએ બિહારી અન્વાર, ભા. ૪, પેજ–૧૯૪)*

**૨. તયસીર, સિરાજે મુનીર શરહે જામેએ સગીરમાં છે :–**

"એમણે એને પોતાના કિબ્લાની દિશા

બનાવી." *(અત્તયસીર, ભા. ૨, પેજ–૧૮૧)*

**૩. ઝવાજિર ઈમામ ઈબ્ને હજર મક્કીમાં છે :–**

"કબરોને સિજદાની જગા બનાવી લેવાનો મતલબ એ છે કે એના પર અથવા એની તરફ નમાઝ પઢતા હતા." *(અઝ્ઝવાજિર કિતાબુસ્સલાત, ભા. ૧૦, પેજ–૨૪૬)*

**૪. અલ્લામા તુરપશ્તીએ શરહે મસાબીહ**માં બંને પ્રકાર લખ્યા છે : **એક એ કે અંબિયાની કબરોને એમની ઈજ્જત માટે સિજદો કરતા હતા અને નિય્યત ઈબાદતની હતી, બીજું એ કે કેન્દ્રિત થતા એમની કબરો તરફ નમાઝમાં.** *(લમ્આતુત તનકીહ, શરહે મિશ્કાત, ભા. ૩, પેજ–૫૨)*

## ★ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ નો ફેંસલો ★

પછી ફર્માવ્યું, બંને રસ્તા નાપસંદગીના છે, શૈખ મુહક્કિક લમ્આતમાં આને નકલ કરીને ફર્માવે છે, શૈખની શરહમાં પણ આ પ્રમાણે જ છે, શરહે ઈમામ ઈબ્ને હજરમાં પણ આમ જ છે તો જાહેર છે કે **કબરને સિજદો અને કબર તરફ સિજદો બંને હરામ છે,** અને આ હદીષોમાં દાખલ છે, સખત ધમકીઓ બંને માટે જ છે.

## ★ આ'લા હઝરત رضی اللہ عنہ નો ઉલ્લેખ ★

આ'લા હઝરત ફર્માવે છે :–

નમાઝમાં નબીની કબરોને કિબ્લાની દિશા બનાવવું વધારે જાહેર અને ધ્યાનપાત્ર છે, યહૂદીઓથી ગયરે ખુદાની ઈબાદત મશ્હૂર નથી, એટલે જ ઉલમાએ ફર્માવ્યું, યહૂદિયતથી વધીને ઈસાઈયત ખરાબ છે, ઈસાઈઓનો વિવાદ અલ્લાહની તૌહીદમાં છે, અને યહૂદીઓનો વિવાદ





નબીની રિસાલતમાં છે. *(ફતાવા રઝવિય્યા, ભા. ૨૨, પેજ–૪૫૭)*

આ'લા હઝરતના કહેવાનો ભાવાર્થ એ છે કે ઈબાદતની નિય્યતે કબરો તરફ સિજદો નહીં, બલ્કે માત્ર ઈબાદતમાં કબરોને દિશા બનાવવામાં અલ્લાહની લા'નતની બદ્દુઆ છે, અને એ તો આગલી શરીઅતની વાત છે તો પછી આપણી શરીઅતમાં તો હરામ છે, એનો હુકમ કેટલો સખત હશે.

## ★ ઈસાઈ વધારે ખરાબ છે ★

**૫. દુર્રે મુખ્તારમાં છે :–**

ઈસાઈ યહૂદીઓથી બંને જહાનમાં વધારે ખરાબ છે. *(દુર્રે મુખ્તાર, કિતાબુન્નિકાહ, ભા. ૧, પેજ–૨૧૦)*

## ★ યહૂદી, ઈસાઈ વિવાદ ★

**૬. રદ્દુલ મુહતારમાં બઝ્ઝાઝિયાથી** છે કે ઈસાઈઓનો વિવાદ ઈલાહિય્યાતમાં છે અને યહૂદીઓનો વિવાદ નબુવ્વતમાં છે. *(રદ્દુલ મુહતાર, ભા. ૨, પેજ–૩૯૫)*

## ★ મસ્લકે હનફીની પુકાર ! ★

૭. મસ્લકે હનફીના મહાન ઈમામ ત્રણ આલિમો પૈકીના એક સૈયેદોના ઈમામ મુહમ્મદ મુઅત્તા ઈમામ મુહમ્મદમાં બાબનું નામ આપીને જે હદીષ ઉપર બયાન કરવામાં આવી બયાન કરી. એમને બાબનું જે નામ આપ્યું એનાથી એ સ્પષ્ટ થાય છે કે આપે કબરોને કિબ્લો બનાવવામાં એ વઈદ છે એનો ઉલ્લેખ કર્યો છે.

ફર્માવે છે :–

બાબ કબરને સિજદાની જગા બનાવવામાં આવે કે પછી એની તરફ મોઢું કરીને નમાઝ પઢવામાં આવે અને આના પર આ હદીષ બયાન કરી.

૮. "અલ્લાહ તઆલા યહૂદીઓને મારે કે એમણે પોતાના નબીઓની કબરોને સિજદાની જગા બનાવી."

## ★ ચાલીસ હદીષોની પુકાર ! ★

આ ચાલીસ હદીષો અમે તમારી સેવામાં રજૂ કરી એનાથી એ સ્પષ્ટ થયું કે આપણી શરીઅતમાં ગયરે ખુદાને સિજદાની રજા નથી, એ નિ:શંક હરામ છે, ન કોઈ વ્યક્તિ બીજા કોઈ વ્યક્તિને સિજદો કરશે, પછી એ કોઈ પણ હોય અને ગમે તે હોય **જ્યારે નબીઓ અલ્લાહની મખ્લૂકમાં મર્તબામાં સર્વથી વધીને, અને અલ્લાહના પ્રિય છે એમને સિજદો કરવો હરામ, એમની કબરો તરફ સિજદો કરવો હરામ, એમની કબર તરફ મોઢું કરવું હરામ તો પછી બીજા કોઈના માટે સિજદાની વાત જ ક્યાં રહી ?!**

## ★ વાસ્તવિક સિજદો આગલી શરીઅતમાં શંકાસ્પદ ★

આગલી ઉમ્મતમાં સિજદો ગયરે ખુદાને તા'ઝીમની નિય્યતે કરવો શંકાસ્પદ છે એનો ઉલ્લેખ થઈ ગયો, અને હદીષમાં પણ છે કે જ્યારે અહલે કિતાબની એ વાત નબીને પહોંચી કે અંબિયાની તહિય્યાત અને સ્વાગત સિજદો હતી, તો આપણા નબીએ ફર્માવ્યું, આ એમનું નબીઓ પર આક્ષેપ છે, આ આગલી ઉમ્મતમાં સિજદાનું ગયરે ખુદા માટે જાઈઝ હોવાને શંકાસ્પદ બનાવે છે. વાસ્તવિક સિજદો જમીન પર કપાળ રાખવાને કહેવામાં આવે છે અને આ અર્થ શરીઅતની પરિભાષા છે. જ્યારે ગયરે ખુદાને તા'ઝીમનો સિજદો આગલી ઉમ્મતમાં જવાઝના આધારે શંકાસ્પદ છે તો એનાથી આ ઉમ્મતમાં પુરાવો લાવવાનો સવાલ ઉપસ્થિત થતો નથી.

## ★ અલ્લાહના હબીબને પણ સિજદો કરવો હરામ ★

બીજું એ કે આપણા નબીએ એક હદીષથી નહીં અસંખ્ય હદીષોથી





ગયરે ખુદાને તા'ઝીમી સિજદાની મનાઈ કરી, અને પોતાના માટે સિજદાનો સવાલ થયો તો આપે એનાથી પણ મનાઈ કરી કે એ મારા માટે પણ તા'ઝીમમાં જાઈઝ નથી. તો **જ્યારે અલ્લાહના હબીબ ને સિજદો કરવો ઈસ્લામી શરીઅતમાં હરામ થઈ ગયું તો પછી કોઈ ગયર માટે પછી એ ગમે તે હોય અને ગમે તેટલો મહાન હોય એ અલ્લાહના હબીબ અને આપણા નબી થી વધીને નથી થઈ શક્તો પછી એના માટે તા'ઝીમી સિજદાના જવાઝ (જાઈઝ હોવા)નો ક્યાં માર્ગ રહ્યો ?!**

## ★ વારંવાર કહેવાનો મકસદ ★

નબી ના ફર્માનથી હરામ હોવું એક હદીષથી પણ થઈ શકે છે જ્યારે કે આપણા નબી એ આપણને વારંવાર એ વાતની તાકીદ કરી કે ગયરે ખુદાને તા'ઝીમની નિય્યતે પણ સિજદો કરવો જાઈઝ નથી અને આપે અહલે કિતાબ માટે વારંવાર નબીઓની કબરો તરફ સિજદો કરવાને લઈને આપણને લા'નતની ખબર આપી અને પછી આપણા નબી એ આપણને કહ્યું કે મારી કબર પર તમે સિજદો ન કરશો, અને આપે અલ્લાહ તઆલાથી પણ દુઆ કરી કે આપની કબરને સિજદાગાહ બનાવવામાં ન આવે, અને આપની એ દુઆ ખુદાની બારગાહમાં કબૂલ થઈ ગઈ અને આપની કબર મુબારક એ હરામ કામ ત્યારથી લઈને આજ સુધી સુરક્ષિત છે અને રહેશે. આપની કબરને સિજદો કરવામાં આવ્યો નથી અને આવે પણ નહીં.

## ★ નબીની કબરના સિજદાથી રક્ષણની દુઆ ★

આપણી શરીઅતમાં ગયરે ખુદાને તા'ઝીમનો સિજદો પણ કેટલો સખત હરામ છે કે નબી પોતે એનાથી મનાઈ ફર્માવી રહ્યા છે, અને કોઈ જહાલતથી એ કામ કરી ન લે, અને પછી એવો જહાલતનો રિવાજ બની ન જાય જેને આપે ખુદા તઆલાથી દુઆ કરી કે, અય અલ્લાહ ! મેં તો મનાઈ કરી આપી, તારું ફર્માન એમને પહોંચાડી આપ્યું પણ મારા દુનિયાથી પર્દો કર્યા પછી હે અલ્લાહ ! મારી કબરને એ બલાથી

બચાવી લેજે. એનાથી તા'ઝીમી સિજદાનું સખતપણે હરામ હોવું જાણી શકાય છે, શું હવે નબીના ફર્માનના મુકાબલામાં બીજા કોઈની વાતને દલીલ બનાવી શકાય છે ?

## ★ નબીના ફર્માનની ઉત્તમતા દલીલમાં ★

નબી એક ફર્માનથી મનાઈ કરે તો એ ગયરે નબીના ફર્માન કિયાસ, અને ઈજતેહાદથી ઉત્તમ છે, અને ઉત્તમતા અમલમાં નબીના ફર્માનને જ આપવામાં આવશે, કારણ કે અલ્લાહ તઆલાએ આપને દીન અને શરીઅતને લઈને મોકલ્યા છે, અને બીજા લોકોને કુર્આનમાં વારંવાર એ કહેવામાં આવ્યું કે નબીની ઈતાઅત કરો, નબીના ફર્માન પર અમલ કરો, વિવાદ થાય તો અલ્લાહ અને રસૂલના ફર્માન તરફ પરત આવો, કામયાબી અલ્લાહ અને રસૂલના ફર્માન પર અમલ કરવામાં છે, તો કુર્આનની વારંવારની પુકાર એ સ્પષ્ટ કરી રહી છે કે અલ્લાહના રસૂલની ઈતાઅત કરવામાં આવે.

## ★ નબીને છોડી શક્તા નથી ! ★

નબી ના ઉમ્મતીઓને નબી ની પેરવીનું કહેવામાં આવ્યું, સર્વ પર જરૂરી છે કે નબીની પાછળ ચાલે, તો પછી જ્યારે સર્વ પર નબીની પાછળ ચાલવું જરૂરી છે જરૂરી વાતોમાં, અને સુન્નત છે સુન્નતની વાતોમાં, તો નબીના અસંખ્ય સ્પષ્ટ ફર્માનના મુકાબલામાં અમે કોઈની વાતને ઉત્તમતા આપીશું નહીં.

## ★ સાચા છો તો હદીષો લાવો ! ★

જે લોકો તા'ઝીમી સિજદાના જવાઝ (જાઈઝ હોવા)ની ખોટી એવી ચર્ચા કરી રહ્યા છે એમને અમારા તરફથી એ જવાબદારી આપવામાં આવે છે કે તેઓ એના જાઈઝ હોવા પર આટલી હદીષો લઈ આવે. એ કાંઈ ઈન્સાફની વાત છે કે નબીના સ્પષ્ટ ફર્માનની વિરોધમાં આપના ઉમ્મતીની વાતને ઉત્તમતા આપવામાં આવે ! શું આનાથી વધીને પણ કોઈ ગુમરાહી થઈ શકે છે કે અમે કહીએ છીએ **નબીએ પાક**





**એ પોતાના માટે અને સર્વ મખ્લૂક માટે એકબીજાનો તા'ઝીમી સિજદો હરામ કર્યો અને ખાનકાહી ગુમરાહ બોલી રહ્યા છે કે નબીની વાતને રહેવા દો! અમે તો આપના ફલાણા ઉમ્મતીની વાતને માની રહ્યા છીએ !** જો લખવાનો એટલો જ શોખ છે તો પહેલાં ઈસ્લામની દલીલો અને એના દરજાઓને સમજો, પોતાને ઈસ્તિન્જા કરવાનો સુન્નત તરીકો ન આવડે અને પછી આટલા મહાન મસ્અલામાં એ પોતાની જહાલતનો ઈકરાર કરીને લખવાની હિંમત કરે !

## ★ તમે નહીં કરી શકો ! ★

જો જવાઝ (જાઈઝ હોવા) પર ચર્ચા કરવાનો એટલો જ શોખ છે તો જવાઝ (જાઈઝ હોવા)ની હદીષો લઈને મેદાનમાં આવો ! અને અમે કહીશું કે હદીષમાં તો સિજદો તો સિજદાની જગાએ, એ તો નબીના ફર્માનથી અને ઉલમાની એકમતિથી હરામ છે, એમાં તો જવાઝ (જાઈઝ હોવા)નો કોઈ માર્ગ નીકળી શક્તો જ નથી, બલ્કે અમે તમને બતાવી ગયા કે હદીષો તો નમવાને પણ નાજાઈઝ સાબિત કરી રહી છે.

## ★ તૌબા કરો નહીં ! તો ગુમરાહ !★

શું તમારી પાસે તા'ઝીમી સિજદાના ગયરે ખુદા માટે જાઈઝ હોવા પર આટલી હદીષો છે ? હોય તો હદીષોથી દલીલ લાવો, નહીં તો સર્વએ આ મસ્અલામાં જવાઝનો માર્ગ કાઢનારને ગુમરાહીનો ફત્વો આપી જ દીધો છે, ગુમરાહીથી નીચેનો કોઈ ફત્વો નથી અને અમુક ઈમામો અને મુજતહિદોએ તો કુફ્રનો ફત્વો પણ આપી દીધો છે. અમારા આ'લા હઝરતે ગુમરાહીના મંતવ્યને ઉત્તમતા આપી છે એટલે અમે પણ આ મસ્અલામાં જવાઝ (જાઈઝ હોવા)ની વાત કરનારને ગુમરાહીનો ફત્વો આપીએ છીએ તો હદીષોના મુકાબલામાં એ પ્રમાણેની સશક્ત હદીષોથી પુરાવો લાવો નહીં તો ગુમરાહ છો અને કબૂલી લો, તમારા માટે અમારી પાસે ત્રીજો માર્ગ નથી. આગલી ઉમ્મતમાં એવો કોઈ બનાવ બન્યો તો એ એક અર્થમાં નિયુક્ત ન હોવાને લઈને શંકાસ્પદ છે અને આ ઉમ્મતમાં એના જાઈઝ હોવાનો કુર્આનથી અને નબીએ પાક ની

હદીષથી કોઈ પુરાવો નથી બલ્કે સર્વ દલીલ અને સર્વ પુરાવા તા'ઝીમી સિજદાના ગયરે ખુદા માટે હરામ હોવા પર છે, એટલે એનું હરામ હોવું નિયુક્ત થઈ ગયું, અને વધુ એક દલીલ અને સશક્ત દલીલ એ કે એના પર ત્યારથી લઈને આ જ સુધીના આલિમો, ઈમામો, મુજતહિદો, ફકીહો, સૂફીઓ એકમત રહ્યા અને કોઈનો વિવાદ આ મસ્અલામાં ન રહ્યો, એટલે આ મસ્અલો ઉમ્મતનો ઈજમાઈ મસ્અલો બની ગયો, જો ઈજમાએ ઉમ્મત ખબર વાહિદથી થાય તો પણ એ યકીની દલીલના દરજામાં આવી જાય છે, એને અમે કાયદા કાનૂનના પ્રકરણમાં વર્ણન કરીશું, તમે શુક્ર અદા કરો જો આ'લા હઝરતે આ મસ્અલામાં જવાઝ (જાઈઝ હોવા)નો દાવો કરનારને ગુમરાહીનો ફત્વો ન આપ્યો હોતે તો બીજા મહાન આલિમોની પેરવીમાં હું કુફ્રનો ફત્વો આપી દેતો, પણ હું મારા દીનના માર્ગમાં આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામે ઈશ્કો મુહબ્બત અહમદ રઝાખાં બરેલ્વી رحمۃ اللہ علیہ ને મારો માર્ગદર્શક સમજીને ચાલું છે એટલે હું પણ જવાઝ (જાઈઝનો દાવો)નો દાવો કરનારને ગુમરાહ બદ્દીનનો ફત્વો આપું છું, વર્તમાનકાળની મહાન દીની દર્સગાહના ફત્વા અલગથી એક પ્રકરણમાં બયાન કરવામાં આવશે. જો તમારી પાસે કોઈ ગુમરાહીની તા'લીમ પહોંચાડનાર અથવા ગુમરાહીની વાતને પ્રોત્સાહન આપનાર દીની દારુલ ઉલૂમ અથવા દર્સગાહ હોય તો એનો પુરાવો લઈને મેદાનમાં આવો ! પણ હું દાવો કરી શકું છું કે એક પણ દારુલ ઉલૂમ આ વાતમાં ખાનકાહી ગુમરાહોને સપોર્ટ કરશે નહીં અને સર્વનો ફત્વો એ જ હશે કે સિજદએ તા'ઝીમીના ગયરે ખુદા માટે જવાઝનો દાવેદાર ગુમરાહ છે. અને અહલે સુન્નતની એકમતિના આધારે એના ગુમરાહ બદ્દીન હોવામાં કોઈ શંકા નથી. એનાથી સંબંધ તોડવો, અને એને સબક શિખવવો જરૂરી છે, આ મસ્અલાના ખુલાસા પછી જે કોઈ એવા લોકોને અને એવી ખાનકાહોને કોઈપણ રીતે સપોર્ટ કરશે એમના પર આ ફત્વો જરૂરથી આવીને રહેશે

એવા લોકોને તમારાથી દૂર કરો

કે તમને ગુમરાહ ન બનાવે અને ફિત્નામાં ન નાખે.





## ★ આ ઉમ્મતમાં સિજદો અલ્લાહ માટે ખાસ ★

અન્ય મહાન આલિમોએ આપણી શરીઅતમાં સિજદો જેમાં જમીન પર કપાળ રાખવામાં આવે એના દરેક પ્રકાર ખુદા તઆલા માટે ખાસ માનીને સિજદએ તા'ઝીમી ગયરે ખુદા માટે કરનાર અને એના જાઈઝ હોવાની માન્યતા રાખનારને કુફ્રનો ફત્વો આપ્યો છે તો એ ફત્વાઓના આધારે તો જવાઝ (જાઈઝ હોવા)નો દાવો લઈને ચાલનાર જાહિલ ખાનકાહી પીરો ઈસ્લામથી જ બહાર થઈ જશે, અને જે હુકમ દેવબંદી, વહાબી લોકોને છે એ જ હુકમ આમને આપવામાં આવશે. તો એ મહાન આલિમોના લખાણો પણ સંપૂર્ણ પુરાવા સાથે અમે તમારી સેવામાં રજૂ કરીશું, અને એ પ્રમાણે સશક્ત લખાણ કરીને આપીશું છે જે ગુમરાહો છે એ નષ્ટ થઈ જાય. અને એ ફિત્નો નષ્ટ થયા પછી ભવિષ્યમાં ગુજરાત પ્રદેશમાં અહલે સુન્નતના નામથી ફરી કોઈ એવો ફિત્નો ઉઠી ન શકે, અવામે અહલે સુન્નતને પોતાની સચ્ચાઈને સ્પષ્ટ કરવા ગુમરાહોને અલગ કરવામાં મદદ કરવાની રહેશે. જો અવામ સત્ય કુર્આન અને હદીષનું અને આજ સુધીના સર્વ આલિમોની એકમતિનું સામે આવી ગયા પછી નિઃશંક ! દીનનો સાથ આપશે અને ગુમરાહોને પોતાના સમાજથી અલગ કરશે.

## ★ પીરના કાયદા બતાવીશું ★

પીર કેવો હોવો જોઈએ અને ગુમરાહ પીરોનો હુકમ શું છે એ પણ અમે તમારી સેવામાં સશક્ત પુરાવાઓની સાથે રજૂ કરીશું, કારણ કે ખોટી કિતાબ લખીને મને જવાબની દા'વત આપવામાં આવી છે તો આ કિતાબથી ગુમરાહોનો દરેક દરવાજો હું મારા રબની કૃપાથી અને મારા નબી ની નઝરે કરમથી બંધ કરી આપીશ, એટલે કોઈ મુસલમાન એવા ગુમરાહ લોકોનો મુરીદ બનીને આ વાતમાં ચૂપ રહેવા માંગતો હોય તો એને એ વાતની રજા નથી, સંબંધ ન તોડો અને પછી પણ પોતાને મુરીદ સાબિત કરે તો એ અમારા ફત્વાથી મુક્ત થશે નહીં.

## ★ આ પ્રકરણનો નિચોડ ★

હદીષના પ્રકરણથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે તા'ઝીમી સિજદો ગયરે ખુદાને માટે આપણી શરીઅતમાં હરામ છે, અને કુર્આન તથા હદીષનો એક પુરાવો પણ આપણી શરીઅતમાં એના જાઈઝ હોવા પર નથી, જ્યારે કુર્આનની પુકાર થઈ સિજદો તા'ઝીમની નિય્યતે પણ ગયરે ખુદા માટે હરામ છે તો શું મુસલમાન પોતાના રબના ફર્માનને માનશે ? નબી એ એક નહીં કેટલીયે હદીષોથી ગયરે ખુદા માટે સિજદો હરામ કર્યો તો શું મુસલમાન પોતાના નબીને એ વાતોને સ્વીકારશે ? સહાબા અને તાબેઈનની એકમતિ રહી ગયરે ખુદા માટે તા'ઝીમી સિજદાના હરામ હોવા પર તો શું મુસલમાન સહાબા અને તાબેઈનની એકમતિને ઉત્તમતા આપશે ? આજ સુધીના અહલે સુન્નતના મહાન આલિમોની એના હરામ હોવા પર એકતા રહી, તો મુસલમાન સઘળા આલિમો અને બુઝુર્ગોની વાતોને માન્ય રાખશે ?! કેમ નહીં ! મુસલમાન છે તો માન્ય રાખશે ! જો માન્ય છે જ ! તો પછી આવો ! એનો પુરાવો આપવા તૈયાર થાવ અને ગુમરાહોને તૌબા પર મજબૂર કરો ! નહીં તો પોતાના માહોલથી અલગ કરો.





بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

(પ્રકરણ : ૪)

# મહાન આલિમોનાં મંતવ્યો

## ★ આજની ચર્ચા ★

મારા પ્યારા આકા ના પ્યારા પ્યારા દીવાનાઓ ! આપણે એ વિશે ચર્ચા કરી રહ્યા છીએ કે તા'ઝીમી સિજદો ગયરે ખુદા માટે આપણી શરીઅતમાં હરામ છે. એના હરામ હોવા પર અમે તમને ચાલીસ હદીષોનો અમૂલ્ય તોહફો અર્પણ કર્યો, જેનાથી એ સિજદાનું ગયરે ખુદા માટે હરામ હોવું આપણી શરીઅતમાં ભર બપોરે ચમકતા સૂર્ય માફક પ્રકાશિત થઈ ગયું. એ હદીષોથી ત્યારથી લઈને આજ સુધીના મહાન આલિમો શું સમજ્યા અને એ હદીષોને સામે રાખીને એમણે કેવા ફત્વા આપ્યા એના પર ચર્ચા કરીએ.

## ★ નબીને સિજદો હરામ ★

હદીષોથી અમે તમને એ બતાવી ગયા કે સહાબા તરફથી આપણા નબી ને સિજદો કરવાની માંગ કરવામાં આવી તો આપે એનાથી મનાઈ કરી, પોતાને સિજદો ન કરવા દીધો અને બીજા કોઈને પણ સિજદો કરવાની મનાઈ ફર્માવી. જેનાથી એ સ્પષ્ટ થઈ ગયું કે જ્યારે આપણા નબી અલ્લાહ ની બારગાહમાં આટલા પ્રિય છે અને આપ અલ્લાહના મહબૂબ અને સર્વ મખ્લૂકના સરદાર છે. જ્યારે આપને તા'ઝીમ, ઈજ્જત અને સ્વાગત માટે સિજદો કરવો હરામ છે તો પછી મખ્લૂકમાંથી બીજા કોઈના માટે એના જાઈઝ હોવાનો માર્ગ નીકળી શક્તો જ નથી, સમજદાર મુસલમાન માટે તા'ઝીમી સિજદાના હરામ હોવા પર આટલી દલીલ જ પૂરતી છે, પણ જ્યારે અમે એ મસ્અલા પર ચર્ચાનો વિષય લઈને ચાલ્યા છે તો હવે એને દરેક પ્રકારથી હરામ સાબિત કરી આપીએ જેથી ભવિષ્યમાં પણ કોઈને એના જાઈઝ હોવાની કોઈ શંકા ન થઈ શકે, અને બદ્માશી કરનારાઓના દરવાજા હમેશાં માટે બંધ કરી આપીએ !

## ★ મારો શોખ ★

પહેલાંથી મારો એ શોખ હતો કે જ્યારે આપણે સાચા અહલે સુન્નત છીએ, આપણામાં જ એવી ખરાબી જાહેરમાં હોય જેનાથી આપણા સાચા હોવામાં કોઈને શંકા થવા લાગે તો એ ખરાબીઓને આપણા માહોલમાંથી દૂર કરવી જોઈએ, અને જ્યાં સુધી એ ખરાબીઓ પર સંપૂર્ણ જવાબદારીથી ચર્ચા કરવામાં ન આવે અને નીડર થઈને લખાણ કરવામાં ન આવે ત્યાં સુધી હા માં હા મેળવીને, ક્યારે કામ બન્યું પણ નથી અને કામ બનશે પણ નહીં. એટલે હું મારી પેન લઈને મેદાનમાં આવ્યો અને મારા શોખ પ્રમાણે કામ શરૂ કર્યું, **મારો મકસદ કોઈનું અપમાન કરવું ન હતું, મારો હેતુ ખરાબીને ખરાબ તરીકે જાહેર કરી સાચા અહલે સુન્નતને એનાથી અલગ રાખવા હતા,** મને એ ખબર તો હતી કે જેઓ ઈલ્મને લાત મારીને અને આલિમોને પોતાના





શત્રુ સમજીને અમારા અહલે સુન્નતના માહોલમાં રહી પોતાનો ઉલ્લુ સીધો કરી અમારી અવામને જે અમારા નબીની પ્યારી ઉમ્મત છે અંધારામાં રાખે છે તેઓ મારી આ કોશિશને સારી સમજશે નહીં અને તેઓ ખોટી રીતે મેદાનમાં કૂદશે, પણ એનાથી મને કોઈ નુકસાન થવાનું નથી. કારણ કે મારો હેતુ અહલે સુન્નતના શુભેચ્છકોને ખરાબીઓથી પાક કરવા છે તો નાપાકી ધોવાશે તો જ પાક થવાશે. તો કોઈ જગાએ મારી વાતને માન્ય રાખી ખરાબી હટાવી દેવામાં આવશે અને કોઈ જગાએ ખરાબી દિલમાં બેસી ગઈ હશે અને એની ખરાબીનું જ્ઞાન પણ એમની પાસે નહીં રહ્યું હોય તો તેવા લોકો ખરાબીની સાથે અલગ થઈ જશે. જે પણ થાય અમારો મકસદ અમને પ્રાપ્ત થઈ ગયો અને અમારા માહોલના ગુમરાહ બદ્દીન લોકો જે નવી નવી શક્કલોમાં અને વિવિધ પ્રકારના રૂપમાં આવી લૂટ ચલાવતા હતા તેઓ ખૂદ જ પોતાની ગુમરાહીનું એલાન કરીને અલગ થઈ ગયા, અને હું એ જ ઈચ્છું છું કે અમારો દીન સત્ય છે, કોઈની ખરાબીને લઈને અમારા સંપૂર્ણ દીન પર કીચડ ઉછાળવામાં આવે એનાથી ઉત્તમ એ છે કે એ અમારામાંથી ખસીને પોતાની દોઢ ઈંટની દીવાર અલગ બનાવી લે. તૌબા કરો ! નહીં તો તમને અલગ કરવું જ અમને પસંદ છે.

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

"જેઓ અલ્લાહ અને આખેરતના દિવસ પર ઈમાન રાખે છે એમને તમને અલ્લાહ અને રસૂલની દુશ્મની રાખનાર સાથે મહબ્બત રાખનાર નહીં પામો."

જ્યારે અમે એ સાબિત કરી ગયા કે આપણા નબી એ આપણને તા'ઝીમી સિજદાની વારંવાર મનાઈ ફર્માવી અને એ અહલે સુન્નતની એકમતિથી હરામનો હુકમ પામી ગયો તો હવે એનો વિરોધ કરનાર શરીઅતે મુસ્તફવીનો દુશ્મન અને શત્રુ છે. એ તૌબા ન કરે તો એનાથી અલગ થવું ઈમાનવાળાઓ માટે જરૂરી છે.

## ★ સારા અને ખરાબની ઓળખ ★

"ખરાબ તબીયતવાળાઓ ખરાબ લોકો સાથે અને ખરાબ લોકો ખરાબ તબીયતવાળાઓ સાથે."

"સારી તબીયતવાળા સારા લોકો સાથે અને સારા લોકો સારી તબીયતવાળાઓ સાથે."

આનાથી જાણવા મળ્યું કે જે લોકો સારી તબીયતના સત્ય મુસલમાન છે તેઓ જો આ ખરાબીમાં પડેલા હશે તો અલ્લાહ અને રસૂલ નું ફર્માન એમની સામે આવી ગયા પછી તેઓ અલ્લાહ અને રસૂલ તરફ પરત આવી જશે.

"અય ઈમાનવાળાઓ ! અલ્લાહ અને રસૂલની માન્ય રાખે જ્યારે તેઓ તમને જીવંત રાખનાર વાતની દા'વત આપે."

એટલે કે અલ્લાહ અને રસૂલનું દરેક ફર્માન તમને દુનિયાના અને આખેરતમાં સફળ બનાવનાર છે. જ્યારે એમની તરફથી તમને કોઈ ફર્માન આપવામાં આવે તો તમે એમની વાતને માન્ય રાખી એના પર અમલ માટે તૈયાર થઈ જાવો.

## ★ તૌબા કરો નહીં તો અલગ રહો ! ★

અય ઈમાનવાળાઓ ! જ્યારે આપણા નબીએ આપણને તા'ઝીમી સિજદાથી મનાઈ કરી અને વારંવાર રોક્યા, બલ્કે આપે એ ડરથી કે આપની કબરની કોઈ સિજદો ન કરી લે તો આપે અલ્લાહ તઆલાથી એના રક્ષણની દુઆ કરી કે ભવિષ્યમાં એવી કોઈ બલા ઉત્પન્ન ન થઈ શકે, પછી ઈમાનવાળાઓમાં એવી કોઈ ખરાબી આવી નથી શકતી, અને ભૂલથી આવી ગઈ હોય તો અલ્લાહ અને રસૂલના ફર્માનના સામે આવતાની સાથે એ અલ્લાહ અને રસૂલ તરફ તૌબા કરીને પરત આવી જાય છે. અને અલ્લાહ પણ પોતાના કલામે પાકથી તમારાથી એ વાતની જ માંગ કરી રહ્યો છે કે તમે અલ્લાહ અને રસૂલની વાત તરફ પરત આવો, મેં તમને અલ્લાહ અને રસૂલના ફર્માનથી વાકેફ કર્યા અને





અલ્લાહ અને રસૂલના ફર્માનની દા'વત આપી, હવે હું જોઈશ કે તમે ગુમરાહોનો સાથ આપો છો અને અલ્લાહ અને રસૂલથી ખસવાનું એલાન કરો છો કે પછી ખરાબીથી તૌબા કરી અલ્લાહ અને રસૂલના ફર્માન પર પરત આવો છો, મને મુસલમાનોથી ઉમ્મીદ છે કે ખરાબીથી જરૂરથી તૌબા કરશે, અને જેઓ એ ખરાબીમાં પડયા જ નથી તેઓ એ ખરાબી તરફ ફરીને જોશે પણ નહીં, અને કોઈ ભાઈને એવી ખરાબીમાં સપડાએલો જાુઓ તો પ્રેમથી એને શિખામણ આપી અલગ કરશો, અને તૌબા ન કરે તો એને અલગ કરી આપશો. દરેકથી આપણો સંબંધ નબી ના નામથી છે, જેને નબી ના ન બનવું હોય તો આપણે એને આપણો બનાવવાની કોઈ જરૂરત નથી.

આવો ! હવે આપણે ફિકહની આધારભૂત કિતાબોને તા'ઝીમી સિજદાના હરામ હોવા પર પુરાવો બનાવીએ અને એ કામ કરાનારાઓનો શું હુકમ છે એની ખબર લઈએ.

ફિક્હી મસાઈલમાં આપણા ભારતમાં આલમગીરી ઔરંગઝેબ رحمۃ اللہ علیہ ની સત્તાના જમાનામાં આપના જ ફર્માનથી આધારભૂત ફતવાની કિતાબોથી ભેગી કરીને બનાવવામાં આવેલી કિતાબ ફતાવા હિંદીયા, જેને ફતાવા આલમગીરી પણ કહેવામાં આવે છે, આલમગીર رحمۃ اللہ علیہ એ એમના જમાનાના મહાન હનફી ઉલમાને આ કિતાબ લખવાનો અને ફતાવા ભેગા કરવાની વિનંતિ કરી હતી, એ એમાં દરેક પ્રકારની જરૂરતોને પૂરી કરવાની જવાબદારી સત્તાએ લીધી હતી, આ કિતાબના ટાઈટલ પેજ પર લખવામાં આવ્યું છે :–

ઈમામે આ'ઝમ અબૂ હનીફા નુઅમાન બિન સાબિત رحمۃ اللہ علیہ ના મસ્લક મુજબ ફતાવા હિંદીયા છે, મહાન આલિમે દીન મૌલાના શૈખ નિઝામ અને હિંદુસ્તાનના મહાન આલિમોની એક જમાઅતે એને ભેગા કરવાનું કામ કર્યું છે.

ટાઈટલ પેજથી એ જાણ થઈ ગઈ કે ફતાવા આલમગીરી હનફી મસ્લકથી લોકોને વાકેફ કરવા માટે લખવામાં આવી હતી, અને એ કામ એક વ્યક્તિએ નથી કર્યું પણ એ સમયના મહાન હનફી આલિમોની એક મોટી જમાઅતે ભેગા થઈને કર્યું છે.

કિતાબના ખુત્બામાં લખવામાં આવ્યું છે :–

ભેગી કરે કિતાબ એવી જાહેરી રિવાયતોથી ભરેલી જેના પર એકમતિ હોય અને મહાન આલિમોએ એનો ફત્વો આપ્યો હોય, અને એના પર એકતા ધરાવી હોય એટલે કે એ નાયાબ વાતો ઉલમાએ એને કબૂલી હોય જેથી અમલમાં નિષ્કાળજી ન થઈ શકે. *(ફતાવા હિંદીયા, ભાગ–૧, પેજ–૩)*

ખુત્બાના આ લખાણથી એ સ્પષ્ટ થઈ ગયું કે ફતાવા હિંદીયા હનફી મસ્લકની કિતાબ છે. એમાં આધારભૂત આલિમોના મંતવ્યો લેવામાં આવ્યાં છે. અને એ મંતવ્યો એકમતિનાં છે, અને ઉલમાની જમાઅતે એના કબૂલેલા છે. જ્યારે આ કિતાબની મસ્લકે હનફીમાં આ શાન છે તો આપણી ચર્ચાના વિષયના બંનેવ મસ્અલાને આ કિતાબથી માપીએ !

## ✪ તા'ઝીમી સિજદો કબીરો ગુનોહ ✪

**★ નંબર : ૧ ★**

**અર્થાત** : "જેણે રાજાને સ્વાગતનો સિજદો કર્યો અથવા એની સામે જમીનનું ચુંબન કર્યું એને કાફિર કહેવામાં નહીં આવે પણ એ કબીરો ગુનોહ કરનાર ઠરશે." *(ફતાવા હિંદીયા, ભા. ૫, પેજ–૩૬૮)*





**★ નંબર : ૨ ★**

### ગયરે ખુદાને નમન હરામ :–

**અર્થાત** : "મુલતકિતમાં છે કે ગયરે ખુદાને નમન કરવું હરામ છે, એટલે કે **સિજદો તો હરામ પણ રુકૂઅની હદે નમવું પણ હરામ** છે." *(પેજ–૩૬૮)*

**★ નંબર : ૩ ★**

જવાહિરુલ અખ્લાનીમાં છે :–

**અર્થાત** : "ફકીહ અબૂ જા'ફર رحمة الله عليه એ ફર્માવ્યું, રાજાને ઈબાદતની નિય્યતે સિજદો કરે કે કોઈ પણ નિય્યત વિના સિજદો કરે તો કાફિર છે." *(પેજ–૩૬૯)*

સ્વાગતની નિય્યતે સિજદો હરામ પણ ઈબાદતની નિય્યત હોય તો કુફ્ર અને કોઈ નિય્યત ન હોય તો પણ કુફ્ર.

**સિજદએ મુતલક** : ગયરે ખુદાને કોઈ પણ નિય્યત વિનાનો સિજદો કુફ્ર છે.

**સિજદએ ઈબાદત** : ગયરે ખુદાને ઈબાદતની નિય્યતે સિજદો કુફ્ર છે.

**સિજદએ તહિય્યત** : ગયરે ખુદાને તા'ઝીમ, સ્વાગત વગેરે નિય્યતે સિજદો કરવો ગુનાહે કબીરા અને હરામ છે.

**★ નંબર : ૪ ★**

**અર્થાત** : "જો કાફિર ગેરમુસ્લિમ પ્રદેશમાં મુસલમાનને કહે કે

રાજાને સિજદો કર નહીં તો અમે તને કતલ કરી નાખીશું. ફર્માવ્યું, જો તેઓ ઈબાદતના સિજદાનો હુકમ આપે તો અફઝલ છે કે સિજદો ન કરે જેમ કે કોઈને કુફ્ર પર મજબૂર કરવામાં આવે તો ઉત્તમ એ છે કે સબ્ર કરે." *(પેજ–૩૯)*

કહેવાનો ભાવાર્થ એ છે ઈબાદતના સિજદાનું કહેવામાં આવ્યું હોય તો મરી જવું સિજદો કરવાથી ઉત્તમ છે, ભલે એ માત્ર દેખાવનો સિજદો કરશે અને એની નિય્યત ઈબાદતની ન હોય.

**★ નંબર : ૫ ★**

**અર્થાત :** "અને જો સ્વાગત અને તા'ઝીમના સિજદાનો હુકમ કરે ઈબાદતનો નહીં તો એના માટે ઉત્તમ એ છે સિજદો કરી લે, આમ ફતાવા કાઝીખાંમાં છે. *(ભા. ૫, પેજ–૩૩૯)*

**★ નંબર : ૬ ★**

**અર્થાત :** "કોઈએ કોઈને પકડયો અને કહ્યું, આ સુવ્વરનો ગોશ્ત ખા ! નહીં તો હું તને જરૂરથી કતલ કરી નાખીશ ! તો એના પર ફર્ઝ છે એને ખાવું." *(ભા. ૫, પેજ–૩૨)*

તા'ઝીમી સિજદા માટે કોઈને મજબૂર બનાવવામાં આવે તો એ કહેવામાં ન આવ્યું કે તા'ઝીમી સિજદો કરીને જાન બચાવવી વાજિબ છે બલ્કે માત્ર એટલું કહ્યું કે કરી લે તો સારું છે, અને સુવ્વરને ગોશ્ત ખાવા પર મજબૂર કરવામાં આવે તો જાન બચાવવા ખાવો ફર્ઝ છે. આ હુકમના ફરકથી જાણવા મળ્યું કે **સુવ્વરનો ગોશ્ત ખાવાથી પણ બદ્તર તા'ઝીમી સિજદો મજબૂરીના સમયે કરવો છે.** એટલે કોઈ સુવ્વર ખાવા મજબૂર કરે તો જરૂરી કહેવામાં આવ્યું અને સિજદા માટે મજબૂર કરે તો માત્ર કરવાને ઉત્તમ કહેવામાં આવ્યું.



મુકાશફતુલ ગુયૂબ વ હકીકતુસ્ સુજૂદનું ઓપરેશન

બીજા શબ્દોમાં સમજો કે જરૂર પર અમલ ન કરવાથી માણસ ગુનેહગાર ઠરશે અને ઉત્તમનો મતલબ છે કરશે તો સારું પણ નહીં કરે તો એ ગુનેહગાર ઠરશે નહીં.

આ વાતને દુર્રે મુખ્તાર ફતાવાએ હનફીની આધારભૂત કિતાબમાં આ પ્રમાણે વર્ણન કરવામાં આવ્યું :–

**અર્થાત :** "સુવ્વરનો ગોશ્ત ખાવા પર કોઈને કતલ પર, કોઈ ભાગ કાપવા પર અથવા ઝખમો આપે એટલો મારવા પર મજબૂર કરવામાં આવે તો એના પર (ગોશ્ત ખાય લેવો) ફર્ઝ છે, જો એ સબ્ર કરી લે (એટલે ન ખાય અને એના પર) એને કતલ કરી નાખવામાં આવે તો એ ગુનેહગાર છે." *(દુર્રે મુખ્તાર, ભા. ૨, પેજ–૧૯૬)*

જ્યારે તા'ઝીમી સિજદાનું કહેવામાં આવ્યું અને ઉપરોક્ત ધમકી આપવામાં આવી અને એ વ્યક્તિએ એના પર અમલ ન કર્યો અને એને કતલ કરી નાખવામાં આવ્યો તો એ ગુનેહગાર નથી. **આ ખુલાસાથી એ સ્પષ્ટ થયું કે દારૂ અને સુવ્વરના ગોશ્તથી પણ વધીને હરામ અને ખરાબ ગયરે ખુદાને તા'ઝીમી સિજદો કરવો છે.** જેને ફતવાની આધારભૂત કિતાબ પુરવાર કરી રહી છે.

**★ નંબર : ૭ ★**

**અર્થાત :** "જામેઅ સગીરમાં છે : મોટા વ્યક્તિની સામે જમીન ચૂમવી હરામ છે, કરનાર અને ખુશ થનાર બંને ગુનેહગાર છે. આમ જ તાતારખાનિયામાં છે." *(પેજ–૩૬૯)*

એટલે કે સિજદો તો હરામ છે જ પણ સિજદો કરવામાં ન આવે, બુઝુર્ગ વ્યક્તિની સામે જમીનને ચુંબન કરવામાં આવે તો એ પણ હરામના હુકમમાં છે.

**★ નંબર : ૮ ★**

**અર્થાત :** "આલિમો અને બુઝુર્ગો સામે જમીનનું ચુંબન જાહિલોનું કામ છે, કરનાર અને ખુશ થનાર બંને ગુનેહગાર છે. ગરાઈબમાં આમ જ છે." *(પેજ–૩૬૯)*

એટલે કે આ પ્રમાણે કરવું હરામ છે. જો કોઈએ કરી લીધું હોય તો જાહિલ માણસનું કામ છે જેને દીનનું જ્ઞાન નથી. જેને કરવામાં આવ્યું એ એનાથી ખુશ હોય તો ગુનાહમાં એ પણ ભાગીદાર છે.

**★ નંબર : ૯ ★**

**અર્થાત :** "રાજા અથવા બીજા કોઈને નમન કરવું અગ્નિપૂજકોના અમલથી મળતું હોવાને લઈને મકરૂહ છે જેમ કે જવાહિરુલ અખ્લાતીમાં છે." *(પેજ–૩૬૯)*

**★ નંબર : ૧૦ ★**

**અર્થાત :** "સ્વાગતમાં નમન મકરૂહ છે અને એના પર મનાઈ આવી છે જેમ કે તમતાશીમાં છે." *(પેજ–૩૬૯)*

**★ નંબર : ૧૧ ★**

**અર્થાત :** "ગયરે ખુદાની સેવામાં ઊભા થવું, હાથ પકડવા, નમન કરવું જાઈઝ છે, સિજદો અલ્લાહ સિવાય કોઈના માટે જાઈઝ નથી, જેમ કે ગરાઈબમાં છે." *(પેજ–૩૬૯)*

સિજદએ તા'ઝીમીના હરામ હોવા પર જે પ્રમાણેનું લખાણ ફતાવા





હિંદીયામાં કરવામાં આવ્યું જેને ફતાવા આલમગીરી પણ કહેવામાં આવે છે, એને અમે અરબી લખાણ સાથે તમારી સેવામાં રજૂ કર્યું અને એનું ગુજરાતી ભાષાંતર પણ કરી આપ્યું કે તમારી સમજમાં સરળતાથી જગા પામી શકે અને એ કામના હરામ હોવામાં તમને કોઈ શંકા ન રહી જાય, સિજદા સાથે જમીનનું ચુંબન અને રુકૂઅ જેવું નમવું પણ હરામ છે એ સ્પષ્ટ કરવામાં આવ્યું. આલમગીરી رحمۃ اللہ علیہ ના જમાનાથી લઈને આ જ સુધી હનફી ફિકહમાં આ કિતાબને આધારભૂત માનવામાં આવે છે, અને આલિમો તરફથી આ મસ્અલામાં કોઈ વિરોધાર્થી ચર્ચા કરવામાં નથી આવી, એ આજ સુધીની એકમતિ એના હરામ હોવા પર પુરવાર કરે છે.

## ★ આ નજીકના આલિમોનો ફેંસલો છે ★

તા'ઝીમી સિજદાના જાઈઝ હોવા પર જે બુઝુર્ગોના અમલોનો પુરાવો આપવામાં આવે છે એ જમાનાથી ફતાવા હિંદીયાને ભેગી કરનાર આલિમો નજીક હતા, જો આમ હોતું તો તેઓ આનો ઉલ્લેખ કરતા અને કોઈ જવાબ આપવાની કોશિશ કરતા, પરંતુ એ વાતની ચર્ચા ન કરવી અને એનું હરામ હોવું પુરવાર કરવું એ વાતની દલીલ છે કે વાસના ભૂખ્યા લોકોએ લૂટફાટ કરવા ખાનકાહોનો માર્ગ લઈને પૂર્વજ મહાન બુઝુર્ગોને બદ્નામ કરવાની નાપાક કોશિશ કરી છે, નહીં તો હદીષોથી અને ઉલમા, સહાબા, ઈમામો, મુજતહિદોની દરેક જમાનાની એકમતિનું ઈલ્મ એ મહાન વલીઓને ન હોય એ અક્કલમાં સમાઈ શક્તું નથી. સારાંશ એ કે પોતાની ખરાબીને ચાલુ રાખવા એ બુઝુર્ગોને બદ્નામ કરવાનો માર્ગ શોધવામાં આવ્યો છે, પણ જે ચુપ રહે, જે ચાલવા દે તે ચાલવા દે, અમારી જેવા અહલે સુન્નતના નામ પર કોઈ ખરાબી ચાલવા દેશે નહીં ! આ અમારો કલમી જિહાદ છે, એના કારી ઝખમોથી કોઈપણ બાતિલને અમે શાંતિનો □ાસ લેવા દઈશું નહીં. ખોટો કોઈપણ હોય ખોટો છે ! અમારું કુર્આન અને અમારા નબીની હદીષો જે વાતને પોતાના વિશાળ દામનમાં જગા આપશે નહીં એવી વાતોને અમે અમારા માહોલમાં જગા લેવા દઈશું નહીં. (ઈન્શાઅલ્લાહ !)

## ★ કુર્આનનું એલાન ★

ન જાણતા હોય તો જાણી લો ! તમને દીનની જરૂરત છે, દીનને તમારી જરૂરત નથી, જેને સત્ય જોઈતું હોય અને સાચા રહેવું હોય એ ઈસ્લામના દામનમાં પનાહ લે, ઈસ્લામને કોઈના દામનમાં પનાહ લેવાની જરૂરત નથી, કારણ કે એ અલ્લાહનો દીન છે અને એની તરફથી આપણને આપવામાં આવ્યો અને એને આપણી સફળતાનો ઝરીયો બનાવવામાં આવ્યો છે. ગામડિયા અને મુનાફિકોએ પોતાના ઈમાનનું એહસાન જતાવવાની કોશિશ કરી હતી તો દરેકને અલ્લાહ તઆલા તરફથી કહેવામાં આવ્યું હતું :–

તમને કહી બતાવે છે ઈસ્લામ લાવ્યા, ફર્માવી આપો, તમારા ઈસ્લામ વિશે મને કહી બતાવવાની જરૂરત નથી. બલ્કે અલ્લાહ તઆલાએ તમારા પર એહસાન કર્યું કે એણે તમને ઈમાનની તૌફીક આપી જો તમે સાચા છો !

કુર્આનની આ આયતથી એ સ્પષ્ટ થયું કે તમારી ઈસ્લામને જરૂરત નથી તમને ઈસ્લામની જરૂરત છે, તૌબા કરો દરવાજો ખુલ્લો છે. તૌબા નથી કરવી અને પોતાની વાસના પર રહેવું છે તો અલગ થઈ જાવ ! અમારા અહલે સુન્નતને ગુમરાહોની હાજત નથી. દીનનો આધાર સચ્ચાઈ પર છે, પબ્લિકના વધારે હોવા પર નહીં.

## ★ સાંભળી લો ! કુર્આન કહે છે ! ★

કુર્આનની એક બીજી આયત લોકોને લલકારીને કહે છે કે દીનને તમારી જરૂરત નથી તમને દુનિયા આખેરતમાં સફળતા પ્રાપ્ત કરવા દીનની જરૂરત છે :–





**અર્થાત :** "અય ઈમાનવાળાઓ ! તમારામાંથી જે એના દીનથી ફરી જાય તો નિકટ અલ્લાહ એવા લોકોને લઈ આવશે, જેમને એ ચાહે અને તેઓ એને ચાહે, ઈમાનવાળાઓ માટે નરમ અને કાફિરો પર સખત, અલ્લાહના માર્ગમાં જિહાદ કરનાર જેમને બુરાઈ કરનારનો ડર ન હોય."

આ આયત એ એલાન કરી રહી છે કે જો કોઈ દીનની જરૂરી વાત કરીને દીનમાંથી નીકળી જાય અને તૌબા કરવા તૈયાર ન થાય, અથવા દીનનો ઈન્કાર કરીને બીજો કોઈ દીનને અપનાવી લે તો એને એ વિચાર ન કરવો જોઈએ કે દીનને એની ખોટ લાગશે, નહીં ! આ દીન અલ્લાહનો છે, અલ્લાહ પોતાની કુદરતથી સત્ય દીનદાર લોકોને પેદા કરી એમનાથી દીનનું કામ લેશે, જેમને અલ્લાહ સિવાય આ માર્ગમાં કોઈનો ડર નહીં હોય અને તેઓ પોતાની તારીફ અને વખાણનું વિચારતા પણ નહીં હોય એમનું કાર્ય દીન અને દીનની સફળતા હશે. એટલે કોઈએ દીનમાં રહીને એહસાન જતાવવાનો હક્ક નથી, અને દીનમાંથી નીકળીને એ કહેવાનો હક્ક નથી કે દીનને તમારી ખોટ સાલી, જેમ અલ્લાહ જહાંનોથી બેનિયાઝ છે એને કોઈની જરૂરત નથી આમ જ એના દીનને પણ કોઈની જરૂરત નથી, જરૂરત લોકોને છે.

## ★ અલ્લામા શામી ★

**અર્થાત :** "ફરિશ્તાઓના સિજદામાં વિવાદ છે, કહેવામાં આવ્યું કે સિજદો અલ્લાહ તઆલા માટે હતો અને ચહેરો આદમ તરફ હતો, ઈજ્જત કરાવવા માટે. જેમ કે કા'બા તરફ ચહેરો કરવો, અને કહેવામાં આવ્યું કે **આદમ માટે (સિજદો) હતો સ્વાગત અને ઈજ્જતનો**

**પછી હુઝૂર ﷺ ના આ ફર્માનથી મન્સૂખ થઈ ગયો.** જો હું કોઈને બીજા કોઈ વ્યક્તિ માટે સિજદાનો હુકમ આપતો તો સ્ત્રીને હુકમ આપતો કે પોતાના પતિને સિજદો કરે. તાતારખાનિયામાં છે." *(રદુલમુહતાર, ભા. ૬, પેજ–૩૮૪)*

**લખાણનો ખુલાસો :–**

ખાતમુલ મુહક્કિકીન મુહમ્મદ અમીન, ઈબ્ને આબિદીનના નામથી પ્રખ્યાત એમની કિતાબ રદુલ મુહતાર જે દુર્રે મુખ્તારનો હાશિયો છે, અને હનફી ઉલમામાં આ કિતાબ આધારભૂત છે, દારુલ ઈફતામાં ફત્વાઓ વધુ પડતા આ કિતાબથી આપવામાં આવે છે. ઉપરોક્ત લખાણ પ્રમાણે એ સ્પષ્ટ થયું કે ફરિશ્તાઓનો સિજદો હઝરત આદમ માટે હતો કે અલ્લાહ માટે એમાં વિવાદ છે, અને એક અર્થમાં એ નિશ્ચિત નથી.

પછી આપે વિવાદવાળો બીજો અર્થ વર્ણન કર્યો કે સિજદો હઝરત આદમ માટે કરવામાં આવ્યો હતો, પણ જ્યાં સુધી એનાથી આપણી શરીઅત માટે તા'ઝીમી સિજદો ગયરે ખુદા માટે લેવાનો પ્રશ્ન છે તો એ હુકમ મન્સૂખ થઈ ગયો નબીએ પાકના ફર્માનથી, એટલે એ આપણી શરીઅતમાં જાઈઝ નથી. આ લખાણ એમણે તાતારખાનિયાના પુરાવાથી કર્યું હતું, તબયીનુલ મહારિમના પુરાવાથી વર્ણન કરે છે.

## ★ આગલી ઉમ્મત માટે હતો, ભૂલો નહીં ! ★

તબયીનુલ મહારિમમાં છે :–

**અર્થાત** :"ફર્માવ્યું, બીજું સત્ય છે (કે સિજદો હઝરત આદમ ﷺ ને કરવામાં આવ્યો) અને એ ઈબાદત માટે ન હતો બલ્કે સ્વાગત અને ઈજ્જત માટે હતો, એટલા માટે તો ઈબ્લીસે ન કર્યો અને એ **જાઈઝ હતો** આગલી ઉમ્મતમાં જેમ કે હઝરત યૂસુફ ﷺના કિસ્સામાં છે." *(રદુલ મુહતાર, ભા. ૬, પેજ–૩૮૪)*





કહેવાનો ભાવાર્થ એ છે કે **આગલી શરીઅતમાં તા'ઝીમી સિજદો જાઈઝ હતો, પણ આપણી શરીઅતમાં એનો હુકમ બાકી નથી રહ્યો, એ ઉઠાવી લેવામાં આવ્યો અને એ નાજાઈઝ અને હરામ થઈ ગયો.**

આ મન્સૂખ હોવા પર પુરાવો આપતાં અલ્લામા શામી વર્ણન ફર્માવે છે :–

**અર્થાત** : "ઈમામ અબૂ મન્સૂર માતુરીદીએ ફર્માવ્યું કે આમાં પુરાવો છે કિતાબના સુન્નતે રસૂલથી મન્સૂખ હોવાનો." *(રદુલ મુહતાર, ભા. ૬, પેજ–૩૮૪)*

## ★ અકીદાના મહાન ઈમામ ★

ઈમામ અબૂ મન્સૂર માતુરીદી મસ્લકે અહલે સુન્નત વલ જમાઅતના અકીદાના મહાન ઈમામ છે. અહલે સુન્નતમાં અકીદામાં બે ઈમામ માનવામાં આવે છે ઈમામ અબૂ મન્સૂર માતુરીદી અને ઈમામ અબૂલ હસન અશઅરી, પ્રથમ ઈમામને સાથ આપનાર માતુરીદિયા, અને બીજા ઈમામને સાથ આપનાર અશાઈરા. આનાથી સમજી શકાય છે કે અબૂ મન્સૂર માતુરીદીનો મુકામ તથા મર્તબો અહલે સુન્નતમાં કેટલો ઊંચો છે, તો એમણે આપણને કુર્આનના ફર્માનના મન્સૂખ હોવાનો એક અલગ કાયદો બયાન ફર્માવ્યો કે હદીષ પાકથી પણ કુર્આનનો હુકમ ઉઠી શકે છે, જ્યારે એ સ્થાને પહોંચે, અને અહીં સિજદાના ગયરે ખુદા માટે હરામ હોવામાં હદીષ એ દરજ્જે પહોંચી છે કે એનાથી કુર્આનનો હુકમ ઉઠયો, અને એ કામ આપણી શરીઅતમાં હરામ થઈ ગયું.

## ★ નસ્ખમાં કલામ કરનાર જવાબ આપે ? ★

જે લોકો એવું કહે છે કે કુર્આનનો હુકમ હદીષથી કેમ કરી ઉઠી શકે ? એમણે વિચારવાનું કે એક ફિકહે હનફીના મહાન ઈમામ ઈબ્ને

આબિદીન શામી છે. જે હદીષ વર્ણન કરીને ફર્માવી રહ્યા છે કે આનાથી કુર્આનનો હુકમ ઊઠી ગયો અને આપણી શરીઅતમાં એ સિજદો ગયરે ખુદા માટે હરામ થઈ ગયો. અને બીજા અકીદાના મહાન ઈમામ છે એ પણ ફર્માવી રહ્યા છે કે હદીષથી કુર્આનનો હુકમ મન્સૂખ થઈ શકે છે જેમ કે અહીંયા થયો, જ્યારે ફિકહ અને અકીદાના મહાન ઈમામો કાયદો વર્ણન કરી રહ્યા છે અને તા'ઝીમી સિજદો ગયરે ખુદા માટે આપણી શરીઅતમાં હરામ બતાવી રહ્યા છે. પછી કોણ સુન્ની એવો હોય જે આમાં વિવાદ ઉઠાવે !

## ★ દુર્રે મુખ્તારમાં જમીન ચૂમવી હરામ ! ★

**અર્થાત :** અને આમ જ લોકો જે કરે આલિમો અને બુઝુર્ગો સામે જમીન ચૂમવી તો એ હરામ છે, કરનાર અને ખુશ થનાર બંને ગુનેહગાર છે, એટલા માટે કે એ કામ મૂર્તિપૂજા જેવું છે.'' *(દુર્રે મુખ્તાર, ભા. ૯, પેજ–૩૮૩)*

## ★ સિજદો નહીં ચૂમન પણ હરામ ! ★

દુર્રે મુખ્તારના આ લખાણથી જાણવા મળ્યું કે આલિમો અને બુઝુર્ગો સામે સિજદો તો કરવામાં ન આવે એ તો આપણી શરીઅતમાં હરામ જ છે પણ જો એનાથી નીચેનું કામ માત્ર એમની સમક્ષ જમીનને ચૂમવામાં આવે તો એ કામ પણ મૂર્તિપૂજા જેવું હોવાને લઈને હરામ છે, અને એની પણ ઈસ્લામમાં રજા નથી. જેઓ આમ કરે એ પણ ગુનેહગાર અને જેની સમક્ષ કરવામાં આવ્યું અને એણે મનાઈ ન કરી એ પણ ગુનેહગાર.

## ★ આ કામ કરનારનો હુકમ શું છે ? ★

જેઓ આ પ્રમાણેનું હરામ કામ કરે એને શરઈ કયો ફત્વો આપવામાં આવશે ? આ એક સવાલ છે એનો ઉત્તર આપતાં દુર્રે





મુખ્તારમાં વર્ણન કરવામાં આવ્યું :–

**અર્થાત :** ''અને શું કુફ્રનો ફત્વો આપવામાં આવશે તો એ કે બંદગી અને તા'ઝીમના તરીકા પર હોય તો કુફ્ર છે અને સ્વાગતના તરીકા પર હોય તો નહીં, અને કરનાર કબીરો ગુનોહ કરનાર છે.'' *(દુર્રે મુખ્તાર, ભા. ૯, પેજ–૩૮૩)*

## ★ નિય્યતના આધારે હુકમ ★

દુર્રે મુખ્તારના આ લખાણથી જાણવા મળ્યું કે કરનારને પૂછવામાં આવશે એણે ઉપરોક્ત કામ કેવી નિય્યતે કર્યું છે ? જો ઈબાદત અને તા'ઝીમથી કર્યું તો એનો એ અમલ કુફ્ર છે, એણે તૌબા કરવી અને બધું નવા તરીકાથી કરવું જરૂરી છે. (પણ મુસલમાન આ પ્રમાણેની નિય્યત કરી શક્તો નથી) એટલે જો એણે આ કામ સ્વાગતના તરીકા પર કર્યું તો પણ એ માફીને પાત્ર નથી, એ સખત ગુનાહનું કામ છે, તૌબા કરવી જરૂરી છે, કબીરો ગુનોહ છે, કરનારને પણ ફાસિક કહેવામાં આવશે અને જેની સમક્ષ કરવામાં આવ્યો એણે એનાથી મનાઈ ન કરી અને ખુશી પ્રગટ કરી તો એ પણ ફાસિક છે, જ્યારે સિજદો નહીં જમીનનું ચુંબન આટલો સખત હુકમ ધરાવે છે તો પછી તા'ઝીમી સિજદાનો હુકમ કેટલો સખત છે એને આનાથી સમજી શકાય છે. અક્કલમંદા ઈશારા કાફીસ્ત.

## ★ રદ્દુલ મુહતારની શરહ ★

**અર્થાત :** ''સદર શહીદે બયાન કર્યું કે આ સિજદાથી એને કાફિર કહેવામાં નહીં આવે કારણ કે એનો ઈરાદો સ્વાગતનો છે.'' *(રદ્દુલ મુહતાર, ભા. ૯, પેજ–૩૮૩)*

**અર્થાત** : "શમ્સુલ અઈમ્મા સરખસીએ કહ્યું કે જો ગયરે ખુદા માટે તા'ઝીમના તરીકા પર હોય તો કુફ્ર છે." *(હવાલો : ઉપર મુજબ)*

**અર્થાત** :"કેહિસ્તાનીએ કહ્યું, ઝહિરીયામાં છે : સિજદાથી કુફ્રનો ફત્વો આપવામાં આવશે કોઈપણ શર્ત વગર." *(રદ્દુલ મુહતાર, ભા. ૬, પેજ–૩૮૩)*

**અર્થાત** : "અને ઝાહેદીમાં છે : સલામમાં રુકૂઅ સુધી નમવાનો ઈશારો કરવો સિજદા માફક છે."

એટલે કે સિજદો કરવામાં ન આવે પણ **સલામ વખતે રુકૂઅની હદે નમવામાં આવે, રુકૂઅની હદ એટલે હાથ લાંબો કરવામાં આવે તો એ ગુઠણે પહોંચી જાય તો એ રુકૂઅની હદ છે તો જમીન પર પેશાની અને કપાળ રાખવામાં ન આવે તો પણ એ હરામ છે** અને એને પણ સિજદાનો હુકમ આપવામાં આવશે.

**અર્થાત** : " મુહીતમાં છે : રાજા અને બીજા કોઈની સમક્ષ નમન કરવું મકરૂહે તહરીમી છે." (એટલે કે માત્ર નમનની પણ રજા નથી.) *(રદ્દુલ મુહતાર, ભા. ૬, પેજ–૩૮૩)*

**અર્થાત** : "આના ફર્માનનો જાહેરી મતલબ એ છે કે આ ચુંબન પર સિજદાનો સામાન્ય અર્થ થાય છે." (એટલે બધાં પર એ બોલી શકાય છે.) *(રદ્દુલ મુહતાર, ભા. ૬, પેજ–૩૮૩)*

## ★ અંતિમ શબ્દોનો ખુલાસો ★

અલ્લામા શામીના અંતિમ શબ્દોનો ખુલાસો એ છે કે સિજદો જે





અર્થમાં પ્રખ્યાત છે એ જ અર્થ નથી બલ્કે સિજદાનો અર્થ નમન થાય છે પછી એ વધારે હોય કે પછી ઓછું હોય, જમીન પર કપાળ રાખવાનો અર્થ શરઈ પરિભાષા છે, એટલે નમન સાથે સંબંધિત કરીને અલગ અલગ મસ્અલાઓ વર્ણન કરવામાં આવ્યા. એટલે રુકૂઅ જેટલું નમન હોય તો એને પણ સિજદા સાથે સંબંધિત કરી એને પણ હરામ કરવામાં આવ્યું, જ્યારે રુકૂઅ હરામ તો પછી સિજદો તો એનાથી પણ વધીને હરામ ! આ હતી હનફી ફિકહની આધારભૂત કિતાબો કે વર્તમાનકાળના ફતવા વિભાગોનો આધાર જ આ કિતાબો છે. એનાથી સમજી શકાય છે કે ઈસ્લામમાં સિજદાની હેસિયત ગયરે ખુદા માટે શું છે.

(૧) નિસાબુલ ઈહતિસબ :-

એક તાબેઈનના ફર્માનથી છે કે :–

**અર્થાત** : "કે **સિજદો મુહમ્મદ ના દીનમાં અલ્લાહ સિવાય કોઈના માટે પણ હલાલ નથી.**" *(નિસાબુલ ઈહતિસાબ, બાબ–૪૯)*

એટલે કે સિજદો પહેલાંની શરીઅતમાં ગમે તે દરજામાં રહ્યો હોય એનાથી અમને કોઈ મતલબ નથી, જ્યાં સુધી આપણી શરીઅતનો સવાલ છે તો એ ખુદા તઆલા માટે નિશ્ચિત કરી દેવામાં આવ્યો છે એટલે અલ્લાહ તઆલાને છોડીને ગમે તેના માટે કરવામાં આવે હરામ છે, પછી એ આપણા નબી ને કરવામાં કેમ ન આવે !

(૨) શરહે ફિકહે અકબર :-

**અર્થાત** : "**સિજદો અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાને છોડીને દરેકને માટે હરામ છે.**" *(મન્હુરૌઝીલ, અઝહર, પેજ–૧૮૭)*

**ગયર ખુદાને ઈબાદતનો સિજદો હોય તો એ કુફ્ર છે શિર્ક છે એમાં તો કોઈ મુસલમાનને કોઈ શંકા જ નથી,** પણ અહીં હરામ કરીને એ તરફ ઈશારો કરવામાં આવ્યો કે **માત્ર સ્વાગતનો સિજદો**

**ગયરે ખુદાને કરવામાં આવે તો એ પણ હરામ છે,** સિજદો ઈસ્લામમાં અલ્લાહ તઆલા માટે નિશ્ચિત કરી દેવામાં આવ્યો છે. ગયરે ખુદા માટે એના હરામ હોવામાં કોઈ શંકા નથી.

(૩) જામેઉલ ફુસુલૈન :-

**અર્થાત** : "તહિય્યતના સિજદાથી ગુનેહગાર થશે કે એણે **હરામ** કર્યું." *(જામેઉલ ફુસુલૈન, ભા. ૨, પેજ–૩૧૪)*

(૪) મજમઉલ અનહર :-

**અર્થાત** : "સ્વાગતના સિજદાથી કાફિર નહીં થાય પરંતુ **કબીરો ગુનોહ કરનાર** થશે." *(મજમઉલ અનહર, ભા. ૨, પેજ–૫૪૨)*

(૫) ખઝાનતુલ મુફતીન :-

**અર્થાત** : "જેણે રાજા અથવા કોઈ સરદાર સામે જમીનનું ચુંબન કર્યું અથવા એને સિજદો કર્યો જો સ્વાગતના તરીકા પર હશે તો **કબીરો ગુનોહ કરનાર** છે." *(ખઝાનતુલ મુફતીન, ભા. ૨, પેજ–૨૧૩)*

(૬) ખુલાસતુલ ફતાવા :-

**અર્થાત** : "નમન કરવું અને સિજદો સ્વાગતનો કરવો **કબીરો ગુનોહ** છે." *(ખુલાસતુલ ફતાવા, ભા. ૩, પેજ–૩૧૫)*

(૭) અલ ઈક્લીલ :-

ઈમામ જલાલુદ્દીન ખાતમુલ હુફ્ફાઝ ફર્માવે છે :–

**અર્થાત** : "આનાથી જાણવા મળ્યું કે ગયરે ખુદા માટે **સિજદો કરવો હરામ** છે." *(અલ્ ઈકલીલ, સિપારો–૩, આ. ૮૦, પેજ–૫૪)*





(૮) તહતાવી શરીફ :-

અલ્લામા સૈયદ અહમદ મિશ્રી તહતાવી ફર્માવે છે :–

**અર્થાત** : "જમીનનું ચુંબન મૂર્તિપૂજાને મળતું આવે છે એટલા માટે કે એમાં ગયરે ખુદાને સિજદો કરવાની સૂરત છે." *(તહતાવી, ભા. ૪, પેજ–૧૯૨)*

(૯) ગુન્નિયા ઝવીલ અહકામ :-

**અર્થાત** : "આલિમ સામે સ્વાગતની નિય્યતે જમીનનું ચુંબન હરામ છે." *(ગુન્નિયા, ભા. ૧, પેજ–૩૬૮)*

(૧૦) ખાદિમી અલ દુરર :-

**અર્થાત** : "જમીન ચૂમવી અને નમન કરવું જાઈઝ નથી બલ્કે હરામ છે." *(હાશિયા ખાદિમી, પેજ–૧૫૫)*

(૧૧) દુર્રે મુન્તકા :-

**અર્થાત** : "જમીનને સ્વાગતના તરીકા પર ચૂમવું હરામ છે અને ઈજ્જતના તરીકા પર કુફ્ર છે." *(દુર્રે મુન્તકા, ભા. ૨, પેજ–૫૪૨)*

(૧૨) ફતાવા ઝહિરીયા :-

**અર્થાત** : "જમીન ચૂમવું સિજદાથી નજીક છે, કપાળ અથવા ગાલ જમીન પર રાખવો એનાથી વધારે બુરું અને ખરાબ છે." *(મન્હુરૌઝ, પેજ–૧૯૩)*

(૧૩) શૈખઝાદા અલ્ મુલતકા :-

اَلْاِنْحِنَاءُ فِى السَّلَامِ اِلٰى قَرِيْبِ الرُّكُوْعِ كَالسُّجُوْدِ

**અર્થાત** : "સલામમાં રુકૂઅ સુધી નમવું પણ સિજદા જેવું છે." *(મજમઉલ અન્હર, ભા. ૨, પેજ–૫૪૨)*

(૧૪) ઈહયાઉલ ઉલૂમ :-

الْاِنْحِنَاءُ عِنْدَ السَّلَامِ مَنْهِیٌّ عَنْهُ وَهُوَ مِنْ فِعْلِ الْاَعَاجِمِ

**અર્થાત** : "સલામ વખતે નમવું મનાઈના હુકમમાં છે એ અજમી લોકોનું કામ છે." *(ઈત્તિહાફુસ્સાદા, ભા. ૬, પેજ–૨૮૧)*

(૧૫) શરહે લુબાબ :-

**અર્થાત : "રહી ગયો મજારને સિજદો તો એ નિઃશંક ! હરામ છે, ઝિયારત કરનાર જાહિલોના કામથી ધોખોમાં ન પડે, બલ્કે બાઅમલ આલિમોની પાછળ ચાલે."** *(અલ્ મસ્લકુલ મુતકિસ્ત, પેજ–૩૪૨)*

(૧૬) હદીકએ નદિય્યા :-

الْاِنْحِنَاءُ الْبَالِغُ اِلٰی حَدِّ الرُّکُوعِ لَایَفْعَلُهُ اَحَدٌ لِاَحَدٍ کَالسُّجُوْدِ وَلَابَاسَ بِمَانَقَصَ مِنْ حَدِّ الرُّکُوعِ لِمَنْ یُکَرَّمُ مِنْ اَهْلِ الْاِسْلَامِ

**અર્થાત** : "વધારે નમવું રુકૂઅની હદ સુધી એને કોઈ કોઈને કરશે નહીં સિજદા માફક, રુકૂઅની હદથી ઓછું હોય તો વાંધો નથી, કોઈ ઈસ્લામી ઈજ્જતવાળા માટે હોય." *(હદીકએ નદિય્યા, ભા. ૧, પેજ–૫૪૭)*

(૧૭) તરીકએ મુહમ્મદિયા :-

**અર્થાત** : **"**એ હરામ નમનથી છે સિજદો, રુકૂઅ અને મોટેરાઓ માટે મુલાકાત, સલામ અને એના જવાબમાં નમવું." *(તરીકએ મુહમ્મદિયા, ભા. ૧, પેજ–૨૩૮)*

(૧૮) ગમઝુલ ઓયૂન :-





**અર્થાત** : "અને જો સિજદાથી મુરાદે સ્વાગત હોય તો કુફ્ર કહેવામાં નહીં આવે હરામ કહેવામાં આવશે." *(ગમઝુ ઓયૂનુલ બસાઈર, ભા. ૧, પેજ–૫૪)*

(૧૯) નિસાબુલ ઈહતિસાબ :-

**અર્થાત** : "અથવા જો સિજદો કરે તો એ સ્વાગતના તરીકા પર હોય તો કુફ્ર કહેવામાં નહીં આવે પરંતુ **કબીરો ગુનોહ કરનાર** ઠરશે." *(ફતાવા હિંદિયા, ભા. ૫, પેજ–૩૬૨)*

(૨૦) ઝવાજિર અન ઈક્તિરાફિલ કબાઈર :-

નબી નું ફર્માન કે મારી કબરને મારા પછી પૂજા કરવામાં આવે એવી મૂર્તિ ન બનાવતો.

એના ખુલાસામાં લખે છે :–

**અર્થાત** : "તમે એની ઈજ્જત ન કરશો તમારા ગયરના એમની મૂર્તિઓની ઈજ્જત માફક સિજદા અથવા એવા કોઈ તરીકાથી, બેશક ! એ **કબીરો ગુનોહ** છે બલ્કે **ઈબાદતની નિય્યતથી કુફ્ર** છે." *(અઝ્ઝવાજિર, ભા. ૧, પેજ–૨૪૧)*

(૨૧) ઈર્શાદુસ્સારી :-

**અર્થાત** : "હુઝૂર ની કબર તરફ મોઢું કરીને નમાઝ પઢવી **હરામ** કરવામાં આવી છે." *(ઈર્શાદુસ્સારી, ભા. ૧, પેજ–૪૩૦)*

આ એકવીસ પુરાવાઓથી એ સ્પષ્ટ થયું કે **તા'ઝીમી સિજદો અને સ્વાગતનો સિજદો ગયરે ખુદા માટે હરામ છે, સિજદો તો સિજદો છે રુકૂઅની હદે નમન હોય તો એને પણ સિજદા માફક સમજવામાં આવે છે અને એ પણ હરામ છે. તા'ઝીમી સિજદાના**

**ગયરે ખુદા માટે જાઈઝ હોવા પર કોઈ એક પણ પુરાવો નથી બલ્કે દરેક જ પુરાવો એના હરામ હોવા પર છે.**

અમુક પુરાવા જાહિલ સૂફીઓ જેમના ત્યાં આ પ્રમાણે એ સમયમાં કરવામાં આવતું હશે એમનુ નામ લઈને સંબોધન કર્યું અને એમના કામને હરામ અને જહાલતનું કામ બતાવવામાં આવ્યું, તો એ અમે તમારી સેવામાં રજૂ કરીએ છીએ. એનાથી એ પણ જાણી શકાશે કે **સરવરે આલમ ના ફર્માન સામે મખ્લૂકમાંથી કોઈનું પણ ફર્માન દલીલ બની શક્તું નથી. એટલા માટે કે અલ્લાહના નબી આપણને અલ્લાહ તરફથી દીન શિખવાડવા આવતા હોય છે તો એમની વાત કબૂલવી આપણા માટે જરૂરી છે. અને બીજું એ કે મહાન આલિમોની નજરથી એ પ્રમાણેની વાતો ગુપ્ત ન હતી એટલે એમણે કડકાઈથી મનાઈ કરતાં લખાણ કર્યું અને નબી ના ફર્માનની મહત્વતા આપણને બતાવી.**

## ★ જાહિલ જુલ્મીઓનું કામ ★

**અર્થાત : "એ જે ઘણા જાહિલ જાલિમ (પીરોને) સિજદો કરે છે એ દરેક હાલતમાં નિઃશંક ! હરામ છે** પછી કિબ્લા તરફ હોય કે બીજી કોઈ તરફ, અથવા ખુદાને સિજદાની નિય્યત કરે કે પછી એની ખબર ન હોય, **એની અમુક સ્થિતિઓ તો કુફ્ર છે,** અલ્લાહ તઆલા અમને એનાથી પનાહ આપે." *(ઈઅલામ બિકવાતિઈલ ઈલ્હામ, પેજ-૩૪૯)*

## ★ સૂફીયાના જહાલત ★





**અર્થાત :** "બેશક ! ઈમામોએ ખુલાસો કર્યો કે **પીરોને સિજદો જે જાહિલ સૂફી લોકો કરે છે હરામ છે અને એના અમુક પ્રકાર કુફ્રનો હુકમ ધરાવે છે."** *(ઈઅલામ, પેજ-૩૮૮)*

## ★ ખરાબ બિદઅત કઈ ?! ★

**અર્થાત : "સિજદો જેને અમુક જાહિલ સૂફી પોતાના પીર સામે કરે છે, ખુલ્લુ હરામ છે, ખરાબ બિઅદત છે, એમને ગમે તેમ કરી એનાથી રોકવામાં આવશે."** *(અલ્ બિનાયા શરહે હિદાયા, ભા. ૪, પેજ-૨૫૬)*

## ★ બદ્‌માશ પીરો ! ★

**અર્થાત :** "અહીંયા એ જાણવા મળ્યું કે **જાહિલો જે પોતાના બદ્‌માશ પીરોને સિજદો કરે છે અને એને પાઇંગા કહે છે, અમુક બુઝુર્ગોના મંતવ્ય પ્રમાણે કુફ્ર છે અને કબીરો ગુનોહ તો સર્વનું કહેવું છે.** જો પોતાના **પીર માટે જાઈઝ સમજે તો કાફિર છે** અને જો એના પીરે એને સિજદાનો હુકમ આપ્યો અને એને પસંદ કરીને એના પર ખુશી પ્રગટ કરી **તો એ શેખે નજ્દી પોતે પણ કાફિર છે** જો ક્યારે મુસલમાન રહ્યો તો પણ." *(ફતાવા બઝ્ઝાઝિયા, ભા. ૬, પેજ-૩૪૩)*

## ★ ફિક્હી હુકમનો નિચોડ ★

ફિકહની આધારભૂત કિતાબો એ સાબિત કરી રહી છે કે ગયરે

ખુદાને સ્વાગત અને ઈજ્જતનો સિજદો કરવો હરામ છે, એના હરામ હોવામાં કોઈ શંકા જ નથી, જે જાહિલ સૂફી લોકો પોતાના પીરોને કરે છે જો એ હરામ સમજીને કરતા હોય તો બિદઅતી અને કબીરો ગુનોહ કરનાર છે, અને જો જાઈઝ સમજીને કરતા હોય તો તેઓ કાફિર છે અને ઈસ્લામથી બહાર છે. શરીઅત નબી લઈને આવ્યા છે, અને નબીની વાત માનવી જરૂરી છે, જ્યારે નબી પોતાના માટે તા'ઝીમી સિજદો હરામ કરી ગયા પછી દુનિયામાં કોણ છે જે પોતાના માટે એ હરામને હલાલ કરી શકે ! અને કોની હિંમત છે કે પોતાને નબીથી ઉત્તમ સમજી શકે ! એટલે **મહાન ઈમામોએ એ કામને કુફ્ર બતાવ્યું, અને કરનારાઓને કુફ્રનો ફત્વો આપ્યો, આમાં અમારા પોતાનો કોઈ ફત્વો નથી અને અમારું પોતાનું કોઈ મંતવ્ય નથી, જે કાંઈ છે તે દીનના મહાન ઈમામોની વાતો એમના મંતવ્યો અને એમના ફત્વા છે, જેનાથી સમજી શકાય છે કે ગયરે ખુદા માટે સિજદો કરવાની કોઈ ગુંજાઈશ આ ઉમ્મતમાં રાખવામાં આવી નથી,** નથી જીવંતને સિજદો કરી શક્તા, કે નથી મુડદાંને સિજદો કરી શક્તા, નથી પીરને સિજદો કરી શક્તા કે નથી કોઈ કબરને સિજદો કરી શક્તા, સર્વ માટે સિજદાનો એક જ હુકમ છે, એમાં તફાવત લાવવાની કોઈને રજા નથી. નબી થી વધીને કોઈ નથી તો નબીના ફર્માન સામે પબ્લિકનો કોણ છે જેની વાતને ઉત્તમતા આપવામાં આવે !

## ★ આ'લા હઝરતનું મંતવ્ય ★

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ જે અહલે સુન્નતમાં મુજદ્દિદ છે અને સર્વ સુન્નીઓ આપને પોતાના ઈમામ સમજે છે અને પોતાની સુન્નીયતને એમનાથી સંબંધિત કરી મસ્લકે આ'લા હઝરતના ગગનચુંબી નારાઓ લગાડે છે. અમુક સુન્નીના નામે ગુમરાહ બદ્દીન લોકો હશે જેઓ એમનાથી દુશ્મની રાખે છે કારણ કે જે બિદઅતોથી તેઓ અલ્લાહના નબી ની ઉમ્મતને ગુમરાહ બનાવવાની કોશિશ કરે છે એમનો કોઈ દાવ આ'લા હઝરતના સત્ય લખાણ સામે સફળ થઈ શક્તો નથી, તો જેઓ તા'ઝીમી સિજદાને ગયરે





ખુદા માટે જાઈઝ હોવાનો દાવો લઈને ચાલે છે એમના માટે આ'લા હઝરતનું મંતવ્ય સામે રાખીએ અને સત્ય મસ્લકે આ'લા હઝરતને સમજી ગલત લોકોને આપણા મસ્લકથી બહાર કરીએ !

અફૂલો—મૈં કહેતા હૂં ઐસે મુતકબ્બિર ખુદા ફરામોશ ખૂદ પસંદ અપને લિએ સિજદે કે ખાહિશમંદ ગાલેબન શરઅસે આઝાદ બે કયદોબંદ હોતે હંય, યૂં તો આપ હી કાફિર હંય, ઔર અગર કભી ઐસે ન ભી થે તો હરામે કતઈ યકીની ઈજમાઈકો અચ્છા જાનકર અબ હુએ. (વલઅયાઝુ બિલ્લાહિ તઆલા)

સિજદા અલ્લાહ વાહિદ કહ્હાર હી કે લિએ હય ઔર ઉસકે ગયાર કે લિએ મુતલકન કિસી નિય્યતસે હો હરામ ! હરામ ! હરામ ! કબીરા ! કબીરા ! કબીરા !

**હવાલો** : (ફતાવા રઝવિય્યા, ભા. ૨૨, પેજ–૪૬૯)

મહાન ઈમામોએ તો તા'ઝીમી સિજદાને ગયરે ખુદા માટે જાઈઝ સમજવાને કુફ્ર સાબિત કર્યું, અને આપણા સર્વ સાચા સુન્નીઓના ઈમામ આ'લા હઝરતે પણ કુફ્રનો ફત્વો આપ્યો જે ઉપરોક્ત પુરાવાથી તમારી સમક્ષ છે.

## ★ બુઝુર્ગોને બદ્નામ કરવાની ચાલ ! ★

હવે ફૈંસલો તમારે કરવાનો છે કે હિંદુસ્તાનના જે મહાન વલીઓ જેમની વિલાયત સર્વ માન્ય છે તેઓ આ પ્રમાણેનું કતઈ હરામ કામ કરી શકે છે. અથવા કોઈને કરવાનુ કહી શકે છે ? સુન્નતે મુઅક્કિદા છોડી આપનારને વલીઓની લિસ્ટથી કાઢી નાખવામાં આવે છે તો પછી હરામ કરનારને વલીઓની લિસ્ટમાં કેમ કરી બાકી રાખવામાં આવે ?! અને માત્ર હરામ જ નહીં એને જાઈઝ સમજી કરવામાં આવે કે કરાવવામાં આવે એનાથી માણસ ઈસ્લામથી બહાર થઈ જાય છે. વિલાયત તો એની જગાએ ઈસ્લામ પણ બાકી રહેતો નથી ! શું આવું કામ મહાન વલીઓ કરી શકે છે ?! અને એમની સેવામાં કોઈ એવું કરતો હોય તો તેઓ ચૂપ રહી શકે ખરા ?! તમે કહેશો એવા મહાન

વલીઓથી આ પ્રમાણેનું કામ કેમ કરી થઈ શકે ? આપણે સામાન્ય મુસલમાન થઈને પણ આમ નથી કરી શક્તા ! તો વાસ્તવમાં વાત એ છે કે એ મહાન વલીઓની જગાઓ પર જે નાખલફ અને નકામા લોકો આવ્યા જેમની પાસે ખુદાના ડરના નામની કોઈ વસ્તુ જ ન હતી, જેમનો હેતુ દોલત કમાવી અને લોકોમાં ખ્યાતિ પામવી, એથી અધિક કાંઈ જ ન હતું તેવા લોકોએ પોતાની બિદઅતો અને કુટેવો પર લોકોને ચૂપ રાખવા ખોટી ખોટી કિતાબોનું લખાણ કર્યું અને એમાં બુઝુર્ગોની સભાની વાતોનો પોતાની ઈચ્છા પ્રમાણે ઉલ્લેખ કર્યો, પોતે બદ્‌નામીથી બચવું છે એટલે વલીઓના નામો ઉપયોગમાં લઈ રહ્યા છે, નહીં તો ભલા જે કામ નબીએ પાક ના જમાનાથી અત્યાર સુધી એકમતિની સાથે ચાલતું આવ્યું એમાં વલીઓને વિવાદ કેમ હોય ? તેઓ તો મુસ્તહબને પણ પ્રેમથી અપનાવે, એક સુન્નતને પણ છુટવા ન દે, તેઓ ભલા હરામ વાતમાં અને એ પણ એકમતિની હરામ વાતમાં, અને એ પણ અસંખ્ય હદીષોના પુરાવાથી હરામમાં પોતાની મનમાની ચલાવે ! અક્કલમાં આવે એવી વાત જ નથી ! તો સમજો આ બદ્‌માશ લોકોની ચાલ છે બુઝુર્ગોને બદનામ કરવાની ! એવા ખરાબ લોકોને એમની બદ્‌માશીનો બદલો દુનિયામાં તો મળશે જ ! આખેરતનો અઝાબ એમની વાટ જોઈ રહ્યો છે ! જો તેઓ સાચી પાકી તૌબા ન કરે.

## ★ નાખલફો (કપૂતો)એ શું કર્યું ? ★

બુઝુર્ગોની જગાઓ પર દૂર જમાની પછી આવનાર નાખલફોએ પોતાની નામના માટે ગેરમુસ્લિમોથી એમના કાફિર હોવા છતાં સંબંધો કાયમ કર્યા, અને અકબર રાજાના ચલાવેલા દીને ઈલાહી જે વાસ્તવમાં અલ્લાહના દીનના નામથી કુફ્રની દા'વત હતી એને પ્રોત્સાહન આપ્યું, કાફિરોને મુરીદ બનાવવાનું અને એને પોતાના સિલસિલાની ખિલાફત આપવાનું કામ આરંભ કર્યું જેનો હુકમ શું છે એ અમે તમને બતાવીશું અને એના પર કેવા ભયાનક ફત્વાઓ છે એનાથી અમે તમને વાકેફ કરીશું, પણ અહીં એ કે નાખલફોએ કાફિરોને પોતાના સિલસિલામાં દાખલ કર્યા અને એમની દા'વતો ખાવાનું શરૂ કર્યું તો કાફિરોની તો આદત





જ છે કે એમને કોઈપણ મોટો મળે એની સામે નમવાનું અને માથુ જમીન પર રાખી દેવાનું, તો એમણે એ નાખલફોને પોતાના ધર્મ પ્રમાણે સિજદો કરવાનું શરૂ કરી આપ્યું, પછી એમના દેખાદેખી જાહિલ મુસલમાનો પણ નમાઝમાં સમય સમયે અલ્લાહ સમક્ષ ન નમે પણ એમણે પોતાના બદ્‌માશ પીરો આગળ સિજદો કરવાનું આરંભ કર્યું.

## ★ મુસલમાન તો માર્ગદર્શક છે ! ★

મુસલમાન તો ગેરમુસ્લિમને માર્ગ બતાવનાર હોય છે. મુસલમાને તો આવનાર ગેરમુસ્લિમને કહેવું જોઈએ તું તારા ધર્મમાં ગમે તેની આગળ નમ્યો પણ અમારો ઈસ્લામ એ બુરાઈઓથી અત્યંત પાક છે, ઈસ્લામ ધર્મ એ સબક આપે છે કે સિજદો માત્ર અલ્લાહને જ કરવામાં આવે, આપણે ઈન્સાન છીએ, અલ્લાહની બારગાહમાં આપણું પદ સર્વ મખ્લૂકથી વધીને છે, આપણું કપાળ અલ્લાહની બારગાહમાં એટલું ઈજ્જત ધરાવનાર છે કે એની સિવાય કોઈની સામે જમીન પર જઈ શક્તું નથી, પણ અફસોસ ! મુસલમાન પોતાનો ધર્મ કાફિરને ન પહોંચાડી શક્યો અને કાફિર પોતાનો ધર્મ મુસલમાનોમાં લઈ આવ્યો !

## ★ દીન અલ્લાહ અને રસૂલનો છે ! ★

સારાંશ એ કે કાફિરો સાથે પીરોનો સંબંધ સશક્ત થવાથી આ બલા મુસલમાનોમાં આવી, અને એને ટકાવી રાખવા અને પોતાને બદ્‌નામીથી બચાવી રાખવા કિતાબોમાં મહાન વલીઓના નામે એ કામો લગાડી આપવામાં આવ્યાં, પણ એમણે એટલું જાણવું જોઈએ કે અલ્લાહના વલીઓથી દુશ્મની અલ્લાહ તઆલા સાથે લડાઈ લેવી છે, હજી પણ તૌબા કરી લો તો બચી જશો ! નહીં તો કાનૂન શરીઅતનો અલ્લાહ અને રસૂલનો છે, એ કોઈને માફ કરશે નહીં, કારણ કે આ અંતિમ દીન છે, અંતિમ ધર્મ છે હવે કોઈ નવો દીન અથવા નવી શરીઅત આવવાની નથી કે અલ્લાહ અને રસૂલને છોડીને બીજા લોકોની વાતોને માન્ય રાખી લેવામાં આવશે !

## ★ વિલાયતને ખતરામાં નાખનાર કોણ ?! ★

નાખલફ લોકોએ પોતાની બુરાઈઓથી તૌબા કરી લીધી હોત તો આ ભયંકર પરિણામ સામે ન આવતું પણ એમનું બુરું થાય, એમણે પોતાની પાસે તો વિલાયત હતી નહીં અને એમને કોઈ માનતું પણ ન હતું પણ એમણે બુઝુર્ગોનાં નામો લઈને મુસલમાનોને ઉલ્લુ બનાવ્યા અને એ મહાન વલીઓનાં નામ બદ્નામ કરવાની નાપાક કોશિશ કરી, એમને એવી ખબર ન હતી કે ઈસ્લામનું હરામ કોઈ બદલી શક્તો નથી, પછી કહેવું કે એ હરામ કામ અમે એટલે કરીએ છીએ કે એને ફલાણા બુઝુર્ગે કર્યું હતું ! તો શું કોઈ બુઝુર્ગોના કરવાથી હરામ હલાલમાં ફરી શકે છે ખરું ?! તો પછી કોઈ હરામ કામનો સંબંધ કોઈ બુઝુર્ગ સાથે કરવાથી એકમતિનું હરામ ન એમના માટે ન બીજા કોઈ માટે હલાલ થઈ શક્તું જ નથી, પણ એનાથી નુકસાન એ થાય કે વલીઓની વિલાયત પર શંકા ઉપસ્થિત થાય છે. અને લોકો વિચારવા લાગે છે કે અલ્લાહના વલીઓ હરામ કામ કેમ કરીને કરશે ?!

## ★ સામાન્ય ન સમજો ! ★

જે લોકો આ પ્રમાણેના મુસલમાનોની એકમતિનાં હરામ કામોનો સંબંધ બુઝુર્ગ તરફ કરે છે તેઓ દાવો તો ચાહક હોવાનો કરે છે પણ વાસ્તવમાં તો એ એમના દુશ્મન છે, તેઓ આ પ્રમાણેની ખોટી ચર્ચાઓથી એમની વિલાયતનો ઈન્કાર કરે છે, એટલે અહલે સુન્નતના આલિમો જ્યારે એ પ્રમાણેની ખોટી વાતોનો સંબંધ બુઝુર્ગો તરફ જુએ છે તો એ સંબંધોને ખોટા સાબિત કરવાની ભરપૂર કોશિશ કરે છે. કારણ કે એ સંબંધોને ખોટા સાબિત કરવામાં ન આવે તો હરામ એમના માટે સાબિત કરવું પડે છે, અને હરામ એવા મહાન વલીઓ માટે માનવું અમારી શક્તિ બહારનું કામ છે, એટલે અમે કહીએ છીએ કે તેઓ હરામ કામથી પાક છે. પણ નાખલફ લોકોએ પોતાની બિદઅતોને સારા નામથી સાચવી રાખવા બુઝુર્ગોના નામો ઉપયોગમાં લીધા છે. (અલ્લાહની પનાહ !)





## ★ અવામે મુસ્લિમ (પબ્લિક) શું કરે ?! ★

જ્યારે મેં તમને બતાવી આપ્યું કે તા'ઝીમી સિજદો ગયરે ખુદાને માટે આપણી શરીઅતમાં હરામ છે, અને એના હરામ હોવામાં કોઈ શંકા બાકી રહી નથી, અને એ પણ જાણી લીધું કે અલ્લાહના નબી પછી શરીઅતમાં રદ્દો બદલનો અધિકાર કોઈની પાસે રહ્યો નથી, તો કોઈનું શરીઅત મુજબનું સારું કામ સારું કહેવાશે અને શરીઅત મુજબનું હરામ કામ હરામ જ કહેવાશે. કોઈના કરવાથી હુકમ બદલાતો નથી ! તો પછી મુસ્લિમ અવામે અલ્લાહના વલીઓના દુશ્મન નાખલફોને સમજીને એમનાથી અલગ થઈ જવું જોઈએ, અને પોતાના દીનને વધારે ખરાબ થવાથી બચાવી લેવો જોઈએ ! અલ્લાહ તઆલાએ આપણને સાચા લોકો સાથે રહેવાનો સબક આપ્યો છે, જૂઠા અને ખરાબ લોકો સાથે નહીં. તો જલ્દીથી પોતાનું દામન પાક કરો !

## ★ ફતાવા અમજદિયા ★

બહારે શરીઅતના લેખક સદરુલ અફાઝિલ હઝરત અમજદ અલી કાદરી ખલીફએ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ પોતાના ફતાવામાં તા'ઝીમી સિજદાને હરામ કરતાં ફર્માવે છે :–

મુરીદાને શેયરૂના હાલ વ વતાલિબાને સુખ્તાબાલ બઈરાદએ તા'ઝીમો તહિય્યત બજાએ સલામે મસ્નૂન સર બપેશે શેખે ખુદ બનિહંદ ઈ ફેઅલ બહસ્બે શરીઅતો તરીકત ચે હુકમ દારદ, જાઈઝ અસ્ત યા ના ?

**અલ્ જવાબ** : સિજદએ તહિય્યત દરી શરીઅત હરામ અસ્ત બલ્કે બકસ્દે તા'ઝીમ મુજર્રદ ઈનહીના તા હદ્દે રુકૂઅ મમનૂઅ વ નાર.

**અર્થાત** : મુરીદો જેમની હાલત બદલાએલી અને ચાહકો જેમની સ્થિતિ ગંભીર તા'ઝીમ અને સ્વાગતના ઈરાદાથી સલામે મસ્નૂનની જગાએ માથુ પોતાના પીરની સામે રાખે આ કામ શરીઅત અને તરીકત પ્રમાણે શું હુકમ રાખે છે જાઈઝ છે કે નથી ?!

**હવાલો** : ફતાવા અમજદિયા, ભા. ૪, પેજ–૨૪

**જવાબ : સ્વાગતનો સિજદો આ શરીઅતમાં હરામ છે** બલ્કે ઈજ્જતની નિય્યતે માત્ર નમન રુકૂઅની હદ સુધી મના અને નાજાઈઝ છે. એક માણસે કહ્યું કે અય અલ્લાહના રસૂલ ! માણસ પોતાના ભાઈ અને દોસ્ત સાથે મુલાકાત કરે છે તો શું એના માટે નમન કરે ? ફર્માવ્યું, નહીં !

આ લખાણથી સ્પષ્ટ થયું કે બહારે શરીઅતના લેખક જેમની કિતાબથી હિંદુસ્તાન અને પાકિસ્તાનના હનફીઓ શરીઅતના મસાઈલમાં ભરપૂર ફાયદાઓ ઉઠાવી રહ્યા છે એમનું મંતવ્ય પણ એ જ છે કે તા'ઝીમી સિજદો આપણી શરીઅતમાં હરામ છે, એની આપણી શરીઅતમાં કોઈ ગુંજાઈશ નથી. શરીઅત પણ આ જ છે અને તરીકત પણ આ જ છે, કે તા'ઝીમી સિજદો આપણી શરીઅતમાં હરામ છે, મખ્લૂકમાંથી કોઈને પણ કરવામાં નહીં આવે.

## ★ તફસીરે અઝીઝી ★

હઝરત અલ્લામા અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ પોતાની તફસીરે અઝીઝીમાં ફર્માવે છે :–

પેશાનીરા બર ઝમીન રસાનીદન બદો તરીક વાકેઅ મી શવદ યકે આં કે બરાએ અદાએ હક્કે ઉબુદિયત બાશદ, વ ઈ કિસ્મ દર જમીંઅ અદયાનો મિલલ બરાએ ગયરે ખુદા હરામો મમનુઅ અસ્ત વ હેચ ગાહ જાઈઝ ન શુદા, ઝેરા કે મુહર્રમાતે અકલી અસ્ત વમુહર્રમાતે અકલિયા વ તબદીલે અદયાનો મિલલ મુતબદ્દલ નમી શવંદ, વદલીલશ આં કે ઈ નવએ તા'ઝીમ મુશઈર બ ગાયતે તઝલ્લુલ અસ્ત, વ ગાયતે તઝલ્લુલ બરાએ કસે સઝાવાર અસ્ત કે દર ગાયતે અઝમત બાશદ, વ ગાયતે અઝમત આંનસ્ત કે ઝાતી બાશદ, વ અઝમતે ઝાતી ખાસ બ હઝરતે હક્ક (સુબ્હાનહુ) અસ્ત દર હેચ મખ્લૂક યાફતા નમી શવદ, દોમ આં કે બરાએ તકરીમો તહિય્યત બાશદ, માનિન્દે સલામ વ સરખમ કરદન વ ઈ મઅના બઈખ્તિલાફે રોસૂમો આદાત વ તબદુલે અઝમેના વ ઔકાત મુખતલિફ અસ્ત ગાહે જાઈઝ અસ્ત વ ગાહે હરામ, દર ઉમ્મતહાએ સાબિકા જાઈઝ બુદ, ચુંનાંચે દર કિસ્સએ યૂસુફ વ ઈખ્વાને શાં વાકિઅ શુદા કે





(ખર્રુલહુ સુજજદા) વ દર શરીઅતે મા ઈ તરીક હમ ફીમા બયને મખ્લૂકાત હરામો મમનૂઅ અસ્ત બદલીલે અહાદીષે મુતવાતિરા કે દરીં બાબ વારિદ શૂદા. *[ફતાવા અમજદિયા, ભા. ૪, પેજ–૧૨૩, તફસીરે અઝીઝી (મુજતબાઈ), પેજ–૧૭૭]*

**ભાષાંતર** : કપાળ જમીન પર રાખવું બે પ્રકારથી અસ્તિત્વમાં આવ્યું છે, એક એ કે બંદા હોવાનો હક્ક અદા કરવા માટે, આ પ્રકાર દરેક દીન અને ધર્મમાં ગયરે ખુદા માટે હરામ અને નાજાઈઝ છે, અને ક્યારે પણ જાઈઝ નથી થયું જેમ કે અકલી હરામ છે. અકલી હરામ દીન અને ધર્મના બદલાવવાથી બદલાતાં નથી, એની દલીલ એ કે આ પ્રકારની તા'ઝીમ હદથી અધિક નમ્રતા બતાવે છે, અને હદથી અધિક નમ્રતા એના માટે જ લાયક છે જે હદથી અધિક ઈજ્જતવાળો હોય, હદથી અધિક ઈજ્જત એ છે કે જાતી હોય, અને અઝમતે જાતે હક્ક સુબ્હાનહૂ માટે ખાસ છે, કોઈ પણ મખ્લૂકમાં આવી નથી શકતી. બીજો પ્રકાર એ કે ઈજ્જત અને સ્વાગત માટે હોય, જેમ કે સલામ અને માથુ નમાવવુ. અને આ અર્થ રિવાજો અને આદતો બદલવાથી અને જમાના અને સમય જુદા થવાથી અમુક વખત જાઈઝ હોય છે અને અમુક વખત હરામ. આગલી ઉમ્મતમાં જાઈઝ હતો, જેમ કે હઝરત યૂસુફ અને એમના ભાઈઓના કિસ્સામાં વર્ણન છે કે એમણે એમને સિજદો કર્યો, અને અમારી શરીઅતમાં આ તરીકો પણ મખ્લૂકમાં હરામ અને નાજાઈઝ છે, મુતવાતિર દલીલોના પુરાવાથી જે આ વિષયમાં આવી છે.

## ★ હિંદુસ્તાનના મહાન મુહદ્દિષનો ફૈસલો ★

લો ! આ છે મુહદ્દિષ દહેલ્વી હઝરત અબ્દુલ અઝીઝ رحمۃ اللہ علیہ ની તફસીર જેમાં આપે સ્પષ્ટ શબ્દોમાં સિજદો મખ્લૂક માટે આપણી શરીઅતમાં હરામ છે એ સાબિત કર્યું. હિંદુસ્તાનના મહાન મુહદ્દિષ જેમના સર્વમાન્ય હોવા પર કોઈને શંકા નથી તેઓ પણ એ જ સાબિત કરી ગયા કે તા'ઝીમી સિજદો આપણી શરીઅતમાં ગયરે ખુદા માટે હરામ છે. અને એની ગુંજાઈશ આપણી શરીઅતમાં રહી નથી, આ'લા

હઝરત આ'લા હઝરતની જગાએ છે બીજા પૂર્વજ મહાન આલિમો એમની જગાએ છે, લોકોને દિલ્હીની વિગતની જરૂરત છે તો એ પણ તમારી સેવામાં છે કે આપણી શરીઅતમાં મખ્લૂક માટે સિજદો કોઈપણ નિય્યતે જાઈઝ નથી, અને અમે એ પણ બતાવ્યું કે **તા'ઝીમી સિજદાના ગયરે ખુદા માટે હરામ હોવામાં જે હદીષો આવી છે એ મુતવાતિર છે અને મુતવાતિર હદીષોથી કુર્આનનો હુકમ મન્સૂખ થાય છે એટલે આગલી શરીઅતનો હુકમ આપણી શરીઅત માટે મન્સૂખ થઈ ગયો.** અલહમ્દુલિલ્લાહ ! હિંદુસ્તાનના મહાન મુહદ્દિષ પણ જાણે છે કે જે હદીષો તા'ઝીમી સિજદાના હરામ હોવા પર આવી છે એ તવાતૂરના દરજામાં છે અને એ તા'ઝીમી સિજદાના ગયરે ખુદા માટે હરામ હોવામાં યકીની અને નિઃશંક ! દલીલ બની ગઈ, જેનો ઈન્કાર માણસને ઈસ્લામથી બહાર કરી નાખશે. જેમ કે આ'લા હઝરતે ફર્માવ્યું કે તા'ઝીમી સિજદો પોતાને કરવાથી જે પીર ખુશ થયો એ પહેલાં ભલે મુસલમાન રહ્યો હશે પણ હાલ ઈસ્લામથી બહાર થઈ ગયો.

## ★ એક ફત્વો અને એનો જવાબ આ'લા હઝરતથી ★

એક શખ્સકો ઉસકે મુરીદીન સિજદા કરતે હંય ઉસસે દર્યાફ્ત કિયા ગયા કે આપ મુરીદીન કો સિજદાસે મના નહીં કરતે, ઉન્હોંને જવાબ દિયા કે મેં મુરીદોંકો મના ભી નહીં કરતા ઔર હુકમ ભી નહીં કરતા ઉનકા ક્યા હુકમ હય ?

**જવાબ** : યહ શખ્સ બહોત ખતા પર હય, ઉસ પર ફર્ઝ હય કે મુરીદોં કો મના કરે, ઔર મુરીદોં પર ફર્ઝ હય કે ઈસ ફેઅલે હરામસે બાઝ આયેં. (વલ્લાહુ તઆલા આ'લમ !)

**હવાલો** : *ફતાવા રઝવિય્યા, ભા. ૨૨, પેજ–૫૪૩*

## ★ તા'ઝીમી સિજદા પર પૂર્વજોનાં મંતવ્યો ★

અત્યાર સુધી જે વર્ણન અમે કર્યું એમાં તા'ઝીમી સિજદા અને





રુકૂઅની હદના નમનને સિજદાના હુકમમાં લાવીને ગયરે ખુદા માટે એના હરામ હોવાનો ફત્વો આપવામાં આવ્યો, એટલે જો કોઈ એ પ્રમાણેનો તા'ઝીમી સિજદો કોઈપણ ગયરે ખુદાને કરે તો એના પર ગુમરાહીનો હુકમ લાવવામાં આવશે. અને ગુમરાહીનો ફેંસલો જ આ'લા હઝરતના મંતવ્ય પ્રમાણે ઉત્તમ છે, તા'ઝીમી સિજદા પર કુફ્રનો ફત્વો આપવામાં નહીં આવે. પણ અહીં એ જાણવું જરૂરી છે કે અમુક મહાન ઈમામોએ તા'ઝીમી સિજદાને ગયરે ખુદા માટે કરવા પર કુફ્રનો ફત્વો આપ્યો છે. એમના નજીક સિજદાનો અમલ અલ્લાહ તઆલા માટે ખાસ છે એની સિવાય બીજો કોઈને કરવાથી કુફ્ર સાબિત થશે, ભલે અમે આ'લા હઝરતવાળા મંતવ્યને ઉત્તમતા આપીએ છીએ, પણ તમારી જાણ માટે અમે કુફ્રના ફત્વાવાળા મંતવ્યો પણ તમારી સેવામાં રાખીએ છીએ જેથી મુસ્લિમોને ગયરે ખુદા માટે સિજદો કેટલો ખતરનાક છે એનું જ્ઞાન થઈ શકે, અને તેઓ પોતાને એવી ખરાબ હરકતથી બચાવી શકે.

## ★ ગયરે ખુદાને સિજદો શાથી કુફ્ર ? ★

ગયરે ખુદાને સિજદો કરવો કુફ્ર કેમ છે ? એનું કારણ વર્ણન કરતાં ઈમામ ફખ્રુદ્દીન ઝૈલઈ તબયીનુલ હકાઈક, બાબે સલાતિલ મરીઝ, ભા. ૧, પેજ–૨૦૨, ગુન્નિયતુલ મુસ્તમલીમાં મુહક્કિક ઈબ્રાહીમ હલ્બી, પેજ–૨૬૬, ફત્હુલ્લાહિલ મુઈનમાં અલ્લામા સૈયદ અબૂ સઊદ અઝહરી, ભા. ૧, પેજ–૨૯૦માં જણાવે છે :–

**અર્થાત** : "નમ્રતા અને નમનનો અંત સિજદામાં પ્રાપ્ત થાય છે, એટલા માટે અલ્લાહ સિવાય બીજા કોઈને સિજદો કરવામાં આવે તો કુફ્રનો ફેંસલો કરવામાં આવશે."

આ લખાણમાં સિજદાનું હરામ હોવું અને એ હરામનું કુફ્ર હોવું સાબિત કરવામાં આવ્યું અને કુફ્રનું કારણ પણ વર્ણન કર્યું એટલે એ ઉલમા માત્ર ગયરે ખુદાને સિજદો કરવાથી કુફ્રનો હુકમ આપશે, એમના નજીક આ કામમાં બીજી કોઈ છૂટ નથી.

## ★ જમીન પર કપાળ રાખવું અલ્લાહ ! માટે ખાસ ★

અલ્લાહ તઆલાએ માણસનું કપાળ એની ઈજ્જતનું ચિન્હ બનાવ્યું અને આખરી નબીની ઉમ્મતને એટલી બધી ઈજ્જત આપી કે એમનું કપાળ જમીન રાખવું પોતાના માટે ખાસ કરી આપ્યું, એટલે હવે એ કપાળ અલ્લાહ સિવાય કોઈની આગળ જમીન પર રાખવું જાઈઝ જ નથી બલ્કે એ અલ્લાહ માટે ખાસ છે તો બીજા કોઈને એ અમલ કરવાથી કુફ્રનો ફત્વો આપવામાં આવશે.

નિસાબુલ ઈહતિસાબમાં છે :–

**અર્થાત** : "ગયરે ખુદાને સિજદો કરે તો કાફિર છે કારણ કે જમીન પર કપાળ રાખવું અલ્લાહ સિવાય બીજા કોઈના માટે જાઈઝ નથી." *(ફતાવા નૂરુલ હુદા, મબસૂતના પુરાવાથી, પેજ–૪૩૯)*

## ★ તા'ઝીમી સિજદો ગયરને કરનાર કાફિર ★

મબસૂતમાં બુઝુર્ગ ઈમામ શમ્સુલ અઈમ્મા સરખસી અને એના પુરાવાથી જામેઉર્રુમૂઝમાં છે :–

**અર્થાત** : "ગયરે ખુદાને તા'ઝીમના તરીકા પર સિજદો કરનાર કાફિર છે." *(જામેઉર્રુમૂઝ, ભા. ૩, પેજ–૩, પેજ–૩૧૫)*

## ★ ગયરે ખુદાને સિજદો અત્યંત ખરાબ ★

શરહે ફિક્હે અકબરમાં ગયરે ખુદાને સિજદો કરવાને અતિ ખરાબ કામ અને કુફ્રનું મૂળ બતાવવામાં આવ્યું છે.





**અર્થાત** : "કપાળ રાખવું, ગાલ રાખવાથી અધિક ખરાબ છે તો ઉત્તમ છે કે કપાળ રાખવા પર જ કુફ્રનો ફત્વો આપવામાં આવે, એ સિવાય પર નહીં કારણ કે આ સિજદો અલ્લાહ તઆલા માટે ખાસ છે." *(મન્હુર્રૌઝ ફસ્લ ફીલ કુફ્ર, પેજ–૧૯૩)*

## ★ કોઈ તાવીલ માન્ય નથી ! ★

સિજદાના જે અલગ અલગ પ્રકાર છે અને એને સામે રાખીને ફૈસલો કરવામાં આવે છે પણ ઉપરોક્ત મહાન ઈમામો એ પ્રકારોમાંનો કોઈ પ્રકાર હોય કોઈ પણ તાવીલ વગર ગયરે ખુદાને સિજદો કરવાથી કુફ્રનો ફત્વો આપે છે, એમના ત્યાં મુતલક યજરી અલલ ઈત્લાક છે, એટલે દરેક પ્રકાર કુફ્રમાં જશે. શરહે નિકાયા અલ્લામા કિહીસતાની, પેજ–૫૩૫, મજમઉલ અન્હર શરહે મુલતકલ અબહર બંને ફતાવા ઝહિરીયાથી રદ્દુલ મુહતારમાં અલ્લામા શામી જામેઉર્રુમૂઝથી છે :–

**અર્થાત** : "ગયરે ખુદાને સિજદાથી કોઈપણ શર્ત વગર કુફ્રનો ફત્વો આપવામાં આવશે." *(મજમઉલ અન્હર, ભા. ૨, પેજ–૫૪૨)*

## ★ મજબૂરી વિના કુફ્ર છે ★

કોઈને કોઈના તરફ વાસ્તવિક લાચાર અને મજબૂર બનાવવામાં આવે કે ફલાણાને સિજદો નહીં કરે તો તને મારી નાખીશું અથવા કોઈ ભાગ ખરાબ કરી નાખીશું તો એવા વ્યક્તિને પોતાને બચાવી લેવા એની રજા આપવામાં આવી છે, પણ મજબૂરી આવી ન હોય તો ગયરે ખુદાને સિજદો **કુફ્ર** છે.

ગાયતુલ બયાનમાં અલ્લામા ઈત્તેફાની ફર્માવે છે :–

**અર્થાત** : "ગયરે ખુદાને સિજદો **કુફ્ર** છે જો મજબૂર થયા વગર હોય." *(ગાયતુલ બયાન કિતાબુલ કરાહિયત)*

**અર્થાત :** ''જો મજબૂર બનાવ્યા વગર સિજદો કરે (ગયરે ખુદાને) તો આલિમોના મસ્લકમાં વિવાદ વગર **કુફ્ર** છે.'' *(મન્હુરૌંઝ, પેજ–૧૯૩)*

તેર જેટલી કિતાબોના પુરાવાથી અમે એ સાબિત કરી બતાવ્યું કે સિજદો અલ્લાહ તઆલા માટે ખાસ છે, એને છોડીને કોઈ ગયરને સિજદો કરવો હરામ તો છે જ, પણ હરામની સાથે કુફ્ર છે, અને એ મહાન ઈમામો કોઈ પણ શર્તનો અને કોઈપણ પ્રકારનો ઉલ્લેખ કર્યા વગર કરનારને કુફ્રનો ફત્વો આપે છે, પણ અમે બીજા અસંખ્ય પુરાવા એ પહેલાં પણ વર્ણન કર્યા એમાં કુફ્રનો ફત્વો આપવામાં નથી આવ્યો જો સ્વાગતની નિય્યતે હોય, પણ એને હરામ બતાવવામાં આવ્યું અને કરનારને કબીરો ગુનોહ કરનાર ફાસિક કહેવામાં આવ્યું. તો આ મસ્અલો કે ગયરે ખુદાને સિજદો હરામ છે એમાં કોઈનો વિવાદ નથી પણ એ કરવો કુફ્ર છે એમાં વિવાદ છે અમુક કાફિર કહે છે અને અમુક કરનારને એ હરામ કામને લઈને ફાસિક કહે છે અને આ'લા હઝરતે આ બીજાને ઉત્તમતા આપી છે. તો એના આધારે પીરોને સિજદો કરનાર અને કબરો આગળ નમનાર લોકો મહાન ગુનેહગાર અને મોટા ફાસિક છે, જો ગયરે ખુદા માટે તા'ઝીમી સિજદાને જાઈઝ માને છે એ કતઈ હરામના ઈન્કારથી ઈસ્લામ બહાર છે, એના માટે સુન્નીઓના દારુલ ઈફતાના ફતવાઓનો સહારો લો અને એ પ્રકરણમાં જુઓ તમને હુકમ મળી આવશે.

## ★ ફતાવા અઝિઝીયા ★

ફતાવા અઝિઝીયા હઝરત મુહદ્દિષ દહેલ્વી હઝરત અલ્લામા અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી عليه الرحمة والرضوان ના ફતાવાનો સંગ્રહ છે, એ ફારસીમાં પણ છે અને એનું ઉર્દૂ ભાષામાં ભાષાંતર પણ કરવામાં આવ્યું છે, એમાં આપે પ્રથમ અમુક શંકાઓનું વર્ણન કર્યું છે અને એ ખોટી શંકાઓના ઉલ્લેખ પછી આપે જવાબ આપ્યો છે જે એ શંકાઓ પર આપનો પોતાનો ફેંસલો છે તે વાસ્તવમાં જવાબ આ છે જે આપે એ શંકાઓના વર્ણન પછી લખ્યો :–





**અર્થાત : ''ગયરે ખુદા માટે તા'ઝીમી સિજદો હરામ હોવા પર યકીની ઈજમાઅ છે.''** (એટલે ઉલમાની ત્યારથી લઈને આજ સુધી એકમતિ ચાલી આવી છે.) *[ફતાવા અઝિઝીયા (મુજતબાઈ)–૧, પેજ–૧૦૭]*

આનાથી જાણી શકાય છે કે અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી عليه الرحمة والرضوان નું પોતાનું મંતવ્ય તા'ઝીમી સિજદાના ગયરે ખુદા માટે હરામ હોવા પર છે. અને એનું હરામ હોવું શંકાસ્પદ દલીલ અને પુરાવાથી નથી બલ્કે આપનો એ ઈકરાર છે કે એ ઉમ્મતના ઈજમાઅથી હરામ સાબિત છે. અને ઉમ્મતનો ઈજમાઅ કતઈ અને યકીની દલીલ છે, એટલે એના હરામ હોવામાં મુસલમાનને કોઈ શંકા નથી, કારણ કે દલીલ અને પુરાવો એનો યકીની છે, જેને ઈસ્લામના કાયદામાં યકીની માનવામાં આવ્યો છે આપણા નબી નું ફર્માન છે :

**અર્થાત : ''મારી ઉમ્મતની એકમતિ ગુમરાહી પર નથી થઈ શક્તી, જ્યારે ત્યારથી લઈને આજ સુધી ઉલમાની એકમતિ છે.''** તો પછી એ દલીલ આપણા માટે યકીની બની ગઈ. એનો પુરાવો એ પણ છે કે અસંખ્ય કિતાબોના પુરાવા તમારી સેવામાં રજૂ કરવામાં આવ્યા તેઓ પૈકીનો એક પણ પુરાવો એવો નથી જેના પર આપણે વાત બનાવવી પડે, **બલ્કે દરેક તફસીરની કિતાબ પુકારી રહી છે કે તા'ઝીમી સિજદો આપણી શરીઅતમાં હરામ છે, દરેક હદીષની કિતાબ સહીહ હદીષોના શણગાર સાથે કહી રહી છે કે તા'ઝીમી સિજદો કોઈપણ ગયરે ખુદાને તો શું અલ્લાહના હબીબને પણ હરામ છે, દરેક હદીષની શરહ બોલી રહી છે કે તા'ઝીમી સિજદો ગયરે ખુદાને આપણી શરીઅતમાં હરામ છે, ફિક્હની દરેક કિતાબ કહી રહી છે કે તા'ઝીમી સિજદો ગયરે ખુદાને આપણી શરીઅતમાં હરામ છે, જ્યારે કોઈ જમાનાના પુરાવાઓ પર નજર કરવામાં આવે છે તો એ આ શરીઅતમાં તા'ઝીમી સિજદાને હરામ જ બતાવે છે તો પછી આનાથી વધીને મોટો ઈજમાઅ અને**

**એકમતિ ઉમ્મતની કઈ ?!** એટલે મુહદ્દિષે દહેલ્વી શંકાઓને વર્ણન કરીને વાસ્તવિક્તા પર આવી પોતાના તરફથી બોલ્યા, શંકાઓને છોડો ! યકીની દલીલ અને નિઃશંક ! પુરાવા સામે આવી ગયા પછી શંકાઓનું ક્યાં સ્થાન છે કે એને દરમ્યાનમાં રાખવામાં આવે. ફિક્હનો સશક્ત કાયદો છે યકીન શંકાથી નષ્ટ થતું નથી.

## ★ મૂળ જવાબ સમજો પછી બોલો ! ★

જેઓ મુહદ્દિષ સાહબના લખાણને ખોટી રીતે ઉપયોગમાં લાવે છે અને શંકાના વર્ણનને એમનો જવાબ સમજે છે એમણે કિતાબનું વાંચન કરતાં પહેલાં પોતાના દિમાગનો ઈલાજ કરી લેવો જોઈએ ! અને જવાબમાં લેખકનું પોતાનું મંતવ્ય શું છે એને ઓળખવાની પ્રથમ કોશિશ કરવી જોઈએ, ગાંડા થઈને આ મેદાનમાં આવવાથી કામ બનશે નહીં ! دَرِیْں وَرَطَہ کَشْتِی فِرُوْشُدْ ہَزَارْ આ ભંવરમાં હજારો નાવડીઓ ડૂબી ગઈ, હોશ પેદા કરો ! અને ન્યાયની સાથે મેદાનમાં આવો, આ દુનિયાની રમત ગમતનું મેદાન નથી કે જે કરવું હોય કરી લેવામાં આવે, આ દીનનું મેદાન છે, બદ્‌માશીથી ઈમાન પણ જઈ શકે છે !

## ★ લખાણનો મકસદ સમજો ! ★

દેવબંદીઓ, વહાબીઓ, શીઆઓ વગેરે... બાતિલ ફિર્કાના લોકોના લખાણો જેના પર કુફ્રના ફત્વાઓ આપવામાં આવ્યા છે એને હું મારી કિતાબમાં લોકોને વાકેફ કરવા વર્ણન કરું, એનો મતલબ એ નથી હોતો કે હું એની માન્યતા ધરાવું છું અને મારી કિતાબમાં એનું વર્ણન છે, પ્રથમ એ સમજ લેવી જરૂરી છે કે કઈ વસ્તુ નકલ કરવામાં આવી છે તો શાથી ?! તો જેમ બાતિલ અકીદાની વાતો લોકોને એમના બાતિલ હોવાના પુરાવામાં રજૂ કરવામાં આવે તો એ લેખકની પોતાની માન્યતા નથી કહેવાતી પણ ગયરની માન્યતાનું વર્ણન છે. એ જ દાખલા પ્રમાણે મુહદ્દિષ સાહબે પોતાના ફતવામાં જે શંકાઓનો ઉલ્લેખ કર્યો એ બીજા લોકોની હતી જે આ વાતમાં ખોટી ચર્ચા કરે છે, એમનો વાસ્તવિક જવાબ તો એમણે ચાર શબ્દોમાં આપ્યો કે, તા'ઝીમી સિજદો આ





શરીઅતમાં ઉમ્મતની એકમતિથી હરામ છે અને એ દલીલ યકીની છે શંકાસ્પદ નથી કે એને છોડી દેવામાં આવે અને શંકાઓને ઉત્તેજન આપવામાં આવે !

## ★ ફત્વો પોતાની માન્યતા દર્શાવે ★

હઝરત મુહદ્દિષ દહેલ્વી સાહબના બે પુરાવામાં એક તમારી સેવામાં રજૂ કર્યા એક તફસીર સંબંધિત હતો અને બીજો ફત્વા સંબંધિત, અને એમાં એમનું પોતાનું મંતવ્યો હોય છે. બીજા કોઈની સ્ટોરી નથી હોતી કે કબૂલ હોય કે ન હોય પણ જે પ્રમાણે તારીખથી જાણવા મળ્યું વર્ણન કરી દેવામાં આવે, તો જે બે એમના તફસીર અને ફત્વાના મંતવ્યો છે પુરાવા સાથે તમારી સેવામાં રજૂ થયા એનાથી તમે સમજી શકો છો કે સિજદાની હેસિયત મુહદ્દિષ સાહબના ત્યાં શું હુકમ રાખે છે. તફસીરમાં પણ ફર્માવ્યું કે તા'ઝીમી સિજદો આપણી શરીઅતમાં હરામ છે અને ફત્વામાં પણ ફર્માવ્યું, તા'ઝીમી સિજદો ઈજમાએ ઉમ્મતથી હરામ છે. જ્યારે આટલો સ્પષ્ટ ઉલ્લેખ છે પછી તેઓ પોતે તા'ઝીમી સિજદાને ગયરે ખુદા માટે હરામ નથી માનતા એ સવાલ ઉપસ્થિત થતો નથી.

## ★ હઝરત મખ્દૂમે સિમનાની ★

હઝરત મખ્દૂમ પાક ગૌષે આલમ મખ્દૂમ અશરફ જહાંગીર સિમનાની رحمۃ اللہ علیہ પોતાની કિતાબ લતાઈફે અશરફીમાં સત્તરમા લતીફામાં તા'ઝીમી સિજદાના ગયરે ખુદા માટે નાજાઈઝ અને હરામ હોવા વિશે ઈજમાએ ઉમ્મત છે એ સાબિત ફર્માવે છે : અમુક લોકોનો વિવાદ ઈજમાએ ઉમ્મત સામે કોઈ મર્તબો રાખતો નથી, ઈજમાઅ ઈસ્લામમાં યકીની દલીલ છે. اَمَّا وَضْعُ جَبْهَةٍ بَيْنَ يَدَیِ الشُّيُوْخِ

બઅઝે અઝ મશાઈખ રવા દાશ્તા, અમ્મા અકષર મશાઈખ એઅ્રાઝ કરદાઅંદ, વઅસ્હાબે ખુદરા અઝાં ઈમતિના સાખ્તા કે સિજદએ તહિય્યત દર ઉમ્મત પેશીં બુવદ હામ મન્સૂખ સ્ત.

**ભાષાંતર** : બુઝુર્ગો સામે કપાળ જમીન પર રાખવું, અમુક

બુઝુર્ગોએ એ રિવાયતને જાઈઝ કહી, પરંતુ વધુ પડતા બુઝુર્ગોએ એની મનાઈ કરી છે અને પોતાના શુભેચ્છકોને એનાથી રોક્યા છે કે તહિય્યતનો સિજદો પહેલી ઉમ્મતોમાં જાઈઝ હતો હાલ મન્સૂખ થઈ ગયો છે.

**હવાલો** : લતાઈફે અશરફી, લતફો : ૧૭ (સિમનાની), ભાગ–૨, પેજ–૨૯

## ★ ઈજમાઅ અને નસ્ખનો ફેંસલો ★

હઝરત ગૌષે આલમ હઝરત મખ્દૂમે અશરફ જહાંગીર સિમનાની رحمۃ اللہ علیہ એ પોતાના આ લતીફાથી એ સાબિત કરી બતાવ્યું કે તા'ઝીમી સિજદામાં વિવાદ છે તો એ અમુકનો વિવાદ છે, જ્યારે વધારે પડતા બુઝુર્ગો એને નાજાઈઝ અને હરામ માને છે અને તેઓ કોઈને પોતાની આગળ સિજદો કરવા દેતા ન હતા, સખ્તીથી મનાઈ કરતા હતા, તો જે તરફ વધારે બુઝુર્ગો હોય એમની વાત માનવી જોઈએ અને એમનો ફયૂઝ લેવો જોઈએ કે પછી અમુકની સાંભળવા વધારેને છોડી આપવા જોઈએ ? જો તમારી અક્કલમાં આવતું હોય તો એ વધુમાં સઘળા સહાબા અને તાબેઈન છે, સર્વ પ્રથમ યુગના અહલે બયત પણ છે, અને વધુ મજાની વાત તો એ કે સરવરે આલમ નૂરે મુજસ્સમ પણ એ મનાઈવાળાઓમાં છે.

બીજું એ બતાવ્યું કે અમુક લોકોની વાતનો એ'તબાર નથી વધુ લોકો જે તરફ હોય એ ઈજમાઅ છે અને ઈજમાઅની દલીલ કતઈ યકીની છે એનો અસ્વીકાર થઈ શક્તો નથી.

ત્રીજું એ કે ફર્માવ્યું આગલી ઉમ્મતમાં એની રજા હતી પણ આપણી શરીઅતનો જ્યાં સુધી સવાલ છે તો એ આપણી શરીઅતમાં હરામ કરી દેવામાં આવ્યો અને આગલી શરીઅતનો હુકમ ઊઠી ગયો એ મન્સૂખ છે.

જે લોકોને પુરાવા માટે લતાઈફનો વધારે શોખ હતો તેઓ જાણી લે લતાઈફ પણ તમારી વાત ચાલવા દેતી નથી, અને ઈજમાઅથી એને હરામ કહે છે, અને હજી પણ સમજમાં ન આવતું હોય તો વાત જુઓ દારુલ ઈફતાના ફત્વાઓ તમારો ફેંસલો કરવાના છે.





## ★ તમારા ઈન્સાફને સવાલ ★

મને ખબર છે કે જેઓ કુર્આન અને હદીષ વિરુધ્ધનો માર્ગ લે છે, તેઓ ઈન્સાફ અને ન્યાયવાળા નથી હોતા, ન્યાયવાળો અલ્લાહ અને રસૂલને છોડી નથી શક્તો, અને અલ્લાહ અને રસૂલની વિરુધ્ધમાં બીજા કોઈની વાતને ઉત્તમતા નથી આપી શક્તો, પણ બની શકે છે કે એમને કુર્આન અને હદીષની વાતોની જાણ ન હોય, જેને લઈને એમણે આ પ્રમાણેનું મંતવ્ય બનાવ્યું હોય, પણ જો ભૂલથી થયું હોય તો તમારા માટે સત્ય કબૂલવાનો માર્ગ વિશાળ થઈ ગયો છે અને સામાન્ય અક્કલનો માણસ પણ મારી વાત સમજી શકે છે, જેને અલ્લાહ અને રસૂલ હરામ કરે એને કોઈ હલાલ ન બનાવી શકે, જેને ઈજમાએ ઉમ્મત હરામ સમજે એને હલાલ કોઈ ન કરી શકે, તો એવા લોકોના ઈન્સાફને હું દા'વત આપું છું કે જાહિલ પીરોની બદ્માશીની જાળમાંથી નીકળો અને અલ્લાહ અને રસૂલના માર્ગે આવો. શું નબી એ પોતાના માટે જે અમલની મનાઈ કરી, નબી ના ફર્માનના વિરોધમાં તમે કોઈની વાતને ઉત્તમતા આપશો ? હું જાણું છું કે તમારા દિલમાં ઈમાનનો છાંટો હશે તો પણ તમે નબી ની વિરોધમાં જશો નહીં.

## ★ આ બુઝુર્ગોની એકમતી હતી ★

અત્યાર સુધી અમે જે બયાન કર્યું એ એકમતી હતી મુફસ્સિરોનો, ફકીહોની, ઈમામોની, આધારભૂત આલિમોની, એમાં તો કોઈનો હરામ હોવામાં વિવાદ જ નથી, લતાઈફના વર્ણનથી એ સ્પષ્ટ થયું કે વધુ પડતા બુઝુર્ગોની એકમતિ પણ તા'ઝીમી સિજદાના ગયરે ખુદા માટે હરામ હોવા પર છે, એટલે આ ઈજમાઅ વધારે સશક્ત થઈ ગયો કે જેમાં સર્વ આલિમો સાથે વધુ પડતા બુઝુર્ગોની હરામ હોવા પર એકમતિ પ્રાપ્ત છે, હદીષો અને કુર્આન પર ભરોસો ન કરનારાઓ હવે લતાઈફ પર ભરોસો કરશે ખરા ?!

## ★ પીર પરસ્તોની અંધશ્રદ્ધા ! ★

મેં લતાઈફ પર ભરોસો કરવાની વાત એટલા માટે કહી કે હું

વરસોથી જોતો આવ્યો છું કે અમારા સુન્નીઓમાં અમુક લોકો તદ્દન જાહિલ જેમને **ઈલ્મ**ના શબ્દનો ઉચ્ચાર પણ ન આવડે તેઓ પીરોની વાતો પર એટલો ભરોસો રાખે કે કુર્આન અને હદીષ છૂટવાનું હોય તો છૂટે પણ પીરનું દામન અને પીરની વાત ન છૂટે ! એવા જાહિલોને માટે મેં કહ્યું કે કુર્આન અને હદીષના ફર્માન પછી અમારે બીજી કોઈની વાત પુરાવામાં રજૂ કરવાની જરૂરત ન હતી પણ પીરપરસ્તોને સમજ આપવા અમે અલગ અલગ પ્રકારથી લખાણ કર્યું, અને અંતે પીર પરસ્તોની આત્મશાંતિ માટે પીરોના પીર ગૌષે આલમ મખ્દૂમે પાકના લતીફાનું પણ લખાણ કર્યું, અને એનાથી બુઝુર્ગોનો ઈજમાઅ પણ સાબિત કરી બતાવ્યો, કુર્આન અને હદીષની ન માનવી હોય તો લતાઈફની તો તમને જરૂર માન્ય હશે !

## ★ મુજદ્દિદે અલ્ફેષાની ★

મુજદ્દિદે અલ્ફેષાની અહમદ સરહિંદી رحمۃ اللہ علیہ ની સેવામાં જઈએ અને પછી આપણી ચર્ચાનો વિષય બનેલા મસ્અલાને આપના મંતવ્યથી સમજીએ કે આપ તા'ઝીમી સિજદાને ગયરે ખુદા માટે કયો હુકમ આપે છે, તો એ સમજ માટે આપણી સમક્ષ મુહદ્દિષ સાહબના પત્રો છે જેને મકતુબાતે રબ્બાનીનું નામ આપવામાં આવે છે. ત્યારથી લઈને આજ સુધીના મુજદ્દિદોની વાત સમજમાં ન આવતી હોય તો એક મુજદ્દિદના લખાણને જેમને મુજદ્દિદે અલ્ફેષાની કહેવામાં આવે છે, બની શકે કે તમારી સમજમાં આવી જાય અને તમને તૌબાની તૌફીક મળી શકે.

ફર્માવે છે :–

અય બિરાદર ! સિજદા જો પેશાની કો જમીન પર રખનસે મુરાદ હય ઉસમેં નિહાયત ઝિલ્લતો ઈન્કેસારી ઔર કમાલે તવાઝુઅ વ આજેઝી હય ઉસી વાસ્તે ઈસ કિસ્મકી તવાઝુઅ હક્ક તઆલા કી ઈબાદત કે સાથ મખસૂસ હય, ઉસકે સિવા કિસી ઔર કે લિએ જાઈઝ નહીં.

મનકૂલ હય કે એક દિન પૈગંબર علیہ الصلوٰۃ والسلام કિસી રાસ્તેમેં જા રહે થે કે એક આ'રાબીને આકર મુ'જેઝા તલબ કિયા, તાકે ઈમાન લાએ, આં હઝરત ને ફર્માયા કે ઉસ દરખ્તકો જાકર કહે તુઝકો પૈગંબર બુલાતા હય, દરખ્ત યહ સુન કર અપની જગાસે હિલા, ઔર આં હઝરત કી ખિદમતમેં મુતવજ્જેહ હુવા, આ'રાબી યહ હાલ દેખ કર ઈસ્લામ લે આયા. ફિર અર્ઝ કી, યા રસૂલલ્લાહ !

અગર ઈજાઝત હો તો મેં આપકો સિજદા કરું ! ફર્માયા, ખુદા કે સિવા કિસીકો સિજદા જાઈઝ નહીં, અગર હક્ક તઆલા કે સિવા કિસી ગયર કો સિજદા જાઈઝ હોતા તો મેં ઔરતોં કો કહેતા તા કે મર્દોંકો સિજદા કરેં.

**હવાલો** : અલ્ મુન્તખબાત (અરબી), પેજ–૨૩૫, મક્તૂબાતે ઈમામ રબ્બાની, દફતર દોમ, પેજ–૨૮૧/૨૯૦, પત્ર–૯૨

આ છે હઝરત ઈમામ રબ્બાની મુજદ્દિદે અલ્ફેષાની رحمۃ اللہ علیہ નું મંતવ્ય કે **તા'ઝીમી સિજદો મખ્લૂકમાંથી કોઈના માટે જાઈઝ નથી, નાજાઈઝ અને હરામ છે,** અને એના હરામ હોવા પર આપે નબીએ પાક ની હદીષ બયાન ફર્માવી એ પુરાવા માટે કે એનું નાજાઈઝ કહેવું અમારા આધારે નથી બલ્કે અલ્લાહના નબી ના ફર્માનના આધારે છે, જેમને અલ્લાહ તઆલાએ દીન લઈને મોકલ્યા, અને શરીઅતના જવાબદાર બનાવ્યા, એમણે જ મનાઈ ફર્માવી અને આપે પોતાના માટે પણ એને નાજાઈઝ કર્યું, પછી બીજા કોઈના માટે એના જાઈઝ હોવાનો સવાલ જ ક્યાં ઉપસ્થિત થાય ?!

## ★ હઝરત મુજદ્દિદ અને અકબરનો દરબાર ★

હઝરત મુજદ્દિદે અલ્ફેષાની رحمۃ اللہ علیہ અકબરના દીને ઈલાહીના વિરોધી હતા, અને એનો વિરોધ દરેકે કરવો જ જોઈતો હતો, કારણ કે એમાં ઈસ્લામને કુફ્ર સાથે મેળવવાની ચાલ ચાલવામાં આવી હતી, એ સમયમાં હિંદુસ્તાનમાં લખવામાં આવેલી કિતાબોમાં રાજાઓના દલાલોથી ફેરફાર કરવામાં આવ્યો છે, એટલે એ સમયના કોઈ આલિમના લખાણમાં લચક જોવા મળે તો એ રાજાઓના ડરથી હશે.

અકબરના સમયમાં હઝરત મુજદ્દિદે અલ્ફેષાની رحمۃ اللہ علیہ ને અલ્લાહ તરફથી મુજદ્દિદ બનાવીને એટલા માટે જ મોકલવામાં આવ્યા હતા કે આપ દીને ઈલાહીની બુન્યાદ રાખનારાઓને મૂળમાંથી ઉખાડીને ફેંકી આપે, અને જેને અલ્લાહ તઆલા પોતાના તરફથી બાતિલને તોડવા મોકલે એ અલ્લાહ તરફથી રૂહાની શક્તિ પ્રાપ્ત કરેલો હોય છે, એને કોઈ હાર આપી શક્તું નથી, અને આપે કામ કરીને જ બતાવ્યું અને દીને ઈલાહીની નાપાક કોશિશોને નષ્ટ કરી નાખી. જો આમ ન થતું તો હિંદુસ્તાનનો મસ્અલો ખરાબ થઈ જતો અને હિંદુ તો હિંદુ જ રહેતા પણ મુસલમાનો હિંદુ જેવા બની જતા, મુસલમાનોમાં અમુક રિવાજો કાફિરોના જોવા મળે છે અને આજે પણ એ નીકળી શક્યા નથી એનું કારણ પણ એ જ છે કે એ દીને ઈલાહીથી ચાલ્યા આવ્યા છે, ઈસ્લામને સામે રાખી મુસલમાનોએ એનાથી તૌબા કરવી જોઈએ.

## ★ દીને ઈલાહીની ઝલક ★

દીને ઈલાહીની ઝલક ગુજરાતની અમુક ખાનકાહોમાં જોવા મળે છે ત્યાં હિંદુઓને હિંદુ રહેવા છતાં મુરીદ બનાવવામાં આવે છે, એમની સભામાં વાજિંત્રોનો ઉપયોગ થાય છે, ગાયકો એમના ત્યાં ગેરમુસ્લિમ પણ હોતા હોય છે, દીનના નામથી એ સભાઓમાં ભજનો પણ ગવાતાં હોય છે, એમના ત્યાં તો મેળાઓમાં સ્ત્રી પુરૂષનો કોઈ તફાવત નથી હોતો, સ્ત્રીઓ સાથે પુરૂષ માફક મુલાકાત કરવામાં આવે છે, દીનની વાતો એ પ્રમાણે થતી હોય છે કે ઈસ્લામ હિંદુ ધર્મ સાથે મળતો આવે, જો શંકા લાગતી હોય તો એ જગાઓ પર જઈને જોઈ લો ! સત્યને કોઈ આંચ આવતી નથી, અને સત્ય બતાવનાર ખુદાના દીનને લઈને ચાલે છે, અને ખુદાનો વાયદો છે કે પોતાના દીનના મદદગારની એ મદદ કરશે અને એના પગોને સશક્ત બનાવી આપશે. *(સૂરએ મુહમ્મદ)*

તો એ ખાનકાહોમાં તમને જે જોવા મળે છે એ દીને ઈલાહીનું વર્તમાનકાળમાં બીજાું સ્વરૂપ છે. અલ્લાહ એમને તૌબાની તૌફીક આપે અને ઈસ્લામને કુફ્રથી અલગ રાખવાની તૌફીક આપે.

હઝરત મુજદ્દિદ સાહબના અકબરના દીને ઈલાહીનો સતત વિરોધ





કરવાને લઈને આપને વારંવાર અકબરની સભામાં બોલાવવામાં આવ્યા, અને આપને તા'ઝીમી સિજદાનું કહેવામાં આવ્યું પણ આપે એક વખત પણ એની વાત માન્ય રાખી નહીં, અને અકબરની મૌત પછી જહાંગીર રાજા બન્યો તો એણે પણ હઝરતને સભામાં બોલાવ્યા અને આદાબમાં પોતાના સિજદાની માંગ કરી તો આપે જવાબ મનાઈથી આપતાં ફર્માવ્યું :–

સિવાય ખુદા કે કિસી કો સિજદા જાઈઝ નહીં ઔર અય જહાંગીર ! ક્યા યહ ખુલી હુઈ હિમાકત નહીં કે મૈં અપને જૈસે એક બેબસ ઔર મજબૂર ઈન્સાન કો સિજદા કરું ?!

**હવાલો** : સુન્ની ફઝાઈલે આમાલ, પેજ–૯૪૫

શેહઝાદા શાહજહાં આપથી અકીદત રાખતો હતો એણે અફઝલખાં અને ખ્વાજા અબ્દુર્રહ્માનને ઈમામે રબ્બાની સેવામાં મોકલ્યા અને ફિક્હની અમુક કિતાબોના પુરાવાથી સિજદાએ તા'ઝીમીની લચક બતાવી, અને કહ્યું તમે પિતાશ્રીને સિજદો કરી લો બાકીની જવાબદારી હું લઈશ ! એના જવાબમાં આપે લખીને મોકલાવ્યું :–

જાન બચાને કે લિએ યહ ભી જાઈઝ હય, મગર અઝીમત ઉસીમેં હય કે ગયરુલ્લાહ કો સિજદા ન કિયા જાએ.

**હવાલો** : સુન્ની ફઝાઈલ, પેજ–૯૪૬

એ પછી હઝરતનું માલ સામાન લૂટવામાં આવ્યું અને આપને જેલમાં રાખવામાં આવ્યા પણ આપ સિજદએ તા'ઝીમી કરવાની વાત સ્વીકારી નહીં.

આનાથી એ જાણવા મળ્યું કે આપ તા'ઝીમી સિજદો પણ ગયરે ખુદાને કરવો જાઈઝ માનતા ન હતા અને એના માટે આપે દરેક તકલીફ સ્વીકારી પણ એ કામમાં લચક ન આવી, જેઓ મુજદ્દિદ સાહબના લખાણોનો પુરાવો આપી ગયા તેઓ મુજદ્દિદ સાહબના આ અમલથી સબક લે અને તૌબાનું એલાન કરે.

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

(પ્રકરણ : ૫)

# મકાશિફતુલ ગુયૂબ વ હકીકતુસ્ સુજૂદનું ઓપરેશન

સિજદએ તા'ઝીમી ગયરે ખુદાને કરવો સહાબાથી લઈને આજ સુધીના ઈલ્મવાળાઓની એકમતિથી હરામ ચાલતો આવ્યો છે, એમાં કોઈનો વિવાદ થયો નથી જેને કુર્આન, તફસીર, હદીષ અને ફિકહના અસંખ્ય પુરાવાથી સાબિત કરી બતાવ્યું, જેનાથી અલ્લાહ અને રસૂલને માનવાવાળા મુસલમાનોને યકીન થઈ ગયું હશે કે આપણી શરીઅતમાં ગયરે ખુદા માટે એ જાઈઝ હોવા બાબતે કોઈ ગુંજાઈશ બાકી રહી નથી, અને કેમ કરીને બાકી રહે જ્યારે નબી એ પોતાના માટે હરામ





કર્યું ! સહાબાએ ફર્માને નબીથી હરામ સમજીને કદી સિજદો ન કર્યો અને કોઈએ એ પછી એકબીજાને પણ સિજદો ન કર્યો, જેના હરામ હોવા પર સહાબાની એકમતિ હોય એમાં વિવાદનો પ્રશ્ન ક્યાં ઉપસ્થિત થાય ?! પણ ગુજરાતના અમુક જાહિલ ખાનકાહી લોકો જેમને દીન બાબત કંઈ જ જ્ઞાન નથી અને લોકોના માર્ગદર્શક હોવાનો ભરમ લઈને ચાલે છે ! પોતે ગુમરાહ થયા અને બીજા લોકોને ગુમરાહ કરે છે. અને નબીએ પાક ની ગયબની ખબરો જે કિયામતની નિકટતાથી સંબંધિત છે એમાં "જાહિલો માર્ગદર્શક બનીને લોકોને ગુમરાહ કરશે" એના થકી આપણને સાવધાન કરવામાં આવ્યા છે.

## ★ શૈતાનથી અધિક નીડર ★

જેમણે દારુલ ઉલૂમનો દાદર નથી જોયો, અને નિસાબી કિતાબોનું નામ પણ નથી સાંભળ્યું એવા લોકો કિતાબો લખીને ઈસ્લામની એકમતિના મસ્અલા પર ચર્ચાની હિંમત કરે એ શૈતાનથી પણ વધીને નીડરતા કહેવાય. તો આવો પ્રથમ હદીષે પાકથી આપણે એવા લોકોની ખબર લઈએ પછી એમની કિતાબમાં જોઈએ કેવી કેવી ગંભીર ભૂલો એમણે કરી છે, અને પોતાનો ઉલ્લુ સીધો કરવા કેવા ખોટા પુરાવા રજૂ કરવાની હિંમત કરી છે, જાહિલ સામે જાહિલ હોય તો હોય શકે અમુક ખોટી વાતોને પકડી ન શકે એને લીધે ચૂપ બેસી રહે પણ જેની નજર સેંકડો કિતાબો પર હોય એ ન ધોખો ખાય શકે અને રસૂલે પાક ની ઉમ્મતને ધોખો ખાવા દે.

## ★ નકામા લોકો આગેવાન ! ★

**(૧)** બુખારી શરીફમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે નબી વાતો કરી રહ્યા હતા એટલામાં એક ગામડિયો આવ્યો અને વિનંતિ કરી, કિયામત ક્યારે આવશે ?! ફર્માવ્યું, જ્યારે અમાનત નષ્ટ થઈ જશે, ત્યારે કિયામતની વાટ જુઓ. વિનંતિ કરી, અમાનત ક્યારે નષ્ટ થશે ? ફર્માવ્યું :–

"જ્યારે દીનનો મામલો નાઅહલો (લાયક નહીં તેવા લોકો)ને આપી દેવામાં આવે તો કિયામતની વાટ જુઓ." *(મિશ્કાત, બાબુ અશરાતિસ્સાઅહ, હદીષ નં. ૫૨૦૩)*

## ★ ફાસિકની લીડરશીપ ★

**(૨)** તિર્મિઝીમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે, તેમણે કહ્યું અલ્લાહના રસૂલ એ ફર્માવ્યું, જ્યારે માલે ગનીમતને દૌલત માની લેવામાં આવશે, અને જ્યારે અમાનતને ગનીમત સમજી લેવામાં આવશે, ઝકાતને ટેક્ષ માની લેવામાં આવશે, ઈલ્મ દીન સિવાયના કામ માટે શિખવામાં આવશે, પુરૂષ પોતાની પત્નીના કહેવા પર ચાલશે અને માતાની નાફર્માની કરશે, પોતાના મિત્રને નજીક કરશે અને પોતાના પિતાને દૂર કરશે, મસ્જિદમાં બૂમો પાડવામાં આવશે.

અને જ્યારે કૌમની આગેવાની એમનો ફાસિક માણસ કરશે, અને જ્યારે લોકોના કામોનો લીડર કૌમનો બેઈજ્જત વ્યક્તિ હશે, અને જ્યારે માણસની ઈજ્જત એની બુરાઈથી બચવા કરવામાં આવશે, જ્યારે ગાવાવાળી ઔરતો જાહેર થશે, અને જ્યારે મ્યુઝિકો જાહેર થશે, અને જ્યારે દારૂ પીવામાં આવશે અને જ્યારે આ ઉમ્મતના પાછલા લોકો આગલાની બુરાઈ કરશે. એ સમયે તમે આની વાટ જુઓ લાલ વાવાઝોડુ, ભૂકંપ, જમીનમાં જતા રહેવું, શક્લો બદલાય જવી, અને પથ્થર વરસવા, અને એ સતત નિશાનીઓનું આવવું જાણે એ મોતીઓની એક દોરડી છે જેમાંથી સતત મોતી પડી રહ્યાં છે. *(મિશ્કાત શરીફ, હદીષ નં. ૫૨૧૪)*

## ★ જૂઠો લોકપ્રિય બનશે ! ★

**(3)** હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે, નબી એ ફર્માવ્યું કે લોકો પર એવા વરસો આવશે જેમાં મક્કારીઓ ખૂબ હશે.





"જૂઠાને સ્વીકારી લેવામાં આવશે અને સાચાની નકારી કાઢવામાં આવશે, અમીનને ખયાનત કરનાર અને ખયાનત કરનારને અમીન માની લેવામાં આવશે, રૂવૈબેઝા એમાં બોલશે પૂછવામાં આવ્યું એ કોણ છે ? ફર્માવ્યું, બેકાર લોકો જે પબ્લિકની બાબત વાત કરશે." *(કન્ઝુલ ઉમ્માલ, ભાગ-૧૪, પેજ-૩૮૪૫૨)*

## ★ મુનાફિકની સત્તા ★

**(૪)** તબ્રાનીમાં હઝરત ઈબ્ને મસઊદથી રિવાયત છે :–

**"કિયામત નહીં આવે એટલે સુધી કે દરેક કુટુંબ એના મુનાફિકોને પોતાનો આગેવાન બનાવી લેશે."** *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. ૩૮૪૬૫)*

## ★ નામનો સૂફી રહી જશે ! ★

**(૫)** હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત છે :–

"કિયામત નહીં આવે અહીંયા સુધી કે તસવ્વુફ રિવાયત રહી જશે અને ખૌફે ખુદા માત્ર નામ." *(કન્ઝુલ ઉમ્માલ, ભાગ-૧૪, હદીષ નં. ૩૮૪૯૦)*

## ★ નકામો કામનો કહેવાશે ★

**(૬)** કષીર બિન મુર્રાથી રિવાયત છે :–

"કિયામતની નિશાનીઓમાંથી છે, જે આગેવાન બનવા લાયક નથી

એ આગેવાન બનશે. બેઈજ્જત ઉઠાવવામાં આવશે અને ઈજ્જતવાળાને ફેંકવામાં આવશે." *(કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૧૪, હદીષ નં. ૩૮૫૫૯)*

## ★ શરીઅતને છોડવામાં આવશે ★

**(૭)** તિબ્રાનીમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે :–

"કિયામતની નિકટતાથી છે કે ખરાબ ઉઠાવવામાં આવશે, સારા ફેંકવામાં આવશે, વાત ચાલશે અને અમલ રોકાઈ જશે, લોકોમાં મષનાત પઢવામાં આવશે એમાં કોઈ નહીં હોય જે એનો ઈન્કાર કરશે, કહેવામાં આવ્યું મષનાત શું છે ? ફર્માવ્યું, જે લખવામાં આવશે અલ્લાહની કિતાબ છોડીને હશે. *(કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૧૪, હદીષ નં. ૩૮૫૬૪)*

## ★ સુન્નિયતનું રક્ષણ કેવી રીતે કરશો ?! ★

આ હદીષોથી મેં તમને એ વાત તરફ ઈશારો કર્યો કે કિયામતના નિકટમાં કેવા લોકો જન્મ લેશે, અને કેવા લોકો આગેવાન બનશે અને કેવા લોકો કૌમની કિયાદત લઈને ચાલશે, તેઓ પૈકીના આ ખાનકાહી જાહિલો છે જેમને ઈલ્મની ઐનનો પણ મખરજ ન આવડે અને એવા લોકો અહલે સુન્નતની એકમતિની હરામ વાતને હલાલ કરવા જાય ! તો પોતાને એવા લોકોથી બચાવો અને પોતાની સુન્નીયતનું રક્ષણ કરો.

# ઓપરેશનનો આરંભ

## ★ એક ભૂલ જે દરેક જ પેજ પર છે ★

અહીં અમે તમારી સામે એક ભૂલનું વર્ણન કરીએ છીએ જે પ્રથમ પેજથી અંત સુધીના દરેક પેજ પર છે અને એનાથી એ સાબિત થાય છે





કે લખનાર એવો જાહિલ છે જેને શબ્દનો ઉચ્ચાર આવડતો નથી ! અને એ ખબર પણ નથી કે અરબી કાયદામાં એ ક્યો શબ્દ છે અને એના કેવા ઝેર ઝબર અને પેશ આવે છે, જે વ્યક્તિને કિતાબનું નામ લખવામાં સાચા શબ્દની જાણ ન હોય એ જહાલતમાં કેટલો આગળ હશે એ આમ જ જાણી શકાય છે ! અને કેમ ન હોય જેઓ ઉલમાના દુશ્મન હોય, ઉલમાને કંઈ સમજતા ન હોય એમની પાસે ઈલ્મનું પ્રકાશ આવે ક્યાંથી ? ઈલ્મના શત્રુ જહાલતના અંધકારમાં જ હોય છે.

**કિતાબનું નામ : મકાશિફતુલ ગુયૂબ વ હકીકતુસ્ સુજૂદ**

કાતલા, યુકાતિલો મુકાતલતન વ કિતાલનથી મુકાશત મસદર છે અને અરબી કાયદાના આધારે આ બાબનો મસદર આ પ્રમાણે જ આવે છે તો આ કાયદાના આધારે નામ હોવું જોઈએ "મુકાશફતુલ ગુયૂબ".... પણ તમે જોઈ લો નામ આપ્યું પણ હોવું જોઈએ , કા પણ હોવું જોઈએ . આ નામ કિતાબમાં ૩૦૨ વખત લગભગ લખવામાં આવ્યું છે અને દરેક જ જગાએ એ ભૂલ છે. એનો મતલબ છે લખનારને એ શબ્દ શું છે એની જાણ જ નથી તો આ ભૂલ ૩૦૨ ભૂલોનો સરવાળો છે.

મિસ્બાહુલ્લુગાત, પેજ નં. ૭૪૦ તથા અલમુન્જીદ.

અંગ્રેજીમાં કહેવામાં આવે છે "**1ST impression is the last impression**" અહીં પ્રથમ ઈમ્પ્રેશનમાં જ નામની ભૂલ છે અને એ ભૂલ અંત સુધી કરવામાં આવી છે.

## ★ નંબર વગરનું પેજ ! ★

પેજ નં. ૧૬ પછી ઉપરોક્ત કિતાબમાં એક પેજ છે જેને નંબર આપવામાં આવ્યો નથી તો અમે એને નામ આપ્યું "નંબર વગરનું પેજ !" એ પેજનું હેડીંગ છે "નૂરાની રાય" પણ એમાં નૂરનું નામ જ છે, વાસ્તવમાં અંધારું છે, અને એ રાય નથી ગુમરાહીનો સબક છે.

લખવામાં આવ્યું :–

સિલસિલએ આલિયા ચિશતયા કે જો ઓસૂલ અકીદે ઔર મશરબ બુઝુર્ગાને દીન કી મો'તબર કિતાબોંસે સાબિત હૈં ઉન પર હમ તમામ કી મુત્તફિક રાય હે, હમારે બુઝુર્ગાને દીન ઈસી મશરબ પર કાયમ થે જિસકી હમ સાથ મિલકર ગવાહી દેતે હૈં, ઈખ્તિલાફી મસાઈલમેં હમ પર હમારે પીરાને એ'ઝામ ઔર સૂફિયાએ કિરામકી પૈરવી કરના લાઝિમ હય.

## ★ ઓપરેશન ★

**(૧)** ફિક્હી મસ્લક ચાર છે : હનફી, શાફેઈ, માલિકી, હંબલી. અને સર્વ બુઝુર્ગો આ ચારમાંથી એક પર કાયમ રહ્યા, અકીદામાં સર્વ અહલે સુન્નત વલ જમાઅત એક છે. બુઝુર્ગોનો મશરબ નબીની સુન્નતથી ખસી શક્તો નથી.

**(૨)** ફિક્હી મસાઈલમાં ચાર ઈમામોને છોડીને બીજા તરફ સંબંધ કરવો સ્પષ્ટ ગુમરાહી છે, એટલે એમાં ગયર તરફ સંબંધ જહાલત સિવાય કંઈ જ નથી, એમને પૂછવામાં આવે મસ્લકમાં તમે હનફી છો કે પછી કોઈ ચિશતી બુઝુર્ગ તરફ પોતાને સંબંધિત કરો છો ?! ચિશતી બુઝુર્ગ તરફ સંબંધિત કરો તો ગુમરાહ અને સંબંધિત ન કરો તો એમનાથી અલગ !

**(૩)** સર્વ અહલે સુન્નતના અકીદા એક જ છે જેઓ અહલે સુન્નત ન હોય એમની માન્યતા અલગ હશે, પછી ચિશતી બુઝુર્ગોના અકીદાનો મતલબ શું ? તમે એમના અકીદા અહલે સુન્નતથી ખસીને માનો છો ?!

**(૪)** ઓસૂલ : તો એ ક્યા ઓસૂલ અને કાયદા છે જે દીનથી ખસીને છે જેનો તમે ઉલ્લેખ કરી રહ્યા છો ?

**(૫)** મશરબ : તો શું બુઝુર્ગોનો મશરબ નબીના ફર્માન અને આપના અમલ અને આપની શરીઅતથી ખસીને બીજો કંઈ હતો જેનો ચિશતી મશરબ તરફ તમે સંબંધ કર્યો ?!

**(૬)** તમે લખ્યું આ તમારી રાય છે, શું તમારી રાય પર દીન અને ધર્મનો આધાર છે કે તમે તમારી રાયને ઉત્તમતા આપીને વાત કરવા





માંગો છો ?!

**(૭)** અમે સાબિત કરી ગયા કે ચિશતી બુઝુર્ગો તરફ જે કિતાબોનો સંબંધ જોડવામાં આવે છે એના પર કોઈ સનદે મુત્તસિલ નથી, અને એ કિતાબોમાં ફેરફાર નથી થયો એનો કોઈ જવાબદાર નથી, અમે એની વાતો શરીઅત વિરોધ જોઈ તો અમને યકીન થયું બુઝુર્ગો હરામ કામો કરી નથી શક્તા, અને એ કિતાબોમાં હરામને બુઝુર્ગોથી સંબંધિત કરાયું છે એટલે એ કિતાબો શંકાસ્પદ અને રક્ષણ વિનાની છે. પછી એને મોઅતબર કહેવું જાહિલોનું કામ થઈ શકે છે, ઈલ્મવાળો શંકાસ્પદને મોઅતબર કહી શક્તો નથી.

**(૮)** મોઅતબર કહી આપવાથી મોઅતબર બની ન જાય ! એને મોઅતબર માનવા માટે ઈલ્મવાળાઓની એક મોટી જમાઅતની સંમતિ એના કબૂલમાં જરૂરી છે, તમારી વાત માત્ર તમારો દાવો છે જેના પર કોઈ શરઈ દલીલ નથી.

**(૯)** મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ ની જે વાત તમે વર્ણન કરી એના મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ ની વાત હોવા પર તમારી પાસે ક્યો યકીની પુરાવો છે ?! જે કિતાબથી એ નકલ થયું પ્રથમ એનું નામ નથી. અને માની લઈએ એમની કોઈ કિતાબમાં હશે તો એના પર સનદે મુત્તસિલ બતાવવામાં આવે કે એ એમનું જ ફર્માન છે. જ્યારે એ કિતાબો જ શંકાસ્પદ છે તો કોઈ એક ખાસ વાત પર યકીન લાવી જ કેવી રીતે શકાય ?

**(૧૦)** એ પેજ પર જે ત્રણ વ્યક્તિનાં નામો લખવામાં આવ્યાં અને ચોથા લેખક પોતે, તો શું એ સિવાયના કોઈ છે જેનો તમને સપોર્ટ હોય ? હોય તો દારુલ ઈફતાના આલિમો અને મુફતીઓનો સહારો લઈ આવો ?!

**(૧૧)** મારા ઓપરેશનનો ખુલાસો એ કે મુકાશફતુલ ગુયૂબમાં એ નંબર વિનાના પેજ પર જે લખવામાં આવ્યું છે એ વાસ્તવમાં ગણતરી વિનાનું જ છે એટલે એને પેજ પર નંબર આપવામાં નથી આવ્યો !

## ★ સત્ય ઓળખવાનો માર્ગ મુહદ્દિષ દહેલ્વી ★

**(૧૨)** પેજ નંબર : ૧૩૩ પર તમે મુહદ્દિષે દહેલ્વી અબ્દુલ હક્ક رحمۃ اللہ علیہ ના ઘણા વખાણ કર્યા છે તો હું તમને એમના લખાણથી બતાવું અને એ પણ મૂળ કિતાબ ફારસીના પુરાવાથી કે નૂરાની રાયમાં તમારું લખાણ નૂર નથી અંધકાર છે ! ઈલ્મ નથી જહાલત છે ! સત્યતા નથી જૂઠ છે ! હિદાયત નથી કુમાર્ગી છે !

બરશુમા બાદ કે લાઝિમ ગીરદ જમાઅતરા વ અકષરરા ઈશારત અસ્ત બઆંકે મુઅતબર ઈત્તિબાએ અકષર વ જમ્હૂરસ્ત, ચે ઈત્તિફાકે કુલ દર હમા અહકામ વાકિઅ ના, બલ્કે મુમકિન નૈસ્ત.

**અર્થાત** : તમારી ઉપર જમાઅત અને વધારે લોકો જે તરફ હોય એને પકડીને રાખવું જરૂરી છે. ઈશારો છે કે વધારે અને બહુમતિનું અનુસરણ જ મોઅતબર છે, કારણ કે દરેક હુકમમાં દરેકની સંમતિ નથી થઈ શક્તી બલ્કે અશક્ય છે. વિવાદ થાય તો વધારે લોકોની વાત માન્ય છે અમુક લોકો નહીં.

**હવાલો** : લમઆત, ભાગ–૧, પેજ–૧૪૬, કુતુબખાના મજીદિયા

આપણે જે મસ્અલાની ચર્ચા લઈને ચાલ્યા છીએ એમાં હરામ હોવા પર કોઈનો જ વિવાદ નથી, વિવાદ અમુક શંકાસ્પદ કિતાબોથી બતાવવામાં આવ્યો છે, જો થોડી વાર માટે માની લેવામાં આવે તો પણ બહુમતીને છોડી શકાતું નથી એ જ મુહદ્દિષ સાહબનું મંતવ્ય છે. મુહદ્દિષ સાહબના વખાણ કર્યા છે એટલે એમને છોડી તો નહીં શકો, જો તમારી પાસે અક્કલ હોય તો ફરીથી વાંચન કરો, મુહદ્દિષ સાહબે પોતાના લખાણથી તમારા લખાણનું ખોટુ હોવું સાબિત કરી આપ્યું, મુહદ્દિષ સાહબે તો ન કહ્યું કે મશરબવાળા મશરબ પર જાય !

## ★ ઈસ્લામથી બહાર થવાની કોશિશ કોની ?! ★

**(૧૩)** મુહદ્દિષ સાહબ ફર્માવે છે :–





કસે કે જુદાઈ કર્દ જમાઅતરા મિકાદારે યક દસ્ત, પસ બતહકીક બર કશીદ રિબકએ ઈસ્લામરા અઝ ગર્દને ખૂદ, યઅની મહલ આં બાશદ કે શાયદ અઝ કૈદે ઈસ્લામ વ બંદે અહકામ આં બર આયદ.

**અર્થાત** : જેણે જમાઅતથી જુદાઈ કરી એક હાથ જેટલી તો એણે ઈસ્લામની દોરડી પોતાના ગળામાંથી કાઢી નાખી, બની શકે એ ઈસ્લામના વર્તુળથી અને એના હુકમોના બંધારણથી બહાર થઈ જાય.

**હવાલો** : લમઆત, ભાગ–૧, પેજ–૧૪૬

આનાથી પણ મુહદ્દિષ સાહબે કહ્યું કે દીનમાં અમુકની વાત માનવામાં નહીં આવે બલ્કે જે તરફ વધારે ઈલ્મવાળા હોય એમની જ વાત માન્ય રાખવામાં આવશે. મુહદ્દિષ સાહબે આ જાહિલ ખાનકાહી લોકોની વાતને નકારાત્મક બતાવી રહ્યા છે. મશરબ મશરબની જગાએ શરીઅતથી ખસીને મશરબની વાતો થશે નહીં.

## ★ સંમતિ તોડનાર જહન્નમના માર્ગે ★

મુહદ્દિષ સાહબ ફર્માવે છે :–

કસે કે તન્હા ઉફતદ અઝ જમાઅત વબીરું આયદ અઝ સિવાદે આ'ઝમ અંદાખ્તા મી શવદ દર આતિશે દોઝખ. *(લમઆત, ભાગ–૧, પેજ–૧૪૩)*

**અર્થાત** : જે એકલો થાય જમાઅતથી એ સિવાદે આ'ઝમથી બહાર થયો, એ દોઝખની આગમાં નાખવામાં આવશે.

મુહદ્દિષ સાહબની સર્વમાન્ય કિતાબ લમઆતમાંથી આ ત્રણ પુરાવા અમે તમારી સેવામાં રજૂ કર્યા જેનાથી આપે આપણને એ માર્ગ બતાવ્યો કે વિવાદ ઘણા મસ્અલાઓમાં થતો હોય છે પણ મુસલમાનોએ એ વિવાદમાં કઈ વાતને ઉત્તમતા આપવી અને અપનાવવી ? તો ફર્માવ્યું, જે તરફ મુસલમાન ઈલ્મવાળાઓની મોટી જમાઅત હોય, તો તા'ઝીમી સિજદાના ગયરે ખુદા માટે હરામ હોવા પર પૂરી ઉમ્મતની એકમતી છે, અમુક શંકાસ્પદ બુકોને

છોડીને જેને જૂઠમાં બુઝુર્ગો તરફ સંબંધિત કરવામાં આવી છે, તો આવી સંમતિના મસ્અલામાં મશરબની વાતો કરવી નિઃશંક ! ગુમરાહી અને બદ્દીની છે.

## ★ શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ નું મંતવ્ય ★

**(૧૪)** શાહ વલીયુલ્લાહ સાહબ મુહદ્દિષ દહેલ્વી શરીઅત અને મશરબનો વિવાદ ઉઠાવતાં ફર્માવે છે :–

વજૂદે સૂફીયારા ગનીમત દાં વ કૌલો ફેઅલ ઈશાં વકઅતે નદારદ.

**અર્થાત** : સૂફી સંતોના અસ્તિત્વને ઉત્તમ સમજો, અને એમની વાત અને એમના કામનો કોઈ એ'તબાર નથી. (જો કુર્આન અને સુન્નત વિરોધ હોય તો એમની વાત માન્ય રાખવામાં આવશે નહીં.)

**હવાલો** : અલ્ અતાયન્નબવિય્યા, ભાગ–૨૨, પેજ–૫૪૬

આ પણ મુહદ્દિષે દહેલ્વી છે અને આપને સર્વ અહલે સુન્નત માન્ય રાખે છે એમણે મહરબવાળો ઝઘડો તા'ઝીમી સિજદાના જાઈઝ હોવાના ચક્કરમાં પડવાવાળા ઉઠાવે છે તેને નષ્ટ કરી નાખ્યો અને બતાવ્યું કે સૂફી સંતોનો ઈન્કાર નહીં કરીશું પણ એમને માનવાનો મતલબ એ નથી કે શરીઅત વિરોધની વાતોમાં ભરોસો કરીશું, અલ્લાહ અને રસૂલના ફર્માનથી વધીને મુસલમાન પાસે કંઈ જ નથી.

## ★ આ'લા હઝરતનું મંતવ્ય ★

**(૧૫)** બા'ઝ ઓયૂર જૈસે ગિના (ગાવું) વજદ (વજદમાં નાચવું) બા'ઝ સૂફીયાને રકીક ઔર કમઝોર દલાઈલસે જવાઝ સાબિત કિયા હય મગર વોહ બિલકુલ લા શેયઅ હય, ક્યોં કે સૂફિયા કે અકવાલો અફઆલ શરીઅતો મઝહબમેં હુજ્જત નહીં હો સક્તે.





**અર્થાત** : અમુક કામો જેમ કે ગાવું, વજદમાં નાચવું અમુક સૂફી લોકોએ પાયા વિનાની અશક્ત દલીલોથી જાઈઝ સાબિત કર્યું છે પરંતુ એ તદ્દન કશું જ નથી, કારણ કે સૂફીઓની વાતો અને કામો શરીઅત અને મઝહબમાં પુરાવો નથી બની શક્તી.

**હવાલો** : ફતાવા રઝવિય્યા, ભાગ–૨૨, પેજ–૫૪૬

ચૌદમી સદીના મુજદ્દિદ પણ પુકારી ઉઠયા કે શરીઅતની વાતોનો પુરાવો કુર્આન અને હદીષથી છે એનાથી નીચે ઉતરતાં મુજતહિદ ઈમામોનાં મંતવ્યો પર છે, સૂફી સંતો દીનદાર અને પરહેઝગાર હોવાને લઈને સારા છે પણ જ્યાં સુધી શરીઅતમાં પુરાવાનો સવાલ છે તો એમનાં કામો અને એમની વાતો પુરાવો નથી બની શક્તી, મશરબનો દાવો લઈને ચાલનાર જવાબ આપે ?

## ★ મશરબ એક તો નામ ચારનાં કેમ ?! ★

**(૧૬)** નબંર વગરના પેજમાં એક વાત આશ્ચર્યની છે કે સિલસિલએ ચિશતીયાના મશરબ પર રહેવાની વાત કરવામાં આવી જેના જવાબ તમે સાંભળ્યા, પણ જ્યારે એ પેજ પર ત્રણ પીરોનાં નામ આપવામાં આવ્યાં તો એક મશરબ નહીં ચાર મશરબના ઉપનામ લગાડવામાં આવ્યાં, ચિશ્તી, કાદરી, નક્શબંદી, સોહરવર્દી, અને લેખકે પણ ચારે મશરબનાં નામોનો સંબંધ લીધો છે, તો નામો ચારનાં અને મશરબ એકનો જ કેમ ?! શું બીજી મશરબની કિતાબોમાં પોતાની ઈચ્છા પ્રમાણે ચરવાનું નથી મળતું ?!

## ★ હનફી છો કે કેમ ?! ★

**(૧૭)** ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہ ને માનો છો કે એમાં પણ મશરબની વાત કરશો ?! જે એકમતિના મસ્અલામાં મશરબની વાતો કરે દૂર નથી કે એ મસ્લકના મસ્અલામાં પણ મશરબની વાત કરે !

## ★ ઈનામની હકીકત ★

**(૧૯)** ઉપરોક્ત કિતાબના પેજ નં. ૨૦ પર એ લખવામાં આવ્યું

છે કે જે પુરાવા અમે રજૂ કર્યા એ મૂળ કિતાબના છે અને ગલત સાબિત કરનારને રૂા. ૫૦,૦૦૦/– ઈનામ આપવામાં આવશે, જો કે અમારા નજીક રૂા. ૫૦,૦૦૦/–ની કોઈ ગણતરી નથી. અને અમે દીનના નામ પર કમાણીનું કામ કરતા પણ નથી, પણ જો તમારો દાવો સત્ય જ હશે અને માત્ર લોકોને ધોકો આપવા માટે નહીં હોય તો ખોટું સાબિત કરી દેવા પર તમે સામેથી એ રકમ મોકલવાની કોશિશ કરશો ! દાવો સરળ છે પણ અમલ મુશ્કેલ છે, કહેવું આસાન છે કરવું મુશ્કેલ છે. જોઈશું તમે તમારી વાતમાં કેટલા સાચા છો અને તમને મૂળ કિતાબોનું કેટલું જ્ઞાન છે ! જ્યારે તમને કિતાબનું નામ રાખવામાં સત્ય શબ્દનું ઈલ્મ નથી તો એવા લોકો મૂળ કિતાબને ક્યાં સમજી શકવાના છે ?!

## ★ શું શરીઅત તરીકત વિરોધાર્થી ! ★

**(૧)** ઉપરોક્ત કિતાબમાં પેજ નં. ૫૫ પર લખવામાં આવ્યું છે : સિજદએ તા'ઝીમ ફરઈ મસ્અલો છે, તો હું કહીશ કે નબીની ૪૦ થી અધિક હદીષોથી જેનું હરામ હોવું પુરવાર થયું શું તમારી પાસે મખ્લૂકમાં નબીથી પણ વધીને કોઈ છે જેની વાતને તમે માન્ય રાખી નબીને છોડશો ?!

**(૨)** એમ કહેવું કે : "અહલે શરીઅત નાજાઈઝ કહેતે હંય ઔર અહલે તરીકત જાઈઝ" તો શું અહલે તરીકત શરીઅતથી ખસીને હોય છે કે એમના કાયદા કાનૂન શરીઅતમાં પણ બદલાતા હોય છે ?! શું અહલે તરીકતને શરીઅતના કાયદા લાગુ નથી પડતા ?! પુરાવાથી જવાબ આપવાનો રહેશે, કહી દેવાથી કામ ન બને !

**(૩)** તમે મુજદ્દિદે અલ્ફેષાનીની મક્તૂબાતના પુરાવા લખ્યા એટલે તમને એમની જાત માન્ય છે એ પુરવાર થાય છે તો હું તમને શરીઅત તરીકતમાં મુજદ્દિદ સાહબના જ મંતવ્યોથી વાકેફ કરું જેથી આપને નિઃશંક ! સ્વીકારવું જ પડે, અને નહીં સ્વીકારો તો એટલું તો જરૂર થશે કે વાસ્તવિક્તા સામે આવી જશે અને તમારી વાતનું ખોટું હોવું સાબિત થઈ જશે.

## ★ દરેકનું મૂળ શરીઅત ★

હઝરત મુજદ્દિદે અલ્ફેષાની અહમદ સરહિંદી رحمۃ اللہ علیہ સૂફીયતના





નામથી ગુમરાહી ફેલાવનારાઓને માર્ગ બતાવતાં પોતાના ચાલીસમા પત્રમાં વર્ણન ફર્માવે છે :–

**અર્થાત** : "બેશક ! શરીઅતના ત્રણ ભાગ છે : ઈલ્મ, અમલ અને ઈખ્લાસ. તરીકત અને હકીકત શરીઅતના સેવક છે ઈખ્લાસના ભાગને સંપૂર્ણ કરવા, આ જ મૂળ હેતુ છે. પરંતુ દરેકની સમજની એની સુધી પહોંચ નથી, વધુ પડતા લોકો સ્વપ્ન અને ખયાલથી આરામ મેળવી લે છે, અખરોટ અને કેળાં પર સંતોષ મેળવી લે છે તેઓ શરીઅતના કમાલોને શું જાણે ?! અને તરીકત અને હકીકતની વાસ્તવિક્તા સુધી કેવી રીતે પહોંચે, શરીઅતને છાલ અને હકીકતને ગર્ભ સમજે છે અને જાણતા નથી મૂળ હકીકત શું છે ? સૂફીઓની બેકાર વાતો પર ગર્વ કરે છે અને નીચેના પદો અને સ્થાનો પર અભિમાન કરે છે અલ્લાહ એમને સીધો માર્ગ બતાવે, અમારા પર અને અલ્લાહના નેક બંદાઓ પર સલામ." ***હવાલો** : અલ્ મુન્તખબાત, પેજ–૯, મક્તૂબાત, પેજ–૯૯*

મુજદ્દિદ સાહબના લખાણથી સ્પષ્ટ થયું કે તરીકત, હકીકત શરીઅતથી અલગ નથી, જેઓ એવું સમજે છે તેઓ ગુમરાહ છે અને એમના માટે મુજદ્દિદ સાહબે પત્રના અંતમાં હિદાયતની દુઆ કરી, તો તા'ઝીમી સિજદો જાઈઝ કહેનાર લેખકે પ્રથમ આ વાતથી તૌબા કરવી મુજદ્દિદે અલ્ફેષાની رحمۃ اللہ علیہ ના ફર્માન મુજબ જરૂરી છે, બતાવશો અહલે તરીકત અને અહલે શરીઅતનો તફાવત ક્યાં ગયો ?!

## ★ તા'ઝીમી સિજદો ગયરે ખુદાને અત્યંત બુરો છે ★

મુજદ્દિદ સાહબનું ફર્માન ગુમરાહોની ગુમરાહીના પુરાવામાં તમારી સમક્ષ છે, તા'ઝીમી સિજદાને આપ કેટલો બુરો સમજે છે એને આપના જ લખાણથી સમજો, હવે આમ ન કહેશો કે મુજદ્દિદ સાહેબને અહલે તરીકતનું ભાન નથી !'' કારણ કે તમે તમારી કિતાબના પેજ નં. ૪૯ પર મુજદ્દિદ સાહબનુ ફર્માન નકલ કર્યું છે તો એમની આ વાત પણ તમારા ગળા નીચે ઉતરશે જ ! અને નહીં ઉતરતી હોય તો જબરદસ્તીની ઉતારવી પડશે ! વખાણ કર્યા પછી ના કહેવાનું રહી જતું નથી.

## ★ આ ગયા સય્યાદ ખૂદ અપને જાલમેં ! ★

મક્તૂબાતે ઈમામ રબ્બાની પત્ર નં. ૨૯, તા'ઝીમી સિજદાની બુરાઈમાં ફર્માવે છે, અને એવા લોકોને સખ્તીથી રોકવાની તા'લીમ આપે છે :–

**અર્થાત :** ''ભરોસાપાત્ર માણસે બતાવ્યું કે તમારા અમુક ખલીફાને એમના મુરીદો સિજદો કરે છે, અને જમીનના ચુંબનને પરંતુ નથી જાણતા, આ કામની બુરાઈ સૂર્યથી વધારે પ્રકાશિત છે, એમને એનાથી પૂરી સખ્તીથી રોકો ! આ પ્રમાણેના કામથી દરેકે બચવું જરૂરી છે, ખાસ કરીને લોકોના આગેવાન માટે, આ પ્રમાણેના કામોથી બચવું અત્યંત જરૂરી છે, કારણ કે એના માનવાવાળાઓ કામોમાં એનું અનુસરણ કરશે અને મુસીબતો બલામાં સપડાશે.''

**હવાલો :** અલ્ મુન્તખબાત, પેજ–૪, મક્તૂબાતે રબ્બાની, ભાગ–૧, પેજ–૬૮





તા'ઝીમી સિજદો ગયરે ખુદા માટે હરામ છે, એનાથી બચવું જરૂરી છે, આ પ્રમાણેનાં કામો કરનારને સખતીથી રોકવા જોઈએ, એવા લોકોની ઈજ્જત કરવામાં ન આવે, એમને આગેવાન સમજવામાં ન આવે, એમનું એવા કામોમાં અનુસરણ કરવામાં ન આવે, આ કામ કરવાથી આખેરતની મુસીબતો બલાઓનો સામનો કરવો પડશે, આ બધુ મુજદ્દિદ સાહબના લખાણથી પુરવાર થયું. ખોટું સાબિત કરો ! મોં માંગું ઈનામ આપીશું ! (મકાશફતુલ ગુયૂબ પેજ નં ૧૭૪ પર જે પુરાવો છે એનો જવાબ બની ગયો કે રાજા માટે સિજદા સંબંધે અમુકની વાત લખી છે એ એટલા માટે કે આમ ન કરવા પર જાનનો ડર છે, મજબૂર માટે હુકમ અલગ હોય છે.)

## ★ શરીઅત અને તસવ્વુફનું સંગમ ★

મુજદ્દિદ સાહબના લખાણનો કમાલ કે સર્વ ખરાબીઓને સામે રાખીને એક પછી એક ઓપ્રેશન કરતા ચાલે, તો આપે તા'ઝીમી સિજદો કોણ કરે છે અને કરાવે છે એનો ખલાસો કર્યો કે એ પીરો કરાવે છે, તો પીરોને મનાઈ કરી, અને એમના કામને અત્યંત ખરાબ બતાવ્યું, અને એમાં તસવ્વુફના દાવાથી છટકબારી શોધવાનો માર્ગ જ ન રાખ્યો. અને સિજદાથી મનાઈના બયાન પછી એ જ પત્રમાં આપ શરીઅત અને તસવ્વુફનો સંગમ બતાવતાં સત્ય માર્ગ અતા કરે છે અને ગુમરાહીમાં પડવાથી રોકવાનો સામાન કરે છે.

## ★ તરીકત, હકીકત બધું જ છે શરીઅત ! ★

"નિઃશંક ! આ જમાઅતના ઈલ્મો હાલતોના ઈલ્મો છે અને હાલતો અમલોનું પરિણામ છે, હાલતોના ઈલ્મો એ વ્યક્તિને વારસામાં મળે છે જેના અમલો બરાબર હોય, અને કાયદા મુજબ કર્યા હોય દરેક રીતે, અને અમલોને બરાબર અદા કરવું એને પ્રાપ્ત થાય છે જેની પાસે અમલોને ઓળખવાનું અને દરેક અમલની સ્થિતિનું ઈલ્મ હોય, અને એ અહકામ શરઈ દા.ત. નમાઝ, રોઝા, અને બીજા ફર્ઝો છે, મામલાત જેમ કે નિકાહ, તલાક, વેપાર, ધંધો છે, અને દરેક વસ્તુનું ઈલ્મ જે અલ્લાહ સુબ્હાનહૂએ મુકલ્લફ પર વાજિબ કર્યું, અને એની દા'વત આપી અને ઈલ્મો મહેનત સંબંધિત છે, દરેક પર એને શિખવું જરૂરી છે, ઈલ્મ બે મુજાહદાની વચમાં છે, એક એ મુજાહદો જે ઈલ્મના પ્રાપ્ત થતાં પહેલાં અને પ્રાપ્તિ માટે હોય છે, બીજો એ મુજાહદો જે ઈલ્મ પ્રાપ્ત થયા પછી એના ઉપયોગ માટે હોય છે, તો જેમ તમારી સભામાં તસવ્વુફની કિતાબોનું વર્ણન થાય છે આમ જ ફિકહની કિતાબોનું પણ વર્ણન થવું જોઈએ, ફિકહની કિતાબો ફારસીમાં ઘણી છે, જેમ કે મજમુઆ ખાની, ઉમદતુલ ઈસ્લામ, કન્ઝ ફારસી, બલ્કે તસવ્વુફની કિતાબોનો ઝિક્ર ન થાય તો પણ વાંધો નથી. કારણ કે એનો સંબંધ હાલતોથી છે, કાલ (હુકમ)માં નથી આવતી અને ફિકહની કિતાબોનો ઝિક્ર ન થવામાં નુકસાન થઈ શકે છે." *(અલ્ મુન્તખબાત, પેજ–૪, મક્તૂબાતે રબ્બાની, પેજ–૬૮)*

## ★ શરીઅત શિખ્યા વિના ચારો જ નથી ! ★

મુજદ્દિદ સાહબે ફર્માવ્યું કે શરીઅતનું ઈલ્મ પ્રાપ્ત કરવું અને એને ઉપયોગમાં રાખવું દરેક મુકલ્લફ માટે જરૂરી છે, અને પબ્લિકમાં ફિકહની કિતાબોની ચર્ચા થવી જોઈએ, એના ન હોવાથી મુસલમાને અમલમાં નુકસાન ઉઠાવું પડે છે, તસવ્વુફ જરૂરી નથી, પઢવામાં ન આવે તો પણ કોઈ નુકસાન નથી. જેને વર્તમાનકાળના લોકો બુન્યાદ બનાવીને ચાલે છે એને મુજદ્દિદ સાહબ બુન્યાદ સમજતા નથી બલ્કે





એને ઈલ્મે શરીઅત પર અમલનું પરિણામ સમજે છે, પરિણામ ક્યારે આવશે જ્યારે ઈલ્મે શરીઅત પર અમલ કરવામાં આવશે, તો પછી શરીઅત અલગ છે અને તરીકત અલગ છે, શરીઅત અલગ છે અને હકીકત અલગ છે કહેવું સત્ય ક્યાં રહ્યું ?! કે સઘળા શરીઅતના પ્રકાર છે પણ જેમણે અલિફનો મતલબ ભાલો સમજ્યો હોય તેઓ ધર્મના ઠેકેદાર બને તો પછી એ પ્રમાણેની જ ગુમરાહી અસ્તિત્વમાં આવે છે !

## ★ ભૂલ નહીં ધોકાનું કાવત્રુ ★

મકાશફતુલ ગુયૂબ પેજ નં. ૫૫ પર તા'ઝીમી સિજદા વિશે જવાઝનો પુરાવો આપવા લખવામાં આવ્યું :–

"સભી સૂફીયા વ ઔલિયાએ કિરામ ઉસે જાઈઝ સમજતે હૈં, ઈસ વજહસે ભી એહલે તરીકત કે લિયે સિજદએ તા'ઝીમ નાજાઈઝ સાબિત નહીં હોતા."

આ લખાણ એ સ્પષ્ટ કરી રહ્યું છે કે એહલે તરીકત જેટલા અત્યાર સુધીમાં આવ્યા એ ગયરે ખુદા માટે તા'ઝીમી સિજદો જાઈઝ સમજતા હતા, તો અહલે તરીકતમાં એ જાઈઝ થયો, **પણ હું મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ નો પત્ર તમારી સેવામાં રજૂ કરી ગયો કે તા'ઝીમી સિજદો જાઈઝ નથી હરામ છે અને એમણે અહલે તરીકતના જે અમુક લોકો કરતા હોય તેને ખરાબ કહ્યું અને રોકવાની તાકીદ કરી. તો મુજદ્દિદ સાહબનું મના કરવું એ વાતનો પુરાવો છે કે અહલે તરીકત જે વાસ્તવમાં અહલે તરીકત છે એમણે આ કામ કર્યું નથી અને કરાવ્યું નથી,** અને ખલીફાઓમાં એ થવા લાગ્યું તો આ એમનું પોતાનું કાવત્રુ છે, જો સર્વ જ બુઝુર્ગો આમ કરાવી ગયા હોય તો મનાઈ કેમ કરી ? આ લેખકના દાવાના ખોટા હોવાની દલીલ છે.

## ★ પુરાવો સત્ય નથી વાત સત્ય કેમ ?! ★

જે પુરાવા બુઝુર્ગોના વર્ણન કરવામાં આવે છે અને કિતાબોનાં નામો બતાવવામાં આવે છે એના વિશે અમે સાબિત કરી ગયા કે એ કિતાબો ક્યાં હતી, ક્યાંથી આવી, ક્યાં ક્યાં પહોંચી, કોણે રક્ષણ કર્યું ? એ બધા

સવાલોનો કોઈ જવાબ કોઈની પાસે નથી, સનદે મુત્તસિલ નથી પછી બુઝુર્ગો તરફ એનો સંબંધ સત્ય નથી, પછી સિજદએ તા'ઝીમી ગયરે ખુદા માટે તેઓ જાઈઝ માનતા હતા એ પુરવાર ન થયું, જ્યારે પુરાવો જ કિતાબોની સત્યતા માટે નથી પછી એ વાત સત્ય કેમ માની લેવામાં આવે ?! જો કોઈની પાસે હિંમત હોય તો ચિશ્તી પૂર્વજ બુઝુર્ગોની કિતાબોની સનદે મુત્તસિલ બતાવે અને એક પછી એક થકી એ કિતાબનું એમના સુધી પહોંચવું સાબિત કરી બતાવે અને ઈચ્છા પ્રમાણે ઈનામ પ્રાપ્ત કરે ! નિઃશંક ! જૂઠા લોકોએ બુઝુર્ગો પર આક્ષેપ રાખેલો છે. (ફિકહના પ્રકરણમાં વિગત જુઓ) કારણ કે, જે બુઝુર્ગો સુન્નત ખિલાફ ન કરે, અદબની વાત ન છોડે, તેઓ હરામ કામ કરે ?! શંકાસ્પદ કિતાબોથી બુઝુર્ગો તરફ ગુનાહોનો સંબંધ એ એમનું અપમાન છે.

## ★ દલીલ વિનાનો દાવો માન્ય નથી ★

અમારા ફિકહના પુરાવા જુઓ જેમાં અમે બતાવી ગયા કે ઈમામો, મુજતહિદો સર્વ ત્યારથી લઈને આજ સુધી એના હરામ હોવા પર એકમત છે અને બુઝુર્ગોની મોટી જમાઅત હરામ પર સંમત છે, અમુકનો વિવાદ જોવા મળે છે તો એ શંકાસ્પદ કિતાબોના આધારે, જો એ શંકાસ્પદ કિતાબોને વચમાં ન લાવવામાં આવે તો કોઈ એક પણ એવો નથી જેનાથી ગયરે ખુદા માટે તા'ઝીમી સિજદાના જાઈઝ હોવા પર કોઈ પુરાવો મળી શકે, જ્યારે વાસ્તવિક્તા આ છે તો પછી એવું કહેવું કે સર્વ સૂફી અને વલીઓએ તા'ઝીમી સિજદો ગયરે ખુદા માટે જાઈઝ કર્યો એ જૂઠ જ નથી બલ્કે સર્વ સૂફીઓ અને વલીઓનું અપમાન છે. જેમના માટે ગુમરાહો માને છે એમનાથી મુત્તસિલ સનદથી પુરવાર કરવું અશક્ય છે તો જેમનો ઉલ્લેખ જ નથી એમનાથી પુરાવો ક્યાંથી આવશે ?! ખુસાલો એ કે સર્વ વલીઓ અને સૂફીઓ તરફ જવાઝનો સંબંધ જૂઠ, તોહમત, આક્ષેપ, અને મુસલમાન અવામને ધોકો છે, આપણા નબી નું ફર્માન છે :–

**અર્થાત** : "જે અમને ધોકો આપે અમારો નથી."

અને અલ્લાહનું ફર્માન છે :–





**અર્થાત** : "અને જે ધોકો આપે ધોકાની વસ્તુ લઈને (કિયામતના) આવશે."

## ★ જૂઠની પકડ મખ્દૂમે સિમનાના બયાનથી ★

મુકાશફતુલ ગુયૂબ, પેજ–૨૧૫ પર મખ્દૂમે પાકના પુરાવાથી લખાણ થયું છે, પુરાવાનો મતલબ છે કે મખ્દૂમે પાકને તેઓ વલી, ગૌષ, એહલે તરીકત વગેરે માને છે, તો પેજ નં. ૫૫ પર લખવામાં આવ્યું કે, "સર્વ સૂફી અને વલી તા'ઝીમી સિજદાના ગયરે ખુદા માટે જાઈઝ હોવા પર સંમત છે." તો એ જૂઠની પકડ આપણે મખ્દૂમે પાકના ફર્માનથી કરીએ, મખ્દૂમે પાક જૂઠ સાબિત કરી આપે પછી એમાં વધારે વિચારવાની જરૂરત રહેશે નહીં, કારણ કે ગુમરાહ લોકો નબીની વાતથી વધારે ઉત્તમતા પીરોની વાતને આપતા હોય છે, તો લો પીરો પીરાં અને મીરો મીરાંની અમારા મખ્દૂમે પાકનું ફર્માન તમારી સેવામાં......

## ★ લતાઈફે અશરફી ★

મખ્દૂમે પાક عليه الرحمة والرضوان ની લતાઈફે અશરફીમાંથી અમે આ ફર્માન લાવ્યા છે, મૂળ કિતાબને જોઈ લેશો જો શંકા લાગે ! :–

અમ્મા વઝઓ જિબહતિન બયના યદયિશયૂખે બઅઝે અઝ મશાઈખ રવા દાશ્તા અમ્મા અકષર મશાઈખ ઈઅરાઝ કર્દા અંદ વ અસ્હાબે ખુદરા અઝાં ઈમ્તિનાઅ સાખ્તા કે સિજદએ તહિય્યત દર ઉમ્મતે પેશીં બુદ હાલ મન્સૂખસ્ત.

**અર્થાત** : બુઝુર્ગો સામે કપાળ જમીન પર રાખવું અમુક મશાઈખે એને ચાલવા દીધું, પરંતુ વધુ પડતા મશાઈખ (સૂફી સંતો અને બુઝુર્ગો એનો અસ્વીકાર કરે છે અને પોતાના શુભેચ્છકોને એનાથી મનાઈ કરી કે તા'ઝીમનો સિજદો ગયર માટે આગલી ઉમ્મતમાં હતો હાલ એ મન્સૂખ છે. (મન્સૂખ એટલે જેનો હુકમ ઉઠી ગયો જેથી એ આપણી શરીઅતમાં હરામ છે.)

**હવાલો** : લતાઈફે અશરફી, લતીફો–૧૭, ભાગ–૨, પેજ–૨૯, મક્તબા સિમનાની કરાચી

લતાઈફે અશરફીનું લખાણ તમારી સામે છે કે તા'ઝીમી સિજદામાં ચાલવા દેવાની રિવાયત અમુકની જ છે વધુ પડતા મશાઈખ એને હરામ કહેતા અને પોતાના ચાહકોને એનાથી મનાઈ કરતા, અને મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ નું ફર્માન હું તમારી સેવામાં રજૂ કરી ગયો કે કાયદો એ જ છે કે જે તરફ બહુમતી હોય એ જ વાતને ઉત્તમતા આપવામાં આવશે અને એની ઉપર જ અમલ કરવામાં આવશે. વધુ પડતા મશાઈખ હરામ હોવા તરફ છે એ શબ્દો મુકાશફતુલ ગુયૂબના પેજ નં. ૫૫ પર લખવામાં આવેલા લખાણનું જૂઠ હોવું સ્પષ્ટ કરે છે. શું અમારી વાત પર નહીં મખ્દૂમે પાકની વાત પર તૌબા કરશો ?!

## ★ શું તમે નબીના ફર્માનને મહત્વ નથી આપતા ?! ★

અહલે શરીઅત એટલે ઉલમાએ કિરામ નબીના સાચા વારસદારોએ તો નબીની હદીષોને સામે રાખીને હરામનો ફત્વો આપ્યો કે જેને નબી હરામ કરે એને આપણે કેમ કરી હલાલ અને જાઈઝમાં ફેરવી શકીએ, એટલે અહલે શરીઅત નબીના ફર્માનના સામે આવી ગયા પછી પોતાના મંતવ્યની હિંમત ન કરે, હવે સવાલ એ છે કે તમારું કહેવું છે અહલે તરીકત એટલે સૂફીઓ અને વલીઓ એને જાઈઝ માને છે, તો શું સૂફીઓ અને વલીઓ માટે નબીનું ફર્માન કંઈ જ નથી ! કે નબીનું ફર્માન હોવા છતાં તેઓ પોતાની મનમાની કરે ! જવાબ તમારે આપવાનો રહેશે, (અમે તો એટલું કહીશું કે કોઈ પણ બુઝુર્ગે એને જાઈઝ નથી કર્યો પણ લોકોએ એમના લખાણોમાં એમના ગયા પછી પોતાની ઈચ્છાની વાતોનો ઉમેરો કર્યો અને પછી એને પુરાવો બનાવ્યો, જ્યારે આલિમો નબીના ફર્માન વિરુધ્ધ ન જાય તો વલીઓ તો મહબ્બતમાં આલિમોથી આગળ હોય છે તેઓ નબીનો વિરોધ કઈ રીતે કરે ?!)

## ★ અમે તો મોઢું બતાવવા લાયક જ છીએ ! ★

મુકાશફતુલ ગુયૂબના પેજ નં. ૫૬ પર લખવામાં આવ્યું કે તા'ઝીમી સિજદાને ગયરે ખુદા માટે હરામ કહીને મહેશરમાં નબીએ પાકને મોઢું કેમ





કરી બતાવશો ?! તો હું કહીશ કે અમે તો નબીની ચાલીસ હદીષોને સામે લઈને ચાલીએ છીએ, નબીના ફર્માનથી ખસવાની અને નબીના ફર્માન સામે પોતાની મનેચ્છાને ઉત્તમતા આપવાની કોશિશ અમે નથી કરી એટલે અમે તો મોઢું બતાવવાના લાયક જ છીએ, વિચાર તો તમારી જેવા જાહિલ ખાનકાહી લોકોએ કરવાનો છે કે એમણે નબીનું ફર્માન છોડયું, બુઝુર્ગો પર જૂઠી પાયા વિનાની કિતાબોથી પુરાવો લાવીને આક્ષેપ લગાડયો, તમે લોકો કેમ કરી મોઢું બતાવશો ? અને હું અસંખ્ય પુરાવાથી સાબિત કરી ગયો કે ઈસ્લામના સર્વ આલિમો અને બુઝુર્ગો નબીના ફર્માન સાથે છે કોઈ પણ ફર્માને નબીથી ખસ્યો નથી અને સર્વએ તા'ઝીમી સિજદાને ગયરે ખુદા માટે નબીના ફર્માનથી હરામ સાબિત કર્યો તો એ સર્વ હરામ કરનારાઓને તમે મહેશરમાં કેમ કરી મોઢું બતાવશો ?!

## ★ તુમ જાહિલ હો ! ફત્વા ક્યૂં દિયા ?! ★

મુકાશફતુલ ગુયૂબ, પેજ નં. ૫૬ પર હઝરત ઉવૈસ કરની رحمۃ اللہ علیہ નો એક કિસ્સો વર્ણન કરવામાં આવ્યો એનો સંબંધ તા'ઝીમી સિજદાથી છે જ નથી. બીજું એ કે મુહદ્દિષ, કાઝી, મુફતી વગેરે શબ્દો તમને પસંદ નથી આવતા એટલે એ બતાવવા માટે તમે એનું વર્ણન કર્યું પણ એ વાક્યો તમારી વિરોધ દલીલ છે, કે જ્યારે હઝરત ઉવૈસ કરની આટલા મહાન હોવા છતાં મસ્અલો બતાવવામાં ન પડયા તો તમે તદ્દન જાહિલ હોવા છતાં નબીના હરામ કરેલાને જાઈઝ કરવાની હિંમતે આગળ કેમ આવ્યા ? ત્રીજું એ કે હઝરત ઉવૈસ કરનીએ ગુપ્ત રહેવાનું પસંદ કર્યું જ્યારે તમે ખાનકાહો બનાવીને મોટા મોટા નામો લખીને પોતાની શોહરતની કોશિશો કેમ કરો છો ? શું તમને ઉવૈસી કરનીનું જીવન પસંદ નથી ?

## ★ નબીની ભૂલ બતાવવાનો શોખ ! ★

મુકાશફતુલ ગુયૂબના પેજ નં. ૫૯ થી ૬૩ સુધી એ બતાવવામાં આવ્યું કે નબીઓથી ભૂલો થઈ, સહાબાથી ભૂલો થઈ, ઈમામો અને મુજતહિદોથી ભૂલો થઈ, મુજદ્દિદોથી ભૂલો થઈ....

આનાથી તમે એવું તો નથી સમજ્યા કે જ્યારે નબીઓથી ભૂલો થઈ છે તો તમારા અનુમાનમાં આપણા નબીએ ચાલીસ હદીષોથી તા'ઝીમી સિજદાને ગયરે ખુદા માટે હરામ કર્યો તો એ હરામ કરવામાં નબીથી ભૂલ થઈ ગઈ ! જો એ અનુમાન હોય તો તૌબા કરશો, નહીં તો ઈમાનથી હાથ ધોવા પડશે !

**બીજું** એ કે તમે એ બધું એટલે ગણાવ્યું કે તમે એ બતાવો કે કોઈ રક્ષણમાં નથી, સર્વથી ભૂલો થઈ શકે છે. તો તમે તા'ઝીમી સિજદાના જવાઝ (જાઈઝ હોવા)માં જે અમુકની વાત લઈને ચાલો છો તેમનાથી ભૂલ નથી થઈ શક્તી ? તમે તો લખી ગયા નબીઓથી ભૂલો થઈ ! તો પછી વલીઓથી પણ થઈ શકે છે એ તમારે માનવું જ પડશે !

**ત્રીજું** અમને તા'ઝીમી સિજદાના ગયરે ખુદા માટે હરામ હોવા પર યકીન છે અને અમને એ પણ યકીન છે કે અમે એમાં ૧૦૦% સાચા છીએ કારણ કે અમે એમાં અમારો ઈજતેહાદ દાખલ નથી કર્યો, કોઈ ઈમામના ઈજતેહાદને દખલ નથી આપ્યો બલ્કે નબીએ પાકે અસંખ્ય હદીષોથી જેનું હરામ હોવું બતાવ્યું અમે એને માન્ય રાખ્યું, અને અમારા નબીએ જે બતાવ્યું એમાં અમને નબીના સાચા હોવાનું યકીન છે, જો હિંમત હોય તો લખી બતાવશો કે આ મસ્અલામાં આપણા નબીથી ભૂલ થઈ હતી, પછી જોશો તમારું પરિણામ શું આવે છે ?!

## ★ બહુમતી ભૂલથી પાક ★

અમારા નબીએ ફર્માવ્યું, મારી ઉમ્મત ગુમરાહી પર સમંત નહીં થાય, એનો મતલબ શું છે ? **એનો મતલબ મુહદ્દિષ દહેલ્વી** رحمۃ اللہ علیہ **ની શરહ બતાવી રહી છે કે મતલબ છે ઉમ્મતની બહુમતી ગુમરાહી પર ભેગી નથી થઈ શક્તી. જ્યારે અમે સાબિત કરી ગયા કે ઉમ્મતની બહુમતી હરામ પર છે, લતાઈફે અશરફીથી બતાવી ગયા કે બહુમતી હરામ હોવા પર છે. મુજદ્દિદે અલ્ફેષાનીના પત્રથી બતાવી ગયા કે એ હરામ જ છે,** પછી નબી ના ફર્માન મુજબ બહુમતી ગુમરાહીથી પાક છે એટલે તેઓ સત્ય પર છે, જેમાં બહુમતી નથી અમુકની જ વાત છે તો એમાં ભૂલનો અને ખતાનો





અવકાશ છે. બહુમતીને જૂઠી કહો છો જેમાં અસંખ્ય ઉલમા અને વલીઓ છે, એનાથી ઉત્તમતા એ છે કે જેમાં અમુક છે એને ઈજતેહાદી ખતા કહીને બહુમતીની સફમાં આવી જાવ !

## ★ કુતુબે મદાર શાફઈ હતા ★

મુકાશફતુલ ગુયૂબ, પેજ—૬૩ પર હઝરત કુતુબે મદારનો જે બનાવ લખવામાં આવ્યો છે એમાં તો એ પુરાવો છે કે કુતુબે મદાર શાફેઈ મસ્લકના મુકલ્લિદ હતા, તમે હનફી છો તો હનફી ઈમામોની તકલીદથી કેમ નીકળવા માંગો છો ? શું તમે પોતાને કુતુબ મદારથી આગળ સમજો છો ?!

## ★ નબીથી તો આગળ નથી ? ★

મકાશફતુલ ગુયૂબ, પેજ નં. ૬૪, ૬૫ પર તકલીદ વિશે લખવામાં આવ્યું છે, પછી અંતમાં અમુક લોકો માટે તકલીદથી નીકળીને હકીકત સુધી પહોંચવાની વાત કરવામાં આવી છે. તો હું કહીશ કે ઈમામોની તકલીદથી તો નીકળી ગયા નબીની તાબેદારીથી તો નહીં નીકળ્યો હોય ! અને ઉમ્મતી નીકળી પણ નથી શક્તો ! તો તા'ઝીમી સિજદાને હરામ મુજતહિદોએ નથી કર્યો, નબીએ કર્યો છે ! તો શું તેઓ નબીની તાબેદારીનું એલાન કરશે !

## ★ સૂફીકા મઝહબ ★

મકાશફતુલ ગુયૂબ, પેજ નં. ૬૫ પર લખવામાં આવ્યું છે કે, ''સૂફીનો કોઈ મસ્લક નથી હોતો તેઓ ચાર ઈમામોથી અલગ હોય છે.''

તો આ લખાણથી તમારે પોતાના માટે બતાવવું પડશે કે તમે હનફી છો કે પછી તમે તકલીદની દોરડીઓ તોડી નાખી છે ? તમારું કહેવું સૂફીનો કોઈ મસ્લક નથી હોતો તો નબી સાથે તો સંબંધ રહેતો હશે ? નબી એ હરામ કર્યું એમાં તો એમને બેમત નહીં હોય ? તો તા'ઝીમી સિજદાનું હરામ હોવું નબીનું ફર્માન છે પછી ઈમામોને વચમાં

કેમ લાવો છો ? આ મસ્અલો કિયાસનો નથી આ તો ફર્માને નબી થી સ્પષ્ટ શબ્દોમાં સાબિત છે. જો તમારા કહેવાના આધારે સૂફીનો કોઈ મઝહબ (મસ્લક) જ નથી હોતો, અમને એની જરૂરત નથી, અમને તો મઝહબવાળાઓની જરૂરત છે, જ્યાં મઝહબ જ ન હોય ત્યાં જઈને શું કરીશું ?! જે મોઢામાં આવે ન ભસો, થોડું વિચારીને બોલો !

## ★ નબીથી ખસીને તો નહીં હોય ?! ★

મકાશફતુલ ગુયૂબ, પેજ નં. ૬૬ પર જે વાત લખવામાં આવી છે એનું સત્ય હોવું અલ્લાહ જ જાણે, જ્યારે હુઝૂર ગૌષ પાક رضي الله عنه ગુન્નિયતુત્તાલેબીનમાં નમાઝ ન પઢવાના અઝાબના બાબમાં પોતાને હંબલી સાબિત કરે છે અને ઈમામ અહમદ બિન હંબલને પોતાના ઈમામ કહીને મસ્અલાની છણાવટ કરે છે, હુઝૂર ગૌષે પાક رضي الله عنه સર્વ વલીઓના સરદાર છે અને બાદના વલીઓને નિઃશંક ! વિલાયત એમના સદકાથી મળે છે તો તેઓ પોતાને ઈમામના તાબા હેઠળ સમજે છે કે નહીં ? જવાબ ઈન્કાર કરનાર આપે !

## ★ ગેરમુકલ્લિદ તો નથી ?! ★

તમે લોકો પણ પોતાને અહલે તરીકત કહો છો એટલે તમે પોતે પણ એ એલાન કરી આપો કે અમારો કોઈ મઝહબ અને મસ્લક નથી, તો વર્તમાનકાળમાં એ દાવો કરનારને ગેરમુકલ્લિદ અને અહલે હદીષ કહેવામાં આવે છે, તો પછી તમે પણ તમારું નામ એમના વર્તુળ લખાવી આપો ! તમે મસ્અલાના મસ્લક ક્યા પીરના મસ્લક પર છો તે કે લોકોને ખબર પડે કે તમે લોકો ચાર ઈમામ પછી બીજા કોઈ ઈમામના પણ મસ્લક માટે માનો છો ! **(પેજ નં. ૬૭ નો જવાબ)**

## ★ મસ્લક નિયુક્ત ન રહ્યા ★

દરેક પોત પોતાના પીરના મઝહબ અને મસ્લક પર છે તો પછી અત્યાર સુધી મુસલમાનોની એકમતિ ચાર ઈમામોની તકલીદની રહી એ નિશ્ચિત ન રહી, તમારા ત્યાં મસ્લક ચાર ન રહ્યા દરેક પીર ઈમામે





મસ્લક, મસ્લકની હદબંદી જ ન રહી. આ સ્પષ્ટ ગુમરાહીની વાત છે. **(પેજ નં. ૬૮ નો જવાબ)**

## ★ અહલે સુન્નતને તોડનાર કોણ ? ★

મુકાશફતુલ ગુયૂબ, પેજ ૭૩ : "જે લોકો કુર્આન અને હદીષને છોડીને માર્ગ લે, ચાર મસ્લકનો દાવો કરે ગુમરાહ છે, અને ગુમરાહો જ સુન્નીયતના નામથી સુન્નીયતને બદ્નામ કરે છે અને એને તોડવાની કોશિશ કરે છે."

લેખક આનાથી પોતાની જ હાલતો વર્ણવી રહ્યો છે !

## ★ કુર્આનનું અપમાન ! ★

કુર્આનમાં હડ્ડીઓ ક્યાં છે, કે જે બીજાને ફેંકવામાં આવે, હડ્ડીઓનો મતલબ છે બેકારની વાતો, શું કુર્આનમાં કોઈ વાત બેકાર પણ હોય છે, નિઃશંક ! આ શેઅર કુર્આનનું અપમાન છે એના અમુક ભાગને ગરમ અને અમુકને હાડકાં કહેવામાં આવ્યાં, આ શેઅર બુઝુર્ગોનો નથી હોય શક્તો વધારો કરવામાં આવ્યો હશે. **(પેજ નં. ૭૪નો જવાબ)**

## ★ વાજિબ થઈ ત્યાર પછી વાત કરો ★

ઉમ્મતનો ઈજમાઅ અને એકમતિ ચાર ઈમામોની તકલીદ પર થઈ ગઈ ત્યાર પછીની વાત કરો પહેલાંની વાતથી કોઈને કંઈ જ ફાયદો નથી, ચર્ચા તકલીદ વાજિબ થઈ એ પછીની છે પછી ખોટી દલીલનો સહારો ગુમરાહીનું એલાન છે. **(પેજ નં. ૭૪ થી ૭૬ નો જવાબ)**

## ★ દીનની બુન્યાદ કોણ ?! ★

જે લોકો અલ્લાહ અને રસૂલના ફર્માન અને અમલનો વિરોધ ન કરે અને એમના ફર્માન પર પોતાની ઈચ્છાઓને ઉત્તમતા ન આપે એ લોકો બુન્યાદ છે પછી ગમે તે હોય, અને જેમની વાતો અલ્લાહ અને રસૂલના ફર્માન વિરોધ જાય એ બુન્યાદ નથી પછી ગમે તે હોય. **(પેજ નં. ૭૭, ૭૮નો જવાબ)**

## ★ ઈમામે આ'ઝમની બેઈજ્જતી ★

પેજ નં. ૭૯ પર હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہ ને એટલા નીચા સાબિત કરવામાં આવ્યા જાણે એમની પાસે કોઈ ઈલ્મ અને જ્ઞાન જ નથી, એટલે આ રિવાયત ખોટી છે, એનો કોઈ મુત્તસિલ પુરાવો નથી. એ પછીની વાત ઈમામે આ'ઝમની નમ્રતા છે, જો આમ નથી તો મસ્કલમાં ચાર ઈમામોના નામો આવે છે બીજા લોકોને એ પદ કેમ ન આવી દેવામાં આવ્યું ? એ સમયમાં સનદ આપવાનો રિવાજ ન હતો ઈલ્મ જ સનદ હતું, અને ઈબ્રાહીમ અદહમ આલિમ હતા, તમારા કહેવા પ્રમાણે જાહિલ ન હતા, જેમ કે તમે છો અને લાગે છે રહેશો !

મૌલાના રૂમે કોને કહ્યું ? મૌલાના રૂમે એ શેઅરથી પોતાની તરફ ઈશારો કર્યો અને જેમનાથી નેઅમત મળી એ શમ્સ તબરેઝ હતા, દરેક માટે એ લખાણ નથી, આ સમયમાં કોણ છે શમ્સ તબરેઝ જેવો ! હવે તો બધા તમારી જેવા છે "ઈલ્લા માશા અલ્લાહ !" જ્યાં હિદાયત તો શું આવે ગુમરાહીનો દરવાજો જ ખુલી જાય. **(પેજ નં. ૮૧ નો જવાબ)**

## ★ શરીઅત વિરોધી કોઈ નહીં ★

જે વલી જે હાલતમાં હશે પણ શરીઅતની વિરુધ્ધમાં કોઈ વલી હોય શક્તો જ નથી, શરીઅત વિરુધ્ધ ન હોય તો એ જે કરે એને રજા છે. મુજદ્દિદ સાહબના પત્રોનું વર્ણન અમે આ પ્રકરણમાં કર્યું એનું ફરીથી વાંચન કરો ! **(પેજ નં. ૮૨ નો જવાબ)**

## ★ ઈમામ અહમદની બેઈજ્જતી ★

ભરોસાપાત્ર કિતાબોની વાત નથી, એની કોઈ સનદ પણ નથી, આ પ્રમાણેની વાતો મુજતહિદ ઈમામોને બેઈજ્જતી કરવા માટે લખવામાં આવી છે, અને સાચી પણ હોય તો એ તે સમયની વાત છે, હાલની નથી, તો જો તમારી ભૂલ થતી હોય કે તમે પોતાને એ વલીઓ માફક સમજતા હોય તો એને દિમાગથી કાઢી નાખશો ! ક્યાં તમે અને ક્યાં તેઓ ?! એ નિસ્બત ખાકરા બે આલમે પાક ! **(પેજ નં. ૮૩, ૮૪નો જવાબ)**





## ★ નબીની શરીઅત પર ચાલો ★

નબી થી વધીને મખ્લૂકમાં કોણ છે ? જ્યારે અલ્લાહના નબી સર્વથી મહાન હોવા છતાં જે શરીઅત પર અમલ કરી આપણને અમલ કરવાનું કહેતા હતા એમનો વિરોધ કરનારને જરૂરથી એના વિરોધ પ્રમાણે ફત્વો આપવામાં આવ્યો અને આવશે, જેને ફત્વો ન જોઈતો હોય તેણે વ્યવસ્થિત શરીઅત મુજબ રહેવું જોઈએ, ફત્વો આપનાર પાગલ નથી, તેઓ દીનના રક્ષક છે, લોકો અલ્લાહના દીનને છોડીને મનમાની કરશે તો દીનના રક્ષણ માટે સાચા અને જૂઠાને અલગ કરવામાં આવશે, દરેકને ફત્વો આપવામાં આવ્યો હતો એ સાબિત કરો તો તમારી વાત માન્ય રહે, જેના પર લાગી શકે એવો હોય તો લગાડવો જ જોઈએ, જો આમ કરવામાં ન આવે તો દીનને લોકો ખિચડો બનાવી નાખે ! જેમ તમે લોકો ખોટી તા'લીમથી ખિચડો બનાવવાના પ્રયાસો કરો છો, અને કશું ન આવડવા છતાં દીનમાં કૂદકા મારો છો ! **(પેજ નં. ૮૬ નો જવાબ)**

## ★ સૂરતની શાને નુઝૂલ ★

પેજ નં. ૮૬ પર સૂરએ ફુર્કાન, પારા–૧૮, આયત–૨૦ અને અમે તમારામાંથી એકબીજાની પરીક્ષા બનાવ્યા. ખઝાઈનુલ ઈર્ફાનમાં છે આ આયત મુસલમાન ફકીરોની પરીક્ષામાં ઉતરી જેમની કુરૈશના કાફિરો મજાકો ઉડાવતા અને કહેતા હતા કે સૈયદે આલમ મુહમ્મદ મુસ્તફા ના પાછળ ચાલનારા આ લોકો છે જે અમારા ગુલામ અને બેઈજ્જત છે, અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી અને ઈમાનવાળાઓને ફર્માવ્યું. *(ખઝાઈનુલ ઈર્ફાન, પેજ–૬૫૦, ઝિયાઉલ કુર્આન, પબ્લિકીશન્ઝ)*

આ આયતોને સૂફીઓ પર લગાડવામાં આવતા ફત્વાઓ સાથે જોડવામાં આવી. ખોટુ કરનારે એનાથી તૌબા કરી લેવી જોઈએ, તો ફત્વો આવ્યો હોય એ પણ ચાલ્યો જાય, ઈસ્લામ તરફથી એક જમાઅત માટે અમ્ર બિલ મઅ્રૂફ અને નહી અનિલમુન્કર (સારી વાતોનો હુકમ આપવો અને બુરી વાતોથી રોકવું) જરૂરી કરવામાં આવ્યું છે એટલે જે

નમાઝ ન પઢતો હોય એને ફાસિકનો ફત્વો આપીશું પછી તે કોઈ પણ હોય ! નમાઝનો ઈન્કાર કરે અથવા એને જરૂરી ન સમજે એને કાફિરનો ફત્વો આપીશું, નબીની મુઅક્કિદા સુન્નતને સતત છોડે એને ગવાહીના કાબિલ પણ નહીં માનીશું.

અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

اِنْ اَوْلِيَآؤُهٗۤ اِلَّا الْمُتَّقُوْنَ "બેશક ! **અલ્લાહના વલીઓ શરીઅત પર ચાલનાર જ હોય** છે."

**"નબીની પાછળ ચાલો અલ્લાહ તમને મહબૂબ બનાવશે."**

મહબૂબ નબીની પાછળ ચાલીને જ બનતો હોય છે. ફત્વો વિરોધ જાય એને આપે, સત્ય હોય એને ન આપવામાં આવે !

અલ્લાહ તઆલાએ જે શરીઅત આપણા અમલ માટે ઉતારી એના પર અમલ કરવો સર્વના માટે છે, સહાબા દરેક વલીથી ઉંચા પદે હોવા છતાં જાહેરી શરીઅત વિરુધ્ધ ન ગયા, સહાબાથી વલીઓમાં મોટા કોણ છે બતાવો એની વાત માની લઈએ. નબીએ ફર્માવ્યું, હક્ક આ છે જેના પર હું છું અને મારા સહાબા છે એના પર ચાલનાર હક્ક છે. જ્યારે સહાબાએ જાહેરથી વિરોધ ન કર્યો, એના વિરોધમાં ન ચાલ્યા તો એ જ નજાતનો માર્ગ છે એની વિરોધમાં કોઈ વાત દલીલ અને પુરાવો નથી.

જે વલીઓ મજઝૂબ હોય એમનાથી શરીઅત ઉઠી જાય છે, એમને માફ રાખવાનો મતલબ મજઝૂબ હોવું છે, જે મજઝૂબ ન હોય એને જાહેરી શરીઅતના વિરુધ્ધ વર્તવાની રજા નથી અને દીનનો રક્ષક એને માફ કરશે નહીં. મુજદ્દિદ અલ્ફેષાનીએ બતાવ્યું : "પુરાવો રજૂ થઈ ગયો" શરીઅત જ મૂળ છે અને તરીકત હકીકત એના જ પ્રકારથી. પછી શરીઅતથી કોઈના ખસવાની વાત જ નથી.

## ★ ખિઝર ગયબમાં કેમ ?! ★

હઝરત મૂસા عليه السلام એ વાત વાતમાં હઝરત ખિઝરનો વિરોધ કર્યો





એ બતાવવા કે જાહેર શરીઅત પર અમલ જરૂરી છે એના વિરુધ્ધ વર્તન પર માફ રાખવામાં નહીં આવે. હઝરત ખિઝર ગયબના ઈલ્મ પ્રમાણે અમલ કરે છે એટલે એમને પણ ગયબમાં રાખવામાં આવ્યા છે, આપ જીવંત છે પણ લોકોથી ગયબમાં છે, ગયબમાં એટલા માટે જ રાખવામાં આવ્યા કે કોઈ એમનાં કામોને પોતાના માટે દલીલ ન બનાવે. ખુલાસો એ કે અલ્લાહે જે શરીઅત આપી એ કિયામત સુધીની છે, એના પ્રમાણે જ ફેંસલો કરવામાં આવશે, એનાથી ખસવામાં નહીં આવે.

## ★ શરીઅતથી ખસનાર પબ્લિકમાં ન રહે ★

જે શરીઅતથી ખસીને જ પોતાનો તસવ્વુફ જાહેર કરવા માંગતો હોય એને પબ્લિકમાં રહેવાની જરૂરત નથી, તેઓ જંગલમાં રહે, લોકોથી અલગ રહે એમને જે કરવું હોય એ કરે, કોઈ જોશે તો બોલશે, જોશે નહીં તો બોલે પણ નહીં, જ્યારે અલ્લાહે જાહેરી શરીઅતની પાબંદી કરવાનું કહ્યું તો એ કરવામાં આવશે, જેનો હુકમ નથી એની પાબંદી કોઈના પર નથી.

## ★ ત્રીજા બાબ (પ્રકરણ)નો અંતિમ જવાબ ★

ત્રીજા બાબ (પ્રકરણ)નો અંતિમ જવાબ છે કે તા'ઝીમી સિજદો ગયરે ખુદા માટે હરામ છે અને લેખક કહે છે જાઈઝ છે, તો પછી જે કિસ્સાનો સંબંધ સિજદા સાથે છે જ નથી એનું લખાણ કિતાબના હેતુથી દૂરનો પણ સંબંધ રાખતું નથી, અને જે વાક્યા લખવામાં આવ્યા એ સામાન્ય આધાર વિનાની કિતાબોના છે, આધાર વિનાની વાતોથી નબીની આધારવાળી વાતો કેમ છોડવામાં આવે ? કુર્આનની મૂળ દીનની વાતો કેમ છોડવામાં આવે ? પુરાવો કુર્આન અને હદીષથી આપો જે સંપૂર્ણ રક્ષણ સાથે રાખવામાં આવી છે, એ જે વાતો છે મુનાઝરાની શર્તો પ્રમાણે માન્ય નથી, વાત સિજદાની ચાલે છે અને કિતાબનું લખાણ બુઝુર્ગોના મર્તબાથી થઈ રહ્યું છે, સવાલે ચુની જવાબે દીગર !

## ★ તૌબા કોણ કરે ?! ★

મકાશફતુલ ગૂયુબના પેજ નં. ૯૨ નો જવાબ એ છે કે **નબીની**

**હદીષોનું વર્ણન અને કુર્આનની આયતોનો તર્જુમો બતાવવો અને દીનની એકમતિના મસ્અલાથી લોકોને વાકિફ કરવા બુઝુર્ગોની દુશ્મની હોય તો શું નબીની હદીષો બુઝુર્ગોની દુશ્મન છે ? કુર્આનની આયતો બુઝુર્ગોની દુશ્મન છે ? જ્યારે આયતો અને હદીષો દુશ્મન નથી તો પછી આયતો અને હદીષો બતાવનાર દુશ્મન કેમ હોય ?! જેઓ જાણી જોઈને કુર્આનનો અને હદીષોનો વિરોધ કરે એ કુર્આન અને હદીષના દુશ્મન છે,** તૌબા એ કરે જે કુર્આન અને હદીષ વિરુધ્ધ માર્ગ લે. ઉલ્ટાચોર કોતવાલકો દંડે !

## ★ કુર્આન હદીષ ખુશ્ક નથી ! ★

મકાશફતુલ ગુયૂબ, પેજ નં. ૯૩ નો જવાબ એ છે કે આલિમો કુર્આન અને હદીષના તાબે છે એનાથી ખસતા નથી ખસવા દેતા નથી, અમ્ર બિલ મઅ્રૂફ નહી અનિલ મુન્કર (સારી વાતોનો હુકમ આપવો બુરી વાતોથી રોકવું) કુર્આન અને હદીષના ફર્માન પર આધારિત છે, લોકોની મનમાની વાતો નહીં, તમે કહ્યું, જે આલિમો પકડ કરે છે તે ખુશ્ક આલિમો છે. તો શું તમે કુર્આન અને હદીષને ખુશ્ક માનો છો ! જો તમારા ત્યાં કુર્આન અને હદીષ ખુશ્ક હોય અને અમલના લાયક ન હોય તો એનું નામ બતાવો જે તમે માનો છો એનો આધાર હોય ! તમારે તો વાત વાત પર તૌબા કરવી જોઈએ ! ફરક એટલો છે તમે બજારી કિતાબોને આધાર બનાવો છો અમે કુર્આન અને હદીષને આધાર બનાવીએ છીએ ! બજારી વાતોમાં મસ્તી મજાક હોય એટલે એ સારી જ લાગે ! શરીઅતની પાબંદી બતાવે એટલે વાસનાના ભૂખ્યા લોકોને એ ખુશ્ક જ લાગે !

## ★ માર્ગદર્શક શું કરે ?! ★

વલીઓ અને આલિમો જે પબ્લિકમાં રહે છે પબ્લિકના માર્ગદર્શક છે, માર્ગદર્શક એવા કામો કરે જેનાથી પબ્લિકને માર્ગ મળે, જે વાતો શરીઅત વિરુધ્ધની હોય એને પબ્લિકમાં કરવામાં આવે તો પબ્લિક ખોટી વાતોને માર્ગદર્શન સમજી અપનાવે તો એ બને નહીં બગડે, તો





માર્ગદર્શક દીનથી ખસે કેમ ? હું કહું છું ખસનાર માર્ગદર્શક ન બને અને લોકોથી દૂર રહે, વાતો બનાવો નહીં ! હિંમત હોય તો સ્પષ્ટ શબ્દોમાં એલાન કરો કે શરીઅત પર અમલ જરૂરી નથી ! તો અમે સ્પષ્ટ શબ્દોમાં તમારા પર ફત્વો લગાડી આપીએ અને તમારા થકી સુન્નીઓના ગુમરાહ થવાની ચિંતાથી મુક્ત થઈ જઈએ ! **(પેજ નં. ૯૪, ૯૫, ૯૬ નો જવાબ)**

## ★ ઝઘડો કરનાર કોણ ?! ★

જે લોકો અલ્લાહ અને રસૂલના ફર્માન અને એમની શરીઅતથી ખસે એ લોકો ઝઘડો કરી રહ્યા છે કારણ કે, એમના માટે લોકો ફત્વો મંગાવે, અને માનવાવાળાઓ લડે, ઝઘડો ખત્મ કરવો હોય તો સર્વ શરીઅત પર આવી જાય, શરીઅત પર રહેનારને શા માટે કોસવામાં આવે ?!

## ★ વિલાયતનો ઈન્કાર કોણ કરે ? ★

મકાશફતુલ ગુયૂબ, પેજ નં. ૧૦૦ નો જવાબ એ છે કે વિલાયતનો ઈન્કાર કોઈ નથી કરી શક્તો, પણ વલી શરીઅતની વિરુધ્ધ જતો પણ નથી, શરીઅત છોડનાર વલી હોતો જ નથી ! પછી એના ઈન્કારનો સવાલ જ ક્યાં ઉપસ્થિત થયો ?!

## ★ કયા આલિમની બુરાઈ ? ★

**પેજ નં. ૧૦૧ થી ૧૦૪ સુધીનો જવાબ :** જે આલિમમાં દુનિયા પરસ્તી હોય અને શરીઅતથી ખસીને કોઈને બેઈજ્જત કરવા માંગતા હોય, જેમ કે વર્તમાનકાળમાં ઘણા મૌલ્વીઓ છે જે પૂરા દુનિયાપરસ્ત છે અને પોતાનો ઉલ્લુ સીધો કરવા બીજાથી રોકતા હોય છે, પણ જે દીનદાર હોય અને અલ્લાહ અને રસૂલના સ્પષ્ટ બયાનોથી વાત કરતો હોય કોનામાં હિંમત છે કે એનો ખોટો કહે ?

## ★ શરીઅત વિરુધ્ધ વર્તનારની પકડ જરૂરી છે ★

જે શરીઅત વિરુધ્ધ ચાલતો હોય એની પકડ અલ્લાહનો કાયદો

છે, જેને એ પકડમાં ન આવવું હોય એ શરીઅત સાથે રહે, વલીઓ શરીઅતથી ખસતા નથી. **(પેજ નં. ૧૦૫ નો જવાબ)**

## ★ મુજદ્દિદે અલ્ફેષાનીની મુરાદ ★

મુજદ્દિદે અલ્ફેષાની رحمۃ اللہ علیہ એ જે મૌલ્વીઓની બુરાઈ કરી તેઓ એ આલિમો છે જેમણે દીને ઈલાહીની તહરીક નષ્ટ કરવામાં હઝરત મુજદ્દિદનો સાથ ન આપ્યો, અને અકબર, પછી જહાંગીરની હા માં હા મેળવતા રહ્યા એની બુરાઈ કરી, અને નિઃશંક ! એમની બુરાઈ કરવી જોઈએ, જે દુનિયાનો માલ લેવા અલ્લાહના દીનને બરબાદ કરવાનું કામ કરી લે. **(પેજ નં. ૧૦૬ નો જવાબ)**

## ★ ઈલ્મના તફાવતનો મતલબ ★

ઈલ્મનો તફાવત જે મુજદ્દિદ સાહબે લખ્યો એમાં ઉલમા અને સૂફીઓના ઈલ્મના તફાવતમાં વિરોધની વાત નથી કે એકનું ઈલ્મ બીજાની વિરુધ્ધ છે બલ્કે ફર્માવ્યું, જોવા ન જોવાનો ફરક છે, ઈલ્મ તો એક જ છે, તમે વિરુધ્ધ બતાવવા માંગતા હોય તો તદ્દન ખોટી વાત છે. **(પેજ નં. ૧૦૭ નો જવાબ)**

## ★ પીરના અનુસરણનો મતલબ ★

મુજદ્દિદ સાહબે પીરના અનુસરણની વાત કરી તો એના પહેલાં લખ્યું, નબીનું અનુસરણ ફર્ઝ છે પછી લખ્યું પીરનું અનુસરણ કરો, **કારણ કે પીર લાયક હોય તો એ નબીની શરીઅતથી ખસશે નહીં,** તો એમાં તો સારી જ વાત છે શરીઅત જે શિખવાડે એનું અનુસરણ કરી લેવું જોઈએ ! **(પેજ નં. ૧૦૮ નો જવાબ)**

## ★ પૂરા બાબ (પ્રકરણ)નો જવાબ ★

મકાશફતુલ ગુયૂબ, પેજ નં. ૯૨ થી પેજ નં. ૧૦૮ સુધીનો એક સાથે જવાબ એ છે કે વાત સિજદએ તા'ઝીમની ગયરે ખુદા માટે જાઈઝ હોવાની ચાલી રહી છે, જે બુઝુર્ગોની વાતો બયાન થઈ એમાંથી એકમાં પણ એના પુરાવાની વાત નથી, અલ્લાહ જાણે ! કેમ એ વાતો બયાન કરી ?





## ★ નિચોડ આવ્યો ક્યાંથી ?! ★

મકાશફતુલ ગુયૂબ, પેજ નં. ૧૦૮ પર નિચોડમાં સિજદએ તા'ઝીમની વાત કરી જ્યારે બાબમાં કોઈ જગાએ એનું વર્ણન નથી. મુજદ્દિદ સાહબની વાત લખી છે તો પુરાવા એમના પત્રોથી અહીં રજૂ થયા કે આપ એને હરામ સમજતા હતા, તો મુજદ્દિદે અલ્ફેષાની અહલે તરીકતને ન જાણતા હતા ? તમે તો ખૂબ સખાવતથી એમનાં વખાણ કર્યા છે તો એમની વાતને માની લો !

## ★ આગલા પ્રકરણો જુઓ ★

સિજદએ તા'ઝીમના હરામ હોવા વિશે પુરાવાઓનું વર્ણન થઈ ગયું ત્યાંથી પ્રાપ્ત કરો. **(૧૦૯ થી ૧૧૭નો જવાબ)**

## ★ કુર્આનમાં નથી તો શું ? ★

મકાશફતુલ ગુયૂબ, પેજ નં. ૧૧૮ પર લખવામાં આવ્યું કે તા'ઝીમી સિજદો ગયરે ખુદા માટે હરામ છે એનો ઉલ્લેખ કુર્આનમાં નથી. જ્યારે અમે તફસીરોના પુરાવા સાથે હરામ સાબિત કરનાર આયતનું વર્ણન કરી ગયા એટલે આયત નથી કહેવું જહાલત છે, અને લેખક છે પણ જાહિલ જ ! તો જહાલતની શું ફરિયાદ ? બીજું એ કે હું તમને એ હદીષ બતાવી ગયો કે "અમુક લોકો આવશે જેઓ કુર્આનને પકડવાનું કહેશે અને મારી હદીષનો અસ્વીકાર કરશે." તો તમે એ લોકોમાંથી જ લાગો છો કે કહો છો કુર્આનમાં હરામ હોવાની વાત નથી, તો ચાલીસ હદીષો હરામ હોવા પર વર્ણન થઈ એ ક્યાં ગઈ ? નંબર હોય તો ચશ્મો કઢાવો !

## ★ પોતાની જ ખિલાફ દલીલ ! ★

પેજ નં. ૧૧૯ પર રદુલ મુહતારનો પુરાવો છે પણ લેખકને નામ ખબર નથી એટલે રદુલ મુખ્તાર લખ્યું, રદુલ મુખ્તાર કોઈ કિતાબ જ નથી. દુર્રે મુખ્તાર છે, પણ જાહિલની શી ફરિયાદ ! સાત ખૂન માફ કરીને જ ચાલવાનું ! એ લખાણ આ છે :–

ફિકહના કાયદા, કાનૂનની કિતાબોમાં સાબિત છે કે અમારાથી પહેલાંની શરીઅત અમારા માટે દલીલ છે જ્યારે અલ્લાહ અને એના રસૂલે ઈન્કાર વગર બતાવ્યું, અને એનું મન્સૂખ હોવું પુરવાર ન થયું હોય. આયતના ઉતરવાનો ફાયદો ત્રીજા હુકમનું થવું છે અને એ પોતાના બાકી રહેવામાં દલીલની જરૂરત નથી.

આ લખાણમાં કહેવામાં આવ્યું કે આગલી શરીઅતની કોઈ વાત વર્ણન થઈ હોય અને એનો ઈન્કાર અલ્લાહ અને રસૂલ તરફથી ન હોય તો એ પુરાવો બને અને આપણી શરીઅતનો કાયદો બને. પણ તા'ઝીમી સિજદાના હરામ હોવા પર નબી કરીમ ની ૪૦ હદીષો અમે વર્ણન કરી. **જ્યારે નબી તરફથી નકાર આવી ગયો તો હવે આગલી શરીઅતની વાત આપણા માટે ક્યાં જાઈઝ રહી ?** તો આ પુરાવો લખ્યો છે પણ વાસ્તવમાં લેખકની વિરુધ્ધ છે ! પોતાના દાવાને નષ્ટ કરનાર દલીલને પોતાના વિવાદનો પુરાવો માનવો કેટલી મોટી જહાલત અને મૂર્ખાઈ કહેવાય ! એને દરેક માણસ સમજી શકે છે.

## ★ રદુલ મુહતારે મન્સૂખ સાબિત કર્યું ★

ઉતરોક્ત પુરાવો એટલા માટે રજૂ કર્યો કે એ સાબિત કરે આગલી શરીઅતની વાત આપણા માટે કરવાનો પુરાવો છે પણ એ ન જોયું કે નબી એ એનો ઈન્કાર ન કર્યો હોય, અને નબી એ મનાઈ કરી એટલે એ હુકમ બાકી ન રહ્યો. બીજી વાત અમે એ કિતાબના પુરાવાથી લાવીએ છીએ :–

એક મંતવ્ય છે કે સિજદો આદમ માટે હતો સ્વાગત અને ઈજ્જતનો પછી એ નબીએ પાક ના આ ફર્માનથી મન્સૂખ થઈ ગયો કે **જો હું**





**કોઈને બીજા કોઈના માટે સિજદાનો હુકમ કરતો તો ઔરતને એના પતિ માટે સિજદાનો હુકમ આપતો.** *(રદુલ મુહતાર, ભાગ–૫, પેજ ૨૪૬)*

**જે કિતાબનો પુરાવો માન્ય રાખીને લેખકે વર્ણન કર્યો એમાં સ્પષ્ટ શબ્દોમાં આપણી શરીઅતમાં મન્સૂખ હોવું સાબિત થયું અને જે હદીષથી એ મન્સૂખ થયું એનું પણ વર્ણન કર્યું, શું હવે તૌબા કરશો ?!** (વધારે આત્મશાંતિ માટે ફિકહવાળુ પ્રકરણ વાંચો !)

## ★ નકલ માટે અક્કલ જોઈએ ! ★

પુરાવો આપવો અને એને નકલ કરવું સરળ નથી એના માટે અક્કલની અને દલીલમાં સંશોધનની જરૂરત હોય છે. જહાલતની મિત્રતાથી કામ બને નહીં, બનતું કામ પણ બગડે ! અહીં લેખકે આમ જ કર્યું કે જે વાતોને મકસદથી દૂરનો પણ સંબંધ નથી બલ્કે જે દલીલો એમની વિરુધ્ધ છે એને પણ પોતાની સહાયક સમજીને વર્ણન કરી ! એટલા માટે ફારસીમાં કહેવામાં આવે છે, "નકલરા અક્લ બાયદ" ઉપરોક્ત પુરાવા પછી એની જેવા બીજા પુરાવા ફિકહી કાયદાની કિતાબોના પણ એની જેવા જ છે કે **અલ્લાહ અને રસૂલ તરફથી મનાઈ ન આવી હોય તો આગલી શરીઅતની વાત આપણા માટે દલીલ બને, અને ઈન્કાર આવ્યો હોય તો નહીં, પણ તા'ઝીમી સિજદામાં નબીએ એક વખત નહીં વારંવાર મનાઈ કરી કે એના હરામ હોવામાં કોઈને પણ શંકા ન રહે.** તફસીરો માટે તફસીરનું પ્રકરણ જુઓ. **(પેજ નં. ૧૨૦ નો જવાબ)**

## ★ તફસીરે ખાઝિન ★

પેજ નં. ૧૨૧ પર ખાઝિનમાંથી કાંઈક લખવામાં આવ્યું છે અને એનો પુરાવો આપવામાં આવ્યો છે, પણ હું તમને કહું છું કે જે લોકોને અરબીનો કક્કો ન આવડે એ તફસીરની મહાન કિતાબોમાં ક્યાં નજર કરવાના છે ! કોઈનું લખાણ હોય તો એમાંથી કોપી કરી ખાય ! સમજ

નહીં એટલે એમાં પણ ગોઠાં મારતા જાય ! પુરાવામાં લખ્યું છે :–

હમસે પહોંલોકી શરીઅત થી તો ઉસકી તા'લીમ હમ પર ભી લાઝિમ હો ગઈ, અલબત્તા ઉસકી નહીં જો ઉસમેંસે સાફ સાફ મન્સૂખ (રદ) હો ગઈ હો.

આ ખાઝિનની તફસીરના પુરાવાથી નકલ કર્યું છે એમાં છે કે **આગલી શરીઅતની વાત આપણી શરીઅતમાં મન્સૂખ ન થઈ હોય અને એમાં રદ કરવામાં ન આવ્યો હોય તો એના પર અમલ થશે, પણ એ જ ખાઝિને તા'ઝીમી સિજદાને ગયરે ખુદા માટે કરવાવાળી વાતને આપણી શરીઅત માટે મન્સૂખ માની, જેનો પુરાવો આપ્યો એમણે જ મન્સૂખ હોવું પણ બતાવ્યું !**

"આ ગયા સય્યાદ ખૂદ અપને જાલમેં !"

ચાહ કનરા ચાહ દર પેશ એટલે ખાડો ખોદે એ પડે !

## ★ ઈમામે ખાઝિનનું મંતવ્ય ★

"એ સિજદો સ્વાગત અને તા'ઝીમનો હતો ઈબાદતનો નહીં, જેમ કે હઝરત યૂસુફના ભાઈઓનો સિજદો અલ્લાહના આ ફર્માનમાં (એમણે એને સિજદો કર્યો) પછી જ્યારે ઈસ્લામ આવ્યો એ સિજદો સલામથી નષ્ટ થઈ ગયો એનો હુકમ બાકી ન રહ્યો." *(તફસીરે ખાઝિન, ભાગ–૧, પેજ–૪૮)*

જે ખાઝિનથી એક અધ્ધર વાત લખી હતી આ સ્પષ્ટ વાત છે જેમાં આપણી શરીઅતમાં એનો હુકમ ઉઠી ગયો એને સ્પષ્ટ કરવામાં આવ્યું. **(૧૨૧ થી ૧૨૬ નો જવાબ)**

૧૨૭ થી ૧૩૩ સુધીનો જવાબ અમારા તફસીરના પ્રકરણ અને હદીષના પ્રકરણમાં જુઓ, તમને કોઈ શંકા તા'ઝીમી સિજદાના આ શરીઅતમાં હરામ હોવા પર બાકી નહીં રહે.





## ★ સમજો પછી લખો ! ★

૧૨૯ પર જે હદીષ લખવામાં આવી "મેરા કલામ અલ્લાહ કે કલામ કો રદ નહીં કરતા." આ હદીષ વિશે મુહદ્દિષે દહેલ્વી અબ્દુલ હક્ક رحمۃ اللہ علیہ ખુલાસો કરતાં લમઆતમાં વર્ણન ફર્માવે છે :–

"નસ્ખ બર ચહાર કિસ્મસ્ત, નસ્ખે કિતાબ બકિતાબ, નસ્ખે હદીષ બહદીષ, નસ્ખે કિતાબ બહદીષ, વનસ્ખે હદીષ બકિતાબ ઈં હદીષ મન્સૂખસ્ત." *(લમઆત, ભાગ–૧, પેજ–૧૫૦)*

રદ થવાના ચાર પ્રકાર છે કિતાબનો રદ કિતાબથી, હદીષનો રદ હદીષથી, કિતાબનો રદ હદીષથી, અને હદીષનો રદ કિતાબથી, ઉપરોક્ત હદીષ વિશે લખવામાં આવ્યું આ હદીષ મન્સૂખ છે.

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કહ્યું કે અલ્લાહના રસૂલ એ ફર્માવ્યું :

"બેશક ! મારી હદીષો કુર્આનને રદ કરવા માફક એકબીજાને રદ કરે છે." *(મિશ્કાત, કિતાબુલ ઈઅતિસામ)*

આના વિશે મુહદ્દિષે દહેલ્વી અબ્દુલ હક્ક رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"વ ઈં હદીષ નાસિખે સાબિક બાશદ" આ હદીષ ઉપરવાળી હદીષને રદ કરનાર છે. (હદીષથી કુર્આન રદ થઈ શકે છે.) *(લમ્આત, ભાગ–૧, પેજ–૧૫૦, કુતુબખાના મજીદિયા, મુલ્તાન)*

## ★ મુહદ્દિષે દહેલ્વી પર આક્ષેપ ★

પેજ નં. ૧૩૩ પર હઝરત મુહદ્દિષે દહેલ્વી અબ્દુલ હક્ક رحمۃ اللہ علیہ નાં એટલાં વખાણ કર્યાં છે કે મને એવું લાગે છે ખાનકાહી જાહિલો જે તા'ઝીમી સિજદાને જાઈઝ હોવાનો નવો ફિત્નો લઈને ચાલે છે, ગુમરાહ થયા છે અને લોકોને ગુમરાહ કરે છે તેઓ મુહદ્દિષ સાહબની કોઈ વાતનો અસ્વીકાર કરશે નહીં ! એટલે જે વાતો આપની વર્ણન થઈ જેનાથી ગુમરાહોની દલીલો નષ્ટ થઈ ગઈ તે જરૂરથી કબૂલ હશે. અહીં અમે તમને એ બતાવીશું કે મુહદ્દિષ સાહબનું નામ લઈને લખાણ કરવામાં આવ્યું અને એમાં એવો વધારો કરવામાં આવ્યો જે એમનો નથી બલ્કે

પોતાની વાત માનવા મુહદ્દિષ સાહબ પર આક્ષેપ લગાડવામાં આવ્યો.

## ★ મૂળ કિતાબ લમઆત ફારસી ★

હઝરત અબૂ હુરૈરહ્‌થી રિવાયત છે, તેમણે કહ્યું, અલ્લાહના રસૂલ એ ફર્માવ્યું :–

અગર મી બુદમ મન કે અમ્ર મીકરદમ યકેરા કે સિજદા કુનદ મરયકેરા.

**જો હું કોઈને હુકમ કરતો કે સિજદો કરે કોઈને.**

હર આઈના અમ્ર મીકરદમ ઝનરા કે સિજદા કુનદ બરાએ શોહરે ખૂદ.

**જરૂરથી હું હુકમ કરતો સ્ત્રીને કે સિજદો કરે પોતાના શોહર માટે.**

દરીં મુબાલગા વ બયાને અમ્રે કમાલે વુજૂબે તાઅતે ઝૌજસ્ત બરઝન.

**આમાં વધારે શોખ અપાવવું છે અને સ્ત્રી માટે પતિનું માનવું વાજિબ છે એના કમાલનું વર્ણન છે.** (તિર્મિઝીએ આની રિવાયત કરી.) *(લમ્આત, ભાગ–૩, પેજ–૧૫૪, બાબ : ઉશરતુન્નિસાઅ, ફસ્લે ષાની)*

## ★ મુસલમાનો ! પકડ કરો ! ★

શરહમાં આટલું જ લખાણ છે એનાથી અધિક કશું જ નથી ! એ પછી નવી હદીષની શરૂઆત છે, તો હવે મુકાશફતુલ ગુયૂબમાં પેજ નં. ૧૩૩ જુઓ, મુહદ્દિષ સાહબના લખાણના પુરાવાથી કેટલો વધારો કરવામાં આવ્યો છે. આ છે આક્ષેપ મુહદ્દિષ સાહેબ પર, જૂઠો માણસ જૂઠો જ હોય છે એ જૂઠુ બોલ્યા વગર પોતાની વાત સાબિત કરી શક્તો નથી. એક જૂઠ સિત્તેર જૂઠ બોલાવે, એ પ્રમાણે ખોટા ખોટા પુરાવા અને એમાં પણ જૂઠનો સહારો, ખુદા બચાવે, એમની પાસે અવામે મુસ્લિમ





જવાબ માંગે કે જૂઠુ બોલીને મુસલમાનોને કેમ ગુમરાહ બનાવે છે ? (મકાશફતુલ ગુયૂબમાં પેજ નં. ૧૩૬ સુધી એ ખોટા લખાણ અને આક્ષેપની છણાવટ છે જેને મુહદ્દિષ સાહબથી દૂરનો પણ સંબંધ નથી.)

## ★ પાછલું પ્રકરણ જુઓ ★

મકાશફતુલ ગુયૂબમાં ૧૩૬ પેજ પર નંબર ૯ થી જે વાતો લખવામાં આવી છે એમાં એક હદીષથી નિર્ણય લેવામાં આવ્યો છે, જ્યારે કે મનાઈમાં એક જ હદીષ નથી કે એના જાહેરી શબ્દોને કુલ હુકમ બનાવી લેવામાં આવે, હદીષના પ્રકરણમાં જુઓ **ચાલીસ હદીષો, એમાં સ્પષ્ટ નકારાત્મક હુકમ પણ છે,** પછી આ ખુલાસો ગુમરાહીનો ગુમરાહો તરફથી પબ્લિકને મૂર્ખ બનાવવા માટે છે.

મકાશફતુલ ગુયૂબના પેજ નં. ૧૩૭ થી ૧૩૯ માટે પાછલા પ્રકરણોનું વાંચન કરો, કોઈ વ્યક્તિ પોતે એ ન જાણી શકે કે હદીષો આ વિશે કેટલી છે, અને એનાથી તવાતૂર સાબિત થાય છે કે નહીં, એ બધુ લખનારની પહોંચ ન હોવાની દલીલ છે. મહાન મહાન આલિમોના પુરાવા જુઓ અને ન્યાયથી ફેંસલો કરો. બીજું એ કે કિતાબો અમારી પાસે હતી એનાથી અમે બતાવ્યું કે આ કિતાબમાં ખોટા પુરાવા લખવામાં આવ્યા છે, જો આ તફસીર જેનું ખાનકાહી ગુમરાહે વર્ણન કર્યું છે અમારી પાસે હોત તો અહીં એમને નગ્ન કરી આપવામાં આવત. (જો એ તફસીર મળી આવશે તો **"બરકાતે ખ્વાજા" (માસિક)**માં લેખ આવી જશે.)

## ★ મદારિજુન્નબુવ્વતનો પુરાવો અને ખોટી દલીલ ★

મકાશફતુલ ગુયૂબના પેજ નં. ૧૩૬ પર જે મદારિજુનનબુવ્વતનો પુરાવો લખવામાં આવ્યો છે એમાં એમના સિજદાનો કોઈ જ ઉલ્લેખ નથી !

"આંગાહ અઝ શરમિંદગી સર દર પેશ અફગંદ" શરમથી હઝરતે ઈકરમાએ માથુ નમાવી લીધુ આપની સામે.

શરમથી માથુ નીચુ કરી લેવું તો એ પ્રમાણે શરમ વખતે દરેક

જ કરતો હોય છે, એને સિજદાના અર્થમાં લેવું પબ્લિકને ધોકો આપવો છે, મુસલમાનો મક્કારોને ઓળખો અને પોતાને એનાથી બચાવો !

## ★ મસ્નવી અને ખોટી દલીલ ★

મકાશફતુલ ગુયૂબના પેજ નં. ૧૪૦ થી ૧૪૨ પર **મસ્નવી શરીફના અમુક શેઅરોનું વર્ણન થયું છે, એમાં પગ ચૂમવાનો ઉલ્લેખ છે. સિજદાનો કોઈ જગાએ ઉલ્લેખ નથી, પછી સિજદા માટે એને પુરાવામાં લાવવું તદ્દન ખોટું છે.** હઝરત ઈસા અને યહ્યા ની જે વાત લખવામાં આવી એ આગલી શરીઅતની વાત છે, અને પેટમાંનું બાળક અંદર છે જમીન પર માથુ રાખવાનો અર્થ ક્યાંથી આવ્યો ?! અને માની પણ લઈએ તો એ શરીઅત એની જગાએ, આપણને આપણી શરીઅતથી મતલબ. બીજું એ કે હદીષ અરબીમાં છે અને આ શાયરી છે અને ફારસીમાં, ફારસીના શબ્દ શબ્દથી અરબી હદીષ પર પુરાવો ન લઈ શકાય. હિંમત હોય તો અરબી હદીષથી પુરાવો લાવો ! **(પેજ નં. ૧૪૩ પર જે છે એના જવાબમાં પાછલા પ્રકરણો જુઓ)**

## ★ સહાબા પર તોહમત ★

મકાશફતુલ ગુયૂબના પેજ નં. ૧૪૪ પર લખવામાં આવ્યું છે કે હદીષમાં સહાબાએ નબીથી ઊંટને સિજદો કરતું જોઈને સિજદાની માંગ કરી તો નબીએ એમને મનાઈ કરી, તો લેખકે કહ્યું, ''યહાં તા'ઝીમી સિજદે કી મના નહીં હય''

જયારે **માંગ તા'ઝીમી સિજદાની હતી તો મનાઈ પણ એની જ થઈ !** જો આ માનવામાં ન આવે તો **શું સહાબાએ નબી પાસે મઆઝલ્લાહ ! ઈબાદતના સિજદાની માંગ કરી હતી ? જે નિઃશંક ! કુફ્ર અને શિર્ક છે,** અને સહાબાને એ જ્ઞાન ન હતું કે ઈબાદત અલ્લાહ સિવાય કોઈની થઈ શક્તી નથી ! તો અહીં સહાબા પર આક્ષેપ લગાડવામાં આવ્યો છે, મુસલમાનો ન્યાય કરે !





## ★ પ્રાણી શરીઅતથી મુક્ત ★

શરીઅત જાનવરો અને પ્રાણીઓ માટે ઉતારવામાં નથી આવી, અને એમની પાસે એવું જ્ઞાન અને સમજ પણ નથી, એટલે એમણે અલ્લાહ તઆલા તરફથી નબીનો મર્તબો બતાવવા તા'ઝીમનો સિજદો કર્યો, તો જાનવર જાનવર છે, તમે લોકો પણ એ સાબિત કરો કે તમે જાનવર છો તો તમને પણ મુક્ત રાખવામાં આવે ! પછી પ્રાણીઓથી પુરાવો લાવવો બેમતલબ છે, જેના માટે શરીઅત નથી એને ચાલવા દીધા અને જેમના માટે શરીઅત છે એમને મનાઈ કરી. **(પેજ નં. ૧૪૫ નો જવાબ)**

## ★ સમજમાં સહાબીથી તમે આગળ છો ? ★

હદીષોથી જે પ્રમાણેની ખોટી દલીલ લેવામાં આવી છે એમને હું કહીશ કે તમે જે સમજી રહ્યા છો એ સહાબા કેમ ન સમજી શક્યા ?! તમે કહો છો કે તા'ઝીમી સિજદાની મનાઈ નથી, મુતલક સિજદાની મનાઈ છે તો સહાબા નબીને મુતલક સિજદો ન કરતાં તા'ઝીમી કરી લેત, પણ એમણે તો એ પણ નથી કર્યો ! સારાંશ કે એ સહાબા સાચા છે તમે ખોટા છો, તમે સહાબા પર આક્ષેપ લગાડો છો, અને પોતાને એમનાથી વધારે જ્ઞાની સમજવા માંગો છો ? એટલે પાસે રહીને જે એઓ ન સમજી શક્યા એને તમે દૂરથી સમજી ગયા ! (અલ્લાહની પનાહ !) **(પેજ નં. ૧૪૬ થી ૧૪૯ સુધીનો જવાબ)**

## ★ તા'ઝીમી સિજદો કુર્આનથી હરામ ! ★

તા'ઝીમી સિજદો કુર્આનથી હરામ છે અને એની આયત અને એ આયતની શાને નોઝૂલ અને એના પર આધારભૂત તફસીરોના પુરાવા રજૂ કરી દેવામાં આવ્યા એને તફસીરના પ્રકરણમાં જોવામાં આવે. **(પેજ નં. ૧૪૯ નો જવાબ)**

## ★ શું તમે શૈતાન છો ?! ★

શૈતાનને હઝરત આદમને સિજદો કરવાનો હુકમ આપવામાં

આવ્યો હતો એણે સિજદો ન કર્યો તો એ હુકમ એના માટે આજે પણ બાકી છે તો એ હુકમ ત્યારથી ચાલ્યો આવ્યો છે.

અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

لَا تَبْدِيْلَ لِكَلِمَاتِ اللّٰهِ અલ્લાહની વાતોનું બદલવું નથી. જ્યાં સુધી એ ન બદલે એટલે એના માટે હજી એ હુકમ છે જે આપવામાં આવ્યો છે, એને એની કઝા કરવી હોય તો કરી લે, જેમ કે નમાઝ ફર્ઝ છે, સમય આવવાથી એનું ફર્ઝ હોવું સાબિત થઈ ગયું, કોઈએ ન પઢી, કઝા કરી, ગુનેહગાર થયો, પણ હુકમ બાકી છે એને કઝા કરવી અને પછી તૌબા કરવી જરૂરી છે, સમય જવાથી જવાબદારી જતી નથી રહેતી, જવાબદારી બાકી રહે છે, અને માફી માટે સાથે તૌબાનો વધારો થાય છે, એટલે અહીં શૈતાનની વાત લાવવી શૈતાન પ્રકારના લોકોનું જ કામ થઈ શકે છે, તમે એ કબૂલી લો કે તમે શૈતાન છો તો શૈતાનવાળો હુકમ તમને આપી દેવામાં આવે ! પણ તમે તો પોતાને ઈન્સાન કહો છો તો પછી ઈન્સાનવાળી વાતને માનો ! **(પેજ નં. ૧૪૯ નો જવાબ)**

(મકાશફતુલ ગુયૂબના પેજ નં. ૧૫૦ થી ૧૬૦ સુધીના જવાબ માટે તફસીર, હદીષ અને ફિકહનાં પ્રકરણનું વારંવાર વાંચન કરો !)

## ★ ફતાવા અઝીઝી ★

"નકલરા અકલ બાયદ" નકલ માટે અક્કલની જરૂરત છે, મૂર્ખ માણસ પોતે ન સમજી શક્તો હોય એને એ ખબર કેવી રીતે થાય કે જે લખાણને એ પોતાનો પુરાવો સમજી રહ્યો છે અને પુરાવો સમજીને લાવી રહ્યો છે, અને મુહદ્દિષ સાહબની કિતાબમાં એનો ઉલ્લેખ જોઈને ખુશ ખુશ થઈ રહ્યો છે, પણ વાસ્તવમાં એ લખાણ મુહદ્દિષ સાહબનું નથી, તફસીરે કેલાબીનું છે અને બીજા કોઈએ એ મસ્અલા પર શંકાઓ ઉપસ્થિત કરી હોય **તો એની શંકાઓનું વર્ણન છે, એ જવાબ નથી ! લોકોની શંકાઓનો ઉલ્લેખ છે,** જેમ કે આપણે આપણી કિતાબમાં દેવબંદીઓની બદ્ અકીદગીથી વાકેફ કરવા એમની કિતાબોથી બદ્અકીદગીનું વર્ણન કરીએ, તો એ લખાણ લેખકનું નથી હોતું પણ લેખક માત્ર એની નકલ પબ્લિકને બતાવતો હોય છે, જ્યારે એ





બદ્અકીદગી પર જવાબ આપે તો એ જવાબ એનું લખાણ હોય છે અને એ એનો મસ્લક, એનું મંતવ્ય અને એનો નિર્ણય હોય છે.

આ ભાઈ ઘણી મહેનત કરીને ફતાવા અઝીઝીની ફોટુ કોપી લાવ્યા અને પોતાની કિતાબમાં લગાડી, પણ એ સમજી ન શક્યા કે મુહદ્દિષ સાહબનો જવાબ શું છે ? જેમને એટલી પણ ખબર ન હોય કે નકલ કોને કહેવાય, અસલ કોને કહેવાય, શંકાનું વર્ણન કોને કહેવાય અને જવાબ કોને કહેવાય ? એવા લોકો આવા મહાન મસ્અલામાં ચર્ચા કરે તો ગુમરાહ કેમ ન બને ?!

## ★ મારો વાયદો પૂરો થયો ★

મેં કહ્યું હતું કે તફસીરે કિલાલી મારી પાસે નથી આવશે ત્યારે બતાવીશ,પણ મુહદ્દિષ અબ્દુલ અઝીઝ رحمۃ اللہ علیہ ના ફતાવામાં એ નામ જોવામાં આવ્યું અને ફત્વાના જવાબમાં મુહદ્દિષ સાહબે એનો ઈન્કાર કરી આપ્યો તો મુહદ્દિષ સાહબ જેમનાથી ઈલ્મ હિંદો પાકમાં આવ્યું, એમના જવાબ પછી અમારા જવાબની જરૂરત નથી, તમારા જ પુરાવાથી મુહદ્દિષ સાહબનો જવાબ અને રદ તફસીરે કિલાલીનો જોઈ લો ! :–

વ જવાબ ઈ શુબ્હા આંનસ્ત કે દરીં તકરીર સરાસર ગફલત અઝ ઈજમાએ કતઈ અસ્ત બર તહરીમે સિજદા, વ ઝહૂલ અન ઝિક્રીન્નાસિખ (ઈન્તિહા).

**હવાલો** : ફતાવા અઝીઝી ફારસી, મતબા મુજતબાઈ–દિલ્લી, પેજ–૧૧૪

**અર્થાત** : આ શંકાનો જવાબ એ છે કે આ તકરીરમાં યકીની ઈજમાએ ઉમ્મતને ભૂલીને છે જે ઉમ્મતનો ઈજમાઅ સિજદાના હરામ હોવા પર છે અને એના રદ કરનાર (નાસિખ)થી નાવકેફ હોવું છે.

તફસીરે કિલાલીની વાતને આપે શુબ્હા (શંકા) કહીને બયાન ફર્માવ્યું, એટલે એની હેસિયત શુબ્હા (શંકા)થી વધીને નથી, વાસ્તવમાં સિજદો ગયરે ખુદાને હરામ જ છે, મુસલમાનોની સંમતિ નિઃશંક ! દલીલ અને પુરાવો છે. અને તા'ઝીમી સિજદાવાળી વાત આગલી શરીઅતની આપણા નબીના ફર્માનથી રદ થઈ ગઈ છે. તમે કહો છો કુર્આનના

હુકમનો નાસિખ નથી, મુહદ્દિષ સાહબ જેમના તમે ઘણા જ વખાણ કર્યા, એમણે બતાવ્યું કે એનો નાસિખ છે અને હુકમ ઉઠી ગયો છે ! જવાબ તમારે આપવાનો છે કે આટલા મોટા મુહદ્દિષ કહે છે કે હુકમ ઉઠી ગયો અને તમે કહો છો બાકી છે ! પછી મુહદ્દિષ સાહબના વખાણ તમે કેમ કર્યા ?! ''સાંપ કે મુંહમેં છછુંદર !'' વખાણ કર્યા ભૂલમાં કે વાત આપણી બની ગઈ ! પણ તમારી મૂર્ખાઈ સામે આવી ગઈ એટલે તમારા માટે તૌબા સિવાય કોઈ માર્ગ ન રહ્યો. (લમ્હોંને ખતા કી થી સદીયોંને સઝા પાઈ)

## ★ ઈનામ જોઈએ છે ?! ★

અમે તો અમારા દીનના રક્ષક બનીને આ માર્ગમાં આવ્યા છીએ એટલે અમારે કોઈની પાસે ઈનામ નથી જોઈતું નહીં તો તમારી પાસે ન્યાય હોય તો તમારે ૫૦ હજારવાળી વાત ભૂલવી ન જોઈએ ! અમને યકીન છે તમારી દરેક વાત ખોટી સાબિત કરીને ઈનામના લાયક બની ગયા છીએ, જો તમારે આપવા જ હોય તો આ કિતાબની કિંમત આપીને લોકોમાં વહેંચી દેશો, તમારા માટે તૌબાનો ઝરીયો બને, અને એ ન કરવું હોય તો કંઈ નહીં ૫૦ હજારની અમારી પાસે કોઈ જ ગણતરી નથી ! જેને તમે પણ સારી રીતે જાણો છો, તો પછી અમારી માંગ તમારાથી તૌબાની છે, જો તમે આટલી છણાવટ પછી પણ માનવા તૈયાર ન થાવ તો તમે જોઈતું હોય એટલું ઈનામ લેવા રેડી થઈ જાવ ! તમે ફતાવા અઝીઝીથી જે વાત સાબિત કરવા માંગો છો એમાં તમારી ભૂલ છે, કોઈ પણ ઈલ્મવાળાને પૂછી લેશો, તમે ગંભીર ભૂલ કરી છે, તમારા પુરાવામાં મુહદ્દિષ સાહબનો જવાબ માત્ર એ છે જે મેં તમારી કિતાબની કોપીથી લખ્યો ! તમે કહ્યું, આ મૂળ કિતાબ છે જેનો પુરાવો છે, તો તમારા પુરાવાથી અમે અમારો પુરાવો બનાવ્યો છે ! અમે જે કહ્યું એ નથી તો તમારે જેટલું જોઈતું હોય તે ઈનામ લઈ જશો ! અને અમે કહ્યું એ જ પ્રમાણે હોય તો તમે તૌબા કરી એનું એલાન કરી લેશો.

## ★ તફસીરે અઝીઝી પણ જોઈ લો ! ★

ફતાવા અઝીઝીમાં તો મુહદ્દિષ સાહબે ફર્માવી આપ્યું, તા'ઝીમી સિજદો ગયરે ખુદા માટે આપણી શરીઅતમાં હરામ થઈ ગયો, ઉમ્મતની





એકમતિ એના પર છે, અને આગલી શરીઅતનો હુકમ ઉઠી ગયો અને રદ થઈ ગયો છે, સાથે તફસીરે અઝીઝીનું પણ લખાણ જોઈ લો કે કોઈને કંઈ જ શંકા ન રહે કે મુહદ્દિષોના સરતાજ સૈયદુલ મુફસ્સિરીન, મુફતીએ આ'ઝમ શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ હિંદુસ્તાનના મુહદ્દિષોમાં એક એવી બુઝુર્ગ હસ્તી છે કે આપની તફસીર અને ફતાવાની કિતાબોને આજે પણ અહલે સુન્નત વલ જમાઅતના સઘળા દારુલ ઉલૂમમાં રાખવામાં આવે છે અને ભરોસાપાત્ર સમજવામાં આવે છે, અને બીજા વર્ગના લોકો પણ આપની જાતને માને છે, આપ ૧૨ મી અને ૧૩ મી સદી હિજરીના મુહદ્દિષે અકબર છે, એમણે પણ સ્પષ્ટ શબ્દોમાં હરામ હોવાનું એલાન કરી આપ્યું પછી એટલા મોટા મુહદ્દિષની ભૂલ ન થાય, એમને ખૂબ ખબર છે કે હદીષથી કુર્આનનો હુકમ ઉઠે કે ન ઉઠે, જ્યારે મુહદ્દિષ સાહબ હુકમ ઉઠાવી રહ્યા છે તો એમના વખાણ કરનારાઓએ તૌબામાં હવે ઢીલ ન કરવી જોઈએ !

## ★ તફસીરે અઝીઝીથી તા'ઝીમી સિજદો હરામ ★

દર ઉમ્મતહાએ સાબિકા જાઈઝ બુદ, ચુંના કે દર કિસ્સએ હઝરત યૂસફ વ ઈખ્વાને ઈશાં વાકેઅ શુદા કે વ ખર્રુલહુ સુજ્જદા ''દર શરીઅતે મા ઈં તરીક હમ ફીમા બયના મખ્લૂકાત હરામસ્ત બ દલીલે અહાદીષે મુતવાતિરા કે દરીં બાબ વારિદ શુદા.

**હવાલો** : ફત્હુલ અઝીઝ–તફસીરે અઝીઝી, મુતબાઈ, પેજ–૧૭૭

આગલી ઉમ્મતમાં જાઈઝ હતો જેમ કે હઝરત યૂસફ તથા એમના ભાઈઓના કિસ્સામાં આવ્યું છે કે તેઓ આપને સિજદામાં પડયા, આપણી શરીઅતમાં આ તરીકો પણ મખ્લૂકાતમાં હરામ છે, મુતવાતિર હદીષોથી જે આ વિષયમાં આવી છે.

મુહદ્દિષ સાહબે ફર્માવ્યું, સિજદો તા'ઝીમની નિય્યતે જો જાઈઝ માનવામાં આવે તો એ આગલી ઉમ્મતમાં હતો, આપણી શરીઅતમાં નહીં.

આપણી શરીઅતમાં મખ્લૂકમાં આ પ્રમાણેનો તરીકો હરામ છે, એના પર અમલ કરી શકાતો નથી.

આ વિષયમાં ઘણી હદીષો આવી છે, કોઈ એક હદીષ નથી, બલ્કે એ હદીષોને સામે રાખતાં કાયદાના આધારે એ મુતવાતિર બને છે.

મુતવાતિર હદીષો કાયદામાં યકીન સુધી પુરાવામાં પહોંચે છે અને એમાં એટલું બધું યકીન આવી જાય છે કે એનાથી કુર્આનની આયતનો હુકમ ઉઠી જાય છે.

આ વિષયમાં જે સિજદો કુર્આનથી આગલી ઉમ્મતમાં એકબીજાને કરવો સાબિત થયો એ આપણી શરીઅતમાં **મુતવાતિર હદીષોથી મન્સૂખ થયો.**

હિંદુસ્તાનના મહાન મુહદ્દિષનું સંશોધન બતાવી રહ્યું છે કે આ વિષયમાં જે હદીષો આપણા નબી થી રિવાયત થઈને આવી છે એ પુરાવામાં યકીની છે અને એને મુતવાતિરનો દરજો પ્રાપ્ત છે. જ્યારે હિંદુસ્તાનના મુહદ્દિષે અકબર બતાવી રહ્યા છે કે હદીષ મુતવાતિર છે તો એમના વિરોધમાં બીજા કોઈની વાત કેમ કરીને માન્ય રાખવામાં આવશે ?!

તમારું જૂઠ પકડાઈ ગયું હવે તો શરમ કરો ! અને ગુમરાહીથી નીકળી તૌબા તરફ આવો !

જ્યારે મુહદ્દિષ સાહબના પોતાના મંતવ્યથી સાબિત થઈ ગયું કે તા'ઝીમી સિજદો ગયરે ખુદાને આપણી શરીઅતમાં હરામ છે, તો હવે કોઈ પણ એવા શબ્દો જેનાથી સિજદો સમજી શકાય એ શબ્દને બીજા અર્થમાં લેવામાં આવશે, જે હરામ કહે એ જ હરામ શબ્દ મખ્લૂક માટે ઉપયોગમાં ન લાવે, એટલે એવા કોઈ પણ પુરાવાને માન્ય રાખવામાં આવશે નહીં હિંમત. હોય તો જવાબ લાવો ! **(પેજ નં. ૧૬૮ સુધીનો જવાબ)**

## ★ વહાબીનું બહાનું બેકાર ! ★

ઈસ્માઈલ દહેલ્વીનું બહાનું આ જગાએ બેકાર છે કારણ કે તમે જે કિતાબનો પુરાવો આપ્યો અમે એનાથી જ એનું હરામ હોવું સાબિત કર્યું. હસન નિઝામીએ મુહદ્દિષ સાહબના લખાણથી પુરાવો કર્યો તો એ





તમારી જ જેવો જાહિલ હશે જેને અલિફનો નામ ભાલો પણ ન આવડે ! અમે ફતાવા અઝીઝીનો ઉર્દૂ પુરાવો પણ એની જગાએ રજૂ કર્યો છે એટલે આ લખાણ નથી કહેવું પણ મહાન જૂઠ છે, તમે જે પુરાવો રજૂ કર્યો એમાં જ હરામનો ફત્વો છે અને તફસીરનો પુરાવો રજૂ કર્યો એમાં પણ હરામનું વર્ણન છે. તમે લોકો કેમ કરી મુહદ્દિષ સાહબના લખાણથી જવાઝ (જાઈઝ હોવું) સમજ્યા ! એ અમારી સમજ બહારની વાત છે કે લખવાનો શોખ રાખીને તમને સામાન્ય અને સ્પષ્ટ મતલબમાં પણ ભૂલ થાય. (અલ્લાહની પનાહ !)

## ★ મુઆમલાતુલ અસરારનો પુરાવો સમજા વગર ! ★

મકાશફતુલ ગુયૂબના પેજ નં. ૧૭૦ પર જે તફસીરનો પુરાવો આપવામાં આવ્યો છે એમાં આપણી શરીઅત માટે સિજદાએ તા'ઝીમી ગયર માટે થઈ શકે છે એનું કોઈ જ વર્ણન નથી ! એટલું છે કે સિજદાની મનાઈ હદીષમાં છે એ હઝરત આદમને કરવામાં આવેલો સિજદો અને હઝરત યૂસુફને કરવામાં આવેલો સિજદો મનાઈમાં જશે નહીં, કારણ કે મનાઈ આપણા માટે છે એ કુર્આનમાં વર્ણન આગલી શરીઅતનું છે. બલ્કે આ તફસીર તો એ સાબિત કરી રહી છે કે ગયરે ખુદા માટે સિજદો જાઈઝ નથી ! કારણ કે એના હરામ હોવાના પુરાવામાં હદીષો છે. (જેમને ઈલ્મથી દુશ્મની હોય એમને સમજમાં શું આવે !) (પેજ નં. ૧૭૨ સુધીનો જવાબ થઈ ગયો કે એમના લખાણમાં આપણી શરીઅતમાં સિજદો ગયરે ખુદા માટે થઈ શકે છે એમાં કહ્યું છે કે ઈબાદતનો નિઃશંક ! કુફ્ર છે અને તા'ઝીમી કુફ્ર નથી. **કુફ્ર ન હોવું એ ક્યાં બતાવે છે કે હરામ પણ નથી !** નમાઝ છોડવું કુફ્ર નથી પણ હરામ જરૂરથી છે વગેરે.. શાફેઈ આલિમોની વાતો નથી ચાર મસ્લકના સર્વ આલિમો એના હરામ હોવા પર એકમત છે. અને મુહદ્દિષ સાહબ હનફી છે એમણે પણ હરામ કહ્યું, ઈમામ મુહમ્મદ હનફી મસ્લકના ઈમામ અને હનફી મસ્લકના આધારે એમણે મુઅત્તા ઈમામ મુહમ્મદમાં હરામ સાબિત કર્યું, આલમગીરી હનફીઓની છે એમણે હરામ કર્યું, દુર્રે મુખ્તાર,

રદુલ મુહતાર હનફીઓની છે એમણે હરામ કર્યું, ફતાવા કાઝીખાં હનફીઓની છે એમણે હરામ કર્યું, એ સિવાયની હનફી કિતાબો માટે ફિકહવાળુ પ્રકરણ જુઓ.

## ★ મુજદ્દિદ ગુમરાહી નષ્ટ કરનાર હોય છે ★

મકાશફતુલ ગુયૂબના પેજ નં. ૧૭૨ અને ૧૭૩ હઝરત મુજદ્દિદે અલ્ફેષાની رحمۃ اللہ علیہ નું ફર્માન છે કે આપે રાજાઓને સિજદાનો જવાઝ (જાઈઝ હોવું) અમુક આલિમોથી બતાવ્યો છે, પણ આપ પોતે એને હરામ માને છે, એટલું કહ્યું કે અમુક લોકોએ કહ્યું છે. મુજદ્દિદ સાહબે પોતે એને હરામ ફર્માવ્યું છે એના પુરાવા આ જ પ્રકરણમાં પાછલા પેજમાં વર્ણન થયા ત્યાંથી પ્રાપ્ત કરો !

અમુક આલિમોએ રાજાઓ માટે તા'ઝીમી સિજદાના જાઈઝ હોવાની વાત કરી તો એ જવાઝ (જાઈઝ હોવું) વાસ્તવિક નથી મજબૂરીનો છે, જેનો ઉલ્લેખ ફિકહના પ્રકરણમાં પુરાવા સાથે થયો, રાજાઓ સામે પબ્લિક મનાઈ કરે તો એમને જાની નુકસાન પહોંચી શકે છે એટલે જાન બચાવવા અને તકલીફથી બચાવવા રજા આપી શકાય છે, જેમ જાન બચાવવા જ્યારે જાન જવાનું યકીન અથવા સશક્ત અનુમાન હોય તો કુફ્ર કરવાનું કહેવામાં આવે તો એની પણ રજા મળે છે દિલને ઈમાન પર રાખવા સાથે, જેમ કે હઝરત અમ્મારને નબીએ પાક તરફથી કહેવામાં આવ્યું હતું.

મુહદ્દિષ સાહબનો કિસ્સો અમે પુરાવા સાથે વર્ણન કર્યો કે આપે લાખ સમજાવ્યા પછી પણ જહાંગીરને સિજદો ન કર્યો, અને સિજદો ન કરવા પર જેલની તકલીફો વેઠી, પોતે એ કામ ન કર્યું અને ન કોઈને કરવાનો હુકમ આપ્યો, બલ્કે આપે એને હરામ જ બતાવ્યું.

## ★ વિચાર અને અમલ અલગ છે ★

મકાશફતુલ ગુયૂબમાં પેજ ૧૭૪ થી ૧૭૫ પર જે પત્ર મુજદ્દિદ સાહબનો લખવામાં આવ્યો **એમાં રિયલ સિજદાની વાત નથી એમાં તસવ્વુરની વાત છે, તસવ્વુર એટલે વિચાર, વિચાર અલગ છે**





**રિયલ અમલ અલગ છે,** એટલે સિજદાનો સવાલ ઉપસ્થિત થતો નથી, તસવ્વુર અલગ છે, અમલ અલગ છે. પીરને સામે રાખીને રિયલ સિજદો કરવાની વાત લાવો તો તમારું કામ મુજદ્દિદ સાહબથી બને, નહીં તો સ્પષ્ટ શબ્દોમાં હરામ સાબિત કર્યા પછી જવાઝ (જાઈઝ હોવા)નો સવાલ રહેતો જ નથી.

## ★ સનદે મુત્તસિલ નથી ★

મકાશફતુલ ગુયૂબના પેજ ૧૭૬ થી ૧૭૭ સુધીમાં બુઝુર્ગોના બનાવો વિશે અમે જવાબ આપી ગયા કે એ કિતાબો સનદે મુત્તસિલથી સાબિત નથી, એ કિતાબોનું રક્ષણ થયું નથી, એ કિતાબોમાં લોકોએ મનઘડત વધારો કરેલો છે, વલીઓ હરામ કામને ખૂબ સમજતા હોય છે, એકમતિના હરામમાં તેઓ કેમ કરી વ્યસ્ત થઈ શકે ? અકબર અને જહાંગીરના જમાનામાં પોતાની બુરાઈઓને પ્રોત્સાહન આપવા તેમણે નુસ્ખાઓ બદલાવીને અથવા એમાં ઉમેરો કરીને લોકોમાં ફેલાવ્યા એ સમયમાં ફારસી ભાષા જ બોલવામાં આવતી હતી અને એ કિતાબોની મૂળ ભાષા પણ ફારસી જ હતી. હઝરત મુજદ્દિદ સાહબે એમની બદ્માશી ચાલવા ન દીધી અને પોતાના તરફ સતત કલમી જિહાદ ચાલુ રાખ્યો અને એમનો મક્ર તોડીને જ રહ્યા, એટલે મુજદ્દિદ સાહબનું લખાણ એ પ્રમાણેની ખોટી બિદઅતોથી પાક છે, બલ્કે બિદઅતોને નષ્ટ કરી સુન્નતોને જીવંત કરનાર છે, આપના પહેલાંના બુઝુર્ગોની કિતાબોમાં ફેરફાર જેટલો થઈ શકે કરવામાં આવ્યો, અને દીને ઈલાહીને હવા આપવાની મદદ પૂર્વજ બુઝુર્ગોની કિતાબોથી લેવામાં આવ્યો, મદદ મળી શક્તી જ ન હતી પણ પોતાના કંટ્રોલમાં લઈને રાજાઓએ આ પ્રમાણેના કામો કરાવ્યાં, વધુ પડતા આલિમો પોતાના જાન માલની હિફાઝતમાં ચૂપ રહ્યા, અને જે મૌલ્વીઓ દુનિયામાં માલદારીનું સ્વપ્ન લઈને ચાલતા હતા એમણે દીને ઈલાહીમાં મદદ પણ કરી. એટલે રાજાઓના કંટ્રોલમાં અને ખાસ કરીને અકબર અને જહાંગીરના જમાનામાં જે થયું તેણે હિંદુસ્તાનના પૂર્વજ બુઝુર્ગોની કિતાબોને શંકાસ્પદ બનાવી નાખી.

## ★ બુઝુર્ગોનું લખાણ શંકાસ્પદ કેમ બન્યું ? ★

શંકાસ્પદ બનવાનું કારણ એ છે કે એ સમયમાં પ્રેસ ન હતા, અને લખવાનાં કામો પોતાના હાથોથી કરવામાં આવતાં હતાં, એટલે એ સમયમાં કિતાબોની પ્રાપ્તિ એટલી સરળ ન હતી જેટલી કે આ જમાનામાં છે, અને જ્યારે હાથે જ લખવાનું હતું તો મૂળ કિતાબોથી કંટ્રોલમાં રાખી પોતાની ઈચ્છાની વાતોનો વધારો કરીને લખવામાં આવી. એટલે કિતાબો તો કિતાબોની જગાએ રહી, એ બુઝુર્ગોની સીરતમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે, અને ખોટા ખોટા વાક્યા, કિસ્સા, કહાનીઓ, અને કરામતો જે એમની વાતોની માન્યતા સંબંધિત હોય એ પ્રમાણે લોકોની વચમાં લાવવામાં આવી.

## ★ ફારસીમાં બિદઅતોનો સમાવેશ કેમ ? ★

આ પ્રમાણેની બિદઅતની વાતો ભારતના બુઝુર્ગો સંબંધિત કિતાબોમાં જોવામાં આવે છે, અરબ પ્રદેશની કિતાબોમાં બિદઅતો જોવા મળતી નથી, એ પણ એ વાતનો સશક્ત પુરાવો છે કે રાજાઓએ પોતાની મનમાનીને ધર્મ બનાવા બુઝુર્ગોની કિતાબોમાં ફેરફાર કરવાની અને બુઝુર્ગોના નામ લઈને લોકોને ચૂપ કરવાની કોશિશ કરી હતી.

## ★ જેનું રક્ષણ થયું એ જ આધાર ★

દુનિયામાં બે વસ્તુ છે જેનું મુસલમાનોએ રક્ષણ કર્યું અને એમાં ફેરફાર કોઈના તરફથી ન આવે જેને લઈને સહાબાના જ યુગથી એના માટે કામ શરૂ કરી દેવામાં આવ્યું, અને કોઈએ થોડો પણ ફેરફાર કરવાની નાપાક કોશિશ કરી તો એની વાત પકડી પાડવામાં આવી અને એને કડક સજા આપવામાં આવી. એ બે વસ્તુમાંથી એક છે અલ્લાહની કિતાબ કુર્આન, અને બીજી છે નબીએ પાકની સુન્નતો (હદીષો), અને એના રક્ષણમાં અલ્લાહની પણ મદદ છે કારણ કે આ દીન અને આ શરીઅત કિયામત સુધી ચાલવાની છે. જો એનું રક્ષણ ન રહે તો દીન બરબાદ થઈ જાય ! અને એટલે જ આપણા નબીએ ફર્માવ્યું કે હું તમારામાં બે વજની વસ્તુઓ છોડીને જઈ રહ્યો છું :–





مَا اِنْ تَمَسَّكْتُمْ بِهٖ لَنْ تَضِلُّوْا كِتَابَ اللّٰهِ وَسُنَّتِيْ

"તમે એને પકડી રાખશો તો ગુમરાહ નહીં થાવો એ અલ્લાહની કિતાબ **કુર્આન** અને મારી **સુન્નત** છે."

એટલે કુર્આન અને હદીષને ઉત્તમતા આપવામાં આવે છે, અને કુર્આન અને હદીષની સશક્ત વાતો સામે બીજા કોઈની વાત માન્ય રાખવામાં આવતી નથી. સિજદએ તા'ઝીમી ગયરે ખુદા માટે હરામ હોવામાં આ કાયદાને જ ઉત્તમતા આપવામાં આવી, અને શંકાને લઈને બુઝુર્ગોને એ આક્ષેપની બદ્નામીથી બચાવી લેવામાં આવ્યા, તેઓ આ પ્રમાણેની બિદઅતોના આક્ષેપથી પાક હતા પણ દીને ઈલાહીને હવા આપવા એમની કિતાબોમાં ફેરફાર કરી એમને બદ્નામ કરવાની કોશિશ કરવામાં આવી હતી.

## ★ સ્વપ્ન સાકાર થતું જો ! ★

જો હઝરત મુજદ્દિદ અલ્ફેષાની દીને ઈલાહીને તોડવા વચમાં ન આવ્યા હોતે તો અકબર અને પછી જહાંગીર પોતાનું સ્વપ્ન સાકાર કરી જતો, પણ જૂઠનું જીવન લાંબું હોતું નથી, અને સત્ય અલ્લાહ તરફથી હોય છે અને એમાં અલ્લાહની મદદ હોય છે એ આગળ આવીને રહે છે. મુજદ્દિદ અલ્ફેષાનીએ એ સમયની બિદઅતોને તોડવામાં એ નથી જોયું કે મારાથી પહેલાં ભારતમાં જે મહાન વલીઓ થઈ ગયા તેમની કિતાબોમાં એ પ્રમાણેની બિદઅતોનો ઉલ્લેખ છે જેને રાજા લોકો હવા આપવા માંગે છે, એટલા માટે રદ કરવામાં એ વાતો પર ધ્યાન ન આપ્યું કે રાજા લોકોએ એ કિતાબોમાં ફેરફાર કરવામાં પોતાના કંટ્રોલનો ફાયદો ઉઠાવી લીધો હતો. જ્યારે કુર્આન અને હદીષ રક્ષણની સાથે આવ્યા તો એના વિરુધ્ધમાં શંકાસ્પદ વાતોને ઉત્તમતા કેમ આપવામાં આવે ! એટલે મુજદ્દિદે અલ્ફેષાની رحمۃ اللہ علیہ એ એ પ્રમાણેની કિતાબો તરફ ધ્યાન ન આપ્યું, અને એ પ્રમાણેની વાતોને સહારો બનાવીને ચાલનાર લોકોની પછી એ મૌલ્વી હોય કે પછી સૂફી પોતાના પત્રોમાં બુરાઈ કરી અને એમનાથી દૂર રહેવાની તાકીદ કરી.

## ★ જાહિલ સૂફીઓ અને બદ્‌માશ મૌલ્વીઓ ! ★

આ બે પ્રકારના લોકોએ દરેક જમાનામાં ઈસ્લામને નુકસાન પહોંચાડયું છે. એમનું ટાઈટલ તો ઘણુ સારુ એકનું છે સૂફી ! અને બીજાનું છે મૌલ્વી ! જાહેરી શબ્દોના અર્થમાં બંને દીનના માર્ગદર્શક અને મુસલમાનોના દીની આગેવાન ! પણ એમનાં કામો બદ્‌માશીનાં અને ગુમરાહીનાં હોવાને લઈને દીનને નુકસાન પહોંચ્યું છે, મુજદ્દિદે અલ્ફેષાનીએ બંને પ્રકારના લોકોની પોતાના પત્રોમાં ધુલાઈ કરી છે તો એના અમુક નમૂના અમે તમારી સેવામાં રાખીએ છીએ જેથી ઈમામે રબ્બાની બિદઅતીઓથી આપણને કેટલા પ્રમાણમાં બચાવવા માંગે છે એનું આપણને જ્ઞાન મળે, અને બિદઅતી લોકો ગમે તે ઉપનામ ધરાવતા હોય એના પર ધ્યાન આપવામાં ન આવે એનું પણ શિક્ષણ મળે.

## ★ દીન અલ્લાહ અને રસૂલનો ★

દીન અલ્લાહનો છે, અને એના રસૂલ એની તરફથી દીન આપણી પાસે લઈને આવ્યા છે એટલે દીન નબીનો છે, આ બે દીનની બુન્યાદ અને આધારે છે, દીનમાં જેને સફળ થવું હોય, કામયાબ બનવું હોય એણે દરેક વાતમાં અને દરેક કામમાં અલ્લાહ અને રસૂલનો સહારો લેવો પડશે, મૌલ્વી હોય કે સૂફી, પોતાના નામ પર સાચા ત્યારે જ થઈ શકે છે જ્યારે તેઓ દીન અને ધર્મની બુન્યાદ એટલે કુર્આન અને હદીષથી અલગ ન થાય, અલગ થનારે મૂળ માર્ગ પર આવવાની જરૂરત છે, અલગ થનારની વાતને પુરાવો બનાવવાની જરૂરત નથી, એને પણ અક્કલ કહી શકાય છે કે, અલ્લાહ અને નબી ફર્માવે કાંઈ, અને બીજો બતાવે કાંઈ ? દીનનો જે આધાર છે એમના ફર્માનની વિરુધ્ધમાં બીજાની વાત ગઈ કેમ ? આ મકસદને કુર્આનમાં આ પ્રમાણે બયાન કરવામાં આવ્યો છે.

## ★ દરેક નેકની સંગત અલ્લાહ અને રસૂલની પેરવીમાં છે ★





**અર્થાત** : "જે અલ્લાહ અને રસૂલના ફર્માન પર ચાલે એ જ ઈનામવાળાઓ સાથે છે, નબીઓ, સિદ્દીકો, શહીદો અને નેક લોકો સાથે."

ખુલાસો એ કે આ સર્વનો માર્ગ એક છે અને એ સર્વ સાથે રહેવાનો માર્ગ અલ્લાહ અને રસૂલના ફર્માન પર ચાલવું છે, જેઓ અલ્લાહ અને રસૂલના ફર્માનને પકડી રાખે છે. તો દરેક ઈનામવાળાએ એ જ કર્યું છે તો એ પણ ઈનામવાળાઓનું કામ કરવાને લઈને એમની સાથે રહેશે. સારા લોકોની સંગતનો આધાર કુર્આને અલ્લાહ અને રસૂલની ઈતાઅત અને એમના ફર્માન પર અમલને બતાવ્યો, તો એમનાથી વિરુધ્ધ થઈને કોઈ પણ દીનનો આધાર બની શક્તો નથી. આ વાતોના ખુલાસા માટે હું તમારી સેવામાં મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ ના પત્રોનો નિચોડ પુરાવામાં રજૂ કરું છે, જેઓ અલ્લાહ અને રસૂલના ફર્માનની વિરુધ્ધમાં બીજા લોકોની વાતોને જે પુરાવાના આધારે સશક્ત નથી બલ્કે શંકાસ્પદ છે એને લેવાનું કહે છે અને અલ્લાહ અને રસૂલના ફર્માનને ભૂલાવવાની વાતો કરે છે તેઓ મુહદ્દિષ સાહબના લખાણોથી સબક લે અને પોતાની જહાલતથી, ગુમરાહીથી અને બદ્‌માશીથી દૂર થઈ તૌબા કરે.

## મુજદ્દિદે અલ્ફેષાની બિદઅતના સુધારામાં

## ★ જાહિલ સૂફીની માન્યતા ★

**(૧)** મુતસવ્વિફાને ખામ વ મુલહિદાને બેસઅંજામ ખયાલ મી કુનંદ કે ખવાસ મુકલ્લફ બમારેફત અંદ વ બસ ! વમી ગોયંદ કે મકસૂદ અઝ ઈતયાને શરીઅત હુસૂલે મારેફત અસ્ત, વ ચું મારેફતે શરીઅત હુસૂલે મારેફત અસ્ત વ ચું મારેફત મયસ્સર શુદ તકલીફાતે શરઈય્યા સાકિત ગશત વ ઈ કરીમા વઅબુદ રબ્બાકા હત્તા યાતીયકલ યકીન "બમુસતશહદ મીઆરંદ, યઅની ઈન્તેહાએ ઈબાદત તા હુસૂલે મારેફતે હક્ક તઆલા અસ્ત ખુઝીહુમુલ્લાહુ સબ્હાનહૂ મા અજહલહુમ. આં કદર ઈહતિયાજ કે આરફાંરા બઈબાદત અસ્ત અશરેઆં મુરમુબતદીયાંરા અઝાં ઈહતિયાજ હાસિ નેસ્ત.

**અર્થાત :** કાચા સૂફીઓ અને સામાન વિનાના ગુમરાહોનો ખયાલ છે કે મહાન બુઝુર્ગો માત્ર મારેફતે ઈલાહીના પાબંદ છે, અને કહે છે કે શરીઅત પર અમલનો મકસદ મારેફતની પ્રાપ્તિ છે, જ્યારે મારેફત પ્રાપ્ત થઈ ગઈ તો શરઈ અહકામ ઉઠી ગયા ! અને આયતે કરીમા ગવાહીમાં લાવે છે કે તમારા રબની બંદગી કરો અહીંયા સુધી કે તમને યકીન આવી જાય, તો કહે છે ઈબાદતનો અંત મારેફતની પ્રાપ્તિ છે. અલ્લાહ એમને બેઈજ્જત કરે, કેટલા જાહિલ છે ! ઈબાદતની જેટલી જરૂરત મારેફતવાળાઓને છે, નવા લોકોને એના દસમા ભાગની પણ જરૂરતત નથી.

**પત્ર : ૩૭૯, દફ્તર અવ્વલ**

**પરિણામ :** જે લોકો મારેફતવાળાઓ માટે ઈબાદત જરૂરી નથી એવો દાવો કરે છે તેઓ નિઃશંક ! ગુમરાહ છે, ઈબાદતની એમને બીજાથી અધિક જરૂરત છે.

## ★ શરીઅત છૂટી શક્તી જ નથી ! ★

**(૨)** સલામતીએ કલ્બ અઝ ઈલ્તિફાત બેમાસિવાએ ઉ તઆલા વ અઅમાલે સાલેહા કે બ બદન તઅલ્લુક દારંદ, વ શરીઅત બઈતયાને આં અમ્ર ફરમુદા હરદો દરકારસ્ત, દાવએ સલામતે કલ્બ બેઈતમાને અઅમાલે સાલિહા બદનિયા બાતિલ અસ્ત, હમ ચુંના કે રૂહ દરીં નશાઅ બેબદન ગયર મુતસવ્વર અસ્ત, બિસ્યારે અઝ મુલ્હીદાને ઈ વક્ત ઈ કિસ્મ દાવએ મીનુમાયદ.

**પત્ર : ૩૯, દફ્તર : ૧**

**અર્થાત :** દિલનું અલ્લાહના સિવાય ખાલી હોવું, અને એ નેક અમલો બદન સંબંધિત શરીઅતે જેનો હુકમ આપ્યો છે એનું કરવું, આ બંને વસ્તુ જરૂરી છે, આ નેક અમલો વગર દિલની સલામતીનો દાવો ખોટો છે, જેમ આ જગતમાં રૂહનું બદન વગર હોવું અશક્ય અને સમજથી દૂર છે. આ સમયમાં ઘણા ગુમરાહો આ પ્રમાણેનો દાવો કરે છે ખુદા નબીના સદકામાં આ બુરા અકીદાથી બચાવે.





## ★ જાહિર નથી તો બાતિન બેકાર ! ★

**(૩)** શરીઅતને લોકો જાહેર કહીને તસવ્વુફને બાતિન માનીને શરીઅતને કોઈ ઉત્તમતા આપતા નથી, એમના માટે ગુમરાહીનો ફત્વો આપતાં મુજદ્દિદ સાહબ ફર્માવે છે :–

હર કે બબાતિન પરવાઝદ દારે જાહિર દરમાન્દ મુલ્હીદ અસ્ત, વ અહવાલે બાતિન ઈસ્તિદરાજ ઉયંદ, અલામતે સિહ્હતે હાલે બાતિન, ઈહતિમામે તહલ્લિયે જાહિર અસ્ત બ અહકામે શરઈય્યા.

**પત્ર : ૮૭, દફ્તર : ૨**

**અર્થાત :** જે માત્ર બાતિનને સુધારવા ઈચ્છે છે અને જાહેરને આમ જ છોડી દે છે એ ગુમરાહ છે, અને જો એને બાતિની હાલતો પ્રાપ્ત થાય તો એ એના હક્કમાં ઈસ્તદરાજ છે, બાતિની હાલતોની વ્યવસાય અને કબૂલ થવાની અલામત જાહેરને શરઈ અહકામથી શણગારવું છે.

**પરિણામ :** જાહેરી શરીઅત ન હોય તો બાતિનનો દાવો ગુમરાહી છે, જો કોઈને કોઈ કમાલ આ ગુમરાહીમાં મળી આવે તો એનો એ કમાલ કરામત નથી ઈસ્તિદરાજ છે, જે ગુનેહગારોને એમના ગુનાહોમાં આગળ ધપાવવા ઢીલ રૂપે આપવામાં આવે છે.

## ★ તકલીદમાં વલી ગયર વલી એક ★

**(૪)** ઈમામોના જમાના પછી જ્યારે ચાર ઈમામો પર તકલીદની એકમતિ થઈ ગઈ તો હવે કોઈ સામાન્ય મુસલમાન હોય કે પછી વલીએ કામિલ પણ તકલીદને અનુસરવા બાબતે એક સમાન છે :–

મુઅતબર ઈસ્બાતે અહકામે શરઈય્યા કિતાબો સુન્નત અસ્ત વ કયાસો ઈજમાએ ઉમ્મત, નીઝ બહકીકત મુસબત અહકામ અસ્ત, બાદ અઝીં ચહાર અદિલ્લએ શરઈય્યા હેચ દલીલે મુસબત અહકામે શરઈય્યા નમી તવાનદ શુદ, ઈલ્હામે મુસબત હિલ્લો હુરમત ન બુદ, વ કશ્ફે અરબાબે બાતિન ઈસ્બાતે ફર્ઝો સુન્નત ન

નુમાયન્દ, અરબાબે વિલાયતે ખાસ્સા બ આમ્મએ મુ'મિનાં દર તકલીદે મુજતહેદાં બરાબર અંદ.... વઝુન્નુન, વ બુસ્તામી, વ જુનૈદ, વ શિબ્લી, બા યઝીદો ઉમરો બકરો ખાલિદ કે અઝ અવામે મુ'મેના અંદ દર તકલીદે મુજતહેદાં દર અહકામે ઈજતેહાદિયા મુસાવી અંદ આરે મઝીયતે ઈ બુઝુર્ગવાર દર ઉમૂરે દીગર અસ્ત.

**પત્ર : ૫૫, દફ્તર : ૨**

**અર્થાત** : શરઈ અહકામને સાબિત કરવામાં સુન્નતનો એતબાર છે, કિયાસ અને ઈજમાએ ઉમ્મત પણ હકારાત્મક અહકામ છે, **આ ચાર શરઈ દલીલો પછી કોઈ એવી દલીલ નથી જેનાથી અહકામ સાબિત થાય, ઔલિયાએ કિરામના ઈલ્હામથી કોઈ વસ્તુનું હલાલ, હરામ હોવાનું કારણ નથી, બાતિનવાળાઓનું કશ્ફ કોઈ વસ્તુનું ફર્ઝ અથવા સુન્નત હોવું સાબિત નથી કરી શક્તું.** મુજતહિદે કિરામની **તકલીદ વિશે ખાસ પ્રકારના વલીઓ સામાન્ય મુસલમાનો જેવા છે,** ઝુન્નૂન મિસ્રી, બાયઝીદ બુસ્તામી, જુનૈદ બગદાદી, શિબ્લી, બાયઝીદ, અમર, બકર, ખાલિદ જે અવામે મુ'મિનમાંથી છે મુજતહેદીનની તકલીદમાં અને ઈજતેહાદી શરઈ અહકામમાં એક જેવા છે. એ બુઝુર્ગોની ફઝીલત બીજી વાતોમાં છે.

**પરિણામ** : શરીઅતના અહકામમાં કોઈના માટે કોઈ તફાવત નથી, વલી ગયરે વલી બધા એક જેવા છે, ચાર દલીલોથી જે મસ્અલો લેવામાં આવે છે એનાથી અહકામ લઈ શકાય, કોઈ વલીનું ઈલ્હામ અને કશ્ફ શરઈ કાયદાને બદલી શક્તું નથી. **બુઝુર્ગ ગમે તેટલા પાયાનો હોય એને ઈમામની તકલીદ કરવી જ પડશે. તકલીદમાં અવામ અને બુઝુર્ગો એક જ પલ્લામાં છે.** બુઝુર્ગોનું મહાન હોવું આ જરૂરી વાતોથી નથી, એ સિવાયની વાતોને લઈને છે.

## ★ ઈલ્મે લદુન્નીની ઓળખ ★

જેની પાસે ઈલ્મેલદુન્ની હોય અથવા કોઈના માટે લોકો ઈલ્મે





લદુન્નીનો દાવો કરતા હોય તો એની ઓળખ શું છે જેનાથી એનું એ પદ સત્ય છે એ જાણી શકાય ? તો ફર્માવે છે :–

અલામત દુરૂસ્તીએ ઉલૂમે લદુન્નીયા મુતાબકત અસ્ત બાસરીહ ઉલૂમે શરઈય્યા અગર સરેમુ તજાવુઝ અસ્ત અઝ સુક્ર અસ્ત હક્કો માહક્કા કહુલ ઉલમાઓ મિન અહલિસ્સુન્નતે વલ જમાઅહ વમા સિવા ઝાલેકા, ઈમ્મા ઝન્દિકા વલ ઈલ્હાદ વ ઈમ્મા સુક્રો વકિતન વ ગલબતો હાલ.

**પત્ર : ૩૦, દફ્તર : ૧**

**અર્થાત** : ઈલ્મે લદુન્નીનું સત્ય હોવાની અલામત (નિશાની) સ્પષ્ટ શરઈ ઈલ્મો સાથે એનું એકસમાન હોવું છે. જો વાળ બરાબર પણ આગળ જાય તો સમજે કે એનું કારણ સુક્ર છે, અને હક્ક એ જ છે જે અહલે સુન્નતના આલિમોનું સંશોધન છે, એને છોડીને જે કંઈ છે ગુમરાહી અને બેદીની છે અથવા સુક્ર અને હાલ આવવાથી.

**પરિણામ** : કોઈ વલી ગમે તે દરજ્જે હોય અને એની પાસે ગમે તેવા ઈલ્મો હોય પણ શરીઅતથી વાળ જેટલો ખસે તો માન્ય રાખવામાં આવશે નહીં, ઉલ્માએ અહલે સુન્નતે જે સ્પષ્ટ કર્યું એ જ હક્ક છે, એને છોડીને દરેક વાત ગુમરાહી છે, વલીની પોતાની હાલત ઠેકાણે ન હોય જેને જઝબની હાલત કહેવામાં આવે છે તો એમને એમાં માફી, પણ એ એમના જ માટે ! બીજો પોતાને એના પર કિયાસ નથી કરી શક્તો.

## ★ સુન્નતથી ખસવું ગુમરાહી છે ★

**(૬)** સુન્નત પર ચાલવું કામયાબી છે, એનાથી ખસવું નાકામી છે, અલ્લાહ તઆલાએ પોતાના નબીને આપણામાં એટલા માટે જ મોકલ્યા કે આપણે એમનું અનુસરણ કરીએ, અને આપે પોતે જ ફર્માવ્યું :– خَيْرُ الْهُدٰى هَدْىُ مُحَمَّدٍ ﷺ ઉત્તમ તરીકો મુહમ્મદ નો તરીકો છે, આ વાતનો ખુલાસો કરતાં હઝરત મુજદ્દિદે અલ્ફેષાની رحمة الله عليه ફર્માવે છે :–

રિયાઝાત વ મુજાહિદાત કે બેમાવરાએ તકલીદ સુન્નત ઈખ્તિયાર કુનંદ મુઅતબર નેસ્ત કે જોગયા વ બરાહેમએ હિંદ વ ફલાસફએ યૂનાન દરીં અમ્ર શિરકત દારંદ વ આં રિયાઝાત દર હક્કે ઈશાં જુઝ દલાલત નમી અફઝાયદ વ બગેયર ખસારત રાહી નમી નુમાયદ.

પત્ર : ૨૩૧, દફતર : ૧

**અર્થાત** : સુન્નતના તરીકાથી ખસીને જે રિયાઝતો અને કોશિશો કરવામાં આવે એનો કોઈ ભરોસો નથી, એવી કોશિશો તો યૂનાનના ફિલોસોફરો અને હિંદુસ્તાનના બ્રાહ્મણ અને જોગી પણ કરતા હતા, પરંતુ ગુમરાહી અને નુકસાન સિવાય એમને એનાથી કંઈ પ્રાપ્ત નથી.

## ★ સુન્નતથી ખસીને કમાલ ઢીલ છે ★

**(૭)** સુન્નતથી ખસીને કામો કરી લોકોને કોઈ કમાલ પ્રાપ્ત થાય તો એને કમાલ સમજવામાં નહીં આવે પણ એને ઈસ્તિદરાજ એટલે અલ્લાહ તરફથી એક ઢીલ સમજવામાં આવશે કે એ એમાં જ રહે અને અલ્લાહ તરફ નિકટ ન થાય. મુજદ્દિદ સાહબે ફર્માવે છે :–

અહવાલો મવાજીદ કે બર અસબાબે નામશરૂઆ મુતરત્તબ શવંદ નીઝદે ફકીર અઝ કબીલે ઈસ્તિદરાજ અસ્ત, ચે અહલે ઈસ્તિદરાજરા નીઝ અહવાલો અઝવાક દસ્ત મીદેહદ, હુકમાએ યૂનાન, વ જોગયા વ બરાહેમએ હિંદ દરીં મઅના શરીક અંદ, અલામતે સિદકે અહવાલ મુવાફકતે ઉલૂમે શરઈય્યા અસ્ત, બઈજતેનાબ અઝ ઈરતેકાબે ઉમૂરે મુહર્રમા વ મુશતબહા.

**અર્થાત** : શરીઅત વિરોધનાં કામો પર જે હાલતો અને સ્થિતિઓ ઉત્પન્ન થાય એ મુજદ્દિદ સાહેબને ત્યાં ઈસ્તિદરાજ છે, કારણ કે ઈસ્તિદરાજવાળાઓને પણ એ પ્રમાણેની હાલતો અને સ્થિતિઓ પ્રાપ્ત થાય છે. યૂનાનના હકીમો, જોગીયો, હિંદુસ્તાનના બ્રાહ્મણો આમાં બરાબર છે, હાલતોની સચ્ચાઈની ઓળખ શરઈ ઈલ્મો સાથે સમાનતા છે, હરામ અને શંકાસ્પદ કામોથી બચવાની સાથે.





**પરિણામ** : શરીઅતથી ખસનારના કમાલને કમાલ સમજવામાં નહીં આવે એવું ગેરમુસ્લિમોને પણ ઘણુ બધું પ્રાપ્ત થાય છે, શરીઅત પર મજબૂત રહેવું એ જ મોટામાં મોટો કમાલ છે.

## ★ સુન્નતનો ફાયદો ★

**(૮)** જે કામ નબીની સુન્નત પ્રમાણે સુન્નત સમજીને કરવામાં આવે એ ગેરસુન્નત જાઈઝ કામથી અસંખ્ય દરજા સવાબમાં વધીને છે કારણ કે આ આપણુ અને પેલુ નબીનું કામ છે જેમને એ મકસદથી જ મોકલવામાં આવ્યા છે. આના પર ખુલાસો કરતાં મુજદ્દિદ સાહબ ફર્માવે છે :–

ફઝીલત મનુહન બેમુતાબઅતે સુન્નતે ઉસ્ત વ મઝીય્યત મરબૂત બ ઈતયાને શરીઅતે ઉ અલૈહિસ્સલાતુ વસ્સલામ મષલન ખ્વાબે નીમરોઝે કે અઝ રૂએ ઈ મુતાબઅત વાકેઅ શવદ અઝ કરોડ કરોડ ઈહયાએ લેયાલી કે ગયર અઝ મુતાબઅત અસ્ત ઔલા વ અફઝલ અસ્ત.

પત્ર : ૧૧૪, ભાગ : ૧

**અર્થાત** : દરેક ફઝીલત વખાણપાત્ર નબીની સુન્નતના અનુસરણથી છે, અને દરેક કમાલ આપની શરીઅતને લાવવા સાથે સંબંધિત છે, દા.ત. નબીની સુન્નતના અનુસરણમાં બપોરના થોડું સૂવું કરોડો રાતો જાગવાથી ઉત્તમ છે જ્યારે આ રાતનું જાગવું શરીઅત પર ચાલવા વિના હોય.

**પરિણામ** : આનાથી શરીઅતની વિશેષતા અને સુન્નતની ફઝીલત જાણી શકાય છે, અને શરીઅતથી ખસીને એ મર્તબો મળી શક્તો જ નથી જેમાં અલ્લાહની મહબૂબિયતને માન્ય રાખી લેવામાં આવે.

## ★ કાલે શું કામ લાગશે ? ★

**(૯)** અય ફરઝંદ આંચે ફર્દા બકાર ખાહદ આમદ મુતાબઅતે સાહેબે શરીઅત અસ્ત અલયહિસ્સલાતુ વસ્સલામ વત્તહિય્યા, અહવાલો મવાજીદ વ ઉલૂમો મઆરિફ વ ઈશારાતો રોમૂઝ અગર

બઆં મુતાબઅત જમા શવંદ ફબિહા વ નેઅમત, વ ઈલ્લા જર્રે ખરાબી વ ઈસ્તિદરાજ હેયે નેસ્ત.

**પત્ર : ૧૮૪, ભાગ : ૧**

**અર્થાત** : હે પ્રિય ! જે વસ્તુ કાલે કામ આવશે એ માત્ર સાહબે શરીઅત નું અનુસરણ છે. એ સિવાયની હાલતો, સ્થિતિઓ, ઈલ્મ અને મારેફતો, ઈશારા અને રહસ્યો જો આ અનુસરણ સાથે હોય (સુન્નતના) તો સારું અને શ્રેષ્ઠ નહીં તો ખરાબી અને ઈસ્તિદરાજ સિવાય કંઈ નથી.

**પરિણામ** : જેની પાસે કોઈ કમાલ હોય અને એ શરીઅત સાથે હોય તો ઠીક છે એ કામયાબ અને સફળ છે, અને શરીઅતથી ખસીને હોય તો એ દુનિયા છે, દીનને એનાથી કોઈ સંબંધ નથી.

## ★ નબીથી વધીને કોઈ નથી ★

**(૧૦)** વુસૂલ બઈ ઉઝમા વાબસ્તા બઈત્તેબાએ સૈયેદુલ અવ્વલીન વ આખેરીન અસ્ત અલૈહિ વ અલા આલેહિ મિનસ્સલાત અફઝલોહા વમિનત્તહિય્યાતે અકમલોહા તા તમામ ખૂદરા દર શરીઅત ગુમ ન સાઝદ વ બઈમ્તિષાલે અવામિર વ ઈન્તિહા અઝ નવાહી મુતહલ્લા ન ગરદદ બવે અઝીં દોલત મશામેજાં ઉ ન રસદ.

**પત્ર : ૭૮, ભાગ : ૧**

**અર્થાત** : આ મહાન નેઅમતનું પ્રાપ્ત થવું સૈયદુલ અવ્વાલીન વ આખેરીન ખાતમુલ અંબિયા વ મુરસલીનના અનુસરણથી સંબંધિત છે. સૂફી જ્યાં સુધી પોતાને શરીઅતમાં તદન અદશ્ય ન કરી આપે અને પોતાના જીવનને તદન શરીઅત પ્રમાણે ન બનાવી આપે, આ નેઅમતની સુંગધ પણ નથી પામી શક્તો.

**પરિણામ** : શરીઅત પર જેટલો આગળ ધપે એ એટલો મોટો સૂફી, શરીઅતથી ખસનાર સૂફી થઈ શક્તો નથી, દરેક કમાલ સુન્નતના અનુસરણથી કમાલ છે, નહીં તો એને બહેલાવવા સિવાય કોઈ દરજો નથી આપી શકાતો.





## ★ સિમાઅ અને નાચગાનો ★

**(૧૧)** જે લોકોએ દલીલ ન સમજી મુજદ્દિદ સાહબને પોતાના સપોર્ટર સમજી લીધા અને ખૂબ ખૂબ વખાણ કરી લીધાં અને મુજદ્દિદ સાહબને સદીના નહીં અલ્ફના, હઝાર વર્ષોના મુજદ્દિદ ફર્માવ્યા ! હવે મુજદ્દિદ સાહબના સૂફીઓનાં કરેલાં વખાણ પણ વાંચી લો જેથી સૂફીયતના નામથી બનાવેલી ગુમરાહી અને બદ્દીનીની બુન્યાદ જ નષ્ટ થઈ જાય.

ફર્માવે છે :–

સિમા વ રકસ ફીલ હકીકત દાખિલે લહવો લઈબ અસ્ત, વ આયાતો અહાદીષ વ રિવાયતે ફિકહિય્યા દર હુર્મતે ગિના બેસ્યાર અસ્ત, મજદે ઈહસાએ આં મુતઅઝઝર અસ્ત, ફકીહે દર હેચ વક્તે વ જમાને ફત્વા બઈબાહતે સોરૂદ ન દાદાહ અસ્ત, વ રક્સો પા કોબીરા મુજવ્વઝ ન દાશ્તા, વ અમલે સૂફીયા દર હિલ્લો હુરમત સનદ નેસ્ત, હમીં બસ અસ્ત કે યા ઈશાંરા માઝૂર દારેમ, વ મલામત ન કુનૈમ, વ અમ્રે ઈશાંરા બહક્ક સુબ્હાનહૂ વ તઆલા મુફવ્વઝ દારૈમ. ઈંજા કૌલે ઈમામ અબૂ હનીફા વ ઈમામ અબૂ યુસૂફ વ ઈમામે મુહમ્મદ મુઅતબર અસ્ત ન અમલે અબૂબક્ર શિબ્લી, વ અબુલ હસન નૂરી, સૂફીયાને ખામ ઈ વક્ત અમલે પીરાને ખુદરા બહાના સાખ્તા સોરૂદો રકસરા દીનો મિલ્લત ખૂદ ગિરફતા અંદ વ તાઅતો ઈબાદત સાખ્તા, ઊલાઈકલ્લઝીનત્તખઝુ દીનહુમ લહવવ વ લઈબા.

**પત્ર : ૨૬૬, ભાગ : ૧**

**અર્થાત** : સિમા અને નાચવું વાસ્તવમાં રમત ગમતમાં દાખલ છે, એના હરામ હોવામાં આયતો, હદીષો અને ફિક્હી રિવાયતો એટલી બધી છે કે એને ગણવું મુશ્કેલ છે. કોઈ પણ જમાનામાં કોઈ ફકીહે ગાવા અને નાચવાના જવાઝનો ફત્વો નથી આપ્યો....

સૂફી લોકોનો અમલ હલાલ અને હરામમાં પુરાવો નથી,

એટલું છે કે અમે એમને મજબૂર સમજી બુરાઈ નહીં કરીએ અને એમના કામને અલ્લાહના હવાલે કરીશું, આ જગાએ ઈમામે અબૂ હનીફા, ઈમામ અબૂ યૂસુફ અને ઈમામ મુહમ્મદ પર ભરોસો થાય છે અબૂબક્ર શિબ્લી અને અબુલ હસન નૂરી પર નહીં. વર્તમાનકાળના ખરાબ સૂફી લોકો પોતાના પીરોના અમલને બહાનું બનાવીને ગાવાને અને નાચવાને પોતાનો દીન અને ધર્મ સમજીને ચાલે છે અને એને પેરવી અને ઈબાદત સમજે છે. આ એ લોકો છે જેમણે પોતાના દીનને રમત ગમત બનાવી નાખ્યો.

પત્ર : ૨૬૬, ભાગ–૧

## ★ દુનિયાને દીનનું નામ કોણે આપ્યું ? ★

દીનની વાસ્તવિક્તાને સમજી ન શકવાથી દુનિયાના નાચ, ગાના અને બદ્‌માશીઓને દીનનું નામ આપનારની બુરાઈ કરતાં મુજદ્દિદ સાહબ ફર્માવે છે :–

જમ્મે ગફીર અમીં તાઈફા તસ્કીને ઈઝતિરાબે ખુદરા દર પરદાહાએ નગ્મા વ વજદો તવાજુદ બસતંદ વ મતલૂબે ખુદરા દર પરદાહાએ નગ્મા મુતાલઆ નમુદન્દ, લાજરમ રકસો રક્કાસીરા દીદન ખૂદ ગિરફત બઆંકે શુનીદા બાશંદ મા જઅલ્લાહુ ફીલ હરામે શિફા.... શમ્મએ અઝ હકીકતે સલાતિયા બરઈશા મુનકશિફ શુદે હરગિઝ દમ અઝ સિમા વ નગ્મા નઝદન્દે..... ચું ન દીદન્દ હકીકતે રહ અફસાના ઝદન્દ, અય બિરાદર ! હર કદર કે ફરક દરમિયાને નમાઝો નગમા અસ્ત, હમાં કદર ફરક દરમિયાને કમાલત કે મનશાએ આં નમાઝ અસ્ત વ કમાલાતે કે મનશએઆં નમાઝ અસ્ત.

પત્ર : ૨૬૧, ભાગ : ૧

**અર્થાત** : આ સૂફીઓની મોટી જમાઅત છે જે પોતાની બેચેનીનો ઈલાજ ગાવા અને વજદમાં શોધે છે, અને પોતાના મહબૂબને ગાયનોના પર્દામાં જોવા માંગે છે અને એટલા માટે નાચ





અને નાચવાને એમણે પોતાનો તરીકો બનાવી લીધો છે જ્યારે કે એમણે આ હદીષ સાંભળી હશે કે અલ્લાહ તઆલાએ કોઈ હરામ વસ્તુમાં શિફા નથી રાખી.... જો એમના પર નમાઝની હકીકતનો થોડો ભાગ પણ ખુલી જતો તો તેઓ ક્યારે પણ સિમા અને ગાવાનું નામ ન લેતા, જ્યારે વાસ્તવિક માર્ગ એમને ન મળ્યો તો ખોટા માર્ગે લાગી ગયા. અય માનવંતા ભાઈ ! જેટલો તફાવત નમાઝ અને ગાવામાં છે એ જ પ્રમાણે નમાઝથી પ્રાપ્ત થનાર કમાલોમાં સમજો.

**પરિણામ** : નાચવું ગાવું ઢોંગ છે, એને રમતગમતથી આગળનો દરજો નથી મળી શક્તો, સૂફી સંતો જેમની જાહેરી હાલતો હોશમાં ન હોય તો એવા લોકોને માફ રાખવામાં આવે છે, સૂફી લોકોના અમલો હલાલ, હરામમાં દલીલ બની શક્તા નથી, હનફી ત્રણ ઈમામોની વાત માન્ય છે એમની વિરોધમાં કોઈ બુઝુર્ગની વાતને ઉત્તેજન આપવામાં નહીં આવે, ખોટી રીતની દલીલો ગુમરાહ લોકોનું કામ છે, હરામ હરામ છે, હરામથી ખુદાની નિકટતા ન મળે, નમાઝ અલ્લાહની નિકટ બનાવનાર છે, એમાં ઘણા જ કમાલ રાખવામાં આવ્યા છે, મહબૂબની લેકા (મુલાકાત) શોખ હોય તો નમાઝમાં આગળ ધપવું જોઈએ, ગાવામાં અને નમાઝમાં જે તફાવત છે એ કમાલાતની પ્રાપ્તિમાં પણ છે, જે લોકો આ રહસ્ય જાણતા નથી અને રમતગમતમાં લાગી ગયા એમણે સત્ય દીન છોડીને રમત ગમતને દીન બનાવી લીધો છે. પીરોની વાતો અને એમના અમલોને દલીલો બનાવે છે જ્યારે કે એ દલીલોનું કામ નથી આપી શક્તા, અને શરીઅતમાં એમની વાતો આધાર અને બુન્યાદ નથી.

## ★ ઉલમાએ હક્કનું અનુસરણ જરૂરી છે ★

**(૧૩)** સઆદત આષાર ! આંચે બર માઓ શુમા લાઝિમ અસ્ત તસહીહે અકાઈદ અસ્ત, બમુકતઝાએ કિતાબો સુન્નત, બર નેહજે કે ઉલમાએ અહલે હક્ક શકરલ્લાહુ સઅયહુમ અઝ કિતાબો સુન્નત આં અકાઈદરા ફહમીદા અંદ વ અઝ આંજા અખઝ કરદા, ચે

ફહમીદન મા એ શુમા અઝ હય્યિઝે એઅતેબાર સાકિત અસ્ત અગર મુવાકિફ ઈફહામે ઈ બુઝુર્ગવારાં બાશદ, ઝેરાકે હર મુબતદિઅ વ દાલ્લ અહકામે બાતિલએ ખુદરા અઝ કિતાબો સુન્નત મીફહમદ વ અઝ આંજા અખઝ મી નુમાયદ, વલહાલ અન્નહુ લાયઅની મિનલ હક્કે શૈઆ.

પત્ર : ૧૫૮, ભાગ : ૧

**અર્થાત** : હે નેક નસીબા ! અમારા અને તમારા પર જરૂરી છે કે પોતાના અકીદાને કિતાબ અને સુન્નત મુજબ એ પ્રમાણે જેમ કે હક્ક ઉલમાએ કિતાબ અને સુન્નતથી સમજ્યું અને લીધું, બરાબર કરે. કારણ કે અમારું અને તમારું સમજવું એ હઝરાતના મંતવ્ય પ્રમાણે ન હોય તો ભરોસો કરવા લાયક નથી, કારણ કે દરેક બિદઅતી અને ગુમરાહ પોતાના બાતિલ અહકામ કુર્આન અને સુન્નતથી જ સમજે છે અને એનાથી જ લે છે, અને વાસ્તવિક્તા એ છે કે હક્કમાં એ કશો મતલબ રાખતું નથી.

**પરિણામ** : ઉલમાએ અહલે સુન્નતની બહુમતીથી ખસવું ગુમરાહી છે, દીનના માર્ગમાં દરેકનું અનુસરણ નથી થઈ શક્તું એટલે દરેકની વાતને દલીલ નથી બનાવી શક્તા, જેમને દીનમાં આધાર બનાવવામાં આવ્યા છે એમની જ વાતો માન્ય રાખવામાં આવશે.

## ★ કશ્ફો ઈલ્હામ નહીં, ઉલમાએ હક્કને માનો ★

મુહદ્દિષ સાહબ હક્ક માર્ગે રહેવાનો કાયદો આપણને આપતાં ફર્માવે છે :–

ખુદા તમને નેક હિદાયત આપે અને સીધા માર્ગે ચલાવે તમારે જાણવું જોઈએ જરૂરિયાતમાંથી કે સત્ય અકીદો જેને ઉલમાએ અહલે સુન્નતે કિતાબ, સુન્નત અને પૂર્વજોની રિવાયતો સમજ્યા. કુર્આન અને હદીષને પણ એ જ અર્થમાં રાખવામાં આવશે જે અહલે સુન્નતના આલિમો સમજ્યા છે.





નીઝ ઝરૂરી અસ્ત વ અગર બિલ ફર્ઝ ખિલાફે આં મઆની મફહુમા બકશ્ફુ ઈલ્હામ અમ્રે જાહિર શવદ, આંરા એતેબાર ન બાયદ કર્દ, વ અઝાં ઈસ્તિઆઝા બાયદ નમૂદ, ચે મઆની કે ખિલાફે મઆની મફહુમએ ઈશાં અસ્ત અઝ હય્યિઝે એતેબાર સાકિત અસ્ત, ઝેરા કે હર મુબતદિઅ વ દાલ્લ મુઅતકેદાતે ખૂદ અઝ કિતાબો સુનનત મીદાનદ બઅંદાઝએ ઈફહામે રકીકા ખૂદ અઝાં મીઆની ગેયર મુતાબિક મીફહમદ.

**અર્થાત** : આ પણ જરૂરિયાતમાંથી છે, અને જો થોડી વાર માટે માની લઈએ કે કશ્ફ અને ઈલ્હામથી ઉલમાની બહુમતીની વિરોધમાં કોઈ આયત અથવા હદીષના મતલબની જાણ થાય, એનો એતેબાર નથી, બલ્કે એનાથી પનાહ માંગવામાં આવશે, કારણ કે ઉલમાની બહુમતીની વિરુધ્ધમાં જે મતલબ સમજમાં આવે, એ ભરોસાથી સંપૂર્ણ બહાર છે, કારણ કે દરેક બિદઅતી અને ગુમરાહ પોતાની માન્યતાઓને પોતાના અનુમાનમાં કુર્આન અને હદીષથી જ કાઢે છે. કુર્આનની તો શાન છે : "અલ્લાહ એનાથી ઘણાને ગુમરાહ કરે છે અને ઘણાને માર્ગ બતાવે છે." અને આ જે મેં દાવો કર્યો કે ઉલમાએ અહલે હક્કના જ સમજેલા મતલબ ભરોસાપાત્ર છે, અને એની વિરુધ્ધમાં બીજા કોઈના સમજેલા મતલબ સહાબાએ કિરામ અને પૂર્વજ બુઝુર્ગોના ફયૂઝના ઝરણાથી પ્રાપ્ત કર્યા, અને એમના જ પ્રકાશથી ચૂંટેલા છે, એટલે અબદી નજાત અને હમેશાંની કામયાબી એમનાથી જ સંબંધિત છે, એ જ ખુદાની જમાઅત છે, અને ખુદાની જમાઅત સફળ છે.

**પરિણામ** : અહીંયા પણ એ જ ફર્માવવામાં આવ્યું કે ઉલમાએ અહલે સુન્નતની બહુમતીને મસ્અલા અને અહકામમાં માન્ય રાખવામાં આવશે. આની વિરોધમાં કોઈ કશ્ફ, કરામત અને ઈલ્હામથી કોઈ બીજી વાત કરતો હોય તો એની વાત માન્ય રાખવામાં નહીં આવે. દરેક લખાણ ખાનકાહી જાહિલોની વિરુધ્ધ છે.

## ★ હાલાત પર ફેંસલો ★

**(૧૫)** અમુક બુઝુર્ગોની સીરતમાં અમુક વાતો એવી બયાન કરવામાં આવી છે જેની શરીઅત ક્યારે પણ રજા આપી શક્તી નથી. ઉલમાએ એ હાલતોને બુઝુર્ગોની સુક્રની હાલત બતાવી છે, જેને જઝ્બની હાલત કહેવામાં આવે છે, અને મજઝૂબનો કોઈ અમલ હાલતે જઝ્બમાં એના હક્કમાં માફી રાખે છે, બીજાને જેની હાલત એવી નથી રજા મળી શક્તી નથી.

એ વિશે મુજદ્દિદ સાહેબ લખે છે :–

અને એ લોકો જે અહલે સુક્ર નથી તેઓ એમની તકલીદ કરે તો માફ કરવામાં નહીં આવે, ન એ વલીઓને ત્યાં અને ન શરીઅતમાં કારણ કે દરેક વસ્તુ માટે ખાસ મોસમ અને સમય હોય છે, એ વસ્તુ એ સમયમાં સારી લાગે છે, અને બીજા મોસમમાં બુરી.

ભાગ :૧, પત્ર : ૨૩

**પરિણામ** :જે લોકો પોતાની જહાલતથી મજઝૂબ દરેક સમય માટે અથવા અમુક ખાસ સમય માટે એવા વલીઓની કોઈ શરીઅત વિરોધની વાત જોઈને પોતાના માટે એને કરવાની દલીલ બનાવે છે તેઓ તદ્દન ખોટા છે, જેમના માટે માફ છે એ એમની જગાએ, જેમના માટે માફ નથી એણે પોતાના કાયદા પર અમલ કરવાનો રહેશે. બીમાર માણસ જેને પાણીનો ઉપયોગ તકલીફ આપે, એ તયમ્મુમ કરી શકે છે, સારા વ્યક્તિએ બીમારને દલીલ બનાવવાની રજા નથી વગેરે...

## ★ શરીઅત તસવ્વુફથી ઉત્તમ છે ★

**(૧૬)** વફી તકદીમે તલબતિલ ઉલૂમ તરવીજુશ્શરીઅતે લેઅન્નહુમ હમલતુશ્શરીઅતિન્નબિય્યતિ વલ મિલ્લતુલ મસ્તફવિય્યતુ કાઈમતુમ બિહિમ વન્નાસુ ઈન્નમા યુસઅલુન યવમલ કિયામતિ અનિશ્શરીઅતે દુનત્તસવ્વુફે વ કુલ્લો મિન





દખલિલ જન્નતિ વ તજન્નુબિન્નારી મરબુતુમ બિઈતયાનિશ્શરીઅતે.

પત્ર : ૪૮, ભાગ : ૧

તાલિબે ઈલ્મોને આગળ સમજવામાં શરીઅતને ફેલાવવું છે, શરીઅતને લઈને ચાલનારા આ જ લોકો છે. અને મુસ્તફવી મઝહબ એની સાથે જ કાયમ છે. કાલે કિયામતના દિવસે શરીઅત વિશે પૂછવામાં આવશે, અને તસવ્વુફના વિશે કાંઈ પૂછવામાં નહીં આવે, જન્નતમાં પ્રવેશવું અને દોઝખથી બચવું શરીઅતના હુકમો પર અમલ કરવા પર આધારિત છે.

**પરિણામ** : તસવ્વુફ સારી વસ્તુ છે પણ એનો સવાલ કિયામતમાં કરવામાં નહીં આવે, પણ શરીઅત જરૂરી છે અને અલ્લાહ તઆલા તરફથી આપણને જવાબદારી તરીકે આપવામાં આવી છે એટલે એનો સવાલ કરવામાં આવશે. જેનો સવાલ થાય એ ઉત્તમ છે એનાથી જેની ન જવાબદારી આપવામાં આવી અને ન જેનો સવાલ થાય.

## ★ શરીઅતનો હુકમ નફ્લ ઈબાદતોથી ઘણો જ આગળ છે ★

ઝકાતના તરીકા પર જેનો શરીઅતને હુકમ આપ્યો છે એક પૈસો ખર્ચ કરવો, નફ્સ ખરાબ કરવામાં હજાર દીનારોના ખર્ચથી ઉત્તમ અને ફાયદાકારક છે જે પોતાની મરજી પ્રમાણે ખર્ચ કરવામાં આવે, અને શરીઅતના હુકમથી ઈદુલ ફિત્રના દિવસે ખાવું મનેચ્છાને દૂર કરવામાં પોતાની મરજી પ્રમાણે કેટલા વરસો રોઝા રાખવાથી ઉત્તમ છે, અને સવારની નમાઝની બે રકાતો જમાઅત સાથે અદા કરવી જે સુન્નતો પૈકીની એક સુન્નત છે કેટલા દરજા એ વાતથી ઉત્તમ છે કે પૂરી રાત નફ્લ નમાઝમાં ઉભો રહે અને સવારની નમાઝ જમાઅત વગર અદા કરે.

પત્ર : ૫૨, ભાગ : ૧

**પરિણામ** : તસવ્વુફ એક નફ્લ કામ છે જે માણસ પોતાની મરજીથી કરે છે, અને શરીઅત અલ્લાહ તરફથી આપવામાં આવી છે, શરીઅત પર અમલ કરનાર અલ્લાહ અને રસૂલના ફર્માન પર અમલ કરે છે એ પોતાની મરજીથી વધારે કામથી પણ ઉત્તમ છે, તસવ્વુફ શરીઅત બરાબર નથી, શરીઅત તસવ્વુફથી ઘણી જ ઉત્તમ છે.

મુકાશફતુલ ગુયૂબમાં જે ખોટા લખાણો ખોટા પુરાવાથી અથવા સમજા વિના કરવામાં આવ્યાં છે, અને જગા જગાએ આલિમોને તુચ્છ સાબિત કરવામાં આવ્યા છે, અને સૂફીયતના નામથી જે ગુમરાહીની લોકોને દા'વત આપવામાં આવી છે એ સર્વ વાતોના જવાબ અમે હઝરત મુજદ્દિદે અલ્ફેષાની સરહિંદી رحمۃ اللہ علیہ ના પત્રોથી આપ્યા, અને એને પુરાવાની સાથે અમે રજૂ કર્યા, એને આપના મક્તૂબાતના ભા. ૧ અને ભા. ૨ થી પ્રાપ્ત કરી શકાય છે અને ગુમરાહોની ગુમરાહી પારખી શકાય છે. સત્ય શું છે અને હક્ક શું છે એ મુજદ્દિદ સાહબના લખાણથી સ્પષ્ટ થઈ ગયું. સૂફી સંતો એમની જગાએ, આપણે એમનાથી મહબ્બત રાખીશું પણ શરીઅતની વાતોમાં મુજદ્દિદ સાહબના ફર્માન મુજબ હલાલ, હરામનો એઓ આધાર નથી, એમાં ઉલમાએ અહલે સુન્નત આધાર છે, અને બુઝુર્ગો તકલીદથી બહાર નથી. એમને પણ ચાર ઈમામો પૈકીના જેમની તેઓ પહેલાંથી તકલીદ કરતા હોય ફિક્હી મસાઈલમાં એમની તકલીદમાં રહેવું અનિવાર્ય છે. જ્યારે તકલીદમાં એમને રહેવું જરૂરી છે તો પછી તકલીદ બહારના એમના ફેંસલા માન્ય રાખવામાં નહીં આવે. તો જે મસ્અલો આપણી ચર્ચાનો વિષય છે કે તા'ઝીમી સિજદો આપણી શરીઅતમાં ગયરે ખુદા માટે હરામ છે, અને એમાં એક મસ્લકની વાત નથી બલ્કે ચારે મસ્લકના ઈમામોની એકમતિ છે અને સહાબાની એકમતિ એની જગાએ છે એના વિરુધ્ધમાં કોઈની વાત માન્ય રાખવામાં નહીં આવે, અને આ મસ્અલાથી ખસનારને ગુમરાહ બદ્દીન કહેવામાં આવશે, અને મહાન વલીઓ તરફ જે ગલત વાતો સંબંધિત કરવામાં આવી છે એને ગલત જ કહી છોડી દેવામાં આવશે, એનાથી અધિક એનો કોઈ જવાબ આપવાની જરૂરત નથી. જવાબો જવાબોની જગાએ છે ત્યાંથી પ્રાપ્ત કરી શકાય છે.





**નોંધ** : આ સત્તર (૧૭) વાતો જાણે સત્તર કાયદા કાનૂન છે અને જે ગુમરાહીના જમાનામાં અહલે સુન્નતને ગુમરાહીથી બચાવવાનો આધાર છે, **એ સર્વ વાતો અમે અમારા તરફથી બનાવી હોતે તો શક્ય છે કે કોઈને શંકા રહે, અને માનવા પર એનું દિલ તૈયાર ન થાય,** પણ આ વાતો અહલે સુન્નતનો જવાબ છે અને **એ કાયદા આપણને આપનાર મુજદ્દિદે અલ્ફેષાની ઈમામે રબ્બાની અહમદ સરહિંદી છે,** જેમની જાતને આપણે બરેલ્વી માનીએ છીએ, જેમની વાત દેવબંદી મૌલ્વીઓ પણ માન્ય રાખે છે, અને એથી ઉત્તમ વાત એ કે વર્તમાનકાળમાં જે અમુક ખાનકાહો બિદઅતોના નામ પર ચાલી રહી છે, અને ખાનકાહી પીરોને મૌલ્વીઓથી એવી દુશ્મની કે એમને મૌલ્વીનું નામ સાંભળીને ઉલ્ટી થવા લાગે, પણ તેઓ હઝરત મુજદ્દિદ સાહબને માને છે ! અને એમણે બિદઅતે સૈયેઆના પ્રચારની જે કિતાબ લખી છે એમાં પણ ઈમામે રબ્બાનીનાં ઘણાં જ વખાણ કર્યાં છે બલ્કે એમણે એવું કહો તો પણ ચાલે કે વખાણનો પુલ બાંધ્યો છે ! તો હું ઉમ્મીદ કરીશ કે તેઓ મુજદ્દિદ સાહબની વાતો માન્ય રાખશે અને શરીઅતની વાતો કબૂલી જલ્દીથી તૌબા કરી લેશે, અને નહીં પણ કરે તો એમનું નસીબ ! પણ હક્ક સ્પષ્ટ થઈને સામે આવી ગયું છે.

## ★ અબ્દુલહક્ક મુહદ્દિષે દહેલ્વી અને તા'ઝીમી સિજદો હરામ ★

કૈસ બિન સઅદથી રિવાયત છે ફર્માવ્યું, હું હેયરા આવ્યો. (કહ્યું કૈસ બિન સઅદે કે હું હેયરા આવ્યો. જે કૂફાનું એક જૂનું અને પ્રખ્યાત શહેર છે.) તો મેં એમને જોયા કે (હેયરાવાળાઓને)કે સિજદો કરે છે પોતાના આગેવાનને.

ફકુલ્તુલિરસૂલિલ્લાહ પર ગુફતમ મન હર આઈના પૈગંબરે ખુદારા અહક્કુ અંય યસજુદુલહુ સઝાવરા તર અસ્ત કે સિજદા કરદા શવદ મરઉરા. ફઅતયુત રસૂલુલિલ્લાહિ પસ આમદમ

પૈગંબરે ખુદારા . ફકુલ્તુ ઈન્ની અતયતુલ હિયરા પસ ગુફતમ બદરસ્તિકે આમદમ મન હિયરારા ફરઅયતુહુમ યસજોદુના લિમરઝબાના લહુમ પસ દીદમ મર ઈશાંરા કે સિજદા કુનંદ મરઝબાનીરા કે મરઈશાંરા બુવદ ફઅન્તા અહક્કુ બિઅંય યસજુદા લકા. પસ તૂ સઝાવારતરી બેઓ કે સિજદા કરદા શવદ મરતોરા, ફકાલા લી પસ ગુફ્ત આં હઝરત મરા અરાઅતા લવ મરરતા બિકબરી. ખબર દેહા મર અગર બગુઝરી તૂ બકબરે મન. અકુનતા તસજુદા લહુ. આયા હસ્તી તુ કે સિજદા મી કુન્ન તૌકીરરા. ફકુલ્તુલા પસ ગુફતમ ન મી કુનમ. ફકાલ લાતઅફલુ. પસ ગુપ્ત આં હઝરત નકુનૈદ સિજદા મરા યઅની મરા કે સિજદા મીકુનૈદ ઈલ્લા આં જિહતે ઈકરામ વ ઈજલાલો હયબતો જલાલે મન કુનૈદ વચું મન અઝીં આલમ બુરદમ વ દર પરદા શવમ સિજદા ન કુનૈદ. પસ સિજદા બરાએ ઝિંદા બાયદ કર્દ કે હરગિઝ ન મીરદ વ મુલ્કે ઊ ઝાઈલ ન ગરદદ.

**હવાલો** : લમઆત, ભાગ–૩, પેજ–૧૫૭

**અર્થાત** : મેં પૈગંબરે ખુદા ને કહ્યું એનાથી તમે વધારે હક્ક ધરાવો છો કે, આપને સિજદો કરવામાં આવે, પછી હું આવ્યો પૈગંબરે ખુદા પાસે અને મેં કહ્યું હેયરા આવ્યો તો મેં એમને જોયા કે સિજદો કરે છે એમના આગેવાનને. તમે વધારે લાયક છો કે તમને સિજદો કરવામાં આવે. હુઝૂરે મને કહ્યું કે મને બતાવ ! જો તું મારી કબર પાસેથી પસાર થાય તો તું મારી ઈજ્જત માટે સિજદો કરશે ? મેં કહ્યું, નહીં. તો આં હઝરતે ફર્માવ્યું, મને સિજદો ન કરો, મને કેમ સિજદો કરશો ? પરંતુ આ પ્રમાણેની મારી ઈજ્જત, તા'ઝીમ, અને રોપ, રૂબાબ કરશે, અને જ્યારે હું આ જગતથી ચાલ્યો જાવું અને પર્દામાં ચાલ્યો જાવું તો સિજદો ન કરશો, સિજદો એ જીવંતને કરવો જે ક્યારે પણ ન મરે, અને એની સત્તા ક્યારે પણ નષ્ટ ન થાય.





લવકુન્તુ આમોરો અહદન અંય યસજુદા લિઅહદિન. અગમ મીબુદમ કે અમ્ર મી કરદમ યકેરા કે સિજદા કુનૈદ યકેરા. લમઅરતુન્નિસાઆ અંય યસજુદના લિઅઝવાજિહિન્ના. હર આઈના અમ્ર મીકરદમ ઝિનાંરા ક સિજદા કુનંદ મર શોહરાને ખુદરા. લિમા જઅલ્લાહુ લહુમ અલૈહિન્ના મિન હક્કિન અઝ જિહત આંચે ગરદાનીદા અસ્ત, ખુદાએ તઆલા મરદાંરા બરઝિનાં અઝ હક્ક. રવાહું અબૂ દાવૂદ.

**હવાલો** : લમઆત, ભાગ–૩, પેજ–૧૫૭

**અર્થાત** : જો હું હુકમ કરતો કે એક બીજાને સિજદો કરે તો જરૂર હું સ્ત્રીઓને હુકમ કરતો કે પોતાના શોહરોને સિજદો કરે, એટલા માટે કે અલ્લાહ તઆલાએ મર્દોનો હક્ક રાખ્યો છે ઔરત પર. અબૂ દાવૂદે આની રિવાયત કરી છે.

**પરિણામ** : હઝરત અબ્દુલ હક્ક મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ સર્વમાન્ય બુઝુર્ગ છે, આપે પણ હદીષની શરહમાં એ ફર્માવ્યું કે, "તું કે સિજદા મીકુન્ન તૌકીરરા" તમે ઈજ્જતનો સિજદો કરશો. ઈજ્જતના શબ્દનો વધારો એટલા માટે જ કર્યો કે નબીની મુરાદ તા'ઝીમી સિજદાથી રોકવું હતું, કારણ કે સહાબા શિર્ક નહીં કરે એનાથી તો આપણા નબીને યકીન થઈ ગયું હતું, અને સહાબા શિર્કની માંગ કરે એ શક્ય ન હતું, એટલે મુહદ્દિષ સાહબે ભાષાંતર કર્યું કે ઈજ્જતનો સિજદો ન કરશો ! ઈજ્જતનો સિજદો અલ્લાહ તઆલા સિવાય કોઈના માટે જાઈઝ રહ્યો નથી. એટલે કે સિજદો માત્ર અલ્લાહને જ કરવામાં આવશે, અલ્લાહ સિવાય કોઈને સિજદો કરવો જાઈઝ નથી.

## ★ કબર તરફ પણ સિજદો હરામ ★

ઉપરોક્ત હદીષે પાકથી જાણવામાં આવ્યું કે જ્યારે આપણી ઉમ્મતમાં ખુદા તઆલા સિવાય કોઈને સિજદો કરવો જાઈઝ નથી, બલ્કે અલ્લાહના હબીબ, અલ્લાહની મખ્લૂકમાં એમનાથી વધીને કોઈ જ નથી,

એમને પણ તા'ઝીમની નિય્યતે સિજદો કરવો હરામ છે, તો આ મસ્અલાના આધારે જ્યારે વ્યક્તિ સામે હોય એને સિજદો નથી થઈ શક્તો તો એના અવસાન પછી એની કબરને પણ સિજદો નથી કરી શક્તા. ઉપરોક્ત હદીષમાં કબર પર સિજદો કરવાની પણ મનાઈ કરવામાં આવી. અલ્લાહના અંતિમ નબી અહમદ મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺ એ આપણને પોતાની સાથે સંબંધિત કરીને એટલી બધી ઈજ્જત આપી કે આપણી પેશાની અને કપાળ કિયામત સુધી અલ્લાહ સિવાય કોઈના આગળ જમીન પર જશે નહીં. હઝરત અબ્દુલ હક્ક મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ પોતાની લમઆતમાં એની છણાવટ કરતાં લખે છે :–

> શૈખ ઈબ્ને હજર હેતમી મક્કી દર શરહે હદીષ "લઅનલ્લાહુલ યહૂદા વન્નસારા ઈત્તખઝુ કુબૂરા અંબિયાએહીમ મસાજિદા" ગુફ્તા અસ્ત કે ઈ બરતકદીરેસ્ત કે નમાઝ ગુઝારદ બજાનિબે કબર અઝ જિહતે તા'ઝીમે વે કે આ હરામસ્ત બઈત્તિફાક.
>
> **હવાલો** : લમઆત, ભાગ : ૧, પેજ : ૧૭૬

શેખ ઈબ્ને હજર હેતમી મક્કી આ હદીષની શરહમાં ફર્માવે છે :–

> "યહૂદ અને નસારા પર અલ્લાહ લા'નત કરે જેમણે પોતાના નબીઓની કબરોને મસ્જિદ બનાવી નાખી. આ એ વખતે છે કે કબરની દિશાએ નમાઝ અદા કરે, કબરની ઈજ્જત માટે તો એ હરામ છે."

## ★ શરહનો ભાવાર્થ ★

કહેવાનો ભાવાર્થ એ છે કે નમાઝ તો યહૂદ અને ઈસાઈ અલ્લાહ માટે જ પઢતા હતા, પરંતુ તેઓ અલ્લાહની નમાઝ અને એની ઈબાદતમાં કિબ્લો નબીની કબરને બનાવતા, એ તરફ ચહેરો કરીને નમાઝ અદા કરતા, અને એ કામથી એમનો મકસદ નબીની ઈજ્જત હતી, પણ નબીએ એ કામને લઈને યહૂદ અને ઈસાઈ માટે લા'નતની બદ્દુઆ કરી, અને એનાથી આપણને એ બતાવ્યું કે કબર તરફ સિજદો,





સાહિબે કબરને સિજદાની નિય્યતે ન કરવામાં આવે બલ્કે સિજદો અલ્લાહનો અને એ કબર સિજદાની દિશા હોય તો એ પણ નાજાઈઝ અને હરામ છે.

મુહદ્દિષ સાહબના લખાણથી સ્પષ્ટ થયું કે જ્યારે કબર તરફ મોઢું કરીને અલ્લાહને સિજદો કરવો નાજાઈઝ અને હરામ બની જાય છે દીશા ખોટી હોવાને લઈને, તો પછી કબરવાળાને જ સિજદો કરવામાં આવે તો એ કેટલું સખત હરામ હશે ! એને આ હદીષના નિર્દેશથી જાણી શકાય છે.

## ★ ગુમરાહોથી દૂર રહો ! ★

જે લોકોએ મુહદ્દિષ સાહબ પર ઈલ્ઝામ રાખેલું છે અને આક્ષેપ મૂક્યો છે કે એમણે તા'ઝીમી સિજદો ગયરે ખુદા માટે જાઈઝ કર્યો છે, તો અમારા આ ત્રણ પુરાવાથી સ્પષ્ટ થઈ ગયું કે કોઈ જગાએ આપે એને જાઈઝ નથી કર્યું, હદીષની શરહમાં હરામ સિવાય વધારેની કોઈ ચર્ચા પણ આપે નથી કરી, તો ઈમાનવાળાઓએ પોતાના ઈમાનના રક્ષણ માટે એટલું યાદ રાખવું જોઈએ કે ગુમરાહ અને બદ્દીન લોકોના જૂઠા લખાણને ન પઢે અને ભૂલથી હાથ લાગી જાય તો એની શંકાઓને નષ્ટ કરવા સત્ય માન્યતાના આલિમોના લખાણનો સહારો લઈ લેવો જોઈએ !

## ★ મહાન બુઝુર્ગોના મંતવ્યો અને તસવ્વુફ ★

જે લોકો વર્તમાનકાળમાં લોકોને ગુમરાહ કરવા અને લોકોને અંધારામાં રાખવા અને બદ્માશી કરવા છતાં પોતાના લટ્ટુ બનાવી રાખવા તસવ્વુફની ખોટી તારીફો કરતા હોય છે, એમને ખબર છે કે એમના માર્ગમાં રૂકાવટ બની શકે છે તો મૌલ્વીઓ, એમની પાસે નબીના દીનના ઈલ્મનું પ્રકાશ છે એટલે એમને જેમ તેમ કોઈ મૂર્ખ બનાવી શક્તું નથી, અને જેઓ મૌલ્વીઓને પોતાના માર્ગદર્શક બનાવી લે એ પણ પ્રકાશમાં આવી જાય છે, અને ઢોંગી લોકોના ઢોંગને ઓળખી લે છે, એટલે તેઓ પોતાના માનવવાળાને માત્ર એક જ શિખામણ આપે છે કે તમારે અમારા કામ પર કોઈ શંકા લાવવાની નહીં, અમે જે કરીએ

એ જ સત્ય છે, તમારી સમજમાં આવે કે ન આવે ! શરીઅત એની સત્યતા બતાવતી હોય કે શરીઅતની સદંતર વિરુધ્ધ હોય, જો તમારા દિલમાં અમારા કામમાં શંકા આવી તો જે ફય્ઝ મળવાનો છે એ અટકી જશે અને ઉલ્ટા જોખમમાં મૂકાઈ જશો ! અમારા કામને હઝરત ખિઝરનું કામ સમજવું એટલે તેઓ પોતાનો હઝરત ખિઝર علیہ السلام થી નીચા તો સમજતા જ ન હોય ! તેઓ સામે આલિમોનો વિરોધ આવે છે તો કહે છે આલિમો શરીઅતના પાબંદ છે તેઓ શરીઅતની વાત કરે, અમે મારેફતવાળા છીએ અમને શરીઅતથી શો મતલબ ?! શરીઅત તો માર્ગ છે અમે તો પહોંચી ગયા ! અમને માર્ગની શી જરૂરત ?! મૌલ્વી અલગ છે સૂફી અલગ છે ! મૌલ્વી જાહેર પર છે અમે બાતિન પર છીએ, તેઓ અમને શું સમજી શકે ?! એટલે તમારે મૌલ્વીઓની વાતોમાં નહીં આવવાનું અને મૌલ્વીઓની સંગતમાં નહીં જવાનું ! અમારી શિખામણ એ જ છે જે કરવું હોય કરો પણ મૌલ્વીઓથી દૂર રહો વગેરે વગેરે... મુકાશફતુલ ગુયૂબમાં મહબૂબ સાહબે, જગા જગાએ તસવ્વુફને શરીઅતથી અલગ હોવાનું એલાન કર્યું, છે અને લોકોને કહ્યું છે કે મૌલ્વીઓથી અલગ રહો !

હઝરત મુજદ્દિદે અલ્ફેષાની رحمۃ اللہ علیہ ના ફર્માનથી તસવ્વુફની વાસ્તવિક્તા શું છે એનો ખુલાસો થઈ ગયો. બીજા મહાન વલીઓની વાણીમાં પણ તસવ્વુફને સમજી લો જેથી ઢોંગી લોકોનો દરવાજો જ બંધ થઈ જાય, અને આપણા સુન્નીઓને કોઈ ખોટી રીતે ભણાવી ન શકે, એમને અંધારામાં રાખી ન શકે, અને સાચી સુન્નિયત શું છે એની વાસ્તવિક્તાનું જ્ઞાન મળી આવે. હું દુઆ કરું છે અલ્લાહ તઆલા જેમ બુઝુર્ગોની દુઆઓથી અને એમના ફય્ઝથી આપણી મદદ ફર્માવે છે, તેમ એમના લખાણથી પણ મારા સુન્ની ભાઈઓને ફાયદો પહોંચાડે અને એમને જહાલતના અંધકારથી બહાર કરી નબીના સત્ય દીન પર અડગ રાખે.

## ★ ઈમામ શઅરાની અને તસવ્વુફ ★

આરિફ બિલ્લાહ સૈયેદી અબ્દુલ વહ્હાબ શઅરાની તસવ્વુફની





વાસ્તવિક્તા બતાવતાં ફર્માવે છે :–

"શરીઅતના હુકમો પર બંદાના અમલનો નિચોડ તસવ્વુફ છે." *(તબકાતુશ્શાફેઈય્યતુલ કુબ્રા, પેજ–૪)*

ઈમામ શઅરાનીની તસવ્વુફની કરેલી તારીફથી જાણી શકાય છે કે **તસવ્વુફ શરીઅતથી અલગ નથી, શરીઅત પર અમલનું પરિણામ છે,** શરીઅત પર અમલ ન હોય તો એ પરિણામ ક્યાંથી આવી શકે ? એટલે **સૂફી શરીઅતથી એક પળ માટે પણ ખસી શક્તો નથી.**

## ★ અબૂ અબ્દુલ્લાહ ઝબ્બી અને તસવ્વુફ ★

સૈયદી અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન ખફીફ ઝબ્બી قدس سرہ ફર્માવે છે :–

"તસવ્વુફ દિલોની સફાઈનું નામ છે અને શરીઅતમાં નબી નું અનુસરણ." *(તબકાતુલ કુબ્રા, પેજ–૧૮)*

આ વ્યાખ્યામાં પણ નબીની પેરવી અને આપના અનુસરણને તસવ્વુફ ફર્માવવામાં આવ્યું અને એ વધારો કરવામાં આવ્યો કે માત્ર અમલ ન હોય બલ્કે એમાં દિલને પણ દરેક પ્રકારની બાતિની (આંત્રિક) બુરાઈઓથી સાફ કરવામાં આવે છે.

## ★ હુઝૂર ગૌષે પાક અને તસવ્વુફ ★

તસવ્વુફ તરીકતનું બીજું નામ છે, અને તરીકત એ માર્ગનું નામ છે જે ખુદા સુધી પહોંચાડે, હવે ખુદા તઆલા સુધી પહોંચાડનાર માર્ગ કયો છે અને 'બહજતુલ અસરાર'માં હઝરત અલ્લામા અબુલ હસન અલી હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہ થી રિવાયત ફર્માવે છે :–

"અલ્લાહ તઆલાથી સર્વથી અધિક નિકટ કરનાર માર્ગ કાનૂને

બંદગી મજબૂત પકડવો અને શરીઅતની ગાંઠ પકડી રાખવી છે.'' *(બહજતુલ અસરાર, પેજ–૫૦)*

આ લખાણમાં પીરોના પીર હુઝૂર ગૌષે પાક મહ્યુદ્દીન અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہ એ એ સાબિત કરી બતાવ્યું કે તસવ્વુફ શરીઅતને મજબૂત પકડી રાખવું અને ઈબાદતના કાયદાને ન ભૂલવા છે. **શરીઅતથી ખસવાનું નામ તસવ્વુફ નથી !**

## ★ મૂળ કરામત ★

લોકો કરામત કરામતની બૂમો પાડતા હોય છે ! જ્યારે કે ઈસ્લામમાં **મૂળ કરામત શરીઅત પર મજબૂત તરીકાથી અમલ કરવાને કહેવામાં આવે છે, બીજી જાહેરી કરામતો આ કરામત સાથે સંબંધિત હોય તો એને કરામત કહેવામાં આવે નહીં તો એની ઈસ્લામમાં કોઈ વિશેષતા નથી,** આ મતલબને હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہ ના ફર્માનથી પ્રાપ્ત કરો :–

''વલીની કરામત એ છે કે એનું કામ નબી ના ફર્માન પર જ રહે.'' (એનાથી થોડો પણ ખસે નહીં) *(બહજતુલ અસરાર, પેજ–૩૯)*

## ★ ઈબ્ને અરબનું મંતવ્ય ★

હઝરત મહ્યુદ્દીન ઈબ્ને અરબી મહાન સૂફી જેમની કિતાબ 'ફુતુહાતે મક્કીયા' એ વિષયમાં લાજવાબ કિતાબ છે. આપે મઅનવી કરામતની છણાવટ કરતાં લખ્યું :–

પોતાના નફ્સ પર શરઈ અદબોનો ખયાલ રાખે, સારી આદતો અપનાવે બુરી આદતોથી દૂર રહે, સઘળા વાજિબ ઠીક સમયથી અદા કરે, આ કરામતોમાં ધોકાબાજી અને ઈસ્તિદરાજ નથી. અને જે કરામતો અવામ ઓળખે છે એ બધામાં અંતરની મક્કારી દખલગીર થઈ શકે છે, કરામતે મઅનવીયામાં મક્કારી અને ઈસ્તિદરાજ નથી આવી શકતી. *(ફુતુહાતે મક્કીયા, ભાગ–૨, પેજ–૪૮૭)*



મુકાશફતુલ ગુયૂબ વ હકીકતુસ્ સુજૂદનું ઓપરેશન

જોવામાં જે વાતોને કરામત કહેવામાં આવે છે એ તો ક્યારેક દીનદાર તરફથી થાય છે, ક્યારેક દુનિયાદારથી પણ થઈ જાય છે, કોઈ ખાસ પ્રકારના વઝીફામાં સફળ થાય તો એનાથી પણ થઈ શકે છે, અને જોગીઓ અને જાદૂગરો પણ જાદૂની શક્તિથી ઘણા બધાં અક્કલમાં ન આવે એવાં કામો કરી શકે છે, એટલે મહ્યુદ્દીન ઈબ્ને અરબીએ ફર્માવ્યું કે એ જાહેરી કરામતથી મહબૂબે ખુદા હોવાનો અંદાજો નથી લગાડી શક્તા ! **અલ્લાહનો મહબૂબ મૂળ કરામત શરીઅતની સશક્ત પાબંદીથી ઓળખી શકાય છે** તો અહીં પણ શરીઅતથી અલગ થવું સાબિત ન થયું, શરીઅત પર મજબૂતીથી અમલને જ તસવ્વુફ ફર્માવવામાં આવ્યું.

## ★ સૈયદી અબુલ અબ્બાસનું મંતવ્ય ★

હઝરત અબુલ કાસિમ કુશૈરી رحمۃ اللہ علیہ રિસાલએ મુબારકા કુશૈરિયામાં સૈયદી અબુલ અબ્બાસ અહમદ બિન મુહમ્મદ رحمۃ اللہ علیہ જેઓ હુઝૂર જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ ના જમાનાના પ્રખ્યાત બુઝુર્ગ છે એમનાથી નકલ ફર્માવે છે :–

''જે પોતાની ઉપર શરીઅતના અદબો જરૂરી કરી લે અલ્લાહ એના દિલને મારેફતના નૂરથી પ્રકાશિત કરી આપે છે અને કોઈ મુકામ હબીબની પાછળ (હુઝૂરે પાક) ચાલવાથી વધીને ઈજ્જતવાળુ નથી એમના હુકમોમાં, એમના અમલોમાં અને એમના અખ્લાકમાં. *(મકાલે ઉરફા, પેજ–૨૦)*

## ★ બાયઝીદ બુસ્તામીનું મંતવ્ય ★

''જો તમે કોઈ એવા વ્યક્તિને જુઓ કે એને એવી કરામત આપવામાં આવી કે હવા પર બેસી શકે, તો એનાથી ધોકો ન ખાજો જ્યાં સુધી એ ન જોઈલો કે ફર્ઝ, વાજિબ, મકરૂહ, હરામ, હદોનું રક્ષણ અને શરીઅતના અદબોમાં એની હાલત કેવી છે.'' *(રિસાલએ કુશૈરિયા, પેજ–૧૮)*

આપના કહેવાનો ભાવાર્થ સ્પષ્ટ છે કે મૂળ કરામત શરીઅત પર રહેવું છે, એ સિવાયની બીજી કરામતો આ મૂળ કરામત સાથે રહે તો ઠીક છે નહીં તો એને માન્ય રાખવામાં આવશે નહીં, શરીઅત જ દરેક માટે આધાર છે.

## ★ હઝરત સિર્રી સક્તી ★

હઝરત જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ ના પીર હઝરત સિર્રી સક્તી رحمۃ اللہ علیہ એ આપને દુઆ આપી :–

"અલ્લાહ તમને હદીષનો જાણકાર બનાવી સૂફી કરે, હદીષ જાણતા પહેલાં તમને સૂફી ન બનાવે." *(ઈહયાઉલ ઉલૂમ, પેજ–૧૩, ભાગ–૧)*

શરીઅત જ અમલને સાચા ઢંગથી કરવાનો તરીકો બતાવે છે, અને અમલ સાચા ઢંગથી થાય તો જ એ કબૂલના લાયક બને છે, અને કબૂલ થાય તો જ માણસ અલ્લાહથી નિકટ થતો જાય છે, એટલે **પ્રથમ ઈલ્મની દુઆ કરી પછી સૂફી બનવાની દુઆ કરી** કેમ કે **જાહિલ સૂફી નુકસાન સિવાય કંઈ જ કરી શક્તો નથી.**

## ★ હઝરત ઈમામ ગિઝાલી ★

ઉપરોક્ત ફર્માનનો ખુલાસો કરતાં હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"હઝરત સિર્રી સક્તીએ એ તરફ ઈશારો કર્યો કે જેણે પહેલાં હદીષ અને ઈલ્મ પ્રાપ્ત કરી તસવ્વુફમાં પગ મૂક્યો એ સફળ થયો, અને **જે ઈલ્મ પ્રાપ્ત કરતાં પહેલાં સૂફી બન્યો એણે પોતાને હલાકતમાં નાખ્યો."** *(ઈહયાઉલ ઉલૂમ, પેજ–૧૩, ભાગ–૧)*

## ★ હઝરત જુનૈદનો જવાબ ★

હઝરત જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ ને પૂછવામાં આવ્યું કે અમુક લોકો





કહે છે કે શરીઅત પહોંચાડવાનો ઝરીયો છે અને અમે પહોંચી ગયા. તો હવે શરીઅતની અમને શી જરૂરત ?!

ફર્માવ્યું :–

"તેમણે સાચું કહ્યું કે પહોંચી ગયા પણ ક્યાં દોઝખમાં ! **ચોર અને વ્યભિચારી આવી માન્યતાવાળાઓથી સારા છે.** હું એક હજાર વર્ષ જીવું તો મારા વિર્દોમાંથી શરઈ કારણ વગર કમી ન કરું." (એટલે જરૂરી તો કરવું જ પણ જે જરૂરી નથી એને હું કહું છું એને પણ ન છોડું.) *(અલ્ જવાહિર ફી અકાઈદિલ કબાઈર, ભાગ–૧, પેજ–૧૩૯)*

હઝરત જુનૈદના ફર્માનથી જાણવા મળ્યું કે શરીઅત છોડીને જેઓ પહોંચવાનો દાવો કરે છે તેઓ અલ્લાહ સુધી નથી પહોંચી શક્તા, શૈતાન સુધી પહોંચે છે અને એ દોઝખનું કારણ છે. શરીઅત અંતિમ □ાસ સુધી આપણી સાથે રહેવી જરૂરી છે. જેઓ તરીકતમાં શરીઅતને જરૂરી નથી સમજતા તેમના માટે હઝરત જુનૈદે ફર્માવ્યું, **આવી માન્યતાના લોકો ચોર અને વ્યભિચારી લોકોથી બદ્તર છે !**

## ★ અબુલ હસન અહમદ નૂરી ★

અબુલ હસન અહમદ નૂરી رحمۃ اللہ علیہ હઝરત જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ એક જમાનાના (સમકાલિન) બુઝુર્ગ છે.

"તું જેને જુએ કે અલ્લાહ ની સાથે એવી હાલતનો દાવો કરે છે જે એને ઈલ્મે શરીઅતની હદથી બહાર કરી લે એની પાસે ન બેસ." *(રિસાલએ કુશૈરિયા, પેજ–૨૫)*

કોઈ ગમે તેટલો કામિલ હોય અને એના કમાલતનો તમે અનુભવ કર્યો હોય પણ જો ઈલ્મે શરીઅતથી બહાર હોય તો એ સંગતને લાયક નથી, એની પાસે બેસવામાં નહીં આવે, એની સંગત ઈમાન ખરાબ કરી શકે છે. જણાવેલ કિતાબના સંપાદક મહેબૂબ સાહબ પોતાની કિતાબમાં

શરીઅતવાળાઓ પાસે બેસવાની મનાઈ કરે છે જ્યારે સૂફીઓના ઈમામ શરીઅત છોડનાર પાસે બેસવાની મનાઈ કરે છે.

## ★ અબુલ કાસિમ કુશૈરી ★

સૈયદી અબુલ કાસિમ કુશૈરી رحمۃ اللہ علیہ રિસાલએ કુશૈરિયામાં ફર્માવે છે કે અનુસરણ કોનું કરવામાં આવે ?અને કોણ માર્ગદર્શક બનાવવાને લાયક છે ?:–

"જેણે કુર્આન યાદ ન કર્યું અને હદીષ ન લખી એની પાછળ જવામાં ન આવે. આ મસ્અલામાં કારણ કે અમારું ઈલ્મ કિતાબ અને સુન્નતની પાબંદીમાં છે." *(રિસાલએ કુશૈરિયા, પેજ–૨૪)*

## ★ નબીના અનુસરણમાં જ સફળતા ★

હઝરત ઈમામ અબુલ કાસિમ ફર્માવે છે કે :–

"મખ્લૂક પર સર્વ માર્ગો બંધ છે પણ એ જે રસૂલુલ્લાહ ના અનુસરણમાં હોય." *(રિસાલએ કુશૈરિયા, પેજ–૨૪)*

હુઝૂરે પાક ના તરીકા વગર તરક્કી અને પ્રગતિનો દાવો બેકાર છે, સફળતા અને કામયાબી નબી ના તરીકામાં છે, અને નબી નો તરીકો શરીઅત છે, એ પહોંચાડવા માટે જ આપ દુનિયામાં આવ્યા હતા, અને અલ્લાહે આપને મોકલ્યા હતા, આમ સર્વ માર્ગોથી નબીનો જ માર્ગ ઉત્તમ છે.

## ★ કિબ્લા તરફ થૂંકે એ અમીન નથી ★

હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ એમના જમાનામાં એક વલી જે પ્રખ્યાત હતા એમની મુલાકાતે ગયા, જ્યારે આપ ત્યાં પહોંચ્યા તો એ વલી સાહેબ કિબ્લા તરફ થૂંક્યા, જેથી હઝરત બાયઝીદ બુસ્તામી





તરત જ પરત થઈ ગયા અને એમને સલામ પણ ન કરી અને આપે કારણ બતાવ્યું જે ધ્યાન આપવા લાયક છે.

"આ વ્યક્તિ શરીઅતના અદબમાં તો અમીન નથી, એ અલ્લાહના રહસ્યો પર શું અમીન હશે !"

એટલે કે જે શરીઅત પર અમલ ન કરે કે જે સરળ છે અને લોકોની સહુલતોનો ખયાલ કરીને છે, તો પછી તસવ્વુફમાં તો માણસ એનાથી પોતાને આગળ લઈ જતો હોય છે જેથી એની પાબંદીઓ તો એથીય ઘણી વધી જાય છે, જ્યારે સરળ પર અમલની આ બેદરકારી છે તો પછી રહસ્યના વર્તુળમાં તેની બેદરકારી કેમ નહીં હોય ? સમજી શકાય છે કે અહલે તસવ્વુફ માટે શરીઅતની કેટલી જરૂરત છે.

## ★ માત્ર નક્કાલી જૂઠ છે ★

તસવ્વુફમાં જે કંઈ કરવામાં આવે એ શરીઅતના વર્તુળમાં માત્ર અલ્લાહને ખુશ કરવા માટે હોય છે, જેની પોતાની એ હાલત ન હોય અને એ પોતાને સૂફી જાહેર કરે, અને કહે હું ફલાણાની નક્કાલી કરું છું, અથવા મારા પીરની નકલ કરું છું તો તસવ્વુફમાં એવી નકલનો એ'તેબાર નથી અને એવી નકલને જૂઠ માનવામાં આવે છે.

દાતા અલી હિજવૈરી رحمۃ اللہ علیہ પોતાની જગમશ્હૂર કિતાબ કશ્ફુલ મહજૂબમાં ફર્માવે છે :–

"સૂફિયાએ કિરામની બારગાહમાં નકલી સૂફી માંખો જેવો છે, અને બીજા લોકોની બારગાહમાં વાઘ જેવો." *(કશ્ફુલ મહજૂબ, પેજ–૬૯)*

નકલ કરવાવાળો જૂઠો છે એટલે બેઈજ્જત છે, જૂઠો અલ્લાહની બારગાહમાં કબૂલ કરવામાં નથી આવતો, અને લોકો એને વાઘ માફક સમજે છે કે એ અમલ અલ્લાહ માટે નથી કરતો લોકોને મૂર્ખ બનાવી એમનાથી દોલત કમાવવા માટે કરે છે. નકલ ઉતારવામાં ન આવે,

વાસ્તવિક્તાને અપનાવી લેવામાં આવે.

## ★ શરીઅત ગવાહી આપે એ સાચું ★

હુઝૂર ગૌષે પાક મહ્યુદ્દીન અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہ ચારે સિલસિલામાં આપનો ફયૂઝ છે, અને આપ પછીના અને અમુક આગળના વલીઓના આપ સરદાર છે અને દરેકના ગળા પર આપના પગનો પંજો છે, આપ શરીઅતને બુન્યાદ બનાવતાં ઈર્શાદ ફર્માવે છે :–

"શરીઅતની હદોમાંથી કશામાં કમી આવી તો સમજી લે તું ફિત્નામાં પડયો, શૈતાન તારી સાથે રમી રહ્યો છે, તરત જ શરીઅતના હુકમ તરફ પરત આવ, એનાથી ચોંટી જા, વાસનાને છોડી આપ, એટલે કે જે હકીકતની શરીઅત ગવાહી ન આપે ખોટી છે." *(તબકાતે ઈમામ શઅરાની, પેજ–૧૩૧)*

ખુલાસો એ કે શરીઅતથી ખસવું બરબાદીનું કારણ છે, શરીઅતથી ખસવું શૈતાન પાછળ જવું છે, શરીઅતથી થોડી વાર માટે ખસીને કામયાબીનો દાવો જૂઠો છે, શરીઅત ક્યારે પણ અલગ થઈ શક્તી નથી, જેને આ વિશે કોઈ ગેરસમજ હોય એ ગૌષે પાક رضی اللہ عنہ ની શિખામણથી પોતાની હાલત સુધારી, ગુમરાહીથી તૌબા કરે.

## ★ તસવ્વુફનું માપ શરીઅત ★

અબૂ સઈદ ખર્રાઝ رحمۃ اللہ علیہ જેઓ હઝરત ઝુન્નુન મિસ્રી رحمۃ اللہ علیہ અને હઝરત સિર્રી સક્તી رحمۃ اللہ علیہ ના દોસ્ત છે અને હઝરતે જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہના સમકાલિન છે, એનાથી આપના મુકામ, મર્તબા, અને વિલાયતના પદને જાણી શકાય છે. આપ ફર્માવે છે કે કયો તસવ્વુફ માન્ય છે અને કયો માન્ય નથી ? :–

જે અંતરનો વિરોધ જાહેર કરે એ





ખોટું છે. શરીઅત જાહેર અને તસવ્વુફ અંતરનું નામ છે. જાહેરમાં શરીઅત વિરોધ જાય તો એ જૂઠો છે. એની પછવાડે જવામાં નહીં આવે. *(રિસાલએ કુશૈરિયા, પેજ–૨૮)*

## ★ દેખાવો છે એને ઓળખો ★

અબૂ ઉષ્માન હૈયરી رحمۃ اللہ علیہ મહાન બુઝુર્ગ છે, હુઝૂર જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ ના જમાનામાં હતા, આપે પોતાના પુત્ર અબૂબકને શિખામણ આપતાં કહ્યું :–

"અય પ્રિય પુત્ર ! જાહેરમાં સુન્નતનો વિરોધ એની ઓળખ છે કે એની અંતરમાં દેખાવો છે." *(રિસાલએ કુશૈરિયા, પેજ–૧૫)*

કહેવાનો મતલબ એ છે કે અંદરમાં ભલાઈ છે તો બહાર પણ ભલાઈ પર હોવાનું છે, જો એવું ન હોય તો એનો તસવ્વુફનો દાવો બેકાર છે એને માન્ય રાખવામાં નહીં આવે.

## ★ કબૂલ થવાની દલીલ સુન્નતનું અનુસરણ છે ★

હઝરત અબુલ હુસૈન અહમદ બિન હવારી જેમને હઝરત જુનૈદ બગદાદી રેયહાનતુશ્શામ કહેતા હતા, આપ ઈત્તેબાએ સુન્નતના અનુસરણની વિશેષતા જાહેર કરતાં ફર્માવે છે :–

"જે વ્યક્તિ કોઈ અમલ સુન્નતના અનુસરણ વગર કરે એ અમલ બેકાર છે." *(રિસાલએ કુશૈરિયા, પેજ–૨૧)*

## ★ હઝરત અલી ખવ્વાસ ★

"કશ્ફનું ઈલ્મ એ છે કે વસ્તુઓ જે પ્રમાણે પોતાની વાસ્તવિક્તાની

સાથે છે એ જ પ્રમાણે એની ખબર આપે તો તદ્દન શરીઅતની વિરુધ્ધ ન પામે બલ્કે એ જ શરીઅત હોય." *(મીઝાને તબકાત, પેજ–૪૯)*

## ★ વલી શરીઅતથી ન ખસે ★

હઝરત મહયુદ્દીન ઈબ્ને અરબી رحمۃ اللہ علیہ સ્પષ્ટ શબ્દોમાં આપણને વલીઓ વિશે માર્ગદર્શન આપતાં ફર્માવે છે કે :–

"યકીનની સાથે જાણી લો કે મુર્શિદ વલીઓનાં ત્રાજવાં ક્યારે પણ શરીઅતથી ખતા નથી કરી શક્તાં, તેઓ શરીઅતના વિરોધથી (અલ્લાહના) રક્ષણમાં છે." *(અલયવાકીન વલ જવાહિર, પેજ–૨૫)*

એટલે કે જેને અલ્લાહ તઆલા તરફથી વિલાયત આપવામાં આવી એમની ઓળખ એ છે કે તેઓ શરીઅતનું સંપૂર્ણપણે અનુસરણ કરતા હોય છે, કોઈ વાતમાં એની વિરુધ્ધ નથી થઈ શક્તા, અને જ્યારે તેઓ અલ્લાહના દોસ્ત છે, અને અલ્લાહના પ્રિય છે તો અલ્લાહ તઆલા એમનું રક્ષણ કરે છે, અને એમને પોતાની ચાહતના માર્ગથી ખસવા દેતો નથી.

## ★ વલી માસૂમ નથી ! ★

આનો મતલબ એ નથી કે વલી માસૂમ છે ! અને નબી માફક એ સગીરા અને કબીરા ગુનાહથી પાક હોય છે, એનાથી ગુનાહ શરીઅતની પરિભાષામાં અશક્ય નથી, શક્ય છે, એટલે શરીઅત વિરુધ્ધની કોઈ વાત વલીઓથી જોવા મળે, તો એ આપણા જમાનામાં ન હોય તો એને ખોટી રિવાયત કહીને છોડી દેવામાં આવશે. અને સશક્ત રિવાયતથી સાબિત થાય તો એની શક્ય હદે તાવીલ કરવામાં આવશે, અને તાવીલ થઈ શકે એમ ન હોય તો હાલતે વજ્દમાં થયું હશે એ કહેવામાં આવશે આ બધાં શરીઅતનાં ત્રાજવાંની વાત છે તો એને હઝરત ઈબ્ને અરબી ફર્માવે છે :–





"યકીનથી જાણી લો કે શરીઅતનું ત્રાજવું જે અલ્લાહે જમીન પર નિયુક્ત કર્યું એ એ જ છે જે શરીઅતના આલિમોના હાથમાં છે, તો જ્યારે પણ કોઈ વલી આ ત્રાજવાથી બહાર થાય પાબંદ હોવાની અક્કલ હોવા છતાં તો એનાથી ઈન્કાર જરૂરી છે." *(અલ યવાકીન, પેજ : ૨૪)*

ઈબ્ને અરબી رحمۃ اللہ علیہ એ ફૈસલો કરી આપ્યો કે શરીઅત વિરુધ્ધ કોઈ વલીનો અમલ પુરાવો બની શક્તો નથી, બલ્કે શરીઅત વિરુધ્ધની વાતનો અસ્વીકાર જરૂરી છે, શરીઅત ઉલમાએ શરીઅતના હાથમાં છે અને એ બીજા ઈમામો મુકલ્લિદ માટે તેઓ અને આપણા હનફીઓ માટે ઈમામે આ'ઝમ અબૂ હનીફા, ઈમામે મુહમ્મદ અને ઈમામે અબૂ યૂસુફ رضوان اللہ تعالیٰ علیہم اجمعین છે. એટલે એમના કાયદા અને એમના મસ્અલાઓ પ્રમાણે તમામ હનીફીઓએ ચાલવું જરૂરી છે. એમના વિરુધ્ધની કોઈને રજા નથી જેમ કે અમે હઝરત મુજદ્દિદે અલ્ફેષાની رحمۃ اللہ علیہ ના ફર્માનથી પણ એ સાબિત કરી ગયા કે શરીઅતમાં કહેવાતા વલીઓ પબ્લિક સાથે મુજતહિદોની તકલીદની દોરડીમાં બંધાએલા છે. જેમ પબ્લિક માટે તકલીદ જરૂરી છે એમના માટે પણ તકલીદ જરૂરી છે. એટલે એમની વાત શરીઅતમાં દલીલ નથી, શરીઅતની વાત એમના માટે દલીલ છે.

## ★ કશ્ફમાં શૈતાનનો વસવસો પણ હોય શકે ★

મીઝાને શરીએ કુબ્રામાં હઝરત અબ્દુલ વહ્હાબ શઅરાની ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ ની વાતથી નકલ કરતાં એ સ્પષ્ટ કરે છે કે, "કશ્ફમાં કોઈ વાત બતાવવામાં આવે તો એને શરીઅતના ત્રાજવામાં તોલવાની જરૂરત છે, જો બરાબર ઉતરે તો માન્ય છે, નહીં તો એ શૈતાની વસવસો હશે, જે લોકોને ગુમરાહ કરવા માટે હોય છે."

ફર્માવે છે :–

"ઈમામે ગિઝાલી વગેરેના ફર્માન મુજબ ઈબ્લીસને એ વાતની કુદરત આપવામાં આવી છે કે એ કશ્ફવાળાને આકાશ, અર્શ, કુર્સી, લૌહ, કલમમાંથી જેનો ઈલ્મ એ એનાથી પ્રાપ્ત કરે છે એ જગાનો બનાવટી ફોટો એની સામે રાખે, કશ્ફવાળો એને અલ્લાહ તરફથી સમજે અને એને ફઝીલત સમજીને લઈ લે અને ગુમરાહ થઈ જાય, એટલા માટે મહાન વલીઓએ કશ્ફવાળા પર જરૂરી કર્યું કે જે **જ્ઞાન કશ્ફથી પ્રાપ્ત થાય એના પર અમલ કરતાં પહેલાં એને કિતાબ અને સુન્નત પરરાખે જો એની પ્રમાણે છે તો માન્ય છે નહીં તો એના પર અમલ હરામ છે."** *(મીઝાન, પેજ–૧૩)*

જે લોકો બુઝુર્ગોના અમલોને કશ્ફ કશ્ફ કરીને શરીઅત વિરુધ્ધની વાતો ફેલાવતા હોય છે એમણે પોતાની ગુમરાહીથી તૌબા કરવી જાઈએ. શરીઅત બધાના માટે દલીલ છે, શરીઅત પર કોઈ દલીલ નથી, એટલે શરીઅત વિરુધ્ધની વાતમાં કોઈનું અનુસરણ કરવામાં નહીં આવે. **આમ ન કહેશો કે આ અમે અમારી તરફથી કહીએ છીએ, બલ્કે જેમને તરીકતના મહાન ઈમામો માનવામાં આવે છે અને જેમને દરેક જ આધાર સમજે છે એવા લોકોનું આ મંતવ્ય** છે, આ કાયદાનો ભંગ એ જ કરી શકે છે જે **ગુમરાહ** છે, અને જેણે લોકોને ગુમરાહ કરવાના સોગંદ ખાધેલા છે. (અલ્લાહ સર્વને એવા લોકોથી બચાવે.)

## ★ હઝરત અફઝલુદ્દીનનું મંતવ્ય ★

હઝરત સૈયદી અફઝલુદ્દીન رحمۃ اللہ علیہ હઝરત સૈયદ અલી ખવ્વાસ رحمۃ اللہ علیہ ના બુઝુર્ગ ખલીફાઓમાંથી છે, આપ શરીઅત અને તરીકતની





વચમાં બરાબરનો સંબંધ કાયમ કરતાં ફર્માવે છે :–

"દરેક હકીકત શરીઅત છે અને શરીઅત હકીકત છે." *(મીઝાને ઈમામ શઅરાની, પેજ–૫૦)*

એટલે કે એક બીજાથી અલગ નથી, **જેઓ તરીકત અને હકીકતને શરીઅતથી અલગ સમજે એ ગુમરાહ બદ્દીન છે.**

## ★ અબ્દુલ્લાહ હરવી ચિશ્તી ★

હઝરત શૈખ અબ્દુલ્લાહ હરવી અન્સારી رحمۃ اللہ علیہ શૈખ અહમદ ચિશ્તી رحمۃ اللہ علیہ ના વખાણ આ શબ્દોમાં કરે છે :–

ચિશ્તિયાં હમા ચુંના બુદંદ, અઝ ખલ્ક બેબાક, વ દર બાતિન પાક, વ દર મારેફત વ ફિરાસત ચાલાક, હમા અહવાલે ઈશાં બઈખ્લાસ વ તર્કે રિયા બુદ, હેચ ગુના દર શરઅ સુસ્તી રવા નદાનિસ્તંદે.

ચિશ્તી તમામ બુઝુર્ગો આ પ્રમાણે હતા : મખ્લૂકથી નીડર, અંતરમાં સાફ, મારેફત અને સમજમાં ચાલાક, એમના સઘળા અમલો ઈખ્લાસથી ભરપૂર અને રિયા અને દેખાવાથી ખાલી હતા, અને શરીઅતમાં કોઈ પ્રકારની આળસ જાઈઝ ન રાખતા. *(નફાહતુલ ઈન્સ, પેજ–૨૧૮)*

એટલે કે તેઓ શરીઅતની સખ્તીથી પાબંદી કરતા હતા, એમના અમલોમાં ખિલાફે શરીઅત કોઈ વાત ન હતી. આનાથી જાણવા મળ્યું કે જે બિદઅતોનો સંબંધ ચિશ્તી પૂર્વજ મહાન બઝુર્ગો તરફ સંબંધિત કરવામાં આવે છે, એ એમના તરફ ખોટો આક્ષેપ છે. એવી વાત પર ધ્યાન આપવામાં આવે નહીં.

## ★ હઝરત મખ્દૂમે પાક ★

હઝરત મખ્દૂમે પાક મખ્દૂમે અશરફ જહાંગીર સિમનાની رحمۃ اللہ علیہ પોતાની 'લતાઈફે અશરફી'માં શરીઅતની વિશેષતા પર ચર્ચા કરતાં ફર્માવે છે :–

"ખારિકે આદત અગર અઝ વલી મૌસૂફ બઔસાફે વિલાયત ઝાહિર બુવદ કરામત ગોયંદ, વ અગર મુખાલિફે શરીઅત સાદિર શવદ

ઈસિતદરાજ." *(લતાઈફે અશરફી, પેજ–૧૨૬)*

જો કોઈ વાત એવી જે આદતના આધારે ન થઈ શકે જો એવા વ્યક્તિથી જાહેર હોય જે વિલાયતની સિફત ધરાવતો હોય તો એને કરામત કહેવામાં આવે છે, અને શરીઅતથી ખસનારથી અસ્તિત્વમાં આવે તો એ ઈસ્તિદરાજ છે. એટલે શરીઅત વિરુધ્ધ ચાલનારનો કોઈ કમાલ અલ્લાહની ખુશીનો નથી.

## ★ અબુલ મકારિમ રુકનુદ્દીન ★

આપ શરીઅતની જરૂરતનો સબક આપતાં લખે છે :–

"દિલ તા શરીઅતરા બકમાલ ન ગીરદ કદમ દર વિલાયત નતવાં નિહાદ બલ્કે અગર ઈન્કાર કુનદ કાફિર ગરદદ."

દિલ જ્યાં સુધી શરીઅતમાં ખૂબ ખૂબ ન લાગી જાય વિલાયતમાં કદમ રાખવો શક્ય નથી, બલ્કે જો કોઈ એનો ઈન્કાર કરે તો **કાફિર** છે.

ભાવાર્થ એ કે શરીઅત છોડીને કોઈ તરક્કી અને પ્રગતિ આવી નથી શક્તી, શરીઅત આ માર્ગમાં (વિલાયતના માર્ગમાં) અંત સુધી જરૂરી છે, ક્યારે પણ છૂટી નથી શક્તી, જે શરીઅતની જરૂરતનો ઈન્કાર કરે એ ઈસ્લામના વર્તુળથી બહાર થઈ જાય છે, શરીઅતના ઈન્કાર કરનારને વલી તો શું મુસલમાન પણ માનવામાં નહીં આવે !

## ★ જાહિલ સૂફી શૈતાનનું રમકડું ★

હઝરત સૈયદી અહમદ નામકી જામી رحمۃ اللہ علیہ હઝરત ખ્વાજા મૌદૂદ ચિશ્તીને ફર્માવે છે :–

"અવ્વલ મુસલ્લા બર તાક નેહ વ બરૌવ વ ઈલ્મ આમુઝ કે ઝાહિદે બેઈલ્મ મસ્સરએ શૈતાન અસ્ત."

**હવાલો** : નફહાતુલ ઈન્સ, પેજ–૨૧૦

**અર્થાત** : પહેલાં મુસલ્લો તાખલામાં મૂક અને જા ઈલ્મ પ્રાપ્ત કર ! કારણ કે જે ઈબાદતગુજાર ઈલ્મ વગરનો હોય શૈતાનનું રમકડુ છે.





આજકાલના ઘણા ખાનકાહી સૂફીઓ જાહિલ અને અજ્ઞાન હોવા છતાં લોકોના માર્ગદર્શક હોવાનો વહેમ રાખે છે ! અને દીનના મસ્અલાઓમાં ચર્ચા કરે છે ! એવા લોકો શૈતાનનું કેવું રમકડુ છે એને તમે એમના અખ્લાક, અને એમની માન્યતાઓથી સમજી શકો છો, દરેક જરૂરીને છોડી ગયર જરૂરીને જરૂરી સમજીને કરતા હોય છે, અને હરામને પણ બહાનાં બનાવીને હલાલમાં લાવવાની કોશિશમાં હોય છે, જાહેરમાં થોડું ઘણુ રોક્યું હોય તો આલિમોના ડરથી ! નહીં તો ત્યાં એવું એવું થાય કે બેઘડી વિચારવું પડે કે આ પ્રમાણે કામો કરનારને મુસલમાન પણ કહી શકાય કે નહીં ! જે ખાનકાહોમાં દારુલ ઉલૂમથી બાકાયદા તા'લીમ પ્રાપ્ત કરી બેઠા છે તેઓ શરઈ મસાઈલમાં ખોટી વાતો કરતા નથી, આ બધા ફિત્ના જે ગુજરાત રાજ્યના ખૂણા ખૂણાએ બિદઅતે સૈય્યેઆના નામથી સુન્નિયતની ઓળખ બનાવીને કરવામાં આવે છે, એમાં આવા જ લોકોનો સાથ છે, બલ્કે એ બિદઅતોના આધાર જ આવા લોકો છે અને શૈતાન પોતાનું કામ એમની પાસે કરાવે છે.

## ★ હઝરત નૂરુદ્દીન જામી ★

હઝરત સૈયદી નૂરુદીન જામી رحمۃ اللہ علیہ કરામત અને ઈસ્તિદરાજની વચમાં તફાવત કરતાં બતાવે છે :–

"અગર સદ હઝાર ખારિકે આદત બર ઈશાં ઝાહિર શવદ ચું ન ઝાહિરે ઈશાં મુવાકિફે અહકામે શરીઅત અસ્ત, વ ન બાતિને ઈશાં મુવાકિફે આદાબે તરીકત બાશદ આં અઝ કબીલે મકરો ઈસ્તિદરાજ ખ્વાહદ બૂદ ન અઝ મકુલએ વિલાયતે કરામત."

**હવાલો** : નફહાતુલ ઈન્સ, પેજ–૧૯

**અર્થાત** : જો લાખો આદત બહારની વસ્તુઓ એમના હાથો પર જાહેર થાય, જ્યારે એમનું જાહેર શરીઅત અહકામ વિરુધ્ધ હોય અને એમનું અંતર તરીકતના અદબો માફક ન હોય તો એ બધું મક્કારી અને ઈસ્તિદરાજ છે, કરામતમાંથી નહીં.

વલી જે આદત બહારનું કામ કરી બતાવે કરામત છે, અને કરામત

અલ્લાહની ખુશી અને રિઝાથી ક્યારેક અસ્તિત્વમાં આવી જાય છે, કરામત અલ્લાહની બારગાહના પ્રિય વલીઓને આપવામાં આવે છે. અને કુર્આનમાં પણ અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

"બેશક ! અલ્લાહના મિત્રો પરહેઝગાર લોકો જ હોય છે." તો કરામત શરીઅતની પાબંદી કરનારને મળે છે.

જે લોકો શરીઅત વિરુધ્ધ ચાલતા હોય અમુક વાતોમાં કે વધારે વાતોમાં એવા લોકો શરીઅતના વિરુધ્ધ હોવાને લઈને વલી નથી હોય શક્તા. અને એવા વ્યક્તિથી આદત બહારનાં કોઈ એક કે વધારે કામો અસ્તિત્વમાં આવે તો એને કરામત નથી કહી શક્તા, ફાસિકનું એ કામ ઈસ્તિદરાજ છે, એના થકી એને ઢીલ આપવામાં આવે છે કે એ ત્યાં જ રહી જાય અને આ મેદાનમાં આગળ ન આવી શકે, ફાસિક અલ્લાહનો વલી નથી બની શક્તો, અને વલી હોય એ ફાસિક નથી થઈ શક્તો. આનાથી સમજી શકાય છે કે વલીને ઓળખવાનો આધાર પણ શરીઅત છે.

## ★ અબ્દુલ ગની નાબેલસી ★

હઝરત અબ્દુલ ગની નાબેલસી رحمۃ اللہ علیہ સૂફીઓને ગુમરાહીના ખાડામાંથી બહાર લાવવા ઈસ્લામની જરૂરી વાતની તા'લીમ આપતાં ફર્માવે છે :–

**અર્થાત** : "અમારા જમાનાના અમુક **બની બેઠેલા સૂફીઓ દાવો કરે છે કે જાહેરનું ઈલ્મ રાખનારાઓ ! તમે તમારા હુકમો કુર્આન અને હદીષથી લો છો, અને અમે કુર્આનવાળાથી લઈએ છીએ ! આ નિઃશંક ! કુફ્ર છે ઉલમાની એકમતિથી**





**ઘણા પ્રકારથી,** પ્રથમ સ્પષ્ટ એ કે અક્કલ અને બાલિગ હોવા છતાં કિતાબ કુર્આન અને હદીષના હુકમોના તાબા હેઠળ ન હોવાની વાત."

**હવાલો** : હદીકએ નદીય્યા–૧૧૧

આ લખાણથી એ સ્પષ્ટ થયું કે **જે પોતાને શરીઅતની પાબંદીથી મુક્ત સમજે અને કહે કે અમને આ કુર્આન અને હદીષવાળી શરીઅતની જરૂરત નથી, તો એ નિઃશંક ! ઈસ્લામના વર્તુળથી બહાર થઈ જશે** અને એના પર નવા તરીકા પર ઈમાન લાવવું, પત્ની હોય તો ફરીથી નિકાહ કરવા જરૂરી છે, અને અત્યાર સુધી જે નેક અમલો કર્યા એ એના બેકાર થઈ ગયા. શરીઅતને જાહેર કહીને, પોતાની જરૂરતની ન કહીને અલગ થનાર પોતાના માટે આ ફત્વાને સામે રાખે, આ ફત્વો એક બે વ્યક્તિનો નહીં બલ્કે એના પર સઘળી ઉમ્મતના ત્યારથી લઈને આજ સુધીના બુઝુર્ગોની એકમતિ છે અને કોઈએ એ વાતના કુફ્ર હોવામાં વિવાદ કર્યો નથી.

## ★ કાફિર થવાના બીજા પ્રકાર ★

એ જ અલ્લામા અબ્દુલગની નાબેલસી رحمۃ اللہ علیہ થી ઉપરોક્ત કુફ્ર કરવાના પ્રકાર પણ જાણી લો. ફર્માવે છે :–

"ઈલ્મે જાહેર છોડવાથી એનો મતલબ એ હોય કે એને ન શિખવું અને એના પર ધ્યાન ન આપવું, એટલા માટે કે ઈલ્મે જાહેરની જરૂરત જ નથી તો એણે અલ્લાહના કલામને મૂર્ખ બતાવ્યું અને નબીઓને પણ મૂર્ખ સાબિત કર્યા, રસૂલોને મોકલવા, કિતાબો ઉતારવી, એના સંબંધે બેકારની વાતો કરી, એટલે એના ગંભીર પ્રકારના કાફિર હોવામા શંકાને સ્થાન નથી." *(હદીકએ નદીય્યા, પેજ–૧૧૨)*

કહેવાનો ભાવાર્થ એ છે કે જેઓ **કુર્આન હદીષ જેના નિચોડને**

**શરીઅત કહેવામાં આવે છે એની જરૂરતનો ઈન્કાર કરે, અને એને મહાનતા ન આપે તો એ વાસ્તવમાં શરીઅતને જાહેર કહીને ફગાવવા નથી માંગતો બલ્કે કુર્આન અને હદીષને જ અવગણી રહ્યો છે જેનાથી આ શરીઅત બનાવવામાં આવી.** એટલે જે શરીઅતને પોતાના માટે અથવા બીજા કોઈ વ્યક્તિ માટે ગેરજરૂરી કહે જ્યારે કે એની પાસે અક્કલ હોય, એટલે પાગલ ન હોય, અને એ સમજદાર હોય તો જરૂરથી **કાફિર** છે. એના કુફ્રમાં શક કરવામાં નહીં આવે, પછી એ ગમે તે હોય અને ગમે ત્યાંનો હોય.

## ★ શાહ અબુલ હુસૈન અહમદ નૂરી ★

બરકાતી સિલસિલા આ'લા હઝરત ઈમામે અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ ના પીરના ઘરનાના બુઝુર્ગ નૂરીમિયાં સાહબ પોતાની કિતાબ સિરાજુલ અવારિફમાં ફર્માવે છે :–

"દીનકા મઝાક ન ઉડાએં કે કુફ્ર હય, યૂં હી અહકામે શરીઅત કે બ નઝરે હકારત દેખના ભી કુફ્ર હય, જૈસા કે આજ કલ બે કેદ આઝાદ દરવેશોંસે દેખનેમેં આ રહા હય કે દાઢી ઔર ઈમામા પર ભપતીયાં કસતે હંય." *(સિરાજુલ અવારિફ, પેજ–૬૨)*

## ★ ગુમરાહીની વાતો ★

નૂરીમિયાં ફર્માવે છે :–

જો બાઝ સૂફીનુમા જાહિલ કેહ દિયા કરતે હંય કે યહ મકામે યકીન ઔલિયા અલ્લાહ કો ઝિંદગીમેં ભી હાસિલ હો જાતા હય ઔર ઉન્હેં અહાકામ શરીઅત કી પાબંદીસે સોબુકદોશ કર દેતા હય, **યહ મહઝ એક શૈતાની વસવસા હય,** ઔર મહઝ અદમે વાકિફિયતો, **જહાલત, ગુમરાહી** વ ખૂદબીની ખૂદનુમાઈ વ ખૂદરાઈ ઉસકા મનશા.

લેહાઝા જો લોગ સલ્ફે સાલેહીન કે અકવાલકો છોડકર શૈતાન કે મશ્વરોં પર અમલ કરતે, ઝિંદીક બનતે, ઔર રોઝા નમાઝ વગેરા અરકાને ઈસ્લામસે ખૂદકો મુસ્તગ્ની વ બેનિયાઝ સમજે હંય વોહ ગુમરાહી વ બેદીની કે જાલકે શિકાર હંય.





મુસલમાન કો તો યહ દેખના ચાહીએ કે હમારી નબી ﷺ કે તમામ મખ્લૂકે ખુદાસે બરતરો બાલા ઔર મલાઈકા ખ્વાહ જિન્નો ઈન્સાન સબસે અફઝલો અકમલ આ'લા વ ઔલા હંય, અપને ઈસ અઝીમ તરીન મર્તબે ઔર ફઝીલતો કરામત કે બાવજૂદ ઈસ દુનિયાવી ઝિંદગી મેં તકાલીફે શરઈય્યાસે સોબૂકદોશી કે ખાસ્તગાર ન હુએ, તો દૂસરોં કો જો વોહ નિસ્બત ભી નહીં રખતે જો એક ઝર્રાકો આફતાબસે, યહ લાફો ગુદાઝ ઔર શૈખી બઘારના, ડીંગે મારના કિસ તરહ રવા હો સક્તા હય, અલ્લાહને ઉન્હેં અકલો શોઉર બખ્શા ઔર યહ તકાલીફે શરઈય્યાસે આઝાદ હોકર મજનૂન અને લાયાકલ બનતે હંય ! અય અલ્લાહ ! હમેં શૈતાન કે શરસે ઔર ઉસકે વસવસોંસે અપની પનાહમેં રખ. *(સિરાજુલ અવારિફ, પેજ–૫૮, ૫૯)*

ખુલાસો એ કે શરીઅત જ્યારે નબી પર માફ નથી અને આપ અંત સુધી એના પર અમલ કરતા રહ્યા, આપના સહાબા દરેક વલીથી ઊંચો દરજો ધરાવીને એના પર પાબંદ રહ્યા, તો પછી એમના પછી કોણ એવો છે જેને શરીઅતની જરૂરત ન રહે ?! નિ:શંક ! આવા લોકો ગુમરાહ બદ્દીન છે, એમની સંગતમાં ન રહેવું જોઈએ. એવા લોકોને અહલે સુન્નતના માહોલથી અલગ કરવા જોઈએ.

## ★ બુઝુર્ગોથી ઈબાદત લો, આદત નહીં ★

બુઝુર્ગોની જે અલ્લાહ તઆલા માટે સામાન્ય લોકોથી વધીને ઈબાદત અને બંદગી હોય છે એ લઈ શકાય છે પણ બુઝુર્ગોની આદતથી દલીલ લેવી દરેક જગાએ સત્ય નથી ઠરી શક્તી. એના માટે સિરાજુલ અવારિફમાં શાહ અબુલ હુસૈન અહમદ નૂરી મારહરવી ફર્માવે છે :–

બુઝુર્ગોંકી આદત ઈખ્તિયાર ન કરો કે ઉનકી આદતેં ઉન્હીં કી ઝાત કે સાથ મખસૂસ હોતી હંય, હાં ઉન જેસી ઈબાદત ઈખ્તિયાર કરો કે વોહ ઉનકે ઔર દૂસરોં કે દરમિયાન મુશ્તરક હંય, ઈસ લિએ કહા ગયા હય કે આદત કી પેરવી ગુમરાહી, ઔર આદતકી તહકીક (સંશોધન) હિદાયત હય યઅની ઉસ આદતકા સબબ માલૂમ કરના, ઔર ઉસકી હકીકતકો સમજના ઐન હિદાયતો ઈમાન હય, ઔર બગેર ઉસકી

કેફીયતો માહિયત સમજે તકલીદો પેરવી કરના ગુમરાહી વ રૂસ્વાઈ હય, લેકિન ઈબાદતકી પેરવી જો મુશ્તરક હય વોહ દરજોંકી તરક્કીકા બાઈસ હય. હઝરત મૂસા વ ખિઝર કા વાકેઆ ઔર ઉસ પર અમલ કરના ઈસ જગા મુનાસિબ હય, ઔર વોહ મશ્હૂરો મારૂફ હય, જૈસા કે કુર્આને મજીદકી સૂરએ કહફમેં વારિદ હય. *(સિરાજુલ અવારિફ, પેજ–૧૮૨)*

બરકાતી સિલસિલાના બુઝુર્ગે સ્પષ્ટ કરી આપ્યું કે બુઝુર્ગોના અમલો અને એમની આદતો એમની જગાએ જો શરીઅતના વર્તુળમાં હોય અને નબીની સુન્નત અને ઉમ્મતની સંમતિ વિરુધ્ધ ન જતી હોય તો ઠીક, નહીં તો એમની હાલતો અલગ અલગ હોય છે એના આધારે એમના ખાસ માટે શરીઅતનો કાયદો અલગ હોય છે. એવા શરીઅત વિરુધ્ધની આદતને પુરાવો બનાવવો અને ઉપયોગમાં લાવવી ગુમરાહી છે, અને એને દિમાગથી નજીક કરવા માટે આપે હઝરત ખિઝરના બનાવ તરફ ઈશારો કર્યો કે જે બનાવોનો ઉલ્લેખ કુર્આનમાં હઝરત ખિઝરથી સંબંધિત છે અને એના પર હઝરત મૂસાએ પ્રશ્ન કર્યા તો વાસ્તવમાં એ કામો પ્રશ્ન ઉપસ્થિત કરવાના જ હતાં, પણ હઝરત ખિઝરને જે ઈલ્મ આપવામાં આવ્યું અને એ ઈલ્મના આધારે જે નિર્ણય લેવાનો અધિકાર આપને આપવામાં આવ્યો તે માત્ર આપના માટે જ છે. બીજાને એના પર કિયાસ નથી કરી શક્તા, અને એટલે જ હઝરત ખિઝર હયાત છે તો પણ આપ લોકોની નિગાહોથી અદશ્ય છે, કોઈ માણસ વાંક ગુનો વિના કોઈ બાળકને મારી નાખે અને પછી હઝરત ખિઝર જેવું કારણ બતાવે તો એને માફ કરવામાં નહીં આવે બલ્કે ઈસ્લામની સત્તા હોય તો નાહક્ક હત્યા કરવાના ગુનાહમાં એનાથી કિસાસ લેવામાં આવશે અને એને પણ કતલ કરી નાખવામાં આવશે. ખુલાસો એ કે બુઝુર્ગોની આદતો જે જાહેરી કાયદામાં શરીઅત વિરુધ્ધ છે અને લોકો એને પોતાની આદત અને અમલ માટે પુરાવા તરીકે લાવવાની કોશિશ કરે છે તેઓ શરીઅતના કાયદામાં અને બુઝુર્ગોના જ ફર્માન મુજબ ગુમરાહ બદ્દીન છે. એમણે એ પ્રમાણેનાં કામોથી સાચી પાકી તૌબા કરી સત્ય માર્ગ લેવો જોઈએ.





## ★ ઈન્સાનોમાં નબીઓ જ માસૂમ ★

સૈયદ શાહ અબુલ હુસૈન અહમદ નૂરી رحمۃ اللہ علیہ સિરાજુલ અવારિફમાં ત્રીજા નૂરમાં ફર્માવે છે :–

"હમારા અકીદા હય કે સિવાય નબીઓં કે કોઈ વલી ભી માસૂમ નહીં અગર ચે વોહ કુતૂબિયત યા ગૌષિયતકા દરજા રખતા હો, ક્યોં કે સહાબાએ કિરામ ઔર અહલે બયત رضوان اللہ تعالیٰ علیہم اجمعین માસૂમ નહીં હંય, મગર યહ હઝરાત ઔર અલ્લાહ કે તમામ વલી મહફૂઝ કહલાએ જાતે હંય." *(સિરાજુલ અવારિફ, પેજ–૪૯)*

આનાથી સ્પષ્ટ થયું કે અહલે સુન્નતની એકમતિથી નબીઓ માસૂમ છે કોઈપણ વલી પછી એ ગમે તેટલા મોટા દરજાનો હોય માસૂમ નથી. જ્યારે સહાબા અને અહલે બયત માટે એ દાવો સત્ય નથી તો પછી બીજા કોઈના માટે કેમ સત્ય હોય ! એટલે આ માન્યતામાં ભૂલ કરવામાં ન આવે, જ્યારે વાસ્તવિક્તા આ છે તો અલ્લાહની કિતાબ અને કુર્આનને છોડીને કોઈની વાત માન્ય રાખવામાં નહીં આવે.

## ★ તા'ઝીમી સિજદો હરામ ★

સિરાજુલ અવારિફમાં તા'ઝીમી સિજદો ગયરે ખુદાને હરામ જ બતાવવામાં આવ્યો છે. આપ કાદરી સિલસિલાના છે, આપે પોતે ફર્માવ્યું :–

"શરીઅતમાં ઈમામે આ'ઝમ અને તરીકતમાં હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ થી સંબંધ રાખે, હઝરત પીર દસ્તગીરની ગુલામી ક્યારે પણ ન છોડે કે સાત પેઢીથી ખાનદાને બરકાતિયા માહરવિયા ખાલિસ ગુલામી ખાનદાને ગૌષિયાથી સંબંધ રાખે છે." *(સિરાજુલ અવારિફ, પેજ–૩૯)*

આનાથી એ સ્પષ્ટ છે કે આપ હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہ ને સામે રાખીને પણ કલામ ફર્માવી રહ્યા છે. સિજદા વિશે પોતાનું મંતવ્ય રજૂ ફર્માવે છે :–

"વાજિહ હો કે સિજદા દો તરહકા હોતા હય, પહેલા સિજદએ ઈબાદત દુસરા સિજદએ તહિય્યત, યઅની સિજદએ તા'ઝીમો

તકરીમ જો કિસી કી બુઝુર્ગી ઔર બડાઈકે લિએ બગેર ઈબાદત કી નિય્યત કે હોતા હય, જૈસા સૈયેદના યૂસુફ عليه السلام કો ઉનકે વાલેદૈન ઔર ભાઈઓંને કિયા થા, યા વોહ સિજદા જો ફરિશ્તોને હઝરતે આદમ عليه السلام કો કિયા થા, **લેકિન ! અબ યહ શરીઅતે મુહમ્મદીયામેં હરામ હો ગયા હય,** ઈસ તરહ બયતુલ્લાહ શરીફ કે અલાવહ કિસી ચીઝકા તવાફ હરામ હય.

**હવાલો** : સિરાજુલ અવારિફ, પેજ-૧૬૧

આ હતો ફૈંસલો સિલસિલએ કાદરિયા બરકાતિયાનો ફૈંસલો કે અલ્લાહ તઆલા સિવાય કોઈને સિજદો જાઈઝ નથી, તા'ઝીમી સિજદો આપણી શરીઅતમાં હરામ થઈ ગયો છે, અને તવાફ કા'બા માટે ખાસ છે, એ સિવાય કોઈને તા'ઝીમી તવાફ કરવો પણ હરામ છે, શરીઅત અને તરીકતનો સંગમ બતાવીને આ ફૈંસલો કરવામાં આવ્યો છે.

## ★ હરામને હલાલ સમજવું કુફ્ર છે ★

ખુદા કે હરામ કિએ હુએ કે હલાલ ન જાનના વરના કુફ્ર કી બલામેં ફંસ જાવોગે, ક્યોં કે જિસ ચીઝકા હરામ હોના કતઈ ઔર ઝરૂરી હય, ઉસકા હલાલ સમઝના ખુલા હુવા કુફ્ર હય, ગુનાહકો હરામ સમઝ કર ગુનાહ કરના ગુનાહ ઔર ગુનાહકો હલાલ સમજકર ગુનાહ કરના દુહરા ગુનાહ હય કે ઉસસે આદમી કુફ્રકી તરફ ચલને લગતા હય.

**હવાલો** : સિરાજુલ અવારિફ, પેજ-૧૬૩

તા'ઝીમી સિજદો ગયરે ખુદા માટે હરામ છે એને હરામ સમજવું જરૂરી છે, જે હરામ હોવાથી મોઢું ફેરવે અને અલ્લાહ વ રસૂલના હરામ કરેલાને ખોટી દલીલોથી હલાલ બનાવવાની કોશિશ કરે એ ખાનદાને કાદરિયા બરકાતિયાનું ઉપરોક્ત એલાન યાદ રાખે.

## ★ સૂફીને ફકીહની જરૂરત ★

સૂફી જેની પાસે શરઈ અહકામ અને કાયદા કાનૂનનું ઈલ્મ ન





હોય એનાથી ફકીહ જેની પાસે એ ઈલ્મ હોય ઉત્તમ છે.

હઝરત અબુલ હુસૈન અહમદ નૂરી ફર્માવે છે :-

"સૂફીકો ફકીહ કી જરૂરત હય, ફકીહ સૂફીકા મોહતાજ નહીં, યહી સૈયેદના ગૌષે આ'ઝમને ફર્માયા, અગરચે સૂફી કા મર્તબા ફકીહસે બુલંદ હો, ઔર બા'ઝ સૂફીયા ફકીહ ઉસ કહતે હંય કે આરિફ યઅની સૂફી ભી હો, તો વહ ફકીહ જો સૂફી ભી હો ઉસકા મર્તબા સૂફી મહઝસે બુલંદ હય."

**હવાલો** : સિરાજુલ અવારિફ, પેજ-૯૭

આનાથી એ જાણવા મળ્યું કે આલિમને સૂફીની જરૂરત નથી, પણ સૂફીને જો એ આલિમ ન હોય તો દીનના મસ્અલા જાણવા માટે અને ધાર્મિક શંકાઓના ઉકેલ માટે આલિમની જરૂરત છે. અને આપણા પ્યારા નબીનું પણ ફર્માન છે, "ફકીહુન્ વાહિદુન અશદુ અલશ્શૈતાને મિન ઈલ્ફિ આબેદીન" **એક દીનની સમજ રાખનાર ફકીહ શૈતાન માટે એક હજાર ઈબાદત ગુજારથી વધીને ભારે છે.** *(મિશ્કાત કિતાબુલ ઈલ્મ)*

આ હદીષમાં સ્પષ્ટ શબ્દોમાં એક હજાર સૂફીથી વધીને એક ફકીહ બતાવવામાં આવ્યો. અને આપણા નબીનું ફર્માન છે : "અલ્ મુતઅબ્બિદુ બિગયરે ઈલ્મિન કલ હિમારે ફિત્તાહુન." ઈબાદત કરનાર ઈલ્મ વિનાનો ઘંટીના ગધેડા માફક છે. એટલે ઈબાદત ગુઝાર અને સૂફી બનવા માટે ઈલ્મની જરૂરત છે એના વગર ઈબાદતમાં રંગ આવી શક્તો નથી. બલ્કે જહાલતમાં અમુક જરૂરી અમલોને છોડી દેવાથી મહેનત પણ બેકાર જાય છે, એટલે સૂફીને આલિમની વધારે જરૂરત છે, આલિમને સૂફીની જરૂરત નથી.

અને અલ્લાહ તઆલાનું ફર્માન છે :-

"ઈલ્મવાળાઓ અને અજ્ઞાનીઓ એક સમાન નથી." *(પા. ૨૩, સૂ. ઝુમર, આ. ૯)*

ઈલ્મવાળાઓ અલ્લાહને અધિક પ્રિય છે, અને અલ્લાહ તઆલા તરફથી એમના અસંખ્ય દરજાઓ બુલંદ કરવામાં આવે છે.

ફર્માવે છે :–

"તમારામાંથી ઈમાનવાળાઓને અલ્લાહ બુલંદ ફર્માવે છે અને જેમને ઈલ્મ આપવામાં આવ્યું એમને ઘણા જ દરજા બુલંદી આપવામાં આવી છે." *(પા. ૨૮, સૂ. મુજાદલહ્, આ. ૧૦)*

અને કુર્આને બીજા લોકોને આલિમો પાસે આવી પોતાની અજ્ઞાનતાનો ઈલાજ કરવાનું ફર્માવ્યું :–

"તમને જ્ઞાન ન હોય તો જ્ઞાનીઓને પૂછો." *(પા. ૧૪, સૂ. નહ્લ, આ. ૪૩)*

એટલે જ્ઞાનીઓ ઉત્તમ છે, અને જેમની પાસે જ્ઞાન નથી એમને જવાબદારી આપવામાં આવી કે તેઓ પોતાની અજ્ઞાનતા પર ન રહે બલ્કે તેઓ આલિમો પાસે જાય અને એમને પોતાના ઉસ્તાદ સમજે. અને પોતાની જહાલતનો એમને ઈલાજ સમજે અને એમને પોતાના માટે સહારો બનાવે. આ બધું સ્પષ્ટ કરી રહ્યું છે કે આલિમનો દરજો સૂફીઓથી વધીને છે, હા ! સૂફી ! પોતે આલિમ પણ છે તો પછી બે કમાલને લઈને એ ઉત્તમ ઠરશે.

## ★ તમે શું કરશો ? ★

આ પ્રકરણમાં અમે તમને કિતાબ મુકાશફતુલ ગુયૂબની હકીકત અને વાસ્તવિક્તા બતાવી કે એમાં ખોટા પુરાવા આપવામાં આવ્યા છે, અને અમુક કિતાબોની અમુક વાતો અધુરી લખવામાં આવી છે, એટલે કે આ કિતાબ મુસલમાનોને ગુમરાહ બનાવવા માટેનું હથિયાર છે. મુસલમાનોના પ્રેમને લઈને અને ઈસ્લામની અમારા પર રાખવામાં આવેલી જવાબદારીના આધારે અમારે એ કિતાબનો જવાબ આપવો જરૂરી હતો, તો હજારો પુરાવાઓ સાથે સાથે અમે તમારી સેવામાં અમારી આ કિતાબ રાખી, અમે તમારાથી નમ્ર અપીલ કરીએ છીએ કે તમે પોતે આ કિતાબને વાંચશો, અને પોતાના મિત્રો સુધી આને પહોંચાડશો. અમારું કામ તમારી સેવામાં પહોંચાડવું હતું, તમે વાંચી





લીધી તો હવે તમારે એને બીજા સુધી પહોંચાડવાની છે, જો આમ કરવામાં આવશે તો ઓછી કિતાબો વધારે મુસલમાનો સુધી પહોંચશે, અને અસંખ્ય લોકો પોતાને ગુમરાહીથી અને ગુમરાહોથી બચાવી લેશે.

## ★ તમે કેવી રીતે મદદ કરશો ?! ★

બીજી એક નમ્રતાભરી અપીલ એ કે તમે આ કિતાબનું વાંચન કરી તમારા જોશ, જુસ્સા, અને જઝબાતને "બરકાતે ખ્વાજા" (માસિક)ની ટપાલમાં લખી જણાવશો, અને અમારી આ કોશિશો પછી પણ આ મસ્અલામાં કોઈ ભાઈને કોઈ શંકા રહી જતી હોય તો એ અમને સવાલ કરીને પૂછી શકે છે એનો જવાબ "બરકાતે ખ્વાજા" માસિકના અંકથી તમારી સેવામાં પહોંચાડવામાં આવશે, સવાલનો હેતુ માલૂમ કરવું હોય, બદ્માશી ન હોય તો તમને સવાલ કરવાનો સવાબ પણ મળશે. અંતમાં અમે એક પ્રકરણ તમારી સેવામાં સવાલ જવાબરૂપે રજૂ કરવાની કોશિશ કરીએ છીએ જેનાથી ઘણી શંકાઓનો જવાબ બની જશે, અને વર્તમાનકાળમાં જેઓ બુઝુર્ગોના નામો લઈને શરીઅતથી ખસીને પોતાની મનમાની કરીને લોકોને મૂર્ખ બનાવવા માંગે છે એમની ખાનકાહી ખરાબીઓનો પર્દો ઉઠી આવી, અને લોકોને સત્ય શું છે એની શોધમાં નીકળવાની તૌફીક મળે. તો હવે અંતમાં તમારી સેવામાં અમારી આ કિતાબનું અંતિમ પ્રકરણ "સવાલો અને એના જવાબો" રજૂ કરીએ છીએ. અલ્લાહ તઆલા આપણને હક્ક સમજાવે અને એના પર ચલાવે ગુમરાહો અને એમની ગુમરાહીથી બચાવી સત્યને સાથ આપવાની તૌફીક આપે. આમીન બિજાહી સૈયિદિલ મુરલીન .

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

(પ્રકરણ : ૬)

# યકીન લાવો શંકાને નષ્ટ કરો

મારા પ્યારા આકા ના પ્યારા દીવાનાઓ અને દીવાનીઓ ! આ અમારી કિતાબનું અંતિમ પ્રકરણ છે જેમાં અમે તમને અમુક શંકાસ્પદ સવાલો અને એના જવાબો આપીશું, અલ્લાહ તઆલા મને હક્ક બોલવાની અને આપણને સર્વને એના પર અમલ કરવાની તૌફીક અતા ફર્માવે. (આમીન બિજાહિ સૈય્યિદિલ મુરસલીન )

**સવાલ નં. ૧** : અમુક લોકો કહે છે કે વલી શરીઅત વિરુધ્ધ કોઈ કામ કરે તો એના એ કામને શરીઅત વિરુધ્ધનું કહેવામાં નહીં આવે, તો શું એ વાત સાચી છે ?!





**જવાબ** : શરીઅતમાં જ્યાં સુધી માણસ વાસ્તવમાં પાગલ ન બની જાય હુકમ ઉઠી શક્તો નથી. જે શરીઅત પર હોય એ શરીઅત પર છે, જે નથી એ નથી, શરીઅત બધા માટે દલીલ છે. વલી માસૂમ નથી એટલે કોઈ કામ શરીઅત વિરુધ્ધ થાય જાણી જોઈને અથવા ભૂલથી તો એણે એનાથી તૌબા કરી ખસી જવું જોઈએ.

કુર્આનમાં વલીની સિફત આ પ્રમાણે બયાન કરવામાં આવી છે :–

**અર્થાત** : "સાવધાન ! નિઃશંક ! અલ્લાહના વલીઓને કોઈ ડર નથી અને ન તેઓ ચિંતિત બનશે જેઓ ઈમાન લાવ્યા અને પરેઝગાર રહેતા હતા."

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

**અર્થાત** : "બેશક ! અલ્લાહના વલીઓ પરહેઝગાર લોકો જ હોય છે."

આ બે આયતોથી સ્પષ્ટ થયું જે વલી હશે એ દીનદાર અને પરહેઝગાર જ હશે. જે વલીઓ દુનિયામાં નથી અને એમની તરફ કોઈ ગુનાહની વાત સંબંધિત કરવામાં આવે તો એના જવાબનો ઉલ્લેખ પાછલા પ્રકરણોમાં થઈ ગઈ.

સિરાજુલ અવારિફમાં છે :–

કોઈ મુકલ્લફ કે આકિબ બાલિગ હો, મોત દરપેશ આનેસે પહેલે તકલીફાતે શરઈય્યાસે સુબૂકદોશ ઔર આઝાદ નહીં હો સક્તા, અગરચે વોહ વલી બલ્કે નબીએ મુરસલ હો. *(સિરાજુલ અવારિફ, પેજ–૫૮)*

**સવાલ નં. ૨** : અમુક લોકો કહે છે કે બુઝુર્ગોની હાલતને હઝરત ખિઝર عليه السلام પર કિયાસ કરવામાં આવશે, તો દરેક માટે એ પ્રમાણે કહેવું કેવું છે ?

**જવાબ** : વલીઓમાં જેઓ મજઝૂબ હોય એમના માટે કોઈ હુકમ રહેતો નથી કારણ કે એમને હોશ હોતો નથી એટલે શરીઅતની કલમ એમના પરથી ઉઠી જાય છે, જેમની એવી હાલત નથી એમની શરીઅત

પકડ કરશે, અને શરીઅતના વિરુધ્ધ વર્તન પ્રમાણે હુકમ આપવામાં આવશે. જો આમ કરવામાં ન આવે તો દુનિયામાંથી શાંતિ ઉઠી જાય, અને દરેક પોતાની મનમાની કરતો થઈ જાય, એટલે ખિઝરવાળો હુકમ દરેકને મળી શકશે નહીં, ખિઝર હયાત છે હાલ દુનિયામાં છે પણ લોકોથી અદશ્ય અને ગયબમાં કેમ રાખવામાં આવ્યા છે ? એટલે જ કે એમને જે અધિકાર આપવામાં આવ્યો છે એમાં ઘણા કામો જાહેરી શરીઅત વિરુધ્ધ જતાં હોય છે એને લોકો પુરાવો ન બનાવે, એટલે ગયબમાં રાખવામાં આવ્યા, કુર્આનમાં એમની શાન બતાવવા માટે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, નહીં તો મનાઈ કરવા છતાં હઝરત મૂસા علیہ السلام એ એમના દરેક કામ પર એતરાઝ કર્યો અને શંકા ઉપસ્થિત કરી.

અવારિફુલ મઆરિફમાં છે :–

રિવાયત છે હઝરત ઉમર رضی اللہ عنہ થી ફર્માવે છે કે હે લોકો ! રસૂલુલ્લાહ ના જમાનામાં વહીથી પૂછપરછ કરવામાં આવતી હતી, અને હવે વહીનું આવવાનું બંધ થઈ ગયું, તો હવે તમારાથી પૂછપરછ તમારા અમલોની કરીશું, તો જે અમારા માટે ભલાઈ જાહેર કરે એને કબૂલ કરીશું, અને એને નજીક કરી લઈશું, અને અમારા પર એના અંતરનું કંઈ જ નથી. અલ્લાહ તઆલા એનાથી એના અંતરનો હિસાબ લેશે, અને જે એના સિવાય અમારા પર જાહેર કરે, એને અમે કબૂલ નહીં કરીએ, ભલે એ કહે કે મારું અંતર સારું છે. *(અવારિફ, પેજ–૯૬)*

જ્યારે અમે જોઈએ કે કોઈ વ્યક્તિ શરીઅતની હદોને તુચ્છ કરવા ઈચ્છે છે, ફર્ઝ નમાઝ છોડી આપે છે, તિલાવતે કલામુલ્લાહ અને રોઝા નમાઝની ચાસણીને ગણતરીમાં નથી લાવતો, હરામ અને મકરૂહ જગામાં દોડી આવે છે, અમે એને રદ કરીશું, અને એને કબૂલ નહીં કરીએ અને એનો દાવો કે એનું અંતર સારું છે, માન્ય નહીં રાખીએ. *(અવારિફ, પેજ–૯૬)*

ખુલાસો એ કે શરીઅતનો સંબંધ જાહેરથી છે અને દરેક વ્યક્તિએ





એ પ્રમાણે રહેવું શરઈ જરૂરત છે, શરીઅત જેને સારો કહે સારો, જેને ખરાબ કહે ખરાબ, અને એનો કાયદો જે પ્રમાણે પકડ કરે એ કબૂલી લેવામાં આવશે. એટલે હાલતે વજદ માફી અપાવી શકે છે, હાલતે હોશમાં કોઈને વિરોધનો હક્ક પહોંચશે નહીં.

પીરાને પીર દસ્તગીર રોશન ઝમીર ફર્માવે છે :–

**અર્થાત** : "દરેક હકીકત જેની ગવાહી શરીઅત ન આપે ખોટી છે." *(તબકાતે ઈમામ શઅરાની, ભા. ૧, પેજ–૧૩૧)*

અને કુર્આને પાકમાં છે :–

**અર્થાત** : "મનેચ્છા પર ન ચાલ, (જો આમ કરશે તો) એ અલ્લાહના માર્ગથી તને હટાવી ન દે !"

**સવાલ નં. ૩** : તમે કહ્યું કે વલી માસૂમ નથી હોતો એનો તમારી પાસે શું પુરાવો છે ?

**જવાબ** : આ વાત પર ઉલમાએ અહલે સુન્નતની સંમતિ છે કે અલ્લાહની મખ્લૂકમાં ફરિશ્તાઓ અને ઈન્સાનોમાં માત્ર નબીઓ માસૂમ છે, એમને છોડીને બીજો કોઈ માસૂમ નથી.

સિરાજુલ અવારિફમાં છે :–

હમ સુન્નીયોં કા અકીદા હય કે બની આદમ મેં અંબિયાએ કિરામ કે સિવા કોઈ ઔર કોઈ માસૂમ નહીં, અગરચે વોહ ઔલિયા અલ્લાહ હોં અગરચે મરતબએ કુતૂબિયત ઔર દરજએ ગૌષિયત પર ફાઈઝ હો. યહાં તક કે સહાબાએ કિરામ ઔર અહલે બયતે ઈઝામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین, હાં ! યહ હઝરાત આલી દરજાત ઔર બાકી અઈમ્મએ કિરામ લફઝ "મહફૂઝ"સે મૌસૂમ હંય, કે અલ્લાહ ઉન્હેં મહફૂઝ રખતા હય. *(સિરાજુલ અવારિફ, પેજ–૫૫)*

આનાથી સ્પષ્ટ થયું કે અહલે સુન્નતની એકમતિથી ઈન્સાનોમાં માત્ર નબીઓ માસૂમ છે એમને છોડીને કોઈ માસૂમ નથી, એટલે વલીઓનો અમલ નબીની વિરુધ્ધમાં પુરાવો નથી બલ્કે એમને નબીના

ફર્માન પર આવવું જરૂરી છે. શરીઅત પર કોઈ દલીલ નથી, શરીઅત બધાના માટે દલીલ છે.

**સવાલ નં. ૪ :** અમુક લોકો જેમને લોકો વલી માને છે એમનું કહેવું એવું છે કે અમે મલામતિયા છીએ, એટલે અમે જાહેરમાં ગુનાહ કરીએ, અને બાતિલમાં બંદગીમાં વ્યસ્ત રહીએ, તો શું આ દાવો માન્ય છે ?

**જવાબ :** ઈબાદત અને બંદગીમાં ઈખ્લાસ જરૂરી છે, પણ એનો મતલબ એ નથી કે ઈસ્લામે જે કામો જાહેરમાં કરવાનો હુકમ આપ્યો એમાં પોતાની મનમાની ચલાવે, ઈખ્લાસ દિલની સ્થિતિ છે જેને અલ્લાહ જાણે છે, પછી કોઈ અમલના જાહેર હોવાથી ઈખ્લાસ ચાલ્યો જાય અને ''રિયા'' દેખાવો આવી જાય એ દાવો પાયા વિનાનો બલ્કે તદ્દન ખોટો છે, **સહાબા વલીઓમાં ઉત્તમ દરજાના વલીઓ છે, એમની બરાબરીમાં કોઈ ગૌષ અને કુતૂબ પણ નથી આવી શક્તો, તેઓ નમાઝો મસ્જિદોમાં આવીને જમાઅતથી પઢતા, જિહાદમાં પણ જતા, નફલ ઈબાદતો ક્યારેક ઘરમાં અને ક્યારેક મસ્જિદમાં કરતા, જિહાદના મેદાનમાં જમાઅતથી નમાઝ પઢવામાં આવતી, અને આપણા નબી પણ આમ જ કરતા હતા,** પછી એમનાથી ખસીને બીજા કોઈને પુરાવો બનાવવો ક્યાંનો ઈન્સાફ છે ?!

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

**અર્થાત :** ''નમાઝ પઢનારાઓ સાથે નમાઝ પઢો !''

**અર્થાત :** ''એના માર્ગમાં બધા જિહાદ કરો !'' વગેરે...

ગુનાહની બાબત અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

**અર્થાત :** ''અલ્લાહ બુરાઈને જાહેર કરવાને પસંદ નથી કરતો.''

ગુનાહ જાહેરમાં કરવા તો દૂરની વાત, કરીને એને જાહેર કરવું પણ ગુનાહનું કામ છે અને અલ્લાહને પસંદ નથી, **પછી કોઈનું કહેવું કે નેકીઓ ગુપ્ત રાખો અને ગુનાહો જાહેર કરો સ્પષ્ટ શબ્દોમાં**





**કુર્આનની તા'લીમાતનો વિરોધ છે.** નબીએ પાક એ દરેક જમાનામાં અહલે હક્કની ઓળખ પોતાના આ ફર્માનથી બતાવી

**જેના પર હું અને મારા સહાબા છે, એના પર જે રહેશે અહલે હક્ક છે.**

અવારિફુલ મઆરિફમાં છે :–

એક ગિરોહને અહલે ફિત્ના વ ગુમરાહીસે અપને કો મલામતિયા કહેલાયા, ઔર લિબાસે સૂફીયાસે મુતલબ્બિસ હુએ, તાકે ઉસસે સૂફીયાકી તરફ મન્સૂબ હોં. ઔર સૂફીયાસે વોહ કિસી બાતમેં નહીં હંય બલ્કે વોહ ધોકે કી ધરી ઔર ગલતીમેં હંય, ઔર વોહ કભી સૂફીયોંકા લિબાસ બચાવ કે લિએ ઔર કભી દાવે કે સાથે પહેનતે હંય, ઔર અહલે ઈબાહત કી રાહ ચલતે હંય, ઔર ઉનકા યહ અઝમ હોતા હય કે ઝમાઈર ઉનકે અલ્લાહ તઆલા કી તરફ ખાલિસ ઔર રુજૂઅ હો ગએ, ઔર કહતે હંય કે યહીં મકસૂદમેં કામયાબી હય, ઔર શરઈ રોસૂમકા બરતના દરજએ અવામ ઔર ઉન લોગોંકા હય જિનકે ફહમ કાસિર હંય, ઔર તકલીદસે ઈકતિદા કે ફંદેમેં ફેંસે હુએ હંય, ઔર યહ ઐન ઈલ્હાદ ઔર ઝંદકા ઔર ઈબઆદ (દૂરી) હય, તો જો હકીકતેં કે શરીઅતને ઉનકો રદ કિયા હય વોહ ઝંદકા (ગુમરાહી) હય. *(અવારિફુલ મઆરિફ, પેજ–૯૫)*

ખુલાસો એ થયો કે શરીઅત જે વાત માન્ય ન રાખે એને માન્ય રાખવામાં આવશે નહીં. શરીઅતને તોડવાની વાતો ગુમરાહીની છે, એવી વાતો પર ધ્યાન આપવામાં ન આવે. જેમ કે હમણાં અમે હઝરત ઉમર رضی اللہ عنہ ની રિવાયતથી સાબિત કરી બતાવ્યું.

મલામતી સૂફીનો મતલબ માત્ર એટલો જ હોય છે કે તેમના ત્યાં ઈખ્લાસને અતિ મહત્વ આપવામાં આવે છે અને દિલથી રિયા અને દેખાવાનું ભૂત તદ્દન કાઢી નાખવામાં આવે છે. એથી વધું કંઈ નહીં, તો મુસલમાનોએ ગમે તેની હા માં હા મેળવી ગુમરાહ ન બનવું જોઈએ. નબી એ જે કર્યું અને બતાવ્યું એ જ કરવા લાયક છે, નબી પછી આપના સહાબાએ જે તરીકો અપનાવ્યો અને બતાવ્યો એ જ

પકડવા લાયક છે.

નબી એ પોતાની બાબત ફર્માવ્યું :–

"ઉત્તમ માર્ગ મુહમ્મદ ( ) છે."

અને પોતાના સહાબા વિશે ફર્માવ્યું :–

મારા સહાબા તારાઓ સમાન છે એમનામાંથી જેની પછવાડે ચાલશો સત્ય માર્ગે રહેશો, જ્યારે માર્ગની વાસ્તવિક્તા આ છે તો નવી નવી વાતો પર ધ્યાન આપવામાં ન આવે.

અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

**અર્થાત :** "બેશક ! આ મારો સીધો માર્ગ છે એની પછવાડે રહો, બીજા માર્ગની પછવાડે ન જાવ કે તમે ટુકડા ટુકડા થઈ જાવ !"

**સવાલ નં. ૫ : પીરનું** વલી હોવું જરૂરી છે ?

**જવાબ :** વલી હોવું જરૂરી નથી પણ **ફાસિક ન હોવું જરૂરી છે,** જે જાહેરમાં ગુનોહ કરતો હોય અથવા ગુનાહનાં કામોને લઈને ચાલતો હોય એવાને ક્યારે પણ પીર બનાવવો જાઈઝ નથી, પીરમાં અમુક શરતો હોવી અનિવાર્ય છે.

સિરાજુલ અવારિફમાં છે, હઝરત અબુલ હુસૈન અહમદ નૂરી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

દુસરી વસિયત યહ હય કે શરીઅતે મુહમ્મદિયાકે જુમલા અફઆલો અકવાલમેં ઈત્તિબા, ઔર અહકામે તરીકતકી બજા આવરીકે બાદ ઐસે પીર કે હાથ પર બયઅત હોં જિસમેં યહ તીન શરતેં દેખ લેં :–

૧. વોહ સહીહુલ અકીદા સુન્ની હો.

૨. શરીઅતે મુતહ્હરા કે અહકામ પર કારબંદ હો.

૩. ઉસકા મસ્લક ભી સહીહ હો, યઅની ઈસ્લામમેં મઝહબે અહલે સુન્નત વ જમાઅતકા પાબંદ હો, બજાહિર શરીઅતકા ઈત્તિબા





કરતા હો, ઔર તરીકતમેં કિસી ઐસે શૈખકા મુરીદ હો જિસકા સિલસિલા સહીહ વ સાબિત હો, યહ ન હો કે કિસી ઈરાદતો બયઅત ઔર ખિલાફત કે બગૈર ખૂદ બ ખૂદ બિલા ઈજાઝતે શૈખ દુસરોં કો મુરીદ કરે ઔર લોગોં કો ફરેબ દેકર અપને ઈરાદતમંદો મેં પિરોતા હો. *(સિરાજુલ અવારિફ, પેજ–૨૮)*

ઉપરોક્ત શરતો પ્રમાણે કોઈ વ્યક્તિ હોય તો એનો મુરીદ બનવું અને એને પોતાનો પીર બનાવવો જાઈઝ છે, અને **જેનામાં ઉપરોક્ત શરતો પૈકીની એક પણ ન હોય એને પીર બનાવવામાં ન આવે, પીર સમજવામાં ન આવે, અને એનાથી બયઅત નાસમજીમાં લીધી હોય તો એને તોડી નાખવામાં આવશે.** ફિકહનો કાયદો છે : اِذَا فَاتَ الشَّرْطُ فَاتَ الْمَشْرُوْطُ શર્તનો ભંગ થશે તો જેના માટે શર્ત લગાડવામાં આવી હતી એનો પણ ભંગ થશે.

**સવાલ નં. ૬ :** જે લોકો ઘરે રહીને જમાઅતથી નમાઝ ન પઢે ભલે ઘરમાં પઢતો હોય તો એની બયઅત ચાલે ?

**જવાબ :** જમાઅતથી નમાઝ પઢવી વાજિબ છે **"કોઈ પણ શરઈ કારણ વિના" જમાઅત છોડનાર અને ઘરમાં નમાઝ પઢનારની બયઅત જાઈઝ નથી,** કરવામાં આવી હોય તો તોડી નાખવામાં આવે, જમાઅત છોડનાર વાજિબને છોડીને મોટો ગુનેહગાર છે અને એ નિઃશંક ! ફાસિક છે. (દરેક ફિકહની કિતાબ)

**સવાલ નં. ૭ :** કોઈ પીરની સભામાં વાજિંત્રોની સાથે કવ્વાલી થતી હોય અને એ એને જાઈઝ સમજતો હોય એવાની બયઅત કેવી છે ?

**જવાબ : તોહફાએ નજાત**નો **દસમો ભાગ** વાંચો તો જાણવા મળશે કે વાજિંત્રોનો ઉપયોગ ઈસ્લામમાં કુર્આન, હદીષ અને ચાર મસ્લકની સમંતિથી હરામ છે, હરામને હલાલ સમજનાર ગુમરાહ બદ્દીન, અને **ફાસિક** છે, તો નિઃશંક ! એની બયઅત કરવામાં ન આવે, કરી લીધી હોય તો તોડી નાખવામાં આવે.

**સવાલ નં. ૮ :** જે લોકોની સભામાં પીરને સિજદો કરવામાં

આવતો હોય અને એ મનાઈ ન કરતો હોય અથવા જાઈઝ જાણતો હોય તો એની બયઅતનો હુકમ શું છે ?

**જવાબ** : આ કિતાબના અસંખ્ય પુરાવાથી તમે જાણ્યું કે ઈસ્લામમાં સર્વ મસ્લકની એકમતિથી તા'ઝીમી સિજદો ગયરે ખુદાને માટે હરામ છે, ગુનાહ અને હરામ કામને પોતાની સભામાં ચાલવા દેનાર પોતે ફાસિક છે એનો પીછો છોડવામાં આવે, અને એ જાઈઝ જાણતો હોય તો ગુમરાહ બદ્દીન છે, એની નિકટ પણ જવામાં ન આવે.

હઝરત જુનૈદ બગદાદીએ ફર્માવ્યું :– اِذَا فَاتَ الشَّرْطُ فَاتَ الْمَشْرُوْطُ

**અર્થાત** : "જે વ્યક્તિ કોઈ અમલ નબી ની સુન્નત છોડીને કરે એનો એ અમલ બેકાર છે."

**સવાલ નં. ૯ : દાઢી મૂંડો** અથવા **એક મુઠ્ઠીથી ઓછી દાઢી રાખનાર**ની બયઅત થઈ શકે છે ?!

**જવાબ** : દાઢી એક મુઠ્ઠી ભર રાખવી વાજિબ છે, જે આમ ન કરતો હોય એ શરીઅતની પરિભાષામાં **નિઃશંક ! ફાસિક** છે, **એની બયઅત જાઈઝ નથી,** કરી લેવામાં આવી હોય તો **તોડી નાખવામાં આવે.**

**સવાલ નં. ૧૦** : જે પીર પોતે નમાઝ ન પઢે અને મુરીદોને નમાઝનું ન કહે એનો શો હુકમ છે ?!

**જવાબ** : એક વખતની ફર્ઝ નમાઝ શરઈ કારણ વિના જાણી જોઈને છોડી દેવાથી પણ માણસ **ફાસિક** બની જાય છે, જ્યારે એ નમાઝ પઢતો જ નથી તો એની બયઅત જાઈઝ નથી, એ **ફાસિક** છે, **એની બયઅત તોડી નાખવામાં આવે.**

**સવાલ નં. ૧૧** : જે પીર નમાઝની જરૂરતનો ઈન્કાર કરે એનો શું હુકમ છે ?!

**જવાબ** : **નમાઝ ફર્ઝ છે** એની ફર્ઝિયત કુર્આની ઘણી બધી આયતોથી છે **જે એને ફર્ઝ ન માને,** અથવા **પોતાના માટે એના ફર્ઝ અને જરૂરી હોવાનો ઈન્કાર કરે નિઃશંક ! કાફિર છે.** એની



મુકાશફતુલ ગુયૂબ વ હકીકતુસ્ સુજૂદનું ઓપરેશન

બયઅત તો શું એની નિકટ જવું અને એનાથી કોઈ ધાર્મિક ઈલાજનું કામ લેવું **નાજાઈઝ** અને **હરામ** છે, જેણે પોતાના કાનથી સાંભળી લીધું કે એણે નમાઝનો ઈન્કાર કર્યો છે તો એવા વ્યક્તિએ **ઈન્કાર કરનારને કાફિર માનવો જરૂરી** છે, પછી એ એને ગમે તેટલો પહોંચેલો માનતો હોય. **જે એના કુફ્રમાં શંકા કરશે એ પણ કાફિર બની જશે** અને જે યકીનથી ખબર પડયા પછી ધાર્મિક સંબંધ એનાથી બાકી રાખશે એ પણ ઈસ્લામથી બહાર થઈ જશે.

**સવાલ નં. ૧૨** : ઝૈદ નમાઝ નથી પઢતો, એને નમાઝનું કહેવામાં આવ્યું તો એણે જવાબ આપ્યો, મારા પીરે મને કહ્યું છે નમાઝ કોઈ જરૂરી નથી, મરજીમાં આવે તો પઢી લેવી, એનો શું હુકમ છે ?

**જવાબ** : ઝૈદ પોતાના પીરના કહેવાથી કુર્આનના કતઈ હુકમનો ઈન્કાર કરી ગયો એટલે એ **કાફિર,** અને **પીરે ફર્ઝના ઈન્કારની વાત કરી એટલે એ પણ કાફિર,** બંનેથી સંબંધ તોડવો અને એમને ઈસ્લામથી બહાર સમજવા જરૂરી છે.

**સવાલ નં. ૧૩** : શું આવા લોકો તૌબા કરી લે તો કામ ચાલી જાય ?

**જવાબઃ** તૌબાથી કામ માત્ર એવા ગુનાહોમાં ચાલે જેનાથી કુફ્ર સાબિત ન થાય, પણ જ્યારે કુફ્ર સાબિત થઈ જાય તો એને ફરીથી મુસલમાન બનવું, ફરીથી નિકાહ કરવો, અને ફરીથી શરતો મુજબના પીરના મુરીદ બનવું જરૂરી છે. આમ ન કરે તો માત્ર તૌબાથી કામ બનશે નહીં.

**સવાલ નં. ૧૪** : ઝૈદે કહ્યું કે હું મારા પીર પાસે બેઠો હતો એટલામાં અઝાન થઈ. અવાજ સાંભળતાની સાથે મારા પીરે કહ્યું કે આ જૂઠ્ઠો છે. અલ્લાહને કોને જોયો છે કે આ એની તરફ બોલાવી રહ્યો છે, જૂઠ્ઠા લોકોના ચક્કરમાં ન પડો ! આવા પીરનો શું હુકમ છે ?

**જવાબ** : અઝાન સુન્નત છે, શિઆરે ઈસ્લામ છે એને છોડવામાં નહીં આવે. અઝાન આપવાની ઘણી ફઝીલતો છે.

કુર્આનમાં અલ્લાહ તઆલા ફર્માન છે :–

**અર્થાત** : "જે અલ્લાહ તરફ દા'વત આપે એનાથી સારી વાત કોની ? અને જે નેક અમલ કરે અને કહે હું મુસલમાન છું."

પીરના શબ્દોમાં અઝાનની તૌહીન છે, મુઅઝ્ઝીનની તૌહીન છે, જે વાતને કુર્આને અતિ ઉત્તમ કહી એને જૂઠ કહેવું છે, ખુદાની જાતનો ઈન્કાર કરવો છે. ખુલાસો એ કે ઘણા પ્રકારના કુફ્રોનો એમાં સમાવેશ છે, એવો વ્યક્તિ મુસલમાન નથી, એનાથી ખસવું અને સંબંધ તોડવો જરૂરી છે.

**સવાલ નં. ૧૫** : બકરે સવાલ કર્યો, મારા પીરે મને કહ્યું કે નમાઝ પઢવામાં મસ્જિદ કોની છે અને ઈમામ કોણ છે જોવાની જરૂરત નથી. ગમે ત્યાં નમાઝ પઢી શકાય છે, તો એવા પીરનો શું હુકમ છે ?

**જવાબ** : જે ફિર્કાનું કુફ્ર એમની કિતાબોથી સ્પષ્ટ થઈ ગયું અને જેના પર ઉલમાએ અહલે સુન્નતનો કુફ્રનો ફત્વો આવ્યો એવા લોકોની પાછળ જાણવા છતાં એને મુસલમાન ધારીને નમાઝ પઢવી કુફ્ર છે, અને જે ઈલ્મવાળો તબકો જેમને પોતાના મૌલ્વીની કુફ્રી વાતોની જાણ છે તો પણ એને મુસલમાન માને છે એનો પણ એ જ હુકમ છે, સાચા અકીદાના અને દીનદાર પરહેઝગાર જે ફાસિક ન હોય એવા ઈમામ પાછળ જ નમાઝ થઈ શકે છે, જો એ પીર દરેકની ખરાબી જાણવા છતાં આવી વાત કરે છે તો એ પોતે કાફિર છે, અને ખબર નથી ને બોલે છે તો ગુમરાહ બદ્દીન છે, એનાથી સંબંધ તોડવો મુસલમાન પર જરૂરી છે નહીં તો એ પોતે પણ ગુમરાહ બદ્દીન ઠરશે.

**સવાલ નં. ૧૬** : અમર કહે છે મારા પીરે મને કહ્યું, શરીઅતવાળાની વાતો પર ધ્યાન નહીં આપવું એ લોકો કુર્આન હદીષ લઈને ચાલે છે, અમે અલ્લાહથી મળી ગયા છીએ ! અમારે એ વાતોની જરૂરત રહેતી નથી. તો આવા પીરનો શું હુકમ છે ?!

**જવાબ** : કુર્આન અને હદીષનો નિચોડ જ શરીઅત છે અને એ કહે છે કે અમને શરીઅતની જરૂરત નથી, તો શરીઅતમાં ઘણી બધી





વસ્તુઓ ફર્ઝ છે અને ઘણી હરામ છે, જેની માન્યતા પર રહેવું જરૂરી છે, ખુલાસો એ કે શરીઅતના સદંતર અસ્વીકારને લઈને એ **કાફિર** થઈ ગયો, એનાથી સંબંધ તોડવો જરૂરી થઈ ગયો.

**સવાલ નં. ૧૭** : એક વ્યક્તિએ કહ્યું કે મારા પીરે મને કહ્યું, કુર્આન અને હદીષના ચક્કરમાં નહીં પડવાનું જેને જે યોગ્ય લાગે કરતું જવાનું, આપણને જે સારું લાગે એ ઈસ્લામ ! એવા પીરનો હુકમ શું છે ?

**જવાબ** : પોતાની ઈચ્છાને ઈસ્લામ કહી, કુર્આન અને હદીષના ચક્કરમાં ન પડવાની વાત કરનાર **કાફિર** છે, એણે મનેચ્છાને ધર્મ કહ્યો જ્યારે મનેચ્છા ઈસ્લામ નથી કુર્આન અને હદીષ ઈસ્લામ છે. એનાથી સંબંધ તોડવો જરૂરી છે.

**સવાલ નં. ૧૮** : ખાલિદે કહ્યું મારી એક વ્યક્તિથી મુલાકાત થઈ, એને મેં નમાઝની વાત કરી તો એણે કહ્યું, તમે નમાઝ પઢયા કરો, મારી નમાઝ તો માત્ર બિસ્મિલ્લાહ, અને આ મારા પીરની શિખામણ છે એટલે મારે નમાઝની જરૂરત નથી, તો એવા પીરનો હુકમ શું છે ?

**જવાબ** : જો વાસ્તવમાં એના પીરે એને કહ્યું કે તારી નમાઝ બિસ્મિલ્લાહ પઢી લેવું છે, અને જે નમાઝ ઈસ્લામમાં ચાલી રહી છે એની એને જરૂરત નથી તો એ **કાફિર** છે, અને મુરીદ જેણે પીરની કુફ્રની વાત માની લીધી એ પોતે પણ **કાફિર** છે એમના પર ફરીથી ઈસ્લામ સ્વીકારવો જરૂરી છે, આમ ન કરે તો એમનાથી સંબંધ તોડવો જરૂરી છે.

**સવાલ નં. ૧૯** : ઝૈદનું કહેવું છે કે ઉપરોક્ત જે પ્રમાણેના લોકોનો ઉલ્લેખ થયો એમના હાથો પર કરામતો જાહેર થાય છે, લોકોને રૂહાની ફાયદો થાય છે, પછી એ પ્રમાણેના ફત્વા એમના માટે કેમ કરી માની લેવામાં આવે ?

**જવાબ** : કરામત વલીના હાથ પર જાહેર થાય છે અને વલી ફાસિક નથી હોતો તો પછી કાફિર હોવાની ક્યાં વાત છે ?! ફાસિક, ગુનેહગાર, કાફિર વગેરેથી કોઈ ઈલ્મ, કોઈ વઝીફા અથવા કોઈના

તરફથી કંઈ મળવાથી એ પ્રમાણેના કામો જાહેર થાય છે એ **કરામત નથી** એને ઈસ્લામની પરિભાષામાં **ઈસ્તિદરાજ** કહેવામાં આવે છે. એટલે કોઈ જાહેરી ફાયદો મળવાથી સત્ય હોવું સાબિત નથી થઈ શકતું.

તફસીરે મઝહરીમાં છે : આમ લોગ કશ્ફો કરામત કો વિલાયત કી ખુસૂસી નિશાની સમજતે હંય, મગર યહ ગલત હય, બહોતસે ઔલિયા કશ્ફો કરામતસે ખાલી હોતે હંય ઔર કભી બતોર ઈસ્તિદરાજ દુસરે લોગોમેં ઔલિયા કે અલાવા ભી ખરકે આદત ઔર ઈન્શાદે ગયબી પાયા જાતા હય. *(તફસીરે મઝહરી, ભા. ૫, પેજ-૩૪૦)*

જાદૂગરો, જોગીઓ અને દરેક ધર્મના ગુરૂઓ પોતાના ધર્મના અમુક મંતરોથી ઘણા બધા કામ કરી જાય છે, સાપનું ઝેર ઉતારે, સાપ વિંછીને કંટ્રોલમાં કરે, માણસને નજરબંધી કરે, જાદુ અને શૈતાનની અસર દૂર કરે વગેરે... ઘણા કામો કરતાં હોય છે તો શું કાફિરને સાચા માની લેવામાં આવે ?! આ પ્રકારનાં કામો દીનની સચ્ચાઈની બુન્યાદ નથી એટલે એનાથી કોઈની સચ્ચાઈને ઓળખી શક્તા નથી. એટલે આવી વાતોને બુન્યાદ બનાવવામાં ન આવે. સૌથી મોટી કરામત નબીની શરીઅત પર અમલ છે અને ગુનાહોથી બચવું છે. આપણા નબીને અલ્લાહવાળાઓની ઓળખ પૂછવામાં આવી તો ફર્માવ્યું એમને જોવાથી અલ્લાહ યાદ આવી જાય.

શૈતાન અલ્લાહનો દુશ્મન છે તો પણ કેવા કમાલ લઈને ચાલી રહ્યો છે. દિલના ઈરાદાની એને જાણ થઈ જાય છે, અને સેકન્ડમાં ક્યાંથી ક્યાં પહોંચી જાય છે, અને કેવા કેવા મહાન લોકોને બનાવી જાય છે. જ્યારે શૈતાન દુશ્મન હોવા છતાં પામી શકે તો પછી એવી વાતોને બુન્યાદ ન બનાવી શકાય, હુઝૂર ગૌષ પાક رضی اللہ عنہ એ ફર્માવ્યું કે જે હકીકતને શરીઅત ગવાહી ન આપે એ રદ કરી દેવામાં આવશે. નબીએ પાક ના જમાનામાં ઈબ્ને સય્યાદનો આ પ્રમાણેની વાતોવાળો કિસ્સો હદીષોમાં છે એને પઢો તો ખબર પડશે બાતિલ પણ એવા કમાલો મેળ વી શકે છે. ખુલાસો એ કે કમાલાતને જોઈને શરીઅતના રદ કરેલાને સ્વીકારવામાં નહીં આવે. **જેને શરીઅત ખોટો સાબિત કરે એના માટે સત્ય હોવાનો તૌબા સિવાયનો કોઈ માર્ગ નથી, એટલે આ**





**વાત ભૂલવામાં ન આવે.** વર્તમાનકાળમાં ઘણા ભાઈઓ દીનની વાતોને નહીં ચમત્કારને નમન કરતા હોય છે, ઈસ્લામ ચમત્કારને નમસ્કારનું નથી કહેતો ઈસ્લામ શરીઅત સામે ઝુકવાનું કહે છે. આપણે જેને સાચો કહીએ એ સાચો નહીં પણ આપણો ઈસ્લામ જેને સાચો કહે એ સાચો, તો આ વાત કદાપિ ભૂલવામાં ન આવે, નહીં તો વર્તમાનકાળના અમુક ગુમરાહોના ચમત્કારોને જોઈને ગુમરાહ બની શકાય છે. (અલ્લાહ આપણું રક્ષણ ફર્માવે.)

**સવાલ નં. ૨૦** : જે પીર મુરીદોને નમાઝનું કહે પણ પોતે ન પઢે અને એના મુરીદોને ખબર છે તો શું હુકમ છે ?

**જવાબ** : નમાઝ ન પઢનાર **ફાસિક** છે એનો **મુરીદ બનવું જાઈઝ નથી,** બનવામાં આવ્યું હોય તો **તોડી નાખવા**માં આવે.

નબીનું ફર્માન છે :-

**અર્થાત** : "જેણે જાણી જોઈને એક નમાઝ છોડી તો કુફ્રની નજીક પહોંચી ગયો."

એટલે કે એણે મહાન ગુનોહ કર્યો. જ્યારે **જમાઅત છોડવાથી ફાસિક બને છે તો** નમાઝ કઝા કરવી તો એનાથી પણ મોટો ગુનોહ છે.

**સવાલ નં. ૨૧** : જે આંકડા રમનારને આંકડા બતાવે, અને લોકો એની પાસે એ પ્રમાણેના કામો માટે જ આવતું હોય તો એવા પીરનો હુકમ શું છે ?

**જવાબ** : એવો પીર જૂગારી લોકોની જૂગાર રમવા માટે હેલ્પ અને મદદ કરવાને લઈને **ફાસિક** છે, તૌબા ન કરે અને એ કામ બંધ ન કરે તો એની બયઅત જાઈઝ નથી, અને કરી હોય તો તોડી નાખવામાં આવે.

અલ્લાહ તઆલા ફર્માવે છે :-

**અર્થાત** : "ગુનાહ અને દુશ્મનીના કામ પર એકબીજાની હેલ્પ (મદદ) ન કરો." તો તો ગુનાહ પર મદદ હરામ છે, જેમ એ ગુનાહનું કામ હરામ છે.

અને અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

اِنَّمَا الْخَمْرُ وَالْمَيْسِرُ رِجْسٌ مِنْ عَمَلِ الشَّيْطَانِ

**અર્થાત** : "દારૂ અને જૂગાર નાપાકી છે, શૈતાનનું કામ છે."

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

يَسْئَلُوْنَكَ عَنِ الْخَمْرِ وَالْمَيْسِرِ قُلْ فِيْهِمَا اِثْمٌ كَبِيْرٌ

**અર્થાત** : "નબી તમને દારૂ અને જૂગાર વિશે પૂછે છે તો ફર્માવી દો એમાં મોટો ગુનોહ છે."

**સવાલ નં. ૨૨** : જે પીર નશાવાળી વસ્તુનો ઉપયોગ કરતો હોય નશાની હદ સુધી તો એનો શું હુકમ છે ?

**જવાબ** : એ પણ **ફાસિક** છે એની બયઅત જાઈઝ નથી અને કરેલી હોય તો તોડી નાખવામાં આવે.

હદીષમાં છે :– كُلُّ مُسْكِرٍ حَرَامٌ

**અર્થાત** : "દરેક નશાવળી વસ્તુ હરામ છે." અને હરામનો ઉપયોગ ગુનાહે કબીરા છે અને ગુનાહે કબીરા કરનાર **ફાસિક** છે.

**સવાલ નં. ૨૩** : બકર કહે છે હું તમારા લખાણ પ્રમાણે ફાસિક પીરના હાથે ચઢેલો છું, મારે એનાથી ખસી જવું છે પણ મને શરમ આવે છે તો હું શું કરું ?!

**જવાબ** : શરમ ગુનોહ કરવામાં આવે ગુનાહથી ખસવામાં નથી, તમે ફાસિકની બયઅત કરી ગુનાહનું કામ કર્યું એ શરમજનક હતું જ્યારે તમને ખબર પડી કે એ ખોટું કામ છે તો હવે ખસવામાં શરમ ન હોય. ગમે તે થાય તોડી નાખે, બહાનું બેકાર છે.

**સવાલ નં. ૨૪** : ઝૈદનું કહેવું છે હું મારા ફાસિક પીરને છોડવા માંગું છું, પણ મને ડર લાગે છે કે એ મને કશું કરાવી નાખશે ?!

**જવાબ** : અલ્લાહ તઆલાનું ફર્માન છે :– اِيَّايَ فَاتَّقُوْنِ

**અર્થાત** : "મારાથી જ ડરો !" તો ડર અલ્લાહનો રાખવો જોઈએ, ફાસિક કંઈ જ કરી શક્તો નથી. અલ્લાહ તઆલા પર ભરોસો રાખવો,





અલ્લાહ તમારી મદદ કરશે.

અલ્લાહ તઆલા ફર્માવે છે :– وَمَنْ يَّتَوَكَّلْ عَلَى اللّٰهِ فَهُوَ حَسْبُهٗ

**અર્થાત** : "અને જે અલ્લાહ પર ભરોસો રાખે અલ્લાહ એના માટે પૂરતો છે...." જેથી તમારું બહાનું ખોટું છે.

اَنْتُمُ الْاَعْلَوْنَ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ **અર્થાત** : "તમે જ આગળ પડતા રહેશો જો તમે ઈમાનવાળા છો."

અલ્લાહ તઆલા ફર્માવે છે : فَلَا تَخَافُوْهُمْ وَخَافُوْنِ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ

**અર્થાત** : "જો તમે ઈમાનવાળા છો તો એમનાથી નહીં મારાથી ડરો !"

**સવાલ નં. ૨૫** : એક ભાઈએ પૂછયું કે મારો પીર દીનમાં ગોળ ગોળ વાતો કરે છે જેને સુલેહ કુલ્લિયત કહેવામાં આવે છે, તો એનો શું હુકમ છે ?!

**જવાબ** : હક્ક અને બાતિલને એક સમાન કહેવું મહાન ગુમરાહી છે. હક્ક, હક્ક જ છે અને બાતિલ બાતિલ જ છે. બંને બરાબર અને એક સમાન કેમ કરી થાય ?!

અલ્લાહ તઆલાનું ફર્માન છે :– وَلَا تَسْتَوِى الْحَسَنَةُ السَّيِّئَةُ

**અર્થાત** : "ભલાઈને બુરાઈ સાથે એક સમાન નથી."

ખુલાસો એ કે પીર અહલે સુન્નતની માન્યતા પર હોવો જોઈએ. અને અહીં એ શર્તનો ભંગ છે એટલે એને પીર બનાવવામાં ન આવે, અને બનાવી લીધો હોય તો જલ્દીથી એ બયઅત તોડી નાખવામાં આવે.

**સવાલ નં. ૨૬** : એક વ્યક્તિએ કહ્યું કે હું પીર રાખું છું જેની પાસે તદ્દન ઈલ્મ નથી, માત્ર ખિલાફત છે, અને એના થકી એ આ કામ કરે છે, હું જોવું છું કે એ શરઈ મસાઈલના પ્રકાશમાં નમાઝ પણ પઢતો નથી.

**જવાબ** : પીરે એટલું ઈલ્મ રાખવું પણ જરૂરી છે જેનાથી એ પોતાના અમલ દુરુસ્ત કરી શકે, અને જરૂરતના મસાઈલ કિતાબથી લઈ શકે, જો આમ ન હોય તો આ શર્તના ભંગને લઈને એને પીર

બનાવવામાં ન આવે, જે પોતાને ન સુધારી શકે બીજાને શું સુધારી શકવાનો છે ?!

**સવાલ નં. ૨૭** : બકર કહે છે કે એનો પીર સૈયદ છે અને એને કોઈની ખિલાફત પ્રાપ્ત નથી અને એ લોકોને મુરીદ બનાવે છે, અને હું પોતે પણ મુરીદ છું તો શું એની બયઅત જાઈઝ છે ?!

**જવાબ** : ખિલાફતે મુત્તસિલા વગર પીર બનવું અને મુરીદીની જાળ પાંથરવી જાઈઝ નથી, એના હાથ પર બયઅત ખોટી છે, ખિલાફતે મુત્તસિલા આની શરતોમાંથી છે અને શર્ત છૂટવાથી મશરતુન બાકી રહેશે નહીં. સૈયદ હોવું વંશથી મળે છે, અને અહીં ખિલાફત મળવું છે. પાબંદે શરઅ જેને જાઈઝ ખિલાફત મળી હોય અને સૈયદ ન હોય તો એ મુરીદ બનાવી શકે છે પણ સૈયદ વિના ખિલાફત મુરીદ નથી બનાવી શક્તો.

શેખ અઝીં આલમ નકલ કર્દ વ કસેરા ખલીફા ન ગિરફત કોમો કબીલા વારિષ યા મુરીદેરા ખિલાફતે વે તજવીઝ નુમાયંદ ઈ ખિલાફત નઝદીકે મશાઈખ રવા નીસ્ત વ ઈ નૌએ ખિલાફતરા ખિલાફતે ઈફતિરાઈ ગોયંદ. *(ફસ્સુલ કલિમાતના પુરાવાથી ફતાવા રઝવિય્યા, ભાગ–૧૨, પેજ–૨૦૧)*

શૈખ આ જગતથી ગયા અને કોઈને ખિલાફત ન આપી, કૌમ અને કુટુંબીજનોએ વારસદારને નહીં તો કોઈ મુરીદને એની ખિલાફત માટે નિયુક્ત કરી લીધો તો આ ખિલાફત મશાઈખને ત્યાં યોગ્ય નથી આ ખિલાફતને આક્ષેપવાળી ખિલાફત કહે છે.

**સવાલ નં. ૨૮** : અમરનું કહેવું છે કે હું પાબંદે શરઅ પીર જે સઘળી શર્તોના આધારે યોગ્ય હોય શોધું છું પણ એવો કોઈ જોવા મળતો નથી તો હવે હું શું કરું ? શું મુરીદ બનવું જરૂરી છે ? મુરીદ બનવામાં ન આવે તો ગુનોહ થાય ખરો ?

**જવાબ** : એવું નથી કે શર્તોના પાબંદ પીર ન મળે, શોધવામાં આવે તો મળી શકે છે, જો ન મળે અથવા તમારું દિલ કોઈને એ કામ માટે કબૂલ ન કરે તો એનો ઈલાજ આ'લા હઝરતે ફતાવા રઝવિય્યા, ભા. ૧૨, પેજ–૨૦૨ પર બતાવ્યો :–

**સવાલ છે** : જિસ હાલતમેં કે પીરે કામિલ મયસ્સર ન હો તો





તાલિબે ખુદાકો ક્યા કરના ચાહીએ ?!

**અલ્ જવાબ** : દુરૂદ શરીફકી કષરત કરે યહાં તક કે દુરૂદ કે રંગમેં રંગ જાએ. વલ્લાહુ તઆલા અઅ્લમ. દુરૂદ શરીફની પાબંદી કરો એ જ તમારો પીર બની જશે.

મુરીદ બનવું જરૂરી નથી, મુરીદ બનવામાં ન આવે તો કોઈ ગુનોહ થશે નહીં. આ'લા હઝરત رضی اللہ عنہ એ ફર્માવ્યું :–

''મુરીદ હોના સુન્નત હય.'' *(ફતાવા રઝવિય્યા, ભાગ–૧૨, પેજ–૧૯૯)* એટલે કે વાજિબ અને ફર્ઝ નથી જેને આપણે જરૂરી કહીએ છીએ.

**સવાલ નં. ૨૯** : બકર કહે છે આપણે મુરીદ ન બનીએ તો આપણો કોઈ અમલ કબૂલ ન થાય તો એ વાત કેવી છે ?!

**જવાબ** : ખોટી છે, જ્યારે મુરીદ બનવું જરૂરી નથી, તો પછી ન બનવાથી બીજા અમલોમાં ફરક આવશે નહીં. જે અમલનો જે શરઈ તરીકો છે એ પ્રમાણે કરવામાં આવે. હાં ! મસ્અલો એ છે કે આપણે અલ્લાહ અને રસૂલના કરેલા વાજિબ અને ફર્ઝોને ન કરીએ તો આપણા બીજા નેક અમલો કબૂલ થતા નથી, તો ફર્ઝો અને વાજિબો પર ખાસ ધ્યાન આપવામાં આવે, ખાસ કરીને નમાઝ કઝા કરવાથી બચવામાં આવે.

**સવાલ નં. ૩૦** : ખાલિદ કહે છે કે પીરની શક્કલમાં ખુદા આવીને મુરીદોથી મુલાકાત કરે છે તો એ વાત કેવી ?!

**જવાબ** : તદ્દન ખોટી જહાલત, ગુસ્તાખી અને અજ્ઞાનતાથી ભરેલી છે, તૌબા કરવી જોઈએ. અને ફરીથી આ પ્રમાણે ન બોલવું જોઈએ. અલ્લાહ તઆલા શક્કલ અને એના સંબંધિત વસ્તુઓથી પાક છે. *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૧૨, પેજ–૧૫૨ પર આ પ્રમાણેનો મસ્અલો છે.)*

**સવાલ નં. ૩૧** : ખાલિદ કહે છે કે જેનો કોઈ પીર ન હોય એનો પીર શૈતાન છે તો શું આ કોઈ હદીષ છે, અને આ વાત સાચી છે ?

**જવાબ** : આ હદીષ નથી, અમુક બુઝુર્ગોની વાત છે, આ'લા

હઝરતે ફતાવા રઝવિય્યા, ભાગ–૧૨, પેજ–૨૯૭માં આ વાતને હઝરત બાયઝીદ બુસ્તામી તરફ સંબંધિત કરી છે. આ વાતની વાસ્તવિક્તા અલ્લાહ જાણે, પણ મારા નજીક જે બેનમાઝી, અને ખુલ્લો ફાસિક છે એ પોતે જ શૈતાન છે. એણે પ્રથમ પોતાના ગુનાહોથી તૌબા કરવી જોઈએ, ઉપરોક્ત વાતનો મતલબ એ થઈ શકે છે કે જે માણસ કોઈની ખિલાફત વગર મુરીદ બનાવવાનું શરૂ કરે તો એ મુરીદી જાઈઝ નથી, કારણ કે એ પોતાના શૈખની રજા વિના આ કામ કરી રહ્યો છે, તો આ કામ શૈતાનીનું કામ છે, એથી વધીને આનો કોઈ મતલબ નથી, જ્યારે બયઅતનું કામ શરઈ જરૂરતમાં નથી, તો એને છોડવું ગુનોહ ન થયો, એ જે કામ ગુનાહનું ન હોય એમાં શૈતાનના દખલની વાત અયોગ્ય છે. જે વાત ઈસ્લામનો ફાયદો જરૂરી ન કરે એને કોઈ પોતાના તરફથી બીજાના માટે જરૂરી નથી કરી શક્તો.

**સવાલ નં. ૩૨** : ઝૈદ કહે છે કે પીર પિતાથી વધીને હોય છે જ્યારે સ્ત્રી માટે પોતાના પિતાથી પર્દો નથી તો પીર તો પિતાથી વધીને છે એનાથી પર્દો જરૂરી નથી ! એટલે ઔરતો પીરથી એકાંતમાં મળી શકે છે, અને રૂબરૂ બેસીને વાતો પણ કરી શકે છે, તો શું આ વાત સાચી છે ?

**જવાબ** : આ વાત તદ્દન ખોટી અને જહાલતની પોટલી છે ! પીર શર્તોની પાબંદીમાં હોય તો એનો દરજો પિતાથી વધી શકે છે પણ એ પિતા નથી બની જતો એટલે ગેરમહરમમાં ઈસ્લામનો હુકમ લાગુ રહેશે, હાથ પકડીને મુરીદ બનાવી શક્શે નહીં, પર્દો જરૂરી રહેશે. જો પીર જાણી જોઈને આ વાતોની વિરોધ જતો હોય તો એ **ફાસિક** છે **એનો મુરીદ બનવું જાઈઝ નથી. બયઅત કરી હોય તો તોડી નાખવામાં આવે.**

સિરાજુલ અવારિફમાં શાહ અબુલ હુસૈન અહમદ નૂરી બરકાતી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"અજનબી ઔરત બયઅત કે બાદ અપને મહારિમમેં નહીં હો જાતી, ઔર ઉસકે સાથ તનહાઈમેં રહના વૈસા હી હરામ હય જૈસા ઔર અજનબી ઔરતોંસે, પીર ઉસકા ચહેરા દેખે ઉસકે વહી અહકામ





હંય જો દુસરી બેગાની ઔરતોં કે, ઈસ લિએ એક દુસરેકા ચહેરા ભી ન દેખેં." *(સિરાજુલ અવારિફ, પેજ–૧૭૨)*

સ્પષ્ટ થયું કે **પીર અને મુરીદાની વચમાં પણ પર્દો હોવો જરૂરી છે. એકાંતમાં મળવું જાઈઝ નથી,** બલ્કે એકબીજાને એકબીજાના ચહેરા તરફ નજરની પણ રજા નથી, એટલે આ વાતમાં ધોકો ખાવામાં ન આવે.

કુર્આનમાં અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

**અર્થાત** : "ફર્માવી આપો ઈમાનવાળાઓને કે પોતાની નિગાહો નીચે રાખો અને સ્ત્રીઓને પણ કહેવામાં આવ્યું."

**અર્થાત** : "ફર્માવી આપો ઈમાનવાળી સ્ત્રીઓને કે પોતાની નિગાહો નીચી રાખે."

સ્ત્રીઓને પર્દાની તાકીદ કરતાં ફર્માવવામાં આવ્યું :–

**અર્થાત** : "અય નબી ! ફર્માવો તમારી પત્નીઓને, તમારી પુત્રીઓને અને ઈમાનવાળી ઔરતોને કે તેણીઓ પોતાની ચાદરોનો એક ભાગ પોતાના મોઢા પર રાખે."

**સવાલ નં. ૩૩** : બકરનું કહેવું છે કે એને એના એક મિત્રએ કહ્યું કે એના પીરે એની પત્નીને જેણે નિકાબ કર્યો હતો અને પર્દામાં રહી વાત કરી રહી હતી કહ્યું કે પર્દો ખોલીને વાત કરો ! હું તમારો પીર છું, મારાથી પર્દાની જરૂરત નથી ! તો એનો શું હુકમ છે ?

**જવાબ** : જે વસ્તુની જરૂરતનો હુકમ ઈસ્લામ તરફથી આપવામાં આવ્યો હોય એને કોઈ પોતાના તરફથી ગેર જરૂરી નથી કરી શક્તું, મુરીદાને ચહેરો ખોલવાનું કહેવું તદ્દન ખોટું છે, જો એ પીર દરેક સાથે આમ કરતો હોય તો એ અવામને સુધારવાની જગાએ બગાડી રહ્યો છે,

એને ઔરતો પાસે આવવા દેવામાં ન આવે, અને એવાની બયઅતમાં ન રહે, અને જે કરી ગયા હોય તો એમને બયઅત તોડી નાખવાની રજા છે.

અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

"મુનાફિક સ્ત્રી અને પુરૂષો એકબીજામાંથી છે, ખરાબ વાતનો હુકમ કરે છે અને સારા કામથી રોકે છે." જરૂરી અહકામથી રોકનાર મુનાફિક સિફત હોય છે, એનાથી બચવામાં આવે.

**સવાલ નં. ૩૪** : ખાલિદ કહે છે કે અમારા ત્યાં પીર સાહેબ આવે છે તો સ્ત્રીઓની એમની પાસે અલગ સભા થાય છે, અને એ ઔરતોને પર્દો નથી હોતો બલ્કે વર્તમાનકાળની ફેશનના કપડાં પહેરેલા હોય છે ! અને વક્તે જરૂરત તેણીઓ પીરની ખિદમત અને સેવા પણ કરે છે, એમના માટે શું હુકમ છે ?!

**જવાબ** : એવા પુરૂષો "દય્યૂષ" છે જેઓ નામહરમ પીર પાસે પોતાની સ્ત્રીઓને વિના પર્દે મોકલે છે, અને એ **પીર પાકો ફાસિક** અને **બદ્‌માશ** છે જે **ગેરમહરમ સ્ત્રીઓથી સેવા લે** છે, એવા લોકોને પીર માનવામાં ન આવે, બની શકે એટલા જલ્દી એમનાથી છૂટવાની કોશિશ કરવામાં આવે. જ્યારે એકબીજાને જોવાની રજા નથી તો પછી સેવા લેવાનો પ્રશ્ન ક્યાં ઉપસ્થિત થાય છે ?!

આ'લા હઝરત ફર્માવે છે :–

પર્દા કે બાબમેં (વિષયમાં) પીર વ ગૈરેપીર હર અજનબીકા હુકમ યકસાં હય, જવાન ઔરતકો ચહેરા ખોલ કર ભી સામને આના મના હય. *(ફતાવા રઝવિય્યા, ભાગ–૯, પેજ–૧૦૨)*

સ્ત્રીને ચહેરો, કાંડા સુધી હાથ, ઘુટી સુધી પગ છોડીને બદનના બીજા ભાગો ઢાંકેલા રાખવા ફર્ઝ છે. અને જવાન ઔરતોએ ચહેરો ઢાંકવો વાજિબ છે. ગેરમહેરમની બદની ખિદમત કરવી અને ગેરમહરમે ગેરમહેરમ સ્ત્રી પાસેથી બદની ખિદમતમાં મદદ લેવી નિઃશંક ! હરામ છે. આમ કરનાર કરાવનાર બંને સખત ગુનેહગાર છે.





આ વિશે હુઝૂર પીરાને પીર મહ્યુદ્દીન અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہ ના બયાનથી પણ ફાયદો ઉઠાવી લો ! :–

સાહબઝાદા ! ઉસકી સોહબત ઈખ્તિયાર કર જો તેરે નફસકી જિહાદ પર તેરી ઈઆનત (મદદ) કરે ન કે ઉસકી જો તેરે મુકાબલામેં નફસકી ઈઆનત કરેગા તો વોહ તેરે મુકાબલા પર નફસકા મદદગાર બનેગા. *(ખુતબાતે ગૌષિયા, ૪૯વીં મજલિસ, પેજ–૩૯૧)*

એટલે કે જે તમારી નેક કામમાં મદદ કરે એવાની સંગતમાં રહેવું જોઈએ જેથી કરીને આપણને નેક કામોની તૌફીક મળે, બુરાઈઓમાં સાથ દેવાવાળાનો સાથ કદાપિ ન લેવો જોઈએ.

**સવાલ નં. ૩૫** : ઝૈદ કહે છે, લોકોએ મને કહ્યું કે પીર સાહબની દરેક જ વાત માનવામાં આવે અને એમની એક વાતને પણ રદ કરવામાં ન આવે, તો શું આમ જ કરવું જોઈએ ?

**જવાબ** : "અલ્લાહની નાફર્માનીમાં કોઈનું અનુસરણ નથી." પણ જાઈઝ અને મુબાહમાં અનુસરણ કરવું જોઈએ, એટલે આ વાત ભૂલવામાં ન આવે, ગુનાહના કામમાં ઈન્કાર કરવામાં આવશે, ગુનાહનું કામ હરામનું હોય અને એનો પીર હુકમ આપતો હોય તો એ પીર પાકો ફાસિક છે એને છોડી દેવામાં આવશે.

અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

**અર્થાત** : "જે મારા તરફ કેન્દ્રિત થયો એની પછવાડે ચાલ."

**અર્થાત** : "સાચા લોકોનો સંગ લો !"

**અર્થાત** : "યાદ આવવા પર ઝાલિમો સાથે ન બેસ !"

**સવાલ નં. ૩૬** : બકરનો સવાલ છે કે મારો પીર ફિલ્મો જુએ છે, અને કહે છે કે અમારી નિય્યત ખરાબ નથી એટલે અમારા માટે

વાંધો નથી ! તો એનો શું હુકમ છે ?

**જવાબ** : ગુનાહનું કામ કરવું અને કહેવું કે મારી નિય્યત ખરાબ નથી સફેદ જૂઠ છે ! એ નિઃશંક ! **ફાસિક** છે, એની બયઅત તોડી નાખવામાં આવશે, જો આમ નિય્યતો પર ફેંસલા થાય તો દરેક જ એમાં વ્યસ્ત રહે અને નિય્યતનો સહારો લેતો જાય.

**સવાલ નં. ૩૭** : એક પીર સાહબ કહે છે કે તેઓ દિલના સાફ છે એમના દિલમાં ગેરમહરમ સ્ત્રીઓને જોઈને કોઈ ખરાબી આવતી નથી ! એટલે તેમણે કહ્યું, ઔરતોને જે હાલતમાં આવવું હોય આવે, અમારા તરફથી એમને રજા છે. તો શું આ વાત માની લવામાં આવે ?

**જવાબ** : દિલની અંદર શું છે અલ્લાહ જાણે, દિલ પર ફેંસલો કરવો એવા કામમાં જેને ઈસ્લામે હરામ કર્યું જહાલત છે, એવો પીર શરીઅત વિરુધ્ધની વાતનો શોખ આપે તે ફાસિક ફાજિર છે એની બયઅત તોડી નાખવામાં આવે.

આ'લા હઝરત ફર્માવે છે :–

''જિન આ'ઝાકા છુપાના ફર્ઝ હય ઉનમેંસે કુચ્છ ખુલા હો જૈસે સરકે બાલોંકા કુચ્છ હિસ્સા યા ગલે, યા કલાઈ, યા પેટ, યા પિંડલી કા કોઈ જુઝ તો ઈસ તૌર પર તો ઔરત કો ગેરમહરમ કે સામને જાના મુતલકન હરામ હય ખ્વાહ વોહ પીર હો, યા આલિમ, યા આમિલ, જવાન હો, યા બુળહા. *(ફતાવા રઝવિય્યા, ભાગ–૨૨ ન્યુ એડીશન, પેજ–૨૪૦)*

**સવાલ નં. ૩૮** : ઝૈદે પૂછયું કે પીર સાહબ બેપર્દા ઔરતોની સભામાં બેસે છે, એમને એવું ધ્યાન આપે છે કે તેણીઓ બેહોશ થઈ જાય છે, કૂદાકૂદ કરે છે, અલ્લાહ ! અલ્લાહ ! ના અવાજો દૂર દૂર સુધી સંભળાય છે, એવાથી બયઅત જાઈઝ છે ?

**જવાબ** : આ'લા હઝરત ફર્માવે છે : **પીરસે પર્દા વાજિબ હય જબ કે મહરમ ન હો.** યહ સૂરત મહઝ ખિલાફે શરઅ વ ખિલાફે હયા હય **ઐસે પીરસે બયઅત ન ચાહીએ.** *(ભા. ૨૨, પેજ–૨૫૦)*





પર્દા કે બાબમેં પીર વ ગૈરેપીર હર અજનબીકા હુકમ યકસાં હય, જવાન ઔરતકો ચહેરા ખોલ કર ભી સામને આના મના હય.

દુર્રે મુખ્તારમાં છે :–

**અર્થાત** : ''જવાન ઔરત કો અંદેશએ ફિત્નાકી વજહસે મર્દોંકે સામને ચહેરા કશાઈસે રોકા જાએ.'' *(ભા. ૨૨, પેજ–૨૦૫)*

**સવાલ નં. ૩૯** : સ્ત્રી પોતાના પીરના હાથ ચૂમી શકે છે ?

**જવાબ** : જાઈઝ નથી, ગેરમહરમ સાથે આ કામ કરવામાં ન આવે.

આ'લા હઝરત ફર્માવે છે :–

હાથ દિખાના ગૈર મર્દકો હરામ હય, ઉસકે હાથમેં હાથ દેના હરામ હય, જો મર્દ અપની ઔરતોં કે સાથ ઈસે રવા રખતે હંય ''દય્યૂષ'' હય. *(ભા. ૨૨, પેજ–૨૪૭)*

કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૮, પેજ–૨૬૩ પર હદીષની રિવાયતો છે :–

નામહરમ ઔરતોને સલામ કરવી અને ઔરતોનું નામહરમ પુરૂષોને સલામ કરવું જાઈઝ નથી.

બુખારી અને મુસ્લિમમાં છે :–

હાથનો વ્યભિચાર નામહરમને પકડવું છે.

તબ્રાનીમાં છે :–

કીચડમાં પડેલા ભૂંડ સાથે શરીર લાગવું એનાથી ઉત્તમ છે કે એનો ખભો નામહરમ સ્ત્રીઓ સાથે સ્પર્શે.

## ★ આ'લા હઝરતે સલામ પણ ન કરી એક બનાવ ★

મુહદ્દિષે સૂરતી رحمۃ اللہ علیہ ના નવાસા કારી અહમદ સાહબ બયાન કરે છે કે એમના નાના સાથે આ'લા હઝરત ઈમામે અહમદ રઝા

પીલીભીતના પ્રખ્યાત બુઝુર્ગ શાહજી મુહમ્મદ શેરમિયાંની મુલાકાતે પહોંચ્યા. એ સમયે પીર સાહબ બેપર્દા ઔરતોને બયઅત કરાવી રહ્યા હતા, તો મુલાકાત વગર પરત આવ્યા. *(હયાતે આ'લા હઝરત, પેજ–૧૮૦)*

આનાથી સમજી શકાય છે કે સ્ત્રીઓ માટે ગેરમહરમથી પર્દો કેટલો જરૂરી છે કે જેમણે આમ ન કર્યું આ'લા હઝરતે એને સલામ પણ ન કરી, અને આ'લા હઝરત જેમની મુલાકાતે જાય તેવા પીર સાહબ કેટલા પ્રખ્યાત અને પહોંચેલા હશે પણ આપે આ ખરાબીને લઈને મુલાકાત ન કરી જ્યારે આપનો સફર એના માટે જ થયો હતો, આપ કામ છોડીને આ મકસદે જ ગયા હતા.

**સવાલ નં. ૪૦ :** જે પીરના વધુ પડતા મુરીદો આઝાદ, અય્યાશ, નશાવાળા, મૂંછો લાંબી લાંબી અને દાઢીનું નિશાન તક નથી, નમાઝ, રોઝા, ગુસલ, તહારતના વિષયમાં તદ્દન સુસ્ત, નાચવું ગાવું અને સિમા વગેરેમાં ચુસ્ત ! પીર સાહબ કોઈને કંઈ ન કહે સર્વને ખુશ રાખે અને બધાંથી ખુશ રહે, તો એવો પીર ફર્ઝ છોડનાર અને નાફર્માન છે કે નથી ? અને એ પીર કે પ્રકારનો પીર કહેવામાં આવશે હિદાયતનો અથવા ગુમરાહીનો ?!

**જવાબ :** આ'લા હઝરતે આનો જવાબ આપ્યો :–

પીરી મુરીદી જો દિલથી છે તો ત્યાં એવી સૂરત પેદા થવી જેમાં અમ્રો નહી નુકસાનનો ઝરીયો બને જાહેર એ છે કે નથી બની શક્તું, એવા આગેવાનો અને પેશ્વાઓ પર આ અહમ ફર્ઝને જરૂરત પ્રમાણે કરવું જરૂરી છે, અને એમાં જ ચાહકોનો હક્ક અદા કરવો છે, જે શક્તિ હોવા છતાં અને નુકસાન ન થાય એવી સ્થિતિ હોય, તો પણ એમના કાળા અને સફેદથી કોઈ મતલબ ન રાખે, બલ્કે દરેક હાલમાં ખુશ રહેવાનું વિચાર્યું, એ રીતે કે પોતે શરઈ અહકામ પર અમલ ન કરે જેમ કે આજકાલના ઘણા બધા સૂફી અથવા કોઈ દુનિયાના ફાયદાને લઈને શરીઅતની પાબંદીનું ન કહેતા હોય, જેમ કે અમ્રો નહી કરવામાં પોતાના કુર્મા, પલાવ અથવા આવ ભગતનો ડર હોય તો આ જરૂર ગુમરાહીનો પીર છે હિદાયતનો પીર નહીં. *(ફતાવા રઝવિય્યા, ભા. ૯ જૂની એડીશન, પેજ–૨૧૬)*





જાણવા મળ્યું પીરોએ પોતાના મુરીદોથી કમાણીનો નહીં એમને દીનદાર બનાવવાનો મકસદ રાખવો જોઈએ. એમના અમલો પર કંઈ જ બોલવામાં ન આવે તો એ વાસ્તવમાં પીર નથી. પીરો પૈસા લે ! અને મૌલ્વી સુધારે ! (ખુદાની પનાહ !)

પીરને અરબીમાં શૈખ અને મુર્શિદ કહેવામાં આવે છે, **મુર્શિદ** એનો અર્થ **માર્ગદર્શક** થાય છે, જો પીર લોકો લોકોને જથ્થાબંધ પોતાની બયઅતમાં દાખલ કરે અને એમને સુધારવાની કોઈ કોશિશ જ ન કરે, જેવું ચાલતું હોય એવું ચાલવા દે, અથવા એમની ખોટી રસમોમાં આમંત્રણ સ્વીકારી હાજરી આપે અને એમના ખરાબ અમલ પર થોડી પણ ચર્ચા ન કરે તો પછી પીર બનવાનો મતલબ શું ?! એ જ કે પોતાના ચાહકોમાં વધારો અને એ પ્રમાણે હદિયા લેવામાં વધારો ! આ'લા હઝરતે આ પ્રમાણેના પીરોને **પીરે હિદાયત નહીં પીરે ગવાયત** ફર્માવ્યા ! કે તેઓ બગડેલાને સુધારતા નથી બલ્કે સુધરેલા લોકોને બગાડે છે. આવા પીરોની મુરીદીમાં આવવાથી રૂહાની કોઈ ફાયદો નથી, નજરાના જવાનું નુકસાન છે.

**સવાલ નં. ૪૧ :** અમરનું કહેવું છે કે પીરોને આ પ્રમાણે માપવામાં આવે તો વર્તમાનકાળમાં પીરોને શોધવું મુશ્કેલ થઈ જાય, આટલી બધી પાબંદીવાળા અલ્લાહવાળા લોકોમાં મળવા સરળ નથી, તો શું કરવું ?

**જવાબ :** આ'લા હઝરતના પુરાવાથી અમે તમને એનો ઈલાજ બતાવ્યો કે શર્તોની પાબંદીમાં પીર ન મળતો હોય તો ચિંતા કરવાની જરૂરત નથી, નબીએ પાક પર વધારે દુરૂદ પઢવામાં આવે, તમને એ ફાયદો મળી જશે.

તમારા સવાલનો મતલબ હોય કે આ પ્રમાણે સખ્તીઓ કરવામાં ન આવે, તો આ અમારી બનાવેલી સખ્તીઓ નથી કે અમે એમના માટે માર્ગ શોધી લાવીએ, કાયદો ઈસ્લામનો છે અને એના પર ઉલમા અને મશાઈખની એકમતિ છે, અને એકમતિથી પીરના સત્ય હોવાનું જાણવાની શરતો નિયુક્ત કરવામાં આવી છે, કોઈને પીર બનવાનો અને

લોકોને શુભેચ્છક બનાવીને માર્ગ બનાવવાનો વધારે શોખ હોય તો એ શોખ માત્ર નામમાં ન હોવો જોઈએ, પોતાની શરતો પ્રમાણે બનવાની કોશિશ કરવી જોઈએ.

અમે તમને હઝરત સૈયદ અબ્દુલ વાહિદ બલગરામી رحمۃ اللہ علیہ નું મંતવ્ય વર્તમાનકાળના પીરો વિશે બતાવીએ છીએ, જે સત્યતા અને ન્યાયથી ભરેલું છે, જો આ પ્રમાણે પહેલાંથી આજ સુધી અહલે સુન્નતમાં ચર્ચા થતી રહી હોતે તો જે ખરાબીઓ બનાવટી પીરોના નામથી ઉમ્મતે મુસ્લિમામાં ચાલે છે જોવા ન મળતી, પણ ન્યાયવાળા લોકો ઓછા છે, પોકેટમાર લોકોની જ સંખ્યા વધારે છે. (અલ્લાહની પનાહ !)

અલગર્ઝ પીરી ઔર મુરીદી કે હોકૂક ઔર શરાઈત આજકલ બહોત ખરાબ ઔર પરાગંદા હાલતમેં હંય, ન પીરોંકો પીરી કે હકાઈક ઔર આષારકી કુચ્છ ખબર હય ઔર ન મુરીદોંમેં મુરીદી કે આદાબ ઔર લતીફ બાતોંકા કુચ્છ અસર હય, આજકલ કોઈ શખ્સ મુરીદ હી કે લાઈક નહીં, પીરી કે કાબિલ કહાંસે મિલે ! અગર પીરી ઔર મુરીદીકા થોડાસા હાલ ભી મુફસ્સલ લિખ્ખું તો તમામ દુન્યા જો પીરોં ઔર મુરીદોંસે ભરી હુઈ હય, યહ સમજ બેઠે કે હમ સબ ખતા પર ગલતી ઔર બાતિલ પર હંય, હાલાં કે ઐસા નહીં હય, બાત યહ હય કે સફાઈએ કલ્બ બાકી નહીં રહી તલછટ રહ ગઈ હય, તો જિસકો ઈસા علیہ السلام મયસ્સર ન હો અગર જડી બુટ્ટીયાં ઈસ્તિમાલ ન કરે તો ફિર ક્યા કરે ઔર જિસે સૂરજ કી રોશની ન પહોંચે ઉસે ચિરાગ જલાના જરૂરી હય, હાય અફસોસ ! વોહ પીરી મુરીદી કહાં ગાયબ હો ગઈ !

**હવાલો** : સબએ સનાબિલ, પેજ–૧૦૯

**સવાલ નં. ૪૨** : પીર અમલમાં કેવો હોવો જોઈએ એને કોઈ શૈખના લખાણથી સાબિત કરી બતાવો, એટલા માટે કે અમુક લોકો શૈખ લોકોની જ વાતો માને છે ?!

**જવાબ** : અલમાં પીર કેવો હોવો જોઈએ એને તમારા કહેવાથી અમે **સબએ સનાબિલ**થી સાબિત કરીએ છીએ જે બરકાતી સિલસિલાના





મોટા બુઝુર્ગ છે, અને એમની આ કિતાબને તસવ્વુફની કિતાબ માનવામાં આવે છે.

પીરીકી દુસરી શર્ત યહ હય કે પીર આલિમો આમિલ હો, જુમ્લા ઈબાદત કા, ફરાઈઝ ઔર વાજિબાત ઔર સુન્નતોં ઔર નફલોં ઔર મુસ્તહબ્બાત કા, ઔર ઈન અહકામકી પાબંદીમેં કોતાહ ઔર સુસ્ત ન હો, હર વુઝૂ કે લિએ મિસ્વાક કરે, દાઢીમેં કંગા કરે કે યહ દોનોં સુન્નતેં હંય, પાંચો નમાઝેં, અઝાન, ઈકામત ઔર જમાઅત કે સાથ અદા કરે, તાદીલે અરકાનકા ખયાલ રખ્ખે, ઔર ઈસી કિસ્મકી દુસરી બાતેં નિગાહમેં રખ્ખે ઔર અગર વોહ ઈન ઈબાદતોં કા આલિમ ન હોગા, તો ઉન પર અમલ ન કર સકેગા તો હદ્દે શરઅસે ગિર જાએગા, લેહાઝા પીર નહીં બન સક્તા, ઈસ લિએ કે જો શખ્સ હકીકતકે મુકામસે ગિર જાતા હય વોહ તરીકત પર આકર રૂક જાતા હય, ઔર જો તરીકતસે ગિર જાતા હય, શરીઅત પર ઠહેર જાતા હય ઔર જો શરીઅતસે ગિરા ગુમરાહ હુવા, ઔર ગુમરાહ શખ્સ પીર બનને કે લાઈક નહીં.

**સવાલ નં. ૪૩** : પીર માટે શરીઅતમાં જે શરતો બતાવવામાં આવી હતી એ તો જાણી લીધી પણ પીર બનાવવાનો વધારે ભાર તરીકતમાં આપવામાં આવે છે, અને તરીકતમાં માણસ ગેર જરૂરી પર પણ અમલ કરતો હોય છે, તો શું તરીકતમાં પણ ચાર જ શરતો છે એનાથી અધિક ?!

**જવાબ** : તરીકતમાં પીરના સત્ય હોવા પર શરીઅતની લગાડેલી શરતોથી બીજી ઘણી વધારે શરતો હોય છે, જેને અમે મશાઈખના આગેવાન હઝરત અબ્દુલ વાહિદ બલગરામી رحمۃ اللہ علیہ ની કિતાબ **સબએ સનાબિલ**ના તરીકાથી લખીએ છીએ.

ફર્માવે છે :–

તરીકતમેં પીરી કી શરતેં બહોત ઝિયદા હંય ઉનમેંસે બા'ઝ હમ લિખતેં હંય :–

**(૧) પહેલી શર્ત** : અકલે હલાલ હય, પીર કો અકલે હલાલમેં ઈહતિયાતે કુલ્લી બરતના ચાહીએ, હરગિઝ હરગિઝ કોઈ ઐસા લુકમા

જો ગૈર હલાલ તરીકાસે હાસિલ કિયા ગયા હો, યા મુશતબા હો ઉસકે પાસ ન ભટકે. **(૨) દુસરી શર્ત** : સિદકે મકાલ સચ્ચા બોલ હય, પીર કો ચાહીએ કે હરગિઝ જૂઠ, ગીબત ઔર ફોહુશ ઝબાન પર ન લાએ. **(૩) તીસરી શર્ત** : દુનિયાકી હિર્સ (લાલચ) ઉસકી લઝઝતેં ઉસકી ખ્વાહિશ તર્ક (છોડી) કર દેના, ઔર મખ્લૂક કે ઉસકી જાનિબ રુજૂઅ ઔર કુબૂલિય્યત પર કોઈ તવજ્જો ન દેના. **(૪) ચોથી શર્ત** : માલકા જમા ન કરના, અગર ઉસે કસરતસે તોહફે ઔર નજરાનેં મયસ્સર હોં તો ચાહીએ કે રાહે ખુદામેં સર્ફ કર દે. **(૫) પાંચમી શર્ત** : અચ્છી ખસલતેં ઔર મખ્લૂકકી ખયરખ્વાહી હય. **(૬) છઠ્ઠી શર્ત** : યહ હય કે અપને આપકો ઈઝ્ઝતકી નઝરસે કભી ન દેખે. **(૭) સાતમીં શર્ત** : યહ હય કે મુરીદ બનાને પર હરીસ ન હો. **(૮) આઠમીં શર્ત** : મખ્લૂક કી ઝિયાદતીયોં કો બરદાશ્ત કરના, ઔર લોગોંસે જો તકલીફ પહોંચે ઉસ પર સાબિર રહના. **(૯)** ગુનાહોં ઔર નાફર્માનીયોં કો યકસર છોડ દેના. **(૧૦)** કશ્ફો કરામતોં કા મતવાલા ન હોના, બલ્કે ઈસ્તિકામત કા શૈદાઈ હોં, ઈસ લિએ કે ખિલાફે આદત ઉમૂર ઔર કશ્ફ તો બેદીનોંસે ભી જાહિર હો જાતા હય, ઈસી વજહસે કહા જાતા હય કે **اَلْاِسْتِقَامَةُ فَوْقَ الْكَرَامَةِ** હક્ક પર કાયમ રહેવું દરેક કરામતથી વધીને છે. *(સબએ સનાબિલ, પેજ–૧૧૮)*

શરીઅતે જે પીરની શર્તો રાખી એમાં આટલી પાબંદીઓ ન હતી, માત્ર ચાર શર્તોની પાબંદી બતાવવામાં આપી હતી, જ્યારે તરીકત સૂફી સંતોનો એક તરીકો છે જેમાં અલ્લાહ તઆલાની નિકટ થવામાં જરૂરતથી અધિક નહીં શક્તિઓથી અધિક કોશિશો કરવામાં આવે છે એટલે એમના ત્યાં જેવો તેવો કબૂલ કરવામાં નથી આવતો, એટલે અહલે તરીકતના નજીક આ શર્તો પ્રમાણે હોય તો એ પીર બની શકે છે અને બીજાને મુરીદ બનાવીને એનો માર્ગદર્શક બની શકે છે. **જે લોકો પોતાને અહલે તરીકત કહે છે અને મોટા મોટા દાવાઓ કરે છે તેઓ પોતાને આ શર્તો પ્રમાણે સત્ય સાબિત કરી બતાવે તો કહેવાય કે તમે અહલે તરીકત છો ! આ શર્તો પ્રમાણે શું, શરીઅતની**





**શર્તો પ્રમાણે પણ તેઓ પીર બનાવવાના લાયક નથી, તેમની હરકતો અને શરારતો સામે રાખવામાં આવે તો એક સામાનય માણસ પણ ખુદાનો વધારે ખૌફ રાખતો જોવા મળે.**

રહ ગઈ રસ્મે અઝાં રૂહે બિલાલી ન રહી
ફલસફા રહ ગયા તલ્કીને ગિઝાલી ન રહી

**સવાલ નં. ૪૪** : બયઅતના કેટલા પ્રકાર છે, અને શું વર્તમાનકાળમાં બયઅત વાસ્તવિક હોય છે ?

**જવાબ** : બયઅત બે પ્રકારની હોય છે : બયઅતે ઈરાદત અને બયઅતે તબર્રુક

**બયઅતે ઈરાદત** : એ બુઝુર્ગોની બુઝુર્ગોથી બયઅત હોય છે જેમાં પોતાને પીરના હાથે વેચી નાખવામાં આવે છે અને પોતાને ગુલામ સમજી લેવામાં આવે છે, એમાં પીર તરીકતની શરતો પ્રમાણે હોવો જરૂરી છે, જો આમ ન હોય તો બયઅતે ઈરાદત પણ રસમ બની જાય અને એનાથી કોઈ ફાયદો આખેરતનો ન થાય.

**બયઅતે તબર્રુક** : બયઅતે તબર્રુક એટલે કોઈ સિલસિલામાં માત્ર બરકત લેવા માટે પ્રવેશવું, આ શરઈ બયઅત છે એમાં પીરનું ઓછામાં ઓછું ચાર શરતો પર હોવું જરૂરી છે. જેનો ઉલ્લેખ થઈ ગયો છે. *(ખુલાસો ફતાવા અફ્રિકા)*

**સવાલ નં. ૪૫** : પીર લોકો તરફથી મુરીદોને જે શરતો બતાવવામાં આવે છે એના પ્રત્યે તમારું શું કહેવું છે ?

**જવાબ** : એ શરતો જે બતાવવામાં આવી છે બયઅતે સાલેકીનમાં છે, અને એમાં પીરનું તરીકતી શરતો પ્રમાણે મુકમ્મલ હોવું જરૂરી છે. જ્યારે સબએ સનાબિલ પ્રમાણે વાસ્તવિક પીર નથી તો પછી મુરીદોમાં છે કે 'મજબૂરીકા નામ શુક્રિયા' એથી વધીને પીરી મુરીદી વિશે કંઈ બોલી શકાતું નથી. (ઈલ્લામાશાઅલ્લાહ !) જ્યાં સુધી મારો સવાલ છે તો હું લોકોને બયઅતવાળો શોખ આપતો નથી. શરતોની પાબંદી બંને તરફથી હોય છે.

**સવાલ નં. ૪૬** : શું પીર લોકો બયઅતમાં સ્ત્રીઓને પોતાની સામે બેસાડીને એમના હાથ પોતાના હાથમાં લઈને બયઅત કરી શકે છે ?

**જવાબ** : "પર્દા વગર સામે બેસાડવું **જાઈઝ નથી**" જેનો ઉલ્લેખ થઈ ગયો, અને પર્દામાં હોય તો માત્ર જે પઢાવવાનું હોય એ પઢાવીને બયઅત કરી લેવામાં આવે, **હાથ પકડવો હરામ અને સખત હરામ** છે. જેની હદીષો પણ અમે વર્ણન કરી. સબએ સનાબિલમાં છે.

હઝરત આઈશા رضی اللہ عنہا સે મરવી હય કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم સે ઔરતોંકી બયઅત સિર્ફ કલામસે હુઈ ઔર રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم કા દસ્તે મુબારક કિસી ઔરત કે હાથસે મસ્સ ન હુવા, પીરી મુરીદી કે ઈસ્બાતમેં યહ એક મુસ્તહકમ ઔર કતઈ અસલ ઔર બુન્યાદ હય જિસે મઝબૂત ઔર સીસા પિલાઈ હુઈ કહા જાતા હય ઈસમેં કિસી મુન્કિરકો ઈન્કારકી ગુંજાઈશ નહીં. *(સબએ સનાબિલ, પેજ–૧૦૬)*

આપણા નબી ઔરતોને બયઅત કરાવતા તો એમને માત્ર કહીને બયઅત કરાવતા, કોઈ સ્ત્રીનો હાથ આપે પકડયો નથી. જ્યારે નબી માસૂમ હોવા છતાં આમ ન કરે તો પછી બીજા કોઈને એની રજા કેમ કરી મળી શકે છે ?! પીરે ગેરમહરમ સ્ત્રીનો હાથ પકડવો **હરામ** છે, જો સમજાવવા છતાં એ માનવા તૈયાર ન થાય તો એને છોડી દેવામાં આવશે.

તફસીરે ખઝાઈનુલ ઈર્ફાનમાં છે :–

મરવી હય કે જબ સૈયદે આલમ صلی اللہ علیہ وسلم રોઝે ફત્હે મક્કા મર્દો કી બયઅત લેકર ફારિગ હુએ તો કોહે સફા પર ઔરતોંસે બયઅત લેના શુરૂ કી, ઔર હઝરત ઉમર رضی اللہ عنہ નીચે ખડે હુએ હુઝૂર صلی اللہ علیہ وسلم કા કલામે મુબારક ઔરતોં કો સુનાતે જાતે થે. ઉસ બયઅતમેં સૈયદે આલમ صلی اللہ علیہ وسلم ને મુસાફા ન ફર્માયા, ઔર ઔરતોં કો દસ્તે મુબારક છુને ન દિયા, બયઅત કી કૈફિયતમેં યહાં ભી બયાન કિયા ગિયા હય કે એક કદહ પાનીમેં સૈયદે આલમ صلی اللہ علیہ وسلم ને અપના દસ્તે મુબારક ડાલા ફિર ઉસીમેં ઔરતોંને અપને હાથ ડાલે, ઔર યહ ભી કહા ગયા બયઅત કપડે કે વાસ્તેસે લી ગઈ, ઔર બઈદ નહીં કે દોનો સૂરતેં અમલમેં આઈ હોં. *(પારા–૨૮, સૂરએ મુમ્તહિના, આયત–૧૨)*





સ્પષ્ટ થયું બયઅતમાં ઔરતનો હાથ પકડવામાં નહીં આવે, ગેરમહરમ માટે આ હુકમ હરામમાં જ જશે, એટલે કોઈ પીર એવું કરતો હોય તો એનાથી નજીક થવામાં ન આવે, જેઓ નબીના તરીકાથી ખસીને કામો કરતાં હોય એવા લોકો નબીના માર્ગે પહોંચવામાં કામના નથી. **ખાસ કરીને ગુજરાતના મુસલમાનોએ આ વાતો પર ધ્યાન આપવાનું છે,** અમારી અવામ પાસે દીન અને ધર્મનું નોલેજ ઓછુ હોય છે એટલે તેઓ બીચારા જહાલતમાં ખોટી વાતને પણ માન્ય રાખી લે છે, દીન શિખો તો ખરાબ શું છે સમજમાં આવી જશે.

**સવાલ નં. ૪૭** : બકર કહે છે કે અત્યાર સુધી અમને ખબર ન હતી એટલે અમારી ઔરતોને નિકાબ શું છે એની તો ખબર જ ન હતી ! પોતાના માહોલમાં ચાલતા કપડામાં પીર સાહબ પાસે આવતી હતી, પણ જયારથી તમારા લોકોની વાતો પહોંચી અને આવા પીરો પાસે અમારી અવરજવર ઓછી થઈ ગઈ તો પીર લોકો અમને ગુસ્તાખ કહેવા લાગ્યા તો હવે અમારે શું કરવું ?

**જવાબ** : કોઈના ગુસ્તાખ કહેવાથી ગુસ્તાખ નથી બની જવાતું, તમે અલ્લાહ અને રસૂલના ફર્માન પર અમલ કર્યો તો તમે ઈજ્જતવાળા છો, બાઅદબ છો, જે તમને ગુસ્તાખ કહે તેઓ અલ્લાહ અને રસૂલના વિરુધ્ધ જવાથી ગુસ્તાખ છે, એવા લોકોની વાતો પર ધ્યાન આપવામાં ન આવે, વર્તમાનકાળના વધુ પડતા પીર લોકો દીનથી ખસીને જ વાતો કરતા હોય છે એટલે તેઓ પબ્લિકને કહે છે, મૌલ્વીઓ પાસે ન જાવ ! એમને ખબર છે કે મૌલ્વીઓ અલ્લાહ અને રસૂલનું ફર્માન પહોંચાડી અમારી ખાનકાહોની આવક બંધ કરાવી આપશે ! જેથી ધોકો ન ખાવો. દીનનાં કામો અલ્લાહ અને રસૂલને ખુશ કરવા માટે કરવામાં આવે છે, એમના ફર્માનથી ખસીને અને એમના વિરોધીઓને પકડીને એ ખુશી મળી શકશે નહીં.

**સવાલ ૪૮** : સબએ સનાબિલમાં એક શેઅર છે :–

ચુ પીરત નેસ્ત પીરે તુસ્ત ઈબ્લિસ
કે રાહે દીં ઝદહસી અઝ મકરો તલબીસ

એનો મતલબ શું છે ?!

**જવાબ** : એનું ભાષાંતર છે : જો તારો કોઈ પીર નથી તો શૈતાન તારો પીર છે જે દીનના માર્ગોમાં ધોકા અને મક્કારીથી લૂટ મચાવે છે.

આ પ્રમાણેની વાત હઝરત બાયઝીદ બુસ્તામી અને બીજા વલીઓ તરફ પણ સંબંધિત કરવામાં આવે છે, એનો જવાબ અમે તમને આપ્યો, એક બીજો તહકીકી જવાબ અમે તમને 'ફતાવા ફયૂઝુર્રસૂલ'થી આપીએ છીએ જેના મુફતી હઝરત ફકીહે મિલ્લત જલાલુદ્દીન સાહબ અમજદી علیہ الرحمۃ والرضوان છે :–

**મુર્શિદકી દો કિસ્મેં** હંય : એક **મુર્શિદે આમ**, કે કલામુલ્લાહ વ કલામુર્રસૂલ વ કલામે અઈમ્માએ શરીઅતો તરીકતો કલામે ઉલમાએ દીન અહલે રૂશ્દો હિદાયત હય, ઈસી સિલસિલએ સહીહા પર અવામકા હાદી કલામે ઉલમા, ઉલમા કા રહનુમા કલામે અઈમ્મા, કલામે અઈમ્માકા મુર્શિદ કલામે રસૂલ, ઔર કલામે રસૂલ કા પેશ્વા કલામુલ્લાહ عزوجل وصلی اللہ علیہ وسلم.

દુસરે **મુર્શિદે ખાસ** કે બંદા કિસી આલિમે સુન્ની સહીહુલ અકીદા સહીહુલ આમાલ, જામએ શરાઈતે બયઅત કે હાથમેં હાથ દે, લે હાઝા જો શખ્સ કિસી મુર્શિદે ખાસકા મુરીદ નહીં હય ઉસકા મુર્શિદ મુર્શિદે આમ હય, અગર વોહ ઉલમાએ કિરામ વ ઔલિયાએ ઈઝામકા સચ્ચે દિલસે મુઅતકિદ હય તો વોહ ન બેપીર હય ન ઉસકા પીર શૈતાન.

**હવાલો** : ફતાવા ફયૂઝુર્રસૂલ, ભાગ–૧, પેજ–૪૧

જ્યારે હું બતાવી ગયો કે ઈસ્લામમાં પીર બનાવવો જરૂરી જ નથી તો પછી એ ન કરવું શૈતાનનું કામ ન થયું પછી શૈતાન પીર છે એ કેમ કરી કહી શકાય ? મતલબ છે **જે કુર્આન હદીષ, અને અઈમ્માના ફેંસલાને પોતાનો માર્ગદર્શક ન સમજે એ શૈતાનના માર્ગે છે** બલ્કે એ પોતે જ શૈતાન છે, જે અલ્લાહ અને રસૂલથી ખસીને અન્ય માર્ગે ચાલે છે.





બહજતુલ અસરારમાં છે :–

હુઝૂર પુરનૂર સૈયેદેના ગૌષે આ'ઝમ رضی اللہ عنہ સે અર્ઝ કિયા ગયા કે અગર કોઈ શખ્સ હુઝૂર (ગૌષ પાક)કા નામ લેવા હો ઔર ઉસને ન હુઝૂર કે દસ્તે મુબારક પર બયઅત કી હો, ન હુઝૂરકા ખિર્કા પહેના હો ક્યા વોહ હુઝૂરકે મુરીદોમેં શુમાર હોગા ? ફર્માયા, જો અપને આપકો મેરી તરફ મન્સૂબ કરે ઔર અપના નામ મેરે ગુલામોં કે દફતરમેં શામિલ કરે અલ્લાહ તઆલા ઉસે કબૂલ ફર્માએગા ઔર અગર વોહ કિસી નાપસંદીદા રાહ પર હો તો ઉસે તૌબા કી તૌફીક અતા ફર્માએગા ઔર વોહ મેરે મુરીદો કે ઝુમરમેં હય. *(ફતાવા ફયૂઝુર્રસૂલ, ભાગ–૧, પેજ–૪૧)*

અલ્હમ્દુલિલ્લાહ ! સઘળા સુન્નીઓ હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہ ને માને છે, અને દિલથી માને છે, એટલે **તેઓ કોઈને પીર ન બનાવે તો એના પીર ગૌષ પાક છે.** તો **ગૌષે પાક સુન્નીઓના મુર્શિદે ખાસ** અને **અલ્લાહ, રસૂલ અને ઈમામોનાં ફર્માન** આપણા માટે **મુર્શિદે આમ** છે.

**સવાલ નં. ૪૯** : અમુક લોકોનું કહેવું છે કે કબરમાં નબી صلی اللہ علیہ وسلم પીરની શક્કલમાં આવશે, તો શું આ વાત સાચી છે ?

**જવાબ** : કબરમાં નબી આવશે, અને ઈમાનવાળો નબીને પોતાના ઈમાનથી ઓળખી લેશે ભલે એને ક્યારે પણ ન જોયા હોય, કાફિર ઓળખી નહીં શકે, ભલે આપને જોયા હોય.

ફતાવા ફયૂઝુર્રસૂલમાં છે :–

"ઔર યહ કહેના ગલત હય કે કબરમેં હુઝૂર صلی اللہ علیہ وسلم અપને પીર કી શક્કલમેં તશરીફ લાએંગે, ઐસી બાત કોઈ જાહિલ કહ સક્તા હય." *(ભા. ૧, પેજ–૪૦)*

**સવાલ નં. ૫૦** : બકરનું કહેવું છે કે **અમારી ઔરતો તો પર્દો કરતી જ નથી પણ અમારા પીર સાહબની ઔરત પણ પર્દો કરતી નથી, સામાન્ય લોકો આજકાલ જે પ્રમાણે કપડાં પહેરે છે એવાં જ કપડાં પહેરે છે તો એવા પીરનો હુકમ શું છે ?**

**જવાબ** : પીરે પોતાની પત્નીને નિકાબમાં રાખવી જોઈએ, અને આ હુકમ ઈસ્લામનો છે એટલે એમાં કોઈની મનમાની ચાલશે નહીં, તમારે પણ તમારી ઔરતોને નિકાબ કરાવવો જોઈએ, **વર્તમાનકાળની સામાન્ય સ્ત્રીઓનાં કપડાં એવાં હોય છે જેમની તરફ નિગાહ ઉઠાવવી પણ શરમજનક હોય છે**, જો એવાં જ કપડાં પહેરીને બહાર લોકોમાં આવતી હોય તો એ **પીર બનવાને લાયક નથી.**

**સવાલ નં. ૫૧** : પીર ફાસિકે મુઅલિન છે અને એ પીર બનાવવાના લાયક નથી એના સઘળા મસ્અલા જાણવા હોય તો શું કરવું ?

**જવાબ** : ફિકહની કિતાબોમાં જ્યાં ઈમામતના મસ્અલાઓ બયાન કરવામાં આવે છે, ત્યાં કોણ શખ્સ કાબિલે ઈમામત નથી, એના વિશે અસંખ્ય કારણો અને મસ્અલા મળશે, તો જે લોકો કાબિલે ઈમામત ન ઠરી શકે એ પીર બનવાના લાયક પણ ન ઠરી શકે, એટલે એ મસ્અલાઓથી એનું ઈલ્મ પ્રાપ્ત કરી લેવામાં આવે.

**સવાલ નં. ૫૨** : અમારા પીર મૌલ્વીઓની ઘણી જ બુરાઈ કરે છે એનો શું હુકમ છે ?

**જવાબ** : જો જૂઠા અને બેઅમલ આલિમોની બુરાઈ કરતો હોય તો એવા બેઅમલ આલિમો એના લાયક છે, પણ જો એ માત્ર આલિમોને લઈને જ બુરાઈ કરે છે કે મૌલ્વીઓ દીનની અને શરીઅતની વાતો કરે છે, તો **એ પીર ગુમરાહ બદ્દીન** છે, એનાથી સંબંધ તોડી નાખવામાં આવે, એવા પીરો દીનના દુશ્મન છે. (અલ્લાહ સર્વને એનાથી બચાવે.)

**સવાલ નં. ૫૩** : ખાલિદ કહે છે કે મારો પીર કહે છે કે આપણા માટે શરીઅત દલીલ નથી, આપણા માટે આપણા બુઝુર્ગોની વાતો અને એમના રિવાજો દલીલ છે, એટલે આપણે શરીઅતની વાતમાં નહીં પડવાનું ! તો શું આ વાત સાચી છે ? અને આમ કરવામાં આવશે ?

**જવાબ** : જે બુઝુર્ગોની એ વાતો કરે છે એ બુઝુર્ગો શરીઅત વિરુધ્ધ ચાલતા હતા ?! જો શરીઅત પર ચાલતા હતા તો શરીઅત વિરુધ્ધ એમના અમલોમાં આવી શક્તું નથી, તો બુઝુર્ગો પર ચાલો શરીઅત પર ચાલો એક જ છે. અને જો શરીઅત વિરુધ્ધ હોય તો શરીઅત





વિરુધ્ધની વાતમાં કોઈની વાત માન્ય નથી. બુઝુર્ગોની વાતોને આક્ષેપથી બચાવવા અમારા જવાબો વર્ણન થઈ ગયા એનાથી ફાયદો ઉઠાવવામાં આવે, જો કોઈ પીર શરીઅતને અલગ સમજતો હોય અને બુઝુર્ગોના અમલોને અલગ દીન અને મસ્લક માનતો હોય તો ગુમરાહ બદ્દીન છે, આવાને માનવામાં નહીં આવે.

**સવાલ નં. ૫૪** : શું સ્ત્રી પાબંદે શરીઅત હોય તો પીર બની શકે છે ?

**જવાબ** : સ્ત્રી પીર નથી બની શક્તી અને મુરીદનો સિલસિલો એ કાયમ નથી કરી શક્તી. પહેલાંથી લઈને અત્યાર સુધીમાં એવો બનાવ ક્યારે બન્યો નથી, અને એની રજા પણ નથી.

હદીષમાં છે :– لَنْ يُفْلِحَ قَوْمٌ وَلَّوْا اَمْرَهُمْ اِمْرَأَةً

**અર્થાત : "એ કૌમ ક્યારે પણ સફળ નહીં થાય જેમણે કોઈ સ્ત્રીને આગેવાન બનાવી."** *(બુખારી, તિર્મિઝી, નસાઈ વગેરે...)*

ઈમામ આરિફ બિલ્લાહ સૈયદી અબ્દુલ વહ્હાબ શઅરાની મીઝાને શરીઅતે કુબ્રામાં ફર્માવે છે :–

"બેશક ! અહલે કશ્ફએ એકમતિ દર્શાવી છે કે અલ્લાહ તરફ બોલાવવાળામાં મર્દ હોવો શર્ત છે, અને અમને ખબર નથી પહોંચી કે પૂર્વજ બુઝુર્ગો ઔરતોમાંથી કોઈ ઔરત મુરીદોને ટ્રેન કરવામાં લાગી હોય." *(મીઝાને શરીઅતે કુબ્રા, ભા. ૨, પેજ–૧૮૯)*

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

ઔલિયાએ કિરામકા ઈજમાઅ હય કે દાઈ એલલ્લાહ કા મર્દ હોના જરૂરી હય, લેહાઝા સલ્ફે સાલેહીનસે આજ તક કોઈ ઔરત ન પીર બની ન બયઅત કિયા. *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૨૧, પેજ–૪૯૪)*

**સવાલ નં. ૫૫** : ઝૈદ કહે છે કે હું પહેલાનાં બુઝુર્ગોથી દિલી અકીદત રાખું છું, કુર્આન, હદીષ અને અઈમ્માની વાતો સાથે ચાલું છું, તો મારે પીરની શી જરૂર ? આ જ મારા પીર છે ! તો શું ઝૈદની વાત સત્ય છે ?

**જવાબ** : ઝૈદ જો અહલે સુન્નત વલ જમાઅતથી સંબંધિત છે અને એણે કરવું એ પ્રમાણે છે તો એ પીર વિનાનો નથી, કોઈને પીર ન બનાવે તો પણ પીરવાળો છે.

આ'લા હઝરત ફર્માવે છે :–

સુન્ની સહીહુલ અકીદા કે અઈમ્મએ હુદાકો માનના, તકલીદે અઈમ્મા જરૂરી જાનના, ઔલિયાએ કિરામકા સચ્ચા મુઅતકિદ, તમામ અકાઈદમેં રાહે હક્ક પર મુસ્તકીમ, વોહ હરગિઝ બેપીર નહીં, વોહ ચારોં મુર્શિદાને પાક યઅની કલામે ખુદા વ રસૂલ, વ અઈમ્મા વ ઉલમાએ જાહિરો બાતિન ઉસકે પીર હંય, બલ્કે અગર ઈસી હાલત પર હય તો મુષ્લ ઔર લાખોં મુસલમાનાને અહલે સુન્નત કે ઉસકા હાથ શરીઅતે મુત્તહરા કે હાથ મેં હય, અગરચે બજાહિર કિસી ખાસ બંદએ ખુદા કે દસ્તે મુબારક પર શરફે બયઅતસે મુશર્રફ ન હુવા હો. *(ફતાવા રઝવિય્યા, ભાગ–૨૧, પેજ–૪૮૨)*

ખુલાસો એ કે ઝૈદનું કહેવું સત્ય છે એ કોઈને પીર ન બનાવે તો આ'લા હઝરતના ફર્માન પ્રમાણે શરીઅતના હાથમાં હાથ ચાર પીરો બરાબર છે. અને એ પીર ન બનાવે તો પણ પીરવાળો જ છે.

**સવાલ નં. ૫૬** : ઝૈદ જે કોઈ પીરનો મુરીદ છે તેણે અમરને જેનો કોઈ પીર નથી તેને કહ્યું કે તને ફલાહ મળી શક્તી નથી કારણ કે તારો કોઈ પીર નથી. અમરે કહ્યું, પીર બનાવવો જરૂરી નથી, હજારો પીર બનાવેલા લોકો નમાઝ નથી પઢતા અને દીન પર નથી ચાલતા તેઓ પીર બનાવીને પણ ક્યાં ફલાહ પર છે ! હું દીન પર ચાલું છું, મારો દીન મારી ફલાહ છે, તો આ વાત કેવી છે ?

**જવાબ** : કોઈ ખાસ પ્રકારનો પીર બનાવવો શરઈ કાયદામાં જરૂરી નથી, અને જ્યારે જરૂરી નથી તો ફલાહ એના પર આધારિત નથી, જે સત્ય અકીદા સાથે દીન પર ચાલે ફલાહ પર છે ભલે કોઈ પીર ન હોય, ઈસ્લામી શરીઅત અવશ્ય એનો પીર છે, અને જે પીર રાખીને અમલ ન કરે, પૂરો ફાસિક હોય તો એ બેફલાહ છે. જરૂરીને છોડીને ગેરજરૂરીમાં ફલાહની વાતો કરી રહ્યો છે.





આ'લા હઝરત ફર્માવે છે :–

સુન્ની કે મઝાઈકે સોલૂકમેં ન પડા (મુરીદ ન બન્યો) કિસી ખાસ બયઅત ન કરનેસે બે પીર નહીં હોતા ન શૈતાનકા મુરીદ, હાં ફિસ્ક કરે તો ફલાહ પર નહીં ઔર મુત્તકી હો તો મુફલહ ભી હય. *(ફતાવા રઝવિય્યા, ભાગ–૨૧, પેજ–૫૧૫)*

**સવાલ નં. ૫૭** : અત્યાર સુધી જેટલા ઉલમા અને મશાઈખ આવ્યા એ સર્વએ કોઈ ખાસ પીર બનાવેલો છે ?

**જવાબ** : અમુકે બનાવ્યા અને અમુકે નથી બનાવ્યા, એટલે આમ પણ નથી કહી શકાતું કે કોઈએ નથી બનાવ્યો, અને આમ પણ નથી કહી શક્તા કે સર્વએ બનાવ્યો છે. આ એક **મુબાહ કામ** છે જેની ઈચ્છા હોય કરે, જેની ઈચ્છા ન હોય ન કરે, પણ **શરીઅતની શરતોના આધારે પાબંદ પીરની કોઈ બયઅત કરતો હોય તો એનો ઈન્કાર ન કરે, ફાસિકોને અપનાવતા હોય તો જરૂરથી નબીને ઉમ્મતને બચાવવાની કોશિશ કરે.**

આ'લા હઝરત ફર્માવે છે :–

અકાબિરે ઉલમા વ અઈમ્મામેં હજારહા વોહ ગુજરે હંય જિનસે યહ બયઅતે ખાસ્સા સાબિત નહીં. *(ફતાવા રઝવિય્યા, ભાગ–૨૧, પેજ–૫૧૫)*

**સવાલ નં. ૫૮** : અમ્રનું કહેવું એવું છે કે એ પાબંદે શરાઈત પીરની બયઅતનો ઈન્કાર તો નથી કરતો પરંતુ કોઈ ખાસ પ્રકારના પીરમાં એનું દિલ ગવાહી નથી આપતું એટલે એ કોઈનો મુરીદ નથી બનતો, તો એનું આ વાતને લઈને મુરીદ ન બનવું કેવું છે ?

**જવાબ** : જ્યારે એ મુરીદ બનવાનો ઈન્કાર નથી કરતો તો હવે બનવું ન બનવું એની મરજી પર આધારિત છે. જ્યારે એનું દિલ ગવાહી નથી આપતું તો એને એ કામમાં ન પડવું જ ઉત્તમ છે. નહીં તો આજે મુરીદ બનશે અને કાલે તોડશે અને બેમતલબની દુશ્મની અને લડાઈમાં પડી જશે. વર્તમાનકાળમાં જે જાહેર છે એમાં તરીકતની શરતોનો પાબંદ પીર તો સફેદ કાગડા માફક મળવો મુશ્કેલ છે, માત્ર શરીઅતની

શર્તોવાળો મળવો પણ સરળ નથી ! એટલે અમ્રને એની હાલત પર રહેવાની રજા છે. શરીઅત પર ચાલે અને અકીદામાં અહલે સુન્નત પર મજબૂત રહે એને કોઈ વસ્તુ નુકસાન પહોંચાડશે નહીં.

عَلَيْكُمْ اَنْفُسَكُمْ لَا يَضُرُّكُمْ مَنْ ضَلَّ اِذَا اهْتَدَيْتُمْ

**અર્થાત** : "પોતાનું રક્ષણ કરો, ગુમરાહ તમને નુકસાન નહીં પહોંચાડે જો તમે માર્ગ પર છો."

આ'લા હઝરત ફર્માવે છે :–

اِنَّ مِنَ الْحَزْمِ سُوْٓءَ الظَّنِّ دَعْ مَا يُرِيْبُكَ اِلٰى مَا لَا يُرِيْبُكَ

**અર્થાત** : "બેશક ! એહતિયાતમેં દાખિલ હય બુરા પહેલુ બચને કે લિએ, સોચ લેના જિસ બાતમેં તુજે દગદગા હો ઉસે છોડકર વોહ ઈખ્તિયાર કર જો બેદગદગા હો." *(ફતાવા રઝવિય્યા, ભા. ૨૧, પેજ–૫૧૫)*

એટલે કે દિલ ન લાગે અને શંકા થયા કરે તો ન કરવામાં જ એના માટે ભલાઈ છે.

**સવાલ નં. ૫૯** : જે પીર જાહિલ હોય અને દીનમાં ફત્વાની વાતો કરતો હોય અને મહાન આલિમોનો રદ કરતો હોય એનો શું હુકમ છે ?

**જવાબ** : જાહિલને પીર બનાવવો જાઈઝ નથી, જાહિલ હોવા છતાં પીરનો દાવો ખોટો છે, એને પીર માનવામાં ન આવે, જે શર્તો અમે લખી એના આધારે એ આ પદના લાયક નથી ! જ્યારે એ જાહિલ છે તો એણે કુર્આનના ફર્માન પ્રમાણે શરીઅતના જાણકાર પાસે જવું જોઈએ, અથવા પૂછનારને મોકલવો જોઈને, જાહિલને ફત્વો પૂછનાર જ્યારે જાણે છે કે એ જાહિલ છે તો એ પોતે ગુનેહગાર છે, અને બતાવનાર જાહિલ હોવા છતાં અને શરઈ અહકામથી નાવકેફ હોવા છતાં નીડર અને બેખૌફ છે, એને પૂછવામાં પણ ન આવે અને એની વાત પર ભરોસો પણ ન કરવામાં આવે.

કુર્આનનું એલાન છે :– فَاسْئَلُوْٓا اَهْلَ الذِّكْرِ اِنْ كُنْتُمْ لَا تَعْلَمُوْنَ

**અર્થાત** : "પૂછો જાણકારને ! જો તમે નથી જાણતા !" તો આ આયત પ્રમાણે પૂછનારે ઈલ્મવાળાને શોધવો જોઈએ, જાહિલને નહીં.





કુર્આનમાં છે :–

لَا تَقْفُ مَا لَيْسَ لَكَ بِهٖ عِلْمٌ اِنَّ السَّمْعَ وَالْبَصَرَ وَالْفُؤَادَ كُلُّ اُولٰٓئِكَ كَانَ عَنْهُ مَسْئُوْلًا

**અર્થાત** : "જેનું તમને ઈલ્મ નથી એમાં ન પડો, બેશક ! કાન, આંખ, દિલ એ સર્વની બાબત સવાલ કરવામાં આવશે."

આ આયત પ્રમાણે જાહિલે શરીઅતની વાતમાં વિના સમજે કૂદવું ન જોઈએ, અને ખુદાનો ખૌફ રાખવો જોઈએ. ખુલાસો એ કે એ ફાસિક છે, નીડર છે એનાથી પોતાનું દામન બચાવવામાં આવે.

અબૂ દાવૂદ શરીફમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે, સરકારે અકદસ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું :–

مَنْ اَفْتٰى بِغَيْرِ عِلْمٍ كَانَ اِثْمُهٗ عَلٰى مَنْ اَفْتٰى

**અર્થાત** : "જે ઈલ્મ વગર ફત્વો આપે એનો ગુનોહ ફત્વો આપનાર પર છે." *(મિશ્કાત શરીફ, પેજ–૩૫)*

ઈબ્ને અસાકિરે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત કરી કે :–

مَنْ اَفْتٰى بِغَيْرِ عِلْمٍ لَعَنَتْهُ مَلٰٓئِكَةُ السَّمَآءِ وَالْاَرْضِ

**અર્થાત** : "જેણે ઈલ્મ વગર ફત્વો આપ્યો આકાશ અને જમીનના ફરિશ્તાઓની એના પર લા'નત છે." *(કન્ઝુલ ઉમ્માલ, ભા. ૧૦, પેજ–૧૧૧)*

અબૂ નુઐમે અને દૈલમીએ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી કે :–

يَخْرُجُ فِى اٰخِرِ الزَّمَانِ قَوْمٌ رُؤَسَآءُ جُهَّالًا يُفْتُوْنَ النَّاسَ فَيَضِلُّوْنَ وَيُضِلُّوْنَ

"અંતિમ જમાનામાં અમુક લોકો પેદા થશે જેઓ આગેવાન અને જાહિલ હશે, તેઓ ફત્વા આપશે, પોતે ગુમરાહ થશે અને બીજાને ગુમરાહ કરશે." *(કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૧૦, પેજ–૧૧૯)*

આ હદીષોથી પણ સ્પષ્ટ થયું કે જે વસ્તુનું આપણને ઈલ્મ ન હોય એમાં દખલગીરી ન કરવી જોઈએ, જ્ઞાન વિના પોતાની જહાલતથી ફત્વો આપવો અથવા મહાન ઈલ્મવાળાઓની વાતોને છોડીને પોતાના મંતવ્યોને ઉત્તમ સમજવાં ગુનાહનું કામ છે. એવા લોકોના લખાણ

વાંચવામાં ન આવે, કારણ કે જહાલતની વાતો કરીને તેઓ પોતે ગુમરાહ છે અને તમને પણ ગુમરાહ કરશે, જો તમે એમની વાતોને સત્ય માની લો. (અલ્લાહ તમને બચાવે.)

**સવાલ નં. ૬૦** : પીર સાહબનું કહેવું છે કે પૂછવામાં આવ્યું તો કંઈક તો જવાબ આપવો જ પડે ! જો આમ કરવામાં ન આવે તો મુરીદો સમજે અમારા પીરને આવડતું નથી ! અને એમની અકીદત ઓછી થઈ જાય. તો શું આ વાત માન્ય છે ?

**જવાબ** : ઈલ્મ ન હોય તો ના કહેવાથી અકીદત ન ઓછી થાય ખોટી વાત બતાવવાથી અને ખોટું સાબિત થઈ જવાથી અકીદત ઓછી થાય, અકીદતની એટલી જ પડેલી છે તો ઈલ્મમાં આગળ ધપવાની કોશિશ કરવામાં આવે !

બુખારી શરીફ અને મુસ્લિમ શરીફમાં હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદથી રિવાયત છે :–

**يَاۤاَيُّهَا النَّاسُ مَنْ عَلِمَ شَيْئًا فَلْيَقُلْ بِهٖ وَمَنْ لَمْ يَعْلَمْ فَلْيَقُلْ اَللّٰهُ اَعْلَمُ فَاِنَّ مِنَ الْعِلْمِ اَنْ تَقُوْلَ لِمَا لَاتَعْلَمُ اَللّٰهُ اَعْلَمُ**

**અર્થાત** : ''અય લોકો ! જે જાણતો હોય કહી આપે, અને જે નથી જાણતો તે કહે અલ્લાહ વધારે જાણે છે. આ વાત પણ ઈલ્મની જ છે કે જે નથી જાણતા એમાં કહો અલ્લાહ અધિક જાણે છે.'' *(મિશ્કાત શરીફ, પેજ–૩૭)*

ખુલાસો એ થયો કે આવડે તો બતાવે ન આવડે તો જાણીને બતાવશે એવો વાયદો કરે, અથવા કોઈ ઈલ્મવાળાનો પતો આપે જેનાથી માલૂમ કરી લેવામાં આવે, પણ શરીઅતની વાતમાં ન જાણવા છતાં નીડરતાનો ઉપયોગ કરવામાં ન આવે. પીર સાહબની જે વાતો તમે નકલ કરી તદ્દન ખોટી અને અજ્ઞાનતાથી ભરેલી છે, એવા જ લોકોએ મુસલમાનોમાં માહોલ ખરાબ કરેલો છે. એવા જ લોકો અન્ય લોકોને ગુમરાહ બનાવે છે. (એવાથી અલગ થવામાં આવે.)

**સવાલ નં. ૬૧** : ખાલિદ કહે છે કે અમારા પીર સાહબ અમને કહે છે કે મૌલ્વી લોકોની વાતોમાં પડવું નહીં, તેઓ વલીઓ અને સૂફી





સંતોને માનતા નથી એટલે શરીઅતની વાતોને વચમાં લાવીને એમની અકીદત ઓછી કરવા માંગે છે, મૌલ્વીઓને માહોલમાં ઉત્તમતા ન આપવી જોઈએ. તો અમારા પીર સાહબની આ વાત કેવી છે ?

**જવાબ** : પીર સાહબની વાત બકવાસ છે એ તમને જહાલતના અંધકારમાં રાખવા માંગે છે એટલે આવી વાત બતાવે છે, અમે શરીઅતના પાબંદ સૂફી સંતોને જે થઈ ગયા છે, અને થશે એ સર્વને માનીએ છીએ. હાં ! વર્તમાનકાળમાં જેઓ ઢોંગી બનીને ખાનકાહોમાં મારબલ લગાડીને લોકોને ઉલ્લુ બનાવવાની કોશિશ કરે છે, જરૂર એવાને નથી માનતા. નહીં તો તમારો પીર એક પુરાવો લાવે કે જેમની વિલાયત સર્વ માન્ય છે એમનામાંથી કોઈ એકની અહલે સુન્નતના આલિમે બેઈજ્જતી કરી હોય !

ઉલમાથી જ દીનના સઘળાં કામો ચાલી રહ્યાં છે, ખાનકાહી ઉંદરોથી નહીં ! મસ્જિદની ઈમામત, મદ્રસાની તા'લીમ, દારુલ ઉલૂમનું દીની સંચાલન, દીની મસ્અલાઓનો ઉકેલ, મુસલમાનોને પડતી દીનની જરૂરતોમાં મદદ, બધું જ ઉલમાથી થઈ રહ્યું છે, ઉલમા એવું કરી શક્તા તો નથી એટલા માટે કે કામ અલ્લાહ માટે કરી રહ્યા છે પણ જો આખા જગતના આલિમો થોડા દિવસ માટે હડતાલ પર ઉતરી જાય તો આખી દુનિયામાં હાહાકાર મચી જાય અને લોકોના હજારો કામો અટકી જાય, અને માનવું જ પડે કે દીનનો આધાર દુનિયામાં ઉલમાએ કિરામ છે.

કુર્આને પાકમાં છે :–

**وَالَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ دَرَجَاتٍ**

**અર્થાત** : ''જેઓ ઈલ્મવાળા છે એમને કેટલા દરજા ઊંચા કરશો.''

આખી ખુલાસામાં દુર્રે મુખ્તારમાં છે :–

**فَالرَّافِعُ هُوَ اللّٰهُ فَمَنْ يَّضَعُهُ يَضَعُهُ اللّٰهُ فِىْ جَهَنَّمَ**

**અર્થાત** : ''આલિમને ઉઠાવનાર અલ્લાહ છે જે એને ફેંકશે અલ્લાહ એને દોઝખમાં ફેંકશે.''

ઈમામ રાઝી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

مَنِ اسۡتَخَفَّ بِالۡعَالِمِ اَهۡلَكَ دِيۡنَهٗ

"જેણે આલિમને હલકો સમજયો એણે પોતાનો દીન હલાક કર્યો." *(તફસીરે કબીર, ભાગ–૧, પેજ–૨૮૩)*

ફતાવા રઝવિય્યામાં છે :–

مَنۡ قَالَ لِعَالِمٍ عُلَيۡمٌ اِسۡتِخۡفَافًا فَقَدۡ كَفَرَ

"જે કોઈ આલિમને **મોલ્વો** એના અપમાન માટે કહે તો એ **કાફિર** છે." *(ફતાવા રઝવિય્યા જૂનુ એડીશન, ભાગ–૧૦, પેજ–૩૯૫)*

બહારે શરીઅતમાં છે :–

"ઈલ્મે દીન ઔર ઉલમાકી તૌહીન બેસબબ યઅની મહઝ ઈસ વજહસે કે આલિમે ઈલ્મે દીન હય કુફ્ર હય." *(ભાગ–૯, પેજ–૧૩૧)*

હઝરત ઓબાદા બિન સામિતથી રિવાયત છે કે નબીએ પાક ﷺ એ ફર્માવ્યું :–

لَيۡسَ مِنۡ اُمَّتِىۡ مَنۡ لَمۡ يَعۡرِفۡ لِعَالِمِنَا حَقَّهٗ

**અર્થાત** : "જે અમારા આલિમનો હક્ક ન જાણે એ મારી ઉમ્મતથી નથી." *(અહમદ, હાકિમ, ફતાવા રઝવિય્યા, ભાગ–૧૦, પેજ–૧૪૦)*

મસનદુલ ફિરદૌસમાં હઝરત અબૂઝરથી રિવાયત છે :–

اَلۡعَالِمُ سُلۡطَانُ اللّٰهِ فِى الۡاَرۡضِ فَمَنۡ وَقَعَ فِيۡهِ فَقَدۡ هَلَكَ

**અર્થાત** : "આલિમ જમીનમાં અલ્લાહની હુજ્જત અને દલીલ છે તો જેણે આલિમમાં અયબ કાઢયો એ હલાક થઈ ગયો." *(કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૧, પેજ–૭૭)*

તૌબીખમાં શૈખે રિવાયત કરી, હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારીથી નબી ﷺ એ ફર્માવ્યું :–

لَايَسۡتَخِفُّ بِحَقِّهِمۡ اِلَّا مُنَافِقٌ بَيِّنُ النِّفَاقِ

**અર્થાત** : "ઉલમાનો હક્ક હલકો નહીં જાણે પણ ખુલ્લો મુનાફિક." *(ફતાવા રઝવિય્યા, ભાગ–૧૦, પેજ–૧૪૦)*

તફસીરે કબીરમાં છે, નબી ﷺ એ ફર્માવ્યું :–





مَنۡ اَهَانَ الۡعَالِمَ فَقَدۡ اَهَانَ الۡعِلۡمَ وَمَنۡ اَهَانَ الۡعِلۡمَ فَقَدۡ اَهَانَ النَّبِىَّ وَمَنۡ اَهَانَ النَّبِىَّ فَقَدۡ اَهَانَ جِبۡرِيۡلَ وَمَنۡ اَهَانَ جِبۡرِيۡلَ فَقَدۡ اَهَانَ اللّٰهَ وَمَنۡ اَهَانَ اللّٰهَ فَقَدۡ اَهَانَهٗ يَوۡمَ الۡقِيَامَةِ

**અર્થાત** : "જેણે આલિમની તૌહીન કરી એણે ઈલ્મે દીનની નિઃશંક ! તૌહીન કરી અને જેણે ઈલ્મે દીનનું અપમાન કર્યું એણે નબીનું અપમાન કર્યું, અને જેણે નબીની બેઈજજતી કરી એણે જિબ્રઈલની બેઈજજતી કરી અને જેણે જિબ્રઈલ (عليه السلام)નું અપમાન કર્યું એણે અલ્લાહનું અપમાન કર્યું, અને જેણે અલ્લાહનું અપમાન કર્યું એનું અલ્લાહ કિયામતના દિવસે અપમાન કરશે." *(તફસીરે કબીર, ભાગ–૧, પેજ–૨૮૧)*

ખુલાસામાં છે :–

مَنۡ اَبۡغَضَ عَالِمًا مِنۡ غَيۡرِ سَبَبٍ ظَاهِرٍ خِيۡفَ عَلَيۡهِ الۡكُفۡرُ وَفِىۡ مِنَحِ الرَّوۡضِ الظَّاهِرِ اَنَّهٗ يُكَفَّرُ

**અર્થાત** : "જેણે આલિમથી દુશ્મની રાખી કોઈ જાહેરી કારણ વગર એના પર કુફ્રનો ડર છે. મનહરૂરોંઝમાં છે : જાહેર એ જ છે કે એ કુફ્ર છે.

આ ફિકહી મંતવ્યોથી અને હદીષની રિવાયતોથી જાણવા મળ્યું કે એક આલિમનો મુકામ તથા મર્તબો કેટલો ઊંચો છે અને એનું અપમાન કેટલું ખતરનાક છે કે માણસને ઈસ્લામના વર્તુળથી પણ બહાર કરી શકે છે.

આલિમની એના દીની મસ્અલા બતાવવાથી અને શરીઅતથી વાકેફ કરવાને લઈને દુશ્મની રાખવામાં આવે તો **કુફ્ર** છે, અને કુફ્ર નહીં તો ગુમરાહીમાં શંકા જ નથી.

દુનિયાથી દુશ્મનીને લઈને આલિમથી નફરત કરવામાં આવે તો ફિસ્ક છે, અને નફરત રાખનાર ફાસિક છે.

**નોંધ** : મુકાશફતુલ ગુયૂબમાં જે વાતો લખવામાં આવી છે એના પર ધ્યાન આપવામાં આવે અને પછી આ ફત્વાઓ અને રિવાયતો સામે રાખવામાં આવે, એ કિતાબ એમના તરફથી **તોહફાએ નજાત,**

ભાગ-૧૦ના જવાબમાં લખવામાં આવી હતી, અમારી સાથે એમની દુશ્મની માત્ર એટલા માટે જ છે કે એમના ખાનકાહી રિવાજોને અમે કુર્આન, હદીષ અને ઈમામોના મંતવ્યોથી હરામ સાબિત કર્યા તો એને લઈને એમણે અમને નહીં બલ્કે એ સઘળા આલિમોને ખરાબ કહ્યા જેમણે પોતાના મંતવ્યોથી એમના ખાનકાહી રિવાજોને હરામ બતાવ્યા, **તોહફાએ નજાત, ભાગ-૧૦**માં વાંચો કયા કયા આલિમોનાં નામો છે ? એ સર્વને જ એમણે બુરા કહી મશાઈખ તરફની દા'વત આપી હતી, તો એકનું અપમાન નહીં અસંખ્ય મહાન ઈમામોનું પણ અપમાન કરવામાં આવ્યું છે. એટલે આલિમોની તૌહીન કરવાને લઈને અમે કુફ્ર ન કહીએ તો પણ ગુમરાહી તો નિઃશંક ! છે અને તૌબા કરવામાં ન આવે તો એમનાથી સંબંધ તોડવો મુસલમાનો પર જેમને એમની કિતાબમાં ઉલમાના અપમાનનું ઈલ્મ હોય છોડવું જરૂરી છે, નહીં તો એ સર્વ પણ ગુમરાહ બદ્દીન છે.

**સવાલ નં. ૬૨ :** અમુક લોકોનું કહેવું છે કે તમે લોકો બુઝુર્ગોના લખાણોને માનતા નથી એટલે તમે લોકો એમની વિરોધની વાતો કરો છો, તો શું આ સાચુ છે ?

**જવાબ :** આ સવાલના અમુક જવાબો અમે હઝરત મુજદ્દિદે અલ્ફેષાની رحمۃ اللہ علیہ ના મક્તૂબાતથી આપ્યા. અમુક વાતો પુરાવામાં કાયદા પર આધારિત છે. પ્રથમ અલ્લાહની કિતાબ, પછી અલ્લાહના રસૂલનો ઈર્શાદ, પછી ઈમામે મુજતહિદનું ફર્માન, એમાં ક્યારે ઈજમાએ ઉમ્મત હોય અને ક્યારે કિયાસ, પણ મસ્અલામાં આને ઉત્તમતા આપવામાં આવે છે, એટલે જે લોકો પોતે મુકલ્લિદ છે એમની વાતોને ઉત્તમતા પ્રાપ્ત ન થાય, ઉપરોક્ત દલીલોની વિરુધ્ધમાં કોઈની પણ વાત હોય તો એને છોડી દેવામાં આવે, એટલે અમે લોકો દલીલમાં સૂફી લોકોની કિતાબોને દલીલમાં નથી લેતા, કાયદા પર અમલ જરૂરી છે અને કાયદામાં અમને જે બતાવવામાં આવ્યું એ કર્યું એટલે કાંઈ આમ નથી કહી શકાતું કે અમે બુઝુર્ગોના લખાણોને માનતા નથી. પહેલાંથી લઈને આજ સુધીના સઘળા આલિમોએ આમ જ કર્યું છે અને મસાઈલે શરઈય્યામાં સૂફી સંતોની વાતોને ઉત્તમતા આપી નથી, તો શું આ'લા





હઝરત, હઝરત શાહ અબ્દુલ અઝીઝ, હઝરત અબ્દુલ હક્ક મુહદ્દિષે દહેલ્વી, હઝરત શાહ વલીય્યુલ્લાહ અને બીજા અસંખ્ય આલિમો જેમના નામો કિતાબોમાં છે, એમને બુઝુર્ગોના ગુસ્તાખ કહેવામાં આવશે ? નહીં ! તો પછી આ પ્રશ્ન ખોટો છે.

બીજું એ કે અમે જે મસ્અલાનો વિવાદ ઉઠાવીને ચર્ચા કરી રહ્યા છીએ એને અમે કુર્આન, હદીષ, અને ચાર મસ્લકના ઈમામોથી હરામ સાબિત કર્યું, તો હું પૂછીશ કે તમે લોકો કુર્આનની વાત કેમ નથી માનતા ?! હદીષની વાત કેમ નથી માનતા ?! ચાર ઈમામોના મસ્લકની એકમતિ કેમ નથી માનતા ? શું તમે લોકો સૂફીઓની વાતોને કુર્આનથી વધીને સમજો છો ?! નબીના ફર્માનથી વધીને સમજો છો ?! જે ઈમામોની તકલીદ વાજિબ કરવામાં આવી છે એમના મંતવ્યોથી વધીને માનો છો ?! જો અલ્લાહ અને રસૂલના ફર્માનથી વધીને બીજાની વાતને માનતા હોય તો તમે કાફિર છો ! અઈમ્મએ મુજતહેદીનની વાતોથી વધીને માનો છો તો તમે ગુમરાહ છો, અને અમે જે કર્યું એ સર્વ અહલે સુન્નતની દલીલમાં એકમતિની વાત છે, અમારી ઉપર કોઈ ફત્વો આવી શક્તો નથી, આનો વિરોધ કરનાર પર ફત્વો આવે છે, તો આ વાત ભૂલવામાં ન આવે. કોઈ બુઝુર્ગથી મહબ્બતનો મતલબ એ નથી કે એ જે કંઈ કરે અને કહે એ બધું જ માની લેવામાં આવે ! શરીઅતના કાયદાના આધારે માનવા લાયક હોય તો માનવું, અને મનાઈમાં હોય તો છોડી આપવું.

કુર્આનમાં અલ્લાહ તઆલા તરફથી આપણને માતા પિતા સાથે ભલાઈ કરવાનો અને એમને "ઉફ" પણ ન કહેવાનો હુકમ આપ્યો. માતા પિતાની સેવા કરવી વાજિબ અને એમના હુકમનું પાલન જરૂરી, તો પણ કુર્આન એક શંકાનો જવાબ આપે છે :–

وَاِنْ جَاهَدَاكَ عَلٰىٓ اَنْ تُشْرِكَ بِیْ مَا لَیْسَ لَكَ بِهٖ عِلْمٌ فَلَا تُطِعْهُمَا

"અને જો બંને તમને મારી સાથે શિર્ક કરવાનું ભારપૂર્વક કહે જેનું તમારી પાસે ઈલ્મ નથી તો એમનું અનુસરણ ન કરો !"

એટલે કે **એમની સેવા કરવી, એમની વાત માનવી પણ જો શરીઅત વિરુદ્ધ જાય તો એમની વાત માનવામાં નહીં આવે.**

**જેમની વાત માનવી જરૂરી કરવામાં આવી એમની વાત પણ જો અલ્લાહ અને રસૂલના જરૂરી ફર્માન વિરુધ્ધ જતી હોય તો એમની વાત છોડીને અલ્લાહ અને રસૂલના ફર્માન તરફ આવવાની તાકીદ કરવામાં આવી,** એટલે જ કે અલ્લાહ તઆલાથી વધીને કોઈ નથી, અને મખ્લૂકમાં એના હબીબથી વધીને કોઈ નથી.

અને અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

**فَاِنۡ تَنَازَعۡتُمۡ فِیۡ شَیۡئٍ فَرُدُّوۡهُ اِلَی اللّٰهِ وَالرَّسُوۡلِ اِنۡ کُنۡتُمۡ تُؤۡمِنُوۡنَ بِاللّٰهِ وَالۡیَوۡمِ الۡاٰخِرِ**

''જો કોઈ વસ્તુમાં તમારો વિવાદ થાય તો એને અલ્લાહ અને રસૂલ તરફ ફેરવો જો તમને અલ્લાહ અને આખેરતના દિવસ પર ઈમાન છે.''

એટલે કે કોઈ વાતમાં વિવાદ ઊભો થાય તો એને અલ્લાહના ફર્માનથી અને પછી રસૂલે પાક ﷺ ના ફર્માનથી હલ કરો. અલ્લાહ ﷻ અને રસૂલ ﷺ ના ફર્માનમાં જવાબ મળે છે તો પછી તમારામાં કોઈ વિવાદ ન રહેવો જોઈએ.

જે મસ્અલાનો વિવાદ લઈને ચાલેલા છે એમાં અલ્લાહનો ઈર્શાદ મળી આવ્યો કે સિજદો માત્ર અલ્લાહને જ કરો, અને પછી નબીના અસંખ્ય ફર્માન મળી આવ્યાં કે કોઈને તો શું અલ્લાહના હબીબને સિજદો કરવો હરામ છે, તો પછી અમે દરેકની વાત એક તરફ રાખીને અલ્લાહના હબીબની વાત માની લીધી, તો અમે જેને છોડયું એ અમારું કોઈનું અપમાન નથી થઈ શક્તું બલ્કે અલ્લાહના હુકમનું પાલન છે. જેઓ અલ્લાહ અને રસૂલના ફર્માન પછી પણ પોતાના વિવાદ પર રહે છે અને અલ્લાહ અને રસૂલના તાબા હેઠળ રહેવાવાળાઓની વાતને ઉત્તમતા ન આપે તેઓ વાસ્તવમાં અલ્લાહ અને એના રસૂલના ફર્માનનું અપમાન કરે છે. તો આ વાત પણ ભૂલવામાં ન આવે અને ધોકો ખાવામાં ન આવે.

અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

**وَمَا کَانَ لِمُؤۡمِنٍ وَّلَا مُؤۡمِنَةٍ اِذَا قَضَی اللّٰهُ وَرَسُوۡلُهٗۤ اَمۡرًا اَنۡ یَّکُوۡنَ لَهُمُ الۡخِیَرَةُ مِنۡ اَمۡرِهِمۡ**





''ઈમાનવાળા સ્ત્રી પુરૂષને રજા નથી કે જ્યારે અલ્લાહ અને એના રસૂલ હુકમ કરે તો એમના હુકમમાં એમની પસંદ રહી જાય.''

જ્યારે અલ્લાહ અને રસૂલનું ફર્માન આવી ગયા પછી કુર્આન આપણને મના કરે છે કે આપણે એમાં આપણો અધિકાર લાવીએ તો પછી આપણે વિવાદથી ખસીને નબીના ફર્માનને સ્વીકારી લેવું જોઈએ. પીરોનો કોઈ મસ્લક નથી નબીનો જ મસ્લક સર્વનો મસ્લક છે તો સર્વએ એ જ માર્ગે આવવું જોઈએ, મને ઉમ્મીદ છે ગુમરાહ લોકો તૌબા કરી આ માર્ગ સ્વીકારી લેશે.

**સવાલ નં. ૬૩ :** મુકાશફતુલ ગુયૂબમાં અખ્બારુલ અખ્યારના અમુક પુરાવા રજૂ કરવામાં આવ્યા, અને સબએ સનાબિલની પણ એમાં અમુક વાતો એવી છે જેનાથી બુઝુર્ગોથી એવું કામ થયું હોય એવું જાણવા મળે છે. તો એનો શું જવાબ ?!

**જવાબ :** એનો જવાબ એ કે જ્યારે નબી ﷺ ના ફર્માનમાં હરામ હોવાનું સ્પષ્ટ શબ્દોથી આવ્યું તો નબી આપણને અલ્લાહ તરફથી શરીઅત અને ખુદાની નિકટતાનો માર્ગ બતાવવા માટે આવ્યા છે અને સર્વને એ માર્ગે ચાલવાનું કહેવામાં આવ્યું છે એટલે અમે અમારા નબીનું ફર્માન અપનાવી લીધું, અને જેમની વાત નબીના ફર્માન વિરુધ્ધ જાણવા મળી એને માર્ગથી હટાવી નાખી.

નબી ﷺ નું ફર્માન છે :–

**لَا یُوۡمِنُ اَحَدُکُمۡ حَتّٰی اَکُوۡنَ اَحَبَّ اِلَیۡهِ مِنۡ وَلَدِهٖ وَ وَالِدِهٖ وَالنَّاسِ اَجۡمَعِیۡنَ**

**અર્થાત :** ''તમારામાંથી કોઈ ત્યાં સુધી પાકો ઈમાનવાળો નથી થઈ શક્તો જ્યાં સુધી હું એની પાસે એના પિતા, પુત્ર અને સર્વ લોકોથી અધિક પ્રિય ન હોઉં.''

જ્યારે નબી ﷺ ને સર્વથી અધિક પ્રિય માનવા ઈમાનની ઈચ્છા છે તો પછી નબીનું ફર્માન હોય તો એને છોડીને બીજાના ફર્માન પર કેમ કરી જઈ શકાય ?!

બીજું એ કે હઝરત મુહદ્દિષ સાહબે બુઝુર્ગોના હાલાત લખ્યા છે

તો જે પ્રમાણે ખબર પહોંચી લખ્યા, એના પર એમણે પોતાના તરફથી કોઈ જાઈઝ નાજાઈઝનો ખુલાસો નથી કર્યો. આમ જ જેમ કે ઈતિહાસ લખવામાં આવે. એમાં પોતાની માન્યતા અને પોતાના મંતવ્યથી કોઈ સંબંધ નથી હોતો, એ વાતને ઈતિહાસ પ્રમાણે લખવાનો હેતુ હોય છે, એટલા માટે મુહદ્દિષ સાહબે જ્યારે હદીષની શરહ લમઆતમાં કરી તો એના નાજાઈઝ અને હરામ હોવાનો ફેંસલો કર્યો, જેના પુરાવા પેજ નંબર સાથે વર્ણન થઈ ગયા. જ્યારે મુહદ્દિષ સાહબે પોતાનું મંતવ્ય રજૂ કર્યું તો એમને ખબર ન હતી કે અખ્બારુલ અખ્યારમાં હું શું વર્ણન કરી ગયો છું ?! ખબર હતી, પણ ત્યાં ઈતિહાસ સંબંધિત વાત હતી અને અહીં શરીઅત સંબંધિત વાત છે. મુહદ્દિષ સાહબે "લમઆત"થી આપણને બતાવી આપ્યું કે નબી ના ફર્માનની વિરુધ્ધમાં કોઈની વાત માનવામાં નહીં આવે. અને સબએ સનાબિલમાં પણ અમુક વાતો છે જેનો સંબંધ પણ કિસ્સા કહાનીથી અને ઈતિહાસ પ્રમાણે એક બુઝુર્ગની હાલત જે એમને પહોંચી એ પ્રમાણે લખવાથી હતો, એટલે પીર અબ્દુલ વાહિદ બલગરામી પોતે કોઈને સિજદો ન કરાવતા હતા અને એમના ત્યાં વાજિંત્રોની સાથે સિમાની સભા ન થતી હતી. જે એ વાતની દલીલ છે કે એ બુઝુર્ગોની હાલત એમની જગાએ, જે હતી વર્ણન કરવામાં આવી, પણ જ્યાં સુધી પોતાનો સવાલ છે તો જે કાયદા કાનૂનથી શરીઅતમાં યોગ્ય હતું એને અપનાવ્યું. જ્યારે એમણે પોતે સિજદો ન કરાવ્યો અને વાજિંત્રોની સભા ન રાખી જે એમના ત્યાં એના નાજાઈઝ હોવાનો સંપૂર્ણ પુરાવો છે.

બીજું એ કે બરકાતી સિલસિલામાં ગયરે ખુદાને સિજદો હરામ છે એનો પુરાવા સાથે ઉલ્લેખ થઈ ગયો, સિરાજુલ અવારિફમાં છે. જ્યારે બરકાતી સિલસિલાના બુઝુર્ગોની કિતાબ વસિયત તરીકે પુકારી રહી છે કે એ કામ હરામ છે, તો શું એમને સબએ સનાબિલનું ઈલ્મ ન હતું ?! હતું, પણ વાસ્તવિક્તા એ છે કે સનાબિલના કિસ્સા ઈતિહાસ સંબંધિત છે અને અહીં પોતાના મસ્લકનું વર્ણન છે.

અલ્લામા અર્શદુલ કાદરી સાહબે જે કિતાબની છપાઈ પર વખાણ કર્યા એમાં પણ જે વાતોનું વર્ણન ઈતિહાસ તરીકે થયું એમાં પોતાના





મસ્લકનું વર્ણન નથી હોતું એટલે ઈતિહાસ તરીકે કિતાબને સ્વીકારી લેવામાં આવે છે, મસ્લક શું છે એને એમની કોઈ લખેલી કિતાબથી સાબિત કરી શકાય, અથવા એમના એવા કોઈ અમલથી જે પોતાના માટે કરાવ્યો હોય સાબિત કરી શકાય, જ્યારે આમ એમણે કર્યું નથી તો એમનો મસ્લક છે કે આ કામો જે કરવામાં આવ્યા એની ઐતિહાસિક હાલત એની જગાએ ફિક્હી દરજામાં એ જાઈઝ નથી એટલે આપે પોતે ન કર્યું, ન કરાવ્યું, અને ન પોતાની કિતાબમાં ક્યાંય એના જાઈઝ હોવાનો ઉલ્લેખ કર્યો, કોઈ વાતનું લખાણ કરતાં પહેલાં એનો પુરાવો આપતાં પહેલાં એ જાણવું જરૂરી છે કે આ સાહિબે કિતાબનું મંતવ્ય છે કે નથી, નકલ માટે પણ અક્લની જરૂરત છે, નહીં તો નકલથી મૂર્ખાઈનું પણ પોલ જાહેર થઈ જાય છે.

**સવાલ નં. ૬૪** : હઝરત ઈબ્ને ખુઝૈમાના સ્વપ્નનો જે બનાવ બન્યો અને નબીએ પાક એ એમને સિજદો કરી લેવાનું કહ્યું એ પૂરી હદીષ અને એના પર હઝરત મુહદ્દિષે દહેલ્વીનું મંતવ્ય બતાવવામાં આવે ?

**જવાબ** : હઝરત ખુઝૈમા બિન સાબિતથી રિવાયત છે :–

**અર્થાત** : "સૂતેલો જે જોવો છે એમણે જોયું કે એમણે નબીની પેશાની પર સિજદો કર્યો, તો એમણે નબીને ખબર આપી આપ જમીન પર લેટી ગયા અને ફર્માવ્યું, તમારા સ્વપ્નને સાચું કરી લો તો આપે એમના કપાળ પર સિજદો કર્યો."

લમઆતમાં છે :–

"રાસ્ત ગર્દાન ખ્વાબે ખુદરા કે દીદઈ વ સિજદા કૂન બર વજહે મન પસ સિજદા કર્દ અબૂ ખુઝૈમા બર વજહે રસૂલિલ્લાહ ."

જે સ્વપ્ન તમે જોયું એને સત્ય કરી લો અને મારા કપાળ પર સિજદો કરો, તો અબૂ ખુઝૈમાએ રસૂલુલ્લાહ ના કપાળ પર સિજદો કર્યો. *(લમઆત, ભાગ–૩, પેજ–૬૫૨)*

હદીષમાં પણ "અલા"નો શબ્દ છે "અલા" એટલે ઉપર થાય છે ફારસીમાં "અલા"નો અર્થ "બર" એટલે ઉપર થાય છે, અહીં નબીને સિજદો કર્યો એ ક્યાં પુરવાર થાય છે ?! નબીની પેશાની પર સિજદો કર્યો. જેમ કે આપણે જમીન પર સિજદો કરીએ છીએ, મુસલ્લા પર સિજદો કરીએ છીએ, ધાબા પર સિજદો કરીએ છીએ વગેરે... અને મસ્જિદમાં ભીડ હોય અને માથુ રાખવાની જગા ન હોય તો પાછલી સફના નમાઝીને આગલી સફના મુક્તદીની પીઠ પર સિજદો કરવાની રજા છે. *(નૂરુલ ઈઝાહ)*

ખુલાસો એ કે નબી માટે સિજદો સાબિત નથી થતો જેનો ઉલ્લેખ હિંદુસ્તાનના મોટા મુહદ્દિષ ગયરે ખુદા માટે સિજદાનો જવાઝ લાવે (જાઈઝ હોવું) છે એમણે નબી પર આક્ષેપ રાખેલો છે. એમના પર તૌબા જરૂરી છે. મુહદ્દિષ સાહબના ઘણા વખાણ કર્યા છે, એટલે આમ તો નથી કહી શકવાના કે આ હદીષ એમને સમજમાં ન આવી ! એમણે પણ કહ્યું કે નબીને નહીં નબીના કપાળ પર સિજદો કરવામાં આવ્યો. આ છે જૂઠનું પરિણામ કે પોતાની વાત બનાવવા નબી પર આક્ષેપ લગાડવામાં આવી રહ્યો છે ! અને એટલો પણ ડર નથી કે નબી પર આક્ષેપ લગાડવાથી કેવું ભયંકર પરિણામ દુનિયા અને આખેરતમાં આવશે !

**અર્થાત :** "કેટલી મોટી વાત એમના મોઢામાંથી નીકળી રહી છે, એ તો સ્પષ્ટ જૂઠ બોલી રહ્યા છે." *(પારા–૫, રુકૂઅ–૧૮)*

**સવાલ નં. ૬૫ :** કહેવામાં આવ્યું છે કે આ વિષય પર **હદીષો મુતવાતિર નથી,** તો તમારું શું કહેવું છે ?

**જવાબ :** આ વિષય પર જે હદીષો આવી છે એ કબૂલના આધારે **મુતવાતિર** છે, કારણ કે **સર્વ ઈમામોએ એને કબૂલી અને કોઈએ ઈન્કાર ન કર્યો** અને **એના આધારે સર્વએ એના હરામ હોવાનો હુકમ આપ્યો.**





ઈમામ બુખારી કશ્ફુલ અસરારમાં ફર્માવે છે :–

"મુતવાતિરના બે પ્રકાર છે : મુતવાતિર રિવાયતના આધારે અને મુતવાતિર ઈન્કાર વગર. એના પર અમલ જાહેર હોવાથી, તો એનું જાહેર હોવું લોકોને એની રિવાયતથી અચિંતિત કરી આપે છે અને આ એ પ્રમાણે જ છે, અમલ એના પર કબૂલ સાથે જાહેર છે ફત્વાના ઈમામો તરફથી કોઈ પણ વિવાદ વગર. તો એનાથી કુર્આનના હુકમને રદ કરવું જાઈઝ છે." *(કશ્ફુલ અસરાર, ભાગ–૩, પેજ–૧૭૮)*

સાબિત થયું સિજદાના ગયરે ખુદા માટે હરામ હોવાની રિવાયતો કબૂલના આધારે મુતવાતિર છે, અને એટલે તો **અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વીએ એને મુતવાતિર સાબિત કરી,** તફસીરોમાં રદ કરવામાં દરેક મુફસ્સિરે નસ્ખ તરીકે હદીષનું વર્ણન કર્યું, અને દરેકે એને હરામના શબ્દથી વર્ણન કર્યું.

**સવાલ નં. ૬૬ :** કહેવામાં આવે છે કે ખબરનો નસખ નથી થતો અને નાસિખ મન્સૂખમાં સૂરએ બકરહ્ અને સૂરએ યુસૂફનો ઉલ્લેખ નથી થયો, પછી નસ્ખ કેમ કરી સાબિત થાય ?

**જવાબ :** મુફસ્સિરોની તફસીરોનું વર્ણન થયું તફસીરના પ્રકરણમાં જોવામાં આવે કે મુફસ્સિરોએ સૂરએ બકરહમાં હઝરત આદમને થયેલા સિજદાના ઉલ્લેખમાં આ ઉમ્મત માટે મન્સૂખ છે એ સાબિત કર્યું, અને સૂરએ યૂસુફમાં પણ એ જ વાત વર્ણન થઈ, પછી કહેવું કે મન્સૂખ નથી ખોટો આક્ષેપ છે.

બીજું એ કે ખબરને મન્સૂખ અમે પણ નથી માનતા, પણ એ ખબરથી જે હુકમ મસ્અલો બનીને આ ઉમ્મતમાં આવતો હોય એને મન્સૂખ માનીએ છીએ, તો હઝરત આદમ માટે જે સિજદો થયો એની જગાએ, હઝરત યૂસુફને જે સિજદો કરવામાં આવ્યો એ એની જગાએ.

પણ આગલી શરીઅતની વાત આપણા માટે જાઈઝ બનીને આવી શક્તી હતી તો હદીષે એને મન્સૂખ કર્યો. સવાલ કરતાં પહેલા સવાલને સમજવાની કોશિશ કરો.

આ મસ્અલામાં હરામ હોવા પર ઉમ્મતની એકમતિ છે અને ઉમ્મતની એકમતિથી પણ નસ્ખ જાઈઝ છે, તો એના આધારે એ આપણી શરીઅતમાં હરામ થયો. ઈજમાતના પુરાવામાં પણ અમારા પાછલા પ્રકરણો પર ધ્યાન આપવામાં આવે. અને ઈજમાએ ઉમ્મત પણ કતઈ અને યકીની દલીલ બની જાય છે.

અલ્લાહના ફઝલથી એક બિદઅત જે અમુક ખાનકાહોમાં ચાલે છે અને તેઓ એને બિદઅતે સૈયેઆ નહીં બલ્કે ઈસ્લામના આધારે સારું કામ સમજે છે એને અમે અસંખ્ય દલીલોથી નષ્ટ કરી. અને એ બિદઅતને કાપી સાચા અહલે સુન્નત વર્તમાનમાં કોણ છે એ સાબિત કર્યું. મસ્લકે આ'લા હઝરત બિદઅતોથી પાક અને સુન્નતના શણગારવાળો મસ્લક છે, એમાં કોઈ બુરી બિદઅતની રજા નથી આપવામાં આવી બલ્કે દરેક બુરી બિદઅતને રદ કરી સુન્નતોને જીવંત કરવામાં આવી છે. જે લોકો બુરી બિદઅતોને દીન સમજે છે તેઓનો કોઈ અલગ ફિર્કો હશે જેઓ ગુમરાહ અને બદ્દીન છે, અમારો મસ્લક મસ્લકે આ'લા હઝરત છે જેમાં ગયરે ખુદાને તા'ઝીમી સિજદો હરામ છે અને વાજિંત્રો સાથેનો સિમા પણ નિઃશંક ! હરામ છે. તો જે કોઈ બદ્અકીદાનો મૌલ્વી આ બે બુરી બિદઅતનો રદીયો પેશ કરે એ આ બિદઅતોને મસ્લકે આ'લા હઝરત તરફ સંબંધિત ન કરે, એને અમુક ખાનકાહો તરફ સંબંધિત કરે અને એમને પોતાના તરફથી કોઈ નવું નામ આપીને સંબોધન કરે, અમારા આ લખાણ પછી કોઈ ભૂલ કરવામાં ન આવે.

**આ કિતાબથી અમે અમારો મસ્લક બિદઅત મસ્લક નથી એ સ્પષ્ટ કર્યું જેમની વિરુધ્ધમાં અમારું લખાણ થયું તેઓ જલ્દીથી પોતાની કિતાબને ખોટી સાબિત કરી તૌબાનામું છપાવે તો એમને અમારા મસ્લક સાથે રાખવામાં આવશે, નહીં તો**





**અવામે અહલે સુન્નત આ કિતાબથી ગુમરાહોને ઓળખી એમને અલગ કરે, તેઓ પોતાના માટે કોઈ અલગ નામ નિયુક્ત કરે, જેથી કરીને એમને લઈને મસ્લકે આ'લા હઝરત બદ્નામ ન થાય, જો આમ કરવામાં નહીં આવે તો જલ્દીમાં અમે નવું નામ આપીને એમને અમારાથી અલગ છે એની ઓળખ આપીશું.**

અલ્લાહ તઆલા નબીએ પાક ના સદકામાં અમારી આ કોશિશને કબૂલ ફર્માવે, અને અમારા નબીની ઉમ્મતને અમારા આ કામ થકી સત્ય માર્ગ બતાવે, અને વિરોધીઓને સાચી સમજ અતા ફર્માવે કે તેઓ તૌબા કરી બિદઅતની ગુમરાહીથી બહાર થાય. (આમીન બિજાહિ સૈયેદિલ મુરસલીન )

---


## ★ એક નવીન પ્રકાશન ★

## તબ્લીગી જમાઅત સત્યના પ્રકાશમાં

***(પેજીસ : ૩૦૪, કિંમત : રૂા. ૫૦/-)***

**અનુવાદક : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમીવાલા ઝંઘારી**

**લેખક : રઈસુલ કલમ હઝરત અલ્લામા અર્શદુલ કાદરી-જમશેદપુરી** علیہ الرحمۃ والرضوان

**પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા** C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ. **દયાદરા**-૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ, ફોન : ૦૨૬૪૨-૨૮૨૯૧૧,૨૮૨૭૯૨, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

ભોળી ભાળી લાગતી આ તબ્લીગી જમાઅત કેવી ઈમાનની લૂટેરી છે ? કઈ રીતે લોકોને ફોસલાવી તેમનું ઈમાન સરકાવી લે છે ! તેની સવિસ્તાર દાસ્તાન રઈસુલ કલામ અલ્લામા અર્શદુલ કાદરી علیہ الرحمۃ والرضوان ની ઝબાની વાંચો અને તબ્લીગી જમાઅતની ભયાનક ભીતરને સમજી તેનાથી દૂર રહો.

**નોંધ** : જેમણે **રૂા. ૨૦૦/-** મેમ્બરશીપના અથવા એટલા કે એથી વધુ મદદ અંજુમનને મોકલી હશે તેમને ઘર બેઠાં ફ્રીમાં કિતાબ મળશે.

بسم الله الرحمن الرحيم

(પ્રકરણ : ૭)

# તા'ઝીમી સિજદો હરામ હોવા વિશે ફત્વાઓ

**★ ઉલમાની કલમથી નૂરે ઈમાનની રોશની પ્રસરી અને ગુમરાહીની આંધી દૂર થઈ ગઈ ! ★**

ઈસ્લામમાં કોઈ પણ ચીજના હક્ક કે બાતિલ (નાહક્ક) હોવા બાબતે ચાર શરીઅત મુજબની દલીલો છે જેને "અદિલ્લએ અરબા" કહેવામાં આવે છે : (૧) કુર્આન (૨) હદીષ (૩) ઈજમાઅ (૪) કયાસ. અને એના પરથી હક્ક તથા બાતિલ, હરામ તથા હલાલની સાબિતી કરવી એ કામ કેવળ અને કેવળ ઉલમાએ કિરામનું જ છે. તેઓ જ એના નિષ્ણાત હોય છે અને એના થકી કાયદા ઘડે છે તથા ફત્વા જે તે વિષયના રજૂ કરે છે. અને તમામ ઉલમા તથા બુઝુર્ગોનો આ વિશે **ઈજમાઅ** છે કે શરીઅતે મુહમ્મદીમાં **તા'ઝીમી સિજદો હરામ છે** અને કેટલાક ઉલમાએ એને કુફ્ર દર્શાવ્યો એ આધારે કે **જે અલ્લાહના હરામ કરેલાને હલાલ બતાવે તેણે કુફ્ર કર્યું.**

આ ઉલમા સિવાય અન્ય કોઈ ફત્વા બહાર પાડી શક્તુ નથી, કારણ કે ઉલમા કુર્આન, હદીષને અનુસરીને જ નિર્ણયો લે છે, જેથી નૂરે ઈમાનની રોશની એના થકી પ્રસરે છે અને ગુમરાહીનો અંધકાર દૂર ભાગે છે.

આવો ! તો થોડાક ફત્વાઓ ઉલમાની કલમે કુર્આન–હદીષની મુજબ પ્રદર્શિત થયા તેને જોતા ચાલીએ અને ગુમરાહીના અંધકારને



મુકાશફતુલ ગુયૂબ વ હકીકતુસ્ સુજૂદનું ઓપરેશન

દૂર કરતા ચાલીએ. હજી હિંદુસ્તાનભરના દારુલ ઈફતામાંથી ફત્વાના જવાબો આવવાનું ચાલુ છે, હાલ જે ફત્વા આવી ચૂક્યા છે તેનો અભ્યાસ કરી લો ! **સર્વ ઉલમાનો એક જ જવાબ છે કે તા'ઝીમી સિજદો હરામ છે ! હરામ છે ! હરામ છે !**

**પ્રશ્ન** : શું ફર્માવે છે દીનના આલિમો આ મસ્અલામાં કે એક પીર સાહબ પોતાના મુરીદો પાસે સિજદાએ તા'ઝીમી કરાવે છે અને તેના જાઈઝ હોવા સંબંધે કિતાબ કાઢી છે. તો શરીઅતે મુહમ્મદીમાં એના બારામાં શો હુકમ છે ?

**★ પ્રથમ જવાબ ★**

**દારુલ ઈફતા : દા.ઉ. ગુલશને અજમેર–ભરૂચ થકી**

અલ્જવાબ બઅવ્ને મલિકિલ વહ્હાબ

**કુર્આનથી સિજદાનું હરામ હોવું** : અલ્લાહ તઆલા સિવાય કોઈને પણ સિજદો કરવો જાઈઝ નથી. કુર્આને પાક, પારા–૩, રુકૂઅ–૧૬માં છે : એટલે "શું નબી તમને કુફ્રનો હુકમ આપશે એના પછી કે તમે મુસલમાન બન્યા !"

અબ્દુલ્લાહ ઈબ્ને હમીદ પોતાની મુસ્નદમાં સૈયદના ઈમામ હસન બસરી رضي الله عنه થી રિવાયત કરે છે. તેમણે ફર્માવ્યું :–

**અર્થ** : મને હદીષ પહોંચી કે એક સહાબીએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અમે હુઝૂરને પણ એવો જ સલામ કરીએ છીએ જેવો કે આપસમાં કરીએ છીએ. અમે હુઝૂરને સિજદો ન કરીએ ? ફર્માવ્યું,

નહીં ! બલ્કે તમારા નબીની તા'ઝીમ કરો અને સિજદો ખાસ ખુદાનો હક્ક છે, તેના માટે રાખો કે અલ્લાહ તઆલાના સિવાય કોઈને સિજદો જાઈઝ નથી. એના પર આ આયતે કરીમા અલ્લાહ તઆલાએ ઉતારી. (જે ઉપર વર્ણન થઈ.)

**હદીષોથી તા'ઝીમી સિજદાનું હરામ હોવું :–**

**(અર્થ)** : "હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલુલ્લાહ એ ફર્માવ્યું કે જો હું કોઈને કોઈ (મખ્લૂક)ને સિજદો કરવાનો હુકમ આપતો તો ઔરતને જરૂરથી હુકમ આપતો કે તેણી પોતાના પતિને સિજદો કરે." *(મિશ્કાત, પેજ–૨૮૧)*

આ હદીષ હેઠળ હઝરત મુલ્લા અલી કારી علیہ الرحمۃ والرضوان ફર્માવે છે :–

**(અર્થ)** : હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે રસૂલુલ્લાહ મુહાજિર તથા અન્સારની એક જમાઅતમાં બેઠેલા હતા એવામાં એક ઊંટે આવીને હુઝૂરને સિજદો કર્યો. સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ચોપગાંઓ અને ઝાડ હુઝૂરને સિજદો કરે છે તો અમે અધિક હક્કદાર છીએ કે હુઝૂરને સિજદો કરીએ. હુઝૂરે ફર્માવ્યું : અલ્લાહ તઆલાની ઈબાદત કરો અને અમારી તા'ઝીમ કરો. જો હું કોઈને કોઈ (મખ્લૂક)ને સિજદો કરવાનો હુકમ આપતો તો ઔરતને જરૂર હુકમ આપતો કે તે પોતાના પતિને સિજદો કરે. *(મિશ્કાત શરીફ, પેજ–૨૮૩)*





**ફુકહાએ કિરામ (દીની વિદ્વાનો)ની દષ્ટિએ તા'ઝીમી સિજદો હરામ :–**

ફતાવા આલમગીરી, ભાગ–૫, મિસ્રી, પેજ–૨૩૧માં છે :–

**(અર્થ)** : "જેણે તા'ઝીમના રૂપે બાદશાહને સિજદો કર્યો અથવા તેની સમક્ષ જમીન ચૂમી તો કાફિર ન થયો પણ કબીરામાં પડવાને કારણે ગુનેહગાર થયો. મુખ્તાર મઝહબ એ જ છે." અને ફકીહ અબૂ જઅફર رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે જો ઈબાદતની નિય્યતથી બાદશાહને સિજદો કર્યો અથવા ઈબાદતની કે તા'ઝીમની કોઈ નિય્યત તે વખતે ન હતી તો બેશક ! કાફિર થઈ ગયો. અને હઝરત શાહ અબ્દુલ અઝીઝ علیہ الرحمۃ والرضوان લખે છે : **તા'ઝીમી સિજદો હરામ હોવા બાબતે કતઈ ઈજમાઅ છે.** *(ફતાવા અઝીઝિયા, મતબૂઆ રહીમિયા, ભાગ–૧, પેજ–૧૦૧)*

ઉપરોક્ત કુર્આની આયતો, તફસીર મુબારકા તેમજ નબવી હદીષો તથા ફકીહોના કથનોની રોશનીમાં બપોરે ચમકતા સૂર્યની માફક સ્પષ્ટ થઈ ગયું કે **ગૈરે ખુદાને સિજદો કરવો જાઈઝ નથી.** ચાહે બાદશાહ હોય કે પીર કે અન્ય કોઈ. જેથી જે શખ્સ ગૈરે ખુદાને સિજદો જાઈઝ બતાવે અને પોતાના મુરીદોને તેનો હુકમ આપે તે **"ગુમરાહ"** છે, **એનાથી મુરીદ થવું જાઈઝ નથી.** અલ્લાહ તઆલા મુસલમાનોને હક્ક સમજવાની તૌફીક અતા ફર્માવે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર** : કલીમુલ્લાહ નિઝામી *(ખાદિમ દારુલ ઉલૂમ ગુલશને અજમેર, ભરૂચ, ગુજરાત)* ૨૩–૬–૧૪૨૬ હિજરી

**અલ્જવાબ સહીહ વલ્ મુજીબિ નજીહ**-અબ્દુલમન્નાન નૂરી રઝવી *(ખાદિમ દારુલ ઉલૂમ હાઝા)* ૨૩–૬–૧૪૨૬ **મોહર**

**અલ્જવાબ સહીહ**-(મૌલાના) મોહસિન મક્કી મિસ્બાહી (સેગવાવાળા)

★ બીજો જવાબ ★

## દારુલ ઈફતા : દા.ઉ. મુસ્તફાઈયા–હલદરવા થકી

**અલ્જવાબ બિઅવનિલ મલિકિલ્ વહહાબ** : સિજદાએ તા'ઝીમી સખત **નાજાઈઝ** તથા **હરામ** છે.

જેમ કે "શરહે ફિકહે અકબર" પેજ–૨૩૦માં છે :–

**(અર્થ)** : "ગૈરુલ્લાહના માટે સિજદો હરામ છે."

અને ફતાવા આલમગીરી, ભાગ–૫, પેજ–૨૩૧માં ફતાવા ગરાઈબથી છે : **(અર્થ)** : "ગૈરે ખુદા માટે સિજદો જાઈઝ નથી."

અને ફતાવા અઝીઝિયા, ભાગ–૧, પેજ–૧૦૧માં છે :–

**(અર્થ)** "તા'ઝીમી સિજદો હરામ હોવા બાબતે **કતઈ ઈજમાઅ** છે."

સિજદો તો સિજદો પણ જમીનને ચૂમવું પણ હરામ છે, જેમ કે દુર્રે મુખ્તાર, ભાગ–૫, કિતાબુલ ખતર વલ્ઇબાહામાં છે :–

**(અર્થ)** : "આલિમો અને બુઝુર્ગોની સામે જમીન ચૂમવી હરામ છે, અને ચૂમનાર તથા તેના પર રાજી થનાર બંને ગુનેહગાર છે. એટલા માટે કે એ મૂર્તિપૂજાની જેમ છે. એના જેમ શરહે ફિકહે અકબર, પેજ–૨૩૮ અને ફતાવા આલમગીરી, ભાગ–૫, પેજ–૩૨૧માં પણ છે.

તા'ઝીમની નિય્યત સાથે સિજદો અને જમીનને ચુંબન કરનાર તથા કરાવનાર કાફિર તો થશે નહીં, પણ કબીરામાં પડવાના કારણે ગુનેહગાર થશે, અને જો ઈબાદતની નિય્યતે હોય તો **કાફિર** છે. જેમ કે ફતાવા આલમગીરી, ભાગ–૫, પેજ–૨૩૧માં જવાહિરુલ અખ્લાતીથી છે :–





**(અર્થ)** : "જેણે તા'ઝીમની નિય્યતે બાદશાહને સિજદો કર્યો અથવા એની સામે જમીન ચૂમી તો કાફિર ન થયો પણ કબીરામાં પડવાને કારણે ગુનેહગાર થયો. મુખ્તાર (Selected) મઝહબ એ જ છે." એ (તા'ઝીમી સિજદો) આગલી ઉમ્મતોમાં જાઈઝ હતો પણ આ શરીઅતમાં મન્સૂખ (રદ) થઈ ગયો.

જેમ કે મઆલિમુત્તન્ઝીલ, સૂરએ યૂસુફમાં છે :–

**(અર્થ)** : "એ આગલી ઉમ્મતોમાં જાઈઝ હતો પણ આ શરીઅતમાં મન્સૂખ (રદ) થઈ ગયો."

અને શામી, ભાગ–૫, પેજ–૨૪૬માં છે :–

**(અર્થ)** : પછી રસૂલુલ્લાહ ના આ ફર્માનથી મન્સૂખ (રદ) થઈ ગયો કે, "જો હું કોઈને કોઈ (મખ્લૂક)ને સિજદો કરવાનો હુકમ આપતો તો ઔરતને જરૂર હુકમ આપતો કે તેણી પોતાના પતિને સિજદો કરે."

હવે તો (એટલે આપણી શરીઅતમાં) રુકૂઅ સમાન ઝુકવું પણ મના છે, જેમ કે ફતાવા આલમગીરી, ભાગ–૫, પેજ–૩૨૧માં છે :–

**(અર્થ)** : "બાદશાહ હોય કે કોઈ અન્ય હોય, તેના માટે ઝુકવું મકરૂહ છે કે મજૂસીઓ (અગ્નિપૂજકો)ના કૃત્યથી મળતાપણુ ધરાવે છે." અને એવું જ શામી, ભાગ–૫, પેજ–૨૪૬ પણ છે. અને તમરતાશી ફતાવા આલમગીરી, ભાગ–૫, પેજ–૩૨૧માં છે :

**(અર્થ)** : "સલામ કરતી વખતે રુકૂઅ જેટલા ઝુકવું મના છે, હદીષમાં એનાથી મનાઈ ફર્માવી છે."

હઝરત આદમ તથા હઝરત યૂસુફ ના માટે તા'ઝીમી સિજદો જાઈઝ સમજવો જેહાલત (અજ્ઞાનતા) છે, કેમ કે અમુક મુફસ્સિરોની દૃષ્ટિએ સિજદાથી જમીન પર પેશાની ટેકવવું મુરાદ નથી, એ તો કેવળ ઝુકવું તથા આજિઝી કરવું હતું. અને અમુક મુફસ્સિરોની

દૃષ્ટિએ હકીકતમાં તે સિજદો અલ્લાહ તઆલાના માટે હતો, હઝરત આદમ તથા યૂસુફ કિબ્લા હતા જેમ કે કા'બા નમાઝનો કિબ્લો છે. *(મુઆલિમુત્તન્ઝીલ તથા તફસીરે ખાઝિન તથા જલાલૈન)*

સહાબાએ કિરામે એક ઊંટને આવીને હુઝૂર ની બારગાહમાં સિજદો કરતાં જોયું તો સિજદો કરવાની રજા માંગી. તો આપ એ ઈજાઝત ન આપી, બલ્કે તેમને રોક્યા. *(મિશ્કાત શરીફ)*

હુઝૂર સિજદો કરવાથી મના ફર્માવે તેમ છતાં જે મુરીદો પાસે સિજદો કરાવે તે શૈતાની પીર છે, એનાથી મુરીદ થવું એ ગુમરાહીનો સબબ છે અને એની પાછળ પઢેલી નમાઝો દોહરાવવી વાજિબ છે. મુસલમાનભાઈ તેને પોતાનાથી દૂર રાખે અને તેનાથી દૂર રહે અને તેની કિતાબને વાંચે, ન સાંભળે કેમ કે શૈતાનને બેહકાવતાં વાર નથી લાગતી. વલ્લાહુ તઆલા અઅ્લમુ વ રસૂલિહી عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ.

**લખનાર** : મુહમ્મદ મુખ્તાર કાદરી ગુફિરલહૂ *(ખાદિમુલ ઈફતા : દા.ઉ. મુસ્તફાઈયા, હલદરવા, જિ. વડોદરા, ગુજરાત)* ૨૨–જમાદીલ આખર, હિ.સ. ૧૪૨૬

**મોહર**

★ ત્રીજો જવાબ ★

## દારુલ ઈફતા : દા.ઉ મુસ્તફાઈયા અશરફિયા–ટંકારીઆ થકી

۷۸۶/۹۲

મેં હઝરત મૌલાના મુફતી મુહમ્મદ મુખ્તાર આલમ અને મૌલાના મુફતી કલીમુલ્લાહ નિઝામી સાહબોના જવાબોને સંપૂર્ણપણે વાંચ્યા અને દરેક પાસા પર નજર કરી, અલ્હમ્દુલિલ્લાહ જવાબ સહીહ પામ્યો. હું હઝરાતના જવાબોની તસ્દીક (સમર્થન) કરું છું.

**લખનાર** : અબ્દ અલઆસી ગુલામ હામિદ રઝા મિસ્બાહી ગુફિરલહૂ *(દા.ઉ. અશરફિયા મુસ્તફાઈયા–ટંકારીઆ, તા. જિ. ભરૂચ)* ૨૩–જમાદીલ આખર, હિ.સ. ૧૪૨૬ **મોહર**



મુકાશફતુલ ગુયૂબ વ હકીકતુસ્ સુજૂદનું ઓપરેશન

★ ચોથો જવાબ ★

## દારુલ ઈફતા : દા.ઉ. બુખારીયા ફયઝુર્રસૂલ–ચાંચવેલનો જવાબ

હું મુહમ્મદ મુસ્લેહુદ્દીન અફી અન્હૂ એ વાતનું સમર્થન કરું છું કે તા'ઝીમી સિજદાના નાજાઈઝ તથા હરામ હોવા પર પોતાના ફત્વાઓમાં મૌલાના મુફતી મુહમ્મદ કલીમુલ્લાહ સાહબ તથા મૌલાના મુફતી મુહમ્મદ મુખ્તાર સાહબે રસૂલ ની હદીષો તથા મુજતહીદોનાં કથનોને દલીલરૂપે રજૂ કર્યાં છે તે તદ્દન સહીહ છે. અલ્લાહ તઆલા એ હઝરાતને મહાન બદલો અર્પણ કરે અને તા'ઝીમી સિજદો જાઈઝ સમજનારાઓને હિદાયતની રોશની અતા કરે. આમીન ષુમ્મ આમીન.

**લખનાર** : મુહમ્મદ મુસ્લેહુદ્દીન અફી અન્હૂ *(દા.ઉ બુખારીયા ફયઝુર્રસૂલ–ચાંચવેલ, તા. વાગરા, જિ. ભરૂચ)* ૨૪–જમા. આખર, હિ.સ. ૧૪૨૬, ઈ.સ. પ્રમાણે ૩૧–૭–૨૦૦૫ **મોહર**

★ પાંચમો જવાબ ★

## દારુલ ઈફતા : દા.ઉ. મુઈનુલ ઈસ્લામ–થામનો જવાબ

۷۸۶/۹۲

મૌલાના મુફતી મુહમ્મદ મુખ્તાર આલમ તથા મૌલાના કલીમુલ્લાહ નિઝામી સાહબોએ તા'ઝીમી સિજદો હરામ હોવા બાબતે જે જવાબો લખ્યા છે તે સહીહ છે. હું એને સમર્થન કરું છું. મૌલા તઆલા તેમને સારો બદલો આપે અને તા'ઝીમી સિજદો જાઈઝ સમજનારાઓને હિદાયતનો હક્ક માર્ગ અતા કરે. આમીન બિજાહિ સૈયદુલ મુરસલીન .

**લખનાર** : નઝ્રુલહક્ક મિસ્બાહી *(ખાદિમે ઈફતા વત્તદરીસ દા.ઉ. મુઈનુલ ઈસ્લામ–થામ, તા. જિ. ભરૂચ, ગુજરાત)* તા. ૨૫ જમા. આખર હિ.સ. ૧૪૨૬, ઈ.સ. પ્રમાણે ૧–૮–૨૦૦૫ **મોહર**

★ છઠ્ઠો જવાબ ★

## દારુલ ઈફતા : દા.ઉ. નૂરે મુહમ્મદી–દયાદરાનો જવાબ

મૌલાના મુફતી મુખ્તાર આલમ તથા મૌલાના કલીમુલ્લાહ સાહબોએ તા'ઝીમી સિજદાના નાજાઈઝ હોવા બાબતે જે દલીલો રજૂ કરી છે તે તદ્દન સહીહ તથા હક્ક છે. એ દલીલોથી ધોળા દિવસની જેમ તા'ઝીમી સિજદાનું હરામ હોવું સ્પષ્ટ થઈ જાય છે. અલ્લાહ તઆલાથી દુઆ છે કે તે તા'ઝીમી સિજદાને જાઈઝ સમજનારાઓને તૌબાની તૌફીક અતા ફર્માવે અને આમ મુસલમાનોને તેમના ધોકા તથા પ્રપંચથી મેહફૂઝ તથા સલામત રાખે. (આમીન)

**લખનાર** : (મૌલાના) મુહમ્મદ મુબારક (મછાસરવી)

**સમર્થક ઉલમાની સહીઓ** : (૧) મુહમ્મદ વાસિક અલી (૨) મુહમ્મદ સાદિક હસન (દહેગામી) (૩) મુહમ્મદ ફિરોઝ અહમદ (૪) મુહમ્મદ હબીબુલ્લાહ

**સ્થળ** : દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા, તા. જિ. ભરૂચ (તા. ૩–૮–૨૦૦૫) ૨૭ જમા. આખર હિ. ૧૪૨૬ મોહર

★ સાતમો જવાબ ★

## હઝરત મૌલાના સૈયદ બડાસાહબ દયાદરવીના થકી

હું સૈયદ અઝીઝ અહમદ ઉર્ફે સૈયદ બડા સાહબ આ ફત્વાની તસ્દીક (સમર્થન) કરું છું કે **મુફતી સાહબોએ જે ફત્વો આપ્યો છે તે તદ્દન શરીઅતે પાકના પ્રમાણે એકદમ સહીહ છે. સિજદાએ તા'ઝીમના હરામ તથા નાજાઈઝમાં કોઈ શક નથી.** જાઈઝ કહેનારાઓને અલ્લાહ તઆલા તૌબાની તૌફીક અતા ફર્માવે. ફકત....

**લખનાર** : સૈયદ અઝીઝ અહમદ ઉર્ફે બડા સાહબ ચિશ્તી સાબરી ગુફિરલહૂ *(ખાનકાહે ચિશ્તિયા સાબરિય્યહ–દયાદરા, તા. જિ. ભરૂચ)*





**અલ્ જવાબ સહીહ** : મુહમ્મદ બશીર રિફાકતી *(ખતીબો ઈમામ પીર છત્તર મસ્જિદ–ભરૂચ)*

★ આઠમો જવાબ ★

## દારુલ ઈફતા : દા.ઉ. ખ્વાજાદાના–સૂરતના થકી

**અલ્જવાબ** : બેશક ! તા'ઝીમી સિજદો **સખ્ત નાજાઈઝ** તથા **હરામ** છે જે એને જાઈઝ કહે અથવા પોતાના મુરીદોને તા'ઝીમી સિજદાની ઈજાઝત આપે તેનું કથન બાતિલ તથા મરદૂદ છે. કુર્આન, હદીષ તથા ફુકહાએ કિરામના અકવાલ (કથનો)થી સિજદાએ તા'ઝીમીનું જાઈઝ હોવું સાબિત નથી, બલ્કે નાજાઈઝ તથા હરામ હોવું સાબિત છે.

કુર્આને કરીમ, પારા–૩, રુકૂઅ–૧૬માં છે :–

**(અર્થ)** : "શું નબી તમને કુફ્રનો હુકમ આપે ! ત્યાર પછી કે તમે મુસલમાન હોઉ."

અબ્દ બિન હમીદ પોતાની મુસ્નદમાં સૈયેદના ઈમામ હસન બસરી رضی اللہ عنہ થી રિવાયત કરે છે. તેમણે ફર્માવ્યું :–

**(અર્થ)** : મને હદીષ પહોંચી કે એક સહાબીએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અમે હુઝૂરને પણ એવી જ સલામ કરીએ છીએ જેમ કે આપસમાં કરીએ છીએ, તો શું અમે હુઝૂરને સિજદો કરીએ ? ફર્માવ્યું, નહીં ! બલ્કે તમારા નબીની તા'ઝીમ કરો અને સિજદો ખાસ ખુદાનો

હક્ક છે તેના માટે રાખો. કેમ કે અલ્લાહ સિવાય કોઈને સિજદો કરવો જાઈઝ નથી. એના પર અલ્લાહ તઆલાએ ઉપરની આયત નાઝિલ ફર્માવી.

હઝરત મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہ લખે છે :–

**(અર્થ)** : "ગૈરુલ્લાહને માટે સિજદો **હરામ** છે." *(શરહે ફિકહે અકબર, પેજ–ર૩૦)*

મેં સિજદાએ તા'ઝીમી હરામ હોવા બાબતે એક કુર્આની આયત, એક હદીષ અને ફકીહોનાં કથનોને વર્ણન કર્યા છે જેનાથી તા'ઝીમી સિજદો કતઈ તૌર પર હરામ સાબિત થાય છે. **તા'ઝીમી સિજદાના હરામ હોવા બાબતે કુર્આની આયતો, મુબારક હદીષો તથા ફકીહોનાં કથનો એટલા પુષ્કળ પ્રમાણમાં છે કે લખાણમાં સમેટવામાં આવે તો એક દફતર વજૂદમાં આવી જાય.** સત્ય સ્વીકારવાના માટે આટલુ બસ છે અને મુન્કિરો (નકારનારાઓ)ના માટે સમુદ્ર પણ પૂરતો નથી. **જે શખ્સ તા'ઝીમી સિજદાની ઈજાઝત આપે અથવા કરાવે તે શખ્સ ગુમરાહ, જાહિલ, કુફ્રની નિકટ છે. તે તૌબા કરે. એવા શખ્સને પીર બનાવવો જાઈઝ નથી.** અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર** :મુહમ્મદ કૈસર આલમ અશરફી મિસ્બાહી *(દારુલ ઉલૂમ ખ્વાજાદાના–સૂરત)* ર૬–જમા. આખર હિ.સ. ૧૪ર૬

મોહર

### ★ નવમો જવાબ ★

## દારુલ ઈફતા જામિઆ અશરફિયા મુબારકપુર થકી

**અલ્જવાબ** : ફતાવા રઝવિય્યામાં છે : **તા'ઝીમી સિજદો હરામ** હોવા પર કતઈ **"ઈજમાઅ"** છે અને કતઅન માલૂમ કે ઉમ્મતના ઈજમાઅને તોડનાર કમસે કમ ફાસિક છે. ઈમામોમાં કોણ એવો છે





એટલે સુધી કે સહાબા જેમનો કોઈ ન કોઈ કૌલ મરજૂહ નથી, તેઓ મઆઝલ્લાહ ! મઆઝલ્લાહ ! ન જાહિલ ન ફાસિક, **પરંતુ જે કૌલ જમહૂર (સમગ્ર ઉલમાની એકમતિ)ની વિરૂધ્ધ હોય, એમાં કોઈના મરજૂહ કૌલ પર હુકમ કે ફત્વો આપે તે જરૂર જાહિલ તથા ફાસિક છે.** તો હઝરત સૈયદના મહબૂબે ઈલાહી અને તેમના મહાન પીરો رضوان اللہ تعالیٰ علیہم اجمعین ખુદાના મહબૂબો છે અને **તા'ઝીમી સિજદાનું જાઈઝ હોવું એ સમગ્ર અવલિયા, ઉલમાના ઈજમાઅ તથા ફકીહો તેમજ હદીષ તથા કુર્આનની વિરૂધ્ધ છે.** મરજૂહ તથા મહજૂર. અને એવા કૌલની સનદથી એ જે એના પર ફત્વો આપી રહયો (જાઈઝનો) તે **જાહિલ** તથા **ફાસિક** ચોક્કસ છે.

**શરીઅતે પાક સૌના માટે દલીલ** છે અને **શરીઅત પાક માટે કોઈ ચીજ દલીલ નથી.** (ઔલિયા હઝરાત જેમની વિલાયત સાબિતિ પામેલ તથા તેહકીક પામેલ છે તેમના થકી જે કથન કે કાર્ય અથવા હાલ એવો નકલ થયેલ હોય કે જે જાહેરી શરીઅતની વિરૂધ્ધ હોય તો :–

**પ્રથમ** : જો તે સહીહ સનદ તથા વિ□નીય રીતે સાબિત નથી તો નકલ કરનાર માટે મરદૂદ છે અને આલિયાનો દામન એનાથી પાક છે. બલ્કે ઔલિયા તો ઔલિયા પણ હુજ્જતુલ ઈસ્લામ ગિઝાલી قدس سرہ એ અહયા શરીફમાં સ્પષ્ટતા કરી છે કે "કોઈ મુસલમાનના પ્રતિ કબીરા (ગુનાહ)ની નિસ્બત જાઈઝ નથી, જ્યાં સુધી સાબિતી પૂર્ણપણે ન થાય."

**બીજુ** : જો એ સાબિતિ વિ□સનીય સાબિતી અને તાવીલ (અર્થઘટન)ની શક્યતા ધરાવે છે તો તાવીલ કરવી લાઝિમ છે.

**ત્રીજુ** : જો તાવીલ શક્ય ન હોય પણ શક્યતા હોય કે એ વાત તેમના વિલાયત તથા ઈમામતના ઉચ્ચ દરજ્જે પહોંચ્યા પહેલાંની છે તો એના પર આધાર બનાવીશું અને ન એનાથી સનદ બનાવવી જાઈઝ થશે ન તેમના પર વાંધો કરવો જાઈઝ થશે.

**ચોથુ** : એ પણ શક્ય ન હોય તો જેમની વિલાયત તથા ઈમામત સાબિત તથા નિશ્ચિત છે તેમના એવા કાર્યને ખિઝર علیہ الصلوٰۃ والسلام

ના કબીલ (ગૃપ)માંથી ઠરાવવામાં આવશે અને એવા કલામ (વાણી)ને 'મુતશાબેહાત'માંથી ઠરાવવામાં આવશે કે તેમના પર ટોણા ન મારીએ અને ન એનાથી બહષ કરવામાં આવશે. **અને ગુમરાહ છે તે કે જે 'મુતશાબેહાત'નું અનુસરણ કરે.** *(ફતાવા રઝવિય્યહ, પેજ–૨૪૧, ભાગ–૯, નિસ્ફ આખિર)*

આ સંશોધનાત્મક લખાણ ન્યાય પ્રિય વ્યક્તિ માટે પૂરતુ છે. અલ્લાહ સાચી તૌફીક આપે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર** : મુહમ્મદ નિઝ્ઝામુદ્દીન રઝ્ઝવી મિસ્બાહી *(સદર મુફતી જામિઆ અશરફિયા–મુબારકપુર)* ૨૭–જમા. આખર હિ.સ. ૧૪૨૬

## ★ ૧૦ મો જવાબ ★

## જનાબ મૌલાના ઈલ્યાસખાન નૂરી (રતનપૂર–જિ. ખેડા) થકી

(કુર્આન, હદીષ, ફકીહોનાં કથનોથી વિગતવાર ચર્ચા કર્યા બાદ કે જે આગલા લખાણોમાં આવી ગયેલ છે મૌલાના જણાવે છે કે ......)

આ તમામ હવાલાઓથી બપોરે ચમકતા સૂરજની જેમ એ વાત રોશન થઈ ગઈ કે **ઈસ્લામી શરીઅતમાં તા'ઝીમી સિજદો તદ્દન નાજાઈઝ તથા હરામ છે અને તેમાં પડનાર જહન્નમના અઝાબનો હક્કદાર છે.**

**લખનાર** : મુહમ્મદ ઈલ્યાસખાન નૂરી, રતનપુર (ખેડા)

## ★ ૧૧ મો જવાબ ★

## દારુલ ઈફતા જામિઆ અમજદિયા ઘોસી (યુ.પી.)ના થકી

**અલ્જવાબ** : તા'ઝીમી સિજદો શરીઅતમાં **હરામ સખ્ત હરામ**





અને ઈબાદતની નિય્યતે કુફ્ર છે. એને કરાવનાર તથા કરનાર બંને ગુનેહગાર તથા જહન્નમની આગના હક્કદાર છે.

ફતાવા આલમગીરીમાં છે :–

એમાં છે : ان الفاعل والراضي كافران (પેજ–૩૬૮, ભાગ–૫) જેથી પ્રથમ સ્થિતિમાં ઝયદ પર તૌબા અને કરેલા કાર્ય પર શર્મિંદગી વાજિબ છે. અને બીજી સ્થિતિમાં નવેસરથી નિકાહ તથા નવેસરથી મુરીદ થવું લાઝિમ છે. નહીં તો સમાજમાં એનો બહિષ્કાર કરવામાં આવે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર** : મુહમ્મદ હસન રઝ્ઝા મિસ્બાહી *(મુતઅલ્લિમ તેહકીક વિભાગ જામિઆ અમજદિયા, ઘોસી)* તા. ૧૮ જમા. આખર, હિ.સ. ૧૪૨૬

તા'ઝીમી સિજદો ભલે ઈબાદતનો ન હોય **હરામ** છે. હરામ કરનાર અને કરાવનાર **બંને હરામમાં પડયા બંનેવ તૌબા કરે.** ઉપરોક્ત જવાબ સહીહ છે.

-હકીર ઝિયાઉલ મુસ્તફા કાદરી ગુફિરલહૂ

અલજવાબ સહીહ, અલ્લાહ બેહતર જાણનાર છે. મોહર

-શમસાદ અહમદ મિસ્બાહી *ખાદિમ જામિઆ અમજદિયા–ઘોસી (યુ.પી.)*

## ★ ૧૨, ૧૩, ૧૪ અને ૧૫ મો જવાબ ★

## દારુલ ઈફતા ધ્રોલ, બેડી બંદર, રાજકોટ તથા જામનગરના દારુલ ઉલૂમોના દારુલ ઈફતા થકી

જણાવેલ પ્રશ્ન પર કુર્આન, હદીષ, ઉલમાના અકવાલ રજૂ કરી આગલા ફત્વાઓની જેમ નીચેના સહી કરનાર ઉલમાએ પણ તા'ઝીમી સિજદો હરામ હોવાનું દર્શાવ્યું અને જણાવ્યું કે :–

તા'ઝીમી સિજદો કરનાર તથા કરાવનાર બંનેવ હરામ કામમાં પડનારા તથા ગુમરાહ છે, અને એવા પીરથી મુરીદ થવું જાઈઝ નથી.

**સહીઓ :-**

★ (મૌલાના) મોહસિન રઝા કાદરી રઝવી બરકાતી *(દારુલ ઈફતા દા. ઉ. અન્વારે મુસ્તફા રઝા–ધ્રોલ, જિ. જામનગર)* તા. ૧૮ જમા. આખર, હિ.સ. ૧૪૨૬

★ (મૌલાના) આરિફુલ્લાહ યારઅલ્વી *(દારુલ ઈફતા દા.ઉ. રઝવીય્યા–જામનગર)* તા. ૧૯ જમા. આખર, હિ.સ. ૧૪૨૬

★ (મૌલાના) અલાઉદ્દીન કાદરી રઝવી બરકાતી *(દારુલ ઈફતા દા.ઉ. તુર્કિયા–રાજકોટ)* તા. ૨૦ જમા. આખર, હિ.સ. ૧૪૨૬

★ (મૌલાના) સૈયદ સલીમ અહમદ કાદરી રઝવી બરકાતી *(દારુલ ઈફતા દા.ઉ. અન્વારે ખ્વાજા, ૧–ધરાર નગર, જામનગર)* તા. ૨૧ જમા. આખર, હિ.સ. ૧૪૨૬

*(અસલ ફત્વામાં દરેક દારુલ ઈફતાની મોહર પણ લાગેલી છે.)*

**★ ૧૬મો જવાબ ★**

## દારુલ ઈફતા "દારુલ ઉલૂમ શૈખ અહમદ ખટ્ટુ", સરખેજ–અમદાવાદ થકી

**અલ્જવાબ** : ઉપરોક્ત સ્થિતિમાં (સવાલની તથા સવાલ કરનારની સત્યતાની શરતે) સિજદાએ તા'ઝીમી ગૈરુલ્લાહના માટે **હરામ** અને ઈબાદતનો સિજદો **શિર્ક** છે. અને સિજદાએ તા'ઝીમી કરનારા અને કરાવનાર બંને ગુનાહે કબીરામાં પડનારા ઠર્યા. બંને પર તૌબા તથા ઈસ્તિગફાર લાઝિમ તથા જરૂરી છે, અને આવી હરકતો તથા કાર્યોથી દૂર થવું જરૂરી છે, નહીં તો એવું કરનાર તથા કરાવનારની ઈકતેદામાં નમાઝ મકરૂહે તહરીમી દોહરાવવી વાજિબ. વલ્લાહુ તઆલા અઅ્લમ બિસ્સવાબ.

**લખનાર** : ફકીર વલી અસ્ગર વહીદી ખાદિમ દા.ઉ. શૈખ અહમદ ખટ્ટુ–બડી દરગાહ, સરખેજ અહમદાબાદ





**અલ્જવાબ સહીહ** : અબ્દુલકુદ્દુસ મિસ્બાહી *(સદર ફત્વા વિભાગ, દા.ઉ. શૈખ અહમદ ખટ્ટુ, બડી દરગાહ સરખેજ, અહમદાબાદ)* તા. ૬–૮–૨૦૦૫ **મોહર**

**★ ૧૭મો જવાબ ★**

## દારુલ ઈફતા : દા.ઉ. ગૌષે આ'ઝમ–પોરબંદર થકી

તા'ઝીમી સિજદો શરીઅતે મુહમ્મદી (ﷺ)માં **હરામ** છે. તેનું હરામ હોવું કુર્આન, હદીષ તથા ફકીહોના અકવાલ (કથનો)થી સાબિત છે. જે એને **જાઈઝ કહે** અને સારું જાણીને ખુશ થઈને તેની ઈજાઝત આપે તે **કાફિર** છે.

કુર્આન શરીફમાં છે :–

**اَیَاْمُرُکُمْ بِالْکُفْرِ بَعْدَ اِذْ اَنْتُمْ مُسْلِمُوْنَ۔** *(પારા–૩, રુકૂઅ–૪)*

સાહિબે તફસીરે મદારિક, તફસીરે અબૂ સઊદ, તફસીરે કબીર અને જુમલ વગેરે સર્વ મુફસ્સિરોએ ફર્માવ્યું કે મુસલમાનોએ હુઝૂર ﷺ ને સિજદો કરવાની જ્યારે દરખાસ્ત કરી તો એના પર આ આયત નાઝિલ થઈ.

હદીષ શરીફમાં છે :–

**عن ام المؤمنین عائشة اَنَّ رَسُوْلَ اللّٰہِ ﷺ کَانَ فِیْ نَفَرٍ مِّنَ الْمُھَاجِرِیْنَ وَ الْاَنْصَارِ فَجَاءَ بَعِیْرٌ فَسَجَدَ لَہٗ فَقَالَ اَصْحَابُہٗ یَا رَسُوْلَ اللّٰہِ تَسْجُدُ لَکَ الْبَھَائِمُ وَ الشَّجَرُ فَنَحْنُ اَحَقُّ اَنْ نَسْجُدَ لَکَ فَقَالَ اُعْبُدُوْا رَبَّکُمْ وَ اَکْرِمُوْا اَخَاکُمْ وَلَوْ کُنْتُ آمُرُ اَحَدًا اَنْ یَّسْجُدَ لِاَحَدٍ لَاَمَرْتُ الْمَرْأَۃَ اَنْ تَسْجُدَ لِزَوْجِھَا**

ફતાવા આલમગીરીમાં છે :–

**مَنْ سَجَدَ لِلسُّلْطَانِ عَلٰی وَجْہِ التَّحِیَّۃِ اَوْ قَبَّلَ الْاَرْضَ بَیْنَ یَدَیْہِ لَایُکَفَّرُ وَلٰکِنْ یَاْثِمُ لِاِرْتِکَابِہِ الْکَبِیْرَۃَ ھُوَ الْمُخْتَارُ**

ફતાવા બઝ્ઝાઝિયહ્ બરહામિશ ફતાવા આલમગીરીમાં છે :–

અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર** : (મુફતી) મુહમ્મદ અંજુમ કાદરી મિસ્બાહી *[(દા.ઉ. ગૌષે આ'ઝમ–પોરબંદર (ગુજરાત)]* ૬–૭–૧૪૨૬

**અલ્જવાબ સહીહ વલ્ મુજીબિ નજીહ.** -આલે મુસ્તફા કાદરી (૬–૭–૧૪૨૬ હિ.) મોહર

★ ૧૮મો જવાબ ★

## ફત્વા વિભાગ દા.ઉ. શાહે આલમ–અમદાવાદ થકી

હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે હુઝૂરે અકરમ એ ફર્માવ્યું, અલ્લાહ તઆલાની ઈબાદત કરો અને તમારા ભાઈઓની તા'ઝીમ કરો. જો હું કોઈ (મખ્લૂક)ને સિજદો કરવાનો હુકમ આપત તો સ્ત્રીને હુકમ આપતો કે તે પોતાના પતિને સિજદો કરે. *(મિશ્કાત શરીફ, પેજ–૨૮૩)*

ઉપરોક્ત હદીષની રોશનીમાં તમામ આલિમો તથા ફકીહોની દષ્ટિએ કોઈ મખ્લૂકને **ઈબાદતનો સિજદો કુફ્ર** અને **તા'ઝીમી સિજદો સખ્ત હરામ તથા નાજાઈઝ** છે. એનાથી બચવું વાજિબ તથા લાઝિમ છે.

જે કોઈ તા'ઝીમી સિજદાને જાઈઝ કહે, મુરીદોને સિજદો કરવાનો હુકમ આપે તે શરીઅતની રૂએ **ફાસિક** તથા **ગુનેહગાર** છે **તે મુર્શિદે બરહક્ક શયખે શરીઅત તથા તરીકતના લાયક નથી**, તેના પર **તૌબા લાઝિમ** છે.

હદીષે પાકમાં છે :–

**(અર્થ)** : ગુનાહથી તૌબા કરવી બેગુનાહની જેમ છે. ખુદા તઆલા સૌને નેકી તથા તૌબાની તૌફીક બખ્શે. આમીન. વલ્લાહુ તબારક વ તઆલા અઅલમુ બિસ્સવાબ.





**લખનાર** : (મુફતી) અહકર મુહમ્મદ મુતીઉર્રહમાન નઈમી *(ખાદિમે દારુલ ઈફ્તા દારુલ ઉલૂમ શાહે આલમ–જમાલપુર રોડ–અમદાવાદ)* ૨૭–જમા. આખર, હિ.સ. ૧૪૨૬ (તા. ૩–૮–૦૫) મોહર

★ ૧૯ મો જવાબ ★

## મર્કઝી દારુલ ઈફતા બરેલી શરીફ (યુ.પી.)ના થકી

**અલ્લાહ સિવાય કોઈને સિજદો કરવો હરામ છે** અને ગૈર ખુદાને તા'ઝીમી સિજદો કરવો પણ **કુફ્ર** છે.

જામિઉર્રમૂઝમાં છે :–

ગૈરેખુદાને તા'ઝીમી સિજદો કરનાર **કાફિર** છે. એ જ પ્રમાણે રદ્દુલ મુહતારમાં અલ્લામા શામી علیہ الرحمۃ والرضوان ફર્માવે છે : ગૈરે ખુદાને સિજદાથી મુત્લક કાફિર થઈ જશે. આ મસ્અલાની વિસ્તારપૂર્વક છણાવટ તથા દલીલો ફતાવા રઝવિય્યહ, ભાગ–૯, રિસાલા "અઝ્ઝુબ્દતુઝ્ઝકિય્યહ તેહરીમે સુજૂદિત્તહિય્યહ"માં જુઓ. **તે પીરને લાયક નથી** અને તેનાથી **મુરીદ થવું હરામ** છે. એના પર તૌબા તથા ઈસ્તિગફાર લાઝિમ છે. **સહીહ તૌબા તથા કલ્મો ફરી પઢે અને જો પત્ની ધરાવતો હોય તો નિકાહ દોહરાવે.** વલ્લાહુ તઆલા અઅ્લમ.

**લખનાર** : (મુફતી) મુહમ્મદ મુઝફ્ફર હુસૈન કાદરી રઝવી *(મર્કઝી દારુલ ઈફતા, ૮૨–સૌદાગ્રાન, બરૈલી શરીફ)* ૧૪–રજબુલ મુરજ્જબ, હિ.સ. ૧૪૨૬

સહીહ અલ્જવાબ અલ્લાહ બેહતર જાણનાર છે. -કાઝી અબ્દુર્રહીમ બસ્તવી ગુફિરલહૂ. મોહર

★ ★ ★

## એક જરૂરી ફત્વો

# કાફિરને મુરીદ તથા ખલીફા બનાવવું કેવું ?

શું ફર્માવે છે દીનના ઉલમા આ મસ્અલામાં કે :–

**(૧)** મુશ્રિક કોઈ મશાઈખથી કોઈ હૈસિયતથી કોઈ રીતે સિલસિલામાં દાખલ થઈ શકે છે ? મુશ્રિકની નાપાકી (અકીદાની) જાહેરમાં જણાતી હોય જેમ કે હિંદુઓમાં જણાય છે. **(૨)** આવી વ્યક્તિ કોઈ સિલસિલાના પીરથી ક્યારે તથા કેવી રીતે વિ□સનીય થશે ? **(૩)** આવો મુશ્રિક કોઈ સિલસિલાના પીરનો ખલીફા તથા ઈજાઝતવાળો તથા સાહિબે મજાઝ થઈ શકે છે ? જેના બારામાં ઉઘાડુ માલૂમ હોય કે શરીઅતનો પાબંદ નથી, ન તેણે શરીઅતના હુકમોની જાહેરી રીતે પાબંદી કરી, ઈસ્લામના વર્તુળમાં જાહેરી રીતે સામેલ નથી થયો ન તેણે શિર્ક તથા કુફ્ર તથા ફિસ્કો ફુજૂરથી કોઈ જલસામાં (મજલિસમાં) આમ મુસલમાનોમાં તૌબા કરી ન તૌબાના ગવાહ બનાવ્યા. **(૪)** આમ લોકો પોતાના નફ્સાની હેતુ માટે એવા શખ્સને જેના સંબંધે જણાવવામાં આવ્યું છે તેને પોતાની રુશ્દો હિદાયત માટે હાદી બનાવી શકે છે કે નહીં ?

**મસઅલા :** *[પૂછનાર : અકબરાબાદ, મહોલ્લા ઘટા આઝમખાં, મકાન મુન્શી મુઝફ્ફર ખાં મુખ્તાર, રવાના–મુહમ્મદ રઝીઉદ્દીન ચિશ્તી નિઝામી, ૨–જમાદીઉલ અવ્વલ, હિ.સ. ૧૩૩૭]*

### ★ અલ્જવાબ ★

**લા ઈલાહ ઈલ્લલ્લાહ !** કોઈ કાફિર ચાહે મુશ્રિક હોય કે મુવહ્હિદ હરગિઝ ન સિલસિલામાં દાખલ થઈ શકે છે ન ઈસ્લામ લાવ્યા વિના તેની બયઅત (મુરીદ થવું) વિ□સનીય થઈ શકે છે ન ઈસ્લામ પહેલાં તેની બયઅત વિ□સનીય ગણાશે ભલે બાદમાં





મુસલમાન થઈ જાય. કેમ કે બયઅત (મુરીદ થવું) હોય કે અન્ય કોઈ અમલ સૌના માટે **પ્રથમ શર્ત ઈસ્લામ** છે.

રબ તઆલા ફર્માવે છે :–

**وقومناالی ماعملو امن عمل فجعلنه هباء منشوراه** જે તેના કુફ્ર પર કાયમ રહેવા છતાં તેને મજાઝ વ માઝૂન બયઅત તથા તરીકતનો ખલીફા કરે અને જે તેને રુશ્દો હિદાયતનો પીર સમજે એ સૌ ખૂદ કાફિર થઈ જશે.

બઝાઝિયહ્, મજમઉલ અન્હાર, દુર્રે મુખ્તાર વગેરેમાં છે : **من شك فی کفرهٖ فقد کفر (અર્થ)** : ''જેણે કાફિરના કુફ્રમાં શંકા કરી તે ખૂદ કાફિર થઈ જશે.'' **હા ! જો બયઅતના સમયે તેણે ''કલ્મા તૈયેબા પઢયો અને ઈસ્લામ ધર્મનો સ્વીકાર'' કર્યો તો બયઅત (મુરીદ થવું) સહીહ થઈ** અને ત્યારબાદ અગાઉના કુફ્ર માઝૂન નો ઈઝહાર કર્યો **તો પીર પર ઈલ્ઝામ નથી,** પણ જ્યારે **બાદમાં તેણે કુફ્ર કર્યું તો હવે તે મુર્તદ થઈ ગયો, તેની બયઅત તૂટી ગઈ.** હવે **જે કોઈ તેને હાદી બનાવે એ કાફિર થઈ જશે.** વલ્અયાઝુ બિલ્લાહિ તઆલા. વલ્લાહુ તઆલા અઅ્લમ.

–(**હવાલો** : *ફતાવા રઝવિય્યહ્, ભાગ–૯, પેજ–૧૫૭*)

## तम्मत बिल् खैर

### ★ જરૂરી નોંધ ★

એક કિતાબ **''મકાશિફતુલ ગુયૂબ વ હકીકતુસ્ સુજૂદ''** જેમાં **''ગૈરે ખુદા માટે તા'ઝીમી સિજદો જાઈઝ છે''** એવું ઠસાવવાનો નિષ્ફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો, જેની રદ સાથે જવાબ અલ્હમ્દુલિલ્લાહ ! અહીં પૂરો થાય છે. એ મૂળ કિતાબના નામમાં પણ ભૂલ હતી જેથી અમોએ **ટાઈટલ પેજ** તેમજ **પેજ–૧** તથા દરેક પેજના મથાળે સુધારીને નામ **''મુકાશફતુલ''** લખેલ છે તે જાણ માટે. *–પ્રકાશક*